સાધારણ પ્રાર્થના.

GUJARATI VERSION OF THE BOOK

OF

COMMON PRAYER,

AND ADMINISTRATION OF

THE SACRAMENTS,

AND OTHER

RITES AND CEREMONIES OF THE CHURCH,

ACCORDING TO THE USE OF

THE CHURCH OF ENGLAND,

TOGETHER WITH THE

PSALTER OR PSALMS OF DAVID,

POINTED AS THEY ARE TO BE SAID OR SUNG IN CHURCHES

AND THE

FORM AND MANNER OF MAKING, ORDAINING,
AND CONSECRATING OF BISHOPS,
PRIESTS AND DEACONS

(The first three Prefaces, except one paragraph in the second Preface, and the Forms of Prayer at Sea have been omitted.)

PUBLISHED BY THE SOCIETY FOR PROMOTING CHRISTIAN KNOWLEDGE,
AND SOLD AT THEIR DEPOSITORY IN BOMBAY.

1915.

PRINTED BY H. R. SCOTT, AT THE MISSION PRESS, SURAT,
AND PUBLISHED BY J H LORD, HON. SEC.
FOR THE SOCIETY FOR PROMOTING CHRISTIAN KNOWLEDGE,
41, ESPLANADE ROAD, FORT, BOMBAY.

સાધારણ પ્રાર્થના,

અને

ઇંગ્લંડની કલીસીઆના ધારા પ્રમાણે સાક્રમેન્ટો,

અને

કલીસીઆના બીજા વિધિઓ તથા રીતો

વાપરવાનું પુસ્તક,

જેની સાથે

દેવળમાં ગાવા અથવા વાંચવા સારૂ

વિરામચિન્હો સહિત,

ગીતશાસ્ત્ર અથવા દાઉદનાં સ્તોત્રો ;

અને

બિશપોના સંસ્કાર, પ્રીસ્ટોની દિક્ષા તથા ડીકનો બનાવવાની

પદ્ધતિ અથવા રીત

જોડેલાં છે.

ખ્રીસ્તી જ્ઞાનપ્રસારક મંડળીને માટે સુરત મિશન પ્રેસમાં એચ. આર સ્કોટે છાપ્યું

૧૯૧૫.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

કલીસીઆની સેવા વિષે.

કોઇ પણ વાતને જ્યારે વ્હેવારમા મુકીએ, ત્યારે તેના ઉપર શકા ઉત્પન્ન ન થાય, એવી સ્પષ્ટતા તેને માટે થઇ શકતી નથી. આ પુસ્તકના વિષયો સમજવાને તથા તેમને વપરાશમાં લાવવા વિષે જે મતભેદ અથવા શકા ઉભી થાય, તે મટાડવાની અગત્ય છે, માટે જાણવું જોઇએ કે જે લોકો એવી શકા તથા વિરૂદ્ધ મતમા પડે, તેઓએ તેમને પોતાના સ્થાનિક બિશપની આગળ પ્રગટ કરવાં; અને બિશપ પોતાની સમજ પ્રમાણે તેમનું નિરાકરણ કરે આ નિરાકરણ આ પુસ્તકના કોઇ વિષયને વિરૂદ્ધ હોવું ન જોઇએ. અને જો, તે વિષે સ્થાનિક બિશપને પણ સદેહ થાય તો તેને મટાડવાને માટે આર્ચ-બિશપની આગળ તે વાત લઇ જવામાં આવે.

ગીતશાસ્ત્ર અથવા સ્તોત્રો વાંચવાની રીત.

ગીતશાસ્ત્ર સવાર તથા સાજની પ્રાર્થનામાં એવી રીતે વાંચવામાં આવે, કે મહિનામા તે આખું એકવાર વંચાઇ જાય. એને વાંચવાનો નિયમ તેમાં બતાવવામાં આવશે. પરન્તુ ફેબ્રુઆરીમાં તે ફક્ત ૨૮મી અથવા ૨૯મી તારીખ સુધીજ વંચાય.

અને જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઇ, ઑગસ્ટ, અક્ટોબર તથા ડીસેમ્બરમાં ૩૧ દિવસ આવે છે, તે કારણથી એવો ઠરાવ કીધેલો છે કે, જે સ્તોત્રો ૩૦મી તારીખે વંચાય તેજ ૩૧મી તારીખે પણ વંચાય; કે સ્તોત્રોનો આરંભ નવા મહિનાની ૧લી તારીખથી ફરીથી થાય.

વળી ૧૧૯મું સ્તોત્ર ૨૨ ભાગોમા વહેંચા-એલુ છે, અને તેને એકી વેળાએ વાંચવાથી ઘણુ લંબાણ થઇ જાય, તે માટે એવો ઠરાવ થયો છે કે, તેના ભાગોમાંથી એકી વેળાએ ચાર અથવા પાંચ કરતાં વધારે ભાગ ન વંચાય

અને દરેક સ્તોત્ર તથા ૧૧૯મા સ્તોત્રના દરેક ભાગને અંતે નીચેનું ગીત ગવાય અથવા વંચાય:—

"પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;"

"જેવો આરભમાં હતો, હમણાં છે અને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન."

જાણવું જોઇએ કે જેવી રીતે યહુદી મંડળીના લોકો સ્તોત્રોની વહેંચણી કરતા હતા તેવીજ રીતે અહિયાં પણ કરેલી છે.

પવિત્રશાસ્ત્રનાં બાકીનાં પુસ્તકો વાંચવાની રીત.

સવાર તથા સાંજની પ્રાર્થનાનાં પહેલાં વાચનોને માટે જુનો કરાર ઠરાવવામાં આવેલો છે. આ ગોઠવણ એવી રીતની છે, કે પચાગમાં ઠરાવ્યા પ્રમાણે જુના કરારનો મોટો ભાગ આખા વર્ષમાં એકવાર વાંચવામાં આવે.

સવાર તથા સાંજની પ્રાર્થનાનાં બીજાં વાચનોને માટે નવો કરાર ઠરાવવામાં આવ્યો છે, અને પ્રકટીકરણના પુસ્તક વિના, પત્રો તથા સુવાર્તાઓ સહિત, નિયમ પ્રમાણે એકવાર સવારે તથા એકવાર સાંજે વાંચવાથી દર વર્ષમાં બેવાર પૂરો કરવામાં આવે છે. પ્રકટીકરણમાંથી માત્ર કેટલાંક વાંચનો

વર્ષના છેલ્લા દિવસો માટે, તથા કેટલાંક વિશેષ વાંચનો જુદાં જુદાં પર્વોને માટે ઠરાવેલાં છે.

અને તમારે જાણવું હોય, કે કયે દિવસે કયુ વાંચન વાંચવાનું છે, તો આ પંચાંગમાંથી તારીખ કાઢીને જોઇ લેશો, તો સવાર તથા સાંજની પ્રાર્થનાને માટે, જે વાંચનો વાંચવાં જોઇએ તે ત્યાં મળશે. પણ ચળિત પર્વોનાં વાંચનો પંચાંગમાં મળશે નહિ અને અચળિત પર્વોના દિવસોમાં વાંચનોનાં ખાનાં ખાલી છે, પણ એવા બધા દિવસોનાં વિશેષ વાંચન, વિશેષ પાઠોની ટીપમાં મળશે.

કોઇ એવો રવિવાર આવે, કે જેને માટે ટીપમાં બે બીજાં વાંચનો ઠરાવેલાં ન હોય, અને કોઇ દેવળમાં સાંજની પ્રાર્થના બે વાર વાંચવામાં આવે, તો બીજી વારની પ્રાર્થનામાં, સેવકની ઇચ્છા પ્રમાણે, ચાર સુવાર્તામાંથી ગમે તે અધ્યાય, અથવા વાંચનોની ટીપમાંથી, કોઇ પણ ઠરાવેલું વાંચન કાઢીને વાંચી શકે છે.

અમુક પ્રસંગો ઉપર, જ્યારે ધર્માધિકારી રજા આપે ત્યારે પચાંગમાં ઠરાવેલાં વાંચનોની જગ્યામાં, તેની રજા વડે, કોઇ પણ બીજા વાંચન વાંચી શકાય છે.

જાણવું જોઇએ કે જ્યારે કદી ટીપમાં વિશેષ સ્તોત્રો અથવા વાંચનો ઠરાવેલાં હોય, તો એવા પ્રસંગોને માટે પચાંગમાં ઠરાવેલાં સ્તોત્રો અને વાંચનો, જો તેમનાથી જુદાં હોય, તો તે વખતે મુકી દેવાં જોઇએ.

એ પણ જાણવું જોઇએ, કે એવા પ્રસંગો પર ધર્માધિકારી ઠરાવે, તેવાં સ્તોત્રોમાંનાં ઠરાવેલાં સ્તોત્રોના બદલામાં, બીજાં સ્તોત્રો તેની રજાથી વાચી અથવા ગાઇ શકાય છે.

જે પર્વોને માટે ટીપમાં વિશેષ વાંચનો ઠરાવેલાં છે, તેમાંનાં જો કોઇ આગમનને પહેલે રવિવારે, અથવા પુનરૂત્થાનના પર્વને દિવસે, અથવા પવિત્રાત્મા ઉતરવાને દિવસે, અથવા ત્રયના પર્વને દિવસે આવે, તો તેજ રવિવારોનાં વાંચનો વચાય. પરંતુ તેઓ કોઇ બીજા રવિવારે આવે તો જાણવું જોઇએ કે, સેવકની ઇચ્છા પ્રમાણે, રવિવારનાં અથવા પર્વોનાં વાંચનો વાંચી શકાય છે.

એ પણ જાણવું જોઇએ, કે જે સારપ્રાર્થના, પત્ર તથા સુવાર્તા, જે રવિવારને માટે ઠરાવેલા હોય, તે અઠવાડીઆના બીજા દિવસો માટે જો આ પુસ્તકમાં બીજા કોઇ વાંચવાની આજ્ઞા ન હોય, તો તેજ વાંચવાં.

આખા વર્ષના રવિવાર અને બીજા પવિત્ર દિવસો માટે સવાર અને સાંજની પ્રાર્થના સારૂ ઠરાવેલા જે વિશેષ પાઠો છે તે.

રવિવારના વિશેષ પાઠો.

		સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.			
આગમનનો	૧ લો રવિવાર.	યશાયાહ	૧	યશાયાહ	૨	અથવા યશાયાહ	૪; ૨
	૨ જો ,,	,,	૫	,,	૧૧; ૧-૧૧	,, ,,	૨૪
	૩ જો ,,	,,	૨૫	,,	૨૬	,, ,,	૨૮; ૫-૧૯
	૪ થો ,,	,,	૩૦; ૧ ૨૭	,,	૩૨	,, ,,	૩૩; ૨ ૨૩
નાતાલ પછીનો	૧ લો ,,	,,	૩૫	,,	૩૮	,, ,,	૪૦
	૨ જો ,,	,,	૪૨	,,	૪૩	,, ,,	૪૪
એપિફની પછીનો	૧ લો ,,	,,	૫૧	,,	૫૨; ૧૩ અને ૫૩	,,	૫૪
	૨ જો ,,	,,	૫૫	,,	૫૭	,, ,,	૬૧
	૩ જો ,,	,,	૬૨	,,	૬૫	,, ,,	૬૬
	૪ થો ,,	અયૂબ.	૨૭	અયૂબ	૨૮	,, અયૂબ	૨૯
	૫ મો ,,	દ્દષ્ટાંત.	૧	દ્દષ્ટાંત.	૩	,, દ્દષ્ટાંત.	૮
	૬ ઠો ,,	,,	૯	,,	૧૧	,, ,,	૧૫
ઉપવાસ સમયથી આગળ ત્રીજો રવિવાર.	૧ લો પાઠ	ઉત્પ.	૧, ૧-૨; ૪	ઉત્પ.	૨, ૪	,, અયૂબ	૩૮
	૨ જો ,,	પ્રકટી.	૨૧; ૧-૯	પ્રક.	૨૧; ૯-૨૨; ૬		
,, ,, ,,	બીજો રવિવાર.	ઉત્પ.	૩	ઉત્પ.	૬	,, ઉત્પ.	૮
,, ,, ,,	પહેલો ,,	,,	૯, ૧-૨૦	,,	૧૨	,, ,,	૧૩
ઉપવાસ સમયનો	૧ લો રવિવાર	ઉત્પ.	૧૯; ૧૨-૩૦	ઉત્પ.	૨૨; ૧-૨૦	,, ઉત્પ.	૨૩
,, ,,	૨ જો ,,	,,	૨૭; ૧-૪૧	,,	૨૮	,, ,,	૩૨

રવિવારના વિશેષ પાઠો.

		સવારની પ્રાર્થના.	સાંજની પ્રાર્થના.	
ઉપવાસ સમયનો ૩ જો રવિવાર.		ઉત્પ ૩૭	ઉત્પ. ૩૯	અથવા ઉત્પ. ૪૦
,, ,, ૪ થો ,,		,, ૪૨	,, ૪૩	,, ,, ૪૫
,, ,, ૫ મો ,,		નિર્ગમન ૩	નિર્ગ. ૫	,, નિર્ગ ૬; ૧-૧૪
,, ,, ૬ ઠો ,,	૧ લો પાઠ	,, ૯	,, ૧૦	,, ,, ૧૧
,, ,, ,,	૨ જો પાઠ	માત્થી ૨૬	લુક ૧૯; ૨૮	,, લુક ૨૦; ૯-૨૧
પુનરૂત્થાનનો દિવસ.	૧ લો પાઠ	નિર્ગમન ૧૨; ૧-૨૯	નિર્ગ. ૧૨; ૨૯	,, નિર્ગ. ૧૪
	૨ જો પાઠ	પ્રકટી. ૧, ૧૦-૧૯	યોહાન ૨૦, ૧૧-૧૯	,, પ્રકટી. ૫
પુનરૂત્થાન પછીનો ૧ લો રવિવાર	૧ લો પાઠ	ગણના ૧૬; ૧-૩૬	ગણના ૧૬; ૩૬	,, ગણના ૧૭; ૧-૧૨
,, ,, ,, ,,	૨ જો પાઠ	૧ કરીં. ૧૫; ૧-૨૯	યોહાન ૨૦; ૨૪-૩૦	
,, ,, ૨ જો ,,		ગણના ૨૦; ૧-૧૪	ગણના ૨૦, ૧૪-૨૧; ૧૦	,, ગણના ૨૧; ૧૦
,, ,, ૩ જો ,,		,, ૨૨	,, ૨૩	,, ,, ૨૪
,, ,, ૪ થો ,,		પુર્નાનિ. ૪; ૧-૨૩	પુન ૪, ૨૩ ૪૧	,, પુન. ૫
,, ,, ૫ મો ,,		,, ૬	,, ૯	,, ,, ૧૦
આકાશગમન પછીનો રવિવાર		,, ૩૦	,, ૩૪	,, યહોશુ. ૧
પેન્તેકોસ્ટ.	૧ લો પાઠ	,, ૧૬, ૧-૧૮	યશા. ૧૧	,, હઝકી ૩૬; ૨૫
	૨ જો પાઠ	રૂમી ૮, ૧-૧૮	ગલા ૫; ૧૬	,, પ્રે.કૃ. ૧૮; ૨૪-૧૯; ૨૧
ત્રયનો રવિવાર.	૧ લો પાઠ	યશા. ૬; ૧-૧૧	ઉત્પ. ૧૮	,, ઉત્પ. ૧; ૧-૨; ૪
	૨ જો પાઠ	પ્રકટી ૧, ૧-૯	એફે. ૪; ૧-૧૭	,, માત્થી ૩
ત્રય પછીનો ૧ લો રવિવાર		યહો. ૩; ૭-૪ ૧૫	યહો ૫; ૧૩-૬; ૨૧	,, યહો ૨૪
૨ જો ,,		ન્યાયા. ૪	ન્યાયા. ૫	,, ન્યાયા ૬; ૧૧
૩ જો ,,		૧ શમૂ. ૨, ૧-૨૭	૧ શમૂ ૩	,, ૧ શમૂ. ૪, ૧-૧૯
૪ થો ,,		,, ૧૨	,, ૧૩	,, રૂથ ૧
૫ મો ,,		,, ૧૫; ૧-૨૪	,, ૧૬	,, ૧ શમૂ ૧૭
૬ ઠો ,,		૨ શમૂ. ૧	૨ શમૂ. ૧૨, ૧-૨૪	,, ૨ શમૂ. ૧૮

રવિવારના વિશેષ પાઠો.

	સવારની પ્રાર્થના.	સાંજની પ્રાર્થના.	
ત્રય પછીનો ૭ મો રવિવાર.	૧ કાળ ૨૧	૧ કાળ. ૨૨	અથવા ૧ કાળ. ૨૮; ૧-૨૧
૮ મો ,,	,, ૨૯, ૯-૨૯	૨ કાળ. ૧	,, ૧ રાજા ૩
૯ મો ,,	૧ રાજા. ૧૦, ૧-૨૫	૧ રાજા ૧૧; ૧-૧૫	,, ,, ૧૧; ૨૬
૧૦ મો ,,	,, ૧૧	,, ૧૩	,, , ૧૭
૧૧ મો ,,	,, ૧૮	,, ૧૯	,, ,, ૨૧
૧૨ મો ,,	,, ૨૨; ૧-૪૧	૨ રાજા ૨; ૧-૧૬	,, ૨ રાજા ૪; ૮-૩૮
૧૩ મો ,,	૨ રાજા ૫	૨ રાજા ૬; ૧-૨૪	,, , ૭
૧૪ મો ,,	,, ,, ૯	,, ૧૦, ૧-૩૨	,, ,, ૧૩
૧૫ મો ,,	,, ,, ૧૮	,, ૧૯	,, ,, ૨૩; ૧-૩૧
૧૬ મો ,,	૨ કાળ ૩૬	નહે. ૧; ૧-૨, ૯	,, નહે. ૮
૧૭ મો ,,	યિર્મે. ૫	યિર્મે ૨૨	,, યિર્મે. ૩૫
૧૮ મો ,,	,, ૩૬	હઝકી. ૨	,, હઝકી. ૧૩; ૧-૧૭
૧૯ મો ,,	હઝકી. ૧૪	,, ૧૮	,, ,, ૨૪, ૧૫
૨૦ મો ,,	,, ૩૪	,, ૩૭	,, દાની. ૧
૨૧ મો ,,	દાની ૩	દાની. ૪	,, ,, ૫
૨૨ મો ,	,, ૬	,, ૭; ૯	,, ,, ૧૨
૨૩ મો ,,	હોશી. ૧૪	યોએલ ૨; ૨૧	,, યોએલ ૩; ૯
૨૪ મો ,,	આમોસ ૩	આમોસ ૫	,, આમોસ ૯
૨૫ મો ,,	મીખા. ૪; ૧-૫; ૮	મીખા. ૬	,, મીખા. ૭
૨૬ મો ,,	હબા ૨	હબા. ૩	,, સફા. ૩
*૨૭ મો ,,	સભા. ૧૧ અને ૧૨	હાગ્ગા ૨; ૧ ૧૦	,, માલા. ૩ અને ૪

* ઉપલા કોઠામાં ત્રયના ૨૭મા રવિવાર માટે જે પાઠો ઠરાવવામાં આવેલા છે તે, આગમનથી આગલા રવિવારે હમેશાં વંચાય.

પવિત્ર દિવસો માટે ઠરાવેલા વિશેષ પાઠો.

	સવારની પ્રાર્થના.	સાંજની પ્રાર્થના.
પવિત્ર આંદ્રયા.		
૧ લો પાઠ	યશા. ૫૪	યશા. ૬૫; ૧-૧૭
૨ જો પાઠ	યોહાન ૧; ૩૫ ૪૩	યોહા. ૧૨; ૨૦-૪૨
પવિત્ર થોમા.		
૧ લો પાઠ	અયૂબ ૪૨, ૧-૭	યશા. ૩૫
૨ જો પાઠ	યોહાન ૨૦; ૧૯-૨૪	યોહા. ૧૪; ૧-૮
ખ્રીસ્તનો જન્મ દિવસ.		
૧ લો પાઠ	યશા. ૯; ૧-૮	યશા. ૭; ૧૦-૧૭
૨ જો પાઠ	લુક ૨; ૧-૧૫	તીતસ ૩, ૪-૯
પવિત્ર સ્તેફન.		
૧ લો પાઠ	ઉત્પ ૪; ૧-૧૧	૨ કાળ. ૨૪; ૧૫-૨૩
૨ જો પાઠ	પ્રે. કૃત્ય ૬	પ્રે. કૃ. ૮; ૧-૯
પવિત્ર સુવાર્તિક યોહાન		
૧ લો પાઠ	નિર્ગ ૩૩; ૯	યશા. ૬
૨ જો પાઠ	યોહાન ૧૩; ૨૩-૩૬	પ્રકટી. ૧
નિર્દોષ બાળકોનો દિવસ.		
૧ લો પાઠ	યિર્મે. ૩૧; ૧-૧૮	બારૂક ૪; ૨૧-૩૧
ખ્રીસ્તની સુન્નતનો દિવસ		
૧ લો પાઠ	ઉત્પ. ૧૭; ૯	પુન ૧૦; ૧૨
૨ જો પાઠ	રૂમી ૨; ૧૭	કલોસી. ૨, ૮-૧૮
એપિફની.		
૧ લો પાઠ	યશા ૬૦	યશા. ૪૯; ૧૩-૨૪
૨ જો પાઠ	લુક ૩, ૧૫-૨૩	યોહાન ૨; ૧-૧૨
પવિત્ર પાઉલનું પરિવર્તન		
૧ લો પાઠ	યશા. ૪૯; ૧-૧૩	યિર્મે. ૧; ૧-૧૧
૨ જો પાઠ	ગલાતી ૧; ૧૧	પ્રે. કૃ. ૨૬; ૧-૨૧
ધન્ય કુંવારી મરિયમનું શુદ્ધિકરણ.		
૧ લો પાઠ	નિર્ગ. ૧૩, ૧-૧૭	હાગ્ગા. ૨; ૧-૧૦
પવિત્ર માત્થીઅસ.		
૧ લો પાઠ	૧ શમૂ. ૨; ૨૭-૩૬	યશા. ૨૨; ૧૫
ધન્ય કુંવારી મરિયમને સુસમાચાર.		
૧ લો પાઠ	ઉત્પ. ૩; ૧-૧૬	યશા. ૫૨; ૭-૧૩
ઉપવાસ સમયનો પહેલો દિવસ.		
૧ લો પાઠ	યશા. ૫૮; ૧-૧૩	યૂના ૩
૨ જો પાઠ	માર્ક ૨; ૧૩-૨૩	હેબ્રી. ૧૨; ૩-૧૮
પુનરૂત્થાનથી આગલો સોમવાર		
૧ લો પાઠ	ય વિલા. ૧, ૧-૧૫	ય. વિલા. ૨; ૧૩
૨ જો પાઠ	યોહાન ૧૪, ૧-૧૫	યોહાન ૧૪; ૧૫
પુનરૂત્થાનથી આગલો મંગળવાર.		
૧ લો પાઠ	ય. વિલા ૩; ૧-૩૪	ય. વિલા. ૩; ૩૪
૨ જો પાઠ	યોહાન ૧૫; ૧-૧૪	યોહાન ૧૫; ૧૪

પવિત્ર દિવસો માટે ઠરાવેલા વિશેષ પાઠો.

	સવારની પ્રાર્થના.	સાંજની પ્રાર્થના.
પુનરૂત્થાનથી આગલો બુધવાર.		
૧ લો પાઠ	ય. વિલા. ૪ ; ૧-૨૧	દાની. ૯ ; ૨૦
૨ જો પાઠ	યોહાન ૧૬ ; ૧-૧૬	યોહાન ૧૬ ; ૧૬
પુનરૂત્થાનથી આગલો ગુરૂવાર.		
૧ લો પાઠ	હોશી. ૧૩ , ૧-૧૫	હોશી. ૧૪
૨ જો પાઠ	યોહાન ૧૭	યોહાન ૧૩ ૧-૩૬
શુભ શુક્રવાર		
૧ લો પાઠ	ઉત્પ. ૨૨ ; ૧-૨૦	યશા. ૫૨ ; ૧૩ અને ૫૩
૨ જો પાઠ	યોહાન ૧૮	૧ પીતર ૨
પુનરૂત્થાનનું જાગરણ.		
૧ લો પાઠ	ઝખા ૯	હોશી. ૫ ; ૮–૬ ; ૪
૨ જો પાઠ	લુક ૨૩ ; ૫૦	રૂમી. ૬ ; ૧-૧૪
પુનરૂત્થાનના અઠવાડીઆનો સોમવાર		
૧ લો પાઠ	નિર્ગ. ૧૫ , ૧-૨૨	સુ. ગીત. ૨ , ૧૦
૨ જો પાઠ	લુક ૨૪ ; ૧-૧૩	માત્થી ૨૮ ; ૧-૧૦
પુનરૂત્થાનના અઠવાડીઆનો મગળવાર.		
૧ લો પાઠ	૨ રાજા ૧૩ , ૧૪-૨૨	હઝ. ૩૭; ૧-૧૫
૨ જો પાઠ	યોહાન ૨૧ , ૧-૧૫	યોહા. ૨૧ ; ૧૫
પવિત્ર માર્ક.		
૧ લો પાઠ	યશા. ૬૨ ; ૬	હઝ. ૧ ; ૧-૧૫
પવિત્ર ફિલિપ અને યાકૂબ		
૧ લો પાઠ	યશા. ૬૧	ઝખા. ૪
૨ જો પાઠ	યોહાન ૧ , ૪૩	....
આકાશગમનનો દિવસ		
૧ લો પાઠ	દાની. ૭ , ૯-૧૫	૨ રાજા ૨ ; ૧-૧૬
૨ જો પાઠ	લુક ૨૪ ; ૪૪	હેબ્રી ૪
પેન્તેકોસ્ટના અઠવાડીઆનો સોમવાર.		
૧ લો પાઠ	ઉત્પ. ૧૧ , ૧-૧૦	ગણના ૧૧ ; ૧૬-૩૧
૨ જો પાઠ	૧ કરી. ૧૨ , ૧-૧૪	૧ કરીં. ૧૨; ૨૭ અને ૧૩
પેન્તેકોસ્ટના અઠવાડીઆનો મગળવાર.		
૧ લો પાઠ	યોએલ ૨ , ૨૧	મીખા ૪ , ૧-૮
૨ જો પાઠ	૧ થેસ્સા. ૫ ; ૧૨-૨૪	૧ યોહાન ૪ , ૧-૧૪
પવિત્ર બાર્નાબાસ		
૧ લો પાઠ	પુન ૩૩ , ૧-૧૨	નાહૂમ ૧
૨ જો પાઠ	પ્રે. કૃ ૪ ; ૩૧	પ્રે. કૃ. ૧૪ ; ૮
પવિત્ર યોહાન બાપ્તિસ્મી.		
૧ લો પાઠ	માલાખી ૩ ; ૧-૭	માલાખી ૪
૨ જો પાઠ	માત્થી ૩	માત્થી ૧૪ ; ૧-૧૩
પવિત્ર પીતર.		
૧ લો પાઠ	હઝકી. ૩ ; ૪-૧૫	ઝખા. ૩
૨ જો પાઠ	યોહાન ૨૧ ; ૧૫-૨૩	પ્રે કૃ. ૪ ; ૮-૨૩

પવિત્ર દિવસો માટે ઠરાવેલા વિશેષ પાઠો.

	સવારની પ્રાર્થના	સાંજની પ્રાર્થના.
પવિત્ર યાકૂબ.		
૧ લો પાઠ	૨ રાજા ૧; ૧-૧૬	યિર્મે. ૨૬; ૮-૧૬
૨ જો પાઠ	લુક ૯; ૫૧-૫૭	....
પવિત્ર બારથલમી.		
૧ લો પાઠ	ઉત્પ ૨૮; ૧૦-૧૮	પુન. ૧૮; ૧૫
પવિત્ર માત્થી		
૧ લો પાઠ	૧ રાજા ૧૯; ૧૫	૧ કાળ. ૨૯; ૧-૨૦
પવિત્ર મીખાએલ.		
૧ લો પાઠ	ઉત્પ ૩૨	દાની. ૧૦; ૪
૨ જો પાઠ	પ્રે. કૃ. ૧૨, ૫-૧૮	પ્રકટી. ૧૪; ૧૪
પવિત્ર લુક.		
૧ લો પાઠ	યશા. ૫૫	સીર પુત્ર. ૩૮; ૧-૧૫
પવિત્ર સીમોન અને ૫. યહુદા.		
૧ લો પાઠ	,, ૨૮; ૯-૧૭	યિર્મે. ૩; ૧૨-૧૯
બધા પવિત્રોનો દિવસ		
૧ લો પાઠ	જ્ઞાન ૩, ૧-૧૦	જ્ઞાન ૫; ૧-૧૭
૨ જો પાઠ	હેબ્રી ૧૧; ૩૩-૧૨; ૭	પ્રકટી. ૧૯; ૧-૧૭

કેટલાક દિવસોને માટે ઠરાવેલાં વિશેષ સ્તોત્રો.

	સવાર.	સાંજ.
ખ્રીસ્તનો જન્મદિવસ	૧૯, ૪૫ અને ૮૫	૮૯, ૧૧૦ અને ૧૩૨
ઉપવાસ સમયનો ૧ લો દિવસ	૬, ૩૨ અને ૩૮	૧૦૨, ૧૩૦ અને ૧૪૩
શુભ શુક્રવાર.	૨૨, ૪૦ અને ૫૪	૬૯ અને ૮૮
પુનરૂત્થાનનો દિવસ.	૨, ૫૭ અને ૧૧૧	૧૧૩, ૧૧૪ અને ૧૧૮
આકાશગમનનો દિવસ.	૮, ૧૫ અને ૨૧	૨૪, ૪૭ અને ૧૦૮
પેન્તેકોસ્ટ.	૪૮ અને ૬૮	૧૦૪ અને ૧૪૫

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

જાન્યુઆરીમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	પ્રીસ્તની સુન્નત.			
૨	ઉત. ૧; ૧-૨૦	માત્થી ૧, ૧૮	ઉત ૧; ૨૦-૨; ૪	પ્રે ૧.
૩	,, ૨; ૪	,, ૨	,, ૩, ૧-૨૦	,, ૨; ૧-૨૨.
૪	,, ૩; ૨૦-૪; ૧૬	,, ૩	,, ૪; ૧૬	,, ૨; ૨૨.
૫	,, ૫; ૧-૨૮	,, ૪; ૧-૨૩	,, ૫, ૨૮-૬; ૯	,, ૩.
૬	એપિફની.			
૭	ઉત. ૬, ૯	,, ૪; ૨૩-૫, ૧૩.	,, ૭	,, ૪; ૧-૩૨.
૮	लूक्यान, प्रीस्ट अने साक्षी ઉત. ૮	,, ૫, ૧૩-૩૩	,, ૯, ૧-૨૦	,, ૪; ૩૨-૫; ૧૭
૯	ઉત. ૧૧; ૧-૧૦	,, ૫; ૩૩	,, ૧૨	,, ૫; ૧૭.
૧૦	,, ૧૩	,, ૬; ૧-૧૯	,, ૧૪	,, ૬
૧૧	,, ૧૫	,, ૬, ૧૯-૭; ૭.	,, ૧૬	,, ૭; ૧-૩૫.
૧૨	,, ૧૭; ૧ ૨૩	,, ૭, ૭	,, ૧૮; ૧-૧૭	,, ૭, ૩૫-૮; ૫.
૧૩	हिलरी, बिशप तथा विश्वामागिकारी ઉત. ૧૮; ૧૭	,, ૮, ૧ ૧૮	,, ૧૯; ૧૨-૩૦	,, ૮; ૫-૨૬.
૧૪	ઉત. ૨૦	,, ૮; ૧૮	,, ૨૧; ૧-૨૨	,, ૮; ૨૬.
૧૫	,, ૨૧; ૩૩-૨૨; ૨૦	,, ૯; ૧-૧૮	,, ૨૩	,, ૯; ૧-૨૩.
૧૬	,, ૨૪; ૧-૨૯	,, ૯; ૧૮	,, ૨૪, ૨૯-૫૨	,, ૯; ૨૩
૧૭	,, ૨૪; ૫૨	,, ૧૦; ૧-૨૪	,, ૨૫; ૫-૧૯	,, ૧૦; ૧ ૨૪.
૧૮	प्रिस्का, कुवारी अने साक्षी ઉત ૨૫; ૧૯.	,, ૧૦, ૨૪	,, ૨૬; ૧-૧૮	,, ૧૦; ૨૪.
૧૯	ઉત. ૨૬; ૧૮	,, ૧૧	,, ૨૭, ૧-૩૦	,, ૧૧
૨૦	फब्यान, विशप तथा माक्षी ઉત. ૨૭; ૩૦.	,, ૧૨; ૧-૨૨	,, ૨૮	,, ૧૨.
૨૧	अग्नेस, कुवारी तथा माक्षी ઉત. ૨૯, ૧-૨૧	,, ૧૨; ૨૨	,, ૩૧; ૧-૨૫	,, ૧૩; ૧-૨૬.
૨૨	विकेन्ट, डीकन तथा साक्षी ઉત. ૩૧; ૩૬.	,, ૧૩; ૧-૨૪	,, ૩૨, ૧-૨૨	,, ૧૩, ૨૬.
૨૩	ઉત ૩૨; ૨૨	,, ૧૩; ૨૪ ૫૩	,, ૩૩	,, ૧૪.
૨૪	,, ૩૫; ૧-૨૧	,, ૧૩; ૫૩-૧૪; ૧૩.	,, ૩૭; ૧-૧૨	,, ૧૫; ૧-૩૦
૨૫	પ. પાઉલનું પરિવર્તન.			
૨૬	ઉત. ૩૭; ૧૨	,, ૧૪; ૧૩	,, ૩૯	,, ૧૫; ૩૦-૧૬; ૧૬.
૨૭	,, ૪૦	,, ૧૫; ૧-૨૧	,, ૪૧; ૧-૧૭	,, ૧૬, ૧૬
૨૮	,, ૪૧; ૧૭-૫૩	,, ૧૫; ૨૧	,, ૪૧; ૫૩-૪૨; ૨૫	,, ૧૭; ૧-૧૬.
૨૯	,, ૪૨; ૨૫	,, ૧૬; ૧-૨૪.	,, ૪૩; ૧-૨૫	,, ૧૭; ૧૬.
૩૦	,, ૪૩; ૨૫ ૪૪; ૧૪.	,, ૧૬; ૨૪-૧૭; ૧૪	,, ૪૪; ૧૪	,, ૧૮; ૧-૨૪.
૩૧	,, ૪૫; ૧-૨૫	,, ૧૭; ૧૪	,, ૪૫, ૨૫-૪૬; ૮.	,, ૧૮; ૨૪-૧૯; ૨૧

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

ફેબ્રુઆરીમાં ૨૮ અથવા ૨૯ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના		સાંજની પાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	उपवास ઉત. ૪૬; ૨૬-૪૭; ૧૨	માત્થી ૧૮; ૧-૨૧.	ઉત. ૪૭; ૧૩ ...	પ્રે ૧૯; ૨૧.
૨	કુંવારી મરિયમનું શુદ્ધિકરણ.	,, ૧૮; ૨૧-૧૯; ૩.		,, ૨૦; ૧-૧૭.
૩	ब्लास्य, बिशप तथा साक्षी ઉત્પ. ૪૮ ..	,, ૧૯; ૩-૨૭ ..	,, ૪૯ . ..	,, ૨૦; ૧૭.
૪	ઉત. ૫૦	,, ૧૯; ૨૭-૨૦; ૧૭.	નિર્ગ ૧ ...	,, ૨૧; ૧-૧૭
૫	अगथा, कु. तथा साक्षी નિર્ગ. ૨ ..	,, ૨૦; ૧૭ ..	,, ૩ .	,, ૨૧; ૧૭-૩૭.
૬	,, ૪; ૧-૨૪ ..	,, ૨૧; ૧-૨૩ ...	,, ૪; ૨૭-૫, ૧૫.	,, ૨૧; ૩૭-૨૨; ૨૩
૭	,, ૫; ૧૫-૬; ૧૪ .	,, ૨૧, ૨૩ .	,, ૬, ૨૮-૭; ૧૪.	,, ૨૨, ૨૩-૨૩; ૧૨
૮	,, ૭; ૧૪ ...	,, ૨૨; ૧-૧૫ ...	,, ૮, ૧-૨૦ ...	,, ૨૩; ૧૨.
૯	,, ૮; ૨૦-૯; ૧૩ ..	,, ૨૨; ૧૫ ૪૧ ...	,, ૯; ૧૩ ...	,, ૨૪.
૧૦	,, ૧૦; ૧-૨૧ ...	,, ૨૨; ૪૧-૨૩, ૧૩	,, ૧૦; ૨૧ અને ૧૧	,, ૨૫
૧૧	,, ૧૨; ૧-૨૧ ..	,, ૨૩; ૧૩ ..	,, ૧૨; ૨૧-૪૩ ..	,, ૨૬.
૧૨	,, ૧૨; ૪૩-૧૩; ૧૭	,, ૨૪; ૧-૨૯ ...	,, ૧૩; ૧૭-૧૪; ૧૦	,, ૨૭; ૧-૧૮.
૧૩	,, ૧૪; ૧૦	,, ૨૪, ૨૯ ...	,, ૧૫; ૧-૨૨	,, ૨૭; ૧૮.
૧૪	वलेन्तीन, बि. तथा साक्षी. નિર્ગ. ૧૫; ૨૨-૧૬; ૧૧	,, ૨૫; ૧-૩૧ ...	,, ૧૬; ૧૧	,, ૨૮; ૧ ૧૭.
૧૫	,, ૧૭ ..	,, ૨૫; ૩૧ . .	,, ૧૮	,, ૨૮; ૧૭
૧૬	,, ૧૯	,, ૨૬; ૧-૩૧ .	,, ૨૦, ૧-૨૨ ..	રૂમી. ૧.
૧૭	,, ૨૧; ૧-૧૮ ...	,, ૨૬; ૩૧-૫૭ ..	,, ૨૨; ૨૧-૨૩; ૧૦	,, ૨; ૧-૧૭.
૧૮	,, ૨૩; ૧૪ ..	,, ૨૬; ૫૭ . .	,, ૨૪	,, ૨; ૧૭.
૧૯	,, ૨૫; ૧-૨૩	,, ૨૭; ૧-૨૭ ..	,, ૨૮; ૧-૧૩ ...	,, ૩.
૨૦	,, ૨૮; ૨૯-૪૨ ...	,, ૨૭; ૨૭-૫૭ ..	,, ૨૯; ૩૫-૩૦; ૧૧	,, ૪.
૨૧	,, ૩૧ ...	,, ૨૭; ૫૭ ...	,, ૩૨; ૧-૧૫ ...	,, ૫.
૨૨	,, ૩૨; ૧૫ ...	,, ૨૮	,, ૩૩; ૧-૧૨ ..	,, ૬.
૨૩	उपवास. નિર્ગ. ૩૩; ૧૨-૩૪; ૧૦.	માર્ક ૧; ૧-૨૧ .	,, ૩૪; ૧૦-૨૭...	,, ૭.
૨૪	પ. માત્થીઅસ, પ્રે. અને સાક્ષી.	,, ૧; ૨૧ ...		,, ૮; ૧-૧૮.
૨૫	નિર્ગ. ૩૪; ૨૭ ...	,, ૨; ૧-૨૩ ...	,, ૩૫; ૨૯-૩૬; ૮.	,, ૮; ૧૮.
૨૬	,, ૩૯; ૩૦ . .	,, ૨; ૨૩-૩; ૧૩.	,, ૪૦; ૧-૧૭ ...	,, ૯; ૧-૧૯
૨૭	,, ૪૦; ૧૭ ...	,, ૩; ૧૩ ...	લેવી ૯; ૨૨-૧૦; ૧૨	,, ૯; ૧૯.
૨૮	લેવી ૧૪; ૧-૨૩ ...	,, ૪; ૧-૩૫ ...	,, ૧૬; ૧-૨૩ .	,, ૧૦.
૨૯	,, ૧૯; ૧-૧૯ . .	માત્થી ૭ ...	,, ૧૯; ૩૦-૨૦; ૯.	,, ૧૨.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

માર્ચમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના	
	૧ લો પાઠ	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	दाउद, आर्चबिशप.			
	લેવી ૨૫ ; ૧-૧૮ ...	માર્ક ૪, ૩૫ ૫ ; ૨૧	લેવી ૨૫ ; ૧૮-૪૪.	રૂમી ૧૧ ; ૧ ૨૫.
૨	चाड, बिशप			
	લેવી ૨૬ ; ૧-૨૧ ...	,, ૫ ; ૨૧ ...	,, ૨૬ ; ૨૧ ..	,, ૧૧ ; ૨૫.
૩	ગણના ૬	,, ૬ ; ૧-૧૪ ...	ગણ ૯;૧૫-૧૦;૧૧	,, ૧૨.
૪	,, ૧૦ ; ૧૧ ...	,, ૬ ; ૧૪-૩૦ ..	,, ૧૧ , ૧-૨૪ ..	,, ૧૩.
૫	,, ૧૧ ; ૨૪ ...	,, ૬ , ૩૦ ...	,, ૧૨	,, ૧૪ ; ૧-૧૫ ; ૮
૬	,, ૧૩ ; ૧૭ ..	,, ૭ ; ૧-૨૪	,, ૧૪ , ૧-૨૬	,, ૧૫ ; ૮.
૭	पर्पेत्वा, साक्षी			
	ગણના ૧૪ ; ૨૬ .	,, ૭ ; ૨૪-૮ ; ૧૦.	,, ૧૬ ; ૧-૨૩ ..	,, ૧૬.
૮	,, ૧૬ ; ૨૩ ...	,, ૮ ; ૧૦-૯ , ૨.	,, ૧૭ .	૧ કરી ૧ ; ૧-૨૬.
૯	,, ૨૦ ; ૧-૧૪	,, ૯ , ૨-૩૦ ..	,, ૨૦ ; ૧૪ .	,, ૧ ; ૨૬ અને ૨.
૧૦	,, ૨૧ ; ૧-૧૦ . .	,, ૯ , ૩૦ .	,, ૨૧ ; ૧૦ ૩૨...	,, ૩.
૧૧	,, ૨૨ ; ૧-૨૨ .	,, ૧૦ ; ૧-૩૨ ..	,, ૨૨ ; ૨૨ .	,, ૪ ; ૧-૧૮.
૧૨	ग्रेगोरी, बिशप नथा	विश्वासागिकारी		
	ગણના ૨૩ .	,, ૧૦ ; ૩૨	,, ૨૪	,, ૪ ; ૧૮ અને ૫.
૧૩	,, ૨૫ ...	,, ૧૧ ; ૧-૨૭ ...	,, ૨૭ ; ૧૨	,, ૬.
૧૪	પુન ૧ ; ૧-૧૯ ...	,, ૧૧ ; ૨૭-૧૨, ૧૩	પુન ૧ , ૧૯ ...	,, ૭ ; ૧-૨૫.
૧૫	,, ૨ ; ૧-૨૬ ..	,, ૧૨ ; ૧૩-૩૫ .	,, ૨ ; ૨૬-૩ ; ૧૮.	,, ૭ ; ૨૫
૧૬	,, ૩ , ૧૮ ...	,, ૧૨; ૩૫-૧૩; ૧૪	,, ૪ ; ૧-૨૫ ...	,, ૮.
૧૭	,, ૪ ; ૨૫-૪૧ ..	,, ૧૩ ; ૧૪ ...	,, ૫ ; ૧-૨૨ ...	,, ૯.
૧૮	एटवर्ड राजा			
	પુન. ૫ ; ૨૨ ...	,, ૧૪ ; ૧-૨૭ ..	,, ૬	,, ૧૦ , ૧ ૧૧ ; ૨.
૧૯	,, ૭ ; ૧-૧૨ ...	,, ૧૪ ; ૨૭-૫૩ ..	,, ૭ , ૧૨ .	,, ૧૧ ; ૨-૧૭.
૨૦	,, ૮ ...	,, ૧૪ ; ૫૩ ...	,, ૧૦ ; ૮ ..	,, ૧૧ ; ૧૭.
૨૧	बनेदिक्त, महत.			
	પુન. ૧૧ ; ૧-૧૮ .	,, ૧૫ ; ૧-૪૨	,, ૧૧ ; ૧૮ ..	,, ૧૨ ; ૧-૨૮.
૨૨	,, ૧૫ ; ૧-૧૬ ...	,, ૧૫, ૪૨ અને ૧૬	,, ૧૭ ; ૮ ...	,, ૧૨; ૨૮ અને ૧૩
૨૩	,, ૧૮ ; ૯	લુક ૧ ; ૧-૨૬ ..	,, ૨૪ ; ૫ ...	,, ૧૪ ; ૧-૨૦.
૨૪	उपवास्म પુન. ૨૬ .	,, ૧ ; ૨૬-૪૬ .	,, ૨૭	,, ૧૪ ; ૨૦
૨૫	કુ મ.પર સુસમાચાર.	,, ૧ , ૪૬		,, ૧૫ ; ૧-૩૫.
૨૬	પુન. ૨૮ ; ૧-૧૫ ...	,, ૨ ; ૧-૨૧ .	,, ૨૮ ; ૧૫-૪૭ ..	,, ૧૫ ; ૩૫.
૨૭	,, ૨૮ ; ૪૭ . .	,, ૨ ; ૨૧ .	,, ૨૯ ; ૯	,, ૧૬.
૨૮	,, ૩૦	,, ૩ ; ૧-૨૩ ..	,, ૩૧ ; ૧-૧૪ ..	૨ કરીં. ૧ ; ૧-૨૩.
૨૯	,, ૩૧ ; ૧૪-૩૦ ...	,, ૪ ; ૧-૧૬ ..	,, ૩૧; ૩૦-૩૨; ૪૪	,, ૧ ; ૨૩-૨ ; ૧૪.
૩૦	,, ૩૨ ; ૪૪ . .	,, ૪ ; ૧૬ ...	,, ૩૩	,, ૨ ; ૧૪ અને ૩.
૩૧	,, ૩૪ . ..	,, ૫ ; ૧-૧૭ ...	યહો. ૧ ...	,, ૪.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

એપ્રીલમાં ૩૦ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	ચહો. ૨	લુક ૫; ૧૭ ..	ચહો. ૩ ..	૨ કરીં. ૫
૨	,, ૪	,, ૬; ૧-૨૦ ..	,, ૫ ..	,, ૬; ૧-૭, ૨
૩	रिचार्ड, बिशप			
	ચહો. ૬ .	,, ૬; ૨૦ .	,, ૭	,, ૭; ૨
૪	अम्ब्रोस्य, बिशप			
	ચહો. ૯; ૩	,, ૭; ૧-૨૪ ..	,, ૧૦; ૧-૧૬ ...	,, ૮.
૫	,, ૨૧; ૪૩-૨૨; ૧૧	,, ૭; ૨૪ .	,, ૨૨; ૧૧ .	,, ૯
૬	,, ૨૩	,, ૮; ૧-૨૬ .	,, ૨૪	,, ૧૦.
૭	ન્યાયા. ૨ .	,, ૮, ૨૬ ...	ન્યાયા ૪ ..	,, ૧૧; ૧-૩૦
૮	,, ૫	,, ૯; ૧-૨૮ .	,, ૬; ૧-૨૪ ...	,, ૧૧; ૩૦-૧૨, ૧૪
૯	,, ૬; ૨૪ .	,, ૯; ૨૮-૫૧	,, ૭ .	,, ૧૨; ૧૪ ને ૧૩
૧૦	,, ૮; ૩૨-૯, ૨૫ .	,, ૯, ૫૧-૧૦, ૧૭	,, ૧૦ .	ગલાતી ૧.
૧૧	,, ૧૧; ૧-૨૯ ..	,, ૧૦; ૧૭	,, ૧૧; ૨૯ .	,, ૨
૧૨	,, ૧૩	,, ૧૧, ૧-૨૯ .	,, ૧૪ .	,, ૩
૧૩	,, ૧૫ . ..	,, ૧૧; ૨૯	,, ૧૬	,, ૪, ૧-૨૧
૧૪	રૂથ ૧ ...	,, ૧૨; ૧-૩૫	રૂથ ૨ .. .	,, ૪; ૨૧-૫, ૧૩
૧૫	,, ૩	,, ૧૨, ૩૫	,, ૪ .	,, ૫, ૧૩
૧૬	૧ શમૂ. ૧ ..	,, ૧૩; ૧-૧૮	૧ શમૂ. ૨; ૧-૨૧.	,, ૬
૧૭	,, ૨; ૨૧	,, ૧૩; ૧૮ ..	,, ૩ .	એફેસી ૧.
૧૮	,, ૪ .	,, ૧૪; ૧-૨૫	,, ૫ .. .	,, ૨
૧૯	अल्फेज, आर्च्बिशप			
	૧ શમૂ. ૬...	,, ૧૪; ૨૫-૧૫, ૧૧	,, ૭ .. .	,, ૩
૨૦	,, ૮	,, ૧૫; ૧૧	,, ૯	,, ૪, ૧-૨૫
૨૧	,, ૧૦	,, ૧૬ .. .	,, ૧૧ . .	,, ૪; ૨૫-૫; ૨૨.
૨૨	,, ૧૨ ..	,, ૧૭, ૧-૨૦ .	, ૧૩ ..	,, ૫; ૨૨-૬; ૧૦.
૨૩	प ज्योर्ज साक्षी			
	૧ શમૂ ૧૪; ૧-૨૪	,, ૧૭; ૨૦ .	,, ૧૪, ૨૪-૪૭ ..	,, ૬; ૧૦.
૨૪	,, ૧૫	,, ૧૮, ૧-૩૧	,, ૧૬ .	ફિલિ. ૧.
૨૫	પ. માર્ક સુવાર્તિક	,, ૧૮, ૩૧-૧૯; ૧૧		,, ૨.
૨૬	૧ શમૂ ૧૭; ૧-૩૧	,, ૧૯; ૧૧-૨૮ .	,, ૧૭, ૩૧-૫૫ ..	,, ૩.
૨૭	,, ૧૭; ૫૫-૧૮; ૧૭	,, ૧૯; ૨૮	,, ૧૯. . ..	,, ૪.
૨૮	,, ૨૦, ૧-૧૮ ...	,, ૨૦; ૧-૨૭ .	,, ૨૦; ૧૮	કલો. ૧; ૧-૨૧
૨૯	,, ૨૧	,, ૨૦, ૨૭-૨૧; ૫	,, ૨૨... ...	,, ૧; ૨૧-૨; ૮.
૩૦	,, ૨૩	,, ૨૧, ૫ .	,, ૨૪; ૧-૨૫; ૨.	,, ૨; ૮

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

જેમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ
૧	પ. ફિલિપ અને પ. યાકૂબ.			કલો. ૩, ૧-૧૮.
૨	૧ શમૂ. ૨૬	લુક ૨૨; ૧-૩૧	૧ શમૂ ૨૮; ૩	,, ૩, ૧૮-૪; ૭.
૩	क्रुमनु मळवु			
	૧ શમૂ. ૩૧	,, ૨૨, ૩૧-૫૪	૨ શમૂ. ૧	,, ૪, ૭
૪	૨ શમૂ ૩; ૧૭	,, ૨૨, ૫૪	,, ૪	૧ થેસ્સા. ૧.
૫	,, ૬	,, ૨૩; ૧-૨૬	,, ૭; ૧-૧૮	,, ૨.
૬	प योहान सुवार्तिक, लानिनी द्वार ब्हार			
	૨ શમૂ. ૭; ૧૮	,, ૨૩; ૨૬-૫૦	,, ૯	,, ૩
૭	,, ૧૧	,, ૨૩; ૫૦-૨૪, ૧૩	,, ૧૨, ૧-૨૪	,, ૪
૮	,, ૧૩; ૩૮-૧૪; ૨૬	,, ૨૪; ૧૩	,, ૧૫, ૧-૧૬	,, ૫
૯	,, ૧૫, ૧૬	યોહા ૧, ૧-૨૯	,, ૧૬, ૧-૧૫	૨ થેસ્સા. ૧.
૧૦	,, ૧૬, ૧૫-૧૭; ૨૪	,, ૧; ૨૯	,, ૧૭, ૨૪-૧૮; ૧૮	,, ૨.
૧૧	,, ૧૮; ૧૮	,, ૨	,, ૧૯, ૧-૨૪	,, ૩.
૧૨	,, ૧૯; ૨૪	,, ૩, ૧-૨૨	,, ૨૧; ૧-૧૫	૧ તીમો. ૧; ૧-૧૮
૧૩	,, ૨૩; ૧-૨૪	,, ૩; ૨૨	,, ૨૪	,, ૧; ૧૮-૨, ૧૫.
૧૪	૧ રાજા ૧; ૧-૨૮	,, ૪; ૧-૩૧	૧ રાજા ૧; ૨૮-૪૯.	,, ૩.
૧૫	૧ કાળ. ૨૯; ૧૦	,, ૪, ૩૧	,, ૩	,, ૪.
૧૬	૧ રાજા ૪; ૨૦	,, ૫; ૧-૨૪	,, ૫	,, ૫.
૧૭	,, ૬; ૧-૧૫	,, ૫; ૨૪	,, ૮; ૧-૨૨	,, ૬
૧૮	,, ૮; ૨૨-૫૪	,, ૬; ૧-૨૨	,, ૮; ૫૪-૯, ૧૦.	૨ તીમો. ૧.
૧૯	डम्टन, आर्च बिशप			
	૧ રાજા ૧૦	,, ૬; ૨૨-૪૧	,, ૧૧; ૧-૨૬	,, ૨.
૨૦	,, ૧૧; ૨૬	,, ૬; ૪૧	,, ૧૨; ૧-૨૫	,, ૩.
૨૧	,, ૧૨, ૨૫-૧૩; ૧૧	,, ૭; ૧-૨૫	,, ૧૩, ૧૧	,, ૪.
૨૨	,, ૧૪; ૧-૨૧	,, ૭; ૨૫	,, ૧૫, ૨૫-૧૯, ૮.	તીત ૧.
૨૩	,, ૧૬, ૮	,, ૮; ૧-૩૧	,, ૧૭	,, ૨.
૨૪	,, ૧૮; ૧-૧૭	,, ૮; ૩૧	,, ૧૮; ૧૭	,, ૩.
૨૫	,, ૧૯	,, ૯, ૧-૩૯	,, ૨૧...	ફિલેમોન.
૨૬	आगुस्तीन, आर्चबिशप			
	૧ રાજા ૨૨; ૧-૪૧	,, ૯; ૩૯-૧૦; ૨૨	૨ રાજા ૧	હેબ્રી. ૧.
૨૭	मान्य बेडा, प्रेस्बुतर			
	૨ રાજા ૨	,, ૧૦; ૨૨	,, ૪, ૮	,, ૨; ૧-૩; ૭.
૨૮	,, ૫	,, ૧૧; ૧-૧૭	,, ૬; ૧-૨૪	,, ૩; ૭-૪; ૧૪.
૨૯	,, ૬; ૨૪	,, ૧૧, ૧૭-૪૭	,, ૭	,, ૪; ૧૪ અને ૫.
૩૦	,, ૮; ૧-૧૬	,, ૧૧; ૪૭-૧૨; ૧૦	,, ૯	,, ૬.
૩૧	,, ૧૦; ૧-૧૮	,, ૧૨; ૨૦	,, ૧૦; ૧૮	,, ૭.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

જુનમાં ૩૦ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ
૧	नीकोमेघ्य साक्षी			
	૨ રાજા ૧૩	યોહા. ૧૩, ૧-૨૧.	૨ રાજા ૧૭; ૧-૨૪.	હેબ્રી. ૮.
૨	,, ૧૭; ૨૪	,, ૧૩; ૨૧	૨ કાળ. ૧૨	,, ૯.
૩	૨ કાળ ૧૩	,, ૧૪	,, ૧૪	,, ૧૦; ૧-૧૯.
૪	,, ૧૫	,, ૧૫	,, ૧૬; ૧-૧૭; ૧૪	,, ૧૦, ૧૯.
૫	बोनिफक्य, बि. ने माक्षी			
	૨ કાળ. ૧૯	,, ૧૬, ૧-૧૬	,, ૨૦, ૧-૩૧	,, ૧૧ ૧-૧૭.
૬	,, ૨૦; ૩૧ અને ૨૧	,, ૧૬; ૧૬	,, ૨૨	,, ૧૧; ૧૭.
૭	,, ૨૩	,, ૧૭	,, ૨૪	,, ૧૨
૮	,, ૨૫	,, ૧૮; ૧-૨૮	,, ૨૬ અને ૨૭	,, ૧૩.
૯	,, ૨૮	,, ૧૮; ૨૮	૨ રાજા ૧૮; ૧-૯.	યાકૂબ ૧
૧૦	,, ૨૯; ૩ ૨૧	,, ૧૯; ૧-૨૫	૨ કાળ. ૩૦; ૧-૩૧; ૨	,, ૨.
૧૧	પ.બાર્નાબાસ,પ્રે.નેસા.			
૧૨	૨ રાજા ૧૮; ૧૩	,, ૧૯; ૨૫	૨ રાજા ૧૯; ૧-૨૦	,, ૩.
૧૩	,, ૧૯; ૨૦	,, ૨૦; ૧-૧૯	,, ૨૦	, ૪.
૧૪	યશા. ૩૮; ૯-૨૧	,, ૨૦; ૧૯	૨ કાળ. ૩૩	,, ૫.
૧૫	૨ રાજા ૨૨	,, ૨૧	૨ રાજા ૨૩; ૧-૨૧.	૧ પીતર ૧; ૧-૨૨.
૧૬	,, ૨૩; ૨૧-૨૪; ૮.	પ્રે કૃ. ૧	,, ૨૪; ૮-૨૫; ૮.	,, ૧; ૨૨-૨; ૧૧.
૧૭	प. अल्बान साक्षी			
	૨ રાજા ૨૫; ૮	,, ૨; ૧-૨૨	એઝ. ૧ અને ૩	,, ૨; ૧૧-૩; ૮.
૧૮	એઝ. ૪	,, ૨; ૨૨	,, ૫	,, ૩; ૮-૪; ૭.
૧૯	,, ૭	,, ૩	,, ૮; ૧૫	,, ૪; ૭.
૨૦	एडवर्ड राजानु स्थळान्तर.			
	એઝ. ૯	,, ૪; ૧-૩૨	,, ૧૦; ૧-૨૦	,, ૫.
૨૧	નહે. ૧	,, ૪, ૩૨-૫; ૧૭.	નહે. ૨	૨ પીતર ૧.
૨૨	,, ૪	,, ૫, ૧૭	,, ૫	,, ૨.
૨૩	उपवास			
	નહે ૬; ૧-૭; ૫	,, ૬	,, ૭; ૭૩ અને ૮.	,, ૩.
૨૪	પ. યોહાન બાપ્તિસ્મી			
૨૫	નહે. ૧૩; ૧-૧૫	,, ૭; ૧-૩૫	,, ૧૩; ૧૫	૧ યોહાન ૧.
૨૬	એસ્તે. ૧	,, ૭, ૩૫-૮; ૫	એ. ૨; ૧૫ અને ૩	,, ૨; ૧-૧૫.
૨૭	,, ૪	,, ૮; ૫-૨૬	,, ૫	,, ૨; ૧૫.
૨૮	उपवास			
	એસ્તે. ૬	,, ૮; ૨૬	,, ૭	૩; ૧-૧૬.
૨૯	પ. પીતર, પ્રે. ને સા.			
૩૦	અયૂ. ૧	,, ૯; ૧-૨૩	અયૂબ ૨	૩, ૧૬-૪; ૭.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

જુલાઇમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ	૧ લો પાઠ	૨ જો પાઠ.
૧	અયૂબ ૩...	પ્રે. કૃ. ૯; ૨૩	અયૂબ ૪	૧ યોહા. ૪; ૭.
૨	धन्य कु. मरियमनी भेट.			
	અયૂબ ૫	,, ૧૦; ૧-૨૪	,, ૬	,, ૫
૩	,, ૭	,, ૧૦; ૨૪	,, ૯	૨ યોહાન.
૪	मार्तीन बि.नु स्थळान्तर			
	અયૂબ ૧૦	,, ૧૧	,, ૧૧	૩ યોહાન.
૫	,, ૧૨	,, ૧૨	,, ૧૩	યહુદા.
૬	,, ૧૪	,, ૧૩; ૧-૨૬	,, ૧૬	માત્થી ૧; ૧૮
૭	,, ૧૭	,, ૧૩; ૨૬	,, ૧૯	,, ૨
૮	,, ૨૧	,, ૧૪...	,, ૨૨; ૧૨-૨૯.	,, ૩
૯	,, ૨૩	,, ૧૫; ૧-૩૦	,, ૨૪	,, ૪; ૧-૨૩
૧૦	,, ૨૫ અને ૨૬	,, ૧૫, ૩૦-૧૬, ૧૬	,, ૨૭	,, ૪; ૨૩-૫; ૧૩
૧૧	,, ૨૮	,, ૧૬; ૧૬	,, ૨૯; ૧-૩૦, ૨.	,, ૫; ૧૩-૩૩.
૧૨	,, ૩૦; ૧૨-૨૭	,, ૧૭; ૧-૧૬	,, ૩૧; ૧૩	,, ૫; ૩૩
૧૩	,, ૩૨	,, ૧૭; ૧૬	,, ૩૮; ૧-૩૯	,, ૬; ૧-૧૯
૧૪	,, ૩૮; ૩૯ ને ૩૯	,, ૧૮, ૧-૨૪	,, ૪૦	,, ૬; ૧૯-૭; ૭.
૧૫	स्विथन, बिशप			
	અયૂબ ૪૧	,, ૧૮; ૨૪-૧૯; ૨૧	,, ૪૨	,, ૭; ૭
૧૬	દૃષ્ટાં. ૧, ૧-૨૦	,, ૧૯, ૨૧	દૃષ્ટાં. ૧; ૨૦	,, ૮; ૧-૧૮
૧૭	,, ૨	,, ૨૦; ૧-૧૭	,, ૩; ૧-૨૭	,, ૮; ૧૮
૧૮	,, ૩; ૨૭-૪, ૨૦	,, ૨૦, ૧૭	,, ૪; ૨૦-૫; ૧૫	,, ૯; ૧-૧૮
૧૯	,, ૫; ૧૫	,, ૨૧; ૧-૧૭	,, ૬; ૧-૨૦	,, ૯, ૧૮
૨૦	मार्गरेता, कु तथा माक्षी			
	દૃષ્ટાં. ૭	,, ૨૧, ૧૭-૩૭	,, ૮	,, ૧૦; ૧-૨૪
૨૧	,, ૯	,, ૨૧; ૩૭-૨૨, ૨૩	,, ૧૦; ૧૬	,, ૧૦; ૨૪
૨૨	प. मरियम मागदालेण.			
	દૃષ્ટાં. ૧૧; ૧-૧૫	,, ૨૨; ૨૩-૨૩, ૧૨	,, ૧૧, ૧૫	,, ૧૧
૨૩	,, ૧૨; ૧૦	,, ૨૩; ૧૨	,, ૧૩	,, ૧૨; ૧-૨૨
૨૪	उपवास.			
	દૃષ્ટાં. ૧૪; ૯ ૨૮	,, ૨૪	,, ૧૪, ૨૮-૧૫, ૧૮	,, ૧૨; ૨૨
૨૫	પ. યાકૂબ, પ્રે			,, ૧૩; ૧-૨૪
૨૬	प. हान्नाह.			
	દૃષ્ટાં. ૧૫; ૧૮	,, ૨૫	,, ૧૬; ૧-૨૦	,, ૧૩; ૨૪-૫૩.
૨૭	,, ૧૬; ૩૧-૧૭, ૧૮	,, ૨૬.	,, ૧૮, ૧૦	,, ૧૩; ૫૩-૧૪; ૧૩
૨૮	,, ૧૯; ૧૩	,, ૨૭	,, ૨૦; ૧-૨૩	,, ૧૪; ૧૩
૨૯	,, ૨૧; ૧-૧૭	,, ૨૮; ૧-૧૭	,, ૨૨; ૧-૧૭	,, ૧૫; ૧-૨૧
૩૦	,, ૨૩; ૧૦	,, ૨૮; ૧૭	,, ૨૪; ૨૧	,, ૧૫; ૨૧
૩૧	,, ૨૫	રૂમી. ૧	,, ૨૬; ૧-૨૧	,, ૧૬; ૧-૨૪

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

ઑગસ્ટમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	लाम्मस दिवस **દષ્ટાં.** ૨૭, ૧-૨૩	**રૂમી.** ૨; ૧-૧૭	**દષ્ટાં.** ૨૮, ૧-૧૫	મા ૧૬;૨૪-૧૭;૧૪.
૨	,, ૩૦; ૧-૧૮	,, ૨; ૧૭	,, ૩૧, ૧૦	,, ૧૭; ૧૪.
૩	**સભા.** ૧	,, ૩	**સભા.** ૨; ૧-૧૨	,, ૧૮, ૧-૨૧
૪	,, ૩	,, ૪	,, ૪	,, ૧૮; ૨૧-૧૯; ૩.
૫	,, ૫	,, ૫	,, ૬	,, ૧૯; ૩-૨૭
૬	आपणा प्रभुनु रुपातर **સભા.** ૭	,, ૬	,, ૮	,, ૧૯;૨૭-૨૦;૧૭
૭	इसुनु नाम **સભા.** ૯	,, ૭	,, ૧૧	,, ૨૦, ૧૭.
૮	**સભા.** ૧૨	,, ૮, ૧-૧૮	**ચિર્મેયાહ** ૧	,, ૨૧, ૧-૨૩
૯	**ચિર્મેયાહ** ૨; ૧-૧૪	,, ૮, ૧૮	,, ૫, ૧-૧૯	,, ૨૧; ૨૩.
૧૦	प लैरेन्त्य, साक्षी **ચિર્મે.** ૫; ૧૯	,, ૯; ૧-૧૯	,, ૬; ૧-૨૨	,, ૨૨, ૧-૧૫.
૧૧	,, ૭; ૧-૧૭	,, ૯; ૧૯	,, ૮, ૪	,, ૨૨; ૧૫-૪૧
૧૨	,, ૯; ૧-૧૭	,, ૧૦	,, ૧૩, ૮-૨૪	,, ૨૨;૪૧-૨૩;૧૩.
૧૩	,, ૧૫	,, ૧૧; ૧-૨૫	,, ૧૭; ૧-૧૯	,, ૨૩; ૧૩.
૧૪	,, ૧૮; ૧-૧૮	,, ૧૧, ૨૫	,, ૧૯	,, ૨૪, ૧-૨૯.
૧૫	,, ૨૧	,, ૧૨	,, ૨૨; ૧-૧૩	,, ૨૪; ૨૯.
૧૬	,, ૨૨; ૧૩	,, ૧૩	,, ૨૩, ૧-૧૬	,, ૨૫; ૧-૩૧.
૧૭	,, ૨૪	,, ૧૪, ૧-૧૫; ૮.	,, ૨૫, ૧-૧૫	,, ૨૫, ૩૧.
૧૮	,, ૨૬	,, ૧૫; ૮	,, ૨૮	,, ૨૬, ૧-૩૧.
૧૯	,, ૨૯; ૪-૨૦	,, ૧૬	,, ૩૦	,, ૨૬; ૩૧-૫૭.
૨૦	,, ૩૧, ૧-૧૫	**૧ કરીં.** ૧; ૧-૨૬	,, ૩૧; ૧૫-૩૮	,, ૨૬, ૫૭.
૨૧	,, ૩૩; ૧-૧૪	,, ૧; ૨૬ ને ૨	,, ૩૩, ૧૪	,, ૨૭, ૧-૨૭.
૨૨	,, ૩૫	,, ૩	,, ૩૬; ૧-૧૪	,, ૨૭; ૨૭-૫૭.
૨૩	उपवास **ચિર્મે.** ૩૬; ૧૪	,, ૪; ૧-૧૮	,, ૩૮; ૧-૧૪	,, ૨૭, ૫૭.
૨૪	**પ. બારથલમી**	,, ૪; ૧૮ ને ૫		,, ૨૮.
૨૫	**ચિર્મે.** ૩૮; ૧૪	,, ૬	,, ૩૯	**માર્ક** ૧; ૧-૨૧.
૨૬	,, ૫૦; ૧-૨૧	,, ૭; ૧-૨૫	,, ૫૧, ૫૪	,, ૧; ૨૧.
૨૭	**હઝકી.** ૧; ૧-૧૫	,, ૭; ૨૫	**હઝકી.** ૧; ૧૫	,, ૨; ૧-૨૩.
૨૮	प. आगुस्तीन, बिशप **હઝકી.** ૨	,, ૮	,, ૩; ૧-૧૫	,, ૨; ૨૩-૩; ૧૩.
૨૯	प योहान बाप्तिस्मीनु शिरच्छेद **હઝકી.** ૩; ૧૫	,, ૯	,, ૮	,, ૩; ૧૩.
૩૦	,, ૯	,, ૧૦; ૧-૧૧; ૨.	,, ૧૧; ૧૪	,, ૪; ૧-૩૫.
૩૧	,, ૧૨; ૧૭	,, ૧૧, ૨-૧૭	,, ૧૩; ૧-૧૭	,, ૪; ૩૫-૫; ૨૧.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

•સપ્ટેમ્બરમાં ૩૦ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	ऐगिध्य, महंत ने विश्वासांगिकारी.			
	હઝકી. ૧૩; ૧૭	૧ કરીં. ૧૧; ૧૭	હઝ. ૧૪; ૧-૧૨.	માર્ક ૫, ૨૧.
૨	,, ૧૪; ૧૨	,, ૧૨; ૧-૨૮	,, ૧૬; ૪૪	,, ૬; ૧-૧૪.
૩	,, ૧૮; ૧-૧૯	,, ૧૨; ૨૮ ને ૧૩	,, ૧૮; ૧૯	,, ૬, ૧૪-૩૦.
૪	,, ૨૦; ૧-૧૮	,, ૧૪; ૧-૨૦	,, ૨૦; ૧૮-૩૩	,, ૬; ૩૦.
૫	,, ૨૦; ૩૩-૪૪	,, ૧૪; ૨૦	,, ૨૨; ૨૩	,, ૭; ૧-૨૪.
૬	,, ૨૪; ૧૫	,, ૧૫; ૧-૩૫	,, ૨૬	,, ૭; ૨૪-૮; ૧૦.
૭	एनूर्ख, बिशप			
	હઝકી. ૨૭; ૧-૨૬	,, ૧૫; ૩૫	,, ૨૭; ૨૬	,, ૮; ૧૦-૯; ૨
૮	कुं. मरियमनो जन्म.			
	હઝકી. ૨૮; ૧-૨૦	,, ૧૬	,, ૩૧	,, ૯; ૨-૩૦.
૯	,, ૩૨; ૧-૧૭	૨ કરીં. ૧; ૧-૨૩.	,, ૩૩; ૧-૨૧	,, ૯, ૩૦.
૧૦	,, ૩૩; ૨૧	,, ૧; ૨૩-૨; ૧૪.	,, ૩૪; ૧-૧૭	,, ૧૦, ૧-૩૨.
૧૧	,, ૩૪; ૧૭	,, ૨; ૧૪ અને ૩.	,, ૩૬; ૧૬-૩૩	,, ૧૦; ૩૨.
૧૨	,, ૩૭; ૧-૧૫	,, ૪	,, ૩૭; ૧૫	,, ૧૧; ૧-૨૭.
૧૩	,, ૪૭; ૧-૧૩	,, ૫	દાની. ૧	,, ૧૧; ૨૭-૧૨; ૧૩
૧૪	प. क्रुसनो दिवस.			
	દાની. ૨; ૧-૨૪	,, ૬; ૧-૭; ૨	,, ૨; ૨૪	,, ૧૨; ૧૩-૩૫.
૧૫	,, ૩	,, ૭; ૨	,, ૪; ૧-૧૯	,, ૧૨; ૩૫-૧૩, ૧૪
૧૬	,, ૪; ૧૯	,, ૮	,, ૫; ૧-૧૭	,, ૧૩, ૧૪.
૧૭	लाम्बेर्ट, बि. अने साक्षी.			
	દાની. ૫; ૧૭	,, ૯	,, ૬	,, ૧૪; ૧-૨૭.
૧૮	,, ૭; ૧-૧૫	,, ૧૦	,, ૭; ૧૫	,, ૧૪; ૨૭-૫૩.
૧૯	,, ૯; ૧-૨૦	,, ૧૧; ૧-૩૦	,, ૯, ૨૦	,, ૧૪, ૫૩.
૨૦	उपवास. દા. ૧૦; ૧-૨૦.	,, ૧૧; ૩૦-૧૨; ૧૪	,, ૧૨	,, ૧૫; ૧-૪૨.
૨૧	**પ. માત્થી પ્રે.**	,, ૧૨; ૧૪ ને ૧૩.		,, ૧૫; ૪૨ ને ૧૬.
૨૨	**હોશી.** ૨; ૧૪	ગલાતી. ૧	**હોશી.** ૪; ૧-૧૩	લુક ૧; ૧-૨૬.
૨૩	,, ૫; ૮-૬; ૭	,, ૨	,, ૭; ૮	,, ૧; ૨૬-૫૭.
૨૪	,, ૮	,, ૩	,, ૯	,, ૧; ૫૭.
૨૫	,, ૧૦	,, ૪; ૧-૨૧	,, ૧૧; ૧-૧૨; ૭	,, ૨; ૧-૨૧.
૨૬	प. कुप्रियान, आर्चबि.			
	હોશી. ૧૩; ૧-૧૫	,, ૪; ૨૧-૫; ૧૩.	,, ૧૪	,, ૨; ૨૧.
૨૭	**યોએલ** ૧	,, ૫; ૧૩	**યોએલ** ૨; ૧-૧૫.	,, ૩; ૧-૨૩.
૨૮	,, ૨; ૧૫-૨૮	,, ૬	,, ૨, ૨૮-૩; ૯.	,, ૪; ૧-૧૬.
૨૯	**પ. મીખાએલ.**			
૩૦	प.जेरोम, विश्वासांगिकारी तथा विद्वान यो**એ**. ૩; ૯.	એફે. ૧	આમો. ૧; ૧-૨; ૪.	,, ૪; ૧૬.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

અકટોબરમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ	૨ જો પાઠ.
૧	रेमिग्य, बिशप.			
	આમોસ ૨; ૪-૩; ૯.	એફે. ૨	આમોસ ૪; ૪	લુક ૫, ૧-૧૭.
૨	,, ૫; ૧-૧૮	,, ૩	,, ૫, ૧૮-૬; ૯	,, ૫, ૧૭.
૩	,, ૭	,, ૪; ૧-૨૫	,, ૮	,, ૬; ૧-૨૦.
૪	,, ૯	,, ૪; ૨૫-૫; ૨૨.	ઓબાદ્યાહ	,, ૬; ૨૦.
૫	યૂના ૧	,, ૫, ૨૨-૬, ૧૦.	યૂના ૨	,, ૭; ૧-૨૪.
૬	फीदे, कु तथा साक्षी			
	યૂના ૩	,, ૬, ૧૦	,, ૪	,, ૭; ૨૪
૭	મીખાહ ૧; ૧-૧૦	ફિલિ ૧	મીખાહ ૨	,, ૮; ૧-૨૬.
૮	,, ૩	,, ૨	,, ૪	,, ૮; ૨૬.
૯	प. दियेनूस्य त्रि. तथा	साक्षी.		
	મીખાહ ૫	ફિલિ. ૩	,, ૬	,, ૯; ૧-૨૮.
૧૦	,, ૭	,, ૪	નાહૂમ ૧	,, ૯, ૨૮-૫૧.
૧૧	નાહૂમ ૨	કલો. ૧; ૧-૨૧	,, ૩	,, ૯, ૫૧-૧૦, ૧૭.
૧૨	હબાક્કૂક ૧	,, ૧, ૨૧-૨, ૮	હબાક્કૂક ૨	,, ૧૦; ૧૭.
૧૩	एडवर्ड, राजानु स्थळान्तर			
	હબાક્કૂક ૩	,, ૨, ૮	સફા ૧; ૧-૧૪	,, ૧૧, ૧-૨૯.
૧૪	સફા ૧; ૧૪-૨; ૪	,, ૩, ૧-૧૮	,, ૨; ૪	,, ૧૧; ૨૯.
૧૫	,, ૩	,, ૩, ૧૮ અને ૪	હાગા. ૧	,, ૧૨; ૧-૩૫.
૧૬	હાગા. ૨; ૧-૧૦	૧ થેસ્સા. ૧	,, ૨; ૧૦	,, ૧૨; ૩૫
૧૭	एथेलद्रेदा, कुवारी.			
	ઝખા. ૧; ૧-૧૮	,, ૨	ઝખા. ૧; ૧૮ ને ૨.	,, ૧૩; ૧-૧૮.
૧૮	પ. લુક, સુવાર્તિક.	,, ૩		,, ૧૩; ૧૮
૧૯	ઝખા. ૩	,, ૪	,, ૪	,, ૧૪, ૧-૨૫
૨૦	,, ૫	,, ૫	,, ૬	,, ૧૪; ૨૫-૧૫; ૧૧
૨૧	,, ૭	૨ થેસ્સા ૧	,, ૮; ૧-૧૪	,, ૧૫; ૧૧.
૨૨	,, ૮; ૧૪	,, ૨	,, ૯; ૯	,, ૧૬.
૨૩	,, ૧૦	,, ૩	,, ૧૧	,, ૧૭; ૧-૨૦.
૨૪	,, ૧૨	૧ તીમો. ૧; ૧-૧૮	,, ૧૩	,, ૧૭; ૨૦
૨૫	क्रिस्पीन, साक्षी.			
	ઝખા. ૧૪	,, ૧; ૧૮ અને ૨.	માલાખી ૧	,, ૧૮; ૧ ૩૧.
૨૬	માલાખી ૨	,, ૩	,, ૩; ૧-૧૩	,, ૧૮; ૩૧-૧૯; ૧૧
૨૭	उपवास.			
	માલા. ૩; ૧૩ અને ૪	,, ૪	જ્ઞાન ૧	,, ૧૯; ૧૧-૨૮.
૨૮	પ. સીમોન ને પ યહુદા.	,, ૫		,, ૧૯; ૨૮.
૨૯	જ્ઞાન ૨	,, ૬	,, ૪; ૭	,, ૨૦; ૧-૨૭.
૩૦	,, ૬; ૧-૨૨	૨ તીમો. ૧	,, ૬; ૨૨-૭; ૧૫.	,, ૨૦; ૨૭-૨૧; ૫.
૩૧	उपवास. જ્ઞાન. ૭; ૧૫.	,, ૨	,, ૮; ૧-૧૯	,, ૨૧; ૫.

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

• નવેમ્બરમાં ૩૦ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	બધા પવિત્રોનો દિવસ			
૨	જ્ઞાન ૯ .	૨ તીમોથી ૩ .	જ્ઞાન ૧૧ ; ૧-૧૫ .	લુક ૨૨ ; ૧-૩૧
૩	,, ૧૧ ; ૧૫-૧૨ ; ૩.	,, ૪ .	,, ૧૭ . .	,, ૨૨, ૩૧-૫૪.
૪	સી. પુત્ર. ૧ ; ૧-૧૪	તીતસ ૧	સીરાનો પુત્ર ૨ ...	,, ૨૨, ૫૪
૫	,, ૩ ; ૧૭-૩૦	,, ૨	,, ૪ ; ૧૦	,, ૨૩ ; ૧-૨૬
૬	लेनर्ड, विश्वासागिकारी.			
	સી. પુ. ૫ .	,, ૩ .	,, ૭, ૨૭	,, ૨૩ ; ૨૬-૫૦
૭	,, ૧૦; ૧૮ .	ફિલેમોન ...	,, ૧૪; ૧-૨૦ ..	,, ૨૩,૫૦-૨૪,૧૩
૮	,, ૧૫; ૯ ...	હેબ્રી ૧ ..	,, ૧૬, ૧૭	,, ૨૪, ૧૩.
૯	,, ૧૮ ; ૧-૧૫ ...	,, ૨, ૧-૩, ૭	,, ૧૮, ૧૫	યોહા. ૧, ૧-૨૯.
૧૦	,, ૧૯ ; ૧૩	,, ૩ ; ૭-૪ ; ૧૪	,, ૨૨; ૬-૨૪ ..	,, ૧ ; ૨૯.
૧૧	प मार्तीन, बिशप तथा	विश्वासागिकारी		
	સી પુ. ૨૪, ૧-૨૪	,, ૪ ; ૧૪ ને ૫..	,, ૨૪; ૨૪	,, ૨.
૧૨	,, ૩૩, ૭-૨૩	,, ૬	,, ૩૪; ૧૫	,, ૩, ૧-૨૨.
૧૩	ब्रित्य, बि સી ઠી. ૩૫.	,, ૭ . .	,, ૩૭, ૮-૧૯ ..	,, ૩, ૨૨.
૧૪	સી. પુ ૩૯ ; ૧-૧૩	,, ૮ .	,, ૩૯, ૧૩	,, ૪, ૧-૩૧.
૧૫	मग्वृत, बिशप			
	સી. પુ ૪૧ ; ૧-૧૪	,, ૯	,, ૪૨; ૧૫	,, ૪ ; ૩૧.
૧૬	,, ૪૪ ; ૧-૧૬ .	,, ૧૦, ૧-૧૯ ..	,, ૫૦, ૧-૨૫ .	,, ૫, ૧-૨૪
૧૭	हूघ, बि. સી પુ ૫૧; ૧૦.	,, ૧૦ ; ૧૯ ..	બારૂક ૪ ; ૧-૨૧	,, ૫, ૨૪.
૧૮	બારૂક ૪ ; ૩૬ અને ૫	,, ૧૧, ૧-૧૭ ..	યશા. ૧ ; ૧-૨૧ ..	,, ૬ ; ૧-૨૨.
૧૯	યશાયાહ ૧, ૨૧ ...	,, ૧૧ ; ૧૭ .	,, ૨ .. .	,, ૬ ; ૨૨-૪૧.
૨૦	एटमड राजा ने माक्षी			
	યશા ૩ ; ૧-૧૬ ...	,, ૧૨	,, ૪ ; ૨ . .	,, ૬ ; ૪૧
૨૧	,, ૫ ; ૧-૧૮ .	,, ૧૩ . .	,, ૫ ; ૧૮ ...	,, ૭ ; ૧-૨૫
૨૨	केकिल्या, कुं. नथा माक्षी			
	યશા ૬ . ..	યાકૂબ ૧ .	,, ૭ ; ૧-૧૭ .	,, ૭ ; ૨૫.
૨૩	क्लेमेन्त, बि अने साक्षी			
	યશા. ૮ ; ૫-૧૮	,, ૨ .	,, ૮ ; ૧૮-૯, ૮...	,, ૮ ; ૧-૩૧.
૨૪	,, ૯ ; ૮-૧૦ ; ૫ .	,, ૩ ..	,, ૧૦ ; ૫-૨૦ .	,, ૮ ; ૩૧.
૨૫	कथरीना, कु अने साक्षी.			
	યશા. ૧૦ ; ૨૦ .	,, ૪ ..	,, ૧૧, ૧-૧૦	,, ૯ ; ૧-૩૯.
૨૬	,, ૧૧ ; ૧૦ .	,, ૫ .. .	,, ૧૨ ...	,, ૯ ; ૩૯-૧૦ ; ૨૨.
૨૭	,, ૧૩	૧ પીતર ૧ ; ૧-૨૨	,, ૧૪ ; ૧-૨૪ ...	,, ૧૦ ; ૨૨.
૨૮	,, ૧૭	,, ૧ ; ૨૨-૨ ; ૧૧	,, ૧૮ .	,, ૧૧ ; ૧-૧૭.
૨૯	उपवास. યશા. ૧૯; ૧-૧૬	,, ૨ ; ૧૧-૩ ; ૮...	,, ૧૯ ; ૧૬ ...	,, ૧૧ ; ૧૭-૪૭.
૩૦	૫ આંદ્રયા, પ્રે. ને સા.			

દરેક દિવસનાં વાંચનનું પંચાંગ.

ડીસેમ્બરમાં ૩૧ દિવસ હોય છે.

	સવારની પ્રાર્થના.		સાંજની પ્રાર્થના.	
	૧ લો પાઠ.	૨ જો પાઠ.	૧ લો પાઠ.	૨ જો પાઠ.
૧	યશા ૨૧; ૧-૧૩ ...	૧ પીત. ૩; ૮-૪; ૭.	યશા. ૨૨; ૧-૧૫...	યોહ. ૧૧; ૪૭-૧૨; ૨૦
૨	,, ૨૨; ૧૫ ..	,, ૪; ૭ ...	,, ૨૩	,, ૧૨; ૨૦.
૩	,, ૨૪	,, ૫	,, ૨૫... ...	,, ૧૩; ૧-૨૧.
૪	,, ૨૬; ૧-૨૦ ...	૨ પીત. ૧ .	,, ૨૬; ૨૦ ને ૨૭	,, ૧૩; ૨૧.
૫	,, ૨૮; ૧-૧૪ .	,, ૨	,, ૨૮; ૧૪ ...	,, ૧૪.
૬	निकलाव, बिशप.			
	યશા. ૨૯; ૧-૯ ...	,, ૩	,, ૨૯; ૯ ...	,, ૧૫.
૭	,, ૩૦; ૧-૧૮ ..	૧ યોહા. ૧ ...	,, ૩૦; ૧૮ ...	,, ૧૬; ૧-૧૬.
૮	कु. मरियमनो गर्भधारण.			
	યશા. ૩૧ ...	,, ૨; ૧-૧૫ ..	,, ૩૨... ..	,, ૧૬; ૧૬.
૯	,, ૩૩ ...	,, ૨; ૧૫ .	,, ૩૪...	,, ૧૭
૧૦	,, ૩૫	,, ૩; ૧-૧૬	,, ૪૦; ૧-૧૨ ..	,, ૧૮; ૧-૨૮.
૧૧	,, ૪૦; ૧૨ ...	,, ૩; ૧૬-૪; ૭...	,, ૪૧; ૧-૧૭	,, ૧૮; ૨૮.
૧૨	,, ૪૧; ૧૭ ..	,, ૪; ૭ ..	,, ૪૨; ૧-૧૮ ..	,, ૧૯; ૧-૨૫.
૧૩	लूक्या, कुं. तथा साक्षी.			
	યશા ૪૨; ૧૮-૪૩; ૮.	,, ૫	,, ૪૩; ૮ ...	,, ૧૯; ૨૫.
૧૪	,, ૪૪; ૧-૨૧ ...	૨ યોહાન ...	,, ૪૪; ૨૧-૪૫; ૮.	,, ૨૦; ૧-૧૯.
૧૫	,, ૪૫; ૮ ...	૩ યોહાન ..	,, ૪૬ ...	,, ૨૦; ૧૯.
૧૬	हे ज्ञान. યશા. ૪૭ ..	યહુદા .	,, ૪૮ ..	,, ૨૧.
૧૭	યશા. ૪૯; ૧-૧૩ ...	પ્રકટી. ૧ ...	,, ૪૯; ૧૩ ...	પ્રક. ૨; ૧-૧૮.
૧૮	,, ૫૦	,, ૨; ૧૮-૩; ૭ .	,, ૫૧; ૧-૯ ...	,, ૩; ૭.
૧૯	,, ૫૧; ૯ ...	,, ૪	,, ૫૨; ૧-૧૩ ...	,, ૫.
૨૦	उपवास.			
	યશા. ૫૨; ૧૩ ને ૫૩.	,, ૬	,, ૫૪... ...	,, ૭.
૨૧	પ. થોમા. પ્રે. ને સા.			
૨૨	યશા ૫૫	,, ૮	,, ૫૬... ...	,, ૧૦.
૨૩	,, ૫૭	,, ૧૧... ...	,, ૫૮... ..	,, ૧૨.
૨૪	उपवास. યશા. ૫૯ ..	,, ૧૪	,, ૬૦.. ...	,, ૧૫.
૨૫	નાતાલ.			
૨૬	પ. સ્તેફન, સાક્ષી.			
૨૭	પ. યોહાન, પ્રે. તથા સુ.			
૨૮	પ. નિર્દોષ બાળકોનો દિવસ.	,, ૧૬		,, ૧૮.
૨૯	યશા. ૬૧... ...	,, ૧૯; ૧-૧૧ ...	,, ૬૨... ...	,, ૧૯; ૧૧.
૩૦	,, ૬૩	,, ૨૦ ...	,, ૬૪; ૧-૬૫; ૮.	,, ૨૧; ૧-૧૫.
૩૧	सिल्वेल, बिशप.			
	યશા. ૬૫; ૮ ...	,, ૨૧; ૧૫-૨૨; ૬.	,, ૬૬... ...	,, ૨૨; ૬.

આખા વર્ષનાં ચળિત અને અચળિત પર્વો,

અને

ઉપવાસ તથા મિતાહારીના દિવસોનાં કોષ્ટકો,

તથા તેમને માટે નિયમો.

ચળિતપર્વો તથા પવિત્ર દિવસોનો આરંભ ક્યારે થાય છે, તે સમજવાનો નિયમ.

જે પૂર્ણિમા માર્ચ મહિનાના એકવીસમા દિવસે, કિવા તે દિવસ પછી પહેલી આવે, તે પછીનો જે પ્રથમ રવિવાર આવે, તેને સર્વદા પુનરૂત્થાનનું પર્વ સમજવું, અને તેના ઉપર બીજાં પર્વોનો આધાર છે. તથાપિ પૂર્ણિમા જો રવિવારે આવે તો, તે પછીનો રવિવાર પુનરૂત્થાનનો દિવસ થાય.

જે રવિવાર પવિત્ર આંદ્રયાના પર્વની વધારે પાસે હોય, કાંતો આગળ કાંતો પાછળ, તેનેજ આગમનનો પહેલો રવિવાર સમજવો.

ઉપવાસ	**સમયથી**	**આગળ**	**૩જો**	**રવિવાર**	**પુનરૂત્થાનના**	**પર્વથી**	**૯**	**અઠવાડિયાં**	**પહેલાં**	**આવે**	**છે**
”	”	”	**૨જો**	”	”	”	**૮**	”	”	”	”
”	”	”	**૧લો**	”	”	”	**૭**	”	”	”	”
ઉપવાસ સમયનો પહેલો રવિવાર					”	”	**૬**	”	”	”	”

રોગેશન, એટલે વિનંતીનો રવિવાર, પુનરૂત્થાનના રવિવારથી પાંચ અઠવાડિયાં પછી આવે છે, અને એજ પ્રમાણે આકાશગમનનો દિવસ તેનાથી ચાળીસમે દિવસે આવે છે; તથા પવિત્ર આત્માના ઉતરવાનો રવિવાર તેનાથી સાત અઠવાડિયાં પછી આવે છે; અને ત્રયનો રવિવાર તેનાથી આઠ અઠવાડિયાં પછી આવે છે.

ઇંગ્લાંડની કલીસીઆમાં આખા વર્ષમાં જે સઘળાં પર્વો પળાય છે તેમનું કોષ્ટક.

વર્ષના સઘળા રવિવારો.

નીચેનાં પર્વો —

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની સુન્નત.
એપિફની.
પ. પાઉલનું પરિવર્તન.
ધન્ય કુંવારીનું શુદ્ધિકરણ.
પ. પ્રેરિત માત્થીઅસ.
ધન્ય કુંવારી મરિયમને સુસમાચાર.
પ. સુવાર્તિક માર્ક.
પ. પ્રેરિતો ફિલિપ અને યાકૂબ.
આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનુ આકાશગમન.
પ. બાર્નાબાસ.
પ. યોહાન બાપ્તિસ્મીનો જન્મ.
પ. પ્રેરિત પીતર.
પ. પ્રેરિત યાકૂબ.
પ. પ્રેરિત બારથલમી.
પ. પ્રેરિત માત્થી.
પ. મીખાએલ તથા બધા દૂતો.
પ. સુવાર્તિક લુક.
પ. પ્રેરિતો સીમોન તથા યહુદા.
બધાં પવિત્રો.
પ. પ્રેરિત આંદ્રયા.
પ. પ્રેરિત થોમા.
આપણા પ્રભુનો જન્મદિવસ.
પ. સાક્ષી સ્તેફન.
પ. સુવાર્તિક યોહાન.
પ. નિર્દોષ બાળકો.

પુનરૂત્થાનના પર્વના અઠવાડિયાનો સોમવાર, તથા મંગળવાર.

પવિત્ર આત્માના ઉતરવાના રવિવાર પછીનો સોમવાર તથા મંગળવાર.

વર્ષમાં જે જાગરણ, ઉપવાસ, અને મિતાહારીના દિવસો પાળવાના છે તેમનું કોષ્ટક.

નીચેનાં પર્વોના આગલા દિવસો.

આપણા પ્રભુનો જન્મદિવસ.	પ. પીતર.
ધન્ય કુંવારી મરિયમનુ શુદ્ધિકરણ.	પ. યાકૂબ.
ધન્ય કુંવારી મરિયમને સુસમાચાર.	પ. બારથલમી.
પુનરૂત્થાનનુ પર્વ.	પ. માત્થી.
આકાશગમનનો દિવસ.	પ સીમોન તથા પ યહુદા.
પવિત્ર આત્માના ઉતરવાનો રવિવાર.	પ. આન્દ્રયા.
પવિત્ર માત્થીઅસ.	પ. થોમા.
પ. યોહાન બાપ્તિસ્મી.	બધાં પવિત્રો.

જાણવું જોઇએ કે આમાંનુ કોઇ પર્વ સોમવારે આવે, તો જાગરણ અથવા ઉપવાસનો દિવસ રવિવારે ન પાળતાં શનિવારે પાળવો.

ઉપવાસ અથવા મિતાહારીના દિવસો.

૧. ઉપવાસના સમયના જે ચાળીસ દિવસ હોય છે તે.

૨. એમ્બરના દિવસો, એટલે દિક્ષા આપવાના ઠરાવેલા ચાર દિવસોની આગળના બુધ, શુક્ર તથા શનિવાર. એટલે ઉપવાસનો પહેલો રવિવાર, પવિત્ર આત્મા ઉતરવાનુ પર્વ, સપ્ટેમ્બરની ચૌદમી તારીખ, તથા ડીસેમ્બરની તેરમી તારીખ પછીના બુદ્ધ, શુક્ર, તથા શનિવાર.

૩. વિનંતીના ત્રણ દિવસો, એટલે પવિત્ર ગુરૂવાર, જે આપણા પ્રભુના આકાશગમનનો દિવસ છે, તેની પહેલાના સોમવાર, મંગળવાર અને બુધવાર.

૪. નાતાલના પર્વ વિના, વર્ષના બધા શુક્રવાર.

એક વિશેષ દિવસ.

મહારાજાના રાજ્યાભિષેકનો દિવસ, જેને માટે વિશેષ પ્રાર્થનાપદ્ધતિ ઠરાવેલી છે તે.

સવાર તથા સાંજની પ્રાર્થનાપદ્ધતિ

જે આખા વરસ સુધી રોજ વાંચવી તથા વાપરવી જોઇએ.

જો તે જગ્યાનો ધર્માધિકારી કોઇ બીજી રીતનો હુકમ ન આપે, તો દેવળમાં, પ્રાર્થનાના ઘરમાં, અથવા ચાન્સલની જે જગ્યામાં જ્યાં પ્રાર્થના વંચાતી હોય, ત્યાં સવાર તથા સાંજની પ્રાર્થના વંચાય, અને ચાન્સલ પહેલાં પ્રમાણેજ રહે.

આ વાત ધ્યાનમાં રાખવી કે, દેવળના તથા તેના સેવકોના જે અલંકાર અને આભૂષણ ઈંગ્લાંડની કલીસીઆમાં પાર્લમેન્ટના અધિકારથી છઠ્ઠા એડવર્ડ રાજાના બીજા વર્ષમાં વાપરવામાં આવતા હતા, તે તેમની સેવાના બધા વખતે રાખીને વાપરવા જોઇએ.

સવારની પ્રાર્થનાપદ્ધતિ,

વરસના બધા દિવસો માટે.

¶ સવારની પ્રાર્થનાના આરભમા, સેવકે આ નીચેના વાક્યોમાંથી એક અથવા વધારે મોટે સાદે વાચવા. અને પછી, તેમની આગળ જે આવે છે તે વાચવુ.

જો દુષ્ટ માણુસ પોતે કીધેલી દુષ્ટતાથી પાછો ફરીને નીતિસંપન્ન તથા યથાર્થ કામો કરે, તો તે પોતાનો જીવ બચાવશે હઝકી ૧૮, ૨૭

હુ મારાં ઉલ્લંઘન જાણુ છુ, ને મારૂ પાપ નિત્ય મારી આગળ છે. ગીત. ૫૧, ૩.

મારાં પાપ તરફ નજર ન કર, ને મારા સર્વ અન્યાય ભુંસી નાખ. ગીત. ૫૧; ૯

ઈશ્વિરના યજ્ઞો તો રાંક મન છે, હે ઈશ્વિર, તું રાંક અને નમ્ર હૃદયને ધિક્કારીશ નહિ. ગીત. ૫૧, ૧૭.

તમારાં વસ્ત્રો નહિ પણુ તમારાં હૃદયો ફાડો, ને તમારા દેવ યહોવાહ પાસે પાછા આવો, કેમકે તે કૃપાળુ તથા પૂર્ણુ કરૂણાળુ, કોપ કરવે ધીમો તથા પુષ્કળ દયાળુ છે, ને વિપત્તિને માટે તેને પશ્ચાતાપ થાય છે. યોએલ ૨; ૧૩.

દયા તથા ક્ષમા અમારા દેવ પ્રભુની છે, કેમકે અમે તેની વિરૂદ્ધ દંગો કીધો છે, અને યહોવાહ અમારા દેવની વાણીને ન માનતા તેના નિયમો જે તેણે પોતાના સેવક ભવિષ્યવાદીઓની હસ્તક અમારી આગળ મુકયા તેમાં અમે ચાલ્યા નથી દાની. ૯, ૯, ૧૦.

હે યહોવાહ, કેવળ ન્યાયે મને શિક્ષા કર, ક્રોધથી નહિ, રખે તુ મને નાબૂદ કરે. યિર્મેયાહ ૧૦, ૨૪. ગીત. ૬; ૧.

પસ્તાવો કરો, કેમકે આકાશનું રાજ્ય પાસે આવ્યુ છે. માત્થી ૩, ૨.

હુ ઉઠીને મારા બાપની પાસે જઇશ, ને તેને કહીશ કે, બાપ, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કીધુ છે, હવે હુ તારો દીકરો કહેવાવા યોગ્ય નથી. લુક ૧૫; ૧૮, ૧૯.

તારા સેવકની સાથે ન્યાયની રૂએ ન વર્ત, કેમકે તારી નજરમાં કોઇ સજીવ માણુસ ન્યાયી ઠરશે નહિ. ગીત. ૧૪૩, ૨.

જો આપણે કહીએ કે, આપણુને પાપ નથી, તો આપણે પોતાને ભુલાવીએ છીએ, ને આપણામાં સત્ય નથી. જો

આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવા તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. ૧ યોહાન ૧ ; ૮, ૯.

વહાલા ભાઇઓ, શાસ્ત્ર અનેક જગ્યામાં આપણને ઉત્તેજન આપે છે કે, આપણે પોતાનાં અનેક પ્રકારનાં પાપ તથા ભુંડાઇને કબૂલીને માની લઇએ; અને સર્વશક્તિમાન દેવ જે આપણો આકાશવાસી બાપ છે, તેની આગળ ઢોંગ કરીને તેમને સંતાડીએ નહિ; પણ નમ્ર, દીન, પસ્તાવિક તથા આજ્ઞાધારી મનથી તેમને માની લઇએ, કે જેથી તેની અનંત કૃપા તથા દયા વડે આપણને તેમની માફી મળે. અને જો કે બધે વખતે આપણે નમ્રતાથી દેવ આગળ આપણાં પાપો માની લેવાં જોઇએ, તોપણ તેના હાથથી જે મોટા મોટા લાભ આપણને થયા છે, તેમને સારૂ તેના ઉપકાર માનવાને, તેની પરમ-યોગ્ય સ્તુતિ કરવાને, તેનુ પરમપવિત્ર વચન સાંભળવાને, અને જે વસ્તુઓ દેહ તથા આત્માને માટે જોઇએ તે માગવાને, આપણે ભેગાં થઇએ છીએ, ત્યારે આપણાં પાપ માની લેવાં, એ વિશેષ યોગ્ય છે. તે માટે તમે જેટલાં અહીં છો, તે સર્વને હુ વિનંતી કરૂ છુ કે, તમે મારી સાથે શુદ્ધ મન અને નમ્ર વાણીથી, આકાશી કૃપાના આસ-નની આગળ આવીને, મારી પાછળ પાછળ બોલો.

¶ सामान्य कबूलत, आखी मंडळी घुंटण टेकीने, सेवकनी पाछळ बोले.

હે સર્વશક્તિમાન તથા મહા દયાળુ બાપ, અમે પાપ કીધુ છે, અને ભુલા પડેલાં ઘેટાંની પેઠે, તારા માર્ગોથી ભટકી ગયાં છીએ. અમે અમારા મનના વિચારો, અને ઇચ્છાઓ પાછળ ઘણુ ચાલ્યાં છીએ. અમે તારા પવિત્ર નિયમો તોડ્યા છે. અમારે જે કરવુ જોઇતું હતુ, તે અમે કીધુ નથી, પણ જે કરવુ જોઇતું ન હતુ, તે અમે કીધુ છે, તથા અમારામાં કંઈ સાજાપણુ નથી. પણ હે પ્રભુ, અમ દીન પાપીઓ પર દયા કર હે દેવ, જેઓ પોતાનાં પાપ માની લે છે, તેઓને છોડી દે. જેઓ પસ્તાવો કરે છે તેઓને, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તમાં જે વચનો તે માણસજાતને આપેલાં છે, તે પ્રમાણે સાજાં કર. અને હે મહા દયાળુ બાપ, તેને લીધે તું એવું કર કે, હવે પછી અમે ભક્તિથી, ન્યાયીપણાથી, અને બુદ્ધિથી જીવન કાઢીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય. આમેન.

¶ पापमोचन, अथवा पापोनी माफी मात्र प्रीस्ट उभो थइने संभळावे, अने मडळी एमनेएम घुंटण टेकी रहे.

સર્વશક્તિમાન દેવ, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો બાપ, કોઇ પાપીનું મરણ થાય એવું ચાહતો નથી, પરંતુ એમ ચાહે છે કે, તે પોતાની ભુંડાઇથી પાછો ફરીને જીવતો રહે; અને તેના જે લોકો પસ્તાવો કરે છે, તેમને તેમનાં પાપોનું

મોચન તથા માફી પ્રગટ કરવાને તથા સંભળાવવાને, તેણે પોતાના સેવકોને અધિકાર તથા આજ્ઞા આપી છે, જેઓ ખરો પસ્તાવો કરે છે, તથા તેની પવિત્ર સુવાર્તા પર નિષ્કપટ વિશ્વાસ રાખે છે, તે બધાંને તે ક્ષમા તથા મોચન આપે છે. માટે તે આપણામાં ખરો પસ્તાવો ઉત્પન્ન કરે, તથા પોતાનો પવિત્ર આત્મા આપણને આપે, એવી આપણે તેની વિનંતી કરીએ, કે જે કામ આપણે હમણાં કરીએ છીએ, તે તેને પસંદ પડે, ને આપણું બાકી રહેલું જીવન શુદ્ધ તથા પવિત્ર થાય, કે છેવટે આપણે તેના સદાકાળના આનંદમાં પહોંચીએ, ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને આસરે. આમેન.

¶ अही अने बीजी सघळी प्रार्थनाओने अंते लोक 'आमेन' एवो उत्तर आपे.

¶ पछी लोक घुटण टेकी रहे, अने सेवक पण घुंटण टेकीने, सभळाय एवा सादथी, प्रभुनी प्रार्थना वांचे; अने पवित्र सेवामां ज्यां ज्यां आ प्रार्थना आवे, त्यां मडळी तेनी साथे साथे बोले.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર; કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

¶ पछी आ पण कहे,

હે પ્રભુ, તું અમારા હોઠ ઉઘાડ.

ઉત્તર. તો અમારૂં મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે.

પ્રીસ્ટ. હે દેવ, અમને તારવા સારૂ ઉતાવળ કર.

ઉત્તર. હે પ્રભુ, ઉતાવળે અમારી સહાય કર.

¶ अही बधां उभां थाय, अने प्रीस्ट कहे,

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

ઉત્તર. જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

પ્રીસ્ટ. પ્રભુની સ્તુતિ કરો.

ઉત્તર. પ્રભુના નામની સ્તુતિ થાઓ.

¶ पछी आ नीचेनु स्तोत्र वचाय अथवा गवाय; परतु पुनरूत्थानना पर्व पर नहि, ते पर्वने सारु बीजुं स्तोत्र ठरावेलुं छे; तेमज दरेक मासने ओगणीसमे दिवसे, स्तोत्रोना अनुक्रममा वंचाय छे, माटे ते दिवसे एने अही मुकी देवु.

સ્તોત્ર ૯૫.

આવો, આપણે યહોવાહની આગળ ગાઇએ, આપણા તારણના ખડકની આગળ હર્ષનાદ કરીએ.

ઉપકારસ્તુતિ સાથે તેની હજુરમાં આવીએ, ને ગીતોથી તેની આગળ હર્ષનાદ કરીએ.

કેમકે યહોવાહ તે મોટો દેવ, ને સર્વ દેવો પર મોટો રાજા છે.

તેના હાથમાં પૃથ્વીનાં ઉંડાણો છે, પર્વતોનાં શિખરો પણ તેનાં છે.

સમુદ્ર તેનો છે, ને તેણે તે બનાવ્યો, ને તેના હાથોએ કોરી ભૂમી રચી.

આવો, ભજીએ તથા નમીએ, યહોવાહ આપણા કર્તાની આગળ ઘુંટણીએ પડીએ.

કેમકે તે આપણો દેવ છે, ને આપણે તેના ચારાના લોક તથા તેના હાથનાં ઘેટાં છીએ. આજ જો તમે તેની વાણી સાંભળો તો કેવું સારૂં!

જેમ મરીબાહમાં, જેમ અરણ્યમાં માસ્સાહને દિવસે, તેમ તમે તમારાં હ્રદયોને કઠણ ન કરો.

તે વેળાએ તમારા પિતૃઓએ મારૂં પરીક્ષણ કીધું, મને પારખ્યો તથા મારૂં કૃત્ય જોયું.

ચાળીસ વર્ષ સુધી હું તે પેઢીથી કંટાળો પામતો હતો, ને મેં કહ્યુ, તે હ્રદયમાં ભુલનાર લોક છે, ને તેઓએ મારા માર્ગો જાણ્યા નથી.

માટે મેં મારા ક્રોધમાં સમ ખાધા, કે તેઓ મારા વિશ્રામમાં પેસશે નહિ.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ ए पछी, गीतशास्त्रमांना स्तोत्र ठरावेला नियम प्रमाणे वंचाय अथवा गवाय; अने आखा वरसना दरेक स्तोत्रने अंते, तथा त्रण जुवानोना, झखार्योहना, पवित्र कुंवारी मरियमना, तथा शिमओनना गीतने अते, आ वाक्यो बोलाय अथवा गवाय.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

ઉત્તર. જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ पछी जो ते दिवसने माटे कोइ विशेष वाचनो ठरावेला न होय, तो पचांग प्रमाणे जुना करारमाथी पहेलु वाचन स्पष्ट तथा उचे सादे वंचाय; वांचनार एवी रीते उभो रहे के बधा लोको सारी रीते सांभळी शके. त्यार पछी आखुं वरस दररोज आ "ईश्वरस्तुति" नामनुं गीत गवाय अथवा वंचाय.

¶ जाणवु जोइए के, दरेक वाचन पहेलां सेवके एम कहेवुं जोइए के, फलाणा पुस्तकनो फलाणो अध्याय, फलाणा पदथी आरंभ थाय छे; अने दरेक वांचनने अते एम कहे के, अही पहेलु अथवा बीजुं वांचन पुरु थयुं.

ઈશ્વરસ્તુતિ.

હે દેવ, અમે તારી સ્તુતિ કરીએ છીએ; અમે તને પ્રભુ કરીને માનીએ છીએ.

આખી પૃથ્વી તુંજ અનંત પિતાને સેવે છે.

તને બધા દુતો, આકાશો, ને તેમાંની બધી શક્તિઓ મોટેથી પોકારે છે.

કરૂબીમ તથા સરાફીમ નિરંતર પોકારે છે કે,

પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોના પ્રભુ દેવ;

તારા મહિમાના પ્રતાપથી આકાશ તથા પૃથ્વી ભરેલી છે.

પ્રેરિતોનો મહિમાવાન સમાજ તારી સ્તુતિ કરે છે.

પ્રવક્તાઓનો માન્ય સમુદાય તારી સ્તુતિ કરે છે.

સાક્ષીઓનુ શ્વેત વસ્ત્ર સૈન્ય તારી સ્તુતિ કરે છે.

આખી પૃથ્વીમાં પવિત્ર કલીસીઆ તને માને છે,

કે તું પિતા અપાર પ્રતાપવાળો.

તારા પૂજ્યમાન, સત્ય, તથા એકલા પુત્રને;

ને પવિત્ર આત્મા, શાંતિદાતાને.

ઓ ખ્રીસ્ત, તુ મહિમાનો રાજા છે.

તું પિતાનો સનાતન પુત્ર છે.

જ્યારે માણુસોને છોડાવવાનું તેં માથે લીધુ, ત્યારે કુંવારીનું પેટ તેં તુચ્છકાર્યુ નહિ.

મોતના ડંખ પર વિજયી થઇને, બધા વિશ્વાસીઓને સારૂ આકાશનું રાજ્ય તેં ઉઘાડી દીધુ.

તું દેવને જમણે હાથે, પિતાના મહિમામાં બેઠો છે.

અમને વિશ્વાસ છે, કે તું અમારો ન્યાયાધીશ થઇને આવનારો છે,

માટે અમે તને વિનંતી કરીએ છીએ, કે તારા જે દાસોને તેં તારા મૂલ્યવાન લોહીથી છોડાવ્યા છે, તેમની સહાય કર.

તારા અનંત મહિમામાં, તારા પવિત્રોની સાથે તેઓની ગણત્રી કર.

ઓ પ્રભુ, તારા લોકોની રક્ષા કર, અને તારા વારસાને આશીર્વાદ આપ.

તેઓ પર રાજ્ય કર, અને સર્વદા તેઓની ઉન્નતિ કર.

દિન પ્રતિદિન અમે તને મોટો માનીએ છીએ,

અને તારા નામની સેવા, સદાકાળ યુગાનયુગ કરીએ છીએ.

ઓ પ્રભુ, દયા કરીને, આજનો દિવસ પાપથી અમારી રક્ષા કર.

ઓ પ્રભુ, અમ પર દયા કર. અમ પર દયા કર.

ઓ પ્રભુ, તારી દયા અમ પર ઉતાર, કેમકે અમારી આશા તારા ઉપર છે.

ઓ પ્રભુ, તારા ઉપર મેં આશા રાખી છે, મને કદી લજ્જિત થવા ન દે.

¶ अथवा आ गीत.

ત્રણ જુવાનોનું ગીત.

હે પ્રભુનાં સર્વ કામો, તમે પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે પ્રભુના દૂતો, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે આકાશો, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે અંતરાળ ઉપરનાં જળો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે પ્રભુની સર્વ શક્તિઓ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે સૂર્ય તથા ચંદ્ર, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે આકાશના તારાઓ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે ઝાપટાં તથા ઓસ, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે દેવના વાયુઓ, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે અગ્નિ તથા ઉષ્ણતા, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે શિયાળા તથા ઉન્હાળા, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે ઝાકળ તથા ઠાર, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે શીત તથા ટાઢ, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે બરફ તથા હીમ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે રાત્રિઓ તથા દિવસો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે અજવાળા તથા અંધારા, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે વિજળીઓ તથા મેઘો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

પૃથ્વી પ્રભુનો ધન્યવાદ કરે; તેને સ્તવે, ને સર્વકાળ મોટો માને.

હે પર્વતો તથા ડુંગરો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે પૃથ્વીની સર્વ વનસ્પતિઓ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો

હે ઝરણો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે સમુદ્રો તથા રેલો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે મહામત્સ્ય તથા સર્વ જળચરો, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે સર્વ આકાશનાં પક્ષીઓ, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે સર્વ વનપશુઓ, તથા ગ્રામપશુઓ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે માનવપુત્રો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

ઇસ્રાએલ પ્રભુનો ધન્યવાદ કરે, તેને સ્તવે, ને સર્વકાળ મોટો માને

હે પ્રભુના યાજકો, પ્રભુનો ધન્યવાદ કરો; તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે પ્રભુના સેવકો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો

હે ન્યાયીઓના આત્માઓ તથા જીવો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો. ને સર્વકાળ મોટો માનો

હે પવિત્ર તથા નમ્ર હૃદયના લોકો, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

હે હનાન્યાહ, અઝાર્યાહ, તથા મિશાએલ, પ્રભુનો ધન્યવાદ કરો, તેને સ્તવો, ને સર્વકાળ મોટો માનો.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ પછી આગળ જણાવ્યા પ્રમાણે, નવા કરારમાંથી બીજુ વાંચન વચાય. ત્યાર પછી નીચેનુ ગીત; પણ જો તે દિવસના વાંચનમાં અથવા પવિત્ર યોહાન બાપ્તિસ્મીના દિવસની સુવાર્તામાં એ આવે તો અહીં મુકી દેવુ.

ઝખાર્યાહનું ગીત.

લુક ૧, ૬૮.

ઇસ્રાએલનો દેવ પ્રભુ સ્તુતિવાન થાઓ, કેમકે તેણે પોતાના લોકની મુલાકાત લઇને તેઓનો ઉદ્ધાર કીધો છે.

અને તેણે જગતના આરંભથી થતા આવેલા પવિત્ર ભવિષ્યવાદીઓના મ્હોથી કહ્યું હતુ તે પ્રમાણે,

તેણે પોતાના સેવક દાઉદના કુળમાં આપણને સારૂ તારણનું શિંગ ઉભું કીધુ છે,

એટલે આપણા શત્રુઓથી તથા આપણા પર દ્વેષ રાખનારા સર્વના હાથમાંથી તારણ,

એ સારૂ કે તે આપણા બાપદાદાઓ પ્રત્યે દયા દેખાડે, તથા પોતાનો પવિત્ર કરાર સંભારે,

એટલે તેણે આપણા બાપ ઇબ્રાહીમની સાથે જે સમ ખાધા તે,

એ માટે કે તે આપણે સારૂ એવુ કરે કે, આપણે પોતાના શત્રુઓના હાથમાંથી છુટકો પામીને, નિર્ભયતાથી આપણા આખા આયુષ્યભર તેની આગળ

શુદ્ધતાથી તથા ન્યાયીપણાથી તેની સેવા કરીએ.

અને, ઓ છોકરા, તુ પરાત્પરનો ભવિષ્યવાદી કહેવાશે. કેમકે તું પ્રભુની આગળ ચાલશે, એ માટે કે તું પ્રભુના માર્ગો તૈયાર કરે,

તથા તેના લોકનાં પાપની માફી મળવાથી જે તારણ, તેનું જ્ઞાન તું તેઓને આપે.

અને આ માફી આપણા દેવની ઘણી દયાને લીધે થાય છે, જેણે કરીને અરૂણોદય ઉપરથી આપણા પર આવ્યો છે,

એ માટે કે અંધારામાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલા, તેઓને તે પ્રકાશ પમાડે, તથા આપણા પગને શાંતિના માર્ગમાં દોરી જાય.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ अथवा आ स्तोत्र.

સ્તોત્ર ૧૦૦.

રે સઘળા દેશો, યહોવાહ આગળ જયજયકાર કરો,

આનંદથી યહોવાહની સેવા કરો, ગાતાં ગાતાં તેની આગળ આવો.

યહોવાહ તેજ દેવ છે, એમ તમે જાણો, તેણે આપણને ઉત્પન્ન કીધાં છે, અને આપણે તેનાંજ છીએ, આપણે તેના લોક તથા તેના ચારાનાં મેઢાં છીએ.

આભાર માનતા તેની ભાગળોમાં, ને સ્તવન કરતાં તેનાં આંગણામા આવો; તેનો ઉપકાર માની તેના નામને ધન્ય કહો.

કેમકે યહોવાહ ઉત્તમ છે, તેની કૃપા સદા સર્વકાળ સુધી, ને તેની સત્યતા પેઢી દર પેઢી ટકી રહે છે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ पछी जे दिवसोमां पवित्र अथेनस्यनु विश्वासनामु वांचवानु ठरावेलु होय, ते दिवसो वगर, रोज प्रेरितोनुं विश्वासनामु सेवक तथा मंडळी उभी थइने गाय अथवा बोले.

સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર હુ વિશ્વાસ કરૂ છું.

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકનોએક પુત્ર અમારો પ્રભુ, તે પર હુ વિશ્વાસ કરૂ છું. તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી, કુંવારી મરિયમથી જન્મ્યો, તેણે પતિયસ પીલાતના અધિકાર તળે દુઃખ વેઠયુ, ને ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદૃષ્ય લોકમાં ઉતરી ગયો, તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠયો, ને આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા પર હુ વિશ્વાસ કરૂં છુ. પવિત્ર કાથોલીક કલીસીઆ, પવિત્રોની સંગત, પાપોની માફી; શરીરનુ પુનરૂત્થાન, અને સર્વકાળનુ જીવન, એ વાતો પર હુ વિશ્વાસ કરૂ છું. આમેન.

¶ पछी बधां भक्तिभावथी घुटणे पडे, ने आ नीचेनी प्रार्थनाओ वंचाय, परंतु सेवक पहेलां मोटे सादे एम बोले,

પ્રભુ તમારી સાથે રહો.

ઉત્તર. અને તારા આત્માની સાથે પણ રહો.

સેવક. આપણે પ્રાર્થના કરીએ.
પ્રભુ, અમારા પર દયા કર.
ખ્રીસ્ત, અમારા પર દયા કર.
પ્રભુ, અમારા પર દયા કર.

¶ पछी सेवके, सहायकारीओए, तथा मंडळीए मोटे सादे प्रभुनी प्रार्थना बोलवी.

એ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

¶ पछी प्रीस्ट उभो थइने बोले,

હે પ્રભુ, તારી દયા અમારા ઉપર પ્રગટ કર;

ઉત્તર. અને તારૂં તારણ અમને આપ.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, મહારાજાનુ તારણ કર.

ઉત્તર. અને જ્યારે અમે તારી પ્રાર્થના કરીએ, ત્યારે દયા કરીને અમારૂં સાંભળ.

પ્રીસ્ટ. તું તારા સેવકોને ન્યાયીપણાનાં વસ્ત્ર પહેરાવ.

ઉત્તર. અને તારા નિવડેલા લોકોને આનંદિત કર.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, તારા લોકોને તાર.

ઉત્તર. અને તારા વારસાને આશીર્વાદ દે.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારા વખતમાં શાંતિ રાખ.

ઉત્તર. કેમકે ઓ દેવ, તુંજ વિના અમારે માટે બીજો કોઇ લડનાર નથી.

પ્રીસ્ટ. ઓ દેવ, તુ અમારાં મન શુદ્ધ કર.

ઉત્તર. અને તારો પવિત્ર આત્મા અમારી પાસેથી લઇ ન લે.

¶ ए पछी सर्वे घुटण टेकी रहे, अने त्रण सारप्रार्थनाओ वचाय; पहेली ते दिवसनी, जे सगतनी पद्धतिमां ठरावेली होय ते; बीजी शातिने माटे; अने त्रीजी सारी चाल चालवानी कृपाने माटे. आ छेल्ली बे सारप्रार्थनाओ कदी बदलाय नहि; परंतु आखा वर्ष सुधी सवारनी प्रार्थनामा नीचे लख्या प्रमाणे वंचाय.

બીજી સારપ્રાર્થના, શાંતિને માટે.

હે દેવ, તું શાંતિનો કર્તા તથા મેળાપનો ચાહનાર છે, તને જાણવો એજ અનંતજીવન છે, તારી સેવા ખરી સ્વતંત્રતા છે; તું અમારા વૈરીઓની બધી ચઢાઇઓથી અમ તારા નમ્ર સેવકોનુ રક્ષણ કર; કે અમે તારી રક્ષા ઉપર પૂરો ભરોસો રાખીને, કોઇ પણ વૈરીના બળથી ડરીએ નહિ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના સામર્થ્યને લીધે. આમેન.

ત્રીજી સારપ્રાર્થના, કૃપાને માટે.

હે પ્રભુ, અમારા આકાશમાંના બાપ, સર્વસમર્થ તથા સનાતન દેવ, તે

આજની સવાર સુધી અમને સાજાં સમાં રાખ્યાં છે; તું તારા મહા બળથી આખો દિવસ અમારૂં રક્ષણ કર; અને આજ અમે કોઇ પણ પાપમાં અથવા સંકટમાં પડીએ નહિ; પણ અમારાં બધાં કામો તારા અધિકાર વડે ચાલે એવું તું કર, કે જેથી કરીને તારી નજરમાં જે સારૂં હોય તેજ અમે સર્વદા કરતા રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ क्वायरमां अने ज्यां गीत गवातां होय त्यां, हवे गीत गावानो वखत छे.

¶ पछी आ नीचेनी पांच प्रार्थनाओ वंचाय, पण जो लितनी वांचवानी होय तो एमांथी मात्र छेल्ली बेज जेम त्यां राखेली छे तेम वंचाय.

શ્રીમાન્ય મહારાજાને માટે પ્રાર્થના.

હે પ્રભુ, અમારા આકાશમાંના પિતા, પરાત્પર તથા સમર્થ, રાજાઓના રાજા, પ્રભુઓના પ્રભુ, તું અધિપતિઓનો એકલો સત્તાધારી છે, તું તારા રાજ્યાસન પરથી પૃથ્વીના બધા રહેનારાઓને જુએ છે; અમે તને પૂરા અંત:કરણથી વિનવીએ છીએ કે, અમારા પરમકૃપાવંત શ્રેષ્ઠ સ્વામી મહારાજા જ્યોર્જ, કૈસરે હિન્દ ઉપર તારી દયાની નજર કર; અને તે સદા તારી ઇચ્છા ઉપર પોતાનું ચિત્ત રાખે, તથા તારા માર્ગમાં ચાલે, માટે તું તારા પવિત્ર આત્માની કૃપા તેને આપ; તેને આકાશી દાનોથી ભરપૂર કર, તેને ક્ષેમકુશળ કરીને તેનું આયુષ્ય વધાર, તેને એવું સામર્થ્ય આપ, કે તે પોતાના બધા શત્રુઓ પર જય પામીને તેમને વશ કરે; અને છેવટે આ જીવન પછી, સદાકાળનો આનંદ તથા હર્ષ મેળવે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના આસરાથી. આમેન.

રાજેશ્રી કુટુંબને માટે પ્રાર્થના.

હે સર્વસમર્થ દેવ, બધા સારાપણાના ઝરણુ, અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમારાં કૃપાવંત મહારાણી મેરી, તથા રાજ્યમાતા આલેકઝાંડ્રા, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ, અને આખા રાજ્યકુટુંબને તારો આશીર્વાદ આપ; તેમને તારા પવિત્ર આત્માથી ભર; તેમને તારી આકાશી કૃપાથી ધનવાન કર; તેમને સર્વ પ્રકારનું સુખ દઇને સફળ કર; અને તેમને તારા સનાતન રાજ્યમાં પહોંચાડ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ अथवा उपली बेना बदलामां आ, जे हिंदुस्थानमां वापरवा सारु ठरावेली छे.

મહારાજા, રાજેશ્રી કુટુંબ, પાર્લમેન્ટ અને હિંદુસ્થાનની સરકારને માટે પ્રાર્થના.

સર્વશક્તિમાન અને અતિ કૃપાળુ દેવ બાપ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, આ દેશના કૈસર, અમારા શ્રેષ્ઠ

સ્વામી મહારાજા જ્યોર્જ પર, અમારાં કૃપાળુ મહારાણી મેરી, રાજ્યમાતા આલેકઝાંડ્રા, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ્ વેલ્સ, અને આખા રાજ્યકુટુબ પર, વળી પાર્લમેંટની વડી સભા પર, અને આ હિંદુસ્થાનના વાયસરાય, ગવર્નરો, જજ્જો, અને અમારા મહારાજા તરફથી જે બધા અધિકારીઓ છે, તેમના પર તું દયા કર, કે તેઓ બધી વાતોનો બંદોબસ્ત, એવા ડહાપણથી, ન્યાયીપણાથી અને દયા સાથે કરે, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા, અને તારી કલીસીઆ તથા લોકોનું ભલુ થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

દેશી રજવાડાના રાજાએ માટે પ્રાર્થના.

આ હિંદુસ્થાનના દેશી રજવાડાઓમાં વાપરવા સારુ ઠરાવેલી છે.

સર્વશક્તિમાન અને સનાતન દેવ, અમે તારા પવિત્ર વચન પરથી શિખીએ છીએ કે, રાજાઓનાં મન તારા હાથમાં છે, અને તારા દિવ્ય જ્ઞાન પ્રમાણે તને જેમ સારૂં લાગે છે, તેમ તું તેઓનાં મનને ફેરવે છે. અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમારા મહારાજા... ને આશીર્વાદ આપ, અને તેના બધા રાજકારભારમાં તેની મદદ કર કે, તેના અમલ તળે તારા લોકો શાંતપણામાં અને ભક્તિભાવમાં રહી શકે; અને એવું કર કે, અમે તથા તેની બધી પ્રજા, એવું જાણીને કે તેને આ અધિકાર તારા તરફથી મળ્યો છે, તારા પવિત્ર વચન અને હુકમ પ્રમાણે, વિશ્વાસુપણાથી તેને માન આપીએ, અને નમ્રતાથી તેના તાબામાં રહીએ; આ અમે અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામથી માગીએ છીએ. આમેન.

પાદરીએ તથા લોકોને સારૂ પ્રાર્થના.

સર્વશક્તિમાન તથા સનાતન દેવ, કેવળ તુંજ મોટાં અદ્ભુત કામો કરે છે, અમારા બિશપો તથા પાળકો ઉપર, તથા જે બધી મંડળીઓ તેઓને સોંપાએલી છે, તેમના ઉપર તારી કૃપાનો આરોગ્યકારક આત્મા ઉતાર; તથા તેઓ તને ખરેખાત સંતોષી કરે, માટે તેમના પર તારા આશીર્વાદનો ઓસ નિરંતર વરસાવ. ઓ પ્રભુ, અમારા પક્ષવાદી તથા મધ્યસ્થ ઇસુ ખ્રીસ્તના માનને માટે તું એવું કર. આમેન.

પવિત્ર ખ્રુસોસ્તમની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં અમારા પર એવી કૃપા કીધી છે કે, અમે આ વખતે એક મતના થઇને તારી આગળ અમારી સાધારણ વિનંતીઓ કીધી છે; અને તે વચન આપ્યું છે કે, જ્યારે બે અથવા ત્રણ તારે નામે એકઠાં થાય, ત્યારે તું તેમની વિનંતીઓ પ્રમાણે આપીશ; માટે ઓ પ્રભુ, હમણાં તારા સેવકોનું જેમ ઉત્તમ રીતે ભલું થાય,

તેમ તેમનાં મનની આશાઓ તથા વિનંતીઓને પૂર્ણ કર ; અને અમને આ લોકમાં તારા સત્યનું જ્ઞાન, તથા પરલોકમાં સર્વકાળનુ જીવન મળે, એવુ તું કર. આમેન.

૨ કરીંથી. ૧૩ ; ૧૪.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતિ, તથા પવિત્ર આત્માની સંગત, આપણ સર્વની સાથે સર્વકાળ સુધી થાઓ. આમેન.

અહીં સવારની પ્રાર્થનાની પદ્ધતિ આખા વરસને માટે સમાપ્ત થઇ.

સાંજની પ્રાર્થનાપદ્ધતિ,

વરસના બધા દિવસો માટે.

¶ सांजनी प्रार्थनाना आरभमां, सेवके आ नीचेनां वाक्योमांथी एक अथवा वधारे मोटे सादे वांचवा. अने पछी तेमनी आगळ जे आवे छे ते वांचवु.

જો દુષ્ટ માણસ પોતે કીધેલી દુષ્ટતાથી પાછો ફરીને નીતિસંપન્ન તથા યથાર્થ કામો કરે, તો તે પોતાનો જીવ બચાવશે. હઝકી. ૧૮; ૨૭.

હું મારાં ઉલ્લંઘન જાણું છુ, ને મારૂ પાપ નિત્ય મારી આગળ છે. ગીત. ૫૧, ૩.

મારાં પાપ તરફ નજર ન કર, ને મારા સર્વ અન્યાય ભુંસી નાખ. ગીત. ૫૧; ૯.

ઈશ્વરના યજ્ઞો તો રાંક મન છે, હે ઈશ્વર, તું રાંક અને નમ્ર હ્રદયને ધિક્કારીશ નહિ. ગીત. ૫૧; ૧૭.

તમારાં વસ્ત્રો નહિ પણ તમારાં હ્રદયો ફાડો, ને તમારા દેવ યહોવાહ પાસે પાછા આવો; કેમકે તે કૃપાળુ તથા પૂર્ણ કરૂણાળુ, કોપ કરવે ધીમો તથા પુષ્કળ દયાળુ છે, ને વિપત્તિને માટે તેને પશ્ચાત્તાપ થાય છે. યોએલ ૨; ૧૩.

દયા તથા ક્ષમા અમારા દેવ પ્રભુની છે, કેમકે અમે તેની વિરૂદ્ધ દંગો કીધો છે, અને યહોવાહ અમારા દેવની વાણીને ન માનતાં તેના નિયમો જે તેણે પોતાના સેવક ભવિષ્યવાદીઓની હસ્તક અમારી આગળ મુકયા તેમાં અમે ચાલ્યા નથી. દાની. ૯; ૯, ૧૦.

હે યહોવાહ, કેવળ ન્યાયે મને શિક્ષા કર, ક્રોધથી નહિ, રખે તું મને નાબૂદ કરે. યિર્મેયાહ ૧૦, ૨૪. ગીત. ૬; ૧.

પસ્તાવો કરો; કેમકે આકાશનુ રાજ્ય પાસે આવ્યું છે. માત્થી ૩; ૨.

હુ ઉઠીને મારા બાપની પાસે જઇશ, ને તેને કહીશ કે, બાપ, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કીધુ છે; હવે હુ તારો દીકરો કહેવાવા યોગ્ય નથી. લુક ૧૫; ૧૮, ૧૯.

તારા સેવકની સાથે ન્યાયની રૂએ ન વર્ત, કેમકે તારી નજરમાં કોઈ સજીવ માણસ ન્યાયી ઠરશે નહિ. ગીત. ૧૪૩; ૨.

જો આપણે કહીએ કે, આપણને પાપ નથી, તો આપણે પોતાને ભુલા-

વીએ છીએ, ને આપણામાં સત્ય નથી. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવા તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. ૧ યોહાન ૧; ૮, ૯.

વહાલા ભાઇઓ, શાસ્ત્ર અનેક જગ્યામાં આપણને ઉત્તેજન આપે છે કે, આપણે પોતાનાં અનેક પ્રકારનાં પાપ તથા ભુંડાઇને કબૂલીને માની લઇએ; અને સર્વશક્તિમાન દેવ જે આપણો આકાશવાસી બાપ છે, તેની આગળ ઢોંગ કરીને તેમને સંતાડીએ નહિ; પણ નમ્ર, દીન, પસ્તાવિક તથા આજ્ઞાધારી મનથી તેમને માની લઈએ; કે જેથી તેની અનંત કૃપા તથા દયા વડે આપણને તેમની માફી મળે. અને જો કે બધે વખતે આપણે નમ્રતાથી દેવ આગળ આપણાં પાપો માની લેવાં જોઇએ, તોપણ તેના હાથથી જે મોટા મોટા લાભ આપણને થયા છે, તેમને સારૂ તેના ઉપકાર માનવાને, તેની પરમ-યોગ્ય સ્તુતિ કરવાને, તેનું પરમ પવિત્ર વચન સાંભળવાને, અને જે વસ્તુઓ દેહ તથા આત્માને માટે જોઇએ તે માગવાને, આપણે ભેગાં થઇએ છીએ, ત્યારે આપણાં પાપ માની લેવાં, એ વિશેષ યોગ્ય છે. તે માટે તમે જેટલાં અહીં છો, તે સર્વને હું વિનંતી કરૂં છું કે, તમે મારી સાથે શુદ્ધ મન અને નમ્ર વાણીથી, આકાશી કૃપાના આસનની આગળ આવીને, મારી પાછળ પાછળ બોલો.

¶ **सामान्य कबूलत; आखी मडळी घुटण टेकीने, सेवकनी पाछळ बोले.**

હે સર્વશક્તિમાન તથા મહાદયાળુ બાપ, અમે પાપ કીધુ છે; અને ભુલાં પડેલાં ઘેટાંની પેઠે, તારા માર્ગોથી ભટકી ગયાં છીએ. અમે અમારા મનના વિચારો, અને ઇચ્છાઓ પાછળ ઘણું ચાલ્યાં છીએ. અમે તારા પવિત્ર નિયમો તોડ્યા છે. અમારે જે કરવું જોઇતું હતું, તે અમે કીધુ નથી; પણ જે કરવું જોઇતું ન હતું, તે અમે કીધુ છે; તથા અમારામાં કંઈ સાજાપણુ નથી; પણ હે પ્રભુ, અમ દીન પાપીઓ પર દયા કર. હે દેવ, જેઓ પોતાનાં પાપ માની લે છે, તેઓને છોડી દે. જેઓ પસ્તાવો કરે છે તેઓને, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તમાં જે વચનો તે માણસજાતને આપેલાં છે, તે પ્રમાણે સાજાં કર. અને, હે મહાદયાળુ બાપ, તેને લીધે તું એવુ કર કે, હવે પછી અમે ભક્તિથી, ન્યાયીપણાથી, અને બુદ્ધિથી જીવન કાઢીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય. આમેન.

¶ **पापमोचन, अथवा पापोनी माफी मात्र प्रीस्ट उभो थइने सभळावे, अने मडळी एमनेएम घुंटण टेकी रहे.**

સર્વશક્તિમાન દેવ, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો બાપ, કોઇ પાપીનું મરણ થાય એવું ચાહતો નથી, પરંતુ એમ ચાહે છે કે, તે પોતાની ભુંડાઇથી પાછો ફરીને જીવતો રહે; અને તેના જે લોકો

પસ્તાવો કરે છે, તેમને તેમનાં પાપોનું મોચન તથા માફી પ્રગટ કરવાને તથા સંભળાવવાને, તેણે પોતાના સેવકોને અધિકાર તથા આજ્ઞા આપી છે, જેઓ ખરો પસ્તાવો કરે છે, તથા તેની પવિત્ર સુવાર્તા પર નિષ્કપટ વિશ્વાસ રાખે છે, તે બધાંને તે ક્ષમા તથા મોચન આપે છે. માટે તે આપણામાં ખરો પસ્તાવો ઉત્પન્ન કરે, તથા પોતાનો પવિત્ર આત્મા આપણને આપે, એવી આપણે તેની વિનંતી કરીએ, કે જે કામ આપણે હમણાં કરીએ છીએ, તે તેને પસંદ પડે; ને આપણું બાકી રહેલુ જીવન શુદ્ધ તથા પવિત્ર થાય; કે છેવટે આપણે તેના સદાકાળના આનંદમાં પહોંચીએ, ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને આસરે. આમેન.

¶ पछी सेवक घुंटण टेकीने प्रभुनी प्रार्थना बोले, अने लोक पण घुंटण टेकीने तेनी साथे साथे बोले.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર; કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

¶ पछी आ पण कहे,

હે પ્રભુ, તું અમારા હોઠ ઉઘાડ.

ઉત્તર. તો અમારૂં મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે.

પ્રીસ્ટ. હે દેવ, અમને તારવા સારૂ ઉતાવળ કર.

ઉત્તર. હે પ્રભુ, ઉતાવળે અમારી સહાય કર.

¶ अही बधां उभां थाय, अने प्रीस्ट कहे,

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

ઉત્તર. જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

પ્રીસ્ટ. પ્રભુની સ્તુતિ કરો.

ઉત્તર. પ્રભુના નામની સ્તુતિ થાઓ.

¶ ए पछी ठरावेला नियम प्रमाणेनां स्तोत्रो गवाय अथवा वंचाय. पछी जुना करारमांनुं ठरावेलुं वांचन वचाय. अने त्यार पछी आ धन्य कुंवारी मरियमनु गीत.

ધન્ય કુંવારી મરિયમનું ગીત.

પ. લુક. ૧; ૪૬.

મારો જીવ પ્રભુને મોટો માને છે, અને દેવ મારા તારનારમાં મારો આત્મા હરખાયો છે,

કારણ કે તેણે પોતાની દાસીની દીનાવસ્થા પર દૃષ્ટિ કીધી છે; કેમકે, જો, હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે.

કેમકે પરાક્રમીએ મારે સારૂ મોટાં કામ કીધાં છે, ને તેનું નામ પવિત્ર છે.

અને જેઓ તેનું ભય રાખે છે, તેઓ પર પેઢી દર પેઢી તેની દયા રહે છે.

તેણે પોતાને ભુજે બળ દેખાડયું છે, ને ગર્વિષ્ઠોને તેઓનાં હૃદયની કલ્પનામાં વેરી નાખ્યા છે.

તેણે સરદારોને રાજ્યાસન પરથી ઉતારી નાખ્યા છે, ને દીન જનોને તેણે ઉંચા કીધા છે.

તેણે ભુખ્યાંઓને સારાં વાનાંથી તૃપ્ત કીધાં છે, ને શ્રીમંતોને ખાલી હાથે પાછા કાઢયા છે.

આપણા બાપદાદાઓને, તેના કહ્યા પ્રમાણે, ઇબ્રાહીમ પર તથા તેના વંશ પર

સદા દયા કરવાનું સંભારીને, તેણે પોતાના સેવક ઇસ્રાએલને સહાય કીધી.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

॥ अथवा आ स्तोत्र; पण महिनानी ओगणीसमी तारीखे एने छोडी देवु, केमके ते दिवसनां ठरावेलां स्तोत्रना अनुक्रममां ए आवे छे.

સ્તોત્ર ૯૮.

યહોવાહની આગળ નવું ગીત ગાઓ, કેમકે તેણે આશ્ચર્યકારક કૃત્યો કીધાં છે; તેના જમણા હાથે તથા તેના પવિત્ર ભુજે તેને સારૂ તારણ કરાવ્યું છે.

યહોવાહે પોતાનું તારણ જણાવ્યું છે; તેણે પોતાનું ન્યાયીપણું વિદેશીઓની દૃષ્ટિમાં પ્રગટ કીધું છે.

તેણે પોતાની કૃપા તથા વિશ્વાસુપણું ઇસ્રાએલના ઘરનાંની ભણી સંભાર્યું છે; પૃથ્વીની સર્વે સીમાઓએ આપણા દેવનું તારણ જોયું છે.

હે પૃથ્વીના સઘળા લોકો, યહોવાહ આગળ હર્ષનાદ કરો; ઉત્સાહ કરીને હર્ષનાં ગીત ગાઓ, હા, સ્તોત્રો ગાઓ.

વીણા સહિત, વીણા તથા ગાયનના સાદથી યહોવાહનાં સ્તોત્રો ગાઓ.

તુરી તથા રણશિંગડાના અવાજથી યહોવાહ રાજાની આગળ હર્ષનાદ કરો.

સમુદ્ર તથા તેનું ભરપૂરપણું, જગત તથા તેમાંના રહેવાસીઓ, ગાજે.

પ્રવાહો તાળી પાડે: પર્વતો યહોવાહની સન્મુખ એકત્ર હર્ષનાદ કરે;

કેમકે તે પૃથ્વીનો ન્યાય કરવાને આવે છે; તે ન્યાયીપણાએ જગતનો, ને યથાર્થપણાએ લોકોનો, ન્યાય કરશે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ.

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

॥ पछी नवा करारनुं ठरावेलुं वांचन वंचाय, अने ते पछी आ शिमओननु गीत वंचाय अथवा गवाय.

શિમઓનનું ગીત.

૫. લુક ૨; ૨૯.

ઓ સ્વામી, હવે તારા વચન પ્રમાણે તું તારા દાસને શાંતિએ જવા દે;

કેમકે મારી આંખોએ તારૂં તારણ દીઠું છે,

જેને સર્વ લોકની સન્મુખ તે સિદ્ધ કીધુ છે;

વિદેશીઓને પ્રકાશ આપવા સારૂ, તથા તારા ઇસ્રાએલી લોકોનો મહિમા થવા સારૂ તે અજવાળું છે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ अथवा आ स्तोत्र, महिनानी बारमी तारीख वगर.

સ્તોત્ર ૬૭.

ઇશ્વર અમારા પર કૃપા કરી અમને આશીર્વાદ દે, ને તેના મુખનો પ્રકાશ અમારા પર પાડે.

એ માટે કે તારો માર્ગ પૃથ્વી પર જણાય, ને તારૂં તારણ સર્વ દેશ-જાતિઓને પ્રગટ થાય.

હે ઇશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે, સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.

દેશજાતિઓ આનંદ કરે, ને હર્ખથી ગાય, કેમકે તું લોકોનો અદલ ઇનસાફ કરશે, ને પૃથ્વી પરની દેશજાતિઓ પર રાજ્ય કરશે.

હે ઇશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે; સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.

પૃથ્વીએ પોતાનું ફળ આપ્યું છે; દેવ, હા, આપણો દેવ, આપણને આશીર્વાદ આપશે.

દેવ આપણને આશીર્વાદ આપશે, ને પૃથ્વીની સર્વે સીમાઓ તેનાથી બિહીશે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ त्यार पछी प्रेरितोनु विश्वासनामु, सेवक अने मडळी बधां उभां थइने गाय अथवा बोले.

સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર હુ વિશ્વાસ કરૂં છું.

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકનોએક પુત્ર અમારો પ્રભુ, તે પર હું વિશ્વાસ કરૂ છું. તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી, કુંવારી મરિયમથી જન્મ્યો, તેણે પંતિયસ પીલાતના અધિ-કાર તળે દુખ વેઠ્યુ, તે ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદ્દશ્ય લોકમાં ઉતરી ગયો; તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠ્યો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા પર હું વિશ્વાસ કરૂં છું. પવિત્ર કાથોલીક કલીસીઆ; પવિ-ત્રોની સંગત, પાપોની માફી; શરીરનું

પુનરૂત્થાન, અને સર્વકાળનું જીવન; એ વાતો પર હું વિશ્વાસ કરૂં છું. આમેન.

ત્યા પછી બધાં ભક્તિભાવથી ઘુટણે પડે, ને આ નીચેની પ્રાર્થનાઓ વંચાય, પરંતુ સેવક પહેલાં મોટે સાદે એમ બોલે,

પ્રભુ તમારી સાથે રહો.

ઉત્તર. અને તારા આત્માની સાથે પણ રહો.

સેવક. આપણે પ્રાર્થના કરીએ.

પ્રભુ, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

ત્યા પછી સેવકે, સહાય્યકારીઓએ, તથા મંડળીએ મોટે સાદે પ્રભુની પ્રાર્થના બોલવી.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

ત્યા પછી પ્રીસ્ટ ઉભો થઇને બોલે,

હે પ્રભુ, તારી દયા અમારા ઉપર પ્રગટ કર;

ઉત્તર. અને તારૂં તારણ અમને આપ.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, મહારાજાનું તારણ કર.

ઉત્તર. અને જ્યારે અમે તારી પ્રાર્થના કરીએ, ત્યારે દયા કરીને અમારૂં સાંભળ.

પ્રીસ્ટ. તું તારા સેવકોને ન્યાયીપણાનાં વસ્ત્ર પહેરાવ.

ઉત્તર. અને તારા નિવડેલા લોકોને આનંદિત કર.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, તારા લોકોને તાર.

ઉત્તર. અને તારા વારસાને આશીર્વાદ દે.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારા વખતમાં શાંતિ રાખ.

ઉત્તર. કેમકે ઓ દેવ, તુંજ વિના અમારે માટે બીજો કોઇ લડનાર નથી.

પ્રીસ્ટ. ઓ દેવ, તું અમારાં મન શુદ્ધ કર.

ઉત્તર. અને તારો પવિત્ર આત્મા અમારી પાસેથી લઇ ન લે.

ત્યા એ પછી, ત્રણ સારપ્રાર્થનાઓ, પહેલી તે દિવસની; બીજી શાંતિને માટે; ત્રીજી બધાં સકટોથી બચવાને માટે, જેમ અહીંઆં છે તેમ વંચાય. આ છેલ્લી બે સારપ્રાર્થનાઓ કઇ પણ બદલાણ વિના સાંજની પ્રાર્થનામાં દરરોજ વંચાય.

સંધ્યાકાળની બીજી સારપ્રાર્થના.

હે દેવ, બધી પવિત્ર ઇચ્છાઓ, બધા ઉત્તમ વિચારો અને બધાં ન્યાયી કામો તારાથી થાય છે; જે શાંતિ જગત નથી આપી શકતું, તે તું તારા

દાસોને આપ; કે *તારી આજ્ઞાઓ પાળવા ઉપર અમારાં મન લાગી રહે, અને અમારા શત્રુઓના ભયમાંથી રક્ષણ પામીને અમે વિશ્રાંતિ તથા શાંતિમાં અમારો વખત કાઢીએ; અમારા ત્રાતા ઇસુ ખ્રીસ્તના પુણ્યને લીધે એ માગીએ છીએ. આમેન.

ત્રીજી સારપ્રાર્થના, બધાં સંકટોથી રક્ષણ પામવા માટે.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમારા અંધકારને પ્રકાશ કરી નાખ; અને તારી ઘણી દયાથી આ રાતનાં બધાં સંકટ તથા ભયમાંથી અમારૂં રક્ષણ કર; તારા એકનાએક પુત્ર, અમારા તારનાર, ઇસુ ખ્રીસ્તના પ્રેમને માટે. આમેન.

¶ क्वायरमां अने ज्यां गीत गवातां होय त्यां, हवे गीत गावानो वखत छे.

શ્રીમાન્ય મહારાજાને માટે પ્રાર્થના.

હે પ્રભુ, અમારા આકાશમાંના પિતા, પરાત્પર તથા સમર્થ, રાજાઓના રાજા, પ્રભુઓના પ્રભુ, તું અધિપતિઓનો એકલો સત્તાધારી છે, તું તારા રાજ્યાસન પરથી પૃથ્વીના બધા રહેનારાઓને જુએ છે; અમે તને પૂરા અંતઃકરણથી વિનવીએ છીએ કે, અમારા પરમકૃપાવંત શ્રેષ્ઠ સ્વામી મહારાજા જ્યોર્જ, કૈસરે હિંદ ઉપર તારી દયાની નજર કર; અને તે સદા તારી ઇચ્છા ઉપર પોતાનું ચિત્ત રાખે, તથા તારા માર્ગમાં ચાલે, માટે તું તારા પવિત્ર આત્માની કૃપા તેને આપ; તેને આકાશી દાનોથી ભરપૂર કર; તેને ક્ષેમ કુશળ કરીને તેનું આયુષ્ય વધાર; તેને એવું સામર્થ્ય આપ, કે તે પોતાના બધા શત્રુઓ પર જય પામીને તેમને વશ કરે; અને છેવટે આ જીવન પછી સદાકાળનો આનંદ તથા હર્ષ મેળવે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના આસરાથી. આમેન.

રાજેશ્રી કુટુંબને માટે પ્રાર્થના.

હે સર્વસમર્થ દેવ, બધા સારાપણાના ઝરણ, અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમારાં કૃપાવંત મહારાણી મેરી, તથા રાજ્યમાતા આલેકઝાંડ્રા, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ, અને આખા રાજ્યકુટુંબને તારો આશીર્વાદ આપ; તેમને તારા પવિત્ર આત્માથી ભર; તેમને તારી આકાશી કૃપાથી ધનવાન કર; તેમને સર્વ પ્રકારનું સુખ દઇને સફળ કર; અને તેમને તારા સનાતન રાજ્યમાં પહોંચાડ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ अथवा उपली बेना बदलामां आ, जे हिंदुस्थानमां वापरवा सारु ठरावेली छे.

મહારાજા, રાજેશ્રી કુટુંબ, પાર્લમેન્ટ અને હિંદુસ્થાનની સરકારને માટે પ્રાર્થના.

સર્વશક્તિમાન અને અતિ કૃપાળુ દેવ બાપ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, આ દેશના કૈસર, અમારા શ્રેષ્ઠ

સ્વામી મહારાજા જ્યોર્જ પર, અમારાં કૃપાળુ મહારાણી મેરી, રાજ્યમાતા આલેકઝાંડ્રા, યુવરાજ એડવર્ડ, પ્રિન્સ ઓફ વેલ્સ, અને આખા રાજ્યકુટુંબ પર, વળી પાર્લમેન્ટની વડી સભા પર, અને આ હિંદુસ્થાનના વાયસરાય, ગવર્નરો, જજ્જો, અને અમારા મહારાજા તરફથી જે બધા અધિકારીઓ છે, તેમના પર તું દયા કર, કે તેઓ બધી વાતોનો બંદોબસ્ત, એવા ડહાપણથી, ન્યાયીપણાથી, અને દયા સાથે કરે, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા, અને તારી કલીસીઆ તથા લોકોનું ભલું થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

દેશી રજવાડાના રાજાઓ માટે પ્રાર્થના.

¶ આ हिंदुस्थानना देशी रजवाडाओमा वापरवा सारु ठरावेली छे.

સર્વશકિતમાન અને સનાતન દેવ, અમે તારા પવિત્ર વચન પરથી શિખીએ છીએ કે, રાજાઓનાં મન તારા હાથમાં છે, અને તારા દિવ્ય જ્ઞાન પ્રમાણે તને જેમ સારૂં લાગે છે, તેમ તું તેઓનાં મનને ફેરવે છે. અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમારા મહારાજા... ને આશીર્વાદ આપ, અને તેના બધા રાજકારભારમાં તેની મદદ કર કે, તેના અમલ તળે તારા લોકો શાંતપણામાં અને ભકિતભાવમાં રહી શકે; અને એવું કર કે, અમે તથા તેની બધી પ્રજા, એવું જાણીને કે તેને આ અધિકાર તારા તરફથી મળ્યો છે, તારા પવિત્ર વચન અને હુકમ પ્રમાણે વિશ્વાસુપણાથી તેને માન આપીએ, અને નમ્રતાથી તેના તાબામાં રહીએ, આ અમે અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામથી માગીએ છીએ. આમેન.

પાદરીઓ તથા લોકોને સારૂ પ્રાર્થના.

સર્વશક્તિમાન તથા સનાતન દેવ, કેવળ તુંજ મોટાં અદ્દ્ભુત કામો કરે છે, અમારા બિશપો તથા પાળકો ઉપર, તથા જે બધી મંડળીઓ તેઓને સોંપાએલી છે, તેમના ઉપર તારી કૃપાનો આરોગ્યકારક આત્મા ઉતાર; તથા તેઓ તને ખરેખાત સંતોષી કરે, માટે તેમના પર તારા આશીર્વાદનો ઓસ નિરંતર વરસાવ. ઓ પ્રભુ, અમારા પક્ષવાદી તથા મધ્યસ્થ ઇસુ ખ્રીસ્તના માનને માટે તું એવુ કર. આમેન.

પવિત્ર ખ્રુસોસ્તમની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં અમારા પર એવી કૃપા કીધી છે કે, અમે આ વખતે એક મતના થઇને, તારી આગળ અમારી સાધારણ વિનંતીઓ કીધી છે; અને તેં વચન આપ્યું છે કે, જ્યારે બે અથવા ત્રણ તારે નામે એકઠાં થાય, ત્યારે તું તેમની વિનંતીઓ પ્રમાણે આપીશ; માટે ઓ પ્રભુ, હમણાં તારા સેવકોનું જેમ ઉત્તમ રીતે ભલું થાય,

તેમ તેમનાં મનની આશાઓ તથા વિનંતીઓને પૂર્ણ કર, અને અમને આ લોકમાં તારા સત્યનું જ્ઞાન, તથા પરલોકમાં સર્વકાળનું જીવન મળે, એવું તું કર. આમેન.

૨ કરીંથી. ૧૩; ૧૪.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતિ, તથા પવિત્ર આત્માની સંગત, આપણ સર્વની સાથે સર્વકાળ સુધી થાઓ. આમેન.

અહીં સાંજની પ્રાર્થનાની પદ્ધતિ આખા વરસને માટે સમાપ્ત થઇ.

પવિત્ર અથનસ્યનું વિશ્વાસનામું.

¶ नाताल, एपिफनी, प. मात्थीअस, पुनरूत्थान, आकाशगमन, पेन्तेकोस्ट, प. योहान बाप्तिस्मी, प. याकूब, प. बारथलमी, प. मात्थी, प. सीमोन अने प. यहुदा, प. आंद्रया, तथा त्रयना रविवार, आ सघळां पर्वो पर प्रेरितोना विश्वासनामाना बदलामां सवारनी प्रार्थना वखते सेवक तथा मंडळी उभां थइने आ आपणा खीस्ती धर्मनु विश्वासनामुं, जे साधारण रीते पवित्र अथनस्यनुं विश्वासनामुं कहेवाय छे, ते गाय अथवा वांचे.

જે કોઇ તારણ ચાહે છે, તેને જરૂર છે કે, બધી વાતો કરતાં કાથોલીક વિશ્વાસને ઝાલી રાખે.

આ વિશ્વાસને જો કોઇ સંપૂર્ણ તથા શુદ્ધ ન રાખે, તો તે નિઃસંદેહ સદાકાળના નાશમાં જશે.

અને કાથોલીક વિશ્વાસ એ છે કે, આપણે એક દેવની સેવા ત્રયમાં તથા ત્રયની સેવા ઐકયતામાં કરીએ ;

વ્યક્તિઓને મિશ્રિત ન કરીએ, તેમજ તત્વના વિભાગ ન કરીએ.

કેમકે, પિતા ભિન્ન વ્યક્તિ, પુત્ર ભિન્ન વ્યકિત, તથા પવિત્ર આત્મા ભિન્ન વ્યક્તિ છે.

પરંતુ પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માનું દેવત્વ એકજ ; તેમનો મહિમા સરખો, તથા પ્રતાપ સમસનાતન છે.

જેવો પિતા છે, તેવોજ પુત્ર છે, અને તેવોજ પવિત્ર આત્મા છે.

પિતા સૃજાએલો નહિ, પુત્ર સૃજાએલો નહિ, તથા પવિત્ર આત્મા સૃજાએલો નહિ.

પિતા અસીમ, પુત્ર અસીમ, અને પવિત્ર આત્મા અસીમ.

પિતા સનાતન, પુત્ર સનાતન, અને પવિત્ર આત્મા સનાતન.

તોપણ ત્રણ સનાતન નહિ, પણ એકજ સનાતન.

એજ પ્રમાણે ત્રણ અસીમ નહિ, તેમજ ત્રણ અસૃષ્ટ નહિ, પણ અસૃષ્ટ એકજ, અને અસીમ એકજ.

એમજ પિતા સર્વસમર્થ, પુત્ર સર્વસમર્થ, અને પવિત્ર આત્મા સર્વસમર્થ.

તોપણ, ત્રણ સર્વસમર્થ નહિ, પણ એકજ સર્વસમર્થ.

માટે, પિતા દેવ છે, પુત્ર દેવ છે, તથા પવિત્ર આત્મા દેવ છે.

તોપણ ત્રણ દેવ નહિ, પણ એકજ દેવ છે.

તેમજ પિતા પ્રભુ, પુત્ર પ્રભુ, અને પવિત્ર આત્મા પ્રભુ છે.

તોપણ ત્રણ પ્રભુ નહિ, પણ એકજ પ્રભુ છે.

કેમકે જે રીતે; ખ્રીસ્તી સત્ય પ્રમાણે આપણને માનવું પડે છે કે, દરેક વ્યક્તિ પોતે દેવ તથા પ્રભુ છે;

તે રીતે, કાથોલીક ધર્મમાં, ત્રણ દેવ, અથવા ત્રણ પ્રભુ છે, એમ કહેવાનો આપણને નિષેધ કરેલો છે.

પિતા કોઇથી થયો નથી, તેમજ સૃષ્ટ નથી, અથવા જનિત નથી.

પુત્ર કેવળ પિતાથી છે, કૃત નહિ, અથવા સૃષ્ટ નહિ, પણ જનિત છે.

પવિત્ર આત્મા પિતા તથા પુત્રથી છે, કૃત નહિ, અથવા સૃષ્ટ નહિ, અથવા જનિત નહિ, પણ નિકળે છે.

માટે ત્રણ પિતાઓ નહિ, પણ એકજ પિતા છે; ત્રણ પુત્ર નહિ, પણ એકજ પુત્ર છે; ત્રણ પવિત્ર આત્મા નહિ, પણ એકજ પવિત્ર આત્મા છે.

અને આ ત્રયમાં કોઈ એક બીજાથી આગળ અથવા પાછળ નથી, અથવા કોઇ એક બીજાથી મોટો અથવા નાનો નથી;

પરંતુ સંપૂર્ણ ત્રણે વ્યાક્તિ સરખા રીતે સનાતન તથા સરખા રીતે સમાન છે.

માટે જેમ આગળ કહ્યુ છે તેમ, બધી વાતોમાં ઐકયતામાં ત્રય અને ત્રયમાં ઐકયતાની આરાધના કરવી જોઇએ.

માટે જો કોઈ તારણ પામવા ઇચ્છે, તો તેણે ત્રયના વિષયમાં એમજ માનવુ જોઇએ.

એ વિના સર્વકાળિક તારણને માટે એ અવશ્યનું છે, કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના દેહધારણ ઉપર ખરો વિશ્વાસ રાખે.

કેમકે યથાર્થ વિશ્વાસ આ છે કે, આપણે વિશ્વાસ તથા અંગીકાર કરીએ કે, આપણો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, દેવનો દીકરો, તે દેવ તથા માણસ છે.

પિતાના તત્વથી અકાળ જન્મિત તે દેવ છે; અને માતાના તત્વથી કાળમાં જન્મેલો તે માણસ છે.

સંપૂર્ણ દેવ, તથા સંપૂર્ણ માણસ, બુદ્ધિયુક્ત જીવ, તથા માનસિક શરીરથી થએલો;

તેના દેવપણામાં પિતાને સમાન, અને તેના માનસિકપણામાં પિતાથી ઉતરતો.

જો કે તે દેવ તથા માણસ છે, તોપણ તે બે નહિ, પણ એકજ ખ્રીસ્ત છે.

દેવત્વને માંસમાં બદલી નાખ્યુ, તેથી એકજ, એમ નહિ; પણ માનસિકપણાને દેવત્વમાં લઇ આવ્યો તેથી.

સર્વથા એકજ છે, તત્વના મિશ્રિત થવાથી નહિ, પણ વ્યક્તિની ઐકયતાથી.

કેમકે, જેમ બુદ્ધિયુકત જીવ તથા શરીર એક મનુષ્ય થાય છે, તેમજ દેવ તથા માણસ મળીને એક ખ્રીસ્ત છે.

તેણે આપણા ત્રાણને માટે દુઃખ સહ્યુ, અદૃષ્ય લોકમાં ઉતરી ગયો. ત્રીજે દિવસે મુએલાંમાંથી જીવી ઉઠયો.

આકાશમાં ચઢી ગયો, અને સર્વશકિતમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

તેના આગમન વખતે બધાં માણસો પોતપોતાની દેહ સાથે ફરી જીવી ઉઠશે; અને પોતાનાં કામોનું લેખું આપશે.

ત્યારે જેઓએ સારૂં કીધુ છે, તેઓ સર્વકાળના જીવનમાં, તથા જેઓએ ભુંડું કીધું છે, તેઓ સર્વકાળના અગ્નિમાં જશે.

કાથોલીક વિશ્વાસ આ છે; તેનો જો કોઇ દૃઢ વિશ્વાસ ન કરે, તો તે તરી શકશે નહિ.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

લિતની.

¶ आ लितनी, एटले साधारण विनतीओ, रविवारे, बुधवारे, अने शुक्रवारे सवारनी प्रार्थना पछी, अथवा कोइ बीजा वखते ज्यारे धर्माधिकारी आज्ञा आपे त्यारे गवाय अथवा वंचाय.

હે દેવ પિતા, તુ જે આકાશમાં છે, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પિતા, તુ જે આકાશમાં છે, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પુત્ર, જગતને ખંડી લેનાર, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પુત્ર, જગતને ખંડી લેનાર, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પવિત્ર આત્મા, તુ જે પિતા તથા પુત્રમાંથી નિકળે છે, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પવિત્ર આત્મા, તું જે પિતા તથા પુત્રમાંથી નિકળે છે, અમ દીન પાપીઓ પર દયા કર.

હે પવિત્ર, ધન્યવાન, અને મહિમાવાન ત્રય, ત્રણ વ્યક્તિ, અને એકજ દેવ, અમ દીન પાપીઓ પર દયા કર.

હે પવિત્ર, ધન્યવાન, અને મહિમાવાન ત્રય, ત્રણ વ્યક્તિ, અને એકજ દેવ, અમ દીન પાપીઓ પર દયા કર.

હે પ્રભુ, અમારા તથા અમારા પૂર્વજોના અપરાધોનું સ્મરણ ન કર; અને અમારાં પાપોનો બદલો ન લે, હે દયાળુ પ્રભુ, અમને છોડી દે, તારા લોકો, જેમને તેં તારા અતિ મૂલ્યવાન લોહી વડે ખંડી લીધા છે, તેમને છોડી દે, અને સદાકાળ સુધી અમારી સાથે ક્રોધિત ન રહે.

હે દયાળુ પ્રભુ, અમને છોડી દે.

બધી ભુંડાઈ અને હાનિઓથી; પાપથી તથા શેતાનનાં કાવતરાં અને હુમલાઓથી, તારા કોપથી અને સદાકાળની દંડાજ્ઞાથી,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

મનના બધા અંધાપાથી; અહંકારથી, વ્યર્થ શોભાની ઇચ્છાથી, અને ઢોંગથી; અદેખાઇ, દ્વેષ, અને વૈરથી, અને બધી અપ્રીતિથી,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

વ્યભિચાર, અને બીજાં બધાં મોતકારક પાપથી; જગત, દેહ, અને શેતાનની બધી ઠગાઇથી,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

વિજળી અને આંધીથી, મરકી, રોગ અને દુકાળથી; લડાઈ અને ખૂનથી, અને અચાનક મોતથી,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

બધા રાજ્યદ્રોહીપણાથી, ગુપ્ત તરકટો રચવાથી, અને બળવાથી; બધા જુઠા ઉપદેશથી, વિરૂદ્ધ મત, અને તડોથી;

મનની કઠણતાથી, અને તારા વચન તથા આજ્ઞાને તુચ્છ ગણવાથી,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

તારા પવિત્ર દેહધારણના ભેદને લીધે, તારા પવિત્ર જન્મ અને સુન્નતને લીધે, તારા બાપ્તિસ્મા, ઉપવાસ, અને પરીક્ષણને લીધે,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

તારી વ્યાકુળતા અને લોહીના પરસેવાને લીધે. તારા ક્રુસ અને દુ:ખ-સહનને લીધે: તારા મૂલ્યવાન મોત અને દટાઇ જવાને લીધે, તારા મહિમાવાન પુનરૂત્થાન અને આકાશ-ગમનને લીધે. અને પવિત્ર આત્માના આવવાને લીધે,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

અમારા બધાં દુખને વખતે, અમારાં બધાં સુખને વખતે; મોતની વેળા, અને ન્યાયને દિવસે,

હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

હે પ્રભુ દેવ. અમે પાપીઓ તારી વિનંતી કરીએ છીએ કે, અમારૂ સાંભળ, અને દયા કરીને તારી પવિત્ર સાર્વત્રિક કલીસીઆને સત્યના ધોરણ ઉપર ચલાવ,

હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને તારા દાસ અમારા પરમ કૃપાળુ મહારાજા અને ધણી, જ્યોર્જ, કૈસરે હિંદની સંભાળ કર, અને તેને શકિત આપ કે તે તારી ખરી ભક્તિ કર્યા કરે, અને ન્યાયીપણાથી તથા પવિત્રતાથી જીવન કાઢે;

હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને તેના મનને તારા પરના વિશ્વાસ, બીક, અને પ્રેમમાં રાખ, અને એવુ કર કે, તે સદા તારો આધાર રાખીને હમેશા તારા માન તથા મહિ-માને માટે મહેનત કરે,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને તેનો સંભાળનાર તથા રક્ષક થા, અને તેના બધા શત્રુઓ ઉપર તેને જય પમાડ,

હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને અમારા કૃપાળુ મહારાણી મેરીને, રાજ્યમાતા આલેકઝાંડ્રાને, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સને, તથા આખા રાજ્યકુટુબને આશીર્વાદ આપ, અને તેમને સંભાળ.

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધા બિશપ, પ્રીસ્ટ, અને ડીકનોને, તારા વચનના ખરા જ્ઞાન અને સમજણથી પ્રકાશિત કર કે, તેઓ પોતાના ઉપદેશમાં તેને દેખાડે, તથા પોતાની ચાલ વડે પણ પ્રગટ કરે;

હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને બધા રાજમંત્રીઓને, અને ઉમરાવોને, કૃપા, બુદ્ધિ, અને સમજણથી ભરપુર કર;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને આ દેશના વાયસરાય, ગવર્નરો, અને જજ્જોને આશીર્વાદ આપ તથા સંભાળ, તથા તેમને તારી કૃપાળુ મરજી પ્રમાણે દોર;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધા માજીસ્ટ્રેટોને આશીર્વાદ દે, અને તેમની સંભાળ કર: અને તેઓ પર એવી કૃપા મોકલ, કે તેઓ ન્યાય કરે, અને સત્યને જાળવી રાખે,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

*દયા કરીને અમારા મહારાજા તથા તેના દેશને આશીર્વાદ આપ અને સફળ કર, અને એમ બધાંને જીવનના માર્ગ તરફ દોર,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને તારા બધા લોકોને આશીર્વાદ આપીને સંભાળ કર,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધી દેશજાતિઓમા ઐકયતા, સલાહ, અને મેળાપ ઉત્પન્ન કર:

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ

દયા કરીને અમને એવું મન આપ, કે તારા પર પ્રીતિ કરીએ, તારી બીક રાખીએ, અને તારી આજ્ઞાઓ પ્રમાણે યત્નથી ચાલીએ,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને તારા બધા લોકો પર તારી કૃપા એવી વધાર, કે તેઓ તારા વચનને નમ્રતાથી સાંભળે, અને શુદ્ધ ભાવથી તેને માને, તથા આત્માનાં ફળ લાવે;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેટલાં ભટકી ગયાં છે, અને જેઓ ઠગાઈ ગયાં છે, તે બધાંને સત્યના માર્ગમાં લાવ;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ સ્થિર છે તેમને બળ આપ, નબળાં મનવાળાંને દિલાસો અને સહાય આપ, અને પડી ગએલાંને ઉઠાડીને ઉભાં કર: અને છેવટે શેતાનને અમારા પગ તળે કચડી નાખ,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ ભયમાં, અડચણમાં, અને દુ:ખમાં હોય, તે બધાંની સંભાળ તથા સહાય કર, તથા દિલાસો આપ,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ ભૂમિ પર, તથા જળ પર મુસાફરી કરે છે તેઓની, તથા જે બાયડીઓને ગરોદરપણાનું દુ:ખ હોય તેમની, બધાં માંદાંઓની, અને નાનાં બાળકોની સંભાળ કર, અને બધાં બંદીવાનો તથા શત્રુના હાથમાં પડેલા લોકો પર તારી કરૂણા દેખાડ,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ

દયા કરીને નબાપાં બાળકોનું, વિધવાઓનું, નિરાધારોનું, તથા જુલમ વેઠનારાઓનું રક્ષણ તથા પોષણ કર,

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધી માણસજાત પર દયા કર.

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને અમારા વૈરીઓ, સતાવનારાઓ, તથા આળ લગાડનારાઓને

*** આ દેશી રજવાડાઓમાં વાપરવા માટે ઠરાવેલી છે.**

ક્ષમા કર, અને તેમનાં મનને ફેરવી નાખ;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જમીનની ઉપજ સારી ઉપજાવ, અને તેની સંભાળ કર, કે યોગ્ય સમયે તે અમારા ખપમાં આવે.

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને અમને ખરો પસ્તાવો આપ, અમારાં બધાં પાપ, ભુલચૂક અને અજ્ઞાનતાની અમને ક્ષમા કર; અને તારા પવિત્ર આત્માની કૃપા વડે અમને ભરપુર કર કે, અમે પોતાની ચાલ તારા પવિત્ર વચન પ્રમાણે સુધારીએ;

હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

ઓ દેવના દીકરા, અમે તારી વિનંતી કરીએ છીએ કે અમારૂં સાંભળ.

ઓ દેવના દીકરા, અમે તારી વિનંતી કરીએ છીએ કે અમારૂં સાંભળ.

ઓ દેવના હલવાન, તું જે જગતનું પાપ હરણ કરે છે;

તારી શાંતિ અમને આલ.

ઓ દેવના હલવાન, તું જે જગતનું પાપ હરણ કરે છે,

અમારા પર દયા કર.

ઓ ખ્રીસ્ત, અમારૂં સાંભળ.

ઓ ખ્રીસ્ત, અમારૂં સાંભળ.

પ્રભુ, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

એ પછી પ્રીસ્ટ તથા તેની સાથે મંડળી પ્રભુની પ્રાર્થના બોલે.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં, તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારાં પાપો પ્રમાણે અમારી સાથે ન વર્ત.

ઉત્તર. ને અમારા અપરાધો પ્રમાણે અમને બદલો ન આપ.

પ્રાર્થના કરીએ.

હે દેવ, દયાળુ બાપ, તું ભાંગેલા મનના નિશાસાને, અને જેઓ શોક કરે છે, તેઓની આશાને તુચ્છ નથી ગણતો; જ્યારે કોઇ દુઃખ અથવા કષ્ટ અમારા પર આવી પડે, ત્યારે તારી આગળ અમે જે પ્રાર્થના કરીએ, તેમાં દયા કરીને અમારી સહાય કર; અને કૃપા કરીને અમારૂં સાંભળ, કે શેતાન અથવા માણુસ, પોતાનાં છળ અને ચતુરાઇથી, જે ભુંડી યુક્તિઓ અમારી વિરૂદ્ધ કરતા હોય, તે બધી ટળી જાય; અને તારી દયાના પ્રબંધ વડે મટી જાય; એવી કે અમ તારા

સેવકોને કોઈ રીતની સતાવણીથી દુઃખ ન થાય, અને તારી પવિત્ર કલીસીઆમાં અમે સર્વદા તારો ઉપકાર માનતા રહીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના આસરાથી.

હે પ્રભુ, ઉઠ, અમારી સહાય કર, અને તારા નામને માટે અમને છોડાવ.

હે દેવ, અમે પોતાના કાનોએ સાંભળ્યું છે, અને અમારા પૂર્વજોએ અમારી આગળ વર્ણન કીધુ છે કે, તેમના દિવસોમાં. અને તેમનાથી પહેલાં પુરાતન કાળમાં તેં કેવાં કેવાં ઉત્તમ કામો કીધાં હતાં!

હે પ્રભુ, ઉઠ, અમારી સહાય કર, અને તારી મોટાઈને લીધે અમને છોડાવ.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ,

ઉત્તર. જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

હે ખ્રીસ્ત, અમારા શત્રુઓની સામે અમારી આડ થા.

અમારાં દુ.ખો પર દયાની નજર કર.

દયા કરીને અમારાં મનના શોક તરફ જો.

દયા કરીને તારા લોકનાં પાપ ક્ષમા કર.

પ્રસન્નતા અને દયાથી અમારી પ્રાર્થનાઓ સાંભળ.

હે દાઉદના દીકરા, અમારા પર દયા કર.

હે ખ્રીસ્ત, કૃપા કરીને, હમણાં અને સર્વદા અમારૂં સાંભળ.

હે ખ્રીસ્ત, કૃપા કરીને અમારૂં સાંભળ, હે પ્રભુ ખ્રીસ્ત, કૃપા કરીને અમારૂં સાંભળ.

પ્રીસ્ટ.—હે પ્રભુ, તારી દયા અમારા પર થાઓ,

ઉત્તર.—કેમકે અમારો ભરોસો તારાજ ઉપર છે.

પ્રાર્થના કરીએ.

હે પિતા, અમે નમ્રતાથી વિનંતી કરીએ છીએ કે, અમારી દુર્બળતા પર દયાની નજર કર, અને ન્યાયની રીતે અમે જે દુ.ખો ભોગવવાને અતિ-યોગ્ય ઠર્યાં છીએ, તેમને તારા નામના મહિમાને માટે અમારાથી ટાળી દે. અને એવુ કર કે, અમે પોતાનાં બધાં દુ.ખોમાં તારી દયા પર પુરો આસરો અને ભરોસો રાખીએ, અને પવિત્ર તથા શુદ્ધ ચાલથી નિરંતર તારી સેવા કરતાં રહીએ, કે જેથી તને માન તથા મહિમા મળે, અમારા એકલા મધ્યસ્થ તથા પક્ષવાદી, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને લીધે આ માગીએ છીએ. આમેન

પવિત્ર ખ્રુસોસ્તમની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં અમારા પર એવી કૃપા કીધી છે કે, અમે આ વખતે એક મતના થઇને, તારી આગળ અમારી સાધારણ વિનતીઓ કીધી છે; અને તેં વચન આપ્યુ છે કે, જ્યારે બે

અથવા ત્રણ તારે નામે એકઠાં થાય, ત્યારે તું તેમની વિનંતીઓ પ્રમાણે આપીશ; માટે ઓ પ્રભુ, હમણાં તારા સેવકોનું જેમ ઉત્તમ રીતે ભલુ થાય, તેમ તેમનાં મનની આશાઓ તથા વિનંતી-ઓને પૂર્ણ કર: અને અમને આ લોકમાં તારા સત્યનુ જ્ઞાન તથા પરલોકમાં સર્વકાળનું જીવન મળે, એવું તું કર. આમેન.

૨ કરીં. ૧૩; ૧૪.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતિ, તથા પવિત્ર આત્માની સંગત, આપણ સર્વની સાથે સર્વકાળ સુધી થાઓ. આમેન.

અહીં લિતની સમાપ્ત થઇ

કેટલાક પ્રસંગોને માટે,

પ્રાર્થનાઓ તથા ઉપકારસ્તુતિઓ.

ા આ પ્રાર્થનાઓ લિતનીની, અથવા સવાર અને સાંજની છેલ્લી બે પ્રાર્થનાઓ પહેલાં વંચાય.

પ્રાર્થનાઓ.

વરસાદને માટે.

ઓ દેવ, આકાશી પિતા, જેઓ બધાં તારા રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધનારાં છે, તેમનાં શરીરના પોષણને માટે જે બધી વસ્તુઓ જોઇએ, તે તારા દીકરા ઇસુ ખ્રીસ્ત વડે આપવાનું તેં વચન દીધુ છે; અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમારી આ અડચણને વખતે, એવી રીતે વરસાદ મોકલ કે, અમે અમારા સુખ તથા તારા મહિમાને માટે, ભુમિની ઉપજ મેળવીએ: ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

ઉઘાડને માટે.

હે સર્વશક્તિમાન પ્રભુ દેવ, તેં એક વાર માણસનાં પાપને લીધે, આઠ જણ શિવાય, આખા જગતને ડુબાવી દીધુ હતું, અને પછી તારી મોટી દયાથી વચન આપ્યું કે, ફરી બીજી વાર એવી રીતે કદી એનો નાશ નહિ થશે; અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, જો કે અમે પોતાની ભુંડાઇને લીધે ન્યાયની રીતે વરસાદ અને પાણીના મારાને યોગ્ય ઠર્યા છીએ, તોપણ અમે ખરો પસ્તાવો કરીએ ત્યારે ઉઘાડ થવા દે, કે અમે જમીનની ઉપજ વખતસર મેળવીએ, અને તારી શિક્ષાથી પોતાની ચાલ સુધારવાને, અને તારી દયાને માટે તારી સ્તુતિ તથા મહિમા કરતાં શિખીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

મોંઘવારી તથા દુકાળને વખતે

ઓ દેવ, આકાશી પિતા, તારાજ કરવાથી વરસાદ પડે છે, ધરતી ફળે છે, પશુઓ વધે છે, અને માછલાં ઘણાં થાય છે; અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા લોકોનાં દુ:ખો તરફ જો, અને જે મોઘવારી તથા દુકાળ અમે અમારાં પાપને લીધે વાજબી રીતે સહીએ છીએ, તેને તારી દયાથી, સોંઘાઈ તથા સુકાળમાં ફેરવી નાખ: ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પ્રેમને લીધે, જેને તારી તથા પવિત્ર આત્માની સંઘાતે હમણાંથી સદા સર્વકાળ સુધી માન તથા મહિમા થાઓ. આમેન.

અથવા આ.

ઓ દેવ. દયાળુ પિતા, તે એલીશા પ્રવક્તાના વખતમાં સમરૂનમાં ભારે મોંઘવારી તથા દુકાળને અચાનક સુકાળ તથા સોંઘાઇમાં બદલી નાખ્યાં; અમારા પર એવી દયા કર કે, અમે પણ, જેઓને અમારા પાપોને લીધે તેવીજ શિક્ષા થાય છે, તેઓ તેજ પ્રમાણે બચાવ પામીએ. તારા આકાશી આશીર્વાદ વડે જમીનની ઉપજ વધાર, અને એવુ કર કે, અમે તારી ઉદારતાનાં જે દાન પામીએ, તેમને તારા મહિમાને અર્થે, તથા દરિદ્રોની સહાય કરવામાં, તથા અમારા પોતાના સુખને માટે વાપરીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

લડાઇ તથા હુલ્લડને વખતે.

હે સર્વશકિતમાન દેવ, રાજાઓના રાજા, અને બધી વસ્તુઓના અધિકારી, તારા બળની સામે કોઇ ઉભો થઇ શકતો નથી, પાપીઓને વાજબી શિક્ષા આપવી અને ખરો પસ્તાવો કરનાર પર દયા કરવી, એ તારૂં કામ છે; અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમારા શત્રુઓના હાથમાંથી અમને ઉગાર તથા છોડાવ; તેમનુ અભિમાન તોડ, તેમની દુષ્ટ દાનતને સમાવી દે, અને તેમની કુયુકિતઓને તોડી પાડ; કે તું જે બધા વિજયનો દાતાર છે, તારી રક્ષાથી સજેલાં થઇને અમે તારો મહિમા કરવા માટે સદા બધાં જોખમથી જળવાઇ રહીએ. તારા એકનાએક દીકરા, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્યને લીધે. આમેન.

મરકી અથવા કોઇ સાધારણ રોગ ચાલે ત્યારે.

હે સર્વશકિતમાન દેવ, જ્યારે તારા પોતાના લોક ઇસ્રાએલપુત્રોએ રાનમાં મુસા તથા હારૂનની વિરૂદ્ધ હઠ કરીને બળવો કીધો, ત્યારે તે તારા ક્રોધમાં તેમના ઉપર મરકી મોકલી, અને ફરી દાઉદ રાજાના વખતમાં સિત્તેર હજાર માણસોનો મરકી વડે નાશ કીધો, તોપણ તારી દયાને સંભારીને બાકીના લોકોને બચાવ્યા; અમે દીન પાપીઓ આ વખતે, જે ભારે રોગ અને મરકીમાં પડ્યાં છીએ, અમારા પર દયા કર; અને જે રીતે તે વખતે, તેં પ્રાયશ્ચિત્ત માન્ય કરીને નાશ કરનાર દૂતને શિક્ષા આપવાથી અટકાવ્યો, તે રીતે હમણાં તું દયા કરીને આ મરકી તથા ભારે રોગને અમારી પાસેથી ખસેડી દે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

જેઓને પવિત્ર દીક્ષા મળવાની હોય તેમને માટે,

एम्बरना अठवाडीआंमां दररोज वंचाय.

હે સર્વશક્તિમાન દેવ, અમારા આકાશી પિતા, તેં તારા વહાલા દીકરાના અમૂલ્ય લોહી વડે પોતાને માટે સાર્વત્રિક કલીસીઆ વેચાતી લીધી છે; તેના પર દયાથી જો, અને આ વખતે તારા જે સેવકો તારા ટોળાના બિશપો તથા પાળકો છે, તેમની પ્રેરણા તથા

આગેવાની કર કે, તેઓ ઉતાવળ કરીને કોઈ માણુસ પર હાથ ન મુકે, પણ વિશ્વાસુપણાથી અને વિવેકથી તારી મંડળીની પવિત્ર સેવાને સારૂ લાયક માણુસોને નિવેડી કાઢે. અને જેઓ કોઈ પવિત્ર કામને માટે દીક્ષા પામવાના હોય, તેમને તારી કૃપા અને આકાશી આશીર્વાદ આપ; કે તેઓ પોતાની ચાલ તથા શિક્ષણુ વડે તારો મહિમા પ્રગટ કરે, અને બધાં માણુસોના તારણુને માટે યત્ન કરે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

अथवा आ.

હે સર્વશક્તિમાન દેવ, બધાં ઉત્તમ દાનોના દાતાર, તારા દિવ્ય પ્રબંધ વડે તે તારી મડળીમાં જુદાં જુદાં પદો ઠરાવી આપ્યાં છે; અમે નમ્રતાથી તારી વિનતી કરીએ છીએ કે, તેમાંના કોઇ પણ પદ અને સેવા માટે જેટલા નીમવામાં આવશે, તે સર્વને તારી કૃપા આપ, અને તેમને તારા શિક્ષણુના સત્યથી એવી રીતે ભરપૂર કર, અને નિર્દોષપણાનાં વસ્ત્ર પહેરાવ, કે તેઓ તારા મહાન નામના મહિમાને તથા તારી પવિત્ર મંડળીના લાભને સારૂ તારી આગળ વિશ્વાસુપણાથી સેવા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ उपरनी कोइ पण प्रार्थना पछी आ प्रार्थना वांची शकाय छे.

ઓ દેવ, તારો સ્વભાવ સર્વદા દયા તથા ક્ષમા કરવાનો છે, અમારી નમ્રતાપૂર્વક વિનંતીઓને માન્ય કર; અને જો કે અમે પોતાનાં પાપોની સાંકળો વડે બંધાએલાં છીએ, તોપણુ તું મહેર કરીને તારી ઘણી દયા વડે અમને છુટાં કર; અમારા મધ્યસ્થ અને પક્ષવાદી ઇસુ ખ્રીસ્તના માનને માટે માગીએ છીએ. આમેન.

પાર્લમેંટની વડી સભા માટે.

ज्यारे सभा बेठी होय त्यारे आ वचाय.

હે પરમ કૃપાળુ દેવ, આખા રાજ્યને માટે, અને વિશેષે કરીને પાર્લમેંટની વડી સભા, જે હમણાં અમારા ધર્મશીળ અને મહેરબાન મહારાજાના અધિકાર તળે બેસે છે, તેને માટે અમે નમ્રતાથી પ્રાર્થના કરીએ છીએ કે, તારો મહિમા વધે, અને તારી કલીસીઆનુ ભલુ થાય, અને અમારા મહારાજા તથા તેના બધા રાજની સલામતી, તેમનું માન તથા તેમની આબાદી વધે; માટે તું તેઓને એવી રીતે દોર, ને તેઓની બધી મસલતો એવી સફળ કર, કે તેમના પ્રયત્નથી બધી વાતોની વ્યવસ્થા ઉત્તમ તથા દઢ પાયા પર સ્થાપિત થાય, અને તેથી અમારામાં શાંતિ તથા સુખ, સત્યતા તથા ન્યાય, અને ધર્મ તથા ભક્તિ, પેઢી દર પેઢી ચાલુ રહે. આ બધુ તથા બીજું જે કંઇ તેમને તથા અમને, અને તારી આખી કલીસીઆને જોઇએ, તે અમે અમારા પરમધન્યવાન પ્રભુ અને તારનાર ઇસુ ખ્રીસ્તના નામમાં તથા તેની મધ્યસ્થીને લીધે માગીએ છીએ. આમેન.

વિધર્મીઓ માટે.

બિશપ કૉટનની પ્રાર્થના.

¶ जे दरेक प्रार्थनापद्धतिमां वंचाय. जो "पादरीओ तथा लोकोने सारु" प्रार्थना वंचाय तो ते पछी, ने जो ते न वंचाय तो ते दिवसनी सारप्रार्थना पछी.

હે દેવ, તેં બધી દેશજાતિઓને પૃથ્વીની પીઠ પર રહેવા સારૂ એકજ લોહીથી ઉત્પન્ન કીધી છે, અને તારા ધન્યવાન પુત્રને એ માટે મોકલ્યો કે, જેઓ દૂર છે તેમને, તથા જેઓ પાસે છે તેમને પણ તે શાંતિ પ્રગટ કરે. એવું કર કે હિંદુસ્થાન તથા લંકાની બધી જાતિના લોકો તને શોધે તથા જાણે; અને હે આકાશમાંના બાપ, તારૂં વચન છે કે, "હું મારો આત્મા બધી મનુષ્યજાત પર રેડીશ," તે વચન તું જલદીથી પુરૂં કર; ઇસુ ખ્રીસ્ત અમારા તારનારને નામે માગીએ છીએ. આમેન.

¶ ज्यारे लितनी वांचवानो ठराव नहि होय त्यारे बधी अवस्थानां माणसोने माटे आ प्रार्थना वंचाय.

હે દેવ, બધી માણસજાતના ઉત્પન્ન કરનાર તથા પાળનાર, અમે બધા પ્રકારનાં તથા બધી અવસ્થાનાં માણસોને માટે નમ્રતાથી વિનંતી કરીએ છીએ કે, તું દયા કરીને તારા માર્ગ તેમને દેખાડ, અને તારૂં તારણ બધી દેશજાતિઓને પ્રગટ કર. વિશેષે કરીને અમે કાથોલીક કલીસીઆની ભલાઇને માટે પ્રાર્થના કરીએ છીએ કે, તારો દયાળુ આત્મા એને એવી રીતે દોરે તથા ચલાવે, કે જેઓ પોતાને ખ્રીસ્તી કહેવડાવે છે, તેઓ બધા સત્યના માર્ગમાં ચાલે, અને આત્માની ઐકયતા, તથા મેળાપના બંધન તથા ધાર્મિક ચાલ વડે, વિશ્વાસને ઝાલી રાખે. છેવટે જે કોઈ મન વિષે, વા દેહ વિષે, વા સંપત્તિ વિષે, કોઈ પ્રકારે દુઃખ કે ગભરાટમાં હોય, તેમને તારી પિતા સમાન દયાના તાબામાં સોંપીએ છીએ, (* ખાસ કરીને જેમને માટે અમારી પ્રાર્થનાની માગણી થઇ છે તેમને) કે તું દયા કરીને તેમના ખપ પ્રમાણે દિલાસો અને આરામ આપે, તેમનાં દુઃખોમાં તેમને ધીરજ આપે, અને તેમનાં બધાં સંકટોનું પરિણામ સારૂં થાય એવું કરે; આ અમે ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

***જ્યારે મંડળી પાસે પ્રાર્થના કરાવવા કોઇ ચાહે, ત્યારે આ વંચાય.**

ઉપકારસ્તુતિઓ.

સામાન્ય ઉપકારસ્તુતિ.

હે સર્વશક્તિમાન દેવ, બધી દયાના પિતા, અમે તારા અયોગ્ય સેવકો, અમારા પર તથા બધાં માણુસો પર, (* અને ખાસ કરીને જેઓ તારી હાલની દયાને માટે તારી ઉપકારસ્તુતિ કરવા માગે છે તેઓ પર,) તારી જે બધી દયા તથા પ્રીતિ છે, તેને માટે ઘણી નમ્રતાથી, અને પુરા અંતઃકરણથી, તારો ધન્યવાદ કરીએ છીએ; અમે પોતાની ઉત્પત્તિ, પાળણુ, અને આ જીવનનાં બધાં દાનોને સારૂ, તથા સૌથી વધારે તારા અમાપ પ્રેમને સારૂ, કે તે અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે જગતને ખંડી લીધુ છે: તથા કૃપા મેળવવાનાં સાધનો, તથા મહિમાની આશાને સારૂ, તારો ઉપકાર માનીએ છીએ. અને અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારી બધી દયાની એવી પુરી સમજણુ અમને આપ, કે અમે નિષ્કપટ મનથી તારાં આભારી થઇએ, ને કેવળ મોઢાંથી નહિ, પણુ અમારાં કામોથી તારી સ્તુતિ પ્રગટ કરીએ, કે જેથી પોતાને તારી સેવામાં અર્પી દઇને, તારી આગળ અમારાં જીવનના બધા દિવસો સુધી, પવિત્રતામાં તથા ન્યાયીપણામાં ચાલીએ. ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે, જેને તારી તથા પવિત્ર આત્માની સાથે, બધું માન અને મહિમા યુગાનયુગ થાઓ. આમેન.

*** જ્યારે કોઇને માટે પ્રાર્થના થઇ હોય, અને તે ઉપકાર માનવા માગે ત્યારે આ વચાય.**

વરસાદને માટે.

હે દેવ, અમારા આકાશમાંના બાપ. તું તારા કૃપાળુ પ્રબંધ વડે આગલો તથા પાછલો વરસાદ ભૂમિ પર પાડે છે, કે તે માણુસને માટે ફળ ઉપજાવે; અમ તારા અયોગ્ય સેવકોના મોટા સુખને માટે, તથા તારા પવિત્ર નામના મહિમાને માટે, તે અમારી આ મોટી અડચણુને વખતે, છેવટે આ દેશ પર સુખદાયક વરસાદ વરસાવ્યો છે, અને સુકાએલી ધરતીને લીલી કીધી છે, માટે અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ; અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જેને લીધે તારી દયા અમારા પર થઇ છે, તેને નામે. આમેન.

વરસાદ અને તોફાન બંધ થયા પછી.

હે પ્રભુ દેવ, તે ભારે વરસાદ અને રેલની આફતથી અમને ન્યાયની રીતે નમાવ્યાં હતાં, અને હવે તારી દયાથી ઉઘાડ મોકલીને અમારાં મનને સુખ તથા દિલાસો આપ્યો છે; તારી આ દયાને માટે અમે તારા પવિત્ર નામની સ્તુતિ તથા મહિમા કરીએ છીએ, અને તારી પ્રીતિનાં વખાણુ પેઢી દર પેઢી સર્વદા કરતાં રહીશું; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

સુકાળને માટે.

હે અતિ દયાળુ પિતા, તેં કૃપા તથા દયા કરીને તારી કલીસીઆની ધાર્મિક પ્રાર્થનાઓ સાંભળીને, અનાજની મોંઘવારી તથા અછતને બદલીને સોંઘાઈ તથા સુકાળ કરી નાખ્યાં છે, આ તારી વિશેષ ઉદારતાને માટે અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ, અને તારી વિનંતી કરીએ છીએ કે, તારી પ્રીતિ અમારા પર ચાલુ રાખ, કે અમારી જમીન તારા મહિમાને અર્થે અને અમારા સુખને માટે પોતાનું ફળ અમને આપ્યા કરે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

શાંતિ તથા શત્રુઓના હાથમાંથી છુટકો પામ્યા પછી.

હે સર્વશક્તિમાન દેવ, તારા સેવકોનું તેમના શત્રુઓની સામેથી રક્ષણ કરવા સારૂ તુ બળવાન ગઢ છે, જે ભારે અને દેખીતા ભયમાં અમે ઘેરાઇ પડેલાં હતાં, તેમાંથી તેં અમને છોડાવ્યાં છે, માટે અમે તારો ઉપકાર માનીએ છીએ; અમે તેમનો ભક્ષ નહિ થઈ પડ્યાં, એ તો તારીજ દયાથી છે, એવું અમે માનીએ છીએ, અને તારી વિનંતી કરીએ છીએ કે, તારી દયા અમારા પર એજ પ્રમાણે ચાલુ રાખ કે આખું જગત જાણે કે તું અમારો તારનાર તથા સમર્થ છોડાવનાર છે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

બળવો મટી ગયા પછી.

હે સનાતન દેવ, અમારા આકાશવાસી બાપ, તુંજ એકલો એક ઘરના લોકને એક મતના કરે છે, અને બળાત્કારી તથા આપમતિયા લોકોના બળવાને શાંત પાડે છે, અમે તારા પવિત્ર નામનો ધન્યવાદ કરીએ છીએ, કે જે બળવા તથા બંડ આ દિવસોમાં અમારી વચમાં ઉભાં થયાં હતાં, તેમને તેં દયા કરીને મટાડી દીધાં છે. અમે પૂરી નમ્રતા સાથે તારી વિનંતી કરીએ છીએ કે, અમ બધાં પર એવી દયા કર કે, હવે પછી અમે તારી પવિત્ર આજ્ઞાઓને અનુસરીને આધીનતાથી ચાલીએ; અને પૂરા ભક્તિભાવ તથા સભ્યતાની સાથે પોતાનુ જીવન સુખશાંતિમાં કાઢીએ, તથા અમારા પર તારી જે દયા થઈ છે તેને માટે, સ્તુતિ અને ઉપકારનાં અર્પણો સદા તારી આગળ ચઢાવતાં રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

મરકી અથવા બીજા કોઇ સાધારણ રોગથી મુક્ત થયા પછી.

હે પ્રભુ દેવ, હમણાં અમારા પર જે ભારે તથા ભયાનક શિક્ષા આવી પડી હતી, તે વડે અમારાં પાપોને લીધે તેં અમને ઘાયલ, તથા અમારા અપરાધોને લીધે ક્ષીણ કીધાં હતાં; અને હવે ન્યાય કરવામાં તેં પોતાની દયાને સંભારીને મરણના ડાચાંમાંથી અમારા જીવોને ઉગાર્યા છે; અમે પોતાને, દેહ

અને આત્મા સહિત, કે જેઓને તે ઉગાર્યા છે, તેઓ તારી પિતા સમાન દયા આગળ ચઢાવી દઈએ છીએ, કે તારે માટે એક જીવતું અર્પણ થઇને, તારી કલીસીઆમાં તારી દયાની સ્તુતિ અને વડાઇ સદા કરતાં રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

અથવા આ.

હે પરમ દયાળુ પિતા, અમે પોતાનાં ઘણાં પાપ તથા હૃદયની કઠણતાને લીધે ન્યાયની રીતે તારા નિયમશાસ્ત્રમાં જેટલા અનર્થોનું વર્ણન છે, તે બધાને યોગ્ય છીએ, એવું અમે તારી આગળ નમ્રતાથી માન્ય કરીએ છીએ; પરંતુ તે પોતાની ઘણી દયાને લીધે કૃપા કરીને અમારી અપૂર્ણ તથા અયોગ્ય નમ્રતાને જોઇ અને આ ચેપી રોગ કે જેથી આ વખતે ઘણી પીડા થતી હતી, તેને નિવારણ કરીને અમારાં ઘરોમાં આનંદ અને સુખાકારીનો સાદ ફરી સંભળાવા દીધો છે, તે માટે, હે પરાત્પર દેવ, અમે તારી આગળ વખાણ અને ઉપકાર-સ્તુતિનાં અર્પણ ચઢાવીએ છીએ; તથા તે અમારૂ જે રક્ષણ તથા પાળણ કીધુ છે તેને માટે તારા મહિમાવાન નામની સ્તુતિ અને વડાઈ કરીએ છીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

આખા વરસને માટે,

સારપ્રાર્થનાઓ, પત્રો તથા સુવાર્તાઓ.

¶ જાણવું જોઇએ કે, જે સારપ્રાર્થના દરેક રવિવાર અથવા કોઇ પણ જાગરણના પર્વના દિવસને માટે ઠરાવેલી હોય, તે તેની આગલી સાંજની પ્રાર્થના વખતે પણ વંચાય.

આગમનનો પહેલો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત ઘણી નમ્રતા સાથે આ નાશવંત જીવનમાં અમને મળવાને આવ્યો; અમને કૃપા આપ કે અમે હમણાં અંધકારનાં કામોનો ત્યાગ કરીએ, અને અજવાળાનાં હથિયાર બાંધી લઇએ; કે છેલ્લે દિવસે જ્યારે તે પોતાના માન તથા મહિમા સહિત જીવતાંનો તથા મરેલાંનો ન્યાય કરવા ફરી આવે, ત્યારે અમે અવિનાશી જીવન પામવા સારૂ ઉઠીએ; જે તારી તથા પવિત્ર આત્માની સાથે સદા જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

¶ આ સારપ્રાર્થના આગમનની બીજી સારપ્રાર્થનાઓ સાથે નાતાલની આગલી સાંજ સુધી રોજ વાંચવી.

પત્ર. રૂમી. ૧૩, ૮.

એક બીજા ઉપર પ્રેમ રાખવો એ શિવાય બીજું દેવું કોઇનું ન કરો, કેમકે જે બીજા ઉપર પ્રેમ રાખે છે તેણે નિયમને પૂરો પાળ્યો છે. કારણ કે તારે વ્યભિચાર ન કરવો, ખૂન ન કરવુ, ચોરી ન કરવી, લોભ ન રાખવો, ઇત્યાદિ જે આજ્ઞાઓ છે તેઓનો સાર આ વચનમાં સમાયલો છે, કે તારે જેવો પોતા પર તેવો પોતાના પડોશી પર પ્રેમ રાખવો. પ્રેમ પોતાના પડોશીનું કંઇ ભુંડું કરતો નથી, તેથી પ્રેમ નિયમનુ સંપૂર્ણ પાળણ છે.

અને કાળ વરતીને એ યાદ રાખો કે હમણાં તમારે ઉંઘમાંથી ઉઠવાની વેળા આવી ચુકી છે, કારણ કે જે વેળાએ આપણે વિશ્વાસ કરવા માંડયો, તે કરતાં હાલ આપણુ તારણ પાસે છે. રાત ઘણી ગઇ છે અને દિવસ પાસે છે, માટે આપણે અંધકારનાં કામો તજી દઇને અજવાળાનાં હથિયારો સજીએ. અને દિવસે જેમ ઘટે તેમ શોભતી રીતે વર્તીએ, મોજશોખમાં તથા છાકટાઇમાં નહિ, છિનાળામાં તથા લંપટપણામાં નહિ, ઝઘડામાં તથા અદેખાઇમાં નહિ. પણ તમે પ્રભુ ઇસુ ખ્રીસ્તને પહેરી લો, ને દેહને માટે, એટલે તેની દુષ્ટ ઇચ્છાઓને અર્થે, ચિંતા ન કરો.

સુવાર્તા. ૫. માત્થી ૨૧; ૧.

જ્યારે તેઓ યરૂશાલેમની નજદીક આવ્યા, ને જૈતુનના પહાડ પાસે બેથફાગે સુધી પહોંચ્યા, ત્યારે ઇસુએ બે શિષ્યને મોકલતાં કહ્યું કે, તમે સામા ગામમાં જાઓ, ને બાંધેલી એક ગધેડી

તથા તેની જોડે બચ્ચું તરત દેખશો, તેઓને છોડીને મારી પાસે લાવો. અને જો કોઇ તમને કંઇ કહે તો તમારે કહેવું કે, પ્રભુને તેઓનો ખપ છે, એટલે તે તેઓને લાગલો મોકલી દેશે. હવે આ એ માટે થયુ કે ભવિષ્યવાદીએ જે કહ્યુ હતું તે પૂરૂ થાય કે, સીઓનની દીકરીને એમ કહો કે, જો, તારો રાજા તારી પાસે આવે છે, તે નમ્ર છે, તથા ગધડા પર, હા, ખોલા પર, એટલે ગધેડીના વછેરા પર, સવાર થઇને આવે છે. ત્યારે શિષ્યોએ જઇને ઇસુએ તેઓને ફરમાવ્યુ હતું તેમ કીધુ, અને તેઓ ગધેડીને બચ્ચા સુદ્ધા લાવ્યા, ને પોતાનાં લુગડાં તેઓ પર નાખ્યા, અને તે તેઓ પર સવાર થયો. અને લોકોમાંના ઘણાખરાએ પોતાના લુગડા રસ્તામાં પાથર્યાં, ને બીજાઓએ ઝાડો પરથી ડાળીઓ કાપીને રસ્તામાં પાથરી અને આગળ ચાલનાર તથા પાછળ આવનાર લોકે બૂમ પાડતાં કહ્યુ કે, દાઉદના દીકરાને હોસાના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, પરમ ઉચામા હોસાના. અને તે જ્યારે યરૂશાલેમમાં આવ્યો ત્યારે તે આખા નગરે ખભળી ઉઠીને કહ્યુ કે, એ કોણ છે? ત્યારે લોકે કહ્યુ કે, ઇસુ ભવિષ્યવાદી જે ગાલીલના નાઝારેથનો તે એ છે.

પછી ઇસુ દેવના મંદિરમા ગયો, ને મંદિરમાં જેઓ વેચતા તથા ખરીદતા હતા, તે સર્વને તેણે કાઢી મુકયા, ને નાણાવટીઓના બાજટ, તથા ખબુતર વેચનારાઓનાં આસનો ઉધાં વાળ્યાં. અને તેઓને કહ્યુ કે, "મારૂ ઘર પ્રાર્થનાનુ ઘર કહેવાશે," એમ લખેલુ છે, પણ તમે એને લુટારાઓનુ કોતર કીધુ છે.

આગમનનો બીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે ધન્યમાન પ્રભુ, તે આખું પવિત્ર શાસ્ત્ર અમારા શિક્ષણને માટે લખાવ્યુ છે; તું એવુ કર કે અમે એવી રીતે તેને સાંભળીએ, તેને વાંચીએ, તેનુ મનન કરીએ, તેને શિખીએ અને અંતઃકરણમાં સમાવીએ કે તારા પવિત્ર વચનથી ધીરજ અને દિલાસો પામીને, અનંતજીવનની જે ધન્યતા ભરેલી આશા તેં અમારા તારનાર ઇસુ ખ્રીસ્તમાં અમને આપી છે, તેને ધારણ કરીએ તથા તેને સદા વળગી રહીએ. આમેન.

પત્ર. રૂમી. ૧૫, ૪.

જેટલુ અગાઉ લખેલુ હતુ, તે આપણી શિખામણને સારૂ લખેલુ હતુ, એ માટે કે ધીરજથી તથા પવિત્ર લેખમાંના દિલાસાથી આપણને આશા થાય. હવે તમે, ખ્રીસ્ત ઇસુને અનુસરીને માહોમાંહે એકજ મનના થાઓ, એવું વરદાન ધીરજનો તથા દિલાસાનો દેવ તમને દો, એ માટે કે તમે એક ચિત્તે તથા એક મુખથી, દેવનો, એટલે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપનો, મહિમા પ્રગટ કરો. માટે, ખ્રીસ્તે

જેમ દેવના મહિમાને અર્થે તમારો અંગીકાર કર્યો, તેમ તમે પણ એક બીજાનો અંગીકાર કરો. વળી હુ કહુ છું કે, ઇસુ ખ્રીસ્ત દેવના સત્યને લીધે સુનતીઓનો સેવક થયો, એ માટે કે જે વચનો બાપદાદાઓને આપેલાં હતાં, તેઓને તે નિશ્ચિત કરે, ને વળી કે વિદેશીઓ પણ તેની દયાને લીધે દેવનો મહિમા પ્રગટ કરે, જેમ લખ્યું છે તેમ કે, એ કારણ માટે હું વિદેશીઓ મધ્યે તારી સ્તુતિ કરીશ, ને તારા નામનુ ગીત ગાઇશ. અને વળી તે કહે છે કે, ઓ વિદેશીઓ, તમે તેના લોકોની સંઘાતે હરખાઓ. અને વળી, ઓ સઘળા વિદેશીઓ, પ્રભુની સ્તુતિ કરો, અને સઘળા લોક તેનુ સ્તવન કરો. અને વળી યશાયાહ કહે છે કે, યિશાઇની જડ, એટલે વિદેશીઓ ઉપર રાજ્ય કરવાને જે ઉઠવાનો છે તે થશે, તેના પર વિદેશીઓ આશા રાખશે. હવે આશાનો દેવ તમને વિશ્વાસ રાખવામાં, સર્વ હર્ષ તથા શાંતિએ ભરપૂર કરો, એ સારૂ કે પવિત્ર આત્માની શક્તિએ કરીને તમારી આશા પુષ્કળ થાય.

સુવાર્તા. ૫. લુક ૨૧ ; ૨૫.

અને સુરજ તથા ચંદ્ર તથા તારાઓમાં ચિન્હો થશે; ને પૃથ્વી ઉપર દેશજાતિઓ, સમુદ્ર તથા મોજાંઓની ગર્જનાથી અકળાઇને, ગભરાશે; પૃથ્વી ઉપર જે આવી પડવાનુ છે તેની બીકથી તથા તેની વકીથી માણુસો નિર્ગત થશે: કેમકે આકાશમાંનાં પરાક્રમો હલાવાશે. અને ત્યારે તેઓ માણુસના દીકરાને પરાક્રમ તથા મહા મહિમા સહિત વાદળામાં આવતો જોશે. પણ આ વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારાં માથાં ઉચાં કરો, કેમકે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે.

અને તેણે તેઓને દૃષ્ટાંત કહ્યુ કે, અંજીરી તથા સર્વ ઝાડોને જુઓ. હવે તેઓ જ્યારે ફુટવા માંડે છે ત્યારે તમે તે જોઇને પોતાની મેળે જાણો છો કે ઉનાળો પાસે છે. તેમજ તમે પણ આ સઘળાં થતાં જુઓ, ત્યારે જાણજો કે દેવનું રાજ્ય પાસે છે. હું તમને ખચિત કહું છુ કે, સઘળાં પુરાં થશે ત્યાં લગી આ પેઢી ટળી જશે નહિ. આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી નહિ રહેશે.

આગમનનો ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ ઇસુ ખ્રીસ્ત, તેં પોતાના પહેલા આગમન વખતે તારી આગળ તારો માર્ગ સિદ્ધ કરવા સારૂ તારો સંદેશીઓ મોકલ્યો હતો, એવું કર કે, તારા ભેદોના સેવકો તથા કારભારીઓ પણ આજ્ઞાભંજકોનાં મનને ન્યાયીઓના જ્ઞાન તરફ વાળીને, તારો માર્ગ એવી રીતે સિદ્ધ કરે, કે જ્યારે આ જગતનો ન્યાય કરવા સારૂ તારૂં બીજું આગમન થાય, ત્યારે તું જે પિતા તથા પવિત્ર આત્મા સાથે સદા એક દેવ જુગોજુગ રાજ કરે છે, તારી આગળ અમે માન્ય થયલા લોકો ઠરીએ. આમેન.

પત્ર. ૧ કરીંથી. ૪; ૧.

હરેક માણુસે અમને ખ્રીસ્તના સેવકો તથા દેવના મર્મોના કારભારીઓના જેવા ગણવા. વળી કારભારીઓમાં એમ જોઇએ કે હરેક વિશ્વાસુ જણાય. પણ તમારાથી કે માણુસના ઇનસાફથી મારો ન્યાય કરાય, એ વિષે મને કંઈ ચિંતા નથી; હુ પોતાનો પણ ન્યાય કરતો નથી. કેમકે હુ પોતાને ઉલટું કંઈ જાણુતો નથી, પણ એથી હું ન્યાયી ઠરતો નથી, પણ મારો ન્યાય કરનાર પ્રભુ છે. માટે તમે સમયની અગાઉ, એટલે પ્રભુ આવે ત્યાં સુધી, કંઈ ન્યાય ન ઠરાવો; તે અંધકારની ગુપ્ત વસ્તુઓને દર્શાવશે, ને હૃદયોની ધારણા પ્રગટ કરશે; ને તે વેળા હરેકનું વખાણ દેવથી થશે.

સુવાર્તા. ૫. માત્થી ૧૧; ૨.

હવે યોહાને કેદખાનામાં ખ્રીસ્તનાં કામ સંબંધી સાંભળીને પોતાના શિષ્યોને મોકલીને તેને પુછાવ્યું કે, આવનાર તે તુંજ છે, કે અમે બીજાની વાટ જોઇએ? ત્યારે ઇસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, તમે જે જે સાંભળો છો ને જુઓ છો, તે જઇને યોહાનને કહી દેખાડો કે, આંધળા દેખતા થાય છે, ને પાંગળા ચાલતા થાય છે, કોઢિયા શુદ્ધ કરાય છે, ને બહેરા સાંભળતા થાય છે, મુએલા ઉઠડાય છે, ને દરિદ્રીઓને સુવાર્તા પ્રગટ કરાય છે. અને જે કોઈ મારા સંબંધી ઠોકર નહિ ખાશે તેને ધન્ય છે. અને તેઓ જતા હતા ત્યારે ઇસુ યોહાન સંબંધી લોકોને કહેવા લાગ્યો કે, તમે રાનમાં શું જોવા નિકળ્યા? શું પવનથી હાલતા બરૂને? પણ તમે શું જોવા નિકળ્યા? શું ઝીણાં લુગડાં પહેરેલા માણસને? જુઓ, જે ઝીણાં લુગડાં પહેરે છે તેઓ રાજાઓના મહેલોમાં છે. તો તમે શુ જોવા નિકળ્યા? શું ભવિષ્યવાદીને? હું તમને કહુ છું કે હા, ભવિષ્યવાદી કરતાં જે ઘણો વિશેષ તેને. જે સબંધી એ લખ્યુ છે કે, જો, હું મારા દૂતને તારા મ્હો આગળ મોકલું છુ, જે તારી આગળ તારો માર્ગ સિદ્ધ કરશે, તે એજ છે.

આગમનનો ચોથો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે, તારૂં સામર્થ્ય જાગૃત કરીને અમારી વચ્ચે આવ, અને મોટા બળથી અમારી સહાયતા કર; કે અમે, જે પોતાનાં પાપો તથા ભુંડાઇને લીધે, અમારી આગળ મુકેલી દોડમાં, અટકી તથા રોકાઇ પડેલાં છીએ, તેઓને તારી પુષ્કળ કૃપા તથા દયા ઉતાવળથી મદદ કરીને છોડાવે, આ તારા પુત્ર અમારા પ્રભુના પ્રાયશ્ચિત્તને માટે કર, જેને તારી તથા પવિત્ર આત્માની સાથે યુગોયુગ માન તથા મહિમા થાઓ. આમેન.

પત્ર. ફિલિપી. ૪, ૪.

પ્રભુમાં સદા આનંદ કરો; હુ ફરી કહું છું, કે આનંદ કરો. તમારી સહનશીલતા સર્વ માણસોને જણાય, પ્રભુ પાસે છે. કશાની ચિંતા ન કરો, પણ સર્વ વિષે પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત, તમારી અરજીઓ દેવને જણાવો. અને દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક, તે ખ્રીસ્ત ઇસુમાં તમારાં હૃદયોને તથા મનોને સંભાળશે.

સુવાર્તા. ૫. યોહાન ૧, ૧૯.

જ્યારે યહુદીઓએ યરૂશાલેમથી યાજકોને તથા લેવીઓને યોહાન પાસે એવું પુછવા સારૂ મોકલ્યા કે, તું કોણ છે? ત્યારે તેની શાહેદી આ હતી, એટલે તેણે કબૂલ કીધુ, ને નકાર કીધો નહિ, પણ કબૂલ કીધુ કે, હું તો ખ્રીસ્ત નથી. અને તેઓએ તેને પુછ્યું, તો શું? તું એલીયાહ છે? ને તે કહે છે કે, હું તે નથી. શું, તું તે આવનાર ભવિષ્યવાદી છે? ને તેણે ઉત્તર આપ્યો કે, ના. માટે તેઓએ તેને કહ્યુ કે, તું કોણ છે? કે જેઓએ અમને મોકલ્યા તેઓને અમે ઉત્તર આપીએ. તું પોતા વિષે શું કહે છે? તેણે કહ્યુ કે, યશાયાહ ભવિષ્યવાદીએ જે કહ્યુ કે, પ્રભુનો માર્ગ પાધરો કરો, તે પ્રમાણે રાનમાં ઘાંટો પાડનારની વાણી હુ છુ. અને ફરોશીઓ પાસેથી તેઓને મોકલવામાં આવ્યા હતા. અને તેઓએ તેને પુછ્યુ કે, જો તું તે ખ્રીસ્ત નથી, અથવા એલીયાહ નથી, અથવા તે ભવિષ્યવાદી નથી, તો તુ બાપ્તિસ્મા કેમ કરે છે? યોહાને તેઓને ઉત્તર આપતાં કહ્યુ કે, હુ પાણીથી બાપ્તિસ્મા કરૂ છુ, પણ તમારી વચ્ચે એક ઉભો રહેલો છે, કે જેને તમે નથી જાણતા, તેજ મારી પાછળ આવે છે, ને તેના ચંપલની વાધરી છોડવા હું યોગ્ય નથી. યરદનને પેલે પાર બેથાનીઆમાં જ્યાં યોહાન બાપ્તિસ્મા કરતો હતો, ત્યાં એ બિનાઓ બની.

આપણા પ્રભુનો જન્મદિવસ, જે નાતાલ કહેવાય છે તે.

સારપ્રાર્થના.

હે સર્વસમર્થ દેવ, તેં તારો એકાકી-જનિત દીકરો અમને આપી દીધો, કે તે અમારી પ્રકૃતિ ધારણ કરે, અને જાણે કે આ સમયે એક શુદ્ધ કુંવારીથી જન્મે; એવું કર કે, અમે નવો જન્મ પામીને, અને દત્તકપણા તથા કૃપા વડે તારાં છોકરાં બનીને, દિનપ્રતિદિન તારા પવિત્ર આત્મા વડે નવાં બનતાં જઇએ, તેજ અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા તેજ પવિત્ર આત્માની સાથે સદા એક દેવ જુગોજુગ જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. હેબ્રી. ૧, ૧.

દેવ ભવિષ્યવાદીઓને આસરે પહેલાં બાપદાદાઓની સાથે અનેકવારે તથા અનેક પ્રકારે બોલ્યા પછી, આ છેલ્લા દહાડાઓમાં દીકરાને આસરે આપણી સાથે બોલ્યો છે, કે જેને સઘળાંનો વારસ તેણે ઠરાવ્યો, ને જેનાથી જગતોને પણ ઉત્પન્ન કીધાં. તે તેના ગૌરવનુ તેજ તથા અસ્તિત્વની પ્રતિમા છે, ને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાં ધરી રાખે છે; તે પાપનું પ્રાયશ્ચિત્ત કરીને મહત્વની જમણી ગમ ઉંચામાં બેઠો છે. તે દૂતો કરતાં જેટલુ ચઢિયાતું નામ વતનથી પામ્યો છે, તેટલો તેઓ કરતાં તે ઉત્તમ છે. કેમકે તેણે દૂતોમાંના કયાને કદી એમ કહ્યુ કે, તુ મારો દીકરો છે, આજ મેં તને જન્માવ્યો છે? ને વળી, હુ તેનો બાપ થઈશ, ને તે મારો દીકરો થશે? અને જ્યારે તે પ્રથમજનિતને ફરી જગતમાં લાવે છે ત્યારે કહે છે કે, દેવના સઘળા દૂત તેનું ભજન કરો. અને દૂતો સંબંધી તે એમ કહે છે કે, તે પોતાના દૂતોને વાયુ જેવા, ને પોતાના સેવકોને અગ્નિની ઝાળ જેવા કરે છે. પણ દીકરાને તે કહે છે, ઓ દેવ, તારૂ રાજ્યાસન સદા સર્વકાળ છે, ને ન્યાયીપણાનો દંડ તારો રાજ્યદંડ છે. તેં ન્યાયીપણા પર પ્રીતિ કીધી, ને અન્યાય પર દ્વેષ કીધો, એ માટે દેવે, એટલે તારા દેવે, તારા સાથીઓ કરતાં અધિક તને હરખરૂપ તેલે અભિષિક્ત કીધો છે. વળી, ઓ પ્રભુ, તેં આરંભમાં પૃથ્વી સ્થાપી, ને આકાશો તારા હાથનાં કામ છે. તેઓ નાશ પામશે, પણ તું સ્થિર રહે છે; ને તેઓ સઘળાં વસ્ત્રની પેઠે જુનાં થઈ જશે; ને તું જામાની પેઠે તેઓને લપેટીશ; ને વસ્ત્રની પેઠે તેઓ બદલાશે, પણ તું તેવો ને તેવોજ છે, ને તારાં વર્ષ કદી થઇ રહેશે નહિ.

સુવાર્તા. ૫. યોહાન ૧; ૧.

આદિએ શબ્દ હતો, ને શબ્દ દેવની સંઘાતે હતો, ને શબ્દ દેવ હતો. તેજ આદિએ દેવની સંઘાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ. તેનામાં જીવન હતું; ને તે જીવન માણસોનુ અજવાળું હતું. અને તે અજવાળું અંધારામાં પ્રકાશે છે, પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ. દેવનો મોકલેલો એક માણસ આવ્યો, કે જેનું નામ યોહાન હતું. તે શાહેદીને સારૂ આવ્યો કે અજવાળા વિષે તે શાહેદી આપે, એ માટે કે સર્વ તેનાથી વિશ્વાસ કરે. તે તો તે અજવાળું ન હતો, પણ તે અજવાળા વિષે શાહેદી આપવાને તે આવ્યો હતો. ખરૂં અજવાળું તે હતું, કે જે જગતમાં આવીને હરેક માણસને પ્રકાશ આપે છે. તે જગતમાં હતો, ને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તોપણ જગતે તેને ઓળખ્યો નહિ. તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના લોકોએ તેનો અંગીકાર કીધો નહિ. પણ જેટલાએ તેનો

અંગીકાર કીધો, એટલે જેટલા તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો. તેઓ લોહીથી નહિ, કે દેહની ઇચ્છાથી નહિ, કે માણસની ઇચ્છાથી નહિ, પણ દેવથી જન્મ પામ્યા: અને શબ્દ સદેહ થયો, ને આપણી મધ્યે વસ્યો, (ને બાપના એકાકીજનિત દીકરાના મહિમા સરખો તેનો મહિમા અમે દીઠો); તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.

પવિત્ર સ્તેફનનો દિવસ.

સારપ્રાર્થના.

હે પ્રભુ, એવું કર કે, તારા સતને માટે સાક્ષી પુરતાં, આ પૃથ્વી પર જે દુઃખો અમારા પર પડે, તે બધાંમાં અમે આકાશ તરફ ધારીને જોતાં રહીએ, અને જે મહિમા પ્રગટ થવાનો છે, તેને વિશ્વાસ વડે નિહાળીએ; તથા ધર્મને માટે તારા પ્રથમ મરનાર પવિત્ર સ્તેફને જેમ પોતાના મારનારાઓને માટે પ્રાર્થના કીધી, તેમ અમે પણ તેનો નમુનો લઇ, પવિત્ર આત્માથી ભરેલા થઇને, અમારા સતાવનારાઓ પર પ્રેમ કરવા તથા આશીર્વાદ આપતાં શિખીએ. હે ધન્યવાન ઇસુ, જેઓ તારે લીધે દુઃખ વેઠે છે, તે બધાંની મદદ માટે તું દેવના જમણા હાથ ઉપર ઉભેલો છે, અને અમારો મધ્યસ્થ તથા પક્ષવાદી એકલો તુંજ છે. આમેન.

¶ આ પછી અને નવા વરસના જાગરણ સુધી નાતાલની સારપ્રાર્થના હમેશાં વંચાય.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૭; ૫૫.

પવિત્ર આત્માથી ભરપૂર થઇને સ્તેફને આકાશ તરફ એકી નજરે જોઇ રહેતાં, દેવનો મહિમા તથા દેવને જમણે હાથે ઇસુને ઉભેલો દીઠો. અને તેણે કહ્યુ કે, જુઓ, આકશ ઉઘડેલું તથા દેવને જમણે હાથે માણસના દીકરાને ઉભેલો જોઉં છું. પણ તેઓએ મોટે ઘાંટે બૂમ પાડીને પોતાના કાન બંધ કર્યા, ને તેના પર એક સંપે ધસી પડ્યા. અને તેઓએ તેને શહેર બહાર કાઢીને પત્થરે માર્યો, ને શાઉલ નામે એક જુવાનના પગ આગળ સાક્ષીઓએ પોતાનાં લુગડાં મુક્યાં હતાં. અને તેઓ સ્તેફનને પત્થરે મારતા હતા ત્યારે તેણે પ્રભુની પ્રાર્થના કરતાં કહ્યુ કે, ઓ પ્રભુ ઇસુ, મારા આત્માનો અંગીકાર કર. અને તેણે ઘુંટણ ટેકવીને મોટો ઘાંટો પાડીને કહ્યુ કે, ઓ પ્રભુ, આ દોષ તેઓને લેખે ન ગણ. અને એમ કહીને તે ઉંઘી ગયો.

સુવાર્તા. ૫. માત્થી ૨૩; ૩૪.

જુઓ, ભવિષ્યવાદીઓને તથા જ્ઞાનીઓને તથા શાસ્ત્રીઓને હું તમારી પાસે મોકલું છું, ને તમે તેઓમાંના કેટલાએકને મારી નાખશો, ને વધસ્તંભે જડશો, ને તેઓમાંના કેટલાએકને તમારાં સભાસ્થાનોમાં કોરડા મારશો, ને નગરે નગર તેઓની પુઠે લાગશો; કે ન્યાયી હાબેલના લોહીથી તે બારખી-

આના દીકરા જાખરીઆ, જેને મંદિરની તથા હોમવેદીની વચ્ચે તમે મારી નાખ્યો હતો, તેના લોહી સુધી જે બધા ન્યાયીઓનું લોહી પૃથ્વી પર વહેવડાવ્યું હતું, તે તમ પર આવે. હુ તમને ખચિત કહુ છું કે એ બધુ આ પેઢી પર આવશે.

ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, ભવિષ્ય-વાદીઓને મારી નાખનાર, ને તારી પાસે મોકલેલાઓને પત્થરે મારનાર! જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠાં કરે છે, તેમ તારાં છોકરાંને એકઠાં કરવાનું મેં કેટલી વાર ચાહ્યુ, પણ તમે ચાહ્યુ નહિ! જુઓ, તમારે સારૂ તમારૂં ઘર ઉજડ મુકાયું છે. કેમકે હુ તમને કહું છુ કે, પ્રભુને નામે જે આવે તે આશીર્વાદિત છે, એવુ કહેશો ત્યાં સુધી હવેથી તમે મને નહિજ દેખશો.

પવિત્ર યોહાન સુવાર્તિકનો દિવસ.

સારપ્રાર્થના.

હે દયાળુ પ્રભુ, અમે વિનંતી કરીએ છીએ કે, તારા પ્રકાશનાં ચળકતાં કિરણ તારી મંડળી પર પાડ, કે તારા આશીર્વાદિત પ્રેરિત તથા સુવાર્તિક પવિત્ર યોહાનની શિખામણથી પ્રકાશિત થઇને, તે તારા સતના અજવાળામાં એવી રીતે ચાલે, કે આખરે અનંત જીવનના અજવાળાને પહોંચે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ યોહાન ૧, ૧.

જીવનના શબ્દ સંબંધીનું, જે આરંભથી હતું, જે અમે સાંભળ્યું છે, જે અમે પોતાની આંખે દીઠું છે, જેના પર અમે જોયું, ને જેને અમે પોતાને હાથે અડકયા. (અને તે જીવન પ્રગટ થયું, ને અમે તે જોયું છે, ને સાક્ષી પૂરીએ છીએ, ને તે અનંતકાળનું જીવન જે બાપની પાસે હતું, ને અમને પ્રગટ થયું, તે તમને કહી દેખાડીએ છીએ). હા, જે અમે દીઠું તથા સાંભળ્યું છે, તે તમને પણ કહી દેખાડીએ છીએ એ માટે કે, તમારી પણ અમારી સાથે સંગત થાય; અને અમારી સંગત બાપની સાથે તથા તેના પુત્ર ઇસુ ખ્રીસ્તની સાથે છે. અને અમારો આનંદ સપૂર્ણ થાય, માટે એ વાતો અમે લખીએ છીએ.

હવે જે સંદેશો અમે તેનાથી સાંભળ્યો છે ને તમને જણાવીએ છીએ, તે એ છે કે દેવ અજવાળુ છે, ને તેનામાં કંઈ પણ અંધારૂ નથી. જો આપણે કહીએ, કે તેની સાથે આપણી સંગત છે, ને અંધારામાં ચાલીએ, તો જુઠું બોલીએ છીએ, ને સત્ય પાળતા નથી. પણ જેમ તે અજવાળામાં છે, તેમ જો આપણે અજવાળામાં ચાલીએ, તો આપણને એક બીજાની સાથે સંગત છે, ને તેના પુત્ર ઇસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. જો આપણે કહીએ કે, આપણને પાપ નથી, તો આપણે પોતાને ભુલાવીએ છીએ, ને

આપણામાં સત્ય નથી. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવા તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. જો આપણે કહીએ, કે આપણે પાપ કીધુ નથી, તો આપણે તેને જુઠો પાડીએ છીએ, ને તેનુ વચન આપણામાં નથી.

સુવાર્તા. ૫. યોહાન ૨૧, ૧૯.

ઇસુ પીતરને કહે છે કે, મારી પાછળ આવ. ત્યારે જે શિષ્ય પર ઇસુ પ્રેમ રાખતો હતો, અને જેણે જમતી વેળાએ ઇસુની છાતી પર અઢેલીને કહ્યુ હતુ કે, પ્રભુ, જે તને પરસ્વાધીન કરશે તે કોણ છે? તે શિષ્યને પાછળ આવતો પીતરે પાછા ફરીને જોયો. ત્યારે પીતર તેને જોઇને ઇસુને કહે છે કે, પ્રભુ, એ માણસ શું કરશે? ઇસુ તેને કહે છે કે, હુ આવુ ત્યાં લગી તે રહે એવી મારી ઇચ્છા હોય તો તેમાં તારે શું? તું મારી પાછળ આવ. તેથી એ વાત ભાઇઓમાં ફેલાઇ ગઇ કે તે શિષ્ય મરવાનો નથી. પણ ઇસુએ તેને એમ નહોતું કહ્યુ કે, તે નહિ મરશે; પણ એમ કે, હુ આવું ત્યાં લગી તે રહે એવી મારી ઇચ્છા હોય, તો તેમાં તારે શુ?

જે શિષ્યે આ વાતો સંબંધી શાહેદી આપી છે ને આ વાતો લખી છે, તે એજ છે, ને તેની શાહેદી ખરી છે, એ અમે જાણીએ છીએ.

અને ઇસુનાં કરેલાં કામ બીજાં પણ ઘણાં છે, ને તેઓમાંનું દરેક જો લખવામાં આવે તો તે લખેલાં પુસ્તકો આ જગતમાં પણ માય નહિ, એમ હુ ધારૂ છુ.

નિર્દોષ બાળકોનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં બાળકો તથા ધાવણાંઓનાં મુખમાંથી બળ સિદ્ધ કીધુ છે, અને તે નાનાં બાળકોનાં મરણથી પોતાનો મહિમા પ્રગટ કીધો, **અમારામાંથી સર્વ** દુર્ગુણોને મારીને નાશ કર, અને તારી કૃપા વડે અમને એવી શક્તિ આપ, કે અમારી ચાલની નિર્દોષતા, તથા મરતાં સુધી અમારા સ્થિર વિશ્વાસ વડે, તારા પવિત્ર નામનો મહિમા કરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રકટી. ૧૪, ૧.

મે જોયુ, ને જુઓ, સિયોન પહાડ પર હલવાન ઉભું હતું, ને તેની સાથે એક લાખ ચુમ્માળીસ હજાર હતા જેઓનાં કપાળ પર તેનું તથા તેના બાપનું નામ લખ્યુ હતું. અને ઘણાં પાણીના અવાજના જેવી તથા મોટી ગર્જનાના અવાજના જેવી આકાશમાંથી મેં વાણી સાંભળી; ને વીણા વગાડનારાઓ પોતાની વીણા વગાડતા હોય એવી વાણી મેં સાંભળી. અને રાજ્યાસનની તથા ચાર પ્રાણીઓની તથા વડીલોની આગળ

તેઓ નવા કીર્તન જેવું ગાય છે, ને પૃથ્વી પરથી જે એક લાખ ચુમ્માળીસ હજાર ખરીદાયલા હતા, તેઓ વગર કોઈ તે કીર્તન શિખી ન શક્યું. બાયડીઓની સાથે જેઓ અશુદ્ધ નથી થયા તેઓ એ છે; કેમકે તેઓ કુંવારા છે, ને હલવાન જ્યાં જાય છે ત્યાં તેની પાછળ જે ચાલે છે તેઓ એ છે, તેઓ દેવને તથા હલવાનને સારૂ પ્રથમ ફળ થવાને માણસમાંથી ખરીદાયલા હતા, ને તેઓનાં મ્હોમાં જુઠું ન હતુ, તેઓ નિર્દોષ છે.

સુવાર્તા. ૫. માત્થી ૨, ૧૩.

પ્રભુના દૂતે સ્વપ્નમાં યુસફને દર્શન આપીને કહ્યુ કે, તુ ઉઠ, ને બાળક તથા તેની માને લઇને મિસરમાં નાસી જા, ને હુ તને કહું ત્યાં લગી ત્યાંજ રહે, કેમકે બાળકને મારી નાખવા સારૂ હેરોદ તેની શોધ કરવાનો છે. ત્યારે તે ઉઠીને બાળક તથા તેની માને રાત્રે લઇને મિસરમાં ગયો, અને હેરોદના મરણ લગી ત્યાં રહ્યો, એ માટે કે પ્રભુએ ભવિષ્યવાદી મારફત જે કહ્યુ હતું તે પૂરૂ થાય કે, મિસરમાંથી મે મારા દીકરાને બોલાવ્યો. જ્યારે હેરોદે જોયું કે માગીઓએ મને ઠગ્યો, ત્યારે તે ઘણો ગુસ્સે થયો, ને માણસ મોકલીને તેણે જે વેળા સબંધી માગીઓની પાસેથી ચોકસાઇથી ખબર મેળવી હતી, તે વેળા પ્રમાણે બે વર્ષના તથા તેથી નાના સઘળા બાળકો જેઓ બેથલેહેમમાં તથા તેની સઘળી સીમમાં હતા, તેઓને મારી નખાવ્યા. ત્યારે યિર્મેયાહ ભવિષ્યવાદીએ જે કહ્યુ હતું તે પૂરૂ થયુ કે, રડવાનો તથા મોટા વિલાપનો પોકાર રામામાં સંભળાયો, રાહેલ પોતાનાં બાળકો સારૂ રડતી, ને દિલાસો પામવાને નહોતી ચહાતી, કેમકે તેઓ નથી.

નાતાલ પછીનો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વસમર્થ દેવ, તે તારો એકાશ્નજનિત દીકરો અમને આપી દીધો, કે તે અમારી પ્રકૃતિ ધારણ કરે, અને જાણે કે આ સમયે એક શુદ્ધ કુંવારીથી જન્મે; એવુ કર કે અમે નવો જન્મ પામીને, અને દત્તકપણા તથા કૃપા વડે તારાં છોકરાં બનીને, દિનપ્રતિદિન તારા પવિત્ર આત્મા વડે નવાં બનતાં જઇએ; તેજ અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા તેજ પવિત્ર આત્માની સાથે સદા એક દેવ જુગોજુગ જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ગલાતી ૪; ૧.

અને હુ કહુ છુ કે વારસ જ્યાં સુધી બાળક છે, ત્યાં સુધી સઘળાનો ધણી છતાં પણ દાસમાં ને તેનામાં કંઈ ફેર નથી; પણ બાપના ઠરાવેલા વખત સુધી વાલીઓ તથા કારભારીઓને આધીન છે. એ પ્રમાણે આપણે પણ જ્યારે બાળક હતા, ત્યારે જગતના તત્વ તળે રહીને દાસપણામાં હતા. પણ સમ-

યની સંપૂર્ણતા આવી, ત્યારે દેવે પોતાનો દીકરો બાયડીથી જન્મેલો, ને નિયમતળે જન્મેલો, એવો મોકલ્યો, કે નિયમતળે જેઓ હતા, તેઓને તે છોડાવી લે, એ માટે કે આપણે દત્તકપુત્રપણું પામીએ. અને તમે દીકરા છો, એ માટે દેવે આપણાં હ્રદયમાં પોતાના દીકરાનો આત્મા મોકલ્યો છે, જે આબા, બાપ, એમ હાંક મારે છે. એ સારૂ હવેથી તું દાસ નથી પણ દીકરો, ને જો તું દીકરો, તો દેવને આસરે વારસ પણ છે.

સુવાર્તા. ૫. માત્થી ૧ ; ૧૮.

ઇસુ ખ્રીસ્તનો જન્મ એમ થયો કે તેની મા મરિયમનુ વેવીશાળ યુસફ જોડે થયા પછી, તેઓનો મિલાપ થયા અગાઉ તે પવિત્ર આત્માથી ગર્ભવતી થએલી જણાઇ. અને તેનો વર યુસફ જે નીતિવાન હતો, તેણે તેનુ ઉઘાડું અપમાન કરવા ન ચહાતાં, તેને ગુપ્ત રીતે મુકી દેવાનુ ધાર્યું. પણ એ સબંધી તે વિચારતો હતો, ત્યારે જુઓ, પ્રભુના દૂતે તેને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, ઓ યુસફ, દાઉદના દીકરા, તારી વહુ મરિયમને તેડી લાવવાને બિહી મા ; કેમકે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે. અને તે દીકરો જણશે, ને તું તેનુ નામ ઇસુ પાડશે ; કેમકે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એજ છે. હવે એ બધુ એ માટે થયુ કે, પ્રભુએ ભવિષ્યવાદી મારફત જે કહ્યુ હતુ તે પુરૂં થાય કે, જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને દીકરો જણશે, ને તેનુ નામ તેઓ ઇમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, દેવ આપણી સાથે. ત્યારે યુસફે ઉંઘમાંથી ઉઠીને જેમ પ્રભુના દૂતે તેને આજ્ઞા આપી હતી તેમ કીધુ, એટલે તે પોતાની વહુને તેડી લાવ્યો. અને તેણીએ પોતાના પહેલા દીકરાને જણ્યો ત્યાં સુધી તેણે તેણીને જાણી નહિ ; ને તેણે તેનું નામ ઇસુ પાડયું.

ખ્રીસ્તની સુન્નતનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તે તારા ધન્યવાન પુત્રની સુન્નત કરાવીને માણસને માટે તેને નિયમાધીન કરી દીધો ; અમને આત્માની ખરી સુન્નત આપ, કે અમારાં મન અને અમારા બધા અવયવ, બધી સંસારિક તથા દૈહિક ઇચ્છાઓ વિષે મરી જાય, અને અમે બધી વાતોમાં તારી ધન્યવાન ઇચ્છાને આધીન થઇએ ; તેજ તારા દીકરા ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૪; ૮.

જેને લેખે પ્રભુ પાપ નહિ ગણે તે માણસને ધન્ય છે. ત્યારે એ ધન્યવાદ સુન્નતીનેજ આપવામાં આવ્યો છે, કે બેસુન્નતીને પણ? આપણે એવું તો કહીએ છીએ કે ઇબ્રાહીમનો વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણાયો હતો. ત્યારે તે શી રીતે ગણાયો? તે સુન્નતી હતો ત્યારે? કે બેસુન્નતી હતો ત્યારે?

સુન્નતી હતો ત્યારે નહિ, પણ બેસુન્નતી હતો ત્યારે. અને તે બેસુન્નતી હતો ત્યારે વિશ્વાસથી જે ન્યાયીપણું તેને મળ્યુ હતું, તેની મુદ્રા થવા સારૂ તે સુન્નતની નિશાણી પામ્યો, એ માટે કે, સર્વ બેસુન્નતી વિશ્વાસીઓનો પૂર્વજ તે થાય કે તેઓને લેખે પણ ન્યાયીપણું ગણાય. અને સુન્નતીઓનો પૂર્વજ, એટલે જેઓ સુન્નતી છે એટલુજ નહિ, પણ આપણો બાપ ઇબ્રાહીમ બેસુન્નતી હતો તે વખતમાં તેના વિશ્વાસનાં પગલામાં જેઓ ચાલે છે તેઓનો પણ તે પૂર્વજ થાય. કેમકે જગતના વારસ થવાનું વચન ઇબ્રાહીમને કે તેના વંશને નિયમદ્વારા ન હતુ, પણ વિશ્વાસના ન્યાયીપણાદ્વારા મળ્યું હતું. કેમકે જો નિયમને માનનારા વારસ હોય, તો વિશ્વાસ નિરર્થક થયો, ને વચન વ્યર્થ થયુ.

સુવાર્તા. ૫. લુક ૨, ૧૫.

અને એમ થયુ કે દૂતો તેઓની પાસેથી આકાશમાં ગયા પછી, તે ઘેટાપાળકોએ એક બીજાને કહ્યુ કે, ચાલો, હવે આપણે બેથલેહેમ જઇએ, ને આ થએલી વાત જેની ખબર પ્રભુએ આપણને આપી છે તે જોઇએ. અને તેઓ ઉતાવળથી ગયા, ને મરિયમને તથા યુસફને તથા ગભાણમાં સુતેલા બાળકને દીઠાં અને દીઠા પછી જે વાત એ છોકરા સંબંધી તેઓને કહેવામાં આવી હતી, તે તેઓએ જાહેર કીધી. અને જે વાતો ઘેટાંપાળકોએ તેમને કહી, તેથી સઘળા સાંભળનારાઓ અચરત થયા, પણ મરિયમ એ સઘળી વાતો મનમાં રાખીને તેઓ વિષે વિચાર કરતી. અને ઘેટાંપાળકોએ જેમ તેઓને કહેવામાં આવ્યુ હતું તેમ તેઓએ બધુ સાંભળ્યુ તથા જોયુ, તેને લીધે તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ કરતા પાછા ગયા

અને આઠ દહાડા પૂરા થયા પછી તેની સુન્નત કરવાનો વખત આવ્યો, ત્યારે તેનું નામ ઇસુ પાડયુ, કે જે નામ તે પેટ રહ્યો ત્યાર પહેલાં દૂતે પાડયુ હતું.

आ सारप्रार्थना तथा पत्र तथा सुवार्ता एपिफनीना पर्व सुधी दररोज वंचाय.

એપિફની એટલે વિદેશીઓને ખ્રીસ્તનું પ્રકટીકરણ.

સારપ્રાર્થના.

હે દેવ, તે એક તારાની આગેવાનીથી તારા એકાકીજનિત દીકરાને વિદેશીઓ આગળ પ્રગટ કીધો; દયા કરીને એવુ કર કે, અમે જે હમણાં તને વિશ્વાસથી જાણીએ છીએ, આ જીવન પછી તારા મહિમાવાન દેવત્વના પ્રત્યક્ષ દર્શનનુ સુખ ભોગવીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૩; ૧.

એ કારણ માટે, હુ પાઉલ તમ વિદેશીઓને વાસ્તે ખ્રીસ્ત ઇસુનો બદીવાન, દેવની જે કૃપા તમારે સારૂ મને અપાએલી છે, તેના કારભાર વિષે તમે

સાંભળ્યું હશે કે, પ્રકટીકરણથી તેણે મને મર્મ જણાવ્યો; તે પ્રમાણે મેં અગાઉ થોડામાં લખ્યું; તેથી તમે વાંચીને ખ્રીસ્તના મર્મ વિષેની મારી સમજ જાણી શકશો. તે જેમ હમણાં તેના પવિત્ર પ્રેરિતોને તથા ભવિષ્યવાદીઓને આત્માથી પ્રગટ થએલો છે, તેમ બીજી પેઢીઓમાં માણસના દીકરાઓને તે જણાએલો ન હતો, કે વિદેશીઓ, ખ્રીસ્ત ઇસુમાં સુવાર્તાને આસરે, સાથી વારસો તથા શરીરના સાથી અવયવો, તથા તેના વચનના સાથી ભાગીદારો છે, દેવના સામર્થ્યના પરાક્રમે કરીને, તેની કૃપાનું દાન જે મને અપાએલુ હતું તે પ્રમાણે, હું આ સુવાર્તાનો સેવક થએલો છું. હું પવિત્રોમાંના નાનાઓમાંનો નાનો છતાં આ કૃપા મને આપેલી છે કે, હું વિદેશીઓમાં ખ્રીસ્તની અશોધ્ય સંપતની સુવાર્તા પ્રગટ કરૂં; ને દેવ જેણે બધાં સૃજ્યાં, તેનામાં યુગોથી ગુપ્ત રહેલા મર્મનો કારભાર શો છે તે હું સઘળાને જણાવું. એ સારૂ કે જે સનાતન કાળનો ઇરાદો તેણે આપણા પ્રભુ ખ્રીસ્ત ઇસુમાં કીધો, તે પ્રમાણે આકાશી જગ્યાઓમાં અધિપતિઓને તથા અધિકારીઓને દેવનું બહુ પ્રકારનું જ્ઞાન મંડળીને આસરે જણાય. તે ખ્રીસ્ત ઇસુમાં તે પરના વિશ્વાસથી આપણને હિમ્મત તથા ભરોસા સહિત પ્રવેશ છે.

સુવાર્તા. ૫. માત્થી ૨; ૧.

હેરોદ રાજાના સમયમાં યહુદાહના બેથલેહેમમાં ઇસુ જન્મ્યો, ત્યારે જુઓ, માગીઓએ પૂર્વથી યરૂશાલેમમાં આવીને પુછ્યું કે, યહુદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે? કેમકે પૂર્વમાં અમે તેનો તારો જોયો, ને તેનું ભજન કરવાને આવ્યા છીએ. અને એ સાંભળીને હેરોદ રાજા તથા તેની સાથે આખું યરૂશાલેમ ગભરાયું. પછી તેણે સઘળા મુખ્ય યાજકોને તથા લોકોના શાસ્ત્રીઓને એકઠા કરીને તેઓને પુછ્યું કે, ખ્રીસ્તનો જન્મ ક્યાં હોવો જોઇએ? ત્યારે તેઓએ તેને કહ્યુ કે, યહુદાહના બેથલેહેમમાં, કેમકે ભવિષ્યવાદીએ એમ લખ્યુ છે કે, ઓ યહુદાહ દેશના બેથલેહેમ, તુ યહુદાહના સુબાઓમાં કોઇ પ્રકારે સર્વથી નાનુ નથી, કેમકે તારામાંથી એક અધિપતિ નિકળશે, જે મારા ઇસ્રાએલી લોકોનુ પાળણ કરશે. ત્યારે હેરોદે તે માગીઓને ગુપ્ત રીતે તેડીને, તારો કઈ વેળાએ દેખાયો, તે વિષે તેઓ પાસેથી ખબર ચોકસાઇથી મેળવી. અને તેણે તેઓને બેથલેહેમમાં મોકલતાં કહ્યુ કે, તમે જઇને તે બાળક સંબંધી સારી પેઠે શોધ કરો, ને જડયા પછી મને ખબર આપો, એ માટે કે હું પણ આવીને તેનું ભજન કરૂં. ત્યારે તેઓ રાજાનું સાંભળીને ગયા, ને જુઓ, જે તારો પૂર્વમાં તેઓએ દીઠો હતો તે તેઓની આગળ ચાલતો ગયો, ને બાળક હતો તે ઠેકાણા ઉપર આવીને થંભ્યો. અને તેઓ તારાને જોઇને મહા આનંદથી હરખાયા. અને ઘરમાં જઇને

તેઓએ બાળકને તેની મા મરિયમની પાસે દીઠો, ને પગે પડીને તેનું ભજન કીધુ; પછી તેઓએ પોતાની જોણગી છોડીને સોના તથા લોબાન તથા બોળનું તેને નજરાણું કીધું. અને હેરોદ પાસે પાછા જવુ નહિ, એમ સ્વપ્નમાં ચેતવણી મળ્યાથી તેઓ બીજે માર્ગે પોતાના દેશમાં પાછા ગયા.

એપિફની પછી પહેલો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા જે લોકો તને હાંક મારે છે, તેમની પ્રાર્થનાઓનો દયા કરીને અંગીકાર કર, અને એવું કર કે, જે કામો તેમણે કરવાં જોઇએ તેમને તેઓ સમજે તથા જાણે, અને તેમને વિશ્વાસુપણાથી કરવાને માટે કૃપા તથા શક્તિ પણ પામે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન

પત્ર. રૂમી. ૧૨; ૧.

ત્યારે, ઓ ભાઇઓ, હુ તમને વિનંતી કરૂ છું કે, દેવની દયાની ખાતર તમે પોતાનાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિસપન્ન સેવા છે. અને આ જગતનુ રૂપ તમે ન ધરો; પણ તમારાં મનોના નવીનકરણથી પરમ રૂપમાં બદલાઓ, એ માટે કે દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો.

વળી જે કૃપા મને આપવામાં આવી છે, તેના આસરાથી, હું તમારામાંના દરેક જણને કહું છું કે, પોતાને જેવો ગણવો જોઇએ, તે કરતાં વિશેષ ન ગણવો, પણ જે પ્રમાણે દેવે દરેકને વિશ્વાસનુ માપ વહેંચી આપ્યું હોય, તે પ્રમાણે દરેક પોતાને નમ્રતાથી ગણવો. કેમકે જેમ આપણને એક શરીરના ઘણા અવયવો છે, ને સઘળા અવયવોને એકજ કામ નથી, તેમ આપણે ઘણાં છતાં ખ્રીસ્તમાં એક શરીર છીએ, ને માહોમાંહે એકમેકના અવયવો છીએ.

સુવાર્તા. ૫. લુક ૨; ૪૧.

અને તેનાં માબાપ વરસોવરસ પાસ્ખાપર્વમાં યરૂશાલેમ જતાં હતાં. અને તે બાર વરસનો થયો, ત્યારે તેઓ પર્વની રીત પ્રમાણે ત્યાં ગયાં. અને પર્વના દિવસો પૂરા કરીને તેઓ પાછાં જવા લાગ્યાં, ત્યારે છોકરો ઇસુ યરૂશાલેમમાં પછવાડે રહ્યો, ને તેનાં માબાપને તેની ખબર ન પડી. પણ તે સંઘમાં છે, એમ ધારીને તેઓએ એક મજલ ગયા પછી પોતાનાં સગાંમાં તથા ઓળખીતાંમાં તેને શોધ્યો. અને તે તેઓને જડયો નહિ, ત્યારે તેઓ તેને શોધતાં શોધતાં યરૂશાલેમ પાછાં ગયાં. અને એમ થયુ કે ત્રણ દહાડા પછી તેઓએ તેને મંદિરમાં ધર્મશિક્ષકોની વચમાં બેઠલો તેઓનું સાંભળતો તથા તેઓને

સવાલો પુછતો દીઠો. અને જેઓએ તેનું સાંભળ્યું તેઓ બધા તેની સમજણથી તથા તેના ઉત્તરોથી વિસ્મિત થયા. અને તેને જોઇને તેઓ અચરતી પામ્યા; ને તેની માએ તેને કહ્યું કે, દીકરા, અમારી સાથે તું આવી રીતે કેમ વર્ત્યો? જો, તારા બાપે તથા મે દુ:ખી થઇને તારી શોધ કીધી અને તેણે તેઓને કહ્યું કે, તમે મારી શોધ શા માટે કીધી? શું તમે જાણતાં નહોતાં કે મારા બાપને ત્યાં મારે હોવું જોઇએ? અને જે વાત તેણે તેઓને કહી તે તેઓ સમજ્યાં નહિ. અને તે તેઓની સાથે ગયો, ને નાઝારેથમાં આવ્યો, ને તે તેઓને આધીન રહ્યો, ને તેની માએ એ સઘળી વાતો પોતાના મનમાં રાખી. અને ઇસુ જ્ઞાનમાં તથા કદમાં, ને દેવની તથા માણસની પ્રસન્નતામાં, વધતો ગયો.

એપિફ્નીની પછી બીજો રવિવાર.

સારપ્રાર્થના

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તું આકાશ તથા પૃથ્વીની બધી વસ્તુ પર અધિકાર રાખે છે, દયા કરીને તારા લોકોની વિનંતીઓને સાંભળીને અમારા જીવનના બધા દિવસો સુધી તારી શાંતિ અમને આપ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૧૨; ૬.

અને આપણને જે કૃપા આપવામાં આવી છે, તે પ્રમાણે જુદાં જુદાં વરદાન આપણને મળ્યાં છે; તેથી જો પ્રબોધ કરવાનું દાન મળ્યું હોય, તો પોતાના વિશ્વાસના પ્રમાણમાં કરવો; અથવા જો સેવાનું તો સેવામાં લાગુ રહેવું; વળી જે શિક્ષક હોય તેણે શિખવવામાં લાગુ રહેવું; ને જે સુબોધ કરનાર તેણે સુબોધ કરવામાં લાગુ રહેવું; જે દાન કરે છે તેણે ઉદારતાથી કરવું; જે અધિકાર ચલાવે છે તેણે આતુરતાથી ચલાવવો; ને જે દયા કરે છે તેણે હર્ખથી કરવી. તમારો પ્રેમ ઢોંગ વગરનો થાય, જે ભુડું છે તેને ધિક્કારો, જે સારૂ છે તેને વળગી રહો. ભાઇઓ પ્રત્યે જેવી પ્રીતિ ઘટે તેવી નિકટ પ્રીતિ એક બીજા પર રાખો; માન સંબંધી એક બીજાને અધિક ગણો. ઉદ્યોગમાં આળસ વગરના થાઓ, આત્મામાં આતુર થાઓ; પ્રભુની સેવા કરો, આશામાં હરખ કરો; સંકટમાં ધીરજ રાખો, પ્રાર્થનામાં લાગુ રહો. સંતોના ખપ પૂરા પાડો, પરોણાગત કરનારા થાઓ. તમારા સતાવનારાઓને આશીર્વાદ આપો; આશીર્વાદજ આપો, ને શાપ આપતા ના. હરખનારાઓની સાથે હરખાઓ. રડનારાઓની સાથે રડો. માહોમાંહે એક મનના થાઓ; તમારૂં મન ઉંચ વાનાં પર ન લગાડો, પણ નમ્ર ભાવ રાખીને દીનોની કાળજી રાખો.

સુવાર્તા. ૫. યોહાન ૨; ૧.

અને ત્રીજે દહાડે ગાલીલના કાનામાં લગ્ન હતું; ને ઇસુની મા ત્યાં હતી. અને ઇસુને તથા તેના શિષ્યોને પણ તે લગ્નમાં

નોતર્યા હતા. અને દ્રાક્ષરસ ખૂટયો ત્યારે ઇસુની મા તેને કહે છે કે, તેઓની પાસે દ્રાક્ષરસ નથી. અને ઇસુ તેને કહે છે કે, બાઈ, મારે ને તારે શું? મારો સમય હજી નથી આવ્યો. તેની મા ચાકરોને કહે છે કે, જે કંઈ તે તમને કહે તે કરો. હવે યહુદીઓની શુદ્ધ કરવાની રીત પ્રમાણે હરેકમાં બબે કે ત્રણ ત્રણ મણ પાણી માય એવાં પત્થરનાં છ કુંડાં ત્યાં મુકેલાં હતાં. ઇસુ તેઓને કહે છે કે, તે કુંડાં પાણીથી ભરો; ને તેઓએ તેઓને છલાછલ ભર્યાં. ત્યારે તે તેઓને કહે છે કે, હવે કાઢો, ને જમણના કારભારી પાસે લઇ જાઓ અને તેઓ લઇ ગયા. અને જ્યારે જમણના કારભારીએ પાણીનો બનેલો દ્રાક્ષરસ ચાખ્યો. ને તે કયાંથી આવ્યો એ તે જાણતો નહોતો (પણ જે ચાકરોએ પાણી કાઢયું હતું તેઓ જાણતા હતા), ત્યારે જમણનો કારભારી વરને બોલાવીને, તેને કહે છે કે, હરેક માણસ પહેલાં સારો દ્રાક્ષરસ મુકે છે, ને માણસોએ સારીપેઠે પીધા પછી નરસ; પણ તે હમણાં સુધી સારો દ્રાક્ષરસ રાખ્યો છે ઇસુએ પોતાના ચમત્કારોનો એ આરંભ ગાલીલના કાનામાં કરીને પોતાનો મહિમા દેખાડ્યો; ને તેના શિષ્યોએ તેના પર વિશ્વાસ કીધો.

એપિફની પછી ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના

સર્વશક્તિમાન અને સનાતન દેવ, અમારી દુર્બળતા પર દયાની નજર કર, અને અમારાં બધાં જોખમ તથા અડચણની વખતે તારો જમણો હાથ અમારી સહાય તથા રક્ષાને માટે લાંબો કર, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૧૨; ૧૬.

તમે પોતાને બુદ્ધિવંત ન સમજો. ભુંડાને બદલે ભુંડું કોઈને વાળતા ના. સઘળાં માણસોની નજરમાં જે શોભતું છે તે કરવાને કાળજી રાખો. જો બની શકે, તો જેમ તેમ કરીને સઘળાં માણસોની સાથે સમાધાનમાં રહો. ઓ વહાલાઓ, તમે પોતાનું વેર ન વાળો, પણ કોપને સારૂ માર્ગ છોડો, કેમકે લખેલુ છે કે, પ્રભુ કહે છે કે, વેર વાળવું એ મારૂ છે, હુ બદલો વાળીશ. પણ જો તારો વેરી ભૂખ્યો હોય, તો તેને ખવાડ; જો તૃષિત હોય તો તેને પાણી પા, કેમકે એવું કરતાં તું તેના માથા પર આગના અગારાના ઢગલા કરીશ. જે ભુડું તેથી તું હારી ન જા, પણ જે સારૂ તેથી ભુંડાનો પરાજય કર.

સુવાર્તા. ૫. માત્થી ૮. ૧.

પહાડ પરથી તે ઉતર્યો, ત્યારે અતિ ઘણા લોક તેની પાછળ ગયા. અને જુઓ, એક કોઢીઆએ આવીને તેને પગે લાગીને કહ્યુ કે, ઓ પ્રભુ, જો તું ચાહે તો તું મને શુદ્ધ કરી શકે છે. ત્યારે તેણે હાથ લાંબો કર્યો. ને તેને

અડકીને કહ્યું, હું ચાહું છું, તું શુદ્ધ થા. અને તરત તે પોતાના કોઢથી શુદ્ધ થયો. પછી ઇસુ તેને કહે છે કે, જોજે, તું કોઈને કહીશ મા, પણ જા, યાજકને પોતાને દેખાડ, ને તેઓને માટે સાક્ષી તરીકે, જે અર્પણ મુસાએ ઠરાવ્યું હતું તે ચઢાવ.

અને ઇસુ કાપરનાહુમમાં પેઠો, ત્યારે એક જમાદારે તેની પાસે આવીને તેને વિનંતી કરતાં કહ્યું કે, ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષઘાતી પડેલો છે, ને તેને ભારે પીડા થાય છે. ત્યારે તે તેને કહે છે કે, હુ આવીને તેને સાજો કરીશ. અને જમાદારે ઉત્તર દેતાં કહ્યું કે, ઓ પ્રભુ, તું મારા છાપરા તળે આવે એવો હું યોગ્ય નથી; પણ તું કેવળ શબ્દ કહે, એટલે મારો ચાકર સાજો થશે. કેમકે હું પણ પરાધીન માણસ છું, ને સિપાઇઓ મારે સ્વાધીન છે; અને એકને હું કહું છું કે જા, ને તે જાય છે; ને બીજાને, આવ, ને તે આવે છે; ને મારા દાસને કે, એ કર, ને તે કરે છે. ત્યારે ઇસુ તે સાંભળીને અચરત થયો, ને પાછળ આવનારાઓને તેણે કહ્યુ, હું તમને ખચિત કહું છું કે, એટલો વિશ્વાસ મેં ઇસ્રાએલમાં પણ જોયો નથી. અને હું તમને કહું છું કે પૂર્વથી તથા પશ્ચિમથી ઘણા લોક આવશે, ને ઇબ્રાહીમની તથા ઇસહાકની તથા યાકુબની સાથે આકાશના રાજ્યમાં બેસશે; પણ રાજ્યના દીકરાઓ બહારના અંધારામાં નંખાશે, ત્યાં રડવું ને દાંત પીસવુ થશે. અને ઇસુએ તે જમાદારને કહ્યુ કે, જા, જેવો તેં વિશ્વાસ કીધો તેવુજ તને થાય. અને તેજ ઘડી તેનો ચાકર સાજો થયો.

એપિફની પછી ચોથો રવિવાર.

સારપ્રાર્થના.

ઓ દેવ, તું જાણે છે કે, અમે એટલાં બધાં ભારે જોખમોથી ઘેરાયલાં છીએ, કે પોતાની પ્રકૃતિની નબળાઇને લીધે, સદા સીધાં ઉભાં નથી રહી શકતાં; અમને એવું બળ આપ, અને અમારી સભાળ એવી રીતે કર કે, જેથી અમે બધાં જોખમોમાં જળવાઇ રહીએ અને બધાં પરીક્ષણોથી પાર ઉતરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૧૩; ૧.

હરેક માણસે મુખ્ય અધિકારીઓને આધીન રહેવુ; કેમકે દેવથી ન હોય એવો કોઈ અધિકાર નથી; જે અધિકારીઓ છે તેઓ દેવના ઠરાવેલા છે; એ માટે અધિકારીની સામો જે થાય છે તે દેવના ઠરાવની વિરૂદ્ધ થાય છે, ને જેઓ વિરૂદ્ધ થાય છે તેઓ પોતા પર દંડ લાવશે. કેમકે હાકેમો સારૂં કામ કરનારને ભયરૂપી નથી, પણ ભુંડું કરનારને, ત્યારે અધિકારીની તને

બીક ન લાગે, એવી તારી ઇચ્છા છે શું? તો તું સારૂં કર ને તું તેની પાસેથી વખાણ પામીશ. કેમકે તે તારા હિતને અર્થે દેવનો કારભારી છે; પણ જો તું ભુંડું કરે તો બી, કેમકે તે તરવાર અમથો રાખતો નથી; કેમકે તે દેવનો કારભારી છે, એટલે, ભુંડું કરનાર પર તે કોપરૂપી બદલો વાળનાર છે. તે માટે કેવળ કોપની બીકથીજ નહિ, પરંતુ પ્રેરકબુદ્ધિની ખાતર પણ તમારે તેને આધીન રહેવુજ જોઇએ. અને એ કારણ માટે તમે કર પણ આપો છો, કેમકે તેઓ દેવના સેવક છે ને તેજ કામમાં લાગુ રહે છે. પ્રત્યેકને તેના જે હક તે આપો, જેને કરનો તેને કર; જેને દાણનો તેને દાણ, જેને બીકનો તેને બીક, જેને માનનો તેને માન.

સુવાર્તા. ૫. માત્થી ૮, ૨૩.

અને હોડી પર તે ચઢયો ત્યારે તેના શિષ્યો તેની પાછળ ગયા. અને જુઓ, સમુદ્રમાં એવુ મોટું તોફાન થયું કે હોડી મોજાંઓથી ઢંકાઈ ગઈ; પણ તે પોતે ઉઘતો હતો. ત્યારે તેઓએ તેની પાસે આવીને તેને જગાડીને કહ્યુ કે, ઓ પ્રભુ, અમને બચાવ, અમે નાશ પામીએ છીએ. અને તે તેઓને કહે છે, ઓ અલ્પ-વિશ્વાસીઓ, તમે શા વાસ્તે ભયભીત થયા છો? પછી તેણે ઉઠીને પવનને તથા સમુદ્રને ધમકાવ્યા; ને મહા શાંતિ થઇ. ત્યારે તે માણસોએ અચરત થઇને કહ્યુ કે, એ શી તરેહનું માણસ છે કે પવન તથા સમુદ્ર પણ એનું માને છે!

અને પેલે પાર ગાડરેનોના દેશમાં તે પહોંચ્યો ત્યારે ભૂત વળગેલા બે માણસ કબરોમાંથી નિકળતા તેને મળ્યા, તેઓ એવા બિહામણા હતા કે તે માર્ગે કોઈથી જવાતું ન હતું. અને જુઓ, તેઓએ બૂમ પાડતાં કહ્યુ કે, ઓ દેવના દીકરા, અમારે ને તારે શુ છે? સમય અગાઉ તું અમને પીડા દેવાને અહી આવ્યો છે શું? હવે તેઓથી બહુ આઘું ઘણાં ભુંડોનું એક ટોળું ચરતું હતુ. અને ભૂતોએ તેની વિનંતી કરતાં કહ્યુ કે, જો તું અમને કાઢે તો ભુંડોના ટોળામાં અમને મોકલ. અને તેણે તેઓને કહ્યુ કે, જાઓ. પછી તેઓ નિકળીને ભુંડોમાં પેઠાં; ને જુઓ, આખું ટોળું કરાડા પરથી સમુદ્રમાં ધસી પડયું, ને પાણીમાં બુડી મુઉં. ત્યારે ચરા-વનારા નાઠા, ને નગરમાં જઇને તેઓએ સઘળું કહી જણાવ્યું, ને ભૂતવળગેલા-ઓને શું થયુ તે પણ કહ્યુ. ત્યારે જુઓ, આખું નગર ઇસુને મળવાને બહાર આવ્યું; ને તેને જોઇને તેઓએ તેની વિનંતી કીધી કે, અમારી સીમોમાંથી જા.

એપિફ્નની પછી પાંચમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારી કલીસીઆ તથા કુટુંબને તારા સત્ય ધર્મમાં સદા સ્થિર રાખ; કે જે લોકો માત્ર તારી આકાશી કૃપાની આશા પર ટેકીને રહે છે, તેઓ સદા

તારા મહાબળ તળે જળવાઇને રહે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. કલોસી. ૩, ૧૨.

એ માટે, પવિત્ર તથા વહાલાઓ, દેવના પસંદ કરેલાને ઘટે તેમ, દયાળુ મન, ઉપકારીપણું, નમનતાઈ, કોમળતા, સહનતા પહેરો. એક બીજાનું સહન કરો, ને જો કોઈને કોઈ સાથે કજિયો હોય તો માફ કરો, જેમ ખ્રીસ્તે તમને માફ કીધું તેમ તમે પણ કરો. પણ એ સઘળાં ઉપરાંત પ્રીતિ જે સંપૂર્ણતાનું બંધન છે તે પહેરો. અને ખ્રીસ્તની જે શાંતિને સારૂ તમે એક શરીરમાં તેડાએલા છો, તે તમારાં હ્રદયોમાં ધણીપણું કરે, ને ઉપકારસ્તુતિ કરો. ખ્રીસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે, એક બીજાને શિખવો તથા બોધ કરો, ગીતો, સ્તોત્રો તથા આત્મિક પ્રબંધથી કૃપાએ તમારાં મનમાં પ્રભુની આગળ ગાઓ. અને વાતમાં કે કામમાં જે સર્વ તમે કરો છો, તે સર્વ પ્રભુ ઇસુને નામે કરો, ને તેને આસરે દેવ એટલે બાપની ઉપકારસ્તુતિ કરો

સુવાર્તા. ૫. માત્થી ૧૩; ૨૪.

આકાશનું રાજ્ય એક માણસના જેવું છે કે જેણે પોતાના ખેતરમાં સારૂં બી વાવ્યું. પણ માણસો ઉંઘતા હતા ત્યારે તેના વેરીએ આવીને ઘઉંમાં કડવા દાણા વાવ્યા, ને ચાલ્યો ગયો. પણ જ્યારે છોડવા ઉગ્યા, ને ઉબીઓ આવી ત્યારે કડવા દાણા પણ દેખાયા. ત્યારે તે ઘરધણીના ચાકરોએ પાસે આવીને તેને કહ્યું કે, સાહેબ, તે શું તારા ખેતરમાં સારૂ બી વાવ્યું નહોતું, તો તેમાં કડવા દાણા કયાંથી આવ્યા? અને તેણે તેઓને કહ્યું કે, કોઈ વેરીએ એ કર્યું છે, ત્યારે ચાકરોએ તેને કહ્યું કે, તારી મરજી હોય તો અમે જઇને તેને એકઠા કરીએ. પણ તેણે કહ્યું, ના, રખેને તમે કડવા દાણા એકઠા કરતાં ઘઉંને પણ તેની સાથે ઉખેડો. કાપણી સુધી બહુને સાથે વધવા દો. અને કાપણીની મોસમમાં હું કાપનારાઓને કહીશ કે, તમે પહેલાં કડવા દાણાને એકઠા કરો, ને બાળવા સારૂ તેના ભારા બાંધો, પણ ઘઉં મારી વખારમાં ભરો.

એપિફનીપછી છઠ્ઠો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તારો ધન્યવાન પુત્ર એ માટે પ્રગટ થયો, કે શેતાનનાં કામોનો નાશ કરે, અને અમને દેવના પુત્ર તથા સદાકાળના જીવનના વારસ બનાવે; અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમે જેઓ એ આશા રાખનારા છીએ, તેઓ જેવો તે પવિત્ર છે, તેવા પોતાને પવિત્ર કરીએ; કે જ્યારે તે પોતાના સામર્થ્ય તથા મોટા મહિમા સહિત ફરીથી આવે, ત્યારે અમે તેના અનંત અને મહિમાવાન રાજ્યમાં તેના જેવા

થઇએ: જ્યાં, ઓ પિતા, તારી સાથે, તથા, ઓ પવિત્ર આત્મા, તારી સાથે, તે સદા એક દેવ યુગાનયુગ જીવે છે, તથા રાજ કરે છે. આમેન.

પત્ર. ૧ યોહાન ૩; ૧.

જુઓ, બાપે કેવી પ્રીતિ આપણા પર કીધી છે કે આપણે દેવનાં છોકરાં કહેવાઇએ; ને તેનાં છોકરાં તો છીએ. એ માટે જગત આપણને ઓળખતું નથી, કેમકે તેણે તેને ઓળખ્યો નહિ. વહાલાઓ, હાલ આપણે દેવનાં છોકરાં છીએ, ને આપણે કેવા થઇશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે તો જાણીએ છીએ, કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવા આપણે થઇશું, કેમકે જેવો તે છે, તેવો તેને આપણે દેખીશું. અને જે હરેક તેના પર એ આશા રાખે છે, તે પોતાને શુદ્ધ કરે છે, જેમ તે શુદ્ધ છે તેમ. હરેક જે પાપ કરે છે, તે નિયમભંગ પણ કરે છે, ને પાપ એજ નિયમભંગ છે. અને તમે જાણો છો કે પાપ હરણ કરવાને તે પ્રગટ થયો, ને તેનામાં પાપ નથી. હરેક જે તેનામાં રહે છે, તે પાપ કરતો નથી, હરેક જે પાપ કરે છે તેણે તેને દીઠો નથી, ને તેને ઓળખતો પણ નથી. છોકરાં, કોઈ તમને ન ભુલાવે; જેમ તે ન્યાયી છે, તેમ જે ન્યાયીપણું કરે છે તે પણ ન્યાયી છે; જે પાપ કરે છે તે શેતાનનો છે, કાંજે શેતાન આરંભથી પાપ કરે છે; દેવનો પુત્ર એ સારૂ પ્રગટ થયો કે તે શેતાનનાં કામનો નાશ કરે.

સુવાર્તા. ૫. માત્થી ૨૪; ૨૩.

ત્યારે જો કોઈ તમને કહેશે કે, જુઓ, ખ્રીસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના; કેમકે જુઠા ખ્રીસ્ત તથા જુઠા ભવિષ્યવાદીઓ ઉઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવામાં નાખશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યુ છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ના જતા; જુઓ, તે ઓરડીઓમાં છે, તો ના માનતા. કેમકે જેમ વિજળી પૂર્વથી નિકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમજ માણસના દીકરાનુ આવવું થશે. જ્યાં મુડદું હોય ત્યાં ગીધો એકઠાં થશે.

અને તે દહાડાઓની વિપત્તિ પછી, તરત સુરજ અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનુ અજવાળું નહિ આપશે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. અને ત્યારે માણસના દીકરાની નિશાણી આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે, અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમામાં આકાશના મેઘ પર આવતો તેઓ દેખશે. અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે.

ઉપવાસસમયની આગળનો ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે વિનંતી કરીએ છીએ કે, તારા લોકોની પ્રાર્થનાઓને પ્રસન્નતાથી સાંભળ; કે અમે જે પોતાનાં પાપોની યોગ્ય શિક્ષા પામીએ છીએ, તેઓ તારી દયાથી તારા નામના મહિમાને માટે છુટી જઇએ; અમારો તારનાર ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ પણ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ કરીંથી. ૯; ૨૪.

શું તમે નથી જાણુતા કે અખાડામાં સર્વ દોડનારા દોડે છે, પણ એકનેજ ઇનામ મળે છે? એમ દોડો કે તમને મળે. અને પ્રત્યેક પહેલવાન સર્વ પ્રકારે સ્વદમન કરે છે; તેઓ તો વિનાશી મુગટ પામવા સારૂ કરે છે, પણ આપણે અવિનાશી. એ માટે હુ એમ દોડું છું, પણ સંશય રાખનારની પેઠે નહિ, હું મુક્કીએ મારૂ છુ, પણ પવનને મારનારની પેઠે નહિ; ને હું મારા શરીરને દબાવુ છું, તથા વશ કરૂ છું, રખે બીજાઓને સુવાર્તા પ્રગટ કીધા છતાં હું પોતે નાપસંદ થાઉં.

સુવાર્તા. ૫. માત્થી ૨૦; ૧.

આકાશનું રાજ્ય એક ઘરધણીના જેવું છે, જે પોતાની દ્રાક્ષવાડીને સારૂ મજુરો પઠવાને મળસકામાં બહાર ગયો. અને તેણે મજુરોની સાથે રોજનો એક દીનાર પટ્ટીને પોતાની દ્રાક્ષવાડીમાં તેઓને મોકલ્યા. અને આસરે પહોર દહાડો ચઢતે બહાર જઇને તેણે ચકલા પર બીજાઓને નવરા ઉભા રહેલા દીઠા. અને તેણે તેઓને કહ્યુ કે, તમે પણ દ્રાક્ષવાડીમાં જાઓ, ને જે કંઈ યોગ્ય હશે, તે હું તમને આપીશ; ત્યારે તેઓ ગયા. વળી આસરે બપોરે તથા ત્રીજે પહોરે બહાર જઇને તેણે તેજ પ્રમાણે કીધુ. અને આસરે અગીઆરમી હોરાએ પણ તેણે બહાર જઇને બીજાઓને નવરા ઉભા રહેલા દીઠા; ત્યારે તે તેઓને કહે છે કે, આખો દહાડો તમે કેમ અહી નવરા ઉભા રહ્યા છો? તેઓ તેને કહે છે કે, કોઈએ અમને મજુરીએ રાખ્યા નથી તે માટે. તે તેઓને કહે છે કે, તમે પણ દ્રાક્ષવાડીમાં જાઓ. અને સાંજ પડી ત્યારે દ્રાક્ષવાડીનો ધણી પોતાના કારભારીને કહે છે કે, મજુરોને બોલાવ, ને છેલ્લાથી માંડીને પહેલા સુધી તેઓનુ વેતન આપ. અને જેઓને આસરે અગીઆરમી હોરાએ રાખ્યા હતા, તેઓ જ્યારે આવ્યા ત્યારે તેઓને એક એક દીનાર મળ્યો. પછી જેઓ પહેલા હતા, તેઓ આવીને ધારતા હતા કે અમને વધારે મળશે, ને તેઓને પણ એક એક દીનાર મળ્યો. ત્યારે તે લઇને તેઓએ ઘરધણી વિરૂદ્ધ કચકચ કીધી, ને કહ્યું કે, આ પાછલાઓ માત્ર એકજ કલાક રહ્યા છે,

અને તેં તેઓને અમ આખા દિવસનો બોજો તથા લૂ સહન કરનારાઓની બરોબર ગણ્યા છે. પણ તેણે તેઓમાંના એકને ઉત્તર દેતાં કહ્યું કે, મિત્ર, હું તારો કશો અન્યાય નથી કરતો; શું તેં મારી સાથે એક દીનાર પડયો નહોતો? તારૂં લઇને ચાલ્યો જા; જેટલું તને તેટલુ આ છેલ્લાને પણ આપવાની મારી મરજી છે. જે મારૂં છે તે મારી મરજી પ્રમાણે વાપરવાનો શું મને હક નથી? અથવા હું સારો છું માટે તારી આંખ ભુંડી છે શું? એમ જે છેલ્લા તેઓ પહેલા, ને જે પહેલા તેઓ છેલ્લા થશે.

ઉપવાસસમયની આગળનો બીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ દેવ, તું જુએ છે કે, અમે પોતાના કોઈ કામ પર ભરોસો નથી રાખતા; દયા કરીને એવું કર કે, તારા બળ વડે અમે બધી વિપત્તિથી બચી જઇએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૨ કરીંથી. ૧૧, ૧૯.

તમે બુદ્ધિવાન છતાં, ખુશીથી મૂર્ખોનુ સહન કરો છો, કેમકે જો કોઈ તમને દાસ કરે, જો કોઈ તમારૂ ખાઈ જાય, જો કોઈ તમને પકડી રાખે, જો કોઈ પોતાને મોટો કરે, જો કોઈ તમને મ્હો પર મારે, તો તમે સહન કરો છો. જાણે કે અમે અબળ હતા, એવું હું પોતાને તુચ્છ કરતાં કહું છું; પણ જેમાં કોઈ હિમ્મતવાન છે તેમાં હું પણ હિમ્મતવાન છું; એ હું મૂર્ખપણાથી બોલું છું. શું તેઓ હેબ્રી છે? હું પણ છું. શું ઇસ્રાએલી છે? હું પણ છું. શું ઇબ્રાહીમના સંતાન છે? હું પણ છું. શું તેઓ ખ્રીસ્તના સેવકો છે? (હું મૂર્ખની પેઠે બોલું છું) વધારે કામોથી, અદકી કેદોથી, અતિશે ફટકાઓથી, વારે વારે મરણોથી હુ વત્તો છું. પાંચ વાર મેં યહુદીઓથી ઓગણ ઓગણ ચાળીસ ફટકા ખાધા, ત્રણ વાર મેં છડીનો માર ખાધો, એક વાર પત્થરનો માર ખાધો, ત્રણ વાર મારૂ વહાણ ભંગ થયું, એક રાત દહાડો હું ઉંડાણમાં હતો; ઘણી સફરોમાં, નદીઓના ભયમાં, લૂટારાઓના ભયમાં, સ્વદેશીઓના ભયમાં, પરદેશીઓના ભયમાં, શહેરના ભયમાં, રાનના ભયમાં, સમુદ્રના ભયમાં, ખોટા ભાઇઓના ભયમાં, શ્રમ તથા કષ્ટમાં, વારંવારના ઉજાગરાઓમાં, ભૂખ તથા તરસમાં, વારંવારના ઉપવાસોમાં, ટાઢ તથા નાગાપણામાં હું હતો. બીજી વાતો ઉપરાંત, રોજ રોજ મારા પર બોજ, એટલે સર્વ મંડળીઓની ચિંતા, રહે છે. કોણ અબળ છે, ને હું અબળ નથી? કોણ ઠોકર ખાય છે, ને હું બળતો નથી? જો અભિમાન કરવું પડશે, તો હું મારી અબળતાનુ અભિમાન કરીશ. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દેવ તથા બાપ જે સર્વકાળ સુધી આશી-

વેદિત છે, તે જાણે છે કે હું જુઠું કહેતો નથી.

સુવાર્તા. ૫. લુક ૮ ; ૪.

જ્યારે અતિ ઘણા લોક એકઠા થયા, ને શહેરે શહેરના લોક તેની પાસે આવ્યા, ત્યારે તેણે દ્દષ્ટાંતમાં કહ્યું કે, વાવનાર પોતાનાં બી વાવવાને ગયો, ને તે વાવતો હતો ત્યારે કેટલાંએક માર્ગની કોરે પડ્યાં; ને તે પગતળે ખુંદાઈ ગયાં, ને આકાશનાં પક્ષીઓ તે ખાઈ ગયાં. અને બીજાં પત્થર પર પડયાં, ને તેને ભિનાસ મળી નહિ માટે ઉગ્યાં તેવાંજ તે ચિમળાઈ ગયાં. અને બીજાં કાંટાઓમાં પડયાં, ને કાંટાઓએ તેની સાથે ઉગીને તેને દાબી નાખ્યાં. અને બીજાં સારી ભોંયમાં પડયાં, ને ઉગ્યાં, ને તેને સોગણું ફળ આવ્યું. એ વાતો કહેતાં તેણે ઘાંટો પાડીને કહ્યું કે, જેને સાંભળવાને કાન છે તેણે સાંભળવું.

અને તેના શિષ્યોએ તેને પુછયું કે, એ દ્દષ્ટાંતનો અર્થ શો હશે? ને તેણે કહ્યું કે, દેવના રાજ્યના મર્મ જાણવાનું તમને આપેલું છે, પણ બીજાઓને દ્દષ્ટાંતોમાં, કે જોતાં તેઓ જૂએ નહિ, ને સાંભળતાં તેઓ સમજે નહિ. હવે દ્દષ્ટાંતનો અર્થ આ છે, બી તો દેવની વાત છે. અને માર્ગની કોર પરનાં તો સાંભળનારા છે; પછી શેતાન આવીને તેઓનાં મનમાંથી વાત લઇ જાય છે, રખે તેઓ વિશ્વાસ કરીને તારણ પામે. અને પત્થર પરનાં તો એ છે કે, જેઓ સાંભળીને વાત હરખથી માની લે છે; અને તેઓને જડ નથી, માટે તેઓ થોડી વાર સુધી વિશ્વાસ કરે છે, ને પરીક્ષણની વેળાએ પાછા હઠે છે. અને જે કાંટાઓમાં પડયાં તે એ છે કે, જેઓએ વાત સાંભળી છે, ને પોતાને માર્ગે ચાલતાં ચાલતાં સંસારની ચિંતા તથા દ્રવ્ય તથા વિલાસથી દબાઇ જાય છે, ને તેઓને પાકું ફળ આવતું નથી. અને સારી ભોંયમાં પડેલાં એ છે કે, જેઓ સાંભળીને ચોકખા તથા રૂડા દિલથી વાત પકડી રાખે છે, ને ધીરજથી ફળ આપે છે.

ઉપવાસસમયની આગળનો પહેલો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, તેં અમને શિખવ્યું છે કે, અમારાં બધાં કામો પ્રીતિ વિના નકામાં છે; તારો પવિત્ર આત્મા મોકલીને, અમારાં મનમાં પ્રીતિનું અતિ ઉત્તમ દાન, જે સંપ તથા બધા સદ્દગુણોનું ખરૂં બંધન છે તે ભરી દે; તે વિના જે જીવે છે તે તારી આગળ મરેલો ગણાય છે; તારા એકનાએક દીકરા ઇસુ ખ્રીસ્તને નામે એવું તું કર. આમેન.

પત્ર. ૧ કરીંથી. ૧૩ ; ૧.

જો હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મને પ્રીતિ ન હોય, તો વાજનાર પિત્તળ કે ઠણઠણનાર ઝાંજના જેવો હું થયો છું. અને જો

મને ભવિષ્યજ્ઞાન હોય, ને હું સર્વ મર્મો તથા સર્વ વિદ્યા જાણું, ને જો પૂરો વિશ્વાસ મને હોય, એવો કે મારાથી પર્વતો ખસેડાય, પણ મને પ્રીતિ ન હોય, તો હું કંઈ નથી. અને જો હું કંગાલોને પાળવાને મારી આખી સંપત આપું, ને જો હુ મારૂં શરીર બળવાને સોંપું, પણ મને પ્રીતિ ન હોય, તો મને કંઈ લાભ થતો નથી. પ્રીતિ સહનશીળ તથા પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી, પ્રીતિ વડાઇ કરતી નથી, ફુલાતી નથી, વિશોભિત રીતે વર્તતી નથી, પોતાનુંજ શોધતી નથી, સંતાપતી નથી, ભુંડું ધારતી નથી, અન્યાયમાં હરખાતી નથી, પણ સત્યમાં હરખાય છે; સઘળું ખમે છે, સઘળું ખરૂં માને છે, સઘળાની આશા રાખે છે, સઘળાનુ સહન કરે છે. પ્રીતિ કદી ખુટતી નથી, પણ ભવિષ્યદ્દાનો હોય તો તેઓ જતાં રહેશે; ભાષાઓ હોય, તો તેઓ સમાપ્ત થશે; વિદ્યા હોય તો તે જતી રહેશે. કેમકે આપણે અપૂર્ણ જાણીએ છીએ; ને અપૂર્ણ ભવિષ્યવાદ કહીએ છીએ; પણ જ્યારે સંપૂર્ણતા આવશે, ત્યારે અપૂર્ણતા જતી રહેશે. જ્યારે હું બાળક હતો, ત્યારે બાળકની પેઠે બોલતો હતો, બાળકની પેઠે વિચારતો હતો, બાળકની પેઠે સમજતો હતો, પણ જ્યારે પુરૂષ થયો, ત્યારે મેં બાળકની વાતો મુકી દીધી. કેમકે હમણાં આપણે દર્પણને આસરે ઝાંખું ઝાંખું જોઇએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઇશું; હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ જણાએલો છું તેમ જાણીશ. અને હવે વિશ્વાસ તથા આશા તથા પ્રીતિ એ ત્રણે રહે છે; પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે.

સુવાર્તા. ૫. લુક ૧૮; ૩૧.

અને ઇસુએ બારેને પાસે બોલાવીને તેઓને કહ્યું કે, જુઓ, આપણે યરૂશાલેમ જઇએ છીએ, ને માણુસના દીકરા સંબંધી ભવિષ્યવાદીઓથી જે લખાયલું છે તે સર્વ પૂરૂ કરાશે. કેમકે તે વિદેશીઓને સ્વાધીન કરાશે, ને તેના ઠઠ્ઠા કરાશે, તથા અપમાન કરાશે, ને તેના પર તેઓ થુંકશે, ને કોરડા મારીને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પાછો ઉઠશે. અને એમાંનું કંઈ તેઓના સમજવામાં ન આવ્યું; ને આ વાત તેઓથી ગુપ્ત રહી, ને જે કહેવામાં આવ્યું તે તેઓ સમજ્યા નહિ.

અને એમ થયું કે તે યરેખો પાસે આવતો હતો, ત્યારે માર્ગની કોરે ભીખ માગતો એક આંધળો બેઠો હતો; અને ઘણા લોકોને પાસે થઇને જતા સાંભળીને તેણે પુછ્યું કે, આ શું હશે? ને તેઓએ તેને કહ્યું કે, ઇસુ નાઝારી પાસે થઇને જાય છે. અને તેણે બૂમ પાડીને કહ્યું કે, ઓ ઇસુ, દાઉદના દીકરા, મારા પર દયા કર. અને જેઓ આગળ જતા હતા તેઓએ તેને ધમકાવ્યો કે, છાનો રહે; પણ તેણે વિશેષ ઘાંટો પાડીને કહ્યું કે, દાઉદના દીકરા, મારા પર દયા કર. અને ઇસુએ ઉભા રહીને તેને

પોતાની પાસે લાવવાનો હુકમ કીધો; ને તે પાસે આવ્યો, ત્યારે તેણે તેને પુછ્યું કે, હું તારે વાસ્તે શું કરૂં, તારી ઇચ્છા શી છે? ને તેણે કહ્યું કે, પ્રભુ, હું દેખતો થાઉં. અને ઇસુએ તેને કહ્યું કે, તું દેખતો થા; તારા વિશ્વાસે તને બચાવ્યો છે. અને તરત તે દેખતો થયો, ને દેવને મહિમા આપતો તે તેની પાછળ ચાલ્યો; ને બધા લોકોએ તે જોઇને દેવની ઉપકારસ્તુતિ કીધી.

ઉપવાસસમયનો પહેલો દિવસ, જે રાખનો બુધવાર કહેવાય છે.

સારપ્રાર્થના.

સર્વશક્તિમાન અને સનાતન દેવ, તું પોતાની કરેલી કોઈ વસ્તુનો દ્વેષ નથી કરતો, અને જે બધાં પસ્તાવો કરે છે, તેમનાં પાપોની માફી આપે છે; અમારામાં નવાં અને પસ્તાવિક મન ઉત્પન્ન કર, કે અમે પોતાનાં પાપોનો યોગ્ય રીતે શોક કરીને, અને પોતાની દીનતાને માનીને, તું જે બધી દયાનો દેવ છે, તારાથી પૂરી માફી તથા ક્ષમા મેળવીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

उपवाससमयना दिवसोनी ठरावेली सारप्रार्थनाओ पछी, आ सारप्रार्थना पण दररोज वचाय.

પત્રને બદલે. યોએલ ૨, ૧૨.

યહોવાહ કહે છે કે, અત્યારે તમે પોતાના આખા અંતઃકરણથી, તથા ઉપવાસ સહિત, તથા રૂદન સહિત, તથા વિલાપ સહિત મારી પાસે પાછા આવો; અને તમારાં વસ્ત્રો નહિ પણ તમારાં હ્રદયો ફાડો, ને તમારા દેવ યહોવાહ પાસે પાછા આવો; કેમકે તે કૃપાળુ તથા પૂર્ણ કરૂણાળુ, કોપ કરવે ધીમો તથા પુષ્કળ દયાળુ છે, ને વિપત્તિને માટે તેને પશ્ચાત્તાપ થાય છે. કદાપિ તે ફરીને પશ્ચાત્તાપ કરે, ને તે પોતાની પાછળ આશીર્વાદ, એટલે તમારા દેવ યહોવાહને સારૂ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ, રહેવા દે.

સિયોનમાં રણશિગડું વગાડો, પવિત્ર ઉપવાસ ઠરાવો, ધર્મમેળાવડો બોલાવો; લોકોને ભેગા કરો, જમાતને પાવન કરો, વડીલોને એકઠા કરો, બાળકોને તથા થાને ધાવનારાં બચ્ચાંઓને ભેગાં કરો, વર પોતાના ઓરડામાંથી, ને કન્યા પોતાની ઓરડીમાંથી નિકળીને ત્યાં જાય. યાજકો, એટલે યહોવાહના સેવકો, પરસાળ તથા વેદીની વચમાં રડીને કહે, હે યહોવાહ, તારા લોકોને દરગુજર કર, ને તારા વારસાને નિંદાને સ્વાધીન ન કર કે વિદેશીઓ તેમના પર રાજ્ય કરે; લોકોમાં એવું શા માટે કહેવાય કે, તેઓનો દેવ કયાં છે?

સુવાર્તા. ૫. માત્થી ૬; ૧૬.

જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે ઢોંગીઓની પેઠે લેવાઇ ગએલાં મ્હોંના ન થાઓ, કેમકે લોકોને ઉપવાસી દેખાવા સારૂ તેઓ પોતાનાં મ્હો કસાણાં કરે છે. હું તમને ખચિત કહું છું કે

તેઓ પોતાનું ફળ પામ્યા છે. પણ તું ઉપવાસ કરે, ત્યારે તારા માથા પર તેલ ચોપડ, ને તારૂં મ્હો ધો; એ માટે કે તું માણસોને નહિ, પણ તારો બાપ જે ગુપ્તમાં છે તેને ઉપવાસી દેખાય, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને બદલો આપશે.

પૃથ્વી પર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરે છે. પણ તમે પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરતા નથી. કેમકે જ્યાં તમારૂં દ્રવ્ય છે, ત્યાંજ તમારૂં ચિત્ત પણ રહેશે.

ઉપવાસસમયનો પહેલો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, તે અમારે માટે ચાળીસ દિવસ તથા ચાળીસ રાત ઉપવાસ કીધો. અમને એવી પરહેજગારી પાળવાને કૃપા આપ, કે અમારી દેહ આત્માને આધીન થાય, કે તારા માન તથા મહિમાને સારૂ, ન્યાયીપણામાં તથા ખરી પવિત્રતામાં અમે તારી દૈવિક પ્રેરણા પ્રમાણે સદા ચાલતા રહીએ, કેમકે તું, પિતા તથા પવિત્ર આત્મા સાથે, એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ કરે છે. આમેન.

પત્ર. ૨ કરીંથી. ૬, ૧.

અને અમે, તેની સાથે કામ કરનારા, તમારી વિનંતી કરીએ છીએ, કે તમે દેવની કૃપાનો અવર્થા અંગીકાર ન કરો, (કેમકે તે કહે છે કે, મે માન્યકાળમાં તારૂં સાંભળ્યું, ને તારણના દિવસમાં મેં તને સહાય કીધી; જુઓ, હમણાંજ માન્યકાળ છે, જુઓ, હમણાંજ તારણનો દિવસ છે). અમારી સેવાને દોષ ન લાગે, માટે અમે કશામાં કોઈને ઠોકરનુ કારણ આપતા નથી; પણ સર્વથી અમે દેવના સેવકોના જેવા પોતાને દેખાડીએ છીએ, ઘણી ધીરજથી, વિપત્તિથી, સકટથી, વેદનાથી, ફટકાઓથી, કેદોથી, હંગામાઓથી, કષ્ટોથી, જાગરણથી, ઉપવાસથી, શુદ્ધપણાથી, વિદ્યાથી, સહનશીલતાથી, ઉપકારીપણાથી, પવિત્ર આત્માથી, નિષ્કપટ પ્રીતિથી, સાચાઈની વાતથી, દેવના પરાક્રમથી, જમણા તથા ડાબા હાથ પર ન્યાયનાં હથિયારોને આસરે, માન તથા અપમાનને આસરે, અપકીર્ત્તિ તથા સુકીર્ત્તિને આસરે, ઠગનારાના જેવા તોપણ ખરા, નહિ ઓળખાયલાના જેવા તોપણ બહુ ઓળખાયલા; મરનારાઓના જેવા તોપણ, જુઓ, જીવીએ છીએ. શિક્ષા પામેલાઓના જેવા તોપણ મારી નખાયલા નહિ; શોકાતુરના જેવા તોપણ સદા હરખ કરનારા; દરિદ્રીઓના જેવા તોપણ ઘણાઓને ધનવાન કરનારા; નાદારના જેવા તોપણ સઘળાંના માલિક છીએ.

સુવાર્તા. ૫. માત્થી ૪; ૧.

ત્યારે ઇસુનું પરીક્ષણ શેતાનથી થાય માટે આત્મા તેને રાનમાં લઇ ગયો, અને ચાળીસ રાત દહાડા ઉપવાસ કર્યા પછી તેને ભૂખ લાગી. અને પરીક્ષણ કરનારે તેની પાસે આવીને કહ્યું કે, જો તું દેવનો દીકરો છે, તો કહે કે, આ પત્થરો રોટલી થઈ જાય. પણ તેણે ઉત્તર આપતાં કહ્યુ, એમ લખ્યું છે કે, માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મ્હોમાંથી નિકળે છે તેથી જીવશે. ત્યારે શેતાન તેને લઇને પવિત્ર નગરમાં જાય છે, ને મંદિરના બુરૂજ પર બેસાડે છે, અને તેને કહે છે કે, જો તું દેવનો દીકરો છે, તો પોતાને હેઠળ પાડી નાખ, કેમકે લખ્યું છે કે, તે પોતાના દૂતોને તારા સંબધી આજ્ઞા કરશે, ને તને તેઓ પોતાના હાથો પર ધરી લેશે, કે રખેને તારો પગ પત્થર સાથે અફળાય. ઇસુએ તેને કહ્યુ. એ પણ લખ્યું છે કે, પ્રભુ તારા દેવનું પરીક્ષણ તું ન કર. ફરી શેતાન તેને લઇને ઘણા ઉચા પહાડ પર જાય છે, ને જગતનાં સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા તેને દેખાડે છે; ને તેને કહે છે, જો તું પગે પડીને મારૂં ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ. ત્યારે ઇસુ તેને કહે છે કે, અરે શેતાન, આઘો જા; કેમકે લખ્યું છે કે, પ્રભુ તારા દેવનુ ભજન કર ને તેની એકલાનીજ સેવા કર. ત્યારે શેતાન તેને મુકીને જાય છે, ને જુઓ, દૂતોએ પાસે આવીને તેની સેવા કરી.

ઉપવાસસમયના બીજા રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તું જુએ છે કે અમારામાં પોતાને સંભાળવાની કંઈ શક્તિ નથી; બહારથી અમારી દેહની અને માંહેથી અમારાં મનની સંભાળ કર; કે જેટલાં દુઃખ દેહ ઉપર આવે, અને જેટલા ભુંડા વિચાર મનની હાનીને માટે તે ઉપર ચઢાઈ કરે, તે બધાંથી અમે બચાવ પામીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ થેસ્સા. ૪; ૧.

ભાઇઓ, પ્રભુ ઇસુમાં તમને વિનંતી તથા સુબોધ કરીએ છીએ કે, તમારે કેવી રીતે ચાલવું ને દેવને પ્રસન્ન કરવો, એ અમારાથી સાંભળ્યું તે પ્રમાણે જેમ તમે ચાલો છો, તેમ વધારે ને વધારે ચાલતા જાઓ. કેમકે અમે પ્રભુ ઇસુથી તમને કઈ કઈ આજ્ઞાઓ આપી તે તમે જાણો છો. કારણ કે દેવની ઇચ્છા એવી છે કે, તમારૂં પવિત્રીકરણ થાય કે છિનાળાથી તમે દૂર રહો; કે તમારામાંના હરેક, દેવને ન જાણનારા વિદેશીઓની પેઠે વિષયની ઇચ્છા નહિ, પણ પવિત્રાઇમાં તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણે; કે તે બાબતમાં કોઈ

ઉલ્લંઘન કરીને પોતાના ભાઇને છેતરે નહિ, કારણ કે પ્રભુ એવા સઘળાનો બદલો લેનાર છે, જેમ અમે અગાઉ પણ તમને કહ્યું ને પ્રમાણ આપ્યું તેમ. કેમકે દેવે આપણને અશુદ્ધપણાને સારૂ નહિ, પણ પવિત્રાઇમાં તેડયા છે. એ માટે જે અનાદર કરે છે તે તો માણસનો નહિ, પણ દેવ જે પોતાનો પવિત્ર આત્મા તમને આપે છે, તેનો અનાદર કરે છે.

સુવાર્તા. ૫. માત્થી ૧૫; ૨૧.

ઇસુ ત્યાંથી નિકળીને સૂર તથા સીદોનની સીમમાં ગયો. અને જુઓ, એક કનાની બાયડીએ તે સીમમાંથી આવીને બૂમ પાડતાં તેને કહ્યું કે, ઓ પ્રભુ, દાઉદના દીકરા, મારા પર દયા કર; મારી દીકરી ભૂતથી બહુ પીડા પામે છે. પણ તેણે તેને કશો જવાબ આપ્યો નહિ; ને તેના શિષ્યોએ આવીને વિનંતી કરતાં તેને કહ્યું કે, તેને વિદાય કર, કેમકે તે આપણી પાછળ બૂમ પાડે છે. પણ તેણે ઉત્તર દેતાં કહ્યું કે, ઇસ્રાએલના ઘરનાં ખોવાએલાં ઘેટાં શિવાય બીજા કોઇની પાસે હું મોકલાયો નથી. પછી તેણીએ આવીને તેને પગે લાગીને કહ્યું કે, ઓ પ્રભુ, મને મદદ કર. પણ તેણે ઉત્તર દેતાં કહ્યું કે, છોકરાંની રોટલી લઇને કુતરાંને નાખવી વાજબી નથી. પણ તેણીએ કહ્યું કે, ખરૂં, પ્રભુ, કેમકે કુતરાં તો પોતાના ધણીઓની મેજ પરથી જે કકડા પડે છે તે ખાય છે. ત્યારે ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, ઓ બાઈ, તારો વિશ્વાસ મોટો છે, જેવુ તું ચાહે છે તેવુ તને થાય. અને તેજ ઘડીથી તેની દીકરી સાજી થઈ.

ઉપવાસસમયનો ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા નમ્ર સેવકોના અંતઃકરણની આશાઓ પર દૃષ્ટિ કરીને, અમારા બધા શત્રુઓથી અમારૂં રક્ષણ કરવા સારૂ તારો પ્રતાપી જમણો હાથ લાંબો કર, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૫; ૧.

એ માટે તમે પ્રિય બાળકોની પેઠે દેવને અનુસરનારા થાઓ; ને પ્રેમમાં ચાલો, જેમ ખ્રીસ્તે પણ આપણા પર પ્રીતિ કીધી, ને દેવની આગળ સુગંધની વાસને અર્થે, આપણે વાસ્તે અર્પણ તથા યજ્ઞ થવાને પોતાને આપ્યો તેમ. પણ વ્યભિચાર તથા સર્વ અશુદ્ધતા અથવા દ્રવ્યલોભ, એઓનાં નામ તમારે કદી ન લેવાં, એમજ પવિત્રોને શોભે છે; ને નિર્લજ્જ તથા મૂર્ખ વાત અથવા ઠઠ્ઠા જેઓ ઘટતાં નથી તેઓ ન થાય; પણ તે કરતાં ઉપકારસ્તુતિ થાય. કેમકે તમે સારીપેઠે જાણો છો કે, વ્યભિચારી અથવા અશુદ્ધ અથવા દ્રવ્યલોભી જે

મૂર્ત્તિભક્ત, એઓને ખ્રીસ્તના તથા દેવના રાજ્યમાં વારસો નથી. તમે કોઇની અવર્થા વાતોથી ભૂલ ન ખાઓ, કેમકે તે કામોથી દેવનો કોપ આજ્ઞાભંજનના દીકરા પર આવે છે. એ માટે તમે તેઓની સાથે ભાગિયા ન થાઓ. કેમકે તમે પહેલાં અંધકાર હતા, પણ હવે પ્રભુમાં અજવાળું છો, અજવાળાના દીકરાઓની પેઠે ચાલો. (કેમકે અજવાળાનુ ફળ સર્વ સારાપણામાં તથા ન્યાયીપણામાં તથા ખરાપણામાં છે). પ્રભુને સંતોષકારક શું છે, તે પારખી લો. અને અંધકારનાં નિષ્ફળ કામોના સંગતીઓ ન થાઓ, પણ તે કરતાં તેઓને વખોડો. કેમકે તેઓનાં ગુપ્તમાં કરેલાં જે કામો, તે કહેતાં પણ લાજ લાગે છે. જે સર્વ વખોડાએલુ, તે અજવાળાથી પ્રગટ થાય છે; કેમકે જે પ્રગટ કરાએલુ, તે અજવાળું છે. માટે તે કહે છે કે, ઉંઘનાર, જાગ, ને મુએલાંમાંથી ઊઠ, ને ખ્રીસ્ત તને પ્રકાશ આપશે.

સુવાર્તા. ૫. લુક ૧૧, ૧૪.

ઇસુ એક મુગા ભૂતને કાઢતો હતો. ને એમ થયું કે ભૂત નિકળ્યા પછી તે મુગો માણસ બોલ્યો, ને લોકો અચરત થયા. પણ તેઓમાંના કેટલાએકે કહ્યુ કે, ભૂતોના સરદાર બાલઝબુલની મદદથી તે ભૂતો કાઢે છે. અને બીજાઓએ પરીક્ષણ કરતાં તેની પાસે આકાશમાંથી નિશાણી માગી. પણ તેણે તેઓના વિચાર જાણીને તેઓને કહ્યુ કે, હરેક રાજ્ય જેમાં ફૂટ પડે તે ઉજડ થાય છે, ને ઘરમાં ફૂટ પડે, તો તે પડી જાય છે; ને જો શેતાન પણ પોતાની સામો થએલો હોય તો તેનુ રાજ્ય કેમ નિભે? કેમકે તમે કહો છો કે, બાલઝબુલની મદદથી હુ ભૂતો કાઢું છું. અને જો હુ બાલઝબુલની મદદથી ભૂતો કાઢું છુ તો તમારા દીકરાઓ કોની મદદથી કાઢે છે? માટે તેઓ તમારા ન્યાયાધીશ થશે. પણ જો હુ દેવની આંગળીથી ભૂતો કાઢું છુ, તો દેવનું રાજ્ય તમારી મધ્યે આવ્યુ છે. બળવાન માણુસ હથિયારબંધ થઇને પોતાની હવેલી સાચવે છે, ત્યારે તેનો માલ સલામત રહે છે, પણ જ્યારે તેના કરતાં બળવાન માણુસ તેના પર આવી પડીને તેને જીતે ત્યારે તેનાં સઘળાં હથિયાર જેના પર તે ભરોસો રાખતો હતો તે તેની પાસેથી લઇ લે છે, ને તેની લૂટ વહેંચે છે. જે મારા પક્ષનો નથી તે મારી વિરૂદ્ધ છે, ને જે મારી સાથે સમેટતો નથી તે વેરી નાખે છે. અશુદ્ધ આત્મા માણુસમાંથી નિકળ્યા પછી નિર્જળ જગ્યાઓમાં વિસામો શોધતો ફરે છે; પણ તે જડતો નથી, ત્યારે તે કહે છે કે, મારા જે ઘરમાંથી હું નિકળ્યો તેમાં હું પાછો જઇશ. અને જ્યારે તે આવે છે ત્યારે તે તેને વાળેલું તથા શોભાયમાન કરેલુ માલમે પડે છે. ત્યારે તે જઇને પોતા કરતાં ભુંડા બીજા સાત આત્માઓને તેડી લાવે છે; ને તેઓ માંહે આવીને ત્યાં

રહે છે; ને તે માણુસની છેલ્લી અવસ્થા પહેલીના કરતાં ભુંડી થાય છે.

અને એમ થયું કે તે આ વાતો કહેતો હતો, ત્યારે લોક મધ્યેથી એક બાયડીએ મોટે ઘાંટે તેને કહ્યું કે, જે ઉદરમાં તુ રહ્યો, ને જે થાનને તું ધાવ્યો તેઓને ધન્ય છે! પણ તેણે કહ્યું કે, તે કરતાં જેઓ દેવની વાત સાંભળે છે ને પાળે છે તેઓને ધન્ય છે!

ઉપવાસસમયનો ચોથો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમે જે પોતાનાં કુકર્મોને લીધે ન્યાયની રીતે દંડપાત્ર થયાં છીએ, તેઓ તારી કૃપાના દિલાસા વડે તારી દયાથી સમાધાન પામીએ, અમારા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ગલાતી. ૪, ૨૧.

નિયમ તળે થવાને ચહાનારાઓ, તમે શુ નિયમ સાંભળતા નથી, તે મને કહો? કેમકે એમ લખ્યુ છે કે, ઇબ્રાહીમને બે દીકરા હતા, એક દાસીનો, ને બીજો સ્વતંત્રણીનો. પણ જે દાસીનો તે દેહ પ્રમાણે જન્મેલો, ને જે સ્વતંત્રણીનો તે વચન પ્રમાણે. તેઓ ઉપમારૂપ છે; કેમકે તેઓ બે કરાર છે, એક તો સિનાય પહાડથી, તે દાસપણાને સારૂ જન્માવે છે, એજ હાગાર છે. કેમકે હાગાર અરબસ્થાનમાંનો સિનાય પહાડ છે, ને તે હાલના યરૂશાલેમને અનુરૂપ છે, કેમકે તે પોતાનાં છોકરાં સુદ્ધાં દાસપણામાં છે. પણ ઉપરનું યરૂશાલેમ સ્વતંત્ર છે, તે આપણુ સઘળાની મા છે; કેમકે એમ લખ્યું છે કે, ઓ વાંઝણી, જે જણતી નથી, તે તુ આનંદ કર; જે જણવાની પીડા પામતી નથી, તે તું હાંક મારીને બૂમ પાડ, કેમકે જેને વર છે તેનાં છોકરાં કરતાં છડીનાં ઘણાં છે. અને ઓ ભાઇઓ, આપણે ઇસહાકની પેઠે વચનનાં છોકરાં છીએ. પણ તે વખત દેહ પ્રમાણે જે જન્મેલો, તેણે જેમ આત્મા પ્રમાણે જન્મેલાને સતાવ્યો, તેમ હમણાં પણ છે. પણ પવિત્ર લેખ શુ કહે છે? દાસીને તથા તેના દીકરાને કાઢી મુક, કેમકે દાસીનો દીકરો સ્વતંત્રણીના દીકરાની સાથે વારસો નહિ પામશે. માટે, ભાઈઓ, આપણે દાસીનાં છોકરાં નથી, પણ સ્વતંત્રણીનાં છીએ.

સુવાર્તા. પ. યોહાન ૬, ૧.

ગાલીલનો સમુદ્ર જે તીબેરીઅસનો કહેવાય છે, તેને પેલે પાર ઇસુ ગયો. અને લોકોનો મોટો સમુદાય તેની પાછળ ગયો, કેમકે તેના ચમત્કાર, જે તેણે માંદાઓ પર કીધા, તે તેઓએ દીઠા હતા. અને ઇસુ પહાડ પર ગયો, ને ત્યાં પોતાના શિષ્યો સુદ્ધાં બેઠો. હવે યહુદીઓનું પાસ્ખા પર્વ પાસે આવ્યુ

હતું. માટે ઇસુ નજર ઉંચી કરીને પોતાની પાસે મોટો સમુદાય આવતો જોઇને ફીલીપને કહે છે કે, એઓ ખાય માટે આપણે રોટલી કયાંથી વેચાતી લઇએ? પણ તેણે તેને પારખવા સારૂ એ કહ્યું; કેમકે તે શું કરવાનો હતો, એ તે પોતે જાણતો હતો. ફીલીપે તેને ઉત્તર આપ્યો કે, બસેં દીનારની રોટલી એઓને સારૂ બસ નથી કે તેઓમાંના દરેકને થોડું થોડું મળે. તેના શિષ્યોમાંનો એક, એટલે સીમોન પીતરનો ભાઈ આંદ્રયા, તેને કહે છે કે, એક જુવાન અહીં છે, તેની પાસે જવની પાંચ રોટલી ને બે માછલી છે, પણ એથી આટલાંને શું થાય? ઇસુએ કહ્યું કે, લોકોને બેસાડો. હવે તે ઠેકાણે ઘણું ઘાસ હતું. અને તેઓ બેસી ગયા, ને પુરૂષોની સંખ્યા પાંચેક હજારની હતી. ત્યારે ઇસુએ તે રોટલીઓ લીધી, ને સ્તુતિ કરીને બેઠેલાઓને પિરસી; માછલીઓમાંથી પણ જેટલું જોઇતું હતું તેટલું એજ રીતે આપ્યું. અને તેઓ ધરાયા પછી તે પોતાના શિષ્યોને કહે છે કે, કંઈ નકામુ ન જાય માટે છાંડેલા કકડા એકઠા કરો. તે માટે તેઓએ તે એકઠા કર્યા, ને તે જવની પાંચ રોટલીમાંના જે છાંડેલા કકડા જમનારાઓએ રહેવા દીધા હતા, તેઓની બાર ટોપલી ભરી. માટે તે લોકોએ ઇસુનો કરેલો એ ચમત્કાર જોઇને કહ્યુ કે, જે ભવિષ્યવાદી જગતમાં આવનાર છે, તે નિશ્ચે એજ છે.

ઉપવાસસમયનો પાંચમો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા લોકો પર દયાની નજર કર, કે તારી ઘણી દયાથી, તેમની દેહ તથા આત્મા બન્ને સદા તારા અધિકાર તથા સંભાળ તળે રહે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. હેબ્રી. ૯; ૧૧.

ખ્રીસ્ત, થનારાં સારાં વાનાં સંબંધી પ્રમુખ્યયાજક થઇને, અધિક મોટો તથા અધિક સંપૂર્ણ મંડપ જે હાથથી કીધેલો નથી, એટલે આ ઉત્પત્તિનો નથી તેથી, ને બકરાના તથા વાછરડાના લોહીથી નહિ, પણ પોતાનાજ લોહીથી, સાર્વકાળિક ખંડણી મેળવીને તે પરમપવિત્રસ્થાનમાં એકજ વાર ગયો. કેમકે જો બકરાનું તથા ગોધાઓનું લોહી તથા વાછરડીની રાખ, અપવિત્રો પર છાંટવાથી શરીરની શુદ્ધતા વિષે પવિત્ર કરે છે, તો ખ્રીસ્ત, જે સનાતન આત્માથી પોતે દોષ વગર દેવને અર્પણ થયો, તેનું લોહી કેટલું વધતું તમારાં હૃદયને જીવતા દેવને ભજવા સારૂ નિર્જીવ કામોથી શુદ્ધ કરશે? ને એજ માટે નવા કરારનો મધ્યસ્થ તે છે, કે પહેલા કરારની વેળા જે ઉલ્લંઘન હતાં, તેની ખંડણીને સારૂ પોતે મરવાથી જે તેડેલા તેઓ અનંત વતનનું વચન પામે.

સુવાર્તા. ૫. યોહાન ૮ ; ૪૬.

ઇસુએ કહ્યું કે, તમારામાંથી કોણ મારા પર પાપ સાબીત કરે છે? જો હું સત્ય કહું છું, તો શા માટે તમે મારૂં માનતા નથી? જે દેવનો છે, તે દેવનાં વચન સાંભળે છે; તમે દેવના નથી, માટે તમે સાંભળતા નથી. યહુદીઓએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, તું સમરૂની છે, ને તને ભૂત વળગેલુ છે, એ અમારૂં કહેવુ શું ઠીક નથી? ઇસુએ ઉત્તર દીધો કે, મને ભૂત વળગેલુ નથી, પણ હુ મારા બાપને માન આપુ છું, ને તમે મારૂં અપમાન કરો છો. પણ હુ મારૂ પોતાનુ માન નથી શોધતો; શોધનાર તથા ન્યાય કરનાર એક છે. હુ તમને ખચિત ખચિત કહુ છું કે, જો કોઈ મારૂં વચન પાળે, તો તે કદી મોત નહિ દેખશે. યહુદીઓએ તેને કહ્યુ, તને ભૂત વળગેલુ છે એવી અમને હવે ખાતરી થઇ છે. ઇબ્રાહીમ તેમજ ભવિષ્યવાદીઓ પણ મરી ગયા છે; પણ તું કહે છે કે જો કોઈ મારાં વચન પાળે, તો તે કદી મોત નહિ પામશે. તું શું અમારા બાપ ઇબ્રાહીમ કરતાં મોટો છે? તે તો મરી ગયો છે, ને ભવિષ્યવાદીઓ પણ મરી ગયા છે; તું પોતાને કોણ ઠરાવે છે? ઇસુએ ઉત્તર દીધો કે, જો હું પોતાને માન આપું, તો મારૂં માન કંઈ નથી, મને માન આપનાર તો મારો બાપ છે, જે વિષે તમે કહો છો કે, તે અમારો દેવ છે. વળી તમે તેને જાણ્યો નથી;- પણ હું તેને જાણું છું; ને જો હું કહું, કે હું તેને નથી જાણતો, તો તમારા જેવો હુ જુઠો થાઉ, પણ હું તેને જાણું છું, ને તેનું વચન પાળું છું. તમારો બાપ ઇબ્રાહીમ મારો દહાડો જોવાની આશાથી હરખાયો, ને તે જોઇને તેને આનંદ થયો. ત્યારે યહુદીઓએ તેને કહ્યુ કે, હજી તું પચાસ વરસનો થયો નથી, ને શુ તેં ઇબ્રાહીમને જોયો છે? ઇસુએ તેઓને કહ્યુ કે, હુ તમને ખચિત ખચિત કહુ છું કે, ઇબ્રાહીમનો જન્મ થયા પહેલાંનો હુ છું. ત્યારે તેઓએ તેને મારવાને પત્થર ઉપાડ્યા; પણ ઇસુ સંતાઇ જઇને મંદિરમાંથી નિકળી ગયો.

પુનરૂત્થાનની આગળનો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા સનાતન દેવ, માણસો તરફ તારા દયાળુ પ્રેમ પ્રમાણે તેં તારા દીકરા અમારા તારનાર ઇસુ ખ્રીસ્તને મોકલ્યો, કે તે અમારૂં શરીર ધારણ કરીને ક્રુસ પર મોત પામે, એ માટે કે બધાં માણસો તેની અતિઘણી નમ્રતાના નમુના પ્રમાણે ચાલે; અમારા પર દયા કર કે અમે તેની ધીરજના નમુના પ્રમાણે ચાલીએ, અને તેના પુનરૂત્થાનના પણ ભાગિયા થઈએ; તેજ ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ફિલિપી. ૨, ૫.

ખ્રીસ્ત ઇસુનું જે મન હતું, તે તમે પણ રાખો; તેણે દેવના રૂપમાં છતાં, દેવને સમાન હોવું એ પકડી રાખવાનું ચાહ્યુ નહિ, પણ તેણે દાસનું રૂપ લઇને એટલે માણસોની પ્રતિમામાં થઇને પોતાને ખાલી કર્યો: ને માણસના સરખા આકારમાં પ્રગટ થઇને, મરણ, હા, વધસ્તંભના મરણ સુધી આધીન થઇને, પોતાને લીન કર્યો. એને લીધે, દેવે તેને ઘણો ઉચો કીધો, ને સર્વ નામો કરતાં તેને મોટુ નામ આપ્યુ. એવુ કે આકાશમાંનાં તથા ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઇસુને નામે ઘુંટણ ટેકવે, ને દેવ બાપના મહિમાને સારૂ, પ્રત્યેક જીભ કબૂલ કરે કે ઇસુ ખ્રીસ્ત તે પ્રભુ છે.

સુવાર્તા. ૫. માત્થી ૨૭, ૧.

સવાર થઈ, ત્યારે સર્વ મુખ્ય યાજકોએ તથા લોકોના વડીલોએ ઇસુને મારી નાખવા સારૂ તેની વિરૂદ્ધ મનસુબો કીધો. પછી તેઓએ તેને બાંધ્યો ને તેને લઇ જઇને પીલાત હાકેમને સોપ્યો.

ત્યારે તે અપરાધી ઠરાવાયો, એવું જોઇને, તેને પરસ્વાધીન કરનાર યહુદાને પશ્ચાત્તાપ થયો, ને પેલા ત્રીસ રૂપીઆ મુખ્ય યાજકોની તથા વડીલોની પાસે પાછા લાવીને કહ્યું કે, નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કીધુ છે. ત્યારે તેઓએ કહ્યુ કે, તેમાં અમારે શું? તે તું જાણે. પછી મંદિરમાં રૂપીઆ ફેંકી દઇને તે નિકળ્યો; ને જઇને ફાંસી ખાધી. ત્યારે મુખ્ય યાજકોએ તે રૂપીઆ લઇને કહ્યુ કે, એ લોહીનું મૂલ્ય છે માટે ભંડારમાં એ નાખવા ઉચિત નથી. પછી તેઓએ મનસુબો કરીને પરદેશીઓને દાટવા સારૂ તેનુ કુંભારનુ ખેતર વેચાતું લીધુ. તે માટે આજ સુધી તે ખેતર લોહીનુ ખેતર કહેવાય છે. ત્યારે યિર્મેયાહ ભવિષ્યવાદીએ જે કહ્યુ હતું તે પૂરૂ થયું કે, જેનું મૂલ્ય ઠરાવવામાં આવ્યું, એટલે જેનુ મૂલ્ય ઇસ્રાએલપુત્રોએ ઠરાવ્યું તેના મૂલ્યના ત્રીસ રૂપીઆ તેઓએ લીધા, ને જેમ પ્રભુએ મને હુકમ કીધો, તેમ કુંભારના ખેતરને સારૂ આપ્યા.

અને ઇસુ હાકેમની આગળ ઉભો રહ્યો, ને હાકેમે તેને પુછતાં કહ્યુ કે, શું તુ યહુદીઓનો રાજા છે? ત્યારે ઇસુએ તેને કહ્યુ કે, તું કહે છે. અને મુખ્ય યાજકોએ તથા વડીલોએ તેના પર બટ્ટો મુકયા છતાં તેણે કંઈ ઉત્તર ન દીધો. ત્યારે પીલાત તેને કહે છે કે, તારી વિરૂદ્ધ તેઓ કેટલી શાહેદી આપે છે, એ શું તું નથી સાંભળતો? પણ તેણે તેને એક શબ્દનો પણ ઉત્તર ન દીધો, જેથી હાકેમ ઘણો અચરત થયો. હવે પર્વમાં જે એક બદીવાનને લોકો માગે, તેને તેઓને સારૂ છોડી દેવાનો હાકેમનો રિવાજ હતો. અને તે વેળા બારાબાસ નામનો તેઓનો એક પ્રખ્યાત બંદીવાન હતો. તે માટે તેઓ એકઠા થયા પછી

પીલાતે તેઓને કહ્યુ, હુ તમારે સારૂ કોને છોડી દઉ, તમારી શી મરજી છે? બારાબાસને, કે ઇસુ જે ખ્રીસ્ત કહેવાય છે તેને? કેમકે તે જાણતો હતો કે તેઓએ અદેખાઇથી તેને સોપ્યો હતો. અને ન્યાયાસન પર તે બેઠો હતો, ત્યારે તેની બાયડીએ તેને કહેવાડી મોકલ્યુ કે, તે ન્યાયીને તું કંઈ કરતો ના, કેમકે આજ મને સ્વપ્નમાં તેને લીધે ઘણું દુઃખ થયુ છે. પણ મુખ્ય યાજકોએ તથા વડીલોએ લોકને સમજાવ્યા, કે તેઓ બારાબાસને માગે, ને ઇસુને મારી નખાવે. પણ હાકેમે ઉત્તર દેતા તેઓને કહ્યુ કે, તે બેમાંથી કોને હું તમારે સારૂ છોડી દઉ, તમારી શી મરજી છે? ને તેઓએ કહ્યુ કે બારાબાસને પીલાત તેઓને કહે છે, તો ઇસુ જે ખ્રીસ્ત કહેવાય છે તેને હુ શું કરૂ? સર્વે તેને કહે છે કે, તે વધસ્તભે જડાય. ત્યારે તેણે કહ્યુ, શા માટે? તેણે શું ભુંડું કીધુ છે? પણ તેઓએ વધારે બૂમ પાડતાં કહ્યુ કે, તે વધસ્તંભે જડાય. અને પીલાતે જોયું કે મારૂ કંઈજ ચાલતું નથી, પણ ઉલટી વિશેષ ગડબડ થાય છે, ત્યારે તેણે પાણી લઇને લોકોની આગળ પોતાના હાથ ધોઇને કહ્યુ કે, એ ન્યાયીના લોહી સબંધી હું નિર્દોષ છું; તમે જાણો. ત્યારે સર્વ લોકોએ ઉત્તર દેતાં કહ્યુ કે, એનુ લોહી અમારે માથે તથા અમારા સંતાનને માથે આવે. પછી તેણે બારાબાસને તેઓને સારૂ છોડી દીધો, ને ઇસુને કોરડા મરાવીને વધસ્તંભે જડાવા સારૂ સોપ્યો.

ત્યારે હાકેમના સિપાઇઓએ ઇસુને મહેલમાં લઇ જઇને આખી પલટણ તેની આસપાસ એકઠી કીધી. પછી તેઓએ તેનાં લુગડાં ઉતારીને કિરમજી જભ્ભો તેને પહેરાવ્યો. ને કાંટાનો મુગટ ગુંથીને તેના માથા પર મુકયો, ને તેના જમણા હાથમાં સોટી આપી, ને તેની સામા ઘુંટણ ટેકીને તેના ઠઠ્ઠા કરતાં કહ્યુ કે, અરે યહુદીઓના રાજા, સલામ. પછી તેઓ તેના પર થુંકયા, ને સોટી લઇને તેને માથામા મારી. અને તેના ઠઠ્ઠા કરી રહ્યા પછી તેઓએ જભ્ભો તેના પરથી ઉતારીને તેનાંજ લુગડાં તેને પહેરાવ્યાં, અને વધસ્તંભે જડવાને તેઓ તેને લઇ ગયા.

અને તેઓ બહાર જતા હતા ત્યારે કુરેનીનો સીમોન નામે એક જણ તેઓને મળ્યો, જેની પાસે તેઓએ તેનો વધસ્તંભ પરાણે ઉચકાવી લીધો. અને ગલગથા નામે એક જગ્યા, જે ખોપરીની જગ્યા કહેવાય છે, ત્યાં પહોંચ્યા. ત્યારે તેઓએ પિત્ત ભેળેલો સિરકો તેને પીવાને આપ્યો, પણ ચાખ્યા પછી તેણે પીવા ના પાડી. અને તેને વધસ્તભે જડ્યા પછી તેઓએ ચિઠ્ઠી નાખીને તેનાં લુગડા માહોમાંહે વહેંચી લીધાં. પછી તેઓએ ત્યાં બેસીને તેની ચોકી કીધી. અને તે સબંધીનુ લખેલુ તહોમતનામુ તેના માથાની ઉપર લગાડયું કે, ઇસુ જે યહુદીઓનો રાજા, તે એજ છે. ત્યારે તેઓએ તેની જોડ બે ચોરને વધસ્તભે જડયા, એકને જમણી તરફ ને બીજાને ડાબી તરફ. અને પાસે

થઈને જનારાઓએ પોતાનાં માથાં હલાવતાં તથા તેની નિંદા કરતાં કહ્યું કે, અરે મંદિરને પાડી નાખનાર તથા તેને ત્રણ દહાડામાં બાંધનાર, તું પોતાને બચાવ; જો તું દેવનો દીકરો છે તો વધસ્તંભ પરથી ઉતરી આવ. અને તેજ રીતે મુખ્ય યાજકોએ પણ શાસ્ત્રીઓ તથા વડીલો સુદ્ધાં ઠઠ્ઠા કરતાં કહ્યું કે, બીજાઓને તેણે બચાવ્યા, તે પોતાને બચાવી નથી શકતો; એ તો ઇસ્રાએલનો રાજા છે, તે હમણાં વધસ્તભ પરથી ઉતરી આવે, ને અમે તેના પર વિશ્વાસ કરીશું. તે દેવ પર ભરોસો રાખે છે, જો તે તેને ચાહે છે તો હમણાં તેનો છુટકો તે કરે; કેમકે તેણે કહ્યું હતું કે હું દેવનો દીકરો છું. અને જે ચોરોને તેની જોડે વધસ્તંભે જડયા હતા, તેઓએ પણ તેમજ તેની નિંદા કીધી.

અને છઠ્ઠી હોરાથી નવમી હોરા સુધી આખા દેશ પર અંધકાર પડ્યો. અને આસરે નવમી હોરાએ ઇસુએ મોટે ઘાંટે બૂમ પાડતાં કહ્યું કે, એલી, એલી, લામા સાબાખ્થાની, એટલે, ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મુકી દીધો છે? અને જેઓ ત્યાં ઉભા હતા તેઓમાંથી કેટલાએક સાંભળીને કહ્યું કે, એલીયાહને તે બોલાવે છે. અને તરત તેઓમાંથી એક દોડીને વાદળી લઇને સિરકાથી ભીંજવી, ને લાકડીની ટોચે બાંધીને તેને ચુસવા આપી. પણ બીજાઓએ કહ્યું કે, રહેવા દો, આપણે જોઇએ કે એલીયાહ એને છોડાવવા આવે છે કે નહિ. પછી ઇસુએ બીજી વાર મોટે ઘાંટે બૂમ પાડીને પ્રાણ મુકયો. ત્યારે જુઓ, મંદિરનો પડદો ઉપરથી તળે સુધી ફાટીને તેના બે ભાગ થઇ ગયા, ને ધરતી કાંપી, ને ખડકો ફાટી ગયા, ને કબરો ઉઘડી ગઇ, ને ઉંઘેલા સંતોનાં ઘણાં શરીર ઉઠયાં, ને તેના પાછા ઉઠયા પછી તેઓ કબરોમાંથી નિકળીને પવિત્ર નગરમાં ગયા, ને ઘણાઓને દેખાયા. ત્યારે જમાદારે તથા તેની સાથે જેટલા ઇસુની ચોકી કરતા હતા, તેઓએ ધરતીકંપારો તથા જે જે થયું, તે જોઇને બહુ બીતાં કહ્યું કે, ખરેખર એ દેવનો દીકરો હતો.

પુનરૂત્થાનની આગળનો સોમવાર.

પત્રને બદલે. યશાયાહ ૬૩; ૧.

આ જે અદોમથી, જે કિરમજી રંગનાં વસ્ત્ર પહેરીને બોસ્રાહથી આવે છે, આ જે પોશાક સંબંધી મહિમાવાન, પોતાના પુષ્કળ સામર્થ્યે મહાલતો આવે છે, તે કોણ છે? હું જે ન્યાયીપણાથી બોલનાર, તારવાને પરાક્રમી, તે હું છું. તારા પોશાક પર રતાશ કેમ આવતી હશે, ને તારાં વસ્ત્ર દ્રાક્ષકુંડમાં ખુંદનારનાં વસ્ત્ર જેવાં કેમ થયાં હશે? મેં એકલાએ દ્રાક્ષકુંડ ખુંદ્યો છે; ને લોકોમાંથી કોઈ માણસ મારી સાથે નહોતું, વળી મેં મારા રોષમાં તેઓને ખુંદ્યા, ને મારા કોપે તેઓને છુંદી નાખ્યા, ને તેઓનું

લોહી મારાં વસ્ત્ર પર છંટાયું છે, ને મારો તમામ પોશાક મેં ડાઘેલ કીધો છે. કેમકે મારા હૃદયમાં પ્રતિકારના દિવસનો વિચાર હતો, ને મારૂં છુટકાનું વર્ષ આવ્યું છે. ને મેં જોયું, તો કોઈ સહાયકારક નહોતો, ને ટેકો આપનાર કોઈ નથી, એ જોઇને હું વિસ્મિત થયો, એટલે મારે સારૂ મારા પોતાના ભુજે તારણ કીધુ, ને મારા કોપે મને ટેકો આપ્યો. ને મેં મારા રોષે લોકોને ખુંદી નાખ્યા, ને મારા કોપે તેઓને મસ્ત કીધા; ને તેઓનુ લોહી મેં ભૂમી પર રેડી દીધુ.

યહોવાહની રહેમ હુ કહી સભળાવીશ, યહોવાહે જે સર્વ આપણને બક્ષ્યું છે તથા તેની દયા પ્રમાણે તથા તેની પુષ્કળ રહેમ પ્રમાણે તેણે ઇસ્રાએલના ઘરનાંનું જે મોટુ કલ્યાણ એમને વાસ્તે કર્યું છે, તેને માટે યહોવાહની સ્તુતિ હુ કહી સંભળાવીશ. કેમકે તેણે કહ્યુ, ખચિત એ મારા લોક, કપટ ન કરે એવા છોકરા છે, ને તે તેઓનો તારક થયો. તેમનાં સર્વ દુ:ખમાં તે દુ:ખિત થયો, ને તેની હજુરના દૂતે તેમને તાર્યા; તેણેજ પોતાની પ્રીતિએ તથા પોતાની દયાએ તેમને ખંડી લીધા, તે પુરાતન કાળના સર્વ દિવસ તેણે તેમને ઉચકીને ફેરવ્યા. પરંતુ તેઓએ દંગો કરીને તેના પવિત્ર આત્માને ખેદિત કર્યો, માટે તે પોતે તેમનો શત્રુ થઈ જઇને તેઓની સામે લડયો. ત્યારે તેના લોકોએ પુરાતનકાળના દિવસોનું, તથા મુસાનું સ્મરણ કીધું, એમ કહેતાં કે, સમુદ્ર પાસેથી જે અમોને પોતાના ટોળાના પાળક સુદ્ધાં ઉપર લાવ્યો, તે કયાં છે? જેણે અમારા મધ્યે પોતાનો પવિત્ર આત્મા મુકયો, જે મુસાને જમણે હાથે પોતાનો મહિમાવાન ભુજ ચાલતો રાખતો હતો, જેણે પોતાને સારૂ અનંત નામ કરવાને અમારી આગળ પાણી વિભાગ્યાં, જેણે અમને જાણે મેદાન પર ઘોડો ચાલતો હોય તેમ ઉંડાણ મધ્યે એવી રીતે ચલાવ્યા કે અમે ઠોકર ખાધી નહિ, તે કયાં છે? નીચાણમાં ઉતરી જનારાં ઢોરની પેઠે તેઓ યહોવાહના આત્માથી વિશ્રામ પામ્યા, તે પ્રમાણે તે પોતાને સારૂ મહિમાવંત નામ કરવાને વાસ્તે, તારા લોકને ચલાવ્યા. આકાશમાંથી નજર નાખીને તારા પવિત્ર પર્વત તથા મહિમાવંત રહેઠાણમાંથી જો; તારી આસ્થા તથા તારૂ પરાક્રમ કયાં છે? તારા હૃદયની ઉત્કંઠા, તથા મારા પ્રત્યે તારી દયા બંધ થઈ છે શું? કેમકે તું અમારો બાપ છે; કારણ કે ઇબ્રાહિમ અમને જાણતો નથી, ને ઇસ્રાએલ અમને કબૂલ કરતો નથી; હે યહોવાહ, તું અમારો બાપ છે, સર્વકાળથી અમારો ઉદ્ધારનાર એજ તારૂ નામ છે. હે યહોવાહ, તું શા માટે અમને તારા માર્ગ પરથી ભટકાવી દે છે? અમે તારી બીક ન રાખીએ, એવી રીતે તું શા માટે અમારાં હૃદયોને કઠણ કરે છે? તારા સેવકોને લીધે, તારા વારસાનાં કુળોને લીધે પાછો આવ. થોડીજ વેળા તારા

પવિત્ર લોકે વતન ભોગવ્યું છે; અમારા શત્રુઓએ તારા પવિત્રસ્થાનને ખુંદ્યું છે. જેઓ પર તેં પુરાતનકાળથી રાજ્ય કર્યું નહિ, જેઓ તારા નામથી ઓળખાયા નહિ, તેઓના જેવા અમે થયા છીએ.

સુવાર્તા. ૫. માર્ક ૧૪: ૧.

એ દહાડા પછી પાસ્ખા તથા બેખમીરી રોટલીનું પર્વ હતું; અને કેવી રીતે તેને દગાથી પકડીને મારી નાખે, એ વિષે મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ શોધ કરતા હતા. કેમકે તેઓએ કહ્યુ કે, પર્વમાં નહિ, રખે કદાપિ લોકોનું હુલ્લડ થાય.

અને જ્યારે તે બેથાનિયામાં, સીમોન કોઢિયાના ઘરમાં હતો, અને ખાવા બેઠો હતો, ત્યારે એક બાયડી જટામાંસીના અતિ મુલ્યવાન અત્તરની ભરેલી સંગેમરમરની ડબ્બી લઇને આવી, ને એ ડબ્બી ભાંગીને તેણીએ તેના માથા પર તે રેડયું. પણ કેટલાએક પોતાનાં મનમાં નારાજ થઇને કહેવા લાગ્યા કે, અત્તરનો એ બગાડ શા માટે કીધો? કેમકે એ અત્તર ત્રણસેં દીનાર કરતાં વધારે કિમ્મતે વેચી શકાત, ને દરિદ્રીઓને અપાત. ને તેઓએ તેણીની વિરૂદ્ધ કચકચ કીધી. પણ ઇસુએ કહ્યું કે, એને રહેવા દો; એને કેમ સતાવો છો? એણીએ મારા પ્રત્યે ભલું કામ કર્યું છે. કેમકે દરિદ્રીઓ સદા તમારી સાથે છે, ને જ્યારે તમે ચાહો ત્યારે તેઓનું ભલું કરી શકો છો; પણ હું સદા તમારી સાથે નથી. જે તેનાથી બની શકયું, તે તેણીએ કર્યું છે, દફનને સારૂ અગાઉથી તેણીએ મારા શરીરને અત્તર ચોળ્યુ છે. વળી હું તમને ખચિત કહું છું કે, આખા જગતમાં, જ્યાં કંઈ સુવાર્તા પ્રગટ કરાશે, ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે, તે એની યાદગારીમાં કહેવામાં આવશે.

અને બારમાંનો એક, એટલે યહુદા ઇસકારીઓત, મુખ્ય યાજકોની પાસે ગયો, એ સારૂ કે તે તેને તેઓના હાથમાં સોંપે. અને તેઓ તે સાંભળીને ખુશ થયા, ને તેને પૈસા આપવાનુ વચન આપ્યુ. અને તેને પરસ્વાધીન કરવાનો લાગ તે શોધતો હતો.

અને બેખમીરી રોટલીના પર્વને પહેલે દહાડે, જ્યારે લોકો પાસ્ખા યજ્ઞ કરતા હતા, ત્યારે તેના શિષ્યો તેને કહે છે કે, તું પાસ્ખા ખાય માટે અમે કયાં જઇને તૈયારી કરીએ, એ વિષે તારી શી ઇચ્છા છે? અને તે પોતાના શિષ્યોમાંના બેને મોકલે છે, ને તેઓને કહે છે કે, શહેરમાં જાઓ, ને પાણીની ગાગેર લઈ જતો એક માણસ તમને મળશે; તેની પાછળ જાઓ; ને જ્યાં તે પેસશે, ત્યાં ઘરધણીને કહો, ઉપદેશક કહે છે કે, મારી ઉતરવાની ઓરડી કયાં છે, કે જેમાં હું મારા શિષ્યો સાથે પાસ્ખા ખાઉં? ને તે પોતે તમને એક મોટી મેડી સણગારેલી ને તૈયાર કરેલી દેખાડશે; ત્યાં આપણને સારૂ તૈયારી કરો. અને શિષ્યો નિકળીને શહેરમાં આવ્યા, ને જેવું તેણે

તેઓને કહ્યું હતું તેવું તેઓને મળ્યું; ને તેઓએ પાસ્ખા તૈયાર કીધું.

અને સાંજ પડી ત્યારે બારની સાથે તે આવે છે; ને તેઓ બેસીને ખાતા હતા, ત્યારે ઇસુએ કહ્યુ કે, હું તમને ખચિત કહુ છુ કે, તમારામાંનો એક, જે મારી સાથે ખાય છે, તે મને પરસ્વાધીન કરશે. તેઓ શોકાતુર થવા લાગ્યા, ને એક પછી એક તેને કહેવા લાગ્યા કે, શું તે હું છુ? ને તેણે તેઓને કહ્યુ કે, બારમાંનો એક, જે મારી સાથે થાળીમાં બોળે છે તેજ તે છે. કેમકે માણસના દીકરા સબંધી જેમ લખ્યુ છે તેમ તે જાય છે ખરો, પણ જેનાથી માણસનો દીકરો પરસ્વાધીન કરાય છે, તે માણસને હાય હાય! જો તે માણસ જન્મ્યો ન હોત, તો તે તેને માટે સારૂ હોત.

અને તેઓ ખાતા હતા, ત્યારે તેણે રોટલી લઇને ને આશીર્વાદ માગીને તે ભાંગી, ને તેઓને આપી; ને કહ્યુ કે, લો, આ મારૂ શરીર છે. અને વાટકો લઇને તથા સ્તુતિ કરીને તેણે તેઓને આપ્યો; ને બધાએ તેમાંનું પીધુ. અને તેણે તેઓને કહ્યુ કે, કરારનું આ મારૂં રક્ત છે, જે ઘણાને લીધે વહેવડાવ્યું છે. હું તમને ખચિત કહું છુ કે, જે દહાડે હુ દેવના રાજ્યમાં નવો પીશ, તે દહાડા સુધી હું ફરી દ્રાક્ષનો રસ પીનાર નથી.

અને ગીત ગાયા પછી તેઓ જૈતુનના પહાડ પર ગયા.

અને ઇસુ તેઓને કહે છે કે, તમે સહુ ઠોકર ખાશો, કેમકે એવું લખ્યું છે કે, હું પાળકને મારીશ, ને ઘેટાં વેરાઈ જશે. પરંતુ મારા પાછા ઉઠયા પછી હુ તમારી અગાઉ ગાલીલમાં જઈશ. પણ પીતરે તેને કહ્યુ કે, અગર જો સઘળા ઠોકર ખાય તોપણ હું નહિ.

અને ઇસુ તેને કહે છે કે, હું તને ખચિત કહુ છું કે, આજની રાત્રેજ મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ. પણ તેણે બહુ જુસ્સાથી કહ્યુ કે, મારે તારી સાથે મરવું પડે, તોપણ હુ તારો નકાર નહિ કરીશ. અને સહુએ પણ એમજ કહ્યુ.

અને તેઓ ગેથસેમાને નામે એક જગ્યાએ આવે છે; ને તે પોતાના શિષ્યોને કહે છે કે, હું પ્રાર્થના કરૂં, ત્યાં સુધી અહી બેસો. અને તે પોતાની સાથે પીતરને તથા યાકુબને તથા યોહાનને લઈ જાય છે, ને તે બહુ અકળાવા તથા ઉદાસ થવા લાગ્યો. અને તે તેઓને કહે છે, મારો જીવ મરવા જેવો અતિ શોકાતુર છે; અહીં રહીને જાગતા રહો. અને થોડું આગળ જઇને તે ભોય પર પડયો; ને પ્રાર્થના કરી કે, જો બની શકે તો આ ઘડી મારાથી દૂર થાઓ. અને તેણે કહ્યુ કે, આબા, બાપ, તારાથી બધુ થઈ શકે છે; આ વાટકો મારાથી દૂર કરજે, તોપણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ. અને તે આવે છે, ને તેઓને ઉઘતા જુએ છે, ને પીતરને કહે છે, સીમોન, શું તું ઉંઘે છે; શું એક ઘડી સુધી તું જાગતો રહી

શકતો નથી? જાગતા રહો તથા પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન આવો, આત્મા તત્પર છે ખરો, પણ દેહ અબળ છે. અને ફરી તેણે જઇને એજ શબ્દો બોલીને પ્રાર્થના કરી. અને પાછા આવીને તેણે તેઓને ઉંઘતા જોયા, કેમકે તેઓની આંખો ઉંઘથી ઘણી ભારે હતી, ને તેને શો જવાબ દેવો, એ તેઓ જાણતા ન હતા. અને તે ત્રીજી વાર આવીને તેઓને કહે છે કે, હવે ઉંઘ્યા કરો તથા આરામ લો; બસ છે, તે ઘડી આવી છે; જુઓ, માણસનો દીકરો પાપીઓના હાથમાં સ્વાધીન કરાય છે. ઉઠો, આપણે જઇએ; જુઓ, મને જે પરસ્વાધીન કરે છે તે પાસે છે.

અને તરત, તે હજી બોલતો હતો એટલામાં બારમાંનો એક, એટલે યહુદા, ને તેની સાથે મુખ્ય યાજકોની તથા શાસ્ત્રીઓની તથા વડીલોની પાસેથી ઘણા લોક તરવારો તથા સોટા લઇને પાસે આવે છે.

હવે તેને પરસ્વાધીન કરનારે તેઓને એવી નિશાણી આપી હતી કે, જેને હુ ચુમીશ તે તેજ છે, તેને પકડજો, ને ચોકસાઇથી લઈ જજો. અને તે આવ્યો કે તરત તેની પાસે જઇને કહે છે કે, રાબ્બી, ને તેને ચુમ્યો. અને તેઓએ તેના પર હાથ નાખ્યા, ને તેને પકડી લીધો. પણ પાસે ઉભા રહેનારાઓમાંના એકે તરવાર તાણીને મુખ્ય યાજકના દાસને મારી, ને તેનો કાન કાપી નાખ્યો. અને ઇસુએ ઉત્તર આપીને તેઓને કહ્યું કે, જેમ લુટારાની સામે આવતા હો તેમ તરવારો તથા સોટા લઇને મને પકડવાને આવ્યા છો શું? હું દરરોજ તમારી પાસે મંદિરમાં બોધ કરતો હતો, ને તમે મને પકડયો નહિ; પણ લેખો પૂરા થાય, માટે એમ થાય છે. અને સઘળા તેને મુકીને નાસી ગયા

અને એક જુવાન જેણે પોતાના ઉઘાડા અગ પર સણનું લુગડું ઓઢેલુ હતું તે તેની પાછળ આવતો હતો; અને તેઓએ તેને પકડયો; પણ તે લુગડું મુકીને તેઓ પાસેથી ઉઘાડે દીલે નાસી ગયો.

અને તેઓ ઇસુને પ્રમુખ યાજકની પાસે લઈ ગયા; ને સર્વ મુખ્ય યાજકો તથા વડીલો તથા શાસ્ત્રીઓ તેની સાથે ભેગા થાય છે. અને પીતર ઘણે દૂર રહીને તેની પાછળ ચાલતો ઠેઠ પ્રમુખ યાજકના ચોકની અંદર આવ્યો હતો; ને ભાલદારોની સાથે બેસીને અંગારાની રોશનીમાં તાપતો હતો.

હવે મુખ્ય યાજકોએ તથા આખી ન્યાયસભાએ ઇસુને મારી નંખાવવા સારૂ તેની વિરૂદ્ધ સાક્ષી શોધી, પણ તે તેઓને જડી નહિ. કેમકે ઘણાઓએ તેની વિરૂદ્ધ જુઠી સાક્ષી પૂરી; પણ તેઓની સાક્ષી મળતી નહોતી. અને કેટલાએક ઉભા રહીને તેની વિરૂદ્ધ જુઠી સાક્ષી પૂરતાં કહ્યું, અમે તેને એમ કહેતાં સાંભળ્યો કે, હાથે બનાવેલા આ મંદિરને હું પાડી નાખીશ, ને ત્રણ

દહાડામાં વગર હાથે બનાવેલુ એવુ બીજુ બાંધીશ. અને એમાં પણ તેઓની સાક્ષી મળતી નહોતી. અને પ્રમુખ યાજકે વચમાં ઉભા થઇને ઇસુને પુછ્યું કે, શું તું કંઈ ઉત્તર આપતો નથી? તેઓ તારી વિરૂદ્ધ આ શી સાક્ષી પૂરે છે? પણ તે છાનો રહ્યો, ને કંઈ ઉત્તર ન દીધો. ફરી પ્રમુખ યાજક તેને પુછતાં કહે છે કે, શુ તું સ્તુતિમાનનો દીકરો ખ્રીસ્ત છે? ને ઇસુએ કહ્યુ કે, હું છુ; ને માણસના દીકરાને પરાક્રમની જમણી ગમ બેઠેલો તથા આકાશનાં વાદળાં સહિત આવતો તમે દેખશો. અને પ્રમુખ યાજક પોતાનાં લુગડાં ફાડીને કહે છે કે, હવે આપણને બીજી સાક્ષીની શી અગત્ય છે? તમે આ દુર્ભાષણ સાંભળ્યું છે, તમને શુ લાગે છે? ને સહુએ તેને મરણ-દંડને યોગ્ય ઠરાવ્યો. અને કેટલાક તે પર થુંકવા તથા તેનું મ્હો ઢાંકવા લાગ્યા, તથા તેને મુક્કીઓ મારીને તેને કહેવા લાગ્યા કે, તું ભવિષ્યવાદી છે તો કહી બતાવ; અને ભાલદારોએ તેને તમાચા મારીને તેને કબજામાં લીધો.

અને પીતર નીચે ચોકમાં હતો, ત્યારે પ્રમુખ યાજકની એક દાસી આવે છે, ને પીતરને તાપતો જોઇને તેને નિહાળીને કહે છે કે, તું પણ ઇસુ નાઝારીની સાથે હતો. પણ તેણે ઇનકાર કરીને કહ્યુ કે, તું શું કહે છે, તે હુ જાણતો નથી તેમ સમજતો પણ નથી. અને તે બહાર પરશાળમાં ગયો, ને મરઘો બોલ્યો. અને તે દાસી તેને જોઇને પાસે ઉભા રહેનારાઓને ફરીથી કહેવા લાગી કે, એ તેઓમાંનો છે. પણ તેણે ફરી ઇનકાર કીધો. અને થોડી વાર પછી ઉભા રહેનારાઓએ પીતરને ફરી કહ્યુ કે, ખરેખર એઓ-માંનો તું છે; કેમકે તું ગાલીલનો છે. પણ તે શ્રાપ દેવા તથા સમ ખાવા લાગ્યો કે, જે માણસ વિષે તમે કહો છો, તેને હુ ઓળખતો નથી. અને તરત મરઘો બીજી વાર બોલ્યો. અને ઇસુએ પીતરને જે વાત કહી હતી કે, મરઘો બે વાર બોલ્યા અગાઉ ત્રણ વાર તું મારો નકાર કરીશ, તે તેને યાદ આવી; ને તે પર મન લગાડીને તે રડયો.

પુનરૂત્થાનની આગળનો મંગળવાર.

પત્રને બદલે. યશા. ૫૦; ૫.

પ્રભુ યહોવાહે મારો કાન ઉઘાડયો છે, ને મેં તો ફિતૂર કર્યું નહિ, ને હું પાછો હઠયો નહિ. મેં મારનારને મારી પીઠ, તથા વાળ ખેંચી કાઢનારાને મારા ગાલ સોંપ્યા; મેં અપમાન તથા થુંકથી મારૂં મુખ ઢાંકી દીધું નહિ. કેમકે પ્રભુ યહોવાહ મને મદદ કરશે, તે માટે હું ઝંખવાયો નથી, તે માટે મેં મારૂં મુખ ચકમકના પત્થર જેવું કઠણ કર્યુ છે, ને હું જાણું છું કે હું લજવાઈશ નહિ. મને ન્યાયી ઠરાવનારો પાસે છે; કોણ

મારી સાથે લડશે? આપણે એકઠા ઉભા થઇએ; મારો પ્રતિવાદી કોણ છે? તે મારી પાસે આવે. જુઓ, પ્રભુ યહોવાહ મને મદદ કરશે, મને અપરાધી ઠરાવનાર કોણ છે? જુઓ, તેઓ સર્વ વસ્ત્રની પેઠે જુના થઈ જશે; કીડા તેઓને ખાઈ જશે. તમારા મધ્યે કોણ યહોવાહથી બિહીનાર છે, તેના સેવકનો શબ્દ સાંભળનાર છે? જે અંધકારમાં ચાલે છે, ને જેને કાંઈ પ્રકાશ નથી, તેણે યહોવાહના નામ પર ભરોસો કરવો, ને પોતાના દેવ પર આધાર રાખવો. જુઓ, સર્વ અગ્નિ સળગાવનારા, કમરે બળતા ખુટડા બાંધનારા, તમે તમારા અગ્નિની જ્વાળામાં તથા પોતે સળગાવેલા ખુટડાઓ મધ્યે ચાલો. મારા હાથથી તમને પ્રાપ્ત થશે; તમે વિપત્તિએ સુઈ જશો.

સુવાર્તા. ૫. માર્ક ૧૫; ૧.

અને સવાર થઈ કે તરત મુખ્ય યાજકોએ, વડીલો તથા શાસ્ત્રીઓ તથા આખી ન્યાયસભા સાથે મળીને મનસુબો કીધો, ને ઇસુને બાંધીને લઈ ગયા, ને પીલાતને સોંપી દીધો. અને પીલાતે તેને પુછયું કે, શું તું યહુદીઓનો રાજા છે? ને તેણે ઉત્તર આપતાં તેને કહ્યું કે, તું કહે છે તેજ. અને મુખ્ય યાજકોએ તે પર ઘણાં તોહોમત મુકયાં. અને પીલાતે ફરી તેને પુછતાં કહ્યું કે, શું તું કાંઈજ ઉત્તર દેતો નથી? જો, તેઓ તારા પર કેટલાં બધાં તોહોમત મુકે છે! પણ ઇસુએ બીજો કંઈ ઉત્તર દીધો નહિ, જેથી પીલાતને આશ્ચર્ય લાગ્યું.

અને આ પર્વમાં જે એક બંદીવાનને તેઓ માગે તેને તે છોડી દેતો. અને કેટલાએક દંગો કરનારાઓએ દંગામાં ખૂન કર્યું હતું તેઓની સાથે કેદમાં પડેલો એવો એક બારાબાસ નામનો માણસ હતો. અને લોક ઉપર ચઢીને તેની વિનંતી કરવા લાગ્યા કે, જેમ તું અમારે સારૂ હમેશ કરતો, તે પ્રમાણે કર. અને પીલાતે તેઓને ઉત્તર આપતાં કહ્યુ કે, શું તમારી મરજી એવી છે કે, હું તમારે સારૂ યહુદીઓના રાજાને છોડું? કેમકે તે જાણતો હતો કે મુખ્ય યાજકોએ અદેખાઇને લીધે તેને સોંપી દીધો હતો. પણ મુખ્ય યાજકોએ લોકને ઉશ્કેર્યા, એ સારૂ કે તેના કરતા તે તેઓને વાસ્તે બારાબાસને છોડે. પણ પીલાતે ફરી તેઓને ઉત્તર આપતાં કહ્યુ કે, જેને તમે યહુદીઓનો રાજા કહો છો, તેને હુ શું કરૂં? ને તેઓએ ફરી બૂમ પાડી કે, તેને વધસ્તંભે જડાવ. અને પીલાતે તેઓને કહ્યુ કે, શા માટે? તેણે શું ભુંડું કર્યું છે? પણ તેઓએ વિશેષ બૂમ પાડી કે, તેને વધસ્તંભે જડાવ. અને પીલાતે લોકને રાજી કરવા ચાહતાં તેઓને સારૂ બારાબાસને છોડયો; ને ઇસુને કોરડા મરાવીને વધસ્તંભે જડવા સારૂ સોંપ્યો.

અને સિપાઈઓ તેને પ્રેતોરિયમ નામે કચેરીમાં લઈ ગયા; ને તેઓએ આખી ટુકડી એકઠી કીધી. અને તેઓએ તેને

જાંબુઓ જભ્ભો પહેરાવ્યો, ને કાંટાનો મુગટ ગુંથીને તેને માથે મુકયો; ને, હે યહુદીઓના રાજા, સલામ! એમ કહીને તેને નમસ્કાર કરવા લાગ્યા. અને તેઓએ તેના માથામાં સોટી મારી, ને તેના પર થુંકયા, ને ઘુંટણ ટેકીને તેની આગળ નમ્યા. અને તેના ઠઠ્ઠા કરી રહ્યા પછી તેઓએ તેના પરથી જાંબુઓ જભ્ભો ઉતાર્યો, ને તેનાં પોતાનાં લુગડાં તેને પહેરાવ્યાં; ને વધસ્તંભે જડવા સારૂ તેને લઈ ગયા.

અને સીમોન કરીને એક કુરેની માણસ જે આલેકસાંદરનો તથા રૂફસનો બાપ હતો, તે સીમમાંથી આવતાં ત્યાં થઇને જતો હતો, તેની પાસે તેઓએ બલાત્કારે તેનો વધસ્તભ ઉચકાવ્યો. અને ગલગથા નામની જગ્યા, જેનો અર્થ ખોપરીની જગ્યા છે, ત્યાં તેઓ તેને લાવે છે. અને તેઓએ બોળ ભેળેલો દ્રાક્ષરસ તેને પીવાને આપવા માંડયો; પણ તેણે લીધો નહિ. અને તેઓએ તેને વધસ્તંભે જડયો, ને પ્રત્યેકે કયો ભાગ લેવો, તે જાણવા માટે ચિઠ્ઠીઓ નાખીને તેઓએ તેનાં વસ્ત્ર માહોમાંહે વહેંચી લીધાં. અને ત્રીજે કલાક હતો, ત્યારે તેઓએ તેને વધસ્તંભે જડયો. અને તેના ઉપર તેનું એવું તોહોમતનામુ લખ્યું હતું કે **યહુદીઓનો રાજા.** અને તેની સાથે બે લૂટારાને વધસ્તંભે જડયા, એક તેની જમણી તરફ, ને એક તેની ડાબી તરફ. અને જે લેખ કહે છે કે તે અપરાધીઓમાં ગણાયો, તે પૂરો થયો. અને પાસે થઇને જનારાઓએ તેની નિંદા કરી તથા માથાં હલાવીને કહ્યુ કે, વાહરે, મંદિરના પાડી નાખનાર તથા ત્રણ દહાડામાં બાંધનાર, તું પોતાને બચાવ, ને વધસ્તંભ પરથી ઉતર. અને એજ પ્રમાણે મુખ્ય યાજકોએ માહોમાંહે શાસ્ત્રીઓ સુદ્ધાં ઠઠ્ઠા કરીને કહ્યુ કે, તેણે બીજાઓને બચાવ્યા, પણ પોતાને બચાવી શકતો નથી. ઇસ્રાએલનો રાજા, ખ્રીસ્ત, હમણાં વધસ્તંભ પરથી ઉતરી આવે, કે અમે જોઇને વિશ્વાસ કરીએ. અને જેઓ તેની સાથે વધસ્તંભે જડાએલા હતા તેઓએ તેની નિંદા કીધી.

અને છઠ્ઠો કલાક થયો, ત્યારે આખા દેશમાં નવમા કલાક સુધી અંધકાર પડયો. અને નવમા કલાકે ઇસુએ મોટે ઘાંટે બૂમ પાડી કે, એલોઇ, એલોઇ, લામા સાબાખ્થાની, એટલે, મારા દેવ, મારા દેવ, તે મને કેમ મુકી દીધો છે? ને જેઓ પાસે ઉભા રહેલા હતા તેઓમાંના કેટલાએક તે સાંભળીને કહ્યુ કે, જુઓ, તે એલીયાહને બોલાવે છે. અને એક માણસે દોડીને સિરકાથી વાદળી ભરી, ને લાકડીની ટોચે બાંધીને તેને ચુસવા આપીને કહ્યુ કે, રહેવા દો, આપણે જોઇએ કે, એલીયાહ તેને ઉતારવાને આવે છે કે નહિ. અને ઇસુએ મોટી બૂમ પાડીને પ્રાણ છોડયો. અને મંદિરનો પડદો ઉપરથી તે નીચે સુધી ફાટીને તેના બે ભાગ થયા. અને જે સુબેદાર તેની સામે ઉભો હતો,

તેણે જ્યારે જોયું કે એણે આવી રીતે ધાંટો પાડીને પ્રાણ છોડયો, ત્યારે કહ્યુ કે, ખરેખર આ માણસ દેવનો દીકરો હતો.

પુનરૂત્થાનની આગળનો બુધવાર.

પત્ર. હેબ્રી. ૯; ૧૬.

જ્યાં વસિયતનામુ છે, ત્યાં વસિયતનામુ કરનારનું મરણ થાય એવી અગત્ય છે. કાંજે વસિયતનામુ માણુસના મરણ પછી ચાલે એવું છે; તો કરનાર જીવે છે ત્યાં સુધી શું તેનુ વસિયતનામુ કદી ઉપયોગી હોય છે? એ માટે પહેલા કરારની પ્રતિષ્ઠા લોહી વિના ન થઈ. કેમકે મુસાએ નિયમશાસ્ત્ર પ્રમાણે હરેક હુકમ સર્વ લોકોને કહીને, પાણી તથા કિરમજી ઉન તથા ઝૂફા સુદ્ધાં વાછરડાનું તથા બકરાનું લોહી લીધુ, ને પુસ્તક પર તથા સર્વ લોકો પર પણ છાંટીને કહ્યુ કે, જે કરાર દેવે તમને ઠરાવી આપ્યો તેનું લોહી એજ છે. અને તેણે તેજ રીતે મડપ પર તથા સેવાનાં સઘળાં પાત્ર પર પણ લોહી છાંટયું. અને નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુ લોહીથી શુદ્ધ કરાય છે, ને લોહી વહેવડાવ્યા વગર પાપની માફી થતી નથી.

તો અગત્ય હતી કે આકાશમાંની વસ્તુઓની ઉપમાઓ એવાંથી શુદ્ધ થાય, પણ આકાશી વસ્તુઓ તે કરતાં વધતા સારા યજ્ઞોથી શુદ્ધ થાય. કેમકે ખ્રીસ્ત હાથથી બનાવેલાં પવિત્ર ઠેકાણાં જે ખરાનો નમુનો છે તેમાં ગયો નથી, પણ આકાશમાંજ ગયો, એ માટે કે હમણાં આપણે સારૂ દેવની આગળ તે હાજર થાય. અને જેમ આગળ પ્રમુખ યાજક બીજાનું લોહી લઇને પરમપવિત્રસ્થાને હર વર્ષ પેસતો, તેમ એ વારે વારે પોતાને અર્પણ કરે એમ નહિ; કેમકે જો એમ હોત, તો જગતના મંડાણથી ઘણીવાર તેને સહેવાની અગત્ય પડત; પણ હવે છેલ્લા કાળમાં તે એકવાર પ્રગટ થયો, કે પોતાના યજ્ઞથી પાપને ટાળે. અને જેમ માણસોને એકવાર મરવું, એવું ઠરાવેલુ છે, ને ત્યાર પછી ન્યાયમાં જવુ; તેમ ખ્રીસ્ત ઘણાઓનાં પાપ માથે લેવા સારૂ એક વાર અર્પણ થયો, ને જે તેની વાટ જુએ છે તેઓની આગળ તારણને અર્થે પાપ વગરનો તે બીજીવાર પ્રગટ થશે.

સુવાર્તા. પ. લુક ૨૨; ૧.

હવે બેખમીર રોટલીનું પર્વ જે પાસ્ખા કહેવાય છે, તે પાસે આવ્યું. અને તેને શી રીતે મારી નાખવો, તેની તજવીજ મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ કરતા હતા; કેમકે તેઓ લોકથી બીતા હતા.

અને યહુદા જે ઇસકારીઓત કહેવાતો હતો, જે બારમાંનો એક હતો, તેમાં શેતાન પેઠો. અને તેણે જઇને મુખ્ય યાજકો તથા સરદારોના હાથમાં તેને શી રીતે સ્વાધીન કરવો, તે સંબંધી તેઓની સાથે મસલત કીધી. અને

તેઓ ખુશ થયા, ને તેને પૈસા આપવાનુ વચન આપ્યું; ને તેણે કબૂલ કીધુ, ને લોકો હાજર ન હોય ત્યારે તેને તેઓના હાથમાં સ્વાધીન કરવાનો લાગ શોધ્યો.

અને બેખમીર રોટલીનો દિવસ આવ્યો કે જેમાં પાસ્ખા યજ્ઞ કરવો જોઇએ. અને તેણે પીતરને તથા યોહાનને એમ કહીને મોકલ્યા કે, જઇને આપણે સારૂ પાસ્ખા સિદ્ધ કરો કે આપણે ખાઇએ. અને તેઓએ તેને કહ્યુ કે, અમે કયાં સિદ્ધ કરીએ એ વિષે તારી શી ઇચ્છા છે? ને તેણે તેઓને કહ્યુ કે, જુઓ, તમને શહેરમાં પેસતાં પાણીની ગાગેર લઇને એક પુરૂષ સામો મળશે, તે જે ઘરમાં જાય ત્યાં તેની પાછળ જજો. અને ઘરના ધણીને કહેજો કે, ઉપદેશક તને કહે છે કે, જ્યાં મારા શિષ્યોની સાથે હુ પાસ્ખા ખાઉ તે ઉતારાની ઓરડી કયાં છે? ને તે તમને સરસામાન સહિતની એક મોટી મેડી દેખાડશે, ત્યાં તૈયારી કરો. અને તેઓ ગયા ને જેમ તેણે તેઓને કહ્યુ હતું તેમ તેઓને મળ્યું, ને તેઓએ પાસ્ખા તૈયાર કીધુ.

અને વખત થયો ત્યારે તે બેઠો, તથા બાર પ્રેરિતો તેની સાથે બેઠા. અને તેણે તેઓને કહ્યુ કે, મરણ સહ્યા પહેલાં આ પાસ્ખા તમારી સાથે ખાવાની મને ઘણી ઇચ્છા હતી. કેમકે હું તમને કહું છું કે, દેવના રાજ્યમાં તે પૂરૂં થાય ત્યાં લગી હુ તે ફરી ખાઈશ નહિ. અને તેણે વાટકો લઇને સ્તુતિ કરીને કહ્યુ કે, આ લો, ને માહોમાંહે વહેંચો. કેમકે હુ તમને કહું છું કે, દેવનુ રાજ્ય આવે ત્યાં લગી હુ હવેથી દ્રાક્ષનો રસ પીનાર નથી. અને તેણે રોટલી લઇને સ્તુતિ કરીને ભાંગી, ને તેઓને આપીને કહ્યુ કે, આ મારૂ શરીર છે જે તમારે સારૂ આપવામાં આવે છે, મારી યાદગીરીમાં આ કરો. અને તે પ્રમાણે વાળુ કર્યા પછી તેણે વાટકો લઇને કહ્યુ કે, આ વાટકો તમારે સારૂ વહેવડાવેલા મારા લોહીમાંનો નવો કરાર છે. પણ જુઓ, જે મને પરસ્વાધીન કરે છે તેનો હાથ મારી સાથે મેજ પર છે. માણસનો દીકરો ઠરાવ્યા પ્રમાણે જાય છે ખરો, પણ જે માણસથી તે પરસ્વાધીન કરાય છે તેને અફસોસ છે! અને તેઓ માહોમાંહે પુછપરછ કરવા લાગ્યા કે, આપણુમાંનો કોણ આ કામ કરવાનો હશે?

અને આપણામાં કોણ મોટો ગણાય છે તે સબંધી પણ તેઓમાં વાદવિવાદ શરૂ થયો. અને તેણે તેઓને કહ્યુ કે, વિદેશીઓના રાજાઓ તેમના પર ધણીપણુ કરે છે; ને જેઓ તેમના પર અધિકાર કરે છે તેઓ પરોપકારી કહેવાય છે. પણ તમે એવા ન થાઓ, પણ તમારામાં જે મોટો તેણે નાના જેવા થવું, ને જે આગેવાન તેણે સેવા કરનારના જેવા થવુ. કેમકે આ બેમાં કયો મોટો છે, જમવા બેસનાર કે સેવા કરનાર? શું જમવા બેસનાર મોટો નથી? પણ હું તમારામાં સેવા કરનારના જેવો છું.

પણ મારાં પરીક્ષણોમાં મારી સાથે રહેનાર તે તમે છો. ને જેમ મારા બાપે મને રાજ્ય ઠરાવી આપ્યું, તેમ હું તમને રાજ્ય ઠરાવી આપું છું; કે તમે મારા રાજ્યમાં મારી મેજ પર ખાઓ તથા પીઓ; અને તમે ઇસ્રાએલનાં બાર કુળોનો ન્યાય ઠરાવતાં રાજ્યાસન પર બેસશો. સીમોન, સીમોન, જો, શેતાને તને ઘઉંની પેઠે ચાળવા સારૂ તને કબજે લેવા માગ્યો. પણ મેં તારે સારૂ વિનંતી કીધી કે, તારો વિશ્વાસ ખુટે નહિ; ને તું તારા ફર્યા પછી તારા ભાઇઓને સ્થિર કરજે. અને તેણે તેને કહ્યું કે, પ્રભુ, હું તારી સાથે બંદીખાનામાં જવા તથા મરવા પણ તૈયાર છું. અને તેણે કહ્યું કે, પીતર, હું તને કહું છું કે, આજ મરઘો બોલ્યા અગાઉ, હું તેને ઓળખતો નથી, એમ કહીને તું ત્રણ વાર મારો નકાર કરશે.

અને તેણે તેઓને કહ્યું કે, જ્યારે થેલી તથા જોળણું તથા જોડા વિના મેં તમને મોકલ્યા ત્યારે તમને કશાની ખોટ પડી? ને તેઓએ કહ્યું કે, કશાની નહિ. ત્યારે તેણે તેઓને કહ્યું, પણ હમણાં જેની પાસે થેલી હોય તે રાખે, ને જોળણું પણ રાખે, ને જેની પાસે તરવાર નહિ હોય તે પોતાનું લુગડું વેચીને તરવાર રાખે. કેમકે હું તમને કહું છું કે, તે અપરાધીઓની સાથે ગણાયો, એ જે લખેલુ તે મારામાં હજી પૂરૂં થવું જોઇએ; કારણ કે મારા સંબંધીની વાતો પૂરી થાય છે. અને તેઓએ કહ્યું કે, પ્રભુ, જો, આ બે તરવાર રહી; ને તેણે તેઓને કહ્યું કે, એ બસ છે.

અને તે બહાર નિકળીને પોતાની રીત પ્રમાણે જૈતુન પહાડ પર ગયો; ને શિષ્યો પણ તેની પાછળ ગયા. અને તે તે ઠેકાણે આવ્યો, ત્યારે તેણે તેઓને કહ્યું કે, પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન પડો. અને આસરે પત્થર ફેંકાય તેટલે છેટે તે તેઓથી ગયો, ને ઘુંટણ ટેકવીને તેણે પ્રાર્થના કરીને કહ્યુ કે, હે બાપ, જો તારી ઇચ્છા હોય, તો આ વાટકો મારાથી દૂર કર, તોપણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ. અને તેને બળ આપતો આકાશથી એક દૂત તેને દેખાયો. અને તેણે કષ્ટિત થઇને વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી, ને તેનો પરસેવો ભોય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો. અને પ્રાર્થના કરી ઉઠીને તે પોતાના શિષ્યોની પાસે આવ્યો, ત્યારે તેઓને શોકને લીધે ઉંઘેલા દીઠા, ને તેણે તેઓને કહ્યુ કે, કેમ ઉંઘો છો? ઉઠીને પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન પડો.

અને તે હજી બોલતો હતો એટલામાં, જુઓ, ઘણા લોક આવ્યા, ને યહુદા કરીને બારમાંનો એક તેઓની આગળ ચાલતો હતો; ને તે ઇસુને ચુંબન કરવા સારૂ તેની પાસે આવ્યો. પણ ઇસુએ તેને કહ્યું, યહુદા, શું તું માણસના દીકરાને ચુંબન કરીને પરસ્વાધીન કરે છે? ને જેઓ તેની આસપાસ હતા તેઓએ શું થવાનું છે તે જોઇને તેને કહ્યું, પ્રભુ,

અમે તરવારથી મારીએ શું? ને તેઓમાંના એકે મુખ્ય યાજકના ચાકરને ઝટકો માર્યો, ને તેનો જમણો કાન કાપી નાખ્યો. પણ ઇસુએ ઉત્તર આપતાં કહ્યું કે, આટલું થવા દો. ને તેણે તેના કાનને અડકીને તેને સારો કીધો. અને જે મુખ્ય યાજકો તથા મદિરના સરદારો તથા વડીલો તેની સામે આવ્યા હતા, તેઓને ઇસુએ કહ્યું, જેમ લૂટારાની સામે આવતા હો તેમ તરવારો તથા સોટા લઇને આવ્યા છો શું? હુ રોજ તમારી સાથે મંદિરમાં હતો, ત્યારે તમે મારા પર હાથ નહોતા નાખ્યા; પણ આ તમારી ઘડી તથા અંધકારનુ સામર્થ્ય છે.

અને તેઓ તેને પકડીને લઈ ગયા, ને મુખ્ય યાજકના ઘરમાં તેને લાવ્યા. પણ પીતર છેટે રહીને તેની પાછળ પાછળ ચાલતો હતો. અને ચોકની વચમાં અગ્નિ સળગાવીને તેઓ એકઠા બેઠા ત્યારે પીતર તેઓની વચમાં બેઠો. અને એક છોકરીએ તેને અગ્નિના પ્રકાશમાં બેઠેલો દેખીને તેની તરફ એકી નજરે જોઈ રહીને કહ્યું કે, આ માણસ પણ તેની સાથે હતો. પણ તેણે ઇનકાર કરીને કહ્યુ કે, બાઈ, હું તેને ઓળખતો નથી. અને થોડી વાર પછી બીજાએ તેને જોઇને કહ્યુ કે, તું પણ તેઓમાંનો છે. પણ પીતરે કહ્યું, અરે, ભાઈ, હું એમાંનો નથી. અને આસરે એક કલાક પછી બીજાએ ખાતરીથી કહ્યુ કે, ખરેખર આ માણસ પણ તેની સાથે હતો, કેમકે તે ગાલીલનો છે. પણ પીતરે કહ્યુ, અરે ભાઈ, તું શું કહે છે તે હું જાણુતો નથી. ને તુરત, તે બોલતો હતો એટલામાં, મરઘો બોલ્યો. અને પ્રભુએ ફરીને પીતરની સામુ જોયું. અને પીતરને પ્રભુનું વચન યાદ આવ્યું કે તેણે તેને કહ્યુ હતું કે, આજ મરઘો બોલ્યા અગાઉ તું ત્રણવાર મારો નકાર કરશે. અને તે બહાર જઇને ઘણોજ રડયો.

અને જે માણસોના હવાલામાં ઇસુ હતો તેઓએ તેના ઠઠ્ઠા કરીને તેને માર માર્યો. અને તેઓએ તેની આંખોએ પાટો બાંધીને તેને પુછયું કે, કહી બતાવ, તને કોણે માર્યો? અને તેઓએ તેની નિંદા કરીને તેની વિરૂદ્ધ બીજું ઘણું કહ્યુ.

અને દહાડો ઉગતાંજ લોકના વડીલોની સભા, મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ સુદ્ધાં, ભેગી થઈ; ને તેને પોતાની ન્યાયસભામાં લઈ જઇને તેઓએ કહ્યુ કે, જો તું ખ્રીસ્ત હોય, તો અમને કહે. પણ તેણે તેઓને કહ્યુ કે, જો હું તમને કહુ, તો તમે વિશ્વાસ કરશો નહિ; ને જો હું પુછીશ તો તમે મને ઉત્તર નહિ આપશો. પણ હવે પછી માણસનો દીકરો દેવના પરાક્રમને જમણે હાથે બિરાજશે. અને બધાએ કહ્યુ, તો શું તું દેવનો દીકરો છે? ને તેણે તેઓને કહ્યુ કે, તમે કહો છો કે હું તે છું. અને તેઓએ કહ્યુ કે, હવે આપણને પુરાવાની શી અગત્ય છે? કેમકે આપણે પોતે તેના મ્હોથીજ સાંભળ્યું છે.

પુનરૂત્થાનની આગળનો બૃહસ્પતવાર.

પત્ર. ૧ કરીંથી. ૧૧ ; ૧૭.

એ કહીને હું તમને વખાણુતો નથી, કે સુધારાને સારૂ નહિ, પણ બગાડને સારૂ તમે એકઠા થાઓ છો. કેમકે પ્રથમ, તમે સભામાં એકઠા થાઓ છો, ત્યારે તમારામાં ફૂટો છે એવું હુ સાંભળુ છું, ને એ હું થોડુંએક ખરૂ માનુ છુ. કેમકે જરૂર છે કે તમારામાં તડો પડે એ માટે કે જેઓ પસંદ છે તેઓ પ્રગટ થાય. તો તમે એક ઠેકાણે મળો છો ત્યારે પ્રભુનું ભોજન કરવું એ થઈ શકતું નથી. કેમકે ખાવામાં પ્રત્યેક પોતાનુ ભોજન પહેલાં કરે છે, ને એક ભૂખ્યો ને બીજો પિધેલો હોય છે. શું તમને ખાવા પીવા સારૂ ઘરો નથી? કે શું તમે દેવની મંડળીને ધિક્કારો છો, ને જેઓની પાસે નથી તેઓને શરમાવો છો? હુ તમને શું કહુ? શુ એમાં હુ તમને વખાણું? વખાણુતો નથી. કેમકે મેં તમને જે કહી દીધુ તે હું પ્રભુથી પામ્યો, કે જે રાતમાં પ્રભુ ઇસુ પરસ્વાધીન કરાયો, તેમાં તેણે રોટલી લીધી, ને સ્તુતિ કરીને ભાંજી, ને કહ્યુ કે, લો ખાઓ, એ મારૂ શરીર છે, જે તમારે સારૂ ભંજાએલુ છે, મારી યાદગીરીને સારૂ એ કરો. અને એમજ ભોજન કર્યા પછી, વાટકો પણ લઇને કહ્યુ કે, આ વાટકો મારા રક્તમાં નવો કરાર છે; તમે જેટલી વાર એ પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો. કેમકે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, ને આ વાટકો પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનુ મરણ દેખાડો છો. એ માટે જે કોઈ માણુસ અયોગ્ય રીતે પ્રભુની રોટલી ખાય, કે તેનો વાટકો પીએ, તે પ્રભુના શરીરનો તથા રકતનો અપરાધી થશે. પણ પ્રત્યેકે પોતાને પારખવુ, ને એમ આ રોટલીમાંથી ખાવું ને વાટકામાંથી પીવુ. કેમકે અયોગ્ય રીતે જે ખાય તથા પીએ તે, પ્રભુના શરીરનો ભેદ ન જાણીને, ખાધાથી તથા પીધાથી પોતા પર દંડ આણે છે. એને લીધે તમારામાં ઘણા અબળ તથા રોગી છે, ને ઘણાએક ઉંઘે છે. કેમકે જો આપણે પોતાનો ન્યાય કરીએ, તો આપણા પર ન્યાય ન ઠરાવાશે, પણ આપણા પર ન્યાય ઠરાવાય છે, ત્યારે પ્રભુથી શિક્ષા પામીએ છીએ. એ માટે કે જગતની સાથે આપણો દંડ ન થાય. તો મારા ભાઈઓ, તમે ખાવાને એકઠા આવીને, એક બીજાની વાટ જુઓ; ને કોઈ ભૂખ્યો હોય, તો ઘરમાં ખાય, એ માટે કે તમે દંડને સારૂ એકઠા ન આવો. અને જે બાકી તે હુ આવીશ ત્યારે સુધારીશ.

સુવાર્તા. ૫. લુક ૨૩; ૧.

તેઓનો આખો સમુદાય ઉઠીને તેને પીલાતની પાસે લઈ ગયો. અને તેઓ તેના પર એવું તહોમત મુકવા લાગ્યા

કે, અમને એવું માલમ પડયું છે કે આ માણસ અમારા લોકને ભુલાવે છે, અને કાઇસારને ખંડણી આપવાની મના કરે છે, ને કહે છે કે, હુ પોતે ખ્રીસ્ત રાજા છું. અને પીલાતે તેને પુછયુ, શું, તું યહુદીઓનો રાજા છે? ને તેણે તેને ઉત્તર આપતાં કહ્યુ, તું કહે છે. અને પીલાતે મુખ્ય યાજકોને તથા લોકોને કહ્યુ, આ માણસમાં મને કંઈ અપરાધ જણાતો નથી પણ તેઓએ વિશેષ આગ્રહથી કહ્યુ કે, ગાલીલથી માંડીને અહી લગી આખા યહુદાહમાં તે બોધ કરીને લોકને ઉસ્કેરે છે. પણ પીલાતે તે સાંભળ્યુ ત્યારે તેણે પુછયુ કે, શુ, આ માણસ ગાલીલનો છે? અને તે હેરોદના તાબાનો છે એમ તેણે જાણ્યુ, ત્યારે તેને હેરોદની પાસે મોકલ્યો. હેરોદ પોતે પણ તે દિવસોમાં યરૂશાલેમમાં હતો.

હવે હેરોદ ઇસુને જોઇને ઘણો હરખાયો, કેમકે તેના સંબંધી તેણે સાંભળ્યુ હતું, માટે ઘણા દહાડાથી તે તેને જોવા ઇચ્છતો હતો, ને મારા દેખતાં તે કંઈ ચમત્કાર કરશે એવી આશા તે રાખતો હતો. અને તેણે તેને ઘણી ઘણી વાતો પુછી, પણ તેણે તેને કંઈ ઉત્તર આપ્યો નહિ. અને મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તેના ઉપર જુસ્સાથી તોહોમત મુકતા ઉભા હતા. અને હેરોદે પોતાના સિપાઇઓ સહિત તેનો તુચ્છકાર કરીને તથા ઠઠ્ઠા કરીને ભપકાદાર વસ્ત્ર તેને પહેરાવીને પીલાતની પાસે તેને પાછો મોકલ્યો. અને તેજ દહાડે પીલાત તથા હેરોદ એક બીજાના મિત્ર થયા, આગળ તો તેઓ એક બીજા પર વેર રાખતા હતા.

અને પીલાતે મુખ્ય યાજકોને તથા અધિકારીઓને તથા લોકને એકઠા બોલાવીને તેઓને કહ્યુ કે, આ માણસ લોકને ભુલાવે છે, એવુ કહીને તમે તેને મારી પાસે લાવ્યા છો, પણ, જુઓ, મે તમારી આગળ તેની તપાસ કર્યા છતાં, જે વાતોનુ તમે તેના પર તોહોમત મુકો છો તે સંબધી કંઈ અપરાધ આ માણસમાં મને જણાયો નહિ, ને તેમજ હેરોદને પણ નહિ. કેમકે તેણે તેને અમારી પાસે પાછો મોકલ્યો; ને જુઓ, મરણદંડને યોગ્ય તેણે કંઈ કર્યું નથી. માટે હુ તેને કંઈ શિક્ષા કરીને છોડી દઇશ. હવે તે પર્વે તેને તેઓને સારૂ કોઈએકને છોડી દેવો પડતો હતો. પણ તેઓએ સામટો મોટો ઘાંટો પાડીને કહ્યુ કે, એને લઈ જા, ને બારાબાસને અમારે વાસ્તે છોડી દે એ તો શહેરમાં કંઈ દંગો તથા હત્યા કરવાને લીધે બંદીખાનામાં નખાયો હતો. ત્યારે ઇસુને છોડવાની ઇચ્છા રાખીને પીલાત ફરીથી તેઓની સાથે બોલ્યો. પણ તેઓએ પોકારીને કહ્યુ કે, એને વધસ્તંભે જડાવ. વધસ્તંભે જડાવ. અને તેણે ત્રીજી વાર તેઓને કહ્યુ કે, શા વાસ્તે? તેણે શું ભુંડું કર્યુ છે? તેનામાં મરણદંડ યોગ્ય મને કંઈ જણાયું નથી; માટે હું તેને કંઈ શિક્ષા કરીને છોડી દઇશ. પણ તેઓએ મોટે ઘાંટે હઠથી માગ્યું કે તેને વધસ્તંભે જડાવ. અને તેઓના ઘાંટા આખર

ફાવ્યા. અને પીલાતે હુકમ કીધો કે તેઓના માગ્યા પ્રમાણે કરવામાં આવે. અને દંગો તથા ખૂન કરવાને લીધે જે માણસ બદીખાનામાં નંખાયો હતો, અને જેને તેઓએ માગ્યો હતો, તેને તેણે છોડી દીધો, પણ ઇસુને તેઓની ઇચ્છાને સ્વાધીન કીધો.

અને તેઓ તેને લઈ જતા હતા ત્યારે સીમોન કરીને કુરેનેનો એક માણસ જે સીમમાંથી આવતો હતો તેને તેઓએ પકડયો, ને તેની ખાંધે વધસ્તંભ ચઢાવ્યો, કે તે ઉચકીને તે ઇસુની પાછળ ચાલે.

અને લોકો તેમ રડનારી તથા વિલાપ કરનારી બાયડીઓ સંખ્યાબંધ તેની પાછળ ચાલતાં હતાં. પણ ઇસુએ તેઓની તરફ ફરીને કહ્યુ કે, યરૂશાલેમની દીકરીઓ, મારે લીધે રડો મા, પણ પોતાને લીધે તથા પોતાનાં છોકરાંને લીધે રડો. કેમકે જુઓ, એવા દિવસો આવે છે કે જેમાં તેઓ કહેશે કે, જેઓ વાંઝણી છે તથા જેઓને પેટે કદી સંતાન થયું નથી, ને જેઓએ કદી ધવાડયું નથી, તેઓને ધન્ય છે. ત્યારે તેઓ પહાડોને કહેવા માંડશે કે, અમારા પર પડો; ને ટેકરાઓને કે, અમને ઢાંકી નાખો. કેમકે જો તેઓ લીલા ઝાડને આમ કરે છે તો સૂકાને શું કરવામાં આવશે?

અને બીજા બે માણસ, જે ગુન્હેગાર હતા, તેઓને મારી નાખવા સારૂ તેની સાથે લઈ જતા હતા. અને ખોપરી નામની જગાએ આવ્યા, ત્યારે તેઓએ ત્યાં તેને તથા ગુન્હેગારોમાંના એકને જમણી તરફ, ને બીજાને ડાબી તરફ, વધસ્તંભે જડ્યા. અને ઇસુએ કહ્યુ, હે બાપ, તેઓને માફ કર; કેમકે જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી. અને તેનાં લુગડાં પોતામાં વહેંચીને તેઓએ ચિઠ્ઠીઓ નાખી. અને લોક જોતા ઉભા હતા. અને અધિકારીઓ પણ તેનો તુચ્છકાર કરીને કહેતા હતા કે, તેણે બીજાઓને બચાવ્યા; જો એ દેવનો ખ્રીસ્ત એટલે તેનો પસંદ કરેલો હોય તો તે પોતાને બચાવે. અને સિપાઇઓએ પણ તેના ઠઠ્ઠા કર્યા, ને પાસે આવીને સીરકો આપવા લાગ્યા, ને કહ્યુ કે, જો તું યહુદીઓનો રાજા છે તો તું પોતાને બચાવ. અને તેના ઉપર એવો લેખ પણ લખેલો હતો કે, **આ યહુદીઓનો રાજા છે.**

અને તેની સાથે ટાંગેલા ગુન્હેગારોમાંના એકે તેની નિંદા કરીને કહ્યુ, શું તું ખ્રીસ્ત નથી? તું પોતાને તથા અમને બચાવ. પણ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યુ કે, તું તેજ શિક્ષા ભોગવે છે તે છતાં શું તું દેવથી પણ બિહીતો નથી? અને આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ, કેમકે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ; પણ એણે કંઈ ખોટું કર્યું નથી. અને તેણે કહ્યું કે, હે ઇસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે તું મને સંભારજે. અને તેણે તેને કહ્યું કે, હું તને ખચિત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.

અને હમણાં લગભગ બપોર થયા હતા, ને ત્રીજા પહોર લગી સુરજનુ તેજ ઘેરાઈ જવાથી આખા દેશમાં અંધકાર વ્યાપી રહ્યો. વળી મંદિરનો પડદો વચમાંથી ફાટી ગયો. અને ઇસુએ મોટી બૂમ પાડી, ને કહ્યુ કે, ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું; ને તેણે એમ કહીને પ્રાણ છોડયો. અને જે થએલુ હતું તે જોઇને સુબેદારે દેવની સ્તુતિ કરીને કહ્યુ કે, ખરેખર આ તો ન્યાયી માણસ હતો. અને જે લોક એ જોવા સારૂ એકઠા થયા હતા તેઓ સઘળા, જે થએલુ હતું તે જોઇને, પોતાની છાતી કુટતા પાછા ગયા. અને તેના સઘળા ઓળખીતાઓ તથા જે બાયડીઓ ગાલીલમાંથી તેની પાછળ પાછળ આવી હતી, તેઓ દૂર ઉભાં રહીને આ જોતાં હતાં.

શુભ શુક્રવાર.

સારપ્રાર્થનાઓ.

હે સર્વશક્તિમાન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા જે કુટુબને માટે અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત પકડાઈ જવાને તથા દુષ્ટ લોકોના હાથમાં સોપાઈ જવાને, અને ક્રુસ પર મરવાને પ્રસન્ન થયો, તે પર દયાની નજર કર , હવે તેજ ઇસુ ખ્રીસ્ત તારી તથા પવિત્ર આત્માની સાથે સદા એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ પણ કરે છે. આમેન.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તારા આત્માથી કલીસીઆનુ આખું શરીર ચલાવાય છે, તથા પવિત્ર કરાય છે; અમારી વિનંતીઓ તથા પ્રાર્થનાઓ જે અમે તારી પવિત્ર કલીસીઆની દરેક સ્થિતિનાં માણસોને માટે તારી આગળ કરીએ છીએ, તે માન્ય કર; કે તેના પ્રત્યેક અવયવ પોતપોતાની પદ્વી તથા સેવામાં સત્યતાથી તથા ધાર્મિકપણાથી તારી ભક્તિ કરે; અમારા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

હે દયાળુ દેવ, તે બધાં માણસોને ઉત્પન્ન કીધાં અને તારી ઉત્પન્ન કરેલી કોઈ વસ્તુનો દ્વેપ નથી કરતો, અને કોઈ પાપીનુ મરણ નથી ઇચ્છતો, પણ એવું ઇચ્છે છે કે, તે ફરીને જીવતો રહે. બધા યહુદીઓ, મુસલમાનો, અવિશ્વાસીઓ તથા પાખડીઓ પર દયા કરીને તેમની બધી અજ્ઞાનતા તથા મનની બધી કઠોરતા, અને તારા વચનનુ અનાદરપણુ આઘું કર; અને હે ધન્યવાન પ્રભુ, તેમને એવી રીતે તારી ટોળીમાં મેળવી લે, કે તેઓ ખરા ઇસ્રાએલના શેપ સાથે તારણ પામે, અને એકજ પાળક એટલે અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના હાથમાં એકજ ટોળું બની જાય; તે તારી તથા પવિત્ર આત્માની સાથે એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ કરે છે. આમેન.

પત્ર. હેબ્રી. ૧૦; ૧.

જે સારી વસ્તુઓ થવાની હતી તેની

પ્રતિછાયા નિયમશાસ્ત્રમા હતી ખરી, પણ તે વસ્તુઓની પૂરી પ્રતિમા નહોતી, માટે જે યજ્ઞો વર્ષોવર્ષ તેઓ હમેશ કરતા હતા તેથી તેઓ આવનારાઓને પરિપૂર્ણ કરવાને કદી સમર્થ નહોતા. જો એમ હોત, તો યજ્ઞ કરવાનુ શુ બંધ ન થાત? કેમકે એકવાર પવિત્ર થયા પછી ભક્તિ કરનારાઓને ફરી પાપોની કંઈ અંતરભાવના ન થાત. પણ તે યજ્ઞોથી વર્ષોવર્ષ પાપોનુ સ્મરણ ફરી થાય છે. કેમકે ગોધાઓનુ તથા બકરાઓનુ લોહી પાપો કાઢી નાખવાને સમર્થ નથી એ માટે જગતમાં આવતાંજ તે કહે છે, તે યજ્ઞ તથા દાન ચાહ્યાં નહિ, પણ મારે સારૂ તેં શરીર સિદ્ધ કીધુ છે. હોમમાં તથા પાપ વિષેના યજ્ઞોમાં તારી કંઈ પ્રસન્નતા નહોતી, ત્યારે મેં કહ્યુ કે, ઓ દેવ, જો, (શાસ્ત્રના પુસ્તકમાં મારા સંબંધી લખ્યું છે), તારી ઇચ્છા પાળવાને હુ આવુ છું. ઉપર જ્યારે તેણે કહ્યુ કે, યજ્ઞો તથા દાનો તથા હોમ તથા પાપ વિષેના યજ્ઞો (જે નિયમશાસ્ત્ર પ્રમાણે કરાય છે) તેઓને તે ચાહ્યાં નહિ, ને તેઓમાં તારી કંઈ પ્રસન્નતા નહોતી, ત્યારે તેણે કહ્યુ કે, જો, તારી ઇચ્છા પાળવાને હુ આવુ છુ: બીજાને સ્થાપવા સારૂ પહેલાને તે રદ કરે છે. તે ઇચ્છાએ ઇસુ ખ્રીસ્તનુ શરીર એકજવાર અર્પણ થયાથી આપણે પવિત્ર કરાએલા છીએ. અને હરેક યાજક નિત્ય સેવા કરતાં તથા એને એજ યજ્ઞો બહુ વાર કરતાં ઉભો રહે છે, જે યજ્ઞો પાપો કાઢવાને કદી પણ સમર્થ નથી. પણ એ, પાપોને કાજે એક યજ્ઞ સદાકાળને સારૂ કરીને, દેવની જમણી ગમ બેઠેલો છે, ને હવે પછી તેના વૈરીઓ તેના પગનુ પાયાસન કરાય ત્યાં સુધી તે વાટ જુએ છે. કેમકે જેઓ પવિત્ર કરાય છે તેઓને તેણે એક અર્પણથી સદા પરિપૂર્ણ કીધા છે. અને પવિત્ર આત્મા પણ આપણને શાહેદી આપે છે, કેમકે તેણે કહ્યુ હતુ કે, તે દહાડાઓ પછી હુ જે કરાર તેઓની સાથે કરીશ તે એજ છે કે, હુ પોતાના નિયમ તેઓનાં હ્રદયમાં મુકીશ, ને તેઓનાં મન પર તેઓને લખીશ, એમ પ્રભુ કહે છે. ત્યારે તે કહે છે કે, તેઓનાં પાપ તથા તેઓના અન્યાય હુ ફરી સભારીશ નહિ. અને જ્યાં એઓની માફી થઈ છે, ત્યાં ફરી પાપને સારૂ બીજું અર્પણ જોઈતું નથી.

હવે, ઓ ભાઈઓ, પરમપવિત્રસ્થાનમાં ઇસુના લોહીથી પેસવાની આપણને નિર્ભયતા છે, એટલે એક નવા તથા જીવતા માર્ગથી, કે જે તેણે આપણે સારૂ પડદામાં થઇને, એટલે પોતાના શરીરમાં થઇને ઉઘાડયો છે. ને વળી દેવના ઘર પર મોટો યાજક છે, માટે દુષ્ટ અંતઃકરણથી છુટવા સારૂ હ્રદયો પર છંટકાવ પામીને તથા નિર્મળ પાણીથી શરીર ધોઇને, આપણે ખરા હ્રદયથી ને વિશ્વાસના પૂરા નિશ્ચયપણામાં સન્નિધ જઇએ. આપણે આશાની કબૂલાત દઢ પકડી રાખીએ, કેમકે જેણે

વચન આપ્યું તે વિશ્વાસુ છે. અને પ્રીતિ તથા સારાં કામ કરવા સારૂ ઉત્તેજન આપવાને આપણે એક બીજા વિષે વિચાર કરવો. એકઠા મળવાનું કેટલાએક મુકી દે છે તેઓની રીત પ્રમાણે આપણે ન કરીએ, પણ સુબોધ કરીએ, ને જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો દેખો તેમ તેમ વધતું કરો.

સુવાર્તા. ૫. યોહાન ૧૯; ૧.

ત્યાર પછી પીલાતે ઇસુને લઇને કોરડા માર્યા. અને સિપાઇઓએ કાંટાનો મુગટ ગુંથીને તેના માથા પર મુકયો, ને જાંબુડા રંગનો જભો તેને પહેરાવ્યો; અને તેઓએ તેની પાસે આવીને કહ્યુ કે, ઓ યહુદીઓના રાજા, સલામ! ને તેઓએ તેને તમાચા માર્યા. અને પીલાત ફરી બહાર જઇને તેઓને કહે છે કે, જુઓ, એને હુ તમારી પાસે બહાર લાવું છું, એ માટે કે, મને એનામાં કંઈ ગુન્હો માલમ પડતો નથી, એ તમે જાણો. ત્યારે ઇસુ કાંટાનો મુગટ તથા જાંબુડા રંગનો જભો પહેરેલો એવો બહાર નિકળ્યો. પછી પીલાત તેઓને કહે છે કે, જુઓ, આ માણસ! જ્યારે મુખ્ય યાજકોએ તથા ભાલદારોએ તેને જોયો, ત્યારે તેઓએ બૂમ પાડતાં કહ્યું કે, એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ. પીલાત તેઓને કહે છે કે, તમે પોતે એને લઇને વધસ્તંભે જડાવો; કેમકે મને એનામાં કંઈ ગુન્હો માલમ પડતો નથી. યહુદીઓએ તેને ઉત્તર દીધો કે, અમારે નિયમશાસ્ત્ર છે, ને તે નિયમશાસ્ત્ર પ્રમાણે એણે મરણદંડ ભોગવવો જોઇએ, કેમકે પોતે દેવનો દીકરો હોવાનો દાવો એણે કર્યો છે. એ માટે પીલાત એ વાત સાંભળીને વધારે બિહીધો. અને ફરી દરબારમાં જઈને ઇસુને કહે છે કે, તું કયાંનો છે? પણ ઇસુએ તેને ઉત્તર ન દીધો. ત્યારે પીલાત તેને કહે છે કે, શું તું મને કશું કહેતો નથી? તને છોડી દેવાનો અધિકાર મને છે, ને તને વધસ્તંભે જડવાનો અધિકાર મને છે, એ તું જાણતો નથી શું? ઇસુએ તેને ઉત્તર દીધો કે, ઉપરથી તને અપાયા વગર મારા પર તને કંઈ અધિકાર ન હોત; તે માટે જેણે મને તને સોંપ્યો તેનું પાપ વિશેષ છે. આ પરથી પીલાતે તેને છોડી દેવાને કોશિશ કીધી; પણ યહુદીઓએ બૂમ પાડતાં કહ્યુ કે, જો તું એ માણસને છોડી દે, તો તું કાઇસારનો મિત્ર નથી; જે કોઈ પોતાને રાજા ઠરાવે છે, તે કાઇસારની વિરૂદ્ધ બોલે છે. ત્યારે એ વાત સાંભળીને પીલાત ઇસુને બહાર લાવ્યો, ને ફરસબદી કહેવાતી જે જગ્યા, જેને હેબ્રી ભાષામાં ગાબ્બાથા કહે છે, ત્યાં ન્યાયાસન પર તે બેઠો. હવે પાસ્ખાની તૈયારીનો એ દહાડો હતો, ને આસરે બપોર થયા હતા. ત્યારે તે યહુદીઓને કહે છે કે, જુઓ, તમારો રાજા! ત્યારે તેઓએ મોટે ઘાંટે કહ્યુ કે, એને દૂર કર, દૂર કર, વધસ્તંભે જડાવ. પીલાત તેઓને કહે છે કે, શું હું તમારા રાજાને

વધસ્તંભે જડાવું? મુખ્ય યાજકોએ ઉત્તર દીધો કે, કાઇસાર શિવાય અમારો કોઈ રાજા નથી. ત્યારે તેને વધસ્તભે જડવાને તેણે તેઓને સોંપ્યો.

એ માટે તેઓ ઇસુને પકડી લઈ ગયા. પછી તે પોતાનો વધસ્તભ ઉચકીને ખોપરીની જગ્યા, જે હેબ્રી ભાષામાં ગલગથા કહેવાય છે, ત્યાં બહાર ગયો. ત્યાં તેઓએ તેને તથા તેની સાથે બીજા બેને વધસ્તભે જડ્યા, દરેક બાજુએ એકને, તથા વચમાં ઇસુને. અને પીલાતે સરનામુ લખીને વધસ્તંભ પર લગાડયું, ને લેખ એ હતો કે, **ઇસુ નાઝારી યહુદીઓનો રાજા.** અને જ્યાં ઇસુ વધસ્તંભે જડાયો હતો, તે ઠેકાણું શહેરની પાસે હતું, ને તે લેખ હેબ્રી તથા હેલેની તથા રૂમી ભાષામાં લખેલો હતો, માટે ઘણા યહુદીઓએ તે વાંચ્યો. એ માટે યહુદીઓના મુખ્ય યાજકોએ પીલાતને કહ્યુ કે, યહુદીઓનો રાજા, એમ ન લખ, પણ એમ કે, તેણે કહ્યુ કે, હુ યહુદીઓનો રાજા છુ. પીલાતે ઉત્તર દીધો કે, મેં જે લખ્યુ તે લખ્યું.

હવે સિપાઇઓએ ઇસુને વધસ્તભે જડયા પછી તેનાં લુગડાં લીધાં, ને ચાર ભાગ પાડયા, દરેક સિપાઇને વાસ્તે એક; ને ડગલો પણ લીધો; હવે તે ડગલો સીવણ વગરનો, ઉપરથી આખો વણેલો હતો. એ માટે તેઓએ માહોમાંહે કહ્યું કે, આપણે એ ફાડવો નહિ; પણ એ કોણને મળે એ જાણવા માટે ચિઠ્ઠીઓ નાખવી. તે એ માટે થયું કે, શાસ્ત્રમાં જે લખેલુ તે પૂરૂં થાય, એટલે, તેઓએ માહોમાંહે મારાં લુગડાં વહેચી લીધાં, ને મારા ડગલા માટે ચિઠ્ઠીઓ નાખી. એ કામો તો સિપાઇઓએ કીધાં. પણ ઇસુના વધસ્તભ પાસે તેની મા, તથા તેની માસી, કલોપાસની વહુ મરિયમ તથા મરિયમ માગ્દાલેણ ઉભાં રહેલાં હતાં. તે માટે ઇસુએ જ્યારે પોતાની માને તથા જેના પર પોતે પ્રેમ કરતો તે શિષ્યને પાસે ઉભાં રહેલાં જોયાં, ત્યારે તે પોતાની માને કહે છે કે, બાઈ, જો, તારો દીકરો! ત્યાર પછી તે ને શિષ્યને કહે છે કે, જો, તારી મા! અને તેજ ઘડીથી તે શિષ્યે તેને પોતાના ઘરમાં લીધી.

એ પછી ઇસુ હવે સઘળું પૂરૂ થયું એ જાણીને, ધર્મલેખ પૂરો થાય એ માટે કહે છે કે, મને તરસ લાગી છે. અને ત્યાં સીરકાએ ભરેલુ એક વાસણ મુકયુ હતુ, માટે તેઓએ એક વાદળી સીરકાએ ભરીને, ઝૂફા પર મુકીને તેના મ્હો આગળ ધરી. માટે ઇસુએ સીરકો લીધા પછી કહ્યુ કે. સપૂર્ણ થયુ; ને માથુ નમાવીને પ્રાણ છોડયો

ત્યારે સિદ્ધિકરણનો દિવસ હતો, (ને તે વિશ્રામનો દિવસ મોટો દિવસ હતો), એ માટે વિશ્રામવારે તેઓનાં મુડદાં વધસ્તંભ પર ન રહે માટે યહુદીઓએ પીલાતની વિનંતી કીધી કે તેઓના ટાંટિયા ભાંગીને તેઓને લઈ જવામાં આવે. એ માટે સિપાઇઓએ આવીને

તેની સાથે વધસ્તંભે જડાએલા પહેલાના તથા બીજાના ટાંટિયા ભાંગ્યા. પણ તેઓએ ઇસુની પાસે આવીને તેને મરેલો દીઠો, ત્યારે તેના ટાંટિયા ભાંગ્યા નહિ. તોપણ સિપાઇઓમાંથી એકે ભાલાથી તેની કૂખ વીધી, ને તરત તેમાંથી લોહી તથા પાણી નિકળ્યાં. અને જેણે જોયું છે તેણેજ આ શાહેદી આપી છે, ને તેની શાહેદી ખરી છે; અને તમે પણ વિશ્વાસ કરો તે માટે તે ખરૂં કહે છે, એ તે જાણે છે. કેમકે તેનું એક પણ હાડકું ભંજાશે નહિ, એ લેખ પૂરો થવા સારૂ એમ થયું, ને ફરી બીજો લેખ કહે છે કે, જેને તેઓએ વીધ્યો તેને તેઓ જોશે.

પુનરૂત્થાનનું જાગરણ.

સારપ્રાર્થના.

હે પ્રભુ, એવુ કર કે, જે રીતે તારા ધન્યવાન પુત્ર અમારા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તના મરણમાં અમે બાપ્તિસ્મા પામ્યાં છીએ, તેજ રીતે પોતાની કુઇચ્છાઓને નિત્ય મારીને તેની સાથે દટાઈ જઇએ, અને ઘોર તથા મરણના બારણામાં થઇને પોતાના આનંદદાયક પુનરૂત્થાને પહોંચીએ. તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ જે અમારે વાસ્તે મરી ગયો, દટાયો, અને ફરી જીવી ઉઠ્યો તેના પુણ્યને પ્રતાપે. આમેન.

પત્ર. ૧ પીતર ૩; ૧૭.

જો દેવની ઇચ્છા એવી હોય, તો ભુંડું કરવાને લીધે સહેવુ એ કરતાં રૂડું કરવાને લીધે સહેવુ એ સારૂ છે. કેમકે ખ્રીસ્તે પણ એક વેળા પાપોને સારૂ, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે સહ્યુ, એ માટે કે આપણને દેવની પાસે તે પહોંચાડે; તે દેહમાં મારી નંખાયો, પણ આત્મામાં સજીવન કરાયો. તેમાં પણ તેણે જઇને બંદીખાનામાંના આત્માઓને ઉપદેશ કીધો. તેઓ તો પૂર્વે માનનારા ન હતા, એટલે નુહના દહાડામાં જ્યારે વહાણમાં થોડાં, એટલે આઠ જણ, પાણીથી બચ્યાં, તે વહાણ તૈયાર થતું હતું, ને જ્યારે દેવની સહનતા વાટ જોતી હતી, ત્યારે. અને પાણી તો ઉપમારૂપે, એટલે બાપ્તિસ્માએ કરીને (જે દેહનો મેલ કાઢી નાખવો તે નહિ, પણ સારા અંતઃકરણથી દેવને ઉત્તર આપવો તેણે કરીને) ઇસુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી હમણાં તમને પણ તારે છે. તે તો દૂતો તથા અધિકારીઓ તથા પરાક્રમીઓ પોતાને સ્વાધીન કરીને આકાશમાં ગયો ને દેવની જમણી ગમ છે.

સુવાર્તા. ૫. માત્થી ૨૭; ૫૭.

સાંજ પડી ત્યારે યુસફ નામે આરીમથાઇનો એક દ્રવ્યવાન માણસ આવ્યો, જે પોતે પણ ઇસુનો શિષ્ય હતો, તેણે પીલાત પાસે જઇને ઇસુની લાસ માગી, ત્યારે પીલાતે તે સોપવાની આજ્ઞા કીધી. પછી યુસફે લાસ લઇને સણને ઉજળે લુગડે તે વિટાળી. અને ખડકમાં ખોદાવેલી પોતાની નવી કબરમાં તેને મુકી, ને એક મોટો પત્થર કબરના મ્હો

.ર ગબડાવીને તે ચાલ્યો ગયો. ત્યારે મરિયમ માગદાલેણ તથા બીજી મરિયમ યાં કબરની સામે બેઠી હતી.

અને સિદ્ધિકરણને બીજે દહાડે મુખ્ય ાજકો તથા ફરોશીઓએ પીલાત પાસે મેકઠા થઇને કહ્યુ કે, સાહેબ, અમને ાદ છે કે, તે ઠગ જીવતો હતો ત્યારે હેતો હતો કે, ત્રણ દહાડા પછી હું ઉઠીશ. એ માટે ત્રણ દહાડા સુધી કબરનો જાપતો રાખવાની આજ્ઞા કર, રખે તેના શિષ્યો રાત્રે આવીને તેને ચોરી જાય, ને લોકોને કહે કે, મુએલાંઓમાંથી તે ઉઠયો છે, અને છેલ્લી ભૂલ પહેલીના કરતાં મોટી થશે. ત્યારે પીલાતે તેઓને કહ્યુ કે, ચોકીદારો તમારી પાસે છે, તમે જાઓ, ને તમારાથી બને તેવો તેનો જાપતો રખાવો. પછી તેઓ ગયા, ને પત્થર પર મહોર કરીને, તેઓએ કબર પર જાપતો રાખ્યો, અને ચોકીદારો તેમની સાથે હતા.

પુનરૂત્થાનનો દિવસ.

ા સવારની પ્રાર્થનામાં, ગીતશાસ્ત્રમાંના ,૫ મા સ્તોત્રની જગ્યામાં આ ગીત ગવાય અથવા વચાય.

આપણો પાસ્ખા યજ્ઞ, એટલે ખ્રીસ્ત, ને આપણી વતી મરાયો છે.

એ માટે જુના ખમીરથી નહિ, ને ભુંડાઈ તથા દુષ્ટપણાના ખમીરથી નહિ, પણ નિષ્કપટપણાની તથા ખરાપણાની બેખમીરી રોટલીથી આપણે પર્વ પાળીએ. ૧ કરીંથી. ૫, ૭–૮.

ખ્રીસ્ત મુએલાંમાંથી ઉઠાડાયા પછી .રી મરતો નથી; હવે પછી મરણનો રી તેના પર અધિકાર નથી.

કેમકે તે મુઓ, એટલે પાપના સંબંધમાં એકજવાર મુઓ, પણ તે જીવે છે એટલે દેવના સંબંધમાં જીવે છે.

તેમ તમે પોતાને પણ પાપના સંબંધમાં મુએલા, પણ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે, દેવના સંબંધમાં જીવતા, ગણો. રૂમી. ૬; ૯–૧૧.

ખ્રીસ્ત મુએલાંઓમાંથી ઉઠયો છે, તે ઉંઘી ગએલાઓનુ પ્રથમ ફળ થયો છે.

કેમકે માણસથી મરણ થયુ, એ માટે માણસથી મુએલાંઓનુ ઉત્થાન પણ થયું.

કેમકે જેમ આદમમાં સર્વ મરે છે, તેમ ખ્રીસ્તમાં સર્વ સજીવ કરાશે. ૧ કરીંથી. ૧૫; ૨૦–૨૨.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારા એકાકીજનિત દીકરા ઇસુ ખ્રીસ્તે મરણ પર જીત મેળવ્યાથી, તેં અમારે માટે સદા-

કાળના જીવનનું બારણું ઉઘાડી દીધું છે; અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, જે રીતે તારી વિશેષ કૃપા વડે તું અમારાં મનમાં અગાઉથી સારી ઇચ્છાઓ ઉત્પન્ન કરે છે, તે રીતે નિરંતર અમારી સહાય કર, કે અમે તેમને સારાં કામ કરવામાં પૂરી કરીએ; અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન

પત્ર. કલોસી. ૩, ૧.

જો તમે ખ્રીસ્તની સાથે ઉઠડાએલા હો, તો જ્યાં ખ્રીસ્ત દેવને જમણે હાથે બેઠેલો છે ત્યાંની, એટલે ઉપરની, વાતો શોધો. ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ; કેમકે તમે મુઆ છો, ને તમારૂં જીવન ખ્રીસ્તની સાથે દેવમાં ગુપ્ત રાખેલુ છે. જ્યારે ખ્રીસ્ત આપણું જીવન પ્રગટ થશે, ત્યારે તમે પણ તેની સાથે મહિમામાં પ્રગટ થશો. એ માટે પૃથ્વી પરના તમારા અવયવો, એટલે વ્યભિચાર, અશુદ્ધપણું, કામાતુરપણું, ભુંડી ઇચ્છા તથા દ્રવ્યલોભ જે મૂર્ત્તિભક્તિ છે, તેઓને મારી નાખો. એ કામોને લીધે આજ્ઞાભંજનના દીકરા પર દેવનો કોપ આવે છે. અને જ્યારે તમે અગાઉ તેઓમાં જીવતા હતા, ત્યારે તેઓમાં તમે પણ ચાલ્યા.

સુવાર્તા. ૫. યોહાન ૨૦; ૧.

અઠવાડિયાને પહેલે દહાડે મોટી સવારે અંધારૂં હતું એવામાં મરિયમ માગદાલેણ કબર આગળ આવી, ને કબર પરથી પત્થર ખસેડેલો તેણે દીઠો. ત્યારે તે દોડીને સીમોન પીતરની પાસે તથા બીજો શિષ્ય, જેના પર ઇસુ પ્રેમ રાખતો હતો, તેની પાસે આવીને તેઓને કહે છે કે, પ્રભુને તેઓએ કબરમાંથી કાઢી લીધો છે, ને તેઓએ તેને ક્યાં મુકયો છે એ અમે જાણતાં નથી. તે માટે પીતર તથા તે બીજો શિષ્ય કબર તરફ જવા નિકળ્યા, અને તે બંને સાથે દોડ્યા; પણ તે બીજો શિષ્ય પીતરને પાછળ મુકી દઇને કબર આગળ પહેલો પહોંચ્યો. અને તેણે નીચા વળીને અંદર જોયું તો સણનાં લુગડાં પડેલાં દીઠાં; તોપણ તે માંહે ગયો નહિ. ત્યારે સીમોન પીતર પણ તેની પાછળ આવીને કબર માંહે પેઠો; ને તેણે સણનાં લુગડાં પડેલાં દીઠાં. અને જે રૂમાલ તેના માથા પર હતો, તે સણનાં લુગડાંની જોડે પડેલો નહોતો, પણ એક જગ્યાએ એકલો વાળી મુકેલો હતો. પછી બીજો શિષ્ય કે જે કબર પાસે પહેલો આવ્યો હતો, તેણે પણ માંહે જઇને જોયું, ને વિશ્વાસ કીધો. કેમકે ત્યાં સુધી તેઓ આ લેખ સમજતા ન હતા કે, તેણે મરી ગએલાંઓમાંથી પાછા ઉઠવું જોઇએ. ત્યારે શિષ્યો ફરી પોતાને ઘેર ગયા.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારા એકાકી-જનિત દીકરા ઇસુ ખ્રીસ્તે મરણ પર જીત મેળવ્યાથી, તેં અમારે માટે સદા-કાળના જીવનનું બારણું ઉઘાડી દીધુ છે; અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, જે રીતે તારી વિશેષ કૃપા વડે તું અમારાં મનમાં અગાઉથી સારી ઇચ્છાઓ ઉત્પન્ન કરે છે, તે રીતે નિરંતર અમારી સહાય કર, કે અમે તેમને સારાં કામ કરવામાં પૂરી કરીએ, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃ. ૧૦; ૩૪.

પીતરે મ્હો ઉઘાડીને કહ્યુ કે, મને ખાતરી થઈ છે કે દેવ પક્ષપાતી નથી. પણ હરેક દેશમાં જે કોઈ તેની બીક રાખે છે, ને ન્યાયીપણું કરે છે, તે તેને માન્ય છે. ઇસુ ખ્રીસ્ત, જે સર્વનો પ્રભુ છે, તેની મારફતે શાંતિની સુવાર્તા પ્રગટ કરતાં દેવે ઇસ્રાએલપુત્રોની પાસે જે વાત મોકલી, એટલે જે વાત યોહાને બાપ્તિસ્મા પ્રગટ કીધા પછી ગાલીલથી માંડીને આખા યહુદાહમાં જાહેર કર-વામાં આવી તે તમે પોતે જાણો છો, એટલે નાઝરેથના ઇસુની વાત કે જેને દેવે પવિત્ર આત્માથી તથા સામર્થ્યથી અભિષિક્ત કીધો; તે ભલુ કરતો તથા શેતાનથી જે પીડાતા હતા તેઓ સઘ-ળાને સાજા કરતો ફર્યો; કેમકે દેવ તેની સાથે હતો. અને તેણે યહુદીઓના પ્રાંતમાં તથા યરૂશાલેમમાં જે કામો કીધાં તે સર્વના અમે સાક્ષી છીએ; તેને વળી તેઓએ લાકડા પર ટાંગીને મારી નાખ્યો. તેને દેવે ત્રીજે દિવસે ઉઠાડયો, ને સર્વ લોકોની આગળ નહિ, પણ અગાઉથી દેવના પસંદ કીધેલા સાક્ષીઓ, જેઓએ તેના મુએલાંમાંથી ઉઠયા પછી તેની સાથે ખાધુ પીધુ તેઓની આગળ, એટલે અમારી આગળ, તેને પ્રગટ કીધો, અને તેણે અમને આજ્ઞા કીધી કે લોકોને ઉપદેશ કરો, ને સાક્ષી આપો કે દેવે એનેજ જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાયા-ધીશ ઠરાવેલો છે. તેના વિષે સઘળા ભવિષ્યવાદીઓ સાક્ષી આપે છે કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે છે, તે તેના નામથી પાપની માફી પામશે.

સુવાર્તા. પ. લુક ૨૪; ૧૩.

જુઓ, તેજ દહાડે તેઓમાંના બે, એમ્મૌસ નામનુ એક ગામ યરૂશાલેમથી ચારેક ગાઉ આઘું છે, ત્યાં જતા હતા. અને આ બધી બનેલી બિનાઓ વિષે તેઓ એક બીજાની સાથે વાત કરતા હતા. અને એમ થયું કે તેઓ એક બીજાની સાથે વાત કરતા તથા માહોમાંહે સવાલ પુછતા હતા, ત્યારે

ઇસુ પોતે તેઓની પાસે આવીને તેઓની સાથે ચાલ્યો. પણ તેઓની આંખો બંધાઈ હતી કે તેઓ તેને ઓળખે નહિ. અને તેણે તેઓને કહ્યુ કે, તમે ચાલતાં ચાલતાં એક બીજાની સાથે શી વાત કરો છો? ને તેઓ ઉદાસ થઇને ઉભા રહ્યા. અને કલીઓપાસ નામે એકે ઉત્તર આપતાં કહ્યુ કે, શું, યરૂશાલેમમાં રહેનારાઓમાંનો એકલો તુંજ આ દિવસોમાં બનેલી બિનાઓ નથી જાણતો? ને તેણે તેઓને કહ્યુ કે, કઈ બિનાઓ? ને તેઓએ તેને કહ્યુ કે, ઇસુ નાઝારી, જે દેવની આગળ તથા સઘળા લોકની આગળ કામમાં તથા વચનમાં પરાક્રમી ભવિષ્યવાદી હતો, તે સંબંધીની બિનાઓ, વળી કેવી રીતે મુખ્ય યાજકોએ તથા અમારા અધિકારીઓએ તેને મરણદંડ ભોગવવા સારૂ પરસ્વાધીન કર્યો, ને તેને વધસ્તંભ જડાવ્યો. પણ અમે આશા રાખતા હતા કે, જે ઇસ્રાએલને ઉદ્ધાર આપવાનો હતો તે એ છે; વળી એ સર્વે ઉપરાંત આ બનાવ બન્યાને આજ ત્રીજો દહાડો થયો. વળી અમારામાંની કેટલીએક બાયડીઓ જેઓ કબર આગળ વહેલી ગઈ હતી, તેઓએ અમને આશ્ચર્ય પમાડયુ, એટલે તેઓએ તેનું શબ દીઠું નહિ, ત્યારે તેઓએ આવીને કહ્યુ કે, અમને દૂતોનું દર્શન પણ થયુ હતું, કે જેઓએ કહ્યુ કે તે જીવતો છે. અને અમારી સાથેના કેટલાએક કબર આગળ ગયા, ને જેમ બાયડીઓએ કહ્યુ હતું તેમજ તેઓને માલમ પડયું, પણ તેને તેઓએ જોયો નહિ. અને તેણે તેઓને કહ્યુ કે, ઓ અણસમજુઓ, તથા જે ભવિષ્યવાદીઓએ કહ્યુ છે, તે સર્વે પર વિશ્વાસ કરવામાં મંદ બુદ્ધિના; શું ખ્રીસ્તે એ બધુ સહેવુ ને પોતાના મહિમામાં પેસવું જોઇતું નહોતું? ને મુસાથી તથા સઘળા ભવિષ્યવાદીઓથી માંડીને તેણે બધા ધર્મલેખોમાંથી પોતા સંબંધીની વાતોનો ખુલાસો કરી બતાવ્યો. અને જે ગામ તેઓ જતા હતા તેની નજદીક તેઓ પહોચ્યા, ત્યારે તેણે જાણે કે આગળ જવાનું કર્યુ. અને તેઓએ તેને આગ્રહ કરીને કહ્યુ કે, અમારી સાથે રહે; કેમકે સાંજ થવા આવી છે ને દહાડો નમી ગયો છે. અને તેઓની સાથે રહેવા સારૂ તે માંહે ગયો. અને એમ થયું કે, તે તેઓની સાથે જમવા બેઠો, ત્યારે તેણે રોટલી લઇને સ્તુતિ કરીને ભાંગી, ને તેઓને આપી. અને તેઓની આંખો ઉઘડી, ને તેઓએ તેને ઓળખ્યો, ને તે તેઓની દૃષ્ટિમાંથી લોપ થઈ ગયો. અને તેઓએ એક બીજાને કહ્યુ કે, જ્યારે તે માર્ગે આપણી સાથે વાત કરતો હતો, ને ધર્મલેખોનો ખુલાસો આપણને કરી બતાવતો હતો, ત્યારે આપણાં મન આપણામાં ઉલ્લાસી નહોતાં થતાં શું? અને તેજ ઘડી તેઓ ઉઠીને યરૂશાલેમ ભણી પાછા વળ્યા, ને અગિયાર શિષ્યોને તથા તેઓની સાથેનાઓને એકઠા થએલા દીઠા, કે જેઓ કહેતા હતા કે, પ્રભુ ખરેખર

ઉઠયો છે, ને સીમોનને દેખાયો છે. ત્યારે પેલાઓએ માર્ગમાં બનેલી બિના તથા રોટલી ભાંગતાં તે તેઓથી કેવી રીતે ઓળખાયો હતો તે કહી બતાવ્યું.

પુનરૂત્થાનના અઠવાડીઆનો મંગળવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારા એકાકી-જનિત દીકરા ઇસુ ખ્રીસ્તે મરણ પર જીત મેળવ્યાથી, તેં અમારે માટે સદાકાળના જીવનનું બારણું ઉઘાડી દીધુ છે; અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, જે રીતે તારી વિશેપ કૃપા વડે તું અમારાં મનમાં અગાઉથી સારી ઇચ્છાઓ ઉત્પન્ન કરે છે, તે રીતે નિરંતર અમારી સહાય કર, કે અમે તેમને સારાં કામ કરવામાં પૂરી કરીએ, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય. ૧૩; ૨૬.

હે ભાઈઓ, ઇબ્રાહીમના વંશજો, તથા તમારી મધ્યે દેવનું ભય રાખનારાઓ, આપણી પાસે એ તારણની વાત મોકલવામાં આવી છે. કેમકે યરૂશાલેમના રહેવાસીઓએ, તથા તેઓના અધિકારીઓએ, તેને વિષે તથા ભવિષ્યવાદીઓની જે વાતો હરેક વિશ્રામવારે વચાય છે તેમને વિષે પણ અજ્ઞાન હોવાથી તેને અપરાધી ઠરાવીને તે ભવિષ્યવાતો પૂરી કીધી. અને મોતની શિક્ષા થાય એવું કંઈ કારણ તેઓને મળ્યું નહિ, તેમ છતાં પણ તેઓએ પીલાતને એવી વિનંતી કીધી કે તેને મારી નાખવો. અને તેને વિષે જે લખ્યું હતું તે સઘળું તેઓએ પૂરૂં કીધું ત્યારે લાકડા ઉપરથી તેને ઉતારીને તેઓએ તેને કબરમાં મુકયો. પણ દેવે મુએલાંમાંથી તેને ઉઠાડયો. અને તેની સાથે ગાલીલથી યરૂશાલેમમાં જે આવ્યા હતા તેઓને ઘણા દિવસ સુધી તે દેખાતો રહ્યો, અને તેઓ હમણાં લોકોની આગળ તેના સાક્ષી છે. અને જે વચન બાપદાદાઓને આપવામાં આવ્યુ હતું તેની વધામણી અમે તમારી પાસે લાવ્યા છીએ કે, ઇસુને પાછો ઉઠાડવાથી દેવે આપણાં છોકરાંઓ પ્રત્યે તે પૂરૂં કીધું છે, ને તે પ્રમાણે બીજા ગીતમાં પણ લખેલુ છે કે, તું મારો દીકરો છે, આજ મેં તને જન્મ દીધો છે. અને તેણે તેને મુએલાંમાંથી ઉઠાડયો, ને તે ફરી કદી કહોવાણ પામશે નહિ, તે વિષે તેણે એમ કહ્યુ છે કે, દાઉદ પરના પવિત્ર તથા અચળ આશીર્વાદો હુ તમને આપીશ. એ માટે બીજે ઠેકાણે પણ તે કહે છે કે, તું પોતાના પવિત્રને કહોવાણ જોવા નહિ દઈશ. કેમકે દાઉદ તો પોતાના જમાનામાં દેવની ઇચ્છા પ્રમાણે સેવા કરીને ઉંઘી ગયો, ને પોતાના બાપદાદાઓની પડખે મુકાયો, ને તેણે કહોવાણ જોયું. પણ જેને દેવે ઉઠાડ્યો, તેણે કહોવાણ જોયું નહિ. એ

માટે, ભાઈઓ, તમને માલુમ થાય કે, એના વડે પાપોની માફી તમને પ્રગટ કરવામાં આવે છે. અને જે વાતો વિષે મુસાના નિયમશાસ્ત્રથી તમે ન્યાયી ઠરી શક્યા નહિ, તે સર્વ વિષે હરેક વિશ્વાસ કરનાર તેનાથી ન્યાયી ઠરે છે. એ માટે સાવધાન રહો, રખે ભવિષ્યવાદીઓના લેખમાંની આ વાત તમારા ઉપર આવી પડે કે, ઓ તુચ્છ કરનારાઓ, તમે જુઓ, ને અચરત થાઓ ને નાશ પામો, કેમકે તમારા દિવસોમાં હુ એવું કાર્ય કરૂ છું કે, તે વિષે કોઈ તમને કહે, તો તમે તે માનશોજ નહિ.

સુવાર્તા. ૫. લુક ૨૪, ૩૬.

ઇસુ પોતે તેઓની વચમાં ઉભો રહીને તેઓને કહે છે કે, તમને શાંતિ થાઓ. પણ તેઓએ ગભરાઇને તથા ભયભીત થઇને એમ ધાર્યું કે, અમારા જોવામાં કોઈ આત્મા આવે છે. અને તેણે તેઓને કહ્યુ કે, તમે કેમ ગભરાઓ છો, ને તમારા મનમાં તર્કવિતર્ક કેમ થાય છે? મારા હાથ તથા મારા પગ જુઓ, કે એ હું પોતે છુ, મને હાથ અડકાડીને જુઓ, કેમકે જેમ તમે જુઓ છો કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી. અને એ કહ્યા પછી તેણે હાથ તથા પગ તેઓને દેખાડયા. અને તેઓ હર્ષને લીધે હજી વિશ્વાસ કરતા નહોતા, ને અચરત થતા હતા, ત્યારે તેણે તેઓને કહ્યુ કે, તમારી પાસે અહી કંઈ ખાવાનુ છે? ને તેઓએ તેને શેકેલી માછલીનો કકડો આપ્યો, અને તેણે તે લઇને તેઓની આગળ ખાધો.

અને તેણે તેઓને કહ્યુ કે, હુ તમારી સાથે હતો, ત્યારે મે એ વાતો તમને કહી હતી કે, જે મુસાના નિયમશાસ્ત્રમાં તથા ભવિષ્યવાદીઓમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી લખ્યું છે તે બધુ પૂરૂ થવુ જોઇએ. ત્યારે ધર્મલેખો સમજવા સારૂ તેણે તેઓનાં મન ખોલ્યાં. અને તેણે તેઓને કહ્યુ કે એમ લખ્યુ છે, કે ખ્રીસ્તે દુઃખ સહન કરવુ, ને ત્રીજે દહાડે મુએલાંઓમાંથી પાછા ઉઠવું જોઇએ; અને યરૂશાલેમથી માંડીને સઘળી પ્રજાઓને તેના નામમાં પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરાવાં જોઇએ. એ વાતના સાક્ષીઓ તમે છો.

પુનરૂત્થાન પછી પહેલો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન પિતા, તે તારા એકનાએક દીકરાને અમારાં પાપોને લીધે મરવાને સારૂ, ને અમારા ન્યાયીકરણને લીધે ફરી જીવી ઉઠવાને સારૂ આપ્યો, અમને વેર અને ભુંડાઈનું ખમીર કાઢી નાખવાની શક્તિ આપ, કે શુદ્ધ ચાલ તથા ખરાપણાથી, સર્વદા તારી સેવા કરતાં રહીએ: તેજ તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્યને લીધે આ માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ યોહ. ૫ ; ૪.

હરેક જે દેવથી જન્મેલુ છે તે જગતને જીતે છે, ને જે જયે જગતને જીત્યુ છે તે આપણો વિશ્વાસ છે. જે વિશ્વાસ કરે છે કે ઇસુ દેવનો પુત્ર છે તે વગર જગતને કોણ જીતે છે? પાણીથી તથા લોહીથી જે આવ્યો, તે એ છે એટલે ઇસુ ખ્રીસ્ત ; ને તે કેવળ પાણીથી નહિ, પણ પાણી તથા લોહીથી આવ્યો, ને જે સાક્ષી પૂરે છે તે આત્મા છે, કાજે આત્મા સત્ય છે. કેમકે સાક્ષી પૂરનારા ત્રણ છે એટલે આત્મા તથા પાણી તથા લોહી, ને એ ત્રણ એકમા રહે છે. જો આપણે માણસોની સાક્ષી માનીએ છીએ તો એ કરતાં દેવની સાક્ષી મોટી છે, કાંજે દેવે પોતાના પુત્ર સંબંધી જે સાક્ષી આપી છે તે એજ છે. જે દેવના પુત્ર પર વિશ્વાસ રાખે છે તેને પોતામાં સાક્ષી છે, જે દેવ પર વિશ્વાસ કરતો નથી તેણે તેને જુઠો પાડયો છે, કેમકે દેવે પોતાના પુત્ર વિષે જે સાક્ષી આપી છે, તે સાક્ષી પર તેણે વિશ્વાસ કર્યો નથી. અને આ સાક્ષી એવી છે કે દેવે આપણને અનંત જીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે. જેને દેવનો પુત્ર છે તેને જીવન છે. જેને દેવનો પુત્ર નથી, તેને જીવન નથી.

સુવાર્તા. ૫. યોહ. ૨૦ ; ૧૯.

તેજ દહાડે, એટલે અઠવાડિયાને પહેલે દિવસે, સાંજ પડયે શિષ્યો જ્યાં એકઠા થયા હતા, ત્યાંનાં બારણાં યહુદીઓના ભયથી બંધ કીધાં હતાં, ત્યારે ઇસુ આવ્યો ને વચમા ઉભો રહીને તેઓને કહે છે કે, તમને શાંતિ થાઓ. અને તેણે એમ કહીને પોતાના હાથ તથા કૂખ તેઓને દેખાડયાં. માટે શિષ્યો પ્રભુને જોઇને હરખાયા. ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યુ કે, તમને શાંતિ થાઓ, જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હુ તમને પણ મોકલુ છુ. અને તેણે એમ કહીને તેઓ પર શ્વાસ નાખ્યો, ને તે તેઓને કહે છે કે, તમે પવિત્ર આત્મા પામો. જેઓનાં પાપ તમે માફ કરો છો, તેઓના માફ કરાય છે, ને જેઓનાં પાપ તમે રાખો છો, તેઓનાં રખાય છે.

પુનરૂત્થાન પછી બીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં તારો એકનોએક દીકરો એ સારૂ આપ્યો, કે તે અમારે માટે પાપનું બળીદાન તથા પવિત્ર ચાલનો નમુનો પણ થાય: અમને કૃપા આપ, કે તેના અમૂલ્ય ઉપકારને અમે સદા કબૂલ કરીએ, અને તેના અતિ પવિત્ર જીવનનાં ધન્ય પગલાંમાં ચાલવાને નિત્ય યત્ન કરતાં રહીએ ; તેજ ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ પીતર ૨ ; ૧૯.

જો કોઈ માણસ દેવ તરફના અંતઃ-

કરણને લીધે અન્યાય વેઠતાં દુઃખ સહે છે, તો તે માન્ય છે. કેમકે જ્યારે પાપ કરવાને લીધે માર ખાઓ છો ત્યારે જો તમે સહન કરો છો, તો તેમાં શી કીર્તિ છે? પણ સારૂ કરવાને લીધે જ્યારે દુઃખ ભોગવો છો, ત્યારે જો તેનું સહન કરો છો, તો એ દેવની આગળ માન્ય છે. કારણ કે એને માટે તમે તેડાએલા છો, કેમકે ખ્રીસ્તે પણ તમારે સારૂ સહ્યુ, ને તમોને નમુનો આપ્યો છે. એ માટે કે તમે તેનાં પગલાંમાં ચાલો. તેણે કંઈ પાપ કીધુ નહિ, ને તેના મ્હોમાં કપટ ન હતુ. તેણે નિંદા પામીને પાછી નિંદા ન કીધી. દુઃખો સહેતાં ધમકાવ્યુ નહિ, પણ યથાર્થ ન્યાય કરનારને પોતાને સોંપ્યો. લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, એ માટે કે આપણે પાપો વિષે મુએલા થઇને ન્યાયીપણા વિષે જીવીએ. તેના ઘાઓથી તમે સાજા થયા. કેમકે તમે ભુલાં પડેલાં ઘેટાંના જેવા હતા, પણ હમણાં તમારા જીવોના પાળક તથા અધ્યક્ષની ગમ પાછા ફર્યા છો.

સુવાર્તા. પ. યોહાન ૧૦; ૧૧.

ઇસુએ કહ્યુ કે, હુ ઉત્તમ ઘેટાંપાળક છુ, ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે. જે ચાકર છે અને ઘેટાંપાળક નથી, જે પોતે ઘેટાંનો ધણી નથી, તે વરૂને આવતું દેખીને ઘેટાંને મુકીને નાસી જાય છે; પછી વરૂ તેઓને પકડીને તેઓને વિખેરી નાખે છે. તે નાસી જાય છે, કેમકે તે ચાકર છે, ને ઘેટાંની તેને ચિંતા નથી. હુ ઉત્તમ ઘેટાંપાળક છુ, ને પોતાનાંને ઓળખું છુ, ને મારાં પોતાનાં મને ઓળખે છે. જેમ બાપ મને ઓળખે છે ને હુ બાપને ઓળખુ છુ તેમ તેઓ મને ઓળખે છે, ને ઘેટાંને સારૂ હુ પોતાનો જીવ આપું છુ. અને મારાં બીજાં ઘેટાં છે, તેઓ આ વાડામાનાં નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે, ને તેઓ મારો સાદ સાંભળશે, અને તેઓ એક ટોળું, એક ઘેટાંપાળક થશે.

પુનરૂત્થાન પછી ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તું ભટકેલાંને તારા સત્યનો પ્રકાશ એ માટે દેખાડે છે, કે તેઓ ફરી ધર્મના માર્ગ પર આવે; જેટલાં ખ્રીસ્તના ધર્મના સત્સ-ગમાં મેળવાય છે, તેઓ પર એવી દયા કર, કે જે કંઈ તેમના વિશ્વાસને ઉલટુ હોય, તેને ત્યાગી દે, અને જે કંઈ ધર્મ પ્રમાણે હોય તે પ્રમાણે ચાલે. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે એ માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ પીતર ૨, ૧૧.

વહાલાઓ, હુ વિનતી કરૂ છું કે, જે દેહિક વિષયો જીવને ઉલટા લડે છે. તેઓથી તમે, પ્રદેશી તથા પ્રવાસી જેવા, દૂર થાઓ. અને વિદેશી લોકોમાં તમે

પોતાની ચાલ સારી રાખતા જાઓ, એ સારૂ કે તેઓ તમને ભુંડા જાણીને તમારી વિરૂદ્ધ બોલે છે ત્યારે તમારાં રૂડાં કામ જોઇને તેઓ કૃપાદૃષ્ટિને દિવસે દેવનો મહિમા કરે.

માણસોની પ્રત્યેક નિમણુકને પ્રભુને લીધે તમે આધીન થાઓ, રાજાને સર્વોપરી જાણીને તેને આધીન, ને અધિકારીઓને આધીન થાઓ, એવુ જાણીને કે તેઓ ભુંડું કરનારાઓને દંડ તથા સારૂં કરનારાઓનુ વખાણ કરવાને તેનાથી મોકલાએલા છે. કેમકે દેવની ઇચ્છા એવી છે કે સારૂં કરવાથી મૂર્ખ માણસોના અજ્ઞાનપણાને તમે બંધ કરો. સ્વતંત્ર જેવા છતાં ભુંડાઈના પડદાને સારૂ પોતાનું સ્વતંત્રપણું ન વાપરો, પણ દેવના સેવકો જેવા થાઓ. તમે સર્વને માન આપો, ભાઈઓ પર પ્રીતિ રાખો, દેવનું ભય ધરો, રાજાનું સન્માન કરો.

સુવાર્તા. ૫. યોહાન ૧૬, ૧૬.

ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, થોડી વાર પછી તમે મને નહિ જોશો, ને ફરી થોડી વાર પછી તમે મને જોશો. એ માટે તેના શિષ્યોમાંના કેટલાએક માહોમાંહે કહ્યુ, એ આપણને કહે છે કે, થોડી વાર પછી તમે મને નહિ જોશો; ને ફરી થોડી વાર પછી તમે મને જોશો; કેમકે હુ નિકળીને બાપની પાસે જાઉ છું, તે શું હશે? તે માટે તેઓએ કહ્યુ કે, થોડી વાર પછી, એમ તે કહે છે તે શું છે? તે શું કહે છે એ આપણે જાણતા નથી. તેઓ મને પુછવા ચાહે છે, એ ઇસુએ જાણ્યુ, તે માટે તેણે તેઓને કહ્યું કે, થોડી વાર પછી તમે મને નહિ જોશો, ને ફરી થોડી વાર પછી તમે મને જોશો એ જે મેં કહ્યુ, તે વિષે તમે માહોમાંહે પુછો છો શું? હુ તમને ખચિત ખચિત કહુ છું કે, તમે રડશો ને શોક કરશો, પણ જગત હરખાશે. તમે દલગીર થશો, પણ તમારી દલગીરી આનંદરૂપ થઈ જશે. જ્યારે બાયડી પ્રસવવેદનામાં હોય છે ત્યારે તેને શોક થાય છે, કેમકે તેનો વખત આવ્યો છે; પણ બાળકનો જન્મ થયા પછી, જગતમાં માણસ જન્મ્યુ છે તેના આનંદથી તે દુઃખ તેને ફરીથી યાદ આવતું નથી. અને હમણાં તો તમને દલગીરી લાગે છે ખરી, પણ હુ ફરીથી તમને મળીશ ત્યારે તમારાં મન આનંદ કરશે, ને તમારો આનદ તમારી પાસેથી કોઈ લઈ લેનાર નથી.

પુનરૂત્થાન પછી ચોથો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, પાપીઓની નિરંકુશ ઇચ્છા તથા વાસનાને કેવળ તુંજ વશ કરી શકે છે; એવું કર કે, તારા પોતાના લોકો, જે વાતની તું આજ્ઞા કરે છે, તેને પ્રીય જાણે; અને જે વિષે તું વચન આપે છે, તેના આશાવાન થાય, કે જગતની ભાત ભાતની ઉથલ પાથલ છતાં અમારાં મન જ્યાં ખરો આનંદ છે ત્યાં દૃઢતાથી લાગી રહે; ઇસુ

ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. યાકુબ ૧; ૧૭.

હરેક ઉત્તમ દાન તથા હરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે, ને પ્રકાશોનો બાપ જેમાં બદલાવુ નથી, ને ફરવાથી પડેલો ઓળો પણ નથી, તેની પાસેથી ઉતરે છે. તેણે પોતાની ઇચ્છાએ સત્યના વચનથી આપણને જન્માવ્યા એ માટે કે, આપણે તેના ઉત્પન્ન કીધેલામાંનાં પહેલાં થએલાં ફળ જેવા થઈએ.

તમે એ જાણો છો, મારા વહાલા ભાઈઓ; પણ હરેક માણસ સાંભળવાને ઉતાવળો, બોલવાને ધીમો, તથા રીસમાં ધીમો થાય. કેમકે માણસની રીસ દેવના ન્યાયીપણાને નથી ઉપજાવતી. માટે તમે સર્વ મલીનપણું તથા ભુંડાઈનું અધિકપણું નાખી દો, ને રોપેલુ વચન જે તમારા આત્માઓને તારવાને શક્તિમાન છે તે નમ્રતાથી લઈ લો.

સુવાર્તા. ૫. યોહાન ૧૬; ૫.

ઇસુએ પોતાના શિષ્યોને કહ્યુ કે, હવે હુ મારા મોકલનારની પાસે જાઉ છું; અને તું કયાં જાય છે એમ તમારામાંનો કોઈ મને પુછતો નથી. પણ મે તમને એ વાતો કહી છે, માટે તમારાં મન શોકે ભરાઈ ગયાં છે. તોપણ હુ તમને સાચું કહું છુ; મારૂં જવું તમને ગુણકારી છે, કેમકે જો હું જાઉ નહિ, તો સંબોધક તમારી પાસે નહિ આવશે; પણ જો હું જાઉ, તો હુ તેને તમારી પાસે મોકલી દઈશ. અને તે આવીને પાપ વિષે તથા ન્યાયીપણા વિષે તથા ન્યાય ઠરાવવા વિષે, જગતને ખાતરી કરી આપશે, પાપ વિષે, કેમકે તેઓ મારા પર વિશ્વાસ કરતા નથી. ન્યાયીપણા વિષે, કેમકે હુ બાપની પાસે જાઉ છું, ને તમે હવેથી મને નહિ જોશો; ન્યાય ઠરાવવા વિષે, કેમકે આ જગતના અધિકારીનો ન્યાય ઠરાવાયો છે. હજી ઘણી વાતો મારે તમને કહેવાની છે, પણ હમણાં તે તમે ખમી શકતા નથી. તોપણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમકે તે પોતાથી નહિ બોલશે, પણ જે કંઈ તે સાંભળશે તેજ તે બોલશે; ને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે. તે મને મહિમાવાન કરશે, કેમકે તે મારા વિષેનું લઇને તમને કહી દેખાડશે. જે બાપનાં છે, તે સર્વ મારાં છે; તે માટે મે કહ્યુ કે, તે મારા વિષેનુ લઇને તમને કહી દેખાડશે.

પુનરૂત્થાન પછી પાંચમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, બધાં ઉત્તમ દાનો તારી પાસેથી આવે છે; અમ તારા નમ્ર દાસો પર એવી દયા કર, કે જે સારી વાતો હોય, તે તારી પવિત્ર પ્રેરણા વડે વિચારીએ, અને તારી દયામય

આગેવાની તળે તે કરતાં રહીએ; અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. યાકુબ ૧, ૨૨.

તમે વચનના પાળનારા થાઓ, પોતાને ભુલાવતાં કેવળ સાંભળનારાજ નહિ. કેમકે જો કોઈ વચનનો પાળનાર નથી, પણ કેવળ સાંભળનાર છે, તો તે પોતાનું સ્વભાવિક મ્હો આરશીમાં જોનાર માણસના જેવો છે. કેમકે તે પોતાને જુએ છે, પછી ત્યાંથી જાય છે, ને પોતે કેવો હતો, એ તરત ભુલી જાય છે. પણ જે છુટાપણાના સંપૂર્ણ નિયમમાં ધારીને જુએ છે, ને તેમાં રહે છે, જે ભુલી જાય એવો સાંભળનાર તો નહિ, પણ કામનો કરનાર થાય છે, તેજ પોતાના કરવામાં ધન્ય થશે. જો તમારામાંનો કોઈ ધારે કે હુ પોતે સુભક્ત છું, પણ પોતાની જીભને કાયદામાં ન રાખતાં પોતાના મનને ભુલાવે છે તો તેનો ધર્માચાર વ્યર્થ છે. દેવની, એટલે બાપની, આગળ જે શુદ્ધ તથા નિર્મળ ધર્માચાર તે એજ છે કે, નબાપાંને તથા વિધવાઓને તેઓના દુઃખની વેળા જોવા જવું, ને જગતથી પોતાને ડાઘ વગરનો રાખવો.

સુવાર્તા. પ. યોહાન ૧૬; ૨૩.

હું તમને ખચિત ખચિત કહું છું કે, જો તમે બાપ પાસે કંઈ માગશો તો તે તમને મારે નામે તે આપશે. હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી; માગો, ને તમને મળશે, એ માટે કે તમારો આનંદ સંપૂર્ણ થાય.

એ વાતો મેં તમને દષ્ટાંતોમાં કહી છે, એવો સમય આવે છે કે જેમાં દષ્ટાંતોમાં હું તમારી સાથે નહિ બોલીશ, પણ બાપ સંબંધી હું તમને સ્પષ્ટ રીતે કહી દેખાડીશ. તે દહાડે મારે નામે તમે માગશો, ને હુ તમને એમ નથી કહેતો કે હુ તમારે સારૂ બાપની પાસે વિનંતી કરીશ; કેમકે બાપ પોતે તમારા પર પ્રેમ કરે છે. કેમકે તમે મારા પર પ્રેમ કીધો છે, ને હુ દેવની પાસેથી નિકળ્યો છુ, એવો વિશ્વાસ પણ કીધો છે. હુ બાપ પાસેથી નિકળીને જગતમાં આવ્યો છુ, વળી હુ જગત મુકીને બાપની પાસે જાઉ છુ. તેના શિષ્યો કહે છે કે, જો, હવે તુ સ્પષ્ટ રીતે બોલે છે, ને કંઈ દષ્ટાંત નથી કહેતો. હવે અમે જાણીએ છીએ કે તું સઘળી વાતો જાણે છે, ને કોઈ માણસ તને પુછે એવી તને અગત્ય નથી, એ ઉપરથી અમે વિશ્વાસ કરીએ છીએ કે તું દેવ પાસેથી આવ્યો છે. ઇસુએ તેઓને ઉત્તર દીધો કે, તમે શુ હવે વિશ્વાસ કરો છો? જુઓ, એવી ઘડી આવે છે, હા, હમણાં આવી છે કે, તમે હરેક માણસ પોતપોતાનાંની ગમ વેરાઈ જશો, ને મને એકલો મુકશો, તોપણ હુ એકલો નથી, કેમકે બાપ મારી સાથે છે. મારામાં તમને શાંતિ થાય માટે મે તમને એ વાતો કહી છે; જગતમાં તમને સંકટ થાય છે; પણ છાતી રાખો; જગતને મેં જીત્યું છે.

આકાશગમનનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે તું એવુ કર કે, જેમ અમારો વિશ્વાસ એ છે, કે તારો એકાકીજનિત દીકરો, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત આકાશમાં ચઢી ગયો છે; તેમ અમે પણ મન અને વિચારથી ત્યાં ચઢીને તેની સધાતે નિરંતર રહીએ, જે તારી અને પવિત્ર આત્માની સાથે એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ કરે છે. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃ. ૧. ૧.

ઓ થીઓફીલ, ઇસુએ પોતાના પસંદ કીધેલા પ્રેરિતોને પવિત્ર આત્માથી આજ્ઞા આપા, ને તે ઉપર લઈ લેવામાં આવ્યો, તે દિવસ સુધી પોતે જે કરવા તથા શિખવવા લાગ્યો, તે સઘળાં વિષે મે પહેલુ પુસ્તક લખ્યું છે, તેણે મરણ સહ્યા પછી તેઓને ઘણાં પ્રમાણોથી પોતાને સજીવન દેખાડયો, એટલે ચાળીસ દિવસ સુધી તે તેઓને દેખાતો ને દેવના રાજ્ય વિષેની વાતો કહેતો રહ્યો; અને તેણે તેઓની સાથે એકઠા મળીને તેઓને આજ્ઞા કીધી કે, યરૂશાલેમથી જતા ના, પણ બાપનું વચન જે તમે મારાથી સાંભળ્યુ છે તેની વાટ જોતા રહેજો, કેમકે યોહાને પાણીથી બાપ્તિસ્મા કીધુ ખરૂં, પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો.

હવે તેઓ એકઠા થયા ત્યારે તેઓએ તેને એમ પુછયું કે, પ્રભુ, તું આ વેળાએ ઇસ્રાએલનુ રાજ્ય ફરી સ્થાપન કરે છે શું? ને તેણે તેઓને કહ્યુ કે, જે કાળ તથા સમય બાપે પોતાના અખત્યારમાં રાખ્યા છે, તે જાણવાનુ તમારૂં કામ નથી. પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો, ને યરૂશાલેમમાં તથા આખા યહુદાહમાં તથા સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો. અને એ વાતો કહી રહ્યા પછી તેઓના દેખતાં તે ઉપર લઈ જવાયો; ને વાદળાએ તેઓની દૃષ્ટિથી તેને ઢાંકી દીધો. અને તે જતો હતો ત્યારે તેઓ આકાશ તરફ એકી નજરે જોઈ રહ્યા હતા. એવામાં જુઓ, ઉજળાં વસ્ત્ર પહેરેલા બે પુરૂષ તેઓની પાસે ઉભા રહ્યા; અને તેઓએ કહ્યુ કે, ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઉભા રહ્યા છો? એજ ઇસુ જે તમારી પાસેથી આકાશમાં લઈ લેવામા આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો, તેમજ પાછો આવશે.

સુવાર્તા. ૫. માર્ક ૧૬; ૧૪.

અગિયાર જમવા બેઠા હતા, ત્યારે ઇસુ તેઓને દેખાયો, ને તેણે તેઓના અવિશ્વાસ તથા હૃદયની કઠણુતાને લીધે તેઓને ઠપકો દીધો; કેમકે તે પાછો ઉઠયા પછી જેઓએ તેને જોયો હતો, તેઓનું તેઓએ માન્યું ન હતું. અને

તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે. અને વિશ્વાસ રાખનારાઓની સંઘાતે આ ચમત્કારો થશે; મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ બોલશે, સર્પોને ઉઠાવી લેશે, ને જો તેઓ કંઈ ઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મુકશે, ને તેઓ સાજા થશે.

ત્યારે પ્રભુ ઇસુ તેઓની સાથે બોલી રહ્યા પછી આકાશમાં લેવાયો, ને દેવને જમણે હાથે બેઠો. અને તેઓએ ત્યાંથી જઈને બધે ઠેકાણે સુવાર્તા પ્રગટ કીધી, અને પ્રભુ તેઓના કામમાં તેઓને સહાય આપતો, ને સંઘાતે થએલા ચમત્કારોથી સુવાર્તાની સત્યતા સાબિત કરતો હતો.

આકાશગમન પછીના રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, ગૌરવના રાજા, તે તારા એકનાએક દીકરા ઇસુ ખ્રીસ્તને વિજયના ભારે માન સાથે તારા આકાશી રાજ્યમાં શ્રેષ્ઠતા આપી; અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમને અનાથ ન રહેવા દે: પણ તારો પવિત્ર આત્મા અમારી પાસે મોકલ કે તે અમને દિલાસો આપે; અને જ્યાં અમારો તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત અમારી આગળ ગયો છે. ને તારી તથા પવિત્ર આત્માની સાથે, એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, ત્યાં અમને આવવા દે. આમેન.

પત્ર. ૧ પીતર ૪; ૭.

બધાંનો અંત પાસે આવ્યો છે, માટે તમે બુદ્ધિવાન થાઓ, ને પ્રાર્થનાને સારૂ સાવચેત રહો. અને વિશેષે કરીને તમે એક બીજા પર આગ્રહથી પ્રીતિ કરો; કેમકે પ્રીતિ ઘણાં પાપને ઢાંકશે. કચકચ કર્યા વિના તમે એક બીજાને પરોણા રાખો. પ્રત્યેકને જે કૃપાદાન મળ્યું તે એક બીજાની સેવામા દેવની અનેક પ્રકારની કૃપાના સારા કારભારીઓની પેઠે વાપરવુ. જો કોઈ બોલે છે, તો તેણે દેવના વચન પ્રમાણે બોલવું; જો કોઈ સેવા કરે છે, તો તેણે જે સામર્થ્ય દેવ તેને આપે છે તે પ્રમાણે તે કરવી, એ માટે કે સઘળામાં ઇસુ ખ્રીસ્તને આસરે દેવ મહિમાવાન થાય; તેને સદા સર્વકાળ મહિમા તથા સત્તા છે. આમેન.

સુવાર્તા. પ. યોહાન ૧૫; ૨૬.

સંબોધક, એટલે સત્યનો આત્મા, જે બાપની પાસેથી નિકળે છે, તેને હું બાપની પાસેથી તમારી પાસે મોકલી દઈશ; તે જ્યારે આવશે, ત્યારે મારા સંબંધી શાહેદી આપશે. અને તમે પણ શાહેદી આપશો, કેમકે તમે આરંભથી મારી જોડે છો.

કોઈ તમને ઠોકર ન ખવડાવે માટે મેં તમને એ વાતો કહી છે. તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મુકશે, હા, એવો સમય આવે છે કે જે કોઈ તમને મારી નાખે તે દેવની સેવા કરે છે, એમ તેને લાગશે. અને તેઓ બાપને તથા મને જાણતા નથી, માટે તેઓ એ કામો કરશે. પણ એ વાતો મેં તમને એ માટે કહી છે કે, જ્યારે તેમનો સમય આવે ત્યારે તમે યાદ કરો કે મે તમને કહ્યુ હતું.

પેન્તેકોસ્ટ, એટલે પવિત્ર આત્માના ઉતરવાનો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તે પેન્તેકોસ્ટને દહાડે તારા વિશ્વાસુ લોકો પર તારા પવિત્ર આત્માની જોત મોકલીને, તેમના મનને શિક્ષણ આપ્યુ. એવુ કર કે, અમે તેજ આત્મા વડે, બધી વાતોમાં સારી સમજણ રાખીએ, અને તેના પવિત્ર દિલાસા વડે સર્વદા આનંદ કરતાં રહીએ, અમારા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત, કે જે તારી સાથે, તેજ પવિત્ર આત્માની એકયતાએ, એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુણ્યના પ્રતાપે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃ. ૨; ૧.

પચાસમાનો દિવસ આવ્યો, ત્યારે તેઓ સર્વ એક જગ્યામાં એકઠા થયલા હતા. ત્યારે એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો આકાશથી અવાજ આવ્યો, ને તેઓ બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યુ. અને અગ્નિના જેવી જૂદી પડતી જીભો તેઓને દેખાઈ, ને તેઓમાંના પ્રત્યેક ઉપર બેઠી. અને તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, ને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા.

હવે આકાશની તળેના પ્રત્યેક દેશમાંથી ધાર્મિક યહુદી માણસો યરૂશાલેમમાં રહેતા હતા. અને તે અવાજ સંભળાયો ત્યારે ઘણા લોકો એકઠા થયા, ને તેઓ દંગ થઈ ગયા, કેમકે તેઓમાંના પ્રત્યેકે પોતપોતાની ભાષામાં તેઓને બોલતા સાંભળ્યા. અને તેઓ સઘળા વિસ્મિત થયા, ને અચરત થઇને એક બીજાને કહેવા લાગ્યા કે, જુઓ, આ સઘળા બોલનારા ગાલીલના નથી શુ? તો આપણે પ્રત્યેક પોતપોતાની જન્મ ભાષામાં તેઓને બોલતાં કેમ સાંભળીએ છીએ? પારથીઓ તથા માદીઓ તથા એલામીઓ ને મેસોપટામ્યાના તથા યહુદાહના તથા કાપાદોકિયાના, પંતસના તથા આશિયાના, ફ્રુગિયાના તથા પાફુલ્યાના, મિસરના તથા કુરેની પાસેના લીબયાના પ્રાંતોમાંના રહેવાસીઓ તથા રૂમી પ્રવાસીઓ, યહુદીઓ તથા થએલા યહુદીઓ પણ, ક્રેતીઓ તથા અરબો, તેઓને આપણી ભાષા-

ઓમાં દેવનાં મોટાં કામો વિષે બોલતાં સાંભળીએ છીએ.

સુવાર્તા. ૫. યોહાન ૧૪. ૧૫.

ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, જો તમે મારા પર પ્રેમ કરો છો તો મારી આજ્ઞાઓ પાળશો. અને હુ બાપની વિનંતી કરીશ, ને તે તમને બીજો સબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે, એટલે સત્યનો આત્મા, જેને જગત પામી નથી શકતું; કેમકે તેને તે દેખતું નથી, ને તેને જાણતું નથી: પણ તમે તેને જાણો છો; કેમકે તે તમારી સાથે રહે છે, ને તમારામાં વસશે. હુ તમને અનાથ નહિ મુકીશ. હુ તમારી પાસે આવીશ. થોડી વાર પછી જગત મને ફરીથી નહિ જોશે, પણ તમે મને જોશો; હું જીવું છું, માટે તમે પણ જીવશો. તે દહાડે તમે જાણશો કે, હુ મારા બાપમાં છું, ને તમે મારામાં છો, ને હું તમારામાં છું. જેની પાસે મારી આજ્ઞાઓ છે, ને જે તેઓને પાળે છે, તેજ મારા પર પ્રેમ કરે છે; ને જે મારા પર પ્રેમ કરે છે તેના પર મારો બાપ પ્રેમ કરશે, ને હું તેના પર પ્રેમ કરીશ, ને તેની આગળ હું પોતાને પ્રગટ કરીશ. યહુદા, જે ઇસકારીઓત ન હતો, તે તેને કહે છે કે, પ્રભુ, તું પોતાને અમારી આગળ પ્રગટ કરશે ને જગતની આગળ નહિ, એનું શું કારણ છે? ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યુ, જો કોઈ મારા પર પ્રેમ કરતો હશે તો તે મારી વાતો પાળશે; ને મારો બાપ તેના પર પ્રેમ કરશે, ને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું. જે મારા પર પ્રેમ નથી કરતો તે મારી વાતો નથી પાળતો; ને જે વાત તમે સાંભળો છો તે મારી નથી, પણ બાપ જેણે મને મોકલ્યો છે તેની છે.

હજી હુ તમારી સાથે રહું છું એટલામાં મેં તમને એ વાતો કહી છે. પણ સંબોધક, એટલે પવિત્ર આત્મા, જેને બાપ મારે નામે મોકલી દેશે, તે તમને બધુ શિખવશે, ને મે જે સર્વ તમને કહ્યુ તે બધુ તમારા સ્મરણમાં લાવશે. હુ તમને શાંતિ આપી જાઉ છુ, મારી શાંતિ હુ તમને આપુ છુ. જેમ જગત આપે છે તેમ હુ તમને આપતો નથી. તમારા મનને ગભરાવા ન દો, ને બીવા પણ ન દો. મે જે તમને કહ્યુ તે તમે સાંભળ્યુ છે કે, હુ જાઉ છું, ને તમારી પાસે પાછો આવુ છુ. જો તમે મારા પર પ્રેમ કરત, તો હુ બાપની પાસે જાઉ છુ, એથી તમે હરખાત, કેમકે મારા કરતાં બાપ મોટો છે. અને જ્યારે એ થાય ત્યારે તમે વિશ્વાસ કરો માટે તે થયા અગાઉ મેં હમણાંથી તમને કહ્યુ છે. હવેથી તમારી જોડે હુ ઘણી વાતો નહિ કરીશ, કેમકે આ જગતનો અધિકારી આવે છે, ને મારામાં તેનું કંઈ નથી; પણ એ માટે કે જગત જાણે કે હું બાપ પર પ્રેમ કરૂ છુ, ને બાપે મને આજ્ઞા કીધી છે, તેમ હુ કરૂં છું.

સારપ્રાર્થના.

હે દેવ, તે પેન્તેકોસ્ટને દહાડે તારા વિશ્વાસુ લોકો પર તારા પવિત્ર આત્માની જોત મોકલીને, તેમનાં મનને શિક્ષણ આપ્યું, એવુ કર કે, અમે તેજ આત્મા વડે, બધી વાતોમાં સારી સમજણ રાખીએ, અને તેના પવિત્ર દિલાસા વડે સર્વદા આનંદ કરતાં રહીએ, અમારા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત, કે જે તારી સાથે. તેજ પવિત્ર આત્માની ઐકયતાએ, એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુણ્યના પ્રતાપે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃ. ૧૦ : ૩૪.

ત્યારે પીતરે મ્હો ઉઘાડીને કહ્યુ કે, મને ખાતરી થઈ છે કે દેવ પક્ષપાતી નથી. પણ હરેક દેશમાં જે કોઈ તેની બીક રાખે છે, ને ન્યાયીપણુ કરે છે, તે તેને માન્ય છે. ઇસુ ખ્રીસ્ત (જે સર્વનો પ્રભુ છે) તેની મારફતે શાંતિની સુવાર્તા પ્રગટ કરતાં દેવે ઇસ્રાએલ-પુત્રોની પાસે જે વાત મોકલી, એટલે જે વાત યોહાને બાપ્તિસ્મા પ્રગટ કીધા પછી ગાલીલથી માંડીને આખા યહુદાહમાં જાહેર કરવામાં આવી તે તમે પોતે જાણો છો, એટલે નાઝરેથના ઇસુની વાત કે જેને દેવે પવિત્ર આત્માથી તથા સામર્થ્યથી અભિષિક્ત કીધો; તે ભલુ કરતો તથા શેતાનથી જે પીડાતા હતા તેઓ સઘળાને સાજા કરતો ફર્યો; કેમકે દેવ તેની સાથે હતો. અને તેણે યહુદીઓના પ્રાંતમાં તથા યરૂશાલેમમાં જે કામો કીધાં તે સર્વના અમે સાક્ષી છીએ, તેને વળી તેઓએ લાકડા પર ટાંગીને મારી નાખ્યો. તેને દેવે ત્રીજે દિવસે ઉઠાડયો, ને સર્વ લોકોની આગળ નહિ, પણ અગાઉથી દેવના પસદ કીધેલા સાક્ષીઓ, જેઓએ તેના મુએલાંમાંથી ઉઠયા પછી તેની સાથે ખાધુ પીધુ તેઓની આગળ, એટલે અમારી આગળ, તેને પ્રગટ કીધો, અને તેણે અમને આજ્ઞા કીધી કે લોકોને ઉપદેશ કરો, ને સાક્ષી આપો કે દેવે એનેજ જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાયાધીશ ઠરાવેલો છે. તેના વિષે સઘળા ભવિષ્યવાદીઓ સાક્ષી આપે છે કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે છે, તે તેના નામથી પાપની માફી પામશે.

પીતર એ વાતો કહેતો હતો એટલામાં જે લોકો વાત સાંભળતા હતા તે સર્વ ઉપર પવિત્ર આત્મા ઉતર્યો. ત્યારે વિદેશીઓ પર પણ પવિત્ર આત્માનુ દાન રેડાયુ છે એ જોઇને સુન્નતીઓમાંના જે વિશ્વાસીઓ પીતરની સાથે આવ્યા હતા તે સર્વ વિસ્મય પામ્યા; કેમકે તેઓને અન્ય ભાષાઓમાં બોલતા, તથા દેવની સ્તુતિ કરતા તેઓએ સાંભળ્યા. ત્યારે પીતરે ઉત્તર આપ્યો કે, આપણી પેઠે તેઓ પણ પવિત્ર

આત્મા પામ્યા છે, તો તેઓનું બાપ્તિસ્મા અટકાવવાને પાણીની મના કોણ કરી શકે? અને ઇસુ ખ્રીસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની તેણે આજ્ઞા કીધી, પછી કેટલાએક દિવસ ત્યાં રહેવાની તેઓએ તેને વિનંતી કીધી.

સુવાર્તા. પ. યોહાન ૩; ૧૬.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનત જીવન પામે. કેમકે જગતનો ન્યાય કરવા સારૂ દેવે પોતાના દીકરાને જગતમાં નથી મોકલ્યો, પણ એ માટે કે તેનાથી જગતનુ તારણ થાય. તેના પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી; પણ જે વિશ્વાસ નથી કરતો, તે અપરાધી ઠરી ચૂકયો છે; કેમકે દેવના એકાકીજનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કીધો નથી. અને અપરાધી ઠરાવવાનુ કારણ એ છે કે, જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળાના કરતાં અંધારૂ ચાહ્યુ, કેમકે તેઓનાં કામ ભુંડાં હતાં. કેમકે જે કોઈ ભુંડું કરે છે તે અજવાળાનો દ્વેપ કરે છે, ને પોતાના કામ ન વખોડાય માટે અજવાળા પાસે આવતો નથી. પણ જે સત્ય કરે છે તે પોતાનાં કામ દેવથી કરાયા છે એ પ્રગટ થાય માટે અજવાળા પાસે આવે છે.

પવિત્ર આત્માના ઉતરવાના અઠવાડીઆનો મંગળવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તે પેન્તેકોસ્ટને દહાડે તારા વિશ્વાસુ લોકો પર તારા પવિત્ર આત્માની જોત મોકલીને, તેમનાં મનને શિક્ષણ આપ્યુ, એવુ કર કે, અમે તેજ આત્મા વડે, બધી વાતોમાં સારી સમજણ રાખીએ, અને તેના પવિત્ર દિલાસા વડે સર્વદા આનંદ કરતાં રહીએ, અમારા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત, કે જે તારી સાથે, તેજ પવિત્ર આત્માની ઐકયતાએ, એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુણ્યના પ્રતાપે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૮; ૧૪.

હવે સમરૂનીઓએ દેવની વાત અગીકારી છે એવુ યરૂશાલેમમાંના પ્રેરિતોએ સાંભળ્યુ, ત્યારે તેઓએ પીતરને તથા યોહાનને તેઓની પાસે મોકલ્યા. અને તેઓએ ત્યાં પહોચ્યા પછી તેઓને સારૂ પ્રાર્થના કરી કે તેઓ પવિત્ર આત્મા પામે, કેમકે તેઓમાંના કોઈ પર ત્યાં લગી તે ઉતર્યો ન હતો; પણ તેઓ પ્રભુ ઇસુને નામે માત્ર બાપ્તિસ્મા પામ્યા હતા. પછી તેઓએ તેઓ પર હાથ મુકયા, ને તેઓ પવિત્ર આત્મા પામ્યા.

સુવાર્તા. પ. યોહાન ૧૦; ૧.

હુ તમને ખચિત ખચિત કહું છું કે, બારણેથી ઘેટાંના વાડામાં જે નથી પેસતો, પણ બીજે કોઈ રસ્તેથી ચઢે છે,

તેજ ચોર તથા લુટારો છે. પણ બારણેથી જે પેસે છે, તે ઘેટાંપાળક છે. દરવાન તેને સારૂ ઉઘાડે છે, ને ઘેટાં તેનો સાદ સાંભળે છે, ને તે પોતાનાં ઘેટાંને નામ લઇને બોલાવે છે, ને તેઓને બહાર દોરી જાય છે. જ્યારે તે પોતાનાં સર્વ ઘેટાંને બહાર કાઢે છે, ત્યારે તે તેઓની આગળ ચાલે છે, ને ઘેટાં તેની પાછળ ચાલે છે, કેમકે તેઓ તેનો સાદ ઓળખે છે. પણ તેઓ પારકાની પાછળ નહિ ચાલશે, પણ તેની પાસેથી નાસી જશે, કેમકે પારકાઓનો સાદ તેઓ ઓળખતાં નથી. ઇસુએ તેઓને એ દૃષ્ટાંત કહ્યુ, પણ જે વાતો તેણે તેઓને કહી તે શી છે તે તેઓ સમજ્યા નહિ.

ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યુ કે, હુ તમને ખચિત ખચિત કહુ છુ કે, ઘેટાંનુ બારણુ હુ છુ. જેટલા મારાથી આગળ આવ્યા, તેઓ સઘળા ચોર તથા લુટારા છે, પણ ઘેટાંએ તેઓનું સાંભળ્યું નહિ. હુ બારણુ છુ, મારાથી જો કોઈ પેસે, તો તે ઉદ્ધાર પામશે, ને માંહે આવશે ને બહાર જશે, ને ચારો પામશે. ચોરી કરવા તથા મારી નાખવા તથા નાશ કરવા વગર બીજી મતલબથી ચોર આવતો નથી. તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હુ આવ્યો છુ.

ત્રયના રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તે અમ તારા સેવકો પર એવી કૃપા કીધી છે, કે ખરા વિશ્વાસનો અંગીકાર કરવાથી અમે સનાતન ત્રયનો ગૌરવ માનીએ, અને દિવ્ય પ્રતાપના સામર્થ્યમાં એકજ દેવની સેવા કરીએ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું અમને એ વિશ્વાસમાં સ્થિર કરીને બધી વિપત્તિઓથી અમારૂ રક્ષણ કર, કેમકે તું એકલોજ દેવ છે, જે યુગોયુગ જીવે છે તથા રાજ કરે છે. આમેન.

પત્રને બદલે. પ્રકટીકરણ ૪; ૧.

એ પછી મે જોયું, ને જુઓ, આકાશમાં એક દ્વાર ઉઘડયું, ને જે પહેલી વાણી મે સાંભળી તે મારી સાથે બોલનારા રણશિગડાના અવાજના જેવી હતી, જેણે કહ્યુ કે, અહી ઉપર આવ, ને હવે પછી જે જે થવાનું છે તે હુ તને દેખાડીશ. એકાએક હુ આત્મામાં હતો, ને જુઓ, આકાશમાં એક રાજ્યાસન મુકાયુ, ને રાજ્યાસન પર બેઠલો એક હતો, ને જે બેઠો હતો તે જોવામાં યાસપિસ પાષાણુ તથા લાલ સરખો હતો, ને રાજ્યાસનની આસપાસ મેઘધનુષ્ય જોવામાં લીલમ સરખું હતું. અને રાજ્યાસનની આસપાસ ચોવીસ આસનો હતાં, ને તે આસનો પર ચોવીસ વડીલો બેઠલા મે દીઠા, જેઓએ ઉજળાં વસ્ત્ર પહેરેલાં હતાં, ને જેઓનાં માથાંઓ

પર સોનાના મુગટ હતા. અને રાજ્યાસનમાંથી વીજળીઓ તથા વાણીઓ તથા ગર્જનાઓ નિકળતાં હતાં; ને રાજ્યાસનની આગળ અગ્નિના સાત દીવા બળતા હતા, તે દેવના સાત આત્મા છે. અને રાજ્યાસનની આગળ સ્ફટીકના જેવો ચળકતો સમુદ્ર હતો, ને રાજ્યાસનની મધ્યે તથા રાજ્યાસનની આસપાસ આગળ પાછળ આંખે ભરેલા એવા ચાર પ્રાણી હતા. અને પહેલો પ્રાણી સિંહના જેવો, ને બીજો પ્રાણી વાછરડાના જેવો હતો, ને ત્રીજા પ્રાણીને માણુસના સરખું મ્હો હતું, ને ચોથો પ્રાણી ઉડતા ગરૂડના સરખો હતો. અને તે ચાર પ્રાણીમાંના દરેકને છ છ પાંખ હતી, ને આસપાસ તથા માંહેથી આંખે ભરેલા હતા, ને પવિત્ર પવિત્ર પવિત્ર પ્રભુ દેવ, સર્વસમર્થ, જે હતો, ને છે, ને આવવાનો છે, એમ કહેતાં તેઓ રાત દહાડો વિસામો લેતા નથી. અને રાજ્યાસન પર જે બેઠેલો, જે સદા સર્વકાળ સુધી જીવતો છે, તેનાં જ્યારે તે પ્રાણીઓ મહિમા તથા માન તથા સ્તુતિ કરશે, ત્યારે રાજ્યાસન પર બેઠેલાની આગળ ચોવીસ વડીલો પડશે, ને જે સદા સર્વકાળ સુધી જીવતો છે તેને ભજશે, ને પોતાના મુગટ રાજ્યાસન આગળ નાખીને કહેશે કે, ઓ અમારા પ્રભુ તથા દેવ, મહિમા તથા માન તથા પરાક્રમ પામવાને તું લાયક છે, કેમકે તેં સર્વ ઉત્પન્ન કીધાં, ને તારી ઇચ્છાના કારણથી તેઓ હતાં, ને ઉત્પન્ન થયાં.

સુવાર્તા. ૫. યોહાન ૩; ૧.

નીકોદેમસ નામે ફરોશીઓમાંનો એક જણ હતો, કે જે યહુદીઓનો અધિકારી હતો. તેણે રાત્રે ઇસુની પાસે આવીને તેને કહ્યુ કે, રાબી, અમે જાણીએ છીએ કે તું દેવની પાસેથી આવેલો ઉપદેશક છે, કેમકે જો કોઈ માણુસની સાથે દેવ ન હોય તો જે ચમત્કારો તું કરે છે તે તે કરી નહિ શકે. ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, હું તને ખચિત ખચિત કહું છું, જો કોઈ માણુસ નવો જન્મ પામ્યુ ન હોય તો તે દેવનું રાજ્ય જોઈ શકતુ નથી. નીકોદેમસ તેને કહે છે કે, માણુસ ઘરડો થઇને જન્મ કેમ પામી શકે? તે શુ બીજી વાર પોતાની માના પેટમાં પેસીને જન્મ લઈ શકે છે? ઇસુએ ઉત્તર આપ્યો કે, હું તને ખચિત ખચિત કહુ છુ કે, જો કોઈ માણુસ પાણીથી તથા આત્માથી જન્મ્યુ ન હોય, તો દેવના રાજ્યમાં તે જઈ શકતું નથી. જે દેહથી જન્મેલું તે દેહ છે, ને જે આત્માથી જન્મેલુ તે આત્મા છે. મેં તને કહ્યુ કે, તમારે નવો જન્મ પામવો જોઇએ, એથી અચરત ન થા. વા જ્યાં ચાહે છે ત્યાં વાય છે, ને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે કયાંથી આવે છે, ને કયાં જાય છે, એ તું નથી જાણતો; હરેક જે આત્માથી જન્મેલું છે તે તેવુંજ છે. નીકોદેમસે ઉત્તર દેતાં તેને કહ્યુ કે, એ વાતો કેમ બની શકે? ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, તું ઇસ્રાએલનો ઉપદેશક થઇને શું એ વાતો

નથી જાણતો? હું તને ખચિત ખચિત કહું છું કે, અમે જે જાણીએ છીએ તે કહીએ છીએ, ને જે દીઠું છે તેની શાહેદી પૂરીએ છીએ, પણ તમે અમારી શાહેદી માનતા નથી. જો મેં તમને પૃથ્વી પરની વાતો કહી, ને તમે વિશ્વાસ કરતા નથી, તો હું તમને આકાશમાંની વાતો કહુ તો તમે કેમ વિશ્વાસ કરશો? ને આકાશમાંથી ઉતરેલો માણસનો દીકરો જે આકાશમાં છે તે વિના આકાશમાં કોઈ નથી ચઢ્યું. અને જેમ મુસાએ રાનમાં સર્પને ઉચો કીધો, તેમ માણસના દીકરાને ઉચો કરાવાની જરૂર છે, એ માટે કે જે કોઈ વિશ્વાસ કરે તે તેનામાં અનંત જીવન પામે.

ત્રય પછી પહેલો રવિવાર.

સારપ્રાર્થના

હે દેવ, જેઓ તારા ઉપર ભરોસો રાખે છે, તે બધાંનું બળ તુંજ છે; દયા કરીને અમારી પ્રાર્થનાઓને માન્ય કર, અને અમારા દેહની નબળાઇને કારણે, અમે તારા વિના કોઈ સારૂ કામ નથી કરી શકતા, માટે તારી કૃપાની સહાયતા અમને આપ, કે અમે તારી આજ્ઞાઓને એવી રીતે પાળીએ કે અમારા વિચારો તથા કૃત્યો તને પ્રસન્ન થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ યોહાન ૪; ૭.

ઓ વહાલાઓ, આપણે એક બીજા પર પ્રીતિ રાખીએ, કાંજે પ્રીતિ દેવથી છે, ને હરેક જે પ્રીતિ કરે છે તે દેવથી જન્મેલો છે, ને દેવને ઓળખે છે. જે પ્રીતિ કરતો નથી, તે દેવને ઓળખતો નથી; કાંજે દેવ પ્રીતિ છે. એથી આપણા પરની દેવની પ્રીતિ પ્રગટ થઈ, કે દેવે પોતાના એકાકીજનિત પુત્રને જગતમાં એ માટે મોકલ્યો, કે તેનાથી આપણે જીવીએ. એમાં પ્રીતિ છે, કે આપણે દેવ પર પ્રેમ કીધો એમ તો નહિ, પણ એમાં કે તેણે આપણા પર પ્રેમ કીધો ને પોતાના પુત્રને આપણાં પાપનું પ્રાયશ્ચિત્ત થવા મોકલ્યો. વહાલાઓ, જો દેવે આપણા પર એવો પ્રેમ કીધો, તો આપણે પણ એક બીજા પર પ્રેમ રાખવો જોઇએ. કોઇએ દેવને કદી દીઠો નથી, જો આપણે એક બીજા પર પ્રેમ કરીએ તો દેવ આપણામાં રહે છે, ને તેનો પ્રેમ આપણામાં સંપૂર્ણ થએલો છે. આપણે તેનામાં રહીએ છીએ, ને તે આપણામાં, એ આપણે એથી જાણીએ છીએ કે તેણે પોતાના પવિત્ર આત્માનું દાન આપણને આપ્યુ છે. અને અમે જોયું છે ને સાક્ષી પૂરીએ છીએ, કે બાપે પુત્રને જગતનો તારનાર થવા મોકલ્યો છે. જે કોઈ કબૂલ કરે છે કે ઇસુ દેવનો પુત્ર છે, દેવ તેનામાં તથા તે દેવમાં રહે છે.

અને દેવની જે પ્રીતિ આપણા પર છે તે આપણે જાણીએ છીએ, ને તે પર વિશ્વાસ કર્યો છે. દેવ પ્રીતિ છે, ને જે પ્રીતિમાં રહે છે તે દેવમાં ને દેવ તેનામાં રહે છે. એથી આપણામાં પ્રીતિ સંપૂર્ણ થઈ છે, કે ન્યાયકાળે આપણને નિર્ભયતા થાય, કાંજે જેવો તે છે, તેવા આપણે આ જગતમા છીએ. પ્રીતિમાં ભય નથી, પણ પૂરી પ્રીતિ ભયને કાઢી નાખે છે, કેમકે ભયથી સજા છે. જે ભયભીત છે તે પ્રીતિમાં પૂરો થએલો નથી. આપણે પ્રીતિ કરીએ છીએ, કેમકે પહેલાં તેણે આપણા પર પ્રીતિ કરી. જો કોઈ કહે કે, હુ દેવ પર પ્રીતિ કરૂ છુ, પણ પોતાના ભાઈ પર દ્વેષ કરે છે, તો તે જુઠો છે, કાંજે પોતાના ભાઈને તેણે દીઠો છે તે પર જો પ્રીતિ કરતો નથી, તો દેવ જેને તેણે દીઠા નથી તે પર તે પ્રીતિ કરી શકતો નથી. અને એ આજ્ઞા તેનાથી આપણને છે કે જે દેવ પર પ્રીતિ કરે છે, તેણે પોતાના ભાઈ ઉપર પણ પ્રીતિ કરવી.

સુવાર્તા. પ. લુક ૧૬; ૧૯.

હવે એક શ્રીમત માણુસ હતો, ને તે કિરમજી તથા ઝીણાં વસ્ત્ર પહેરતો હતો, ને નિત્ય દબદબાસહિત મોજમઝા મારતો હતો. અને લાજરસ નામે એક ભિખારી જેને આખે શરીરે ફોલ્લા હતા, તે તેના દરવાજા આગળ પડેલો હતો. અને શ્રીમંતની મેજ પરથી પડેલા કકડા વડે તે પેટ ભરવા ચહાતો હતો; વળી કુતરા પણ આવીને તેના ફોલ્લા ચાટતા હતા. અને એમ થયું કે તે ભિખારી મરી ગયો, ને દુતો તેને ઇબ્રાહીમની ગોદમાં લઈ ગયા; ને શ્રીમંત પણ મરી ગયો ને દટાયો. અને હાડેસમાં પીડા ભોગવતાં તેણે પોતાની આંખો ઉચી કરીને વેગળેથી ઇબ્રાહીમને તથા તેની ગોદમાં લાજરસને જોયા. અને તેણે ઘાંટો પાડીને કહ્યુ કે, ઇબ્રાહીમ બાપ, મારા પર દયા કરીને લાજરસને મોકલ, કે તે પોતાની આંગળીનુ ટેરવુ પાણીમાં બોળીને મારી જીભને ઠંડી કરે, કેમકે આ બળતામાં હુ વેદના પામુ છુ. પણ ઇબ્રાહીમે કહ્યુ, દીકરા, સભાર કે તારા જીવનમાં તુ તારાં સારા વાનાં પામ્યો, ને એમજ લાજરસ ભુંડા વાનાં પામ્યો; પણ હમણા અહી તે દિલાસો પામે છે, ને તુ વેદના પામે છે. અને એ સર્વ ઉપરાંત અમારી તથા તમારી વચમાં મોટી ખાઈ આવેલી છે, એ માટે કે જેઓ અહીથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, ને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર આવે નહિ. અને તેણે કહ્યુ કે, બાપ, એ માટે હું તને વિનતી કરૂ છું કે, તેને મારા બાપને ઘેર મોકલ, કેમકે મારે પાંચ ભાઈઓ છે, કે તે તેઓને શાહેદી આપે, રખે તેઓ પણ આ પીડાને ઠેકાણે આવે. પણ ઇબ્રાહીમ કહે છે કે, તેઓની પાસે મુસા તથા ભવિષ્યવાદીઓ છે; તેઓનું તેઓ સાંભળે. અને તેણે કહ્યુ કે, ઇબ્રાહીમ બાપ, એમ નહિ, પણ જો

કોઈ મુએલાંમાંથી તેઓની પાસે જાય, તો તેઓ પસ્તાવો કરે. અને તેણે તેને કહ્યું કે, જો મુસા તથા ભવિષ્યવાદીઓનું તેઓ નહિ સાંભળે, તો જો કે કોઈ મુએલાંઓમાંથી ઉઠે, તોપણ તેઓ માનશે નહિ.

ત્રય પછી બીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, જેમનું પાલણ તું પોતાના સ્થિર ભય તથા પ્રેમમાં કરે છે, તેમની સહાય તથા આગેવાની કરવાને તું કદી નથી ચુકતો; અમે વિનંતી કરીએ છીએ કે, અમને તારા સુપ્રબંધના રક્ષણમાં રાખીને એવું કર કે, તારા પવિત્ર નામનું ભય અને પ્રેમ અમે નિરંતર રાખીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ યોહાન ૩; ૧૩.

ભાઈઓ, જો જગત તમારો દ્વેષ કરે તો તમે અચરત ન થાઓ. આપણે ભાઈઓ પર પ્રીતિ રાખીએ છીએ એથી આપણે જાણીએ છીએ કે મરણમાંથી નિકળીને જીવનમાં આવ્યા છીએ; જે પ્રેમ રાખતો નથી તે મરણમાં રહે છે. હરેક જે પોતાના ભાઈ પર દ્વેપ રાખે છે તે મનુષ્યઘાતક છે. અને તમે જાણો છો કે કોઈ મનુષ્યઘાતકમાં અનંત જીવન રહેતું નથી. એથી આપણે પ્રેમને જાણ્યો છે, કાંજે તેણે પોતાનો પ્રાણ આપણી વતી આપ્યો; એમજ આપણે ભાઈઓને સારૂ આપણા પ્રાણો આપવા જોઈએ. પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય, ને પોતાના ભાઈને ગરજ છે એવુ જોઇને તે પર પોતાની દયા બંધ કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી તરેહ રહે છે? છોકરાં, આપણે શબ્દથી નહિ, ને જીભથી નહિ, પણ કૃત્યમાં તથા સત્યમાં પ્રીતિ કરીએ. એથી આપણે જાણીશું કે આપણે સત્યના છીએ, ને જે કંઈ વિષે આપણું અંત કરણ આપણને દોષિત ઠરાવે છે, તે વિષે તેની આગળ આપણા અંતઃકરણને શાંત કરીશું, કેમકે આપણા અંતઃકરણ કરતાં દેવ મોટો છે, ને સઘળું જાણે છે. વહાલાઓ, જો આપણું અંત·કરણ આપણને દોષિત ઠરાવતું નથી, તો દેવની ગમ આપણને નિર્ભયતા છે. અને જે કંઈ આપણે માગીએ છીએ, તે તેનાથી પામીએ છીએ, કેમકે તેની આજ્ઞા આપણે પાળીએ છીએ, ને તેની નજરે જે પસંદ પડે છે તે કરીએ છીએ. અને તેની આજ્ઞા એ છે કે તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના નામ પર આપણે વિશ્વાસ રાખીએ, ને જેમ તેણે આપણને આજ્ઞા આપી, તેમ એક બીજા પર પ્રીતિ કરીએ. અને જે તેની આજ્ઞા પાળે છે, તેનામાં તે રહે છે, ને એ તેનામાં; ને જે આત્મા એણે આપણને આપ્યો છે તેથી જાણીએ છીએ કે એ આપણામાં રહે છે.

સુવાર્તા. પ. લુક ૧૪; ૧૬.

કોઈ એક માણસે મોટુ રાતનું ખાણુ કીધુ ને ઘણાને નોતર્યા. અને વાળુ વખતે તેણે પોતાના દાસને નોતરેલાઓને એમ કહેવા મોકલ્યો, કે આવો, કેમકે હમણાં બધુ તૈયાર થયું છે. અને સર્વ એકે મતે બાનું કાઢવા લાગ્યા. પહેલાએ તેને કહ્યુ કે, મે ખેતર વેચાતું લીધુ છે, મારે જઇને તે જોવાની અગત્ય છે; હું તને વિનંતી કરૂ છુ કે મને માફ કર. અને બીજાએ કહ્યુ કે, મેં પાંચ જોડ બળદ વેચાતા લીધા છે, ને તેઓને પારખવા જાઉં છું, હુ તને વિનતી કરૂ છુ કે મને માફ કર. અને બીજાએ કહ્યુ કે, હું બાયડી પરણ્યો છુ, માટે મારાથી અવાશે નહિ. પછી તે દાસે આવીને પોતાના ધણીને એ વાતો કહી; ત્યારે ઘરધણીએ ગુસ્સે થઇને પોતાના દાસને કહ્યુ કે, શહેરના રસ્તાઓમાં તથા ગલીઓમાં જલદી જઇને દરિદ્રીઓને તથા ઠુંડાઓને તથા આંધળાઓને તથા લગડાઓને અહી તેડી લાવ. અને તે દાસે કહ્યુ કે, સાહેબ, તારા હુકમ પ્રમાણે કરવામાં આવ્યું છે, ને હજી પણ જગ્યા છે. અને ધણીએ દાસને કહ્યુ કે, સડકે તથા પગથીએ જઇને તેઓને આગ્રહ કરીને તેડી લાવ, કે મારૂ ઘર ભરાઈ જાય. કેમકે હુ તમને કહુ છુ કે, પેલા માણસો જે નોતરાએલા હતા તેઓમાંનો કોઈ મારૂ વાળું ચાખશે નહિ

ત્રય પછી ત્રીજો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, દયા કરીને અમારૂ સાંભળ, કે જેઓને હોંસથી પ્રાર્થના કરવાની ઇચ્છા તેં આપી છે, તેઓ બધાં દુઃખ સંકટમાં તારા મહાબળની સહાય વડે જળવાઈ રહીને દિલાસો પામે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એવું તું કર. આમેન.

પત્ર. ૧ પીતર ૫; ૫.

તમે સઘળા એક બીજાને આધીન થઇને નમ્રતા પહેરેલા થાઓ, કેમકે દેવ ગર્વિષ્ઠોની વિરૂદ્ધ થાય છે, પણ નમ્રને કૃપા આપે છે. એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો કે તે તમને યોગ્ય પ્રસગે ઉચા કરે. તમારી સર્વ ચિતા તેના પર નાખો, કેમકે તે તમારી સભાળ કરે છે. સાવચેત થાઓ, જાગતા રહો, કેમકે તમારો વૈરી શેતાન ગાજનાર સિહની પેઠે કોઇને ગળી જાય એમ શોધતો ફર્યા કરે છે. તમે વિશ્વાસમાં સ્થિર થઇને તેની સામા થાઓ, કેમકે તમે જાણો છો કે, જગતમાંના તમારા ભાઇઓ પર તે ને તેજ દુઃખ પૂર્ણ કરવામાં આવે છે. પણ સર્વ કૃપાનો દેવ જેણે ખ્રીસ્ત ઇસુમાં

આપણને પોતાના સર્વકાળના મહિમાને સારૂ બોલાવ્યા છે, તે પોતે, તમે થોડી વાર સહ્યા પછી, તમને પૂર્ણ, સ્થિર, બળવંત, સ્થાપિત કરશે. તેને સત્તા સદા સર્વકાળ હોજો. આમેન.

સુવાર્તા. ૫. લુક ૧૫, ૧.

હવે તેનું સાંભળવા સારૂ સઘળા દાણીઓ તથા પાપીઓ તેની પાસે આવના હતા. અને ફરોશીઓએ તથા શાસ્ત્રીઓએ બન્નેએ કચકચ કરીને કહ્યુ કે, આ માણસ પાપીઓનો અંગીકાર કરે છે, ને તેઓની સાથે ખાય છે.

અને તેણે તેઓને આ દૃષ્ટાંત કહ્યુ કે, તમારામાં એવુ કયું માણસ હોય કે, જો તેને સો ઘેટાં હોય, ને તેઓમાંનું એક ખોવાયુ હોય, તો તે પેલાં નવ્વાણુ રાનમાં મુકીને ખોવાએલુ જડે ત્યાં લગી તેની શોધમાં નહિ જાય? ને તે તેને જડે છે ત્યારે તે હર્ખ કરીને પોતાની ખાંધ પર ચઢાવે છે. અને ઘેર આવીને પોતાના મિત્રોને તથા પડોશીઓને બોલાવે છે, ને તેઓને કહે છે કે, મારી સાથે હર્ખ કરો, કેમકે મારૂં ઘેટું જે ખોવાયુ હતું તે મને જડયુ છે. હુ તમને કહુ છું કે, તેમજ નવ્વાણું ન્યાયીઓ કે જેઓને પસ્તાવાની અગત્ય નથી, તેઓ કરતાં એક પાપી પસ્તાવો કરે તેને લીધે આકાશમાં હર્ખ થશે.

અથવા કયી બાયડી એવી હોય કે જો તેની પાસે દસ અધેલી હોય, ને તેઓમાંની એક અધેલી ખોવાય, તો તે દીવો કરીને ઘર નહિ વાળે, ને જડે ત્યાં લગી તેની શોધ સારી પેઠે નહિ કરે? ને તે તેને જડે ત્યારે તે પોતાની સખીઓ તથા પડોશણોને બોલાવીને કહે છે કે, મારી સાથે હર્ખ કરો, કેમકે મારી અધેલી જે ખોવાઈ હતી, તે મને જડી છે. હુ તમને કહુ છું કે તેમજ એક પાપી પસ્તાવો કરે, તેને લીધે દેવના દૂતોની સમક્ષ હર્ખ થાય છે.

ત્રય પછી ચોથો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, જેઓ તારા ઉપર ભરોસો રાખે છે, તે બધાંનો સંભાળનાર તું છે. તારા વિના કંઈ સમર્થ નથી અને કંઈ પવિત્ર નથી; તારી દયા અમારા પર ઘણી વધાર અને તું અમારો અધિકારી તથા આગેવાન થા, કે આ વિનાશી વસ્તુઓથી અમે એવી રીતે પાર થઇએ કે છેવટે અવિનાશી વસ્તુઓને ખોઈએ નહિ, હે આકાશમાંના બાપ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એવું તું કર. આમેન.

પત્ર. રૂમી. ૮; ૧૮.

હું એમ ગણું છું કે આ વખતનાં દુઃખો, જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે સરખાવવા જોગ

તથી. કેમકે સૃષ્ટિની આતુર અપેક્ષા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ જોયાં કરે છે. કારણ કે સૃષ્ટિ પોતાની ઇચ્છાથી નહિ, પણ સ્વાધીન કરનારના કરવાથી વ્યર્થપણાને સ્વાધીન થઈ; ને એવી આશાએ સ્વાધીન થઈ કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસપણાથી છુટી થઇને દેવનાં છોકરાંના મહિમાના છુટાપણામાં આવશે. કેમકે આપણે જાણીએ છીએ કે અત્યાર સુધી સઘળી સૃષ્ટિ સામટી નિસાસા નાખીને કષ્ટાય છે. અને એકલી તે નહિ, પણ આપણે જેઓને આત્માનું પ્રથમ ફળ મળ્યું છે, તે આપણે પોતે પણ દત્તકપુત્રપણાની એટલે આપણા શરીરના ઉદ્ધારની વાટ જોતાં, પોતાના મનમાં નિસાસા નાખીએ છીએ.

સુવાર્તા. ૫. લુક ૬; ૩૬.

માટે જેમ તમારો બાપ દયાળુ છે, તેમ તમે દયાળુ થાઓ. અને કોઈનો ઇનસાફ ન કરો, ને તમારો ઇનસાફ નહિ કરાશે. કોઈને દોષિત ન ઠરાવો, ને તમે દોષિત નહિ ઠરાવાશો. છોડો ને તમે છોડાશો; આપો ને તમને અપાશે; સારૂં માપ દાબેલું ને હલાવેલું તથા ઉભરાતું તમારા ખોળામાં તેઓ ઠાલવી દેશે. કેમકે જે માપથી તમે માપી આપો છો, તેથી તમને પાછું માપી અપાશે.

અને તેણે તેઓને એક દૃષ્ટાંત પણ કહ્યુ કે, શુ આંધળો આંધળાને દોરી શકે? શું બેહુ ખાડામાં પડશે નહિ? શિષ્ય પોતાના ગુરૂ કરતાં મોટો નથી, પણ પ્રત્યેક જન સંપૂર્ણ થયા પછી પોતાના ગુરૂ સરખો થશે. અને તું તારી પોતાની આંખમાંનો ભારોટીઓ ધ્યાનમાં લીધા વિના તારા ભાઈની આંખમાંનું તણખલુ કેમ જુએ છે? અથવા તારી પોતાની આંખમાંનો ભારોટીઓ ન જોતાં તું તારા ભાઈને કેમ કહી શકે કે, ભાઈ, તારી આંખમાંથી મને તણખલું કાઢવા દે? ઓ ઢોંગી, તું પહેલાં પોતાની આંખમાંથી ભારોટીઓ કાઢ, ને ત્યાર પછી તારા ભાઈની આંખમાંથી તણખલું કાઢવાને તને સારી પેઠે સૂઝશે.

ત્રય પછી પાંચમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, આ સંસારનો પ્રવાહ તારા અધિકાર વડે એવી સલાહમાં ચલાવ, કે તારી કલીસીઆ પૂર્ણ સુભક્તિના શાંતપણામાં તારી સેવા આનંદથી કર્યા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ પીતર ૩; ૮.

તમે સર્વ એક મનનાં, બીજાના સુખ દુઃખમાં ભાગ લેનારાં, ભાઈઓ પર પ્રીતિ કરનારાં, કરૂણા રાખનારાં તથા

નમ્ર થાઓ. ભુંડાઈને બદલે ભુંડાઈ ને નિંદાને બદલે નિંદા ન વાળો, પણ તેથી ઉલટું આશીર્વાદ દો, કેમકે એને સારૂ તમે તેડાયા એ માટે કે તમે આશીર્વાદના વારસ થાઓ. કેમકે, જે જીવન પર પ્રીતિ રાખવા, ને સારા દિવસને જોવા ચાહે છે, તેણે પોતાની જીભને ભુંડાઈથી, ને પોતાના હોઠોને કપટી વાત બોલવાથી અટકાવવા. તેણે ભુંડાઈથી દૂર જવુ, ને ભલાઈ કરવી, તેણે સલાહ શોધવી, ને તેની પાછળ ચાલ્યા જવુ. કેમકે ન્યાયી પર પ્રભુની નજર છે, ને તેને કાને તેઓની પ્રાર્થનાઓ પડે છે; પણ પ્રભુનુ મ્હો ભુંડું કરનારાઓની વિરૂદ્ધ છે.

અને જે ભલુ તેના અનુસરનારા જો તમે થયા, તો તમારૂ ભુંડું કરનાર કોણ છે? પણ જો તમે ન્યાયીપણાને સારૂ સહો છો, તો તમને ધન્ય છે; માટે તેઓની ધાકથી બિહો મા, ને ગભરાઓ પણ મા. પણ ખ્રીસ્તને પ્રભુ તરીકે પોતાના અંતઃકરણમાં પવિત્ર માનો.

સુવાર્તા. ૫. લુક ૫; ૧.

એમ થયું કે ઘણા લોક તેના પર પડાપડી કરીને દેવની વાત સાંભળતા હતા, ત્યારે તે ગેન્નેસારેતના સરોવરને કાંઠે ઉભો રહ્યો હતો. અને તેણે સરોવરને કાંઠે લાગેલી બે હોડી દીઠી, પણ માછીઓ તેઓ પરથી ઉતરીને જાળો ધોતા હતા. તે હોડીઓમાંની એક સીમોનની હતી, તે પર તે ચઢયો, ને તેને કાંઠાથી થોડે દૂર હંકારવાનું કહ્યુ. અને તેણે બેસીને લોકોને હોડી પરથી બોધ કીધો. અને બોલી રહ્યા પછી તેણે સીમોનને કહ્યુ કે, ઉંડા પાણીમાં હંકારો, ને માછલાં પકડવા સારૂ તમારી જાળો નાખો. અને સીમોને ઉત્તર આપતાં કહ્યું કે, સાહેબ, અમે આખી રાત મહેનત કીધી, પણ કશું પકડયું નહિ, તોપણ તારા કહ્યાથી હુ જાળો નાખીશ. અને એમ કીધા પછી તેઓએ માછલાંનો મોટો જથો ઘેરી લીધો, ને તેઓની જાળ ફાટવા લાગી. અને તેઓના ભાગિયા બીજી હોડીમાં હતા તેઓને તેઓએ ઇસારો કીધો કે, તેઓ આવીને તેઓને સહાય કરે; અને તેઓએ આવીને બન્ને હોડીઓ એવી ભરી કે તેઓ ડુબવા લાગી. અને તે જોઇને સીમોન પીતરે ઇસુના પગ આગળ પડીને કહ્યુ કે, ઓ પ્રભુ, મારી પાસેથી જા, કારણ કે હું પાપી માણસ છું. કેમકે તે તથા તેના સઘળા સાથીઓ માછલાંનો જે જથો પકડયો હતો, તેથી અચરતી પામ્યા. અને ઝબદીના દીકરા, યાકુબ તથા યોહાન, જે સીમોનના ભાગિયા હતા, તેઓને પણ અચબો લાગ્યો. અને ઇસુએ સીમોનને કહ્યુ કે, બી મા, હવેથી તું માણસોનો પકડનાર થશે. અને તેઓની હોડીઓને કાંઠે લાવ્યા પછી તેઓ બધું મુકીને તેની પાછળ ચાલ્યા.

સારપ્રાર્થના.

હે દેવ, જેઓ તારા ઉપર પ્રેમ કરે છે, તેમને માટે તે એવાં ઉત્તમ વાનાં સિદ્ધ કરી રાખ્યાં છે, કે જે માનવબુદ્ધિ કરતાં અધિક છે; અમારા મનમાં તારા વિષે એવો પ્રેમ ભર, કે અમે બધી વસ્તુઓ કરતાં તારા પર વધારે પ્રેમ રાખીને તારાં વચનો જે અમારી બધી ઇચ્છાઓ કરતાં અધિક છે, તે મેળવીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૬, ૩.

શું તમે નથી જાણતા કે, આપણે જેઓ ખ્રીસ્ત ઇસુમાં બાપ્તિસ્મા પામ્યા, તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પામ્યા. તે માટે આપણે બાપ્તિસ્માએ કરીને તેની સાથે મરણમાં દટાયા, કે જેમ ખ્રીસ્ત બાપના મહિમાએ કરીને મુએલાંમાંથી ઉઠાડાયો, તેમજ આપણે પણ નવા જીવનમાં ચાલીએ. કારણ કે જો આપણે તેના મરણનીસમાનતામાં તેની સાથે જોડાયા, તો તેના પુનરૂત્થાનની સમાનતામાં પણ જોડાયલા થઇશું. અને એ જાણીએ છીએ કે આપણું જુનું માણસપણું તેની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાપનું શરીર નિરર્થક થાય; એટલે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં ન રહીએ. કેમકે જે મુઓ છે તે ન્યાયી ઠરીને પાપથી છુટયો છે. હવે જો આપણે ખ્રીસ્તની સાથે મુઆ, તો આપણને વિશ્વાસ છે કે તેની સાથે જીવીશું પણ ખરા. કેમકે આપણે જાણીએ છીએ કે ખ્રીસ્ત મુએલાંમાંથી ઉઠાડાયા પછી ફરી મરતો નથી; હવે પછી મરણનો ફરી તેના પર અધિકાર નથી. કેમકે તે મુઓ, એટલે પાપના સંબંધમાં એકજ વાર મુઓ, પણ તે જીવે છે એટલે દેવના સંબંધમાં જીવે છે. તેમ તમે પોતાને પણ પાપના સંબંધમાં મુએલા, પણ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે દેવના સંબંધમાં જીવતા ગણો.

સુવાર્તા ૫. માત્થી ૫, ૨૦.

ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં જો તમારૂં ન્યાયીપણું વધારે ન હોય, તો આકાશના રાજ્યમાં તમે નહિજ પેસશો. હત્યા ન કર, ને જે કોઈ હત્યા કરે તે અપરાધી ઠરવાના જોખમમાં આવશે, એમ પુરાતન કાળમાં લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે: પણ હું તમને કહું છું કે, જે કોઈ પોતાના ભાઈ પર અમથો ક્રોધ કરે છે, તે અપરાધી ઠરવાના જોખમમાં આવશે; ને જે પોતાના ભાઇને પાજી કહેશે, તે ન્યાયસભાથી અપરાધી ઠરવાના જોખમમાં આવશે; ને જે તેને કહેશે કે તું મૂર્ખ છે, તે અગ્નિની ગેહેનાના જોખમમાં આવશે; એ માટે જો તું તારૂં અર્પણ વેદી પાસે લાવે, ને ત્યાં તને યાદ

આવે કે મારા ભાઈને મારે વિરૂદ્ધ કંઈ છે, તો ત્યાં વેદી આગળ તારૂં અર્પણ મુકીને જા, પહેલાં તારા ભાઈ સાથે સલાહ કર, ત્યાર પછી આવીને તારૂં અર્પણ ચઢાવ. જ્યાં સુધી તું તારા વાદીની જોડે માર્ગમાં છે, ત્યાં સુધી તેની સાથે વહેલો મળી જા; રખે કદી વાદી તને ન્યાયાધીશને સોંપે, ને ન્યાયાધીશ તને સીપાઈને સોંપે, ને તું કેદખાનામાં નંખાય. હુ તને ખચિત કહુ છુ કે તું છેલ્લી દમડી ચુકવી આપીશ, ત્યાં લગી તું ત્યાંથી બહાર નિકળનારજ નથી.

ત્રય પછી સાતમો રવિવાર.

સારપ્રાર્થના.

હે બધા સામર્થ્ય અને સત્તાના પ્રભુ, તું બધી ઉત્તમ વસ્તુઓનો કર્તા અને દાતાર છે; તારા નામનો પ્રેમ અમારા મનમાં રોપી દે, અમારામાં ખરો ભક્તિભાવ વધાર, બધા સદ્‌ગુણોથી અમારૂં પોષણ કર, અને તારી ઘણી દયાથી અમને તેમાં સ્થિર રાખ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૬ ; ૧૯.

તમારા દેહના નબળાપણાના કારણથી હુ માણસની રીતે વાત કરૂં છુ. જેમ તમે પોતાના અવયવો અન્યાયને અર્થે અશુદ્ધતાને તથા અન્યાયને દાસ તરીકે સોંપ્યા હતા, તેમ હમણાં પોતાના અવયવો પવિત્રતાને અર્થે ન્યાયીપણાને દાસ તરીકે સોંપો. કેમકે જે વારે તમે પાપના દાસ હતા તે વારે તમે ન્યાયીપણા વિષે છુટા હતા. તો જે કામોથી તમે હમણાં શરમાઓ છો, તેથી તમને તે વખતે શું ફળ હતું? કેમકે તે કામોનું પરિણામ મરણ છે. પણ હમણાં પાપથી છુટા કરાએલા ને દેવના દાસ થએલા હોવાથી તમને પવિત્રતાને અર્થે ફળ છે, ને પરિણામે સર્વકાળનુ જીવન. કેમકે પાપનો મુસારો મરણ છે, પણ દેવનુ કૃપાદાન, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે, સર્વકાળનુ જીવન છે.

સુવાર્તા. ૫. માર્ક ૮ ; ૧.

તે દહાડાઓમાં જ્યારે ફરી અતિ ઘણા લોક હતા, ને તેઓની પાસે કંઈ ખાવાનુ ન હતુ, ત્યારે તે પોતાના શિષ્યોને પાસે બોલાવીને તેઓને કહે છે કે, લોક પર મને દયા આવે છે, કેમકે હમણાં ત્રણ દહાડાથી તેઓ મારી જોડે રહ્યા છે, ને તેઓની પાસે કંઈ ખાવાનુ નથી, ને જો હુ તેઓને ભૂખ્યા ઘેર મોકલુ તો વાટમાં તેઓ નિર્ગત થશે; વળી તેઓમાંના કેટલાએક આઘેથી આવ્યા છે. તેના શિષ્યોએ તેને ઉત્તર આપ્યો કે, અહી રાનમાં ક્યાંથી કોઈ એટલા બધાને રોટલીથી તૃપ્ત કરી શકે? ને તેણે તેઓને પુછ્યું કે, તમારી પાસે કેટલી રોટલીઓ છે? ને તેઓએ કહ્યુ, સાત. અને તેણે લોકને જમીન પર

બેસવાનો હુકમ આપ્યો; ને સાત રોટલીઓ લઇને તેણે સ્તુતિ કરીને ભાંગી, ને પિરસવા સારૂ પોતાના શિષ્યોને આપી; ને તેઓએ લોકને પિરસી. અને તેઓની પાસે થોડી નાની માછલીઓ પણ હતી; ને તેણે તેમના પર આશીર્વાદ માગીને તે પણ લોકોને પિરસવાનું કહ્યું. અને તેઓ ખાઇને ધરાયા; ને તેઓએ બાકી રહેલા કકડાઓની સાત ટોપલીઓ ઉઠાવી. અને ખાનારા આસરે ચાર હજાર હતા; ને તેણે તેઓને વિદાય કીધા.

ત્રય પછી આઠમો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તારા અટળ પ્રબંધ વડે આકાશ અને પૃથ્વીની બધી વાતોનો બંદોબસ્ત થાય છે, અમે નમ્રતાથી વિનંતી કરીએ છીએ કે, બધી નુકસાનકારક વાતો અમારાથી આઘી કર, અને જે વાતો અમારા લાભની છે તે અમને આપ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૮; ૧૨.

ઓ ભાઈઓ, આપણે ઋણી છીએ, પણ દેહ પ્રમાણે જીવવાને દેહના ઋણી નથી. કેમકે જો તમે દેહ પ્રમાણે જીવો તો તમે મરશોજ; પણ જો તમે આત્માએ કરીને શરીરનાં કામોને મારી નાખો તો જીવશો. કેમકે જેટલા દેવના આત્માથી દોરાય છે, તેટલા દેવના દીકરા છે. કેમકે ફરીથી તમને ભય લાગે એવો દાસપણાનો આત્મા તમે પામ્યા નથી; પણ તમે દત્તકપુત્રપણાનો આત્માં પામ્યા છો, જેણે કરીને આપણે આબા, બાપ, એવી હાંક મારીએ છીએ. આત્મા પોતે આપણા આત્માની સાથે સાક્ષી આપે છે કે આપણે દેવનાં છોકરાં છીએ. અને જો છોકરાં તો વારસ, એટલે દેવના વારસ, ને ખ્રીસ્તની સંઘાતે સાથીવારસ છીએ; જો આપણે તેની સાથે દુઃખ સહીએ એ સારૂ કે તેની સાથે મહિમા પણ પામીએ તો.

સુવાર્તા. ૫. માત્થી ૭; ૧૫.

જુઠા ઉપદેશકો જેઓ ઘેટાંને વેશે તમારી પાસે આવે છે, પણ માંહે ફાડી ખાનારાં વરૂ છે, તેઓ સંબંધી તમે સાવધાન રહો. તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો કાંટાનાં ઝાડ પરથી દ્રાક્ષ, અથવા ઉટકટારી પરથી અંજીર તોડે છે? તેમજ હરેક સારૂં ઝાડ સારાં ફળ આપે છે, ને ખરાબ ઝાડ નઠારાં ફળ આપે છે. સારૂં ઝાડ નઠારાં ફળ આપી શકતું નથી, ને ખરાબ ઝાડ સારાં ફળ આપી શકતું નથી. હરેક ઝાડ જે સારૂં ફળ નથી આપતું તે કપાય છે, ને અગ્નિમાં નંખાય છે. તે માટે તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. જે મને પ્રભુ,

પ્રભુ, કહે છે, તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એવું નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે તે પેસશે.

ત્રય પછી નવમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા વિના અમે કાંઈ સારૂં કામ કરી શકતા નથી, માટે જે કંઈ સારૂં હોય, તેજ સદા ધારવાને તથા કરવાને અમને મન આલ, કે તારી ઇચ્છા પ્રમાણે ચાલવાને અમે તારાથી શક્તિ પામીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ કરીથી ૧૦; ૧.

ભાઈઓ, હુ ચાહતો નથી કે તમે અજાણ્યા રહો કે, આપણા સર્વ પિતૃઓ મેઘ તળે હતા ને સમુદ્રમાં થઇને સર્વ પાર ગયા, ને સર્વ મુસાને સારૂ મેઘમાં તથા સમુદ્રમાં બાપ્તિસ્મા પામ્યા; ને સર્વેએ એકજ આત્મિક અન્ન ખાધુ, ને સર્વેએ એકજ આત્મિક પાણી પીધુ; કેમકે સાથે ચાલનાર આત્મિક ખડકનું તેઓએ પીધુ; તે ખડક તો ખ્રીસ્ત હતો. પણ તેઓમાંના ઘણાખરા પર દેવ પ્રસન્ન ન હતો, કેમકે તેઓ રાનમાં પાડી નંખાયા. હવે આ વાત આપણને નિદર્શન જેવી થઈ, એ સારૂ કે જેમ તેઓએ ભુંડી વસ્તુઓનો લોભ કર્યો તેમ આપણે ન કરીએ. અને જેમ તેઓમાંના કેટલાએક મૂર્ત્તિભક્ત થયા, તેમ તમે ન થાઓ; જેમ લખ્યુ છે તેમ કે, "લોક ખાવા પીવા બેઠા ને રમવા ઉઠયા." અને જેમ તેઓમાંના કેટલાએકે વ્યભિચાર કર્યો, ને એક દિવસમાં તેવીસ હજાર પડયા, તેમ તમે ન કરો. અને જેમ તેઓમાંના કેટલાએકે ખ્રીસ્તનું પરીક્ષણ કીધુ, ને સર્પોથી નાશ પામ્યા, તેમ આપણે તેનુ પરીક્ષણ કરવું નહિ. અને જેમ તેઓમાંના કેટલાએકે કચકચ કીધી, ને સંહારકથી નાશ પામ્યા, તેમ તમે કચકચ ન કરો. એ સર્વ નિદર્શન થવા સારૂ તેઓને થયાં. અને આપણા બોધને સારૂ તે લખ્યુ છે જેઓના ઉપર કાળોનો અત આવ્યો છે. એ માટે જે પોતાને સ્થિર ધારે છે, તે ન પડે માટે સંભાળે. માણસથી સહેવાય તે વગર બીજું કંઈ પરીક્ષણ તમને થયુ નથી. પણ દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ કરતાં વત્તાં પરીક્ષણ તમ પર આવવા ન દેશે, પણ તમે સહી શકો, માટે પરીક્ષણ સાથે છુટકાનો રસ્તો કરશે.

સુવાર્તા. ૫. લુક ૧૬; ૧.

ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, એક શ્રીમંત માણસ હતો, જેને એક કારભારી હતો; ને એની આગળ તેના ઉપર એવું તોહોમત મુકવામાં આવ્યું કે, તે તમારી મિલકત ઉડાવી દે છે. અને તેણે તેને બોલાવીને કહ્યુ કે, આ જે તારે વિષે હું સાંભળું છું તે શું છે? તારા કારભારનો

હિસાબ આપ; કેમકે હવેથી તું કારભારી રહી શકશે નહિ. અને કારભારીએ પોતાના મનમાં કહ્યું કે, હું શું કરૂં? કેમકે મારો ધણી મારી પાસેથી કારભાર લઈ લે છે. મારામાં ખોદવાની શક્તિ નથી; ભિક્ષા માગતાં હુ લજવાઉ છું. મને કારભારમાંથી કાઢી મુકે ત્યારે લોકો પોતાનાં ઘરોમાં મારો અંગીકાર કરે માટે શુ કરવું તેની મને સુઝ પડે છે. ત્યારે તેણે પોતાના ધણીના દરેક દેણદારને બોલાવીને પહેલાને કહ્યુ કે, મારા ધણીનુ તારે કેટલુ દેવુ છે? ને તેણે કહ્યુ કે, સો માપ તેલ. અને તેણે તેને કહ્યુ કે, તારૂં ખાતું લે, ને વહેલો બેસીને પચાસ લખ. પછી તેણે બીજાને કહ્યું કે, તારે કેટલું દેવું છે? ને તેણે કહ્યુ કે સો માપ ઘઉ. તેણે તેને કહ્યુ કે, તારૂં ખાતું લે, ને બેસી લખ. અને તેના ધણીએ અન્યાયી કારભારીને વખાણ્યો, કારણ કે તે હોશિયારીથી વર્ત્યો હતો, કેમકે આ જગતના દીકરા પોતાની પેઢી વિષે અજવાળાના દીકરા કરતાં હોશિયાર હોય છે. અને હુ તમને કહુ છુ કે, અન્યાયીપણાના દ્રવ્ય વડે પોતાને સારૂ મિત્રો કરો, કે જ્યારે તે થઈ રહે, ત્યારે તેઓ સદાકાળના માંડવાઓમાં તમારો અંગીકાર કરે.

ત્રય પછી દસમા રવિવાર.

સારપ્રાર્થના.

ઓ પ્રભુ, તારા નમ્ર દાસોની પ્રાર્થનાઓને દયા કરીને કાન લગાડ, અને તેમની વિનંતીઓ પ્રમાણે તેમને મળે, માટે તારી ઇચ્છા પ્રમાણે માગવાનું તેમને શિખવ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ કરીથી. ૧૨, ૧.

ભાઈઓ, આત્મિક દાનો વિષે મારી ઇચ્છા નથી, કે તમે અજાણ્યા રહો. તમે જાણો છો કે, તમે વિદેશી હતા, ત્યારે જેમ દોરાયા તેમ મુગી મૂર્ત્તિઓ કને દોરાઈ જતા હતા. માટે હું તમને જણાવું છું કે, કોઈ માણસ, દેવના આત્માથી બોલીને, ઇસુને શાપપાત્ર કહેતો નથી; ને કોઈ માણસ, પવિત્ર આત્મારહિત, ઇસુ પ્રભુ છે, એમ કહી શકતો નથી. પણ કૃપાદાનો અનેક પ્રકારનાં છે. તોપણ આત્મા એકનોએક; ને સેવા અનેક પ્રકારની છે, પણ પ્રભુ એકનોએક, અને કાર્યો અનેક પ્રકારનાં છે, પણ દેવ એકનોએક છે, તે સર્વમાં સર્વ કરાવે છે. પણ આત્માની પ્રસિદ્ધતા પ્રત્યેકને ઉપયોગને સારૂ અપાએલી છે. કેમકે એકને આત્માથી જ્ઞાનની વાત અપાઈ છે, ને બીજાને એજ આત્માથી વિદ્યાની વાત: ને બીજાને એજ આત્માથી વિશ્વાસ; ને બીજાને એજ આત્માથી સાજા કરવાનાં કૃપાદાન; ને બીજાને ચમત્કારનાં કાર્યો; ને બીજાને ભવિષ્યવાદ; ને બીજાને આત્માઓને પારખી જાણવાનું; ને બીજાને જાતજાતની ભાષાઓ; ને બીજાને ભાષાઓનું વ્યાખ્યાન અપાયું

છે. પણ એકજ તથા એજ આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે પ્રત્યેકને વહેંચીને એ સર્વ કરાવે છે.

સુવાર્તા. ૫. લુક ૧૯, ૪૧.

અને તે પાસે આવ્યો ત્યારે શહેરને જોઇને તે તેને લીધે રડયો, ને કહ્યું કે, જો તેં, હા તેં, શાંતિને લગતાં જે વાનાં તે આજે જાણ્યા હોત. તો કેવું સારૂં! પણ હમણાં તેઓ તારી આંખોથી સંતાએલાં છે. કેમકે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જ્યારે તારા વૈરીઓ તારી સામા પાળ બાંધશે, ને તને ઘેરો ઘાલશે, ને ચારોતરફ તને સકડાવશે. અને તેઓ તને તથા તારી મધ્યે તારાં છોકરાંને જમીન પર પછાડી નાખશે, ને તેઓ તારામાં એક પત્થર પર બીજો પત્થર રહેવા દેશે નહિ, કેમકે તારી કૃપાદૃષ્ટિનો સમય તેં જાણ્યો નહિ. અને તે મદિરમાં ગયો ને વેચનારાઓને માંહેથી કાઢી મુકવા લાગ્યો, ને તેઓને કહ્યું કે, એમ લખ્યું છે કે, મારૂં ઘર પ્રાર્થનાનું ઘર થશે, પણ તમે તેને લુટારાઓનું કોતર કીધું. અને તે રોજ મદિરમાં બોધ કરતો હતો.

ત્રય પછી અગિયારમો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તું તારા મહાબળને વિશેષ કરીને દયા તથા કરૂણા કરવામાં પ્રગટ કરે છે, દયા કરીને તારી કૃપા અમારા ઉપર એવા માપથી મોકલ, કે અમે તારી આજ્ઞાઓના માર્ગમા દોડીને, તારાં કૃપાળુ વચનોને મેળવીએ, અને તારા આકાશી ધનના ભાગિયા થઇએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ કરીથી. ૧૫; ૧.

ભાઇઓ, જે સુવાર્તા મેં તમને પ્રગટ કીધી, જેને તમે પણ માની, ને જેમાં તમે સ્થિર પણ રહ્યા છો, ને જેથી, જે વાત મેં તમને પ્રગટ કીધી તેને જો તમે પકડી રાખો છો ને વિશ્વાસ અવર્થા કીધો નહિ હોય તો, તારણ પામો છો, તે સુવાર્તા હું તમને જણાવું છું. કેમકે જે મે માની લીધું, તે મેં પ્રથમ તમને સોંપી દીધું, કે લેખો પ્રમાણે ખ્રીસ્ત આપણાં પાપને સારૂ મરણ પામ્યો; ને લેખો પ્રમાણે તે દટાયો, ને ત્રીજે દહાડે ઉઠયો. ને કેફાને, પછી બારોને તે દેખાયો. ત્યાર પછી પાંચસેં કરતાં વધારે ભાઇઓને એકી વેળાએ તે દેખાયો, એઓમાંના ઘણા હજુ સુધી જીવતા રહ્યા છે, પણ કેટલાએક ઉઘી ગયા છે. ત્યાર પછી તે યાકૂબને, પછી સર્વ પ્રેરિતોને દેખાયો. અને સર્વથી છેલ્લે જેમ અકાળ જન્મેલાને તેમ મને પણ તે દેખાયો. કેમકે પ્રેરિતોમાંના સર્વ કરતાં હું નાનો છું, ને પ્રેરિત કહેવાવા યોગ્ય નથી, કારણ કે મે દેવની મડળીની સતાવણી કીધી. પણ હું જે છું તે દેવની કૃપાથી છું, ને મારા પર તેની જે કૃપા તે અમથી થઈ ન હતી,

પણ તેઓ સર્વ કરતાં મેં વધારે મહેનત કીધી; મેં તો નહિ પણ દેવની જે કૃપા મારી સાથે છે તેણે. તો હુ કે તેઓ, એમ અમે વાત પ્રગટ કરીએ છીએ, ને એમ તમે વિશ્વાસ કર્યો.

સુવાર્તા. ૫. લુક ૧૮; ૯.

કેટલાએક પોતા વિષે અભિમાન રાખતા હતા કે અમે ન્યાયી છીએ, ને બીજાઓને તુચ્છકારતા હતા, તેઓને પણ ઇસુએ આ દષ્ટાંત કહ્યુ કે, બે માણસ પ્રાર્થના કરવા સારૂ મંદિરમાં ગયા, એક ફરોશી, ને બીજો દાણી હતો. ફરોશીએ ઉભા રહીને પોતાના મનમાં એ પ્રાર્થના કરી કે, ઓ દેવ, બીજા માણસોના જેવો જુલમી, અન્યાયી, વ્યભિચારી અથવા આ દાણીના જેવો હું નથી, માટે હું તારી ઉપકારસ્તુતિ કરૂં છું. અઠવાડિયે બે વાર હું ઉપવાસ કરૂં છું, ને મારી બધી આવકનો દસમો ભાગ આપું છું. પણ દાણીએ વેગળા ઉભા રહીને પોતાની આંખો પણ આકાશ તરફ ઉચી કરવા ન ચાહતાં પોતાની છાતી કુટીને કહ્યુ કે, ઓ દેવ, મુજ પાપી પર દયા કર. હુ તમને કહું છુ કે, પેલા કરતાં એ માણસ ન્યાયી ઠરીને પોતાને ઘેર ગયો; કેમકે જે કોઈ પોતાને ઉચો કરે છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉચો કરાશે.

ત્રય પછી બારમો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશકિતમાન તથા સનાતન દેવ, અમે પ્રાર્થના કરવામાં જેટલા આતુર છીએ તેથી સાંભળવાને તું વધારે તૈયાર રહે છે, અને અમારા સર્વ માગવા કરતાં તેમ અમારી લાયકી કરતાં વધારે આપવાની તારી સદાની રીત છે, તારી દયા અમારા પર પુષ્કળતાથી રેડી દે; અને અમારાં જે કામોને લીધે અમારાં મન ગભરાય છે, તેમની ક્ષમા અમને આપ, તથા જે સારાં વાનાં તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્ય તથા મધ્યસ્થી વિના અમે માગવાને યોગ્ય નથી, તે અમને આપ. આમેન.

પત્ર. ૨ કરીંથી. ૩; ૪.

એવો ભરોસો દેવ વિષે અમને ખ્રીસ્તને આસરે છે. અમે પોતે પોતાની મેળે કંઈ વિચારવા સમર્થ છીએ એમ નથી; પણ અમારૂ સામર્થ્ય દેવથી છે; તેણે પણ અમને નવા કરારના, એટલે અક્ષરના નહિ પણ આત્માના, યોગ્ય સેવકો કર્યા, કેમકે અક્ષર મારી નાખે છે, પણ આત્મા જીવાડે છે. અને મરણની સેવા, જેના અક્ષરો પત્થરો પર કોરેલા, તે જો એવી મહિમાવાન થઈ, કે ઇસ્રાએલપુત્રો, મુસાના મ્હોડાનો મહિમા જે ટળી જવાનો હતો તેને લીધે, તેના મ્હોડા પર તાકી જોઈ ન શકયા; તો તે કરતાં આત્માની સેવા વધતી મહિમાવાન કેમ ન હોય? કેમકે જો દંડાજ્ઞાની સેવાને મહિમા હતો, તો ન્યાયીપણાની સેવા મહિમામાં કેટલી વધતી છે!

સુવાર્તા. ૫. માર્ક ૭; ૩૧.

સૂરની સીમોમાંથી નિકળીને, સીદોનમાં થઇને દકાપલીસની સીમોની મધ્યે થઇને, ગાલીલના સમુદ્રની પાસે ઇસુ આવ્યો. ને તેઓ એક બહેરા બોબડાને તેની પાસે લાવે છે, ને તે પર હાથ મુકવાને તેને વિનંતી કરે છે. અને તેણે લોક પાસેથી તેને એકાંત લઈ જઇને તેના કાનોમાં પોતાની આંગળી ઘાલી, ને થુંકીને તેની જીભને અડકયો. ને આકાશ તરફ જોઇને તેણે નિસાસો મુકયો ને કહ્યું કે, એફફાથા, એટલે ઉઘડી જા. અને તરત તેના કાનો ઉઘડી ગયા, ને તેની જીભનું બંધન છુટયું, ને તે સાફ બોલ્યો. અને તેણે તેઓને તાકીદ કરી કે, તમારે કોઇને કહેવુ નહિ; પણ જેમ જેમ તેણે વધારે તાકીદ કીધી તેમ તેમ તેઓએ તે વધારે પ્રગટ કીધુ. અને તેઓ બેહદ અચંબો પામ્યા, ને બોલ્યા કે, તેણે બધુ સારૂંજ કર્યું છે; તે બહેરાઓને પણ સાંભળતા કરે છે, ને મુગાંઓને બોલતાં કરે છે.

ત્રય પછી તેરમો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વસમર્થ અને દયાળુ દેવ, તારા વિશ્વાસી લોક જે ખરી તથા માનવતી સેવા કરે છે, એ તો કેવળ તારૂજ દાન છે; અમે તારી વિનતી કરીએ છીએ કે, તું એવું કર કે અમે આ જીવનમાં તારી સેવા એવા વિશ્વાસુપણાથી કરીએ કે અંતે તારાં આકાશી વચનોને મેળવી લઇએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્યને લીધે માગીએ છીએ. આમેન.

પત્ર. ગલાતી. ૩; ૧૬.

ઇબ્રાહીમને તથા તેના સંતાનને વચનો કહ્યાં હતાં, ને સંતાનોને એમ ઘણા વિષે દેવ કહેતો નથી; પણ તારા સંતાનને, એમ એક વિષે કહે છે, ને તે તો ખ્રીસ્ત છે. અને આ હું કહું છું કે, જે કરાર દેવે ખ્રીસ્તમાં અગાઉ નિશ્ચે કીધો, તેને, ચારસેં ત્રીસ વરસ પછીનો થએલો નિયમ રદ કરતો નથી, એવો કે તેથી વચન અવર્થા કરાય કેમકે જો વારસો નિયમથી છે, તો વચનથી નથી, પણ દેવે વચનથીજ ઇબ્રાહીમને તે આપ્યો. તો નિયમ શા માટે છે? તે ઉલ્લંઘનોને લીધે આપેલો હતો, જે સંતાનને વચન અપાયું તે આવે ત્યાં લગણ તે આપેલો હતો; ને તે મધ્યસ્થને હાથે, દૂતોને આસરે સ્થાપન કરાએલો હતો. મધ્યસ્થ તો એકનો નથી, પણ દેવ એક છે. ત્યારે શું નિયમ દેવનાં વચનોથી ઉલટો છે? એવું ન થાય, કેમકે જે જીવન આપી શકે એવો નિયમ જો આપ્યો હોત, તો નિશ્ચે નિયમથી ન્યાયીપણું થાત. પણ પવિત્ર લેખે બધાંઓને પાપમાં બંધ કર્યાં, એ માટે કે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી જે વચન, તે વિશ્વાસ કરનારાઓને અપાય.

ત્રય પછી ચૌદમો રવિવાર.

સુવાર્તા. ૫. લુક ૧૦ : ૨૩.

જે તમે જુઓ છો, તે જે આંખો જુએ તેઓને ધન્ય છે. કેમકે હું તમને કહુ છું કે, જે તમે જુઓ છો તે ઘણા ભવિષ્યવાદીઓ તથા રાજાઓ જોવા ચાહતા હતા, પણ તેઓએ જોયુ નહિ. ને જે તમે સાંભળો છો તે તેઓ સાંભળવા ચાહતા હતા, પણ તેઓએ સાંભળ્યું નહિ.

અને જુઓ, એક પંડિતે ઉભા થઇને તેનું પરીક્ષણ કરતાં કહ્યુ કે, ઉપદેશક, અનંત જીવનનો વારસો પામવા સારૂ મારે શું કરવું? અને તેણે તેને કહ્યુ કે, નિયમશાસ્ત્રમાં શું લખ્યુ છે? તું શું વાંચે છે? ને તેણે ઉત્તર આપતાં કહ્યું કે, તારા દેવ પ્રભુ પર તારા પૂરા હૃદયથી તથા તારા પૂરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા પૂરા મનથી પ્રેમ રાખવો, ને જેવો પોતા પર તેવો તારા પડોસી પર પ્રેમ રાખવો. અને તેણે તેને કહ્યુ કે, તેં ઠીક ઉત્તર આપ્યો છે; એમ કર, ને તું જીવશે. પણ તેણે પોતાને ન્યાયી ઠરાવવા ચાહીને ઇસુને કહ્યુ, તો મારો પડોસી કોણ છે? ઇસુએ ઉત્તર આપતાં કહ્યુ કે, એક પુરૂષ યરૂશાલેમથી યરેખો જતો હતો; અને તે લુટારાના હાથમાં પડયો ને તેઓ તેનાં લુગડાં ઉતારી લઇને તથા તેને મારીને તેને અધમુઓ મુકીને ચાલ્યા ગયા. અને દૈવયોગે એક યાજક તે માર્ગે થઇને જતો હતો, ને તે તેને જોઇને બીજી બાજુએ થઇને ચાલ્યો ગયો. અને એમજ એક લેવી પણ તે ઠેકાણે આવ્યો, ત્યારે તેને જોઇને બીજી બાજુએ થઇને ચાલ્યો ગયો. પણ એક સમરૂની માર્ગે ચાલતાં ચાલતાં જ્યાં તે પડયો હતો ત્યાં આવ્યો, ને તેને જોઇને તેને કરૂણા આવી. અને તે તેની પાસે ગયો, ને તેના ઘા પર તેલ તથા દ્રાક્ષરસ રેડીને પાટા બાંધ્યા, ને તેને પોતાના જાનવર પર બેસાડીને તેને ઉતારામાં લઈ ગયો, ને તેની માવજત કીધી. અને બીજે દહાડે તેણે બે દીનાર કહાડીને ઉતારાવાળાને આપ્યા, ને કહ્યુ કે, તેની માવજત કરજે, ને એ કરતાં જે કંઈ વધારે ખરચ તને લાગશે તે હું પાછો આવીશ ત્યારે તને વાળી આપીશ. હવે તું શું ધારે છે, લુટારાના હાથમાં પડેલા માણસનો પડોસી એ ત્રણમાંનો કોણ ઠર્યો? ને તેણે કહ્યું કે, જેણે તેના પર દયા કીધી તે. અને ઇસુએ તેને કહ્યું કે, તું જઇને એ પ્રમાણે કર.

ત્રય પછી ચૌદમો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશકિતમાન અને સનાતન દેવ, અમારામાં વિશ્વાસ, આશા, તથા પ્રીતિ વધાર; અને તું જે વચન આપે છે, તે અમે મેળવીએ, માટે તારી સઘળી આજ્ઞાઓ પર પ્રીતિ રાખવાને અમારી મદદ કર, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ગલાતી. ૫; ૧૬.

હું તમને કહું છું કે આત્માએ ચાલો, ને તમે દેહના વિષય પૂરા કરશો નહિ. કેમકે દેહ આત્માથી ઉલટી ઇચ્છા કરે છે, ને આત્મા દેહથી ઉલટી, ને તેઓ પરસ્પર વિરૂદ્ધ છે, એવા કે જે તમે ચાહો તે તમે કરતા નથી. પણ જો તમે આત્માએ ચલાવેલા છો, તો તમે નિયમ તળે નથી. દેહનાં કામ તો પ્રગટ છે, એટલે છિનાળુ, અશુદ્ધતા, કામાતુરપણું, મૂર્ત્તિભક્તિ, માયાક્રિયા, વૈર, કજીઆ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, ફાટફુટો, તડ, અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા એમના જેવાં જે કામો તે, તેઓ વિષે જેમ પહેલાં મે કહ્યુ તેમ હમણાં તમને ચેતાવુ છું, કે જેઓ એવાં કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામનાર નથી. પણ આત્માનુ ફળ એ છે કે, પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા, સ્વદમન, એવાંને ઉલટો કોઈ નિયમ નથી. અને જે ખ્રીસ્તના છે, તેઓએ દેહને તેના વિષય તથા ઇચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે દીધો છે.

સુવાર્તા. ૫. લુક ૧૭; ૧૧.

અને એમ થયું કે યરૂશાલેમ જતાં ઇસુ સમરૂનની મધ્યે તથા ગાલીલની મધ્યે થઇને જતો હતો. અને એક ગામમાં તે પેઠો, એટલે દસ કોઢિયા તેને સામા મળ્યા, જેઓએ વેગળા ઉભા રહી ધાંટો પાડીને કહ્યુ કે, ઇસુ સ્વામી, અમારા પર દયા કર. અને તેઓને જોઇને તેણે તેઓને કહ્યુ કે, જાઓ, પોતાનેયાજકોને દેખાડો. અને એમ થયુ કે તેઓ રસ્તે ચાલતાં શુદ્ધ કરાયા. અને તેઓમાંનો એક, પોતે સાજો થયો છે એ જોઇને, મોટે ધાંટે દેવની સ્તુતિ કરતો પાછો ફર્યો. અને તેણે સાષ્ટાંગ દંડવત કરીને તેનો ઉપકાર માન્યો, ને તે સમરૂની હતો. અને ઇસુએ ઉત્તર આપતાં કહ્યુ કે, શુ દસે જણ શુદ્ધ કરાયા નહોતા? તો બીજા નવ કયાં છે? દેવને મહિમા આપવાને પાછો ફરે, એવો આ પરદેશી વિના કોઈ મળ્યો નહિ શુ? અને તેણે તેને કહ્યુ કે, ઉઠીને ચાલ્યો જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે.

ત્રય પછી પંદરમો રવિવાર.

સારપ્રાર્થના.

ઓ પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારી નિરંતર દયા વડે તારી કલીસીઆનું રક્ષણ કર; અને માણસ પોતાની નબળાઈને કારણે તુંજ વિના પડયા વગર રહી શકતો નથી, એ માટે અમારી સહાય કરીને અમને બધા નુકસાનકારક વાતોથી સદા સંભાળી રાખ; અને જે બધી વાતો અમારા તારણને માટે ગુણકારી છે તેની ગમ અમને દોર; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ગલાતી. ૬; ૧૧.

જુઓ, મેં મારે પોતાને હાથે કેવડા અક્ષરોથી તમને લખ્યું છે. દેહ વિષે જેટલા સારૂં નામ ચાહે છે, તેટલા તમારી સુન્નતની અગત્ય ઠરાવે છે, પણ કેવળ એ માટે કે તેઓ ખ્રીસ્તના વધસ્તંભને લીધે સતાવણી ન પામે. કેમકે જે સુન્નતી થએલા તેઓ પોતે નિયમને પાળતા નથી; પણ તમારા દેહમાં તેઓ અભિમાન કરે, એ માટે તેઓ તમારી સુન્નત થાય એવું ચાહે છે. પણ એમ ન થાઓ કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના વધસ્તંભ શિવાય હું બીજા કશામાં અભિમાન કરૂં, તેથી મારા સંબંધી જગત વધસ્તંભે દીધેલું છે, ને જગત સંબંધી હું. કેમકે સુન્નત કંઈ નથી, ને બેસુન્નત પણ નથી; પણ નવી ઉત્પત્તિ કામની છે. જેટલા આ નિયમ પ્રમાણે ચાલે છે, તેટલા પર તથા દેવના ઇસ્રાએલ પર શાંતિ તથા દયા થાઓ.

હવેથી કોઈ મને તસ્દી ન દે, કેમકે મેં પ્રભુ ઇસુનાં ચિન્હ મારા શરીરમાં ધારણ કીધેલાં છે.

ભાઈઓ, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તમારા આત્માની સાથે થાઓ. આમેન.

સુવાર્તા. ૫. માત્થી ૬; ૨૪.

કોઈથી બે ધણીની ચાકરી કરાય નહિ, કેમકે તે એક પર દ્વેષ કરશે, ને બીજા પર પ્રીતિ કરશે; અથવા એકના પક્ષનો તે થશે, ને બીજાનો તિરસ્કાર કરશે; દેવની તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ. એ માટે હું તમને કહું છું કે તમારા જીવને સારૂ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું અથવા શું પીશું? અને તમારા શરીરને સારૂ ચિંતા ન કરો કે, અમે શું પહેરીશું? શું, જીવ ખોરાક કરતાં, ને શરીર લુગડાં કરતાં, અધિક નથી? આકાશનાં પક્ષીઓને જુઓ, તેઓ તો વાવતાં નથી, ને કાપતાં નથી, ને વખારોમાં ભરતાં નથી, તોપણ તમારો આકાશમાંનો બાપ તેઓનું પાલણ કરે છે; તો તેઓ કરતાં તમે અધિક નથી શું? અને ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાના કદને એક હાથભર વધારી શકે છે? અને લુગડાં સંબંધી તમે ચિંતા કેમ કરો છો? ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો કે, તેઓ કેવાં વધે છે, તેઓ મહેનત કરતાં નથી, તેઓ કાંતતાં પણ નથી; તોપણ હું તમને કહું છું કે સુલેમાન પણ પોતાના સઘળા મહિમામાં તેઓમાંના એકના જેવો પહેરેલો ન હતો. એ માટે ખેતરનું ઘાસ જે આજ છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને જો દેવ એવું પહેરાવે છે, તો, ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું વિશેષ નહિ પહેરાવશે? માટે અમે શું ખાઈએ, અથવા શું પીએ, અથવા શું પહેરીએ, એમ કહેતાં ચિંતા ન કરો. કારણ કે એ સઘળાં વાનાં વિદેશીઓ શોધે છે; કેમકે તમારો આકાશમાંનો બાપ જાણે છે કે એ બધાંની તમને અગત્ય છે. પણ

તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, ને એ બધાં વાનાં પણ તમને અપાશે. તે માટે આવતી કાલને સારૂ ચિંતા ન કરો, કેમકે આવતી કાલ પોતાની વાતોની ચિંતા કરશે; દહાડાને સારૂ તે દહાડાનું દુ:ખ બસ છે.

ત્રય પછી સોળમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારી નિરંતર કરૂણા પ્રમાણે તું તારી કલીસીઆને શુદ્ધ કરીને તેની રક્ષા કર; અને તે તારી સંભાળ વિના કુશળતામાં નથી રહી શકતી, માટે તારી સહાયતા તથા મહેરબાનીથી સદા તેની સંભાળ કરતો રહે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફસી. ૩, ૧૩.

હુ માગુ છું કે, તમારે સારૂ જે મારી વિપત્તિ તેથી તમે નિર્ગત ન થાઓ, તે વિપત્તિ તમારો મહિમા છે.

એ કારણ માટે બાપ, જેના નામથી આકાશમાં તથા પૃથ્વી પર સર્વ કુટુંબોને નામ અપાએલું છે, તેની આગળ હુ ઘુંટણ ટેકવુ છુ. કે તે પોતાના મહિમાની સંપત પ્રમાણે તમને એવુ આપે, કે તમે તેના આત્માને આસરે માંહેના માણસપણામાં સામર્થ્યથી બળવાન થાઓ, ને વિશ્વાસથી તમારાં હૃદયોમાં ખ્રીસ્ત વસે; એ માટે કે પ્રીતિમાં જડ તથા પાયા ઘાલીને, સર્વ પવિત્રોની સાથે ખ્રીસ્તની પ્રીતિની ચોડાઈ તથા લંબાઈ તથા ઉંચાણુ તથા ઉંડાણુ કેટલાં છે તે તમે સમજી શકો, ને ખ્રીસ્તની પ્રીતિ જે જાણ્યા કરતાં અધિક છે તે પણ તમે જાણી શકો: કે તમે દેવના સર્વ ભરપૂરપણામાં ભરપૂર થાઓ.

હવે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, જે, આપણામાં કરેલા સામર્થ્ય પ્રમાણે, આપણને ઘણું પુષ્કળ કરી શકે છે, તેને ખ્રીસ્ત ઇસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી દર પેઢી મહિમા થાઓ. આમેન.

સુવાર્તા. ૫. લુક ૭; ૧૧.

અને એમ થયુ કે, થોડી મુદત પછી નાઇન નામના શહેરમાં ઇસુ ગયો, ને તેના શિષ્યો તથા ઘણા લોક પણ તેની સંઘાતે ગયા. હવે શહેરની ભાગળ પાસે તે આવ્યો ત્યારે, જુઓ, એક મુએલા માણસને બહાર લઈ જતા હતા; તે તેની માનો એકનોએક દીકરો હતો, ને તે વિધવા હતી, ને શહેરના ઘણા લોક તેણીની સાથે હતા. અને તેને જોઇને પ્રભુને તેના પર કરૂણા આવી, ને તેણે તેને કહ્યુ કે, રડ મા. અને તે પાસે આવીને ઠાઠડીને અડકયો; ને ખાંધિયા ઉભા રહ્યા. ને તેણે કહ્યું કે, જુવાન, હું તને કહુ છું કે, ઉઠ. અને જે મુએલો હતો તે બેઠો થયો, ને બોલવા લાગ્યો. અને તેણે તેને તેની માને સોંપ્યો. અને સઘળાને ભય લાગ્યો, ને તેઓએ દેવની સ્તુતિ કરીને કહ્યું કે,

એક મોટો ભવિષ્યવાદી આપણામાં ઉભો થયો છે, ને દેવે પોતાના લોક પર નજર કીધી છે. અને તેના સંબંધીની આ વાત આખા યહુદાહમાં તથા આસપાસના સઘળા પ્રદેશમાં ફેલાઈ ગઈ.

ત્રય પછી સત્તરમો રવિવાર.

સારપ્રાર્થના.

ઓ પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારી કૃપા સર્વદા અમારી આગળ તથા પાછળ રહીને અમને બધાં સારાં કામમાં સદા લગાડી રાખે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એવું તું કર. આમેન.

પત્ર. એફેસી. ૪; ૧.

એ માટે હું પ્રભુને સારૂ બંદીવાન, તમને વિનંતી કરૂં છું, કે જે તેડાથી તમે તેડાયા છો, તેને લાયક ચાલો; સર્વ લીનતા તથા નમનતાઈ તથા સહનશીલપણું રાખીને પ્રેમથી એક બીજાને ખમો; સલાહના બંધને આત્માની ઐકયતા રાખવાનું યત્ન કરો. એક શરીર તથા એક આત્મા છે, જેમ તમે તમારા તેડાની એક આશામાં તેડાએલા છો તેમ; એક પ્રભુ, એક વિશ્વાસ, એક બાપ્તિસ્મા, એક દેવ એટલે સર્વનો બાપ, તે સર્વ ઉપર તથા સર્વ વડે તથા સર્વમાં છે.

સુવાર્તા. ૫. લુક ૧૪; ૧.

અને એમ થયું કે ફરોશીઓના અધિકારીઓમાંના એકને ઘેર વિશ્રામવારે ઇસુ રોટલી ખાવા ગયો હતો, ત્યારે તેઓ તેના પર તાકી રહ્યા હતા. અને જુઓ, એક માણસ તેની આગળ હતો કે જેને જલંદરનો રોગ થયો હતો. અને ઇસુએ પંડિતોને તથા ફરોશીઓને ઉત્તર આપતાં કહ્યું કે, વિશ્રામવારે સાજું કરવું ઉચિત છે કે નહિ? પણ તેઓ છાના રહ્યા. ને તેણે તેને ઝાલીને સાજો કીધો, ને તેને જવા દીધો. અને તેણે તેઓને કહ્યું કે, તમારામાંના કોઈનું ગધેડું અથવા બળદ કુવામાં પડયો હોય, તો તરત વિશ્રામવારે તેને નહિ કાઢે શું? ને એ વાતોનો પ્રત્યુત્તર તેઓ તેને આપી શકયા નહિ.

અને નોતરેલાઓ કેવી રીતે મુખ્ય આસનો પસંદ કરતા, તે જોઇને તેણે તેઓને દૃષ્ટાંત કહ્યું, કોઈ તને લગ્નમાં નોતરે ત્યારે મુખ્ય આસન પર ન બેસ; રખે કદાપિ તારા કરતાં કોઈ માનવંતો માણસ તેણે નોતરેલો હોય, ને જેણે તને તથા તેને નોતર્યા તે આવીને તને કહે કે, એને જગ્યા આપ; ત્યારે તું લજવાઇને સહુથી નીચી જગ્યાએ જઈ બેસવા માંડશે. પણ કોઈ તને નોતરે ત્યારે સહુથી નીચી જગ્યાએ જઈ બેસ, કે જેણે તને નોતર્યો

તે આવે, ત્યારે તે તને કહે કે, મિત્ર, ઉપર આવ; ત્યારે તારી સાથે જમવા બેઠેલા સર્વની આગળ તને માન મળશે. કેમકે જે કોઈ પોતાને ઉંચો કરે છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉંચો કરાશે.

ત્રય પછી અરાઢમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા લોકોને એવી કૃપા આપ, કે તેઓ જગત, દેહ, અને શેતાનનાં પરીક્ષણોની સામે ટકી રહીને, શુદ્ધ મન તથા બુદ્ધિથી તુંજ એકલા દેવની સેવા કર્યા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ કરીથી. ૧; ૪.

દેવની કૃપા ખ્રીસ્ત ઇસુમાં તમને અપાયલી છે, તેને સારૂ હું તમારા વિષે મારા દેવનો ઉપકાર સદા માનું છું; કેમકે જેમ ખ્રીસ્તની શાહેદી તમારામાં દૃઢ થઈ તેમ, સર્વ પ્રકારે, સર્વ બોલવામાં તથા સર્વ જ્ઞાનમાં, તમે તેનામાં ભરપૂર થયા; માટે તમે કંઈ કૃપાદાનમાં ઓછા ન થતાં આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વાટ જુઓ છો. તે તમને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના દિવસમાં નિર્દોષ થવાને અંત સુધી દૃઢ કરશે.

સુવાર્તા. ૫. માત્થી ૨૨; ૩૪.

જ્યારે ફરોશીઓએ સાંભળ્યું કે ઇસુએ સાદુકીઓનું મ્હો બંધ કીધું, ત્યારે તેઓ એકઠા થયા; અને તેઓમાંથી એક પંડિતે તેનું પરીક્ષણ કરવા સારૂ તેને પુછ્યું કે, ઓ ઉપદેશક, નિયમશાસ્ત્રમાં કયી આજ્ઞા મોટી છે? ત્યારે તેણે તેને કહ્યું કે, પ્રભુ જે તારો દેવ, તે પર તું તારા આખા હૃદયથી, ને તારા આખા જીવથી, ને તારા આખા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી એના જેવી એ છે કે જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર તું પ્રીતિ કર. આ બે આજ્ઞા આખા નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓનો પાયો છે.

અને ફરોશીઓ એકઠા મળેલા હતા, ત્યારે ઇસુએ તેઓને એવું પુછ્યું કે, મસીહ સંબંધી તમે શું ધારો છો? તે કોણનો દીકરો છે? તેઓ તેને કહે છે કે, દાઉદનો. તે તેઓને કહે છે, તો દાઉદ આત્મા વડે તેને પ્રભુ કેમ કહે છે? જેમ કે, પ્રભુએ મારા પ્રભુને કહ્યું કે, તારા શત્રુઓને હું તારૂં પાયાસન કરૂં ત્યાં સુધી તું મારે જમણે હાથે બેસ. હવે જો દાઉદ તેને પ્રભુ કહે છે, તો તે શી રીતે તેનો દીકરો છે? અને એક પણ શબ્દનો ઉત્તર કોઈ આપી શકયો નહિ, વળી તે દહાડેથી તેને કંઈ પુછવાને કોઈએ છાતી ચલાવી નહિ.

ત્રય પછી ઓગણીસમો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, તું જ વિના અમે તને પ્રસન્ન નથી કરી શકતાં; માટે તારી દયાથી એવું કર કે, તારો પવિત્ર આત્મા બધી વાતોમાં અમારાં મનનો અધિકારી તથા આગેવાન થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૪; ૧૭.

એ માટે હું કહું છું તથા પ્રભુમાં શાહેદી આપુ છું કે, જેમ બીજા વિદેશીઓ પોતાના મનના અવર્થાપણામાં ચાલે છે, તેમ હવેથી તમે ન ચાલો; તેઓ બુદ્ધિ વિષે અંધરાએલા છતાં તેઓના હૃદયના કઠણપણાથી પોતામાં જે અજ્ઞાનતા છે, તેણે કરીને દેવના જીવનથી વેગળા છે. એઓએ જડ થઇને આતુરતાથી સર્વ અશુદ્ધતાની કરણીને સારૂ, પોતાને કામાતુરપણાને સોંપ્યા. પણ તમે એ પ્રમાણે ખ્રીસ્તને શિખ્યા નથી, જો એમ હોય કે તમે તેનું સાંભળ્યું તથા ઇસુમાં જે સત્ય છે તે પ્રમાણે તમે તે વિષેની શિખામણ પામ્યા, કે તમારે પહેલાંની વર્તણુકનું જુનું માણસપણું, જે કપટના વિષયો પ્રમાણે ભ્રષ્ટ થતું જાય છે તે ઉતારવું; ને તમારા મનના આત્મામાં નવાપણું પામવું; ને નવું માણસપણું જે દેવ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની શુદ્ધતામાં સૃજેલું તે પહેરવું.

એ માટે જુદાપણું દૂર કરીને પ્રત્યેક પોતાના પડોસીની સાથે સત્ય બોલો; કેમકે આપણે એકબીજાના અવયવો છીએ. ગુસ્સે થાઓ, પણ પાપ ન કરો; તમારા ગુસ્સા પર સૂર્યને આથમવા ન દો; ને શેતાનને જગ્યા ન આપો. જે ચોરી કરનાર તેણે હવેથી ચોરી ન કરવી; પણ તે કરતાં હાથોએ સારૂ કરીને ઉદ્યોગ કરવો, એ સારૂ કે જેને ગરજ છે તેને આપવાનું પોતાની પાસે હોય. તમારા મુખમાંથી કંઈ મલિન વાત નહિ, પણ જે અગત્યના સુધારાની હોય તેજ નિકળે, કે તેથી સાંભળનારાઓને કૃપા પ્રાપ્ત થાય. અને દેવનો પવિત્ર આત્મા, જેણે તમને ઉદ્ધારના દહાડાને સારૂ મુદ્રિત કીધા, તેને ખેદિત ન કરો. સર્વ કડવાસ તથા ક્રોધ તથા કોપ તથા ગડબડ તથા નિંદા સર્વ ભુંડાઈ સુદ્ધાં, તમારાથી દૂર કરો. પણ તમે એક બીજા પર ઉપકારી, કરૂણારૂપ થાઓ, ને જેમ ખ્રીસ્તમાં દેવે પણ તમને માફ કીધુ તેમ તમે એક બીજાને માફ કરો.

સુવાર્તા. ૫. માત્થી ૯; ૧.

ત્યારે હોડીમાં બેસીને ઇસુ પેલે પાર ગયો, ને પોતાના નગરમાં આવ્યો. અને જુઓ, ખાટલે પડેલા એક પક્ષઘાતીને લોક તેની પાસે લાવ્યા, ને ઇસુએ તેઓનો વિશ્વાસ જોઇને પક્ષઘાતીને કહ્યું કે, દીકરા, હિમ્મત રાખ, તારાં પાપ તને માફ થયાં છે. ત્યારે જુઓ, શાસ્ત્રી-

ઓમાંના કેટલાએક પોતાના મનમાં કહ્યુ કે, એ દુર્ભાષણ કરે છે. ત્યારે ઇસુએ તેઓના વિચાર જાણીને કહ્યુ કે, તમે તમારા મનમાં શા માટે ભુંડા વિચાર કરો છો? કેમકે એ બેમાંનુ વધારે સહેલુ કયુ છે, એ કહેવુ કે તારાં પાપ તને માફ થયાં છે, અથવા એ કહેવું કે ઉઠીને ચાલ? પણ માણસના દીકરાને પૃથ્વી પર પાપોની માફી કરવાનો અધિકાર છે, એ તમે જાણો માટે, (ત્યારે તે પક્ષઘાતીને કહે છે કે) ઉઠ, તારો ખાટલો ઉચકીને તારે ઘેર ચાલ્યો જા. અને તે ઉઠીને પોતાને ઘેર ગયો. અને તે જોઇને લોકો અચરત થયા, ને દેવે માણસોને એવો અધિકાર આપ્યો માટે તેઓએ તેની સ્તુતિ કીધી.

ત્રય પછી વીસમો રવિવાર.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન અને અતિ દયાળુ દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, જે બધી વાતોથી અમને દુઃખ પહોચે, તેઓથી તારી પુષ્કળ દયા વડે અમારી રક્ષા કર, કે અમે દેહ અને આત્મા સહિત તૈયાર રહીને, જે કામો તું અમારી પાસેથી ઇચ્છે છે, તેમને આનંદથી પૂરાં કરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૫, ૧૫.

તો સંભાળો કે તમે ચોકસાઈથી, નિર્બુદ્ધની પેઠે નહિ પણ બુદ્ધિવંતોની પેઠે, ચાલો: સમય ખંડી લો, કાંજે દહાડા ભુંડા છે. એ માટે તમે અણસમજુક ન થાઓ, પણ દેવની ઇચ્છા શી છે તે સમજો. દ્રાક્ષરસથી મસ્ત ન થાઓ, એમાં કુચાલ છે; પણ આત્માથી ભરપૂર થાઓ. ગીતોએ, સ્તોત્રોએ તથા આત્મિક ગાનોએ એક બીજાની સાથે બોલતાં તમારાં હૃદયોમાં પ્રભુને ગાયનો તથા ગીતો ગાઓ; આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે, દેવ બાપની ઉપકારસ્તુતિ સઘળાને સારૂ નિત્ય કરજો. દેવના ભયે એક બીજાને આધીન થાઓ.

સુવાર્તા ૫. માત્થી ૨૨, ૧.

ઇસુએ કહ્યુ કે, આકાશનું રાજ્ય એક રાજાના જેવું છે, જેણે પોતાના દીકરાના લગ્નનુ જમણ કીધુ. અને લગ્નમાં નોતરેલાઓને તેડવા સારૂ તેણે પોતાના ચાકરોને મોકલ્યા, પણ તેઓએ આવવા ન ચાહ્યુ. ફરી તેણે બીજા ચાકરોને મોકલતાં કહ્યુ કે. નોતરેલાઓને કહો, જુઓ, મેં મારૂ જમણ તૈયાર કીધુ છે, મારા બળદ તથા પુષ્ટ જનાવરો કાપ્યાં છે, ને સઘળાં વાનાં તૈયાર છે, લગ્નમાં આવો. પણ તેઓએ એ ગણકાર્યું નહિ; ને પોતપોતાને માર્ગે ગયા, એક પોતાના ખેતરમાં, ને બીજો પોતાને વેપારે ગયો; અને બાકીનાઓએ

તેના ચાકરોને પકડ્યા, ને તેમનું અપમાન કરીને તેમને મારી નાખ્યા. પણ રાજા ગુસ્સે થયો, ને તેણે પોતાનું લશ્કર મોકલીને તે ખુનીઓનો નાશ કીધો, ને તેઓનું નગર બાળી નાખ્યુ. પછી તે પોતાના ચાકરોને કહે છે કે, લગ્નનુ જમણ તૈયાર છે ખરૂ, પણ નોતરેલા યોગ્ય ન હતા. એ માટે તમે રસ્તાઓના નાકા પર જાઓ, ને જેટલા તમને મળે તેટલાને લગ્નમાં બોલાવો. અને તે ચાકરોએ બહાર રસ્તાઓમાં જઇને ભુંડા ભલા જેટલા તેઓને મળ્યા તે સઘળાને એકઠા કીધા, એટલે મેમાનોથી લગ્નની ભરતી થઈ. અને મેમાનોને જોવા સારૂ રાજા માંહે આવ્યો, ત્યારે તેણે ત્યાં લગ્નનો પોશાક પહેર્યા વગરના એક જણને દીઠો. ત્યારે તે તેને કહે છે કે, ઓ મિત્ર, તું લગ્નના પોશાક વિના અહીં કેમ આવ્યો? ને તે અણબોલ્યો રહ્યો. ત્યારે રાજાએ ચાકરોને કહ્યુ કે, એના હાથ પગ બાંધીને એને બહારના અંધારામાં ફેંકી દો; ત્યાં રડવું ને દાંત પીસવું થશે. કેમકે તેડેલા ઘણા, પણ પસંદ કરેલા થોડા છે.

ત્રય પછી એકવીસમો રવિવાર.

સારપ્રાર્થના.

હે દયાળુ પ્રભુ, અમે તારી વિનતી કરીએ છીએ કે, તારા વિશ્વાસી લોકોને ક્ષમા તથા શાંતિ આપ, કે તેઓ પોતાનાં બધાં પાપોથી શુદ્ધ થઇને, શાંત મનથી તારી સેવા કર્યા કરે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૬; ૧૦.

મારા ભાઈઓ, પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિવાન થાઓ. શેતાનની યુક્તિઓની સામે, તમે સ્થિર રહી શકો, માટે દેવનાં સર્વ હથિયારો સજો. કેમકે રક્ત તથા માંસની સામે આપણું મલયુદ્ધ નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, જગતમાંના આ અંધકારના સત્તાધારીની સામે, આકાશીઓમાં ભુંડાઈનાં આત્મિક લશ્કરોની સામે છે. એ માટે દેવનાં સર્વ હથિયારો લો, કે તમે ભુંડે દહાડે અટકાવી શકો, ને સર્વ કરીને ઉભા રહી શકો. એ માટે સત્યથી તમારી કમર બાંધીને તથા ન્યાયીપણાનુ બખ્તર પહેરીને તથા શાંતિની સુવાર્તાની તૈયારી પગોમાં પહેરીને, ઉભા રહો. સર્વ ઉપરાંત વિશ્વાસની ઢાલ લો, જેથી ભુંડાના બળતા ભાલાઓ હોલવી શકશો. અને તારણનો ટોપ તથા આત્માની તરવાર જે દેવની વાત છે, તે લો. આત્મામાં સર્વ પ્રાર્થના તથા વિનંતી હરવખત કરો, ને તેજ માટે સઘળા પવિત્રો વિષે સર્વ હઠેઠથી તથા વિનંતીથી જાગતા રહો, ને મારે વાસ્તે પણ, કે જે સુવાર્તાને સારૂ હું સાંકળોમાં એલચી છું, તેનો ભેદ જણાવવાને મને મારૂં મ્હો ઉઘાડીને બોલવાને માટે હિમ્મત અપાય,

અને કે તેમાં જેમ બોલવું ઘટાર્થ છે, તેમ બોલવાને હું હિમ્મતવાન થાઉ.

સુવાર્તા. ૫. યોહાન ૪; ૪૬.

એક અમીર હતો, કે જેનો દીકરો કાપરનાહુમમાં માંદો હતો. તેણે સાંભળ્યું કે ઇસુ યહુદાહથી ગાલીલમાં આવ્યો છે, ત્યારે તેણે તેની પાસે જઇને તેની વિનતી કીધી કે, આવીને મારા દીકરાને સાજો કર; કેમકે તે મરવાની અણી પર હતો. ત્યારે ઇસુએ તેને કહ્યુ કે, ચિન્હો તથા આશ્ચર્યો દીઠા વગર તમે વિશ્વાસ કરવાના નથી. અમીર તેને કહે છે કે, પ્રભુ, મારા દીકરાના મરવા અગાઉ આવ. ઇસુ તેને કહે છે કે, ચાલ્યો જા, તારો દીકરો જીવતો રહ્યો છે. જે વાત ઇસુએ તેને કહી, તે પર વિશ્વાસ કરીને તે માણસ ચાલ્યો ગયો. અને તે ચાલ્યો જતો હતો એટલામાં તેના ચાકરો તેને મળ્યા, ને તેઓએ કહ્યુ કે, તારો દીકરો જીવતો રહ્યો છે. માટે તેણે તેઓને પુછ્યુ કે, કયી ઘડીએ તે સાજો થવા લાગ્યો? ત્યારે તેઓએ તેને કહ્યુ કે, કાલે બપોર પછી એક કલાકે તાવે તેને છોડયો. એથી બાપે જાણ્યુ કે, જે ઘડી ઇસુએ તેને કહ્યુ હતું કે, તારો દીકરો જીવતો રહ્યો છે તેજ ઘડીએ એ થયુ. ને તેણે પોતે તથા તેના ઘરનાં સઘળાંએ વિશ્વાસ કીધો. ઇસુએ ફરી યહુદાહથી ગાલીલમાં આવીને આ બીજો ચમતકાર કીધો.

ત્રય પછી બાવીસમા રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, કલીસીઆ, જે તારૂં કુટુંબ છે તેને તું ભકિતમાં નિરંતર દૃઢ રાખ, કે તે, તારી રક્ષા વડે બધી આપદાઓથી બચાવ પામીને, સારાં કામો વડે તારી સેવામાં લાગી રહે, કે જેથી તારા નામનો મહિમા થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ફિલિપી. ૧; ૩.

મારી સર્વ પ્રાર્થનામાં નિત્ય આનંદથી તમ સર્વને સારૂ વિનંતી કરીને, પહેલા દહાડાથી આજ સુધી સુવાર્તામાં તમારા ભાગિયાપણાને લીધે, હું જ્યારે જ્યારે તમારૂં સ્મરણ કરૂં છું ત્યારે ત્યારે મારા દેવનો ઉપકાર માનુ છુ. મને ભરોસો છે કે, જેણે તમારામાં સારા કામનો આરંભ કીધો તે, ઇસુ ખ્રીસ્તના દહાડા સુધી, સપૂર્ણ કરતો જશે. એમજ તમ સર્વ વિષે એ માનવુ મને યોગ્ય છે, કારણ કે તમ બધા કૃપામાં મારી સાથે ભાગિયા છતાં, હું મારાં બંધનોમાં ને સુવાર્તાના પ્રત્યુત્તર આપવામાં તથા તેને સાબિત કરવામાં, તમને મારા હૃદયમાં રાખું છું. કેમકે દેવ મારો સાક્ષી છે, કે હુ ઇસુ ખ્રીસ્તની કરૂણામાં તમ સર્વને કેટલા ચાહુ છું. અને હું એવી પ્રાર્થના કરૂં છું કે, જ્ઞાનમાં તથા સર્વ સમજમાં તમારી પ્રીતિ વધારે ને વધારે થતી જાય. એ સારૂ કે જે

ઉત્તમ તે તમે પારખી લો, કે તમે ખ્રીસ્તના દહાડા સુધી નિષ્કપટ તથા નિર્દોષ થાઓ: ને દેવની સ્તુતિ તથા મહિમા થવા સારૂ ન્યાયીપણાનાં જે ફળ ઇસુ ખ્રીસ્તથી છે તેઓથી ભરપૂર થાઓ.

સુવાર્તા. ૫. માત્થી ૧૮, ૨૧.

પીતરે ઇસુની પાસે આવીને કહ્યુ કે, ઓ પ્રભુ, મારો ભાઈ મારી વિરૂદ્ધ કેટલી વાર અપરાધ કરે, ને હુ તેને માફ કરૂં? શું સાત વાર સુધી? ઇસુએ તેને કહ્યુ કે, સાત વાર સુધીનુ હુ તને નથી કહેતો, પણ સિત્તેર ગણી સાત વાર સુધી. એ માટે આકાશના રાજ્યને એક રાજાની ઉપમા અપાય છે કે જેણે પોતાના ચાકરો પાસે હિસાબ લેવા ચાહ્યો. અને તે હિસાબ લેવા લાગ્યો, ત્યારે તેઓએ દસ હજાર તાલંતના એક દેવાદારને તેની પાસે આણ્યો. પણ વાળી આપવાનુ તેની પાસે ન હોવાથી, તેના શેઠે તેને તથા તેની બાયડીને તથા તેનાં છોકરાંને તથા તેની પાસે જે હતું તે સઘળું વેચીને દેવું વાળવાની આજ્ઞા કીધી. એ માટે તે ચાકરે તેને પગે લાગીને વિનંતી કરતાં કહ્યુ કે, સાહેબ, ધીરજ રાખ, ને હું તારૂં બધું વાળીશ. ત્યારે તે ચાકરના શેઠને દયા આવ્યાથી તેણે તેને મુકી દીધો, ને દેવું તેને માફ કીધુ. પણ તેજ ચાકરે બહાર જઇને પોતાના સાથી ચાકરોમાંના એકને દીઠો જે તેના સો દીનારનો દેવાદાર હતો, ત્યારે તેણે તેનો ટોટો પકડીને કહ્યુ કે, તારૂં દેવુ વાળ. ત્યારે તેના સાથી ચાકરે તેને પગે લાગીને તેને વિનંતી કરતાં કહ્યુ કે, ધીરજ રાખ, ને હું તારૂં વાળી આપીશ. અને તેણે માન્યું નહિ, પણ જઇને તે દેવુ વાળે ત્યાં લગી તેને કેદખાનામાં નાખ્યો. ત્યારે જે જે થયુ તે તેના સાથી ચાકરો જોઇને ઘણા દલગીર થયા, ને તેઓએ જઇને જે થયું તે બધુ પોતાના શેઠને કહી દેખાડયું. ત્યારે તેના શેઠે તેને બોલાવીને કહ્યુ કે, અરે દુષ્ટ ચાકર, તે મને વિનંતી કીધી, માટે મેં તને તે બધુ લેણું માફ કીધુ. મેં તારા પર જેવી દયા કીધી તેવી દયા શું તને પણ તારા સાથી ચાકર પર કરવી ઘટાર્થ ન હતી? અને તેના શેઠે ગુસ્સે થઇને તેનુ બધુ દેવું વાળે ત્યાં સુધી તેને પીડા આપનારાઓને સોંપ્યો. એ પ્રમાણે જો તમે પોતપોતાના ભાઈઓના અપરાધ પોતાના અંતઃકરણથી માફ નથી કરતા, તો મારો આકાશમાંનો બાપ પણ તમને એમજ કરશે.

ત્રય પછી તેવીસમો રવિવાર.

સારપ્રાર્થના.

હે દેવ, અમારા આશ્રય તથા સામર્થ્ય, તુ બધી સુભકિતનો કર્તા છે; અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું તારી કલીસીઆની ધાર્મિક પ્રાર્થનાઓ સાંભળવા સારૂ સિદ્ધ રહે, કે જે કંઈ અમે

વિશ્વાસથી માગીએ તે ખરેખાત પામીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એવું તું કર. આમેન.

પત્ર. ફિલિપી. ૩, ૧૭.

ભાઈઓ, મને અનુસરો, ને અમે જે નમુનો તમને આપીએ છીએ તે પ્રમાણે જે ચાલનારા તેઓને ધારી જુઓ. કેમકે ઘણા એવી રીતે ચાલનારા છે, કે જેઓ વિષે મેં તમને ઘણી વાર કહ્યુ, ને હમણાં રડતો પણ કહુ છુ કે, તેઓ ખ્રીસ્તના વધસ્તંભના શત્રુઓ છે, વિનાશ તેઓનો અંત, પેટ તેઓનો દેવ, લાજમાં તેઓનુ અભિમાન છે, તેઓ સંસારી ચિત્ત રાખે છે. પણ આપણું પ્રજાપણુ આકાશમાં છે, ત્યાંથી પણ આપણે તારનાર એટલે પ્રભુ ઇસુ ખ્રીસ્તની રાહ જોઈએ છીએ. તે, જે સામર્થ્યથી સઘળાં પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી દીનાવસ્થામાંના શરીરને બદલશે, કે તે પોતાના મહિમાના શરીર સરખું થાય.

સુવાર્તા. ૫. માત્થી ૨૨; ૧૫.

ત્યારે ફરોશીઓએ જઇને તેને શી રીતે વાતમાં સપડાવવો, એ સંબંધી મનસુબો કીધો. પછી તેઓએ પોતાના શિષ્યોને હેરોદીઓ સુદ્ધાં તેની પાસે મોકલીને કહાવ્યું કે, ઓ ઉપદેશક, અમે જાણીએ છીએ કે તું સાચો છે, ને સાચાઈથી દેવનો માર્ગ શિખવે છે, ને તું કોઈની દરકાર નથી કરતો, કેમકે માણસોનુ મ્હો તું નથી રાખતો. માટે તું શું ધારે છે? કાઇસારને કર આપવો ઉચિત છે કે નહિ? તે અમને કહે. પણ ઇસુએ તેઓની ભુંડાઈ જાણીને કહ્યુ કે, ઓ ઢોંગીઓ, તમે મારૂ પરીક્ષણ કેમ કરો છો? કરનુ નાણું મને દેખાડો. ત્યારે તેઓ એક દીનાર તેની પાસે લાવ્યા. ત્યારે તે તેઓને કહે છે કે, આ સુરત તથા લેખ કોનાં છે? તેઓ તેને કહે છે કે કાઇસારનાં. ત્યારે તે તેઓને કહે છે કે, જે કાઇસારનાં તે કાઇસારને, તથા જે દેવનાં તે દેવને ભરી આપો. અને એ સાંભળીને તેઓ અચરત થયા, ને તેને મુકીને ચાલ્યા ગયા.

ત્રય પછી ચાવીસમો રવિવાર.

સારપ્રાર્થના.

ઓ પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા લોકોના અપરાધોની તેમને માફી આપ; કે જે જે પાપો અમ બધાંએ પોતાની નિર્બળતાને લીધે કીધાં છે, તેમનાં બંધનોથી તારી ઘણી દયા વડે છૂટી જઈએ; હે આકાશી બાપ, અમારા ધન્યવાન પ્રભુ, અને તારનાર, ઇસુ ખ્રીસ્તને લીધે એમ કર. આમેન.

પત્ર. કલોસી. ૧ ; ૩.

અમે, ખ્રીસ્ત ઇસુમાં તમારા વિશ્વાસ વિષે, ને તમારે સારૂ આકાશમાં રાખેલી આશાને લીધે સર્વ પવિત્રો પર તમારો જે પ્રેમ છે તે વિષે સાંભળ્યું, ત્યારથી તમારે સારૂ હમેશાં પ્રાર્થના કરીને દેવ જે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો બાપ તેની ઉપકારસ્તુતિ કરીએ છીએ, તે આશા વિષે તમે સુવાર્તાના ખરાપણાની વાતમાં અગાઉ સાંભળ્યુ, તે તમારી પાસે આવી છે, જેમ આખા જગતમાં પણ છે ને ફળ આપે છે ને વધે છે; જે દહાડાથી તમે ખરાપણામાં દેવની કૃપા સાંભળી તથા જાણી તે દહાડાથી તમારામાં પણ એમજ છે. એમજ એપાફ્રા અમારા વહાલા સાથીદાસ પાસેથી તમે શિખ્યા, તે અમારે માટે ખ્રીસ્તનો વિશ્વાસુ સેવક છે; આત્મામાં તમારો પ્રેમ તેણે પણ અમને જણાવ્યો.

એ માટે અમે તે સાંભળ્યું તે દહાડાથી તમારે સારૂ પ્રાર્થના તથા અરજ કરવાને ચુકતા નથી, કે તમે સર્વ બુદ્ધિ તથા આત્મિક સમજણમાં દેવની ઇચ્છાના જ્ઞાનથી ભરપૂર થાઓ, એવા કે તમે સર્વ રીતે પ્રસન્નતાને સારૂ પ્રભુને યોગ્ય ચાલો, ને સર્વ સારાં કામમાં ફળ લાવો, ને દેવની ઓળખાણમાં વધતા જાઓ, ને આનંદસહિત સર્વ ધીરજ તથા સહનતાને સારૂ, તેના મહિમાના પરાક્રમ પ્રમાણે સર્વશકિતમાન થાઓ, ને જે બાપે આપણને અજવાળામાંના પવિત્રોના વારસાના ભાગને સારૂ યોગ્ય કીધા છે, તેની ઉપકારસ્તુતિ કરો.

સુવાર્તા. ૫. માત્થી ૯ ; ૧૮.

ઇસુ યોહાનના શિષ્યોને આ વાત કહેતો હતો, ત્યારે જુઓ, એક અધિકારી આવીને તેને પગે લાગીને કહે છે કે, મારી દીકરી હવે તો મરી ગઈ હશે, પણ તું આવીને તારો હાથ તેના પર મુક, એટલે તે જીવતી થશે. ત્યારે ઇસુ ઉઠીને પોતાના શિષ્યો સુદ્ધાં તેની પાછળ ગયો. અને જુઓ, એક બાયડીને બાર વરસથી લોહીવા હતો, તે તેની પાછળ આવીને તેના લુગડાની કોરને અડકી. કેમકે તેણે પોતાના મનમાં કહ્યુ કે, જો હુ માત્ર એના લુગડાને અડકું તો સાજી થઈ જઈશ. ત્યારે ઇસુએ પાછા ફરીને તથા તેને જોઇને કહ્યુ કે, દીકરી, હિમ્મત રાખ, તારા વિશ્વાસે તને સાજી કીધી છે; ને તે બાયડી તેજ ઘડીથી સાજી થઈ. પછી ઇસુએ તે અધિકારીના ઘરમાં આવીને વાંસળી વગાડનારાઓને તથા લોકને કલકલાટ કરતા દીઠા. ત્યારે તેણે કહ્યુ કે, આઘા ખસો; કેમકે છોડી મરી નથી ગઈ, પણ ઉંઘે છે. અને તેઓએ તેને હસી કાઢયો. અને લોકોને બહાર કાઢયા, ત્યારે તેણે માંહે જઇને તેનો હાથ પકડયો; ને તે છોડી ઉઠી. અને તે વાતની ચરચા તે આખા દેશમાં ફેલાઈ ગઈ.

ત્રય પછી પચીસમો રવિવાર.

સારપ્રાર્થના.

હે પ્રભુ, તું તારા વિશ્વાસી લોકોનાં મનને ઉત્તેજીત કર, કે તેઓ સારાં કામનાં ઘણાં ફળ લાવીને તારાથી સારો બદલો પામે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. યિર્મેયાહ ૨૩; ૫.

યહોવાહ કહે છે, જુઓ, એવા દિવસો આવે છે, કે જેમાં હુ દાઉદના વશમાં ન્યાયી અંકુર ઉગાવીશ, ને તે રાજા થઇને રાજ્ય કરશે, ને બુદ્ધિથી વર્તશે, ને પૃથ્વીમાં ન્યાય તથા નીતિ ચલાવશે. તેના દિવસોમાં યહુદાહ તારણ પામશે, ને ઇસ્રાએલ નિર્ભય રહેશે, ને તેના જે નામથી તેને બોલાવશે તે એ કે, યહોવાહ અમારૂ ન્યાયીપણું. તે માટે યહોવાહ કહે છે, જુઓ, એવા દિવસો આવે છે, કે જેમાં એવુ ફરી નહિ કહેવાશે, કે ઇસ્રાએલપુત્રોને મિસર દેશમાંથી બહાર લાવનાર યહોવાહ જીવતો છે; પણ એવુ કહેવાશે કે, ઇસ્રાએલના ઘરના વંશને ઉત્તર દેશમાંથી, તથા જે સર્વ દેશોમાં મે તેઓને ખદેડી મુકયા હતા ત્યાંથી ચલાવીને બહાર કાઢી લાવનાર યહોવાહ જીવતો છે; ને તેઓ પોતાના વતનમાં રહેશે.

સુવાર્તા. ૫. યોહાન ૬; ૫.

માટે ઇસુ નજર ઉંચી કરીને પોતાની પાસે મોટો સમુદાય આવતો જોઇને ફીલીપને કહે છે કે, એઓ ખાય માટે આપણે રોટલી કયાંથી વેચાતી લઈએ? પણ તેણે તેને પારખવા સારૂ એ કહ્યું; કેમકે તે શું કરવાનો હતો, એ તે પોતે જાણતો હતો. ફીલીપે તેને ઉત્તર આપ્યો કે, બસે દીનારની રોટલી એઓને સારૂ બસ નથી કે તેઓમાંના દરેકને થોડું થોડું મળે. તેના શિષ્યોમાંનો એક, એટલે સીમોન પીતરનો ભાઈ આંદ્રયા, તેને કહે છે કે, એક જુવાન અહીં છે, તેની પાસે જવની પાંચ રોટલી, ને બે માછલી છે, પણ એથી આટલાંને શું થાય? ઇસુએ કહ્યુ કે, લોકોને બેસાડો. હવે તે ઠેકાણે ઘણું ઘાસ હતું. અને તેઓ બેસી ગયા, ને પુરૂષોની સંખ્યા પાંચેક હજારની હતી. ત્યારે ઇસુએ તે રોટલીઓ લીધી, ને સ્તુતિ કરીને બેઠેલાઓને પિરસી, માછલીઓમાંથી પણ જેટલુ જોઇતું હતું તેટલું એજ રીતે આપ્યું. અને તેઓ ધરાયા પછી તે પોતાના શિષ્યોને કહે છે કે, કંઈ નકામુ ન જાય માટે છાંડેલા કકડા એકઠા કરો. તે માટે તેઓએ તે એકઠા કર્યા, ને તે જવની પાંચ રોટલીમાંના જે છાંડેલા કકડા જમનારાઓએ રહેવા દીધા હતા, તેઓની બાર ટોપલી ભરી. માટે તે લોકોએ ઇસુનો કરેલો એ ચમત્કાર જોઇને કહ્યું કે, જે ભવિષ્યવાદી જગતમાં આવનાર છે, તે નિશ્ચે એજ છે.

¶ जो आगमनना रविवार पहेलां त्रय पछी पचीस करतां वधारे रविवार होय, तो

एपिफनी पछीना जेटला रविवारनी सारप्रार्थनाओ मुकी देवामां आवी होय, ते प्रार्थनाओ, पत्रो, तथा सुवार्ताओ, खप प्रमाणे वचाय; अने जो पचीस करतां ओछा थाय, तो बाकीना मुकी देवा, पण आ छेल्ली प्रार्थना, पत्र, तथा सुवार्ता, हमेशां आगमनथी आगला रविवारे वचावी जोईए.

પવિત્ર આંદ્રયાનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં તારા પવિત્ર પ્રેરિત આંદ્રયાને એવી કૃપા આપી, કે તે તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના તેડાને તત્કાળ માનીને ઢીલ કર્યા વગર તેની પાછળ ચાલ્યો; એમ બધાં પર કૃપા કર કે, અમે પણ તારા પવિત્ર વચનથી તેડાએલાં થઇને, તારી પવિત્ર આજ્ઞાઓ આધીનતાથી પાળવા સારૂ પોતાને તરત સોંપી દઈએ, તેજ ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. રૂમી. ૧૦; ૯.

જો તું તારે મ્હોડે ઇસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, ને દેવે તેને મુએલાંઓમાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં કરીશ, તો તું તારણ પામીશ. કારણ કે ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ કરાય છે, ને તારણને અર્થે મ્હોથી કબૂલાત કરવામાં આવે છે. કેમકે ધર્મલેખ કહે છે કે, એના ઉપર જે કોઈ વિશ્વાસ કરશે તે લજવાશે નહિ. કેમકે યહુદી તથા હેલેનીમાં ભેદ નથી. કેમકે સર્વનો પ્રભુ એકજ છે, અને જેઓ તેને વિનંતી કરે છે તે સર્વ પ્રત્યે તે સંપત્તિવાન છે. કેમકે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે. પણ જેના ઉપર તેઓએ વિશ્વાસ નથી કર્યો, તેને તેઓ કેમ વિનંતી કરશે? વળી જેને વિષે તેઓએ સાંભળ્યું નથી, તેના ઉપર તેઓ વિશ્વાસ કેમ કરશે? વળી ઉપદેશક વગર તેઓ કેમ સાંભળશે? વળી તેઓને મોકલ્યા વગર તેઓ કેમ ઉપદેશ કરશે? જેમ લખ્યુ છે કે, વધામણીની સુવાર્તા સંભળાવનારાઓનાં પગલાં કેવાં સુંદર છે!

પણ સઘળાએ તે સુવાર્તા માની નહિ; કેમકે યશાયાહ કહે છે કે, ઓ પ્રભુ, અમારા સંદેશા પર કોણે વિશ્વાસ કીધો છે? ત્યારે સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે તથા ખ્રીસ્તની વાતની મારફતે સંદેશો સંભળાય છે. પણ હું પુછું છું કે, શુ તેઓએ નથી સાંભળ્યું? હા, નિશ્ચે,

આખી પૃથ્વીમાં તેઓનો અવાજ
તથા જગતના છેડાઓ સુધી તેઓની વાતો ફેલાઈ છે.

પણ હું પુછું છું કે, શું ઇસ્રાએલપુત્રો જાણુતા ન હતા? પ્રથમ મુસા કહે છે કે,

જેઓ દેશજાતિ નથી તેઓ વડે હું તમને ઇર્ષિત કરીશ;
અણસમજુ દેશજાતિ વડે હું તમને ક્રોધે ચઢાવીશ.

વળી યશાયાહ બહુ છાતી રાખીને કહે છે કે,

જેઓ મને શોધતા ન હતા તેઓને હું મળ્યો;

જેઓ મારા સંબંધી પુછતા ન હતા તેઓને હું પ્રગટ થયો.

પણ ઇસ્રાએલ વિષે તો તે કહે છે કે, આખો દિવસ, ન માનનારા તથા ઉલટું બોલનારા લોકો ભણી મેં મારા હાથ પસાર્યા.

સુવાર્તા. ૫. માત્થી ૪, ૧૮.

ઇસુ ગાલીલના સમુદ્રને કાંઠે ચાલતો હતો, ત્યારે તેણે બે ભાઈઓને, એટલે સીમોન જે પીતર કહેવાય છે તેને તથા તેના ભાઈ આંદ્રયાને સમુદ્રમાં જાળ નાખતા દીઠા, કેમકે તેઓ માછલાં પકડનારા હતા. ત્યારે તે તેઓને કહે છે કે, મારી પાછળ આવો, ને હું તમને માણસોના પકડનારા કરીશ. અને તેઓ તરત જાળો મુકીને તેની પાછળ ગયા. અને તેણે ત્યાંથી આગળ જતાં બીજા બે ભાઈઓને, એટલે ઝબદીના દીકરા યાકુબને તથા તેના ભાઈ યોહાનને, તેઓના બાપ ઝબદીની સાથે વહાણમાં પોતાની જાળો સાંધતા જોઇને તેઓને પણ તેડયા. ત્યારે તેઓ વહાણને તથા પોતાના બાપને તરત મુકીને તેની પાછળ ગયા.

પવિત્ર પ્રેરિત થોમાનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા સદા જીવતા દેવ, તેં વિશ્વાસને વધારે દૃઢ કરવા સારૂ, તારા પવિત્ર પ્રેરિત થોમાને તારા પુત્રના પુનરૂત્થાન વિષે સંદેહમાં પડવા દીધો; એવું કર કે, અમે તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત ઉપર એવો પૂરો અને નિઃસંદેહ વિશ્વાસ રાખીએ કે, અમારો વિશ્વાસ તારી દૃષ્ટિમાં કદી ઠપકાને પાત્ર ન ઠરે. હે પ્રભુ, તેજ ઇસુ ખ્રીસ્તને લીધે અમારૂ સાંભળ, જેને તારી તથા પવિત્ર આત્માની સાથે બધું માન તથા મહિમા, હમણાં અને સદાકાળ સુધી થાઓ. આમેન.

પત્ર. એફેસી. ૨; ૧૯.

એ માટે તમે હવે પારકા તથા વિદેશી નથી, પણ પવિત્રોની સાથેના એક નગરના તથા દેવના ઘરના છો. પ્રેરિતો તથા ભવિષ્યવાદીઓના પાયા પર બંધાએલા છો; ઇસુ ખ્રીસ્ત પોતે તો ખુણાનુ મથાળું છે; એમાં દરેક બાંધણી જોડાએલી થવાથી પ્રભુમાં પવિત્ર મંદિર વધતું જાય છે; તેમાં તમે પણ દેવના રહેવા સારૂ આત્માએ સાથે બંધાએલા છો.

સુવાર્તા. ૫. યોહાન ૨૦; ૨૪.

પણ જ્યારે ઇસુ આવ્યો ત્યારે થોમા, બારમાંનો એક, જે દીદીમસ કહેવાતો હતો, તે તેઓની સાથે ન હતો. તે માટે બીજા શિષ્યોએ તેને કહ્યું કે, અમે પ્રભુને જોયો છે. પણ તેણે તેઓને

કહ્યું કે, તેના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મુકયા વિના તથા તેની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના, હું વિશ્વાસ કરનાર નથી.

અને આઠ દહાડા પછી ફરી તેના શિષ્યો માંહે હતા, ને થોમા તેઓની સાથે હતો; ત્યારે બારણાં બંધ કીધાં છતાં, ઇસુએ આવીને વચમાં ઉભા રહીને કહ્યું કે, તમને શાંતિ થાઓ. પછી તે થોમાને કહે છે કે, તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો, ને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ, ને અવિશ્વાસી તો નહિ, પણ વિશ્વાસી થા. થોમાએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, મારા પ્રભુ, ને મારા દેવ. ઇસુ તેને કહે છે કે, તેં મને જોયો છે, માટે વિશ્વાસ કીધો છે, જેઓએ જોયા વિના વિશ્વાસ કીધો તેઓને ધન્ય છે.

અને બીજા ઘણા ચમત્કાર ઇસુએ પોતાના શિષ્યોની આગળ કર્યા, કે જે આ પુસ્તકમાં લખેલા નથી. પણ ઇસુ તેજ ખ્રીસ્ત, દેવનો દીકરો છે, એવો તમે વિશ્વાસ કરો, ને વિશ્વાસ કરીને તેના નામથી તમે જીવન પામો માટે આ લખેલા છે.

પવિત્ર પાઉલના પરિવર્તનનો દિવસ.

સારપ્રાર્થના.

હે દેવ, તેં તારા ધન્યવાન પ્રેરિત પવિત્ર પાઉલના ઉપદેશથી સુવાર્તાનું અજવાળું આખા જગતમા ચમકાવ્યું, અમે તારી વિનંતી કરીએ છીએ કે, અમે તેના અદ્‌ભુત પરિવર્તનનું સ્મરણ કરીને, તેના પવિત્ર ઉપદેશ પ્રમાણે ચાલવાથી તેને માટે તારી આગળ અમારી ઉપકારસ્તુતિ પ્રગટ કરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૯; ૧.

પણ શાઉલ હજુ સુધી પ્રભુના શિષ્યોની વિરૂદ્ધ કતલ કરવાની ધમકીઓ ઉચ્ચારતો પ્રમુખ્ય યાજકની પાસે ગયો. અને તેની પાસેથી દમસ્કમાંની સભાઓ પર પત્રો માગ્યા કે જો તેને એ માર્ગનો કોઈ પણ પુરૂષ કે સ્ત્રી મળે, તો તે તેઓને બાંધીને યરૂશાલેમમાં લાવે. અને એવું બન્યુ કે તે ચાલતાં ચાલતાં દમસ્ક પાસે પહોંચ્યો ત્યારે એકાએક તેની આસપાસ આકાશથી પ્રકાશ ચમકયો. અને તે ભોંય પર પડયો, ને તેની સાથે બોલતી એવી એક વાણી તેણે સાંભળી કે, શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? ત્યારે તેણે કહ્યુ કે પ્રભુ, તું કોણ છે? ને તેણે કહ્યું કે, હું ઇસુ છું, કે જેને તું સતાવે છે; પણ તું ઉઠ, ને શહેરમાં જા, ને તારે શું કરવું તે તને કહેવામાં આવશે. અને તેની સાથે ચાલનારા માણસો સ્તબ્ધ થઈ ગયા, કેમકે તેઓએ વાણી સાંભળી ખરી, પણ કોઈને દીઠો નહિ. પછી શાઉલ ભોંય પરથી ઉઠયો; ને તેની

આંખો ઉઘડી ત્યારે તે કંઈ દેખી શકયો નહિ; ને તેઓ તેનો હાથ પકડીને તેને દમસ્કમાં દોરી ગયા. અને ત્રણ દિવસ સુધી તે દેખી શકયો નહિ, ને તેણે કંઈ ખાધુ કે પીધું નહિ.

હવે દમસ્કમાં અનાનિયા નામે એક શિષ્ય હતો, તેને પ્રભુએ દર્શનમાં કહ્યુ કે, અનાનિયા; ત્યારે તેણે કહ્યુ કે, ઓ પ્રભુ, હુ આ રહ્યો. ત્યારે પ્રભુએ તેને કહ્યું કે, ઉઠીને પાધરા નામના રસ્તામાં જા, ને શાઉલ નામે તાર્સસના એક માણુસ વિષે યહુદાના ઘરમાં ખબર કાઢ; કેમકે જો, તે પ્રાર્થના કરે છે, અને તેણે દર્શનમાં એવું જોયું છે કે, અનાનિયા નામે એક માણુસ માંહે આવીને, તે દેખતો થાય માટે તેના પર હાથ મુકે છે. પણ અનાનિયાએ ઉત્તર દીધો કે, પ્રભુ, મે ઘણાથી એ માણુસ વિષે સાંભળ્યુ છે કે યરૂશાલેમમાંના તારા સતોને તેણે કેટલુ બધુ દુ:ખ દીધુ છે; અને જેઓ તારા નામની પ્રાર્થના કરે છે તે સર્વને બાંધવા સારૂ મુખ્ય યાજકો પાસેથી અહીં પણ તેને અધિકાર છે. પણ પ્રભુએ તેને કહ્યુ કે, તું ચાલ્યો જા; કેમકે વિદેશીઓ, તથા રાજાઓ, તથા ઇસ્રાએલપુત્રોની આગળ મારૂ નામ પ્રગટ કરવા સારૂ એ મારૂં પસંદ કરેલું પાત્ર છે. કેમકે મારા નામને લીધે તેને કેટલું દુ:ખ સહેવું પડશે, એ હું તેને દેખાડીશ. ત્યારે અનાનિયા ચાલ્યો ગયો, ને તે ઘરમાં પેઠો, ને તેના પર પોતાના હાથ મુકીને કહ્યુ કે, ભાઈ શાઉલ, પ્રભુ, એટલે ઇસુ જે તને માર્ગે આવતાં દેખાયો, તેણે મને મોકલ્યો છે, એ માટે કે તું દેખતો થાય, ને પવિત્ર આત્માથી ભરપૂર થાય. ત્યારે તેની આંખો પરથી તત્કાળ છાલાં જેવું કંઈ ખરી પડયું, ને તે દેખતો થયો, ને ઉઠીને તે બાપ્તિસ્મા પામ્યો, ને તેણે અન્ન ખાધુ ત્યારે તેને શક્તિ આવી.

અને તે દમસ્કમાંના શિષ્યોની સાથે કેટલાએક દિવસ રહ્યો. અને તેણે લાગલોજ સભાસ્થાનોમાં ઇસુને પ્રગટ કીધો કે, તે દેવનો દીકરો છે. અને જેઓએ તેનુ સાંભળ્યુ તેઓ સર્વ વિસ્મિત થઇને બોલ્યા કે, જેણે આ નામની પ્રાર્થના કરનારાઓનો યરૂશાલેમમાં ઘાણ વાળ્યો, ને જે એ કામને સારૂ અહી આવ્યો છે કે તેઓને બાંધીને મુખ્ય યાજકોની પાસે લઈ જાય, તે શુ એ નથી? પણ શાઉલ સામર્થ્યમાં વધતો ગયો, ને ઇસુ તેજ ખ્રીસ્ત છે એના પ્રમાણો આપીને તેણે દમસ્કમાં રહેનારા યહુદીઓને હરાવી નાખ્યા.

સુવાર્તા. ૫. માત્થી ૧૯; ૨૭.

પીતરે ઉત્તર દેતાં ઇસુને કહ્યુ, જો, અમે બધુ મુકીને તારી પાછળ આવ્યા છીએ, તો અમને શું મળશે? અને ઇસુએ તેઓને કહ્યુ, હું તમને ખચિત કહું છું કે, જ્યારે પુનરૂત્પત્તિમાં માણુસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન

પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા, ઇસ્રાએલનાં બારે કુળનો ન્યાય કરતાં બાર રાજ્યાસનો પર બેસશો. અને જે કોઈએ ઘરોને, કે ભાઈઓને, કે બહેનોને, કે બાપને, કે માને, કે છોકરાંને, કે ખેતરોને, મારા નામને લીધે મુકી દીધાં છે, તે સોગણાં પામશે, ને અનંત જીવનનો વારસો પામશે. પણ ઘણા જે પહેલા, તેઓ છેલ્લા થશે; ને જે છેલ્લા તેઓ પહેલા થશે.

ખ્રીસ્તને મંદિરમાં આણવાનો દિવસ,

જે પવિત્ર કુંવારી મરિયમનું શુદ્ધિકરણ પણ કહેવાય છે તે.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન અને સદા જીવતા દેવ, અમે તારી મહાનતા આગળ નમ્રતાથી વિનંતી કરીએ છીએ કે, તારો એકાકીજનિત દીકરો અમારી દેહના તત્વમાં જેવી રીતે આજને દિવસે મંદિરમાં અર્પણ કરવામાં આવ્યો, તેવી રીતે મનની પવિત્રતા તથા શુદ્ધતાની સાથે તારી આગળ અમે અર્પિત થઈ જઈએ; તેજ તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. માલાખી ૩, ૧.

જુઓ, હું મારો એલચી મોકલુ છું, ને તે મારી આગળ માર્ગ તૈયાર કરશે; ને પ્રભુ કે જેને તમે શોધો છો, તે અકસ્માત પોતાના મંદિરે આવશે; એટલે કરારનો દૂત જે તમારો આનંદાસ્પદ છે, જુઓ, તે આવે છે, એમ સૈન્યોનો યહોવાહ કહે છે. પણ તેના આવવાનો દિવસ કોણ સહન કરી શકે? ને તે પ્રત્યક્ષ હાજર થશે ત્યારે કોણ ઉભો રહી શકશે? કેમકે તે ધાતુ ગાળનારના અગ્નિરૂપ તથા ધોબીના સાબુરૂપ છે; ને તે રૂપું ગાળનાર તથા શુદ્ધ કરનારની પેઠે બિરાજશે, ને તે લેવીના પુત્રોને શુદ્ધ કરીને સોના તથા રૂપા જેવા ચોખ્ખા કરશે. ને તેઓ યહોવાહને ન્યાયીપણાથી અર્પણો ચઢાવશે. ત્યારે યહુદાહ તથા યરૂશાલેમનાં અર્પણ, જેમ પ્રાચીન કાળમાં તથા અસલનાં વર્ષોમા પ્રસન્ન પડતાં તેમ, યહોવાહને પ્રસન્ન પડશે. અને ન્યાયકરણ ચલાવવા હુ તમારી નજીક આવીશ; ને જાદુગરોની વિરૂદ્ધ તથા વ્યભિચારીઓની વિરૂદ્ધ તથા જૂઠા સોગન ખાનારાઓની વિરૂદ્ધ ને મજૂર પર તેના વેતન બાબત જુલમ કરનારની, ને વિધવા પર તથા અનાથ પર જુલમ કરનારની વિરૂદ્ધ, ને પરદેશીનો હક પચાવી પડનાર તથા મારો ડર ન

રાખનારની વિરૂદ્ધ હું જલદ સાક્ષી થઈશ, એમ સૈન્યોનો યહોવાહ કહે છે.

સુવાર્તા. પ. લુક ૨; ૨૨.

અને મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તેઓના શુદ્ધિકરણના દિવસ પૂરા થયા, ત્યારે જેમ પ્રભુના નિયમશાસ્ત્રમાં લખેલું છે, કે પહેલો અવતરેલો દરેક નર પ્રભુને સારૂ પવિત્ર કહેવાય, તે પ્રમાણે તેઓ તેને પ્રભુની આગળ હાજર કરવાને, તથા પ્રભુના નિયમશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે એક જોડ હોલાનો અથવા ખબુતરનાં બે બચ્ચાંનો યજ્ઞ કરવા સારૂ, તેઓ તેને યરૂશાલેમમાં લાવ્યાં. અને જુઓ, શિમઓન નામે એક માણસ યરૂશાલેમમાં હતો, અને તે માણસ ન્યાયી તથા ધાર્મિક હતો, ને ઇસ્રાએલના દિલાસાની વાટ જોતો હતો, ને પવિત્ર આત્મા તેના પર હતો.

અને પવિત્ર આત્માએ તેને જણાવ્યું હતું કે, પ્રભુના ખ્રીસ્તને જોયા પહેલાં તું મોત નહિ દેખે. અને તે આત્માની પ્રેરણાથી મદિરમાં આવ્યો, ને નિયમશાસ્ત્રના વિધિ પ્રમાણે બાળક ઇસુ વિષે કરવા સારૂ, તેનાં માબાપ તેને માંહે લાવ્યાં, ત્યારે તેણે તેને ખોળામાં લઇને દેવની સ્તુતિ કરીને કહ્યુ કે,

ઓ સ્વામી, હવે તારા વચન પ્રમાણે
તું તારા દાસને શાંતિએ જવા દે;
કેમકે મારી આંખોએ તારૂં તારણ દીઠું છે,
જેને સર્વ લોકની સન્મુખ તેં સિદ્ધ કીધુ છે;
વિદેશીઓને પ્રકાશ આપવા સારૂ,
તથા તારા ઇસ્રાએલી લોકોનો મહિમા થવા સારૂ તે અજવાળું છે.

અને તેના સંબંધી જે વાતો કહેવામાં આવી, તેથી તેનાં માબાપ અચરત થતાં હતાં. અને શિમઓને તેઓને આશીર્વાદ દીધો, અને તેની મા મરિયમને કહ્યુ કે, જો, આ બાળક ઇસ્રાએલમાંના ઘણાના પડવા, તથા પાછા ઉઠવા સારૂ, તથા જેની વિરૂદ્ધ વાંધા લેવામાં આવે તેવી નિશાણી થવા સારૂ ઠરાવેલો છે. હા, ને તારા પોતાના જીવને તરવાર વિંધી નાખશે, એ માટે કે ઘણાં મનની કલ્પના પ્રગટ થાય. અને આશેરના કુળની ફાનુએલની દીકરી આન્ના નામે, એક ભવિષ્યવાદેણ હતી, તે ઘણી વૃદ્ધ થઈ હતી, તે પોતાના કુંવારાપણા પછી પોતાના વરની સાથે સાત વરસ સુધી રહેલી હતી, ને તે ચોર્યાસી વરસથી વિધવા હતી; તે મદિરમાંથી ખસતી ન હતી, ને રાતદિવસ ઉપવાસ તથા પ્રાર્થનાઓ-સહિત તે ભક્તિ કર્યા કરતી. અને તેણે તેજ ઘડીએ ત્યાં આવીને પ્રભુની સ્તુતિ કીધી, ને જેઓ યરૂશાલેમના ઉદ્ધારની વાટ જોતા હતા તે સઘળાને તેના સંબંધી વાત કરી. અને તેઓ પ્રભુના નિયમશાસ્ત્ર પ્રમાણે બધુ કરી ચુકયા પછી ગાલીલમાં પોતાના શહેર નાઝારેથમાં પાછાં ગયાં.

અને તે છોકરો મોટો થયો, ને જ્ઞાનથી ભરપૂર થઇને બળવાન થયો, ને દેવની કૃપા તેના પર હતી.

પવિત્ર માત્થીઅસનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં વિશ્વાસઘાતી યહુદાની જગ્યામાં, તારા વિશ્વાસુ સેવક માત્થીઅસને બાર પ્રેરિતોની સંખ્યામાં ગણાવા સારૂ નિવેડી લીધો; એવું કર કે તારી કલીસીઆ જુઠા પ્રેરિતોથી સદા બચીને, વિશ્વાસુ તથા સાચા પાળકોની આગેવાની તળે ચલાવવામાં આવે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૧; ૧૫.

તે દિવસોમાં (જ્યારે માણસોનો જથો આસરે એકસો વીસનો હતો ત્યારે) ભાઈઓની વચમાં પીતરે ઉભા થઇને કહ્યું કે, ભાઈઓ, જેઓએ ઇસુને પકડ્યો તેઓને રસ્તો દેખાડનાર યહુદા વિષે દાઉદના મ્હોથી પવિત્ર આત્માએ અગાઉથી જે કહ્યુ હતું તે લેખ પૂરો થવાની અગત્ય હતી. કેમકે તે આપણામાંનો ગણાયો હતો, ને આ સેવામાં તેને ભાગ મળ્યો હતો. (હવે એ માણસે અન્યાયના મૂલથી ખેતર વેચાતું લીધુ, અને ઉંધો પડીને તે વચમાંથી ફાટી ગયો, ને તેનાં સર્વ આંતરડાં નિકળી પડ્યાં. અને યરૂશાલેમના સઘળા રહેવાસીઓને તે માલમ પડયું, તેથી તે ખેતરનું નામ તેઓની ભાષામાં આકેલદમા, એટલે લોહીનું ખેતર, એવું પડયું). કેમકે ગીતશાસ્ત્રમાં એમ લખેલું છે કે,

તેની રહેવાની જગ્યા ઉજડ થાઓ,
ને તેમાં કોઈ ન વસે,
અને તેનું અધ્યક્ષપદ બીજો લે.

માટે યોહાનના બાપ્તિસ્માથી માંડીને પ્રભુ ઇસુ આપણી પાસેથી ઉપર લઈ લેવામાં આવ્યો તે દિવસ સુધી તેણે આપણામાં આવજા કીધી, તે સઘળા વખતમાં જે માણસો આપણી સાથે ફરતા હતા તેઓમાંથી એક જણે આપણી સાથે તેના પુનરૂત્થાનના સાક્ષી થવુ જોઇએ. ત્યારે યુસફ જે બાર્સાબાસ કહેવાય છે, જેની અટક યુસ્તસ હતી, તથા માત્થીઅસ, એ બેને તેઓએ આગળ ધર્યા. અને તેઓએ પ્રાર્થના કરતાં કહ્યુ કે, હે સર્વનાં અંત.કરણ જાણનાર પ્રભુ, જે સેવા તથા પ્રેરિતપદમાંથી યહુદા પતિત થઇને પોતાની જગ્યાએ ગયો, તેમાં તેની જગ્યા પૂરવાને આ બેમાંથી કોને તેં પસંદ કીધો છે તે દેખાડ. અને તેઓએ તેઓને વાસ્તે ચિઠ્ઠીઓ નાખી, ને માત્થીઅસના નામની ચિઠ્ઠી નિકળી; પછી અગીઆર પ્રેરિતોની સાથે તે ગણાયો.

સુવાર્તા. ૫. માત્થી ૧૧; ૨૫.

તે વેળા ઇસુએ કહ્યુ કે, ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તારી સ્તુતિ કરૂ છું, કેમકે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓથી તેં એ વાતો ગુપ્ત રાખી છે, ને બાળકો આગળ પ્રગટ કીધી છે. હા, ઓ બાપ, કેમકે તને એવું સારૂં લાગ્યું.

મારા બાપે મને સઘળું સોંપ્યું છે; ને બાપ વગર દીકરાને કોઈ જાણતો

નથી, ને દીકરા વગર, તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તે વગર, બાપને કોઈ જાણતો નથી. ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝુંસરી પોતા પર લો, ને મારી પાસે શિખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે પોતાના જીવમાં વિસામો પામશો. કેમકે મારી ઝુંસરી સહેલ, ને મારો બોજો હલકો છે.

ધન્ય કુંવારી મરિયમ પર સુસમાચાર આવવાનો દિવસ.

સારપ્રાર્થના.

હે પ્રભુ, અમે વિનંતી કરીએ છીએ કે, અમારાં હૃદયમાં તારી કૃપા રેડી દે, કે જેમ દૂતના સંદેશાથી તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના દેહધારી થવા વિષે અમે જાણ્યુ છે, તેમ તેના ક્રુસ અને દુઃખ-સહનને લીધે. તેના પુનરૂત્થાનના ગૌરવમાં પહોચીએ, તેજ ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. યશાયાહ ૭; ૧૦.

પછી યહોવાહે આહાઝને ફરીથી કહ્યું, તું પોતાને સારૂ તારા દેવ યહોવાહ પાસેથી ચિન્હ માગ; ચાહે તો ઉંડાણ-માંથી, અથવા ચાહે તો ઉંચાણમાંથી માગ. ત્યારે આહાઝે કહ્યુ, હુ નહિ માગીશ, વળી યહોવાહની પરીક્ષા નહિ કરીશ. અને તેણે કહ્યુ, હે દાઉદના ઘરનાં, સાંભળજો, માણસને કાયર કરો છો એ થોડું કહેવાય, કે તમે મારા દેવને પણ કાયર કરવા બેઠા છો? તે માટે પ્રભુ પોતે તમને ચિન્હ આપશે; જુઓ, કુંવારી ગર્ભવતી થઇને પુત્ર જણશે, ને તેનું નામ તે ઇમ્માનૂએલ પાડશે. તે ભુંડું નકારવાને, તથા ભલું પસંદ કરવાને સમજણો થશે, ત્યારે તે દહીં તથા મધ ખાશે.

સુવાર્તા. ૫. લુક ૧; ૨૬.

અને છઠ્ઠે મહિને ગાબ્રીએલ દૂત નાઝારેથ નામે ગાલીલના શહેરમાં એક કુમારિકાની પાસે દેવ તરફથી મોકલાયો હતો. દાઉદના વંશના, યુસફ નામે, એક પુરૂષ જોડે તેની સગાઈ થઈ હતી; ને તે કુમારિકાનું નામ મરિયમ હતું. અને દૂતે તેની પાસે આવીને કહ્યું કે, હે કૃપા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે. પણ એ વચન સાંભળીને તે ઘણી ગભરાઈ, ને વિચાર કરવા લાગી કે, આ કઈ જાતની સલામ હશે! અને દૂતે તેને કહ્યુ કે, ઓ મરિયમ, બી મા, કેમકે દેવથી તું કૃપા પામી છે. અને જો, તને ગર્ભ રહેશે ને તું દીકરો જણશે, ને તું તેનું નામ ઇસુ પાડશે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; ને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. અને તે યાકુબના ઘર પર સર્વકાળ રાજ્ય કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ. અને મરિયમે દૂતને કહ્યુ કે, એ કેમ કરીને થશે?

કેમકે મેં કોઈ પુરૂષને જાણ્યો નથી. અને દૂતે તેને ઉત્તર આપતાં કહ્યું કે, પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે તારાથી જન્મશે તે પવિત્ર, દેવનો દીકરો કહેવાશે. અને જો, તારી સગી એલીસાબેતે પણ તેના ઘડપણમાં દીકરાનો ગર્ભ ધર્યો છે; અને જે વાંઝણી કહેવાતી હતી, તેને આ છઠ્ઠો મહિનો જાય છે. કેમકે દેવ પાસેથી આવેલું કોઈ પણ વચન પરાક્રમ વગરનું નહિ થશે. અને મરિયમે કહ્યું કે, જો, હું પ્રભુની દાસી, તારા કહ્યા પ્રમાણે મને થાઓ. ત્યારે દૂત તેની પાસેથી ગયો.

પવિત્ર માર્કનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં તારા સુવાર્તિક પવિત્ર માર્કના આકાશી શિક્ષણ વડે તારી પવિત્ર કલીસીઆને શિખવ્યું છે; અમને એવી કૃપા આપ, કે અમે જુઠા મતના પવનના ઝપાટાથી બાળકોની પેઠે આમતેમ ન ફેરવાઈએ, પણ તારી પવિત્ર સુવાર્તાની સત્યતા પર સ્થિર થઇને રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. એફેસી. ૪; ૭.

આપણામાંના હરેકને ખ્રીસ્તના દાનના પરિમાણ પ્રમાણે કૃપા અપાએલી છે. એ માટે તે કહે છે કે, ઉંચાણમાં ચઢીને, તે બંદીવાનોને બંધ કરીને લઈ ગયો તથા તેણે માણસોને દાન આપ્યાં. તે ચઢયો, એ શું છે? શું એ નહિ, કે પ્રથમ તે પૃથ્વીના નીચા ભાગોમાં ઉતર્યો? જે ઉતર્યો તે એ છે કે, જે સર્વ આકાશો પર ચઢયો, કે તે સર્વને ભરપૂર કરે. અને પવિત્રોની સંપૂર્ણતા કરવાને અર્થે, સેવાના કામને સારૂ ખ્રીસ્તના શરીરનું સંસ્થાપન કરવા સારૂ, તેણે કેટલાએક પ્રેરિતો, કટલાએક ભવિષ્યવાદીઓ, કેટલાએક સુવાર્તિકો, ને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા; ત્યાં સુધી કે આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસ તથા જ્ઞાનની ઐકયતામાં સંપૂર્ણ પુરૂષપણાને, એટલે ખ્રીસ્તની સંપૂર્ણતાના કદના પરિમાણને પહોંચીએ; એ સારૂ કે હવેથી આપણે માણસોની ઠગાઈથી, ભુલાવવાની યુક્તિના કપટથી, દરેક મતના પવનથી હલાવાએલાં તથા ફેરવાએલાં બાળકો ન હોઇએ. પણ પ્રેમથી સત્ય રાખીને, ખ્રીસ્ત જે શિર, તેમાં સર્વ પ્રકારે વધીએ; એથી આખું શરીર, હરેક સાંધાને આસરે રચાએલું તથા જોડાએલુ, પરિમાણથી પ્રત્યેક અંગની શક્તિ પ્રમાણે, પ્રેમમાં પોતાના સંસ્થાપનને સારૂ શરીરની વૃદ્ધિ કરે છે.

સુવાર્તા. પ. યોહાન ૧૫; ૧.

હું ખરો દ્રાક્ષવેલો છું, ને મારો બાપ માળી છે. મારામાંની હરેક ડાળી જેને ફળ નથી આવતું તેને તે કાપી નાખે છે, ને હરેક ડાળી જેને ફળ આવે છે,

તેને વધારે ફળ આવે માટે તે તેને શુદ્ધ કરે છે. જે વાત મેં તમને કહી છે તેના આસરાથી હવે તમે શુદ્ધ થઈ ગયા છો. તમે મારામાં રહો, ને હું તમારામાં રહીશ; જેમ ડાળી વેલામાં રહ્યા વિના પોતાથી ફળ આપી નથી શકતી, તેમ તમે પણ મારામાં રહ્યા વિના ફળ આપી શકતા નથી. હું તો દ્રાક્ષવેલો છું, ને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે, ને હું તેનામાં, તેજ ઘણાં ફળ આપે છે; કેમકે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી નથી શકતા. જો કોઈ મારામાં રહેતો નથી, તો ડાળીની પેઠે તે બહાર ફેકાય છે, ને સુકાઈ જાય છે; પછી લોક તેઓને એકઠી કરીને અગ્નિમાં નાખે છે, ને તેઓ બળી જાય છે. જો તમે મારામાં રહો, ને મારી વાતો તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, ને તે તમને મળશે. તમે બહુ ફળ આપો, એમાં મારો બાપ મહિમાવાન થાય છે, અને એમ તમે મારા શિષ્ય થશો. જેમ બાપે મારા પર પ્રેમ રાખ્યો છે, તેમ મે પણ તમારા પર પ્રેમ રાખ્યો છે; તમે મારા પ્રેમમાં રહો. જેમ હું મારા બાપની આજ્ઞાઓ પાળીને તેના પ્રેમમાં રહું છુ, તેમ જો તમે મારી આજ્ઞાઓ પાળો તો તમે મારા પ્રેમમાં રહેશો. તમારામાં મારો આનંદ રહે, ને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ માટે મેં તમને એ વાતો કહી છે.

પવિત્ર ફિલિપ તથા પવિત્ર યાકૂબનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશકિતમાન દેવ, તને યથાર્થ રીતે ઓળખવો એજ અનંત જીવન છે, એવું કર કે તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત રસ્તો, તથા સત્ય, તથા જીવન છે, તે અમે પૂરી રીતે જાણીએ; અને તારા પવિત્ર પ્રેરિતો ફિલિપ, તથા યાકૂબનાં પગલાંમાં રહીને જે વાટ અનંત જીવનમાં પહોંચાડે છે, તે પર દઢતાથી ચાલીએ; તેજ તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. યાકૂબ ૧; ૧.

વેરાઈ ગએલાં બારે કુળને, દેવના તથા પ્રભુ ઇસુ ખ્રીસ્તના સેવક યાકૂબની સલામ.

મારા ભાઈઓ, જ્યારે તમે તરેહ તરેહની પરીક્ષામાં પડો, ત્યારે તે પૂરો આનંદ ગણો, એવુ જાણીને કે તમારા વિશ્વાસની પરીક્ષા ધીરજ ઉપજાવે છે. પણ ધીરજનું કામ પૂરૂં થવા દો, એ માટે કે તમે સિદ્ધ તથા સંપૂર્ણ થાઓ, ને કશામાં અધુરા નહિ રહો.

અને તમારામાંનો જો કોઈ જ્ઞાન વિષે ઓછો હોય, તો દેવ જે સર્વને દાતારપણાથી આપે છે, ને ઠપકો દેતો નથી, તેની પાસેથી તે માગવું, ને તેને તે અપાશે. પણ કંઈ સંદેહ ન રાખતાં, વિશ્વાસથી માગવું; કેમકે જે સંદેહ

રાખે છે, તે સમુદ્રનો મોજો જે પવનથી હડસેલાય છે તથા હલાવાય છે તેના જેવો છે. તો તે માણસે એમ ન ધારવું કે પ્રભુથી તેને કંઈ મળશે. બે મનવાળું માણસ પોતાના સઘળા માર્ગમાં અસ્થિર છે.

અને જે ભાઈ નીચ પદવીનો છે તે પોતાના ઉચ્ચપણામાં આનંદ કરે, ને જે દોલતમંદ છે, તે પોતાના નીચપણામાં; કેમકે ઘાસના ફૂલની પેઠે તે ટળી જશે. કેમકે સુરજ લૂ સહિત ઉગીને ઘાસને ચિમળાવે છે, ત્યારે તેનું ફૂલ ખરી પડે છે, ને તેની બિરાજેલી શોભા નાશ પામે છે; તેમ દોલતમંદ પણ પોતાના માર્ગમાં ચિમળાઈ જશે.

જે માણસ પરીક્ષણ સહન કરે છે તેને ધન્ય છે; કેમકે પરખાયા પછી, જીવનનો જે મુગટ પ્રભુએ પોતાના પર પ્રેમ કરનારાઓને આપવા કબૂલ કીધુ છે તે તેને મળશે.

સુવાર્તા. ૫. યોહાન ૧૪; ૧.

અને ઇસુએ પોતાના શિષ્યોને કહ્યુ કે, તમારા મનને ગભરાવા ન દો; તમે દેવ પર વિશ્વાસ કરો, મારા પર પણ વિશ્વાસ કરો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; હું તો તમારે કાજે જગ્યા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઇને તમારે કાજે જગ્યા તૈયાર કરીશ, તો પાછો આવીશ, ને તમને મારી પાસે લઇશ, એ માટે કે જ્યાં હું રહું છું ત્યાં તમે પણ રહો. અને જ્યાં હું જાઉ છું ત્યાંનો રસ્તો તમે જાણો છો. થોમા તેને કહે છે કે, પ્રભુ, તું ક્યાં જાય છે, તે અમે જાણતા નથી; ત્યારે અમે રસ્તો કેમ કરીને જાણીએ? ઇસુ તેને કહે છે કે, રસ્તો તથા સત્ય તથા જીવન હુ છું; મારા આસરા વિના બાપની પાસે કોઈ આવતું નથી. તમે જો મને જાણત તો મારા બાપને પણ જાણત; હવેથી તમે તેને જાણો છો ને તેને દીઠો છે. ફીલીપ તેને કહે છે કે, પ્રભુ, અમને બાપ દેખાડ, એટલે અમારે બસ છે. ઇસુ તેને કહે છે કે, ફિલિપ, આટલી મુદત સુધી હું તમારી જોડે રહ્યો છું, તોપણ શું તું મને જાણતો નથી? જેણે મને દીઠો છે તેણે બાપને દીઠો છે; તો તું શા માટે કહે છે કે, અમને બાપ દેખાડ? હુ બાપમાં છું ને બાપ મારામાં છે, એવો વિશ્વાસ તું કરે છે કે નહિ? જે વાતો હુ તમને કહુ છું તે પોતાથી નથી કહેતો, પણ બાપ મારામાં રહીને પોતાનાં કામ કરે છે. હું બાપમાં છું ને બાપ મારામાં છે એવો વિશ્વાસ મારા પર કરો, નહિ તો કામોનેજ લીધે મારા પર વિશ્વાસ કરો. હું તમને ખચિત ખચિત કહુ છું કે, હું જે કામો કરૂં છું તેજ મારા પર વિશ્વાસ કરનાર પણ કરશે, ને એ કરતાં પણ મોટાં કરશે, કેમકે હું બાપની પાસે જાઉં છું. અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ એ માટે કે બાપ દીકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો તો તે હું કરીશ.

પવિત્ર પ્રેરિત બાર્નાબાસનો દિવસ.

સારપ્રાર્થના.

હે પ્રભુ, સર્વશક્તિમાન દેવ, તે તારા પવિત્ર પ્રેરિત બાર્નાબાસને પવિત્ર આત્માનાં વિશેષ દાનોનાં વસ્ત્ર પહેરાવ્યાં; અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું અમને તારાં વિધવિધ દાનોથી, તેમજ તેમને સદા તારા માન તથા મહિમાને માટે વાપરવા સારૂ તારી કૃપાથી ખાલી રહેવા ન દે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૧૧, ૨૨.

તેઓ વિષેના સમાચાર યરૂશાલેમની મંડળીને કાને આવ્યા; અને તેઓએ બાર્નાબાસને અંત્યોખ લગી મોકલ્યો. તે ત્યાં આવ્યો ત્યારે દેવની કૃપા જોઇને આનંદ પામ્યો; ને તેણે તેઓ સર્વને મનના નિશ્ચયથી પ્રભુને વળગી રહેવાનો બોધ કીધો; કેમકે તે સારો માણસ હતો, ને પવિત્ર આત્માથી તથા વિશ્વાસથી ભરપૂર હતો, ને ઘણા લોક પ્રભુની મંડળીમાં ઉમેરાયા. અને બાર્નાબાસ શાઉલની શોધ કરવા સારૂ તાર્સસ ગયો; અને તે મળ્યો ત્યારે તે તેને અંત્યોખમાં લાવ્યો. અને એમ થયું કે, તેઓએ એક આખું વરસ મંડળીની સાથે એકઠા મળીને ઘણા લોકોને બોધ કીધો; ને શિષ્યો પહેલવહેલાં અંત્યોખમાં ખ્રીસ્તી કહેવાયા. હવે એ દિવસોમાં ભવિષ્યવાદીઓ યરૂશાલેમથી અંત્યોખ આવ્યા. અને તેઓમાંના આગાબસ નામે એકે ઉભા થઇને આત્મા વડે સૂચવ્યુ કે, આખા જગતમાં મોટો દુકાળ પડશે; અને કલાદીઅસના દિવસોમાં તેમજ થયુ. ત્યારે શિષ્યોએ ઠરાવ્યું કે, આપણે દરેક માણસે પોતપોતાની શક્તિ પ્રમાણે યહુદાહમાં રહેનાર ભાઇઓને કંઈ મદદ મોકલવી. અને તેઓએ તેમ કીધુ, ને બાર્નાબાસ તથા શાઉલની હસ્તક વડીલો પર તે મોકલી.

સુવાર્તા. ૫. યોહાન ૧૫, ૧૨.

મારી આજ્ઞા એ છે કે, જેમ મે તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એક બીજા પર પ્રેમ રાખો. પોતાના મિત્રોને સારૂ પોતાનો જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી. જે આજ્ઞાઓ હુ તમને આપુ છું તે જો તમે પાળો છો તો તમે મારા મિત્ર છો. હવેથી હુ તમને દાસ કહેતો નથી; કેમકે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી, પણ મે તમને મિત્ર કહ્યા છે; કેમકે જે વાતો મે મારા બાપથી સાંભળી હતી તે બધી મે તમને જણાવી છે. તમે મને પસંદ નથી કીધો, પણ મેં તમને પસંદ કીધા, ને તમને નિમ્યા છે, કે તમે જઇને ફળ આપો, ને તમારાં ફળ કાયમ રહે; એ માટે કે તમે મારે નામે જે કંઈ બાપની પાસે માગો તે તમને તે આપે.

પવિત્ર યોહાન બાપ્તિસ્મીનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારા પ્રબંધ વડે તારો સેવક યોહાન બાપ્તિસ્મી અદ્ભુત રીતે જન્મ્યો, તથા એ માટે મોકલાયો કે પસ્તાવાના ઉપદેશ વડે તે તારા પુત્ર અમારા તારનારનો માર્ગ તૈયાર કરે; અમને તેની શિખામણ તથા પવિત્ર ચાલમાં એવી રીતે ચલાવ, કે અમે તેના ઉપદેશ પ્રમાણે ખરો પસ્તાવો કરીએ; અને તેના નમુના પ્રમાણે સદા સાચું બોલીએ, હિમ્મત રાખીને ભુંડાઇને ઠપકો આપીએ, અને સતને માટે ધીરજથી દુ:ખ વેઠીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. યશાયાહ ૪૦; ૧.

તમારો દેવ કહે છે કે, દિલાસો દો, મારા લોકને દિલાસો દો. યરૂશાલેમ સાથે હેતથી વાત કરો; ને તેની લડાઈ પૂરી થઈ છે, તેના અપરાધનો બદલો વળ્યો છે, તેણીને યહોવાહને હાથે પોતાનાં સર્વ પાપોને લીધે બમણું મળ્યું છે, તે પ્રમાણે તેને પોકારીને કહો.

પોકારનારની એવી વાણી છે કે, જંગલમાં યહોવાહનો માર્ગ સિદ્ધ કરો, અરણ્યમાં આપણા દેવને સારૂ સડક પાધરી કરો. સર્વ નીચાણ ઉંચું કરાશે, ને સર્વ પર્વત તથા ડુંગર નીચા કરાશે; ને ટેકરીવાળી ભૂમિ સરખી, ને ધારો ખીણ સમાન થઈ જશે. અને યહોવાહનું ગૌરવ પ્રગટ થશે, ને સર્વ દેહ તે એકત્ર જોશે, કેમકે યહોવાહનું મુખ બોલ્યું છે. એવું કહેનારની વાણી થઈ કે, પોકાર; ને તેણે કહ્યુ કે, શું પોકારૂં? સર્વ દેહ ઘાસજ છે, ને તેનું સર્વ સૌંદર્ય ખેતરના ફૂલ જેવું છે. ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચિમળાય છે, કેમકે યહોવાહનો વાયુ તે પર વાય છે; લોક ખચિત ઘાસજ છે. ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચિમળાય છે; પણ આપણા દેવની વાત સર્વકાળ સુધી સ્થિર રહેશે.

હે સિયોન, સારી વધામણી કહેનારી, તુ ઉંચા પર્વત પર ચઢી જા, હે યરૂશાલેમ, સારી વધામણી કહેનારી, મોટે સાદે પોકાર; પોકાર, બિહી મા; યહુદાહનાં નગરોને કહે, જુઓ, તમારો દેવ! જુઓ, પ્રભુ યહોવાહ પરાક્રમીની પેઠે આવશે, ને તેનો ભુજ તેને સારૂ અધિકાર કરશે; જુઓ, તેનું ઈનામ તેની સાથે, ને તેનો બદલો તેની આગળ છે. ઘેટાંપાળકની પેઠે તે પોતાના ટોળાનું પાલણ કરશે, તે બચ્ચાંને પોતાના હાથથી એકઠાં કરીને તેમને પોતાની ગોદમાં ઉંચકી લેશે, તે ધવાડનારીઓને સંભાળીને ચલાવશે.

સુવાર્તા. પ. લુક ૧; ૫૭.

એલીસાબેતના જણવાના દહાડા પૂરા થયા, એટલે તેણી દીકરો જણી. અને તેના પડોસીઓએ તથા સગાંઓએ સાંભળ્યું કે પ્રભુએ તેના પર મોટી દયા કીધી છે, ને તેઓ તેણીની સાથે હર્ષ પામ્યા. અને એમ થયું કે

આઠમે દિવસે તેઓ છોકરાની સુન્નત કરવા આવ્યા, ને તેઓ તેના બાપના નામ ઉપરથી તેનું નામ ઝખાર્યાહ પાડત; અને તેની માએ ઉત્તર આપતાં કહ્યુ કે, એમ નહિ, પણ તેનું નામ યોહાન પાડવું. અને તેઓએ તેને કહ્યુ કે, તારા સગામાંના કોઈનુ એવું નામ પાડેલું નથી. અને તેઓએ ઇસારો કરીને તેના બાપને પુછ્યુ કે, તું તેનું શું નામ પાડવા ચાહે છે? ને તેણે પાટી માગી, ને એમ લખ્યુ કે, તેનું નામ યોહાન છે. અને તેઓ સર્વે અચંબો પામ્યા. અને તરત તેનુ મ્હોડું ઉઘડી ગયું, ને તેની જીભ છુટી થઈ, ને તે દેવની સ્તુતિ કરતો બોલવા લાગ્યો. અને તેઓની આસપાસના સર્વ રહેવાસીઓને બીક લાગી, ને યહુદાહના આખા પહાડી દેશમાં એ સઘળી વાતોની ચરચા ચાલી. અને જેઓએ તે વાતો સાંભળી તેઓ સઘળાએ તે પોતાના મનમા રાખીને કહ્યુ કે, ત્યારે આ છોકરો કેવો થશે! કેમકે પ્રભુનો હાથ તેના પર હતો.

અને તેનો બાપ ઝખાર્યાહ પવિત્ર આત્માએ ભરપૂર થયો; ને તેણે એવું ભવિષ્ય કહ્યું કે,

ઇસ્રાએલનો દેવ પ્રભુ સ્તુતિવાન થાઓ,

કેમકે તેણે પોતાના લોકની મુલાકાત લઇને તેઓનો ઉદ્ધાર કીધો છે.

અને તેણે જગતના આરંભથી થતા આવેલા પવિત્ર ભવિષ્યવાદીઓના મ્હોથી કહ્યું હતું તે પ્રમાણે,

તેણે પોતાના સેવક દાઉદના કુળમાં આપણને સારૂ તારણનું શિંગ ઉભું કીધુ છે,

એટલે આપણા શત્રુઓથી તથા આપણા પર દ્વેષ રાખનારા સર્વના હાથમાંથી તારણ;

એ સારૂ કે તે આપણા બાપદાદાઓ પ્રત્યે દયા દેખાડે,

તથા પોતાનો પવિત્ર કરાર સંભારે,

એટલે તેણે આપણા બાપ ઇબ્રાહિમની સાથે જે સમ ખાધા તે;

એ માટે કે તે આપણે સારૂ એવું કરે કે, આપણે પોતાના શત્રુઓના હાથમાંથી છુટકો પામીને,

નિર્ભયતાથી આપણા આખા આયુષ્યભર તેની આગળ

શુદ્ધતાથી તથા ન્યાયીપણાથી તેની સેવા કરીએ.

અને, ઓ છોકરા, તું પરાત્પરનો ભવિષ્યવાદી કહેવાશે;

કેમકે તું પ્રભુની આગળ ચાલશે, એ માટે કે તુ પ્રભુના માર્ગો તૈયાર કરે,

તથા તેના લોકનાં પાપની માફી મળવાથી જે તારણ

તેનુ જ્ઞાન તું તેઓને આપે.

અને આ માફી આપણા દેવની ઘણી દયાને લીધે થાય છે,

જેણે કરીને અરૂણોદય ઉપરથી આપણા પર આવ્યો છે,

એ માટે કે અંધારામાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલા તેઓને તે પ્રકાશ પમાડે

તથા આપણા પગને શાંતિના માર્ગમાં દોરી જાય.

અને છોકરો મોટો થયો, ને આત્મામાં બળવાન થતો ગયો, અને ઇસ્રાએલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી તે રાનમાં રહ્યો.

પવિત્ર પીતરનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશકિતમાન દેવ, તેં તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત વડે, તારા પ્રેરિત પવિત્ર પીતરને ઘણાં ઉત્તમ દાન આપીને તેને તારા ટોળાને પાળવાને આગ્રહથી આજ્ઞા કીધી, અમે તારી વિનતી કરીએ છીએ કે, બધા બિશપો તથા પાળકો મહેનત કરીને તારા પવિત્ર વચનને સંભળાવે અને લોકો આધીનતાથી તે પ્રમાણે ચાલે, કે જેથી તેઓ સનાતન મહિમાનો મુગટ પામે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૧૨ ; ૧.

આસરે તે વેળાએ હેરોદ રાજાએ મંડળીના કેટલાએકની સતાવણી કરવા હાથ લંબાવ્યા. અને તેણે યોહાનના ભાઈ યાકુબને તરવારે માર્યો. અને યહુદીઓને એ ગમતું છે એમ જોઇને તેણે પીતરને પણ પકડી લીધો. અને તે બેખમીર રોટલીના દિવસ હતા. અને તેણે તેને પકડીને બંદીખાનામાં નાખ્યો, ને તેની ચોકી રાખવા સારૂ ચાર ચાર સિપાઈઓની ચાર ટુકડીઓને સોંપ્યો, ને પાસ્ખા પછી લોકોની પાસે તેને બહાર લાવવાનો ઇરાદો રાખ્યો. એ માટે તેણે પીતરને બંદીખાનામાં રાખ્યો, પણ મંડળીએ તેને સારૂ આગ્રહથી દેવની પ્રાર્થના કીધી. અને હેરોદ તેને બહાર લાવવાનો હતો તેજ રાત્રે પીતર બે સિપાઇની વચ્ચે બે સાંકળોએ બાંધેલો ઉંઘતો હતો, ને ચોકીદારો બારણાં આગળ બંદીખાનાની ચોકી કરતા હતા. ત્યારે જુઓ, પ્રભુનો દૂત તેની પાસે ઉભો રહ્યો, ને બંદીખાનામા અજવાળું ચમકયુ, ત્યારે તેણે પીતરને કૂખમાં મારીને જગાડયો, ને કહ્યુ કે, જલદી ઉઠ. ત્યારે તેની સાંકળો તેના હાથ પરથી છુટી પડી. અને દૂતે તેને કહ્યુ કે, કમર બાંધ, ને તારાં ચંપલ પહેર. અને તેણે તેમ કીધુ. પછી તેણે તેને કહ્યુ કે, તારૂ લુગડું ઓઢીને મારી પછવાડે આવ. અને તે બહાર નિકળીને તેની પછવાડે ગયો; ને દૂત જે કરે છે તે ખરૂં છે એમ તે સમજતો ન હતો, પણ મને દર્શન થાય છે એમ ધારતો હતો. અને તેઓ પહેલી તથા બીજી ચોકી વટાવીને શહેરમાં જવાના લોઢાને દરવાજે પહોચ્યા; ને તે પોતાની મેળે તેઓને સારૂ ઉઘડી ગયો; ને તેઓએ આગળ ચાલીને એક મહોલ્લો ઓળંગ્યો; એટલે તરત દૂત તેની પાસેથી ચાલ્યો ગયો. અને પીતરને ભાન આવ્યું ત્યારે તેણે કહ્યુ કે, હવે હું ખચિત જાણું

છું કે પ્રભુએ પોતાના દૂતને મોકલીને હેરોદના હાથમાંથી તથા યહુદીઓની સઘળી ધારણાથી મને છોડાવ્યો છે.

સુવાર્તા. ૫. માત્થી ૧૬ ; ૧૩.

ઇસુએ કાઇસારીઆ ફિલિપ્પીની સીમમાં આવીને પોતાના શિષ્યોને પુછ્યું કે, માણસનો દીકરો કોણ છે, એ વિષે લોકો શું કહે છે? ત્યારે તેઓએ કહ્યુ કે, કેટલાએક કહે છે, યોહાન બાપ્તિસ્મા કરનાર, ને કેટલાએક એલીયાહ, ને કેટલાએક યિર્મેયાહ, અથવા ભવિષ્યવાદીઓમાંનો એક. તે તેઓને કહે છે, પણ હુ કોણ, તે વિષે તમે શું કહો છો? ત્યારે સીમોન પીતરે ઉત્તર દેતાં કહ્યું કે, તું મસીહ, જીવતા દેવનો દીકરો છે. અને ઇસુએ ઉત્તર દેતાં તેને કહ્યુ કે, સીમોન બાર-યોના, તને ધન્ય છે, કેમકે માસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે. અને હુ પણ તને કહુ છુ કે તુ પીતર છે, ને આ પત્થર પર હું મારી મડળી બાંધીશ, ને તેને ઉલટું હાડેસની દરબારનું જોર નહિ ચાલશે. આકાશના રાજ્યની કુંચીઓ હુ તને આપીશ, ને પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બંધાશે ; ને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમા પણ છોડાશે

પવિત્ર યાકૂબ પ્રેરિતનો દિવસ.

સારપ્રાર્થના.

હે દયાળુ દેવ, એવુ કર કે જે રીતે તારો પ્રેરિત પવિત્ર યાકૂબ પોતાના બાપને તથા તેનુ જે કંઈ હતું તે સઘળું મુકીને, તથા તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના તેડાને તરત માનીને તેની પાછળ ચાલ્યો; તે રીતે અમે પણ બધી સસારિક તથા દૈહિક ઇચ્છાઓનો ત્યાગ કરીને, તારી પવિત્ર આજ્ઞાઓ પ્રમાણે ચાલવાને સદા તૈયાર રહીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૧૧ ; ૨૭.

હવે એ દિવસોમાં ભવિષ્યવાદીઓ યરૂશાલેમથી અંત્યોખ આવ્યા. અને તેઓમાંના આગાબસ નામે એકે ઉભા થઇને આત્મા વડે સૂચવ્યુ કે, આખા જગતમાં મોટો દુકાળ પડશે, અને કલાદીઅસના દિવસોમાં તેમજ થયું. ત્યારે શિષ્યોએ ઠરાવ્યું કે, આપણે દરેક માણસે પોતપોતાની શક્તિ પ્રમાણે યહુદાહમાં રહેનાર ભાઈઓને કંઈ મદદ મોકલવી. અને તેઓએ તેમ કીધુ, ને બાર્નાબાસ તથા શાઉલની હસ્તક વડીલો પર તે મોકલી.

આસરે તે વેળાએ હેરોદ રાજાએ મડળીના કેટલાએકની સતાવણી કરવા હાથ લંબાવ્યા. અને તેણે યોહાનના ભાઈ યાકૂબને તરવારે માર્યો. અને યહુદીઓને એ ગમતું છે એમ જોઇને તેણે પીતરને પણ પકડી લીધો,

પવિત્ર બારથલમી પ્રેરિતનો દિવસ.

સુવાર્તા. ૫. માત્થી ૨૦; ૨૦.

ત્યારે ઝબદીના દીકરાઓની માએ પોતાના દીકરાઓની સાથે તેની પાસે આવીને તથા પગે લાગીને તેની કને કંઈ માગ્યું. અને તેણે તેને કહ્યું કે, તું શું ચાહે છે? તે તેને કહે છે કે, આ મારા બે દીકરા તારા રાજ્યમાં, એક તારે જમણે હાથે ને બીજો તારે ડાબે હાથે બેસે, એવી આજ્ઞા તું કરે. પણ ઇસુએ ઉત્તર દેતાં કહ્યું કે, તમે જે માગો છો તે તમે સમજતાં નથી; જે વાટકો હું પીવાનો છું તે તમે પી શકો છો? તેઓ તેને કહે છે, અમે પી શકીએ છીએ. તે તેઓને કહે છે કે, તમે મારો વાટકો પીશો ખરા, પણ જેઓને સારૂ મારા બાપે સિદ્ધ કીધેલું છે તેઓ વગર બીજાઓને મારે જમણે હાથે ને ડાબે હાથે બેસવા દેવું એ મારૂં નથી. અને દસે એ સાંભળ્યું ત્યારે તેઓ એ બે ભાઈ પર ગુસ્સે થયા. પણ ઇસુએ તેઓને પાસે તેડીને કહ્યું કે, તમે જાણો છો કે વિદેશીઓના રાજાઓ તેઓ પર ધણીપણું કરે છે, ને જે મોટા છે તેઓ એઓના પર અધિકાર ચલાવે છે. પણ તમારામાં એવું ન થાય; પણ તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય, અને જે કોઈ તમારામાં મુખ્ય થવા ચાહે, તે તમારો દાસ થાય. જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, તથા ઘણા લોકની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ.

પવિત્ર બારથલમી પ્રેરિતનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તેં તારા પ્રેરિત બારથલમીને તારા વચન પર ખરો વિશ્વાસ આણીને તેનો ઉપદેશ કરવાની કૃપા આપી; અમે તારી વિનંતી કરીએ છીએ કે, જે વચન પર તે વિશ્વાસ લાવ્યો, તેના પર તારી કલીસીઆ પ્રીતિ રાખીને, તેને સંભળાવે તથા માને; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન.

પત્રને બદલે. પ્રે. કૃત્ય ૫; ૧૨.

અને પ્રેરિતોની હસ્તક લોકોમાં ચમત્કારો તથા અદ્‌ભુત કામો ઘણાં થયાં, (ને તેઓ સર્વ એક ચિત્તે સુલેમાનની પરસાળમાં મળેલા હતા, પણ બીજાઓમાંથી કોઈને તેઓની સાથે મળી જવાની હિમ્મત ન હતી; તોએ લોકોએ તેઓને માન આપ્યું; અને પ્રભુ પર વિશ્વાસ કરનારા, સંખ્યાબંધ પુરૂષો તથા સ્ત્રીઓ અધિકાધિક ઉમેરાયાં); એટલે સુધી કે તેઓએ માંદાઓને માર્ગમાં આણીને પથારીઓ તથા ખાટલાઓ પર સુવાડ્યા, એ સારૂ કે પીતરના આવતાં તેનો પડછાયો પણ તેઓમાંના કોઈ પર પડે. અને યરૂશાલેમની આસપાસનાં શહેરોમાંના ઘણા લોક માંદાઓને તથા અશુદ્ધ આત્મા-

ઓથી પીડાતાંઓને લઇને ત્યાં ભેગા થયા; ને તેઓ બધાંને સાજા કરવામાં આવ્યાં.

સુવાર્તા. ૫. લુક ૨૨; ૨૪.

અને આપણામાં કોણ મોટો ગણાય છે તે સંબંધી પણ તેઓમાં વાદવિવાદ શરૂ થયો. અને તેણે તેઓને કહ્યું કે, વિદેશીઓના રાજાઓ તેમના પર ધણીપણું કરે છે, ને જેઓ તેમના પર અધિકાર કરે છે તેઓ પરોપકારી કહેવાય છે. પણ તમે એવા ન થાઓ; પણ તમારામાં જે મોટો તેણે નાના જેવા થવુ, ને જે આગેવાન તેણે સેવા કરનારના જેવા થવું. કેમકે આ બેમાં કયો મોટો છે, જમવા બેસનાર કે સેવા કરનાર? શું જમવા બેસનાર મોટો નથી? પણ હુ તમારામાં સેવા કરનારના જેવો છુ. પણ મારાં પરીક્ષણોમાં મારી સાથે રહેનાર તે તમે છો. અને જેમ મારા બાપે મને રાજ્ય ઠરાવી આપ્યુ, તેમ હુ તમને રાજ્ય ઠરાવી આપુ છુ; કે તમે મારા રાજ્યમાં મારી મેજ પર ખાઓ તથા પીઓ; અને તમે ઇસ્રાએલનાં બાર કુળોનો ન્યાય ઠરાવતાં રાજ્યાસન પર બેસશો.

પવિત્ર માત્થી પ્રેરિતનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશકિતમાન દેવ, તે તારા ધન્યવાન પુત્ર વડે માત્થીને દાણ લેવાની ચોકી પરથી બોલાવીને પ્રેરિત તથા સુવાર્તિક ઠરાવ્યો; અમને કૃપા આપ કે અમે બધી લોભી ઇચ્છાઓ તથા ધનની અયોગ્ય પ્રીતિને ત્યાગીને, તેજ તારા પુત્ર ઇસુ ખ્રીસ્તની પાછળ ચાલીએ, જે તારી તથા પવિત્ર આત્માની સાથે એક દેવ યુગોયુગ જીવે છે તથા રાજ પણ કરે છે. આમેન.

પત્ર. ૨ કરીંથી. ૪; ૧.

એ માટે અમારા પર દયા થઈ તે પ્રમાણે, અમને આ સેવા છતાં, અમે થાકતા નથી; પણ લાજની ગુપ્ત વસ્તુઓને નકારીને અમે કાવતરામાં ચાલતા નથી, ને દેવની વાતમાં કપટ કરતા નથી, પણ સત્ય પ્રગટ કર્યાથી દેવની આગળ અમે પોતા વિષે સર્વ માણસોના અંતઃકરણની ખાતરી કરીએ છીએ. પણ જો અમારી સુવાર્તા ઢંકાએલી હોય, તો નાશ પામનારાઓને ઢંકાએલી છે, જેઓમાં આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે, એ સારૂ કે ખ્રીસ્ત જે દેવની પ્રતિમા છે, તેના મહિમાની સુવાર્તાના અજવાળાનો ઉદય તેઓ પર ન થાય. અમે પોતાને પ્રગટ નથી કરતા, પણ ખ્રીસ્ત ઇસુ પ્રભુ છે ને અમે પોતે ઇસુને લીધે તમારા દાસો છીએ, એવુ પ્રગટ કરીએ છીએ. કેમકે દેવ જેણે અંધારામાંથી અજવાળાને પ્રકાશ થવાનું કહ્યુ, તે ઈસુ ખ્રીસ્તના મુખમાં દેવના મહિમાના જ્ઞાનનું તેજ

પાડવા સારૂ આપણાં હૃદયોમાં પ્રકાશ્યો છે.

સુવાર્તા. ૫. માત્થી ૯ ; ૯.

અને ઇસુએ ત્યાંથી જતાં માત્થી નામે એક માણસને દાણ લેવાની ચોકી પર બેઠેલો દીઠો; ને તેણે તેને કહ્યુ કે, તું મારી પાછળ આવ. ત્યારે તે ઉઠીને તેની પાછળ ગયો.

અને એમ થયુ કે, ઘરમાં તે જમવા બેઠો ત્યારે જુઓ, ઘણા દાણીઓ તથા પાપીઓ આવીને ઇસુની તથા તેના શિષ્યોની સાથે બેઠા. અને ફરોશીઓએ એ જોઇને તેના શિષ્યોને કહ્યું કે, તમારો ઉપદેશક દાણીઓની તથા પાપીઓની સાથે કેમ ખાય છે? અને તેણે એ સાંભળીને તેઓને કહ્યુ કે, જેઓ સાજા છે તેઓને વૈદની અગત્ય નથી, પણ જે માંદા તેઓને છે. પણ યજ્ઞ કરતાં હું દયા ચાહુ છુ, એનો શો અર્થ છે, તે જઇને શિખો; કેમકે હુ ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા આવ્યો છું.

પવિત્ર મીખાએલ તથા બધા દૂતોના દિવસ.

સારપ્રાર્થના.

હે સનાતન દેવ, દૂતોએ તથા માણસોએ જે સેવા કરવાની છે, તેનો અનુક્રમ તે અદ્ભુત રીતે ગોઠવ્યો છે; દયા કરીને એવું કર કે, જેમ તારા પવિત્ર દૂતો આકાશમાં નિરંતર તારી સેવા કર્યા કરે છે, તેમ તેઓ તારા ઠરાવો પ્રમાણે પૃથ્વી પર અમારી સહાય અને રક્ષા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ આમેન

પત્રને બદલે. પ્રકટી. ૧૨, ૭.

આકાશમાં લડાઈ થઈ; મીખાએલ તથા તેના દૂતો અજગરની સાથે લડ્યા; ને અજગર તથા તેના દૂતો લડ્યા; તોપણ તેઓ જીત્યા નહિ, ને તેઓનું ઠેકાણું ફરી આકાશમાં મળ્યું નહિ. અને તે મોટો અજગર બહાર નંખાયો, એટલે તે જુનો સાપ જે બટ્ટો મુકનાર તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભુલાવે છે, તે પૃથ્વી પર નંખાયો, ને તેની સાથે તેના દૂતો પણ નંખાયા. ત્યારે આકાશમાં મોટી વાણી એમ કહેતી મેં સાંભળી કે, હમણાં તારણ તથા પરાક્રમ તથા અમારા દેવનું રાજ્ય તથા તેના ખ્રીસ્તનો અધિકાર છે; કેમકે અમારા ભાઈઓનો અપવાદી, જે અમારા દેવની આગળ રાત દહાડો તેઓ સામે અપવાદ કરે છે, તે નીચે ફેંકાયો છે. અને તેઓએ હલવાનના લોહીથી તથા પોતાની સાક્ષીની વાતથી એને જીત્યો છે, ને મરણ સુધી તેઓએ પોતાના જીવ પર પ્રેમ કીધો નહિ. એ માટે, ઓ આકાશો તથા તેઓમાં રહેનારાઓ, તમે આનંદ કરો. ઓ પૃથ્વી તથા સમુદ્ર, તમને અફસોસ છે; કેમકે શેતાન તમારી પાસે ઉતર્યો છે, ને તે બહુ ક્રોધિત છે કાંજે તે જાણે છે કે તેનો વખત થોડો છે.

સુવાર્તા. ૫. માત્થી ૧૮, ૧.

તેજ વેળાએ શિષ્યોએ ઇસુની પાસે આવીને કહ્યુ કે, આકાશના રાજ્યમાં મોટુ કોણ છે? ત્યારે તેણે એક બાળકને પાસે બોલાવીને તેને તેઓની વચ્ચે ઉભું રાખ્યુ, અને કહ્યુ કે, હુ તમને ખચિત કહુ છુ કે, જો તમે ફરો નહિ, ને બાળકોના જેવા થાઓ નહિ, તો આકાશના રાજ્યમાં તમે નહિજ પેસશો. માટે જે કોઈ પોતાને આ બાળકના જેવુ દીન કરશે, તેજ આકાશના રાજ્યમાં સૌથી મોટુ છે. વળી જે કોઈ મારે નામે એવા એક બાળકનો અંગીકાર કરે છે તે મારો અંગીકાર કરે છે. પણ આ નાનાઓ જે મારા પર વિશ્વાસ કરે છે. તેઓમાના એકને જે કોઈ ઠોકર ખવડાવશે તે કરતાં તેની કોટે ઘંટીનુ પડ બંધાય ને તે સમુદ્રના ઉંડાણમાં ડુબાડાય એ તેને માટે સારૂ છે. ઠોકરોને લીધે જગતને અફસોસ છે; ઠોકરો આવવાની અગત્ય તો છે, પણ જે માણસથી ઠોકર આવે છે તેને અફસોસ છે. માટે જો તારો હાથ અથવા તારો પગ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખીને તારી પાસેથી ફેંકી દે; તારા બે હાથ અથવા બે પગ છતાં તુ અનત અગ્નિમાં નંખાય, એ કરતાં લગડો અથવા ટુંડો થઈ જીવનમાં પેસવુ તારે માટે સારૂ છે. અને જો તારી આંખ તને ઠોકર ખવડાવે, તો તેને કાઢી નાખીને તારી પાસેથી ફેંકી દે, તારી બે આંખ છતાં તુ નરકાગ્નિમા નખાય, એ કરતાં કાણો થઈ જીવનમાં પેસવુ તારે માટે સારૂ છે. આ નાનાઓમાંના એકને તમે ન વખોડો માટે સાવધાન રહો, કેમકે હુ તમને કહુ છુ કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાંના બાપનુ મ્હો સદા જુએ છે.

પવિત્ર લુક સુવાર્તિકનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તે લુક વૈદ કે જેનુ વખાણ સુવાર્તામાં છે, તેને સુવાર્તિક તથા આત્માનો વૈદ થવાને બોલાવ્યો; દયા કરીને એવું કર કે, તેની શિખામણનાં આરોગ્યદાયક ઔષધોથી અમારા આત્માના બધા રોગ મટી જાય; તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્યને લીધે એ માગીએ છીએ. આમેન.

પત્ર. ૨ તીમોથી ૪, ૫.

પરંતુ તુ સર્વમાં સાવધાન થા, દુઃખ સહે, સુવાર્તિકનું કામ કર, તારી સેવા પૂર્ણ કર. કેમકે હુ અત્યારે અર્પણ કરાઉ છું, ને મારો નિકળવાનો વખત પાસે આવ્યો છે. હુ સારી લડાઈ લડયો છુ, મે દોડ પુરી કીધી છે, વિશ્વાસ રાખ્યો છે. અને હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મુકેલો છે, તે તે દહાડે ઇનસાફી ન્યાયાધીશ પ્રભુ મને

આપશે; ને કેવળ મને નહિ પણ જે સઘળા તેનું પ્રગટ થવુ ઇચ્છે છે તેઓને પણ આપશે.

મારી પાસે વહેલો આવવાને તું યત્ન કર. કેમકે દેમાસ હાલના જગત પર પ્રેમ કરીને મને મુકીને ગયો, ને થેસ્સાલોનીકામાં ગયો છે; ક્રેસ્કેન્સ ગલાતીઆમાં, તીતસ દલમાતીઆમાં ગયો. એકલો લુક મારી સાથે છે. માર્કને તારી સાથે લઈ આવજે, કેમકે સેવાને સારૂ તે મને ઉપયોગી છે. તુખીકસને મે એફેસસમાં મોકલ્યો. જે જામો મે ત્રોઆસમાં કારપસ પાસે મુકયો તે, ને પુસ્તકો, પણ વિશેષે કરીને ચર્મપત્રો આવતી વેળા સાથે લઈ આવજે. આલેકસાંદર કંસારાએ મારી વિરૂદ્ધ ઘણું દુષ્ટપણું કીધુ, પ્રભુ તેનાં કામ પ્રમાણે તેને બદલો આપશે, તેને વિષે તું પણ સંભાળ, કેમકે તેણે અમારી વાતોને બહુ અટકાવી.

સુવાર્તા. ૫. લુક ૧૦; ૧.

પ્રભુએ બીજા સિત્તેરને ઠરાવ્યા, ને જે પ્રત્યેક શહેર તથા જગ્યામાં તે પોતે જવાનો હતો, તેમાં તેઓમાંથી બબ્બેને પોતાની આગળ મોકલ્યા. અને તેણે તેઓને કહ્યુ કે, ફસલ પુષ્કળ છે, પણ મજુરો થોડા છે, માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે. ચાલ્યા જાઓ; જુઓ, હું તમને વરૂઓ મધ્યે ઘેટાંનાં બચ્ચાં જેવા મોકલું છુ. થેલી કે જહોણું કે જોડા લેતા ના, ને માર્ગે કોઇને સલામ કરતા ના. અને જે કોઈ ઘરમાં તમે પેસો ત્યાં પ્રથમ એમ કહો કે, આ ઘરને શાંતિ થાઓ. અને જો કોઈ શાંતિનો પુત્ર ત્યાં હશે તો તમારી શાંતિ તેના પર રહેશે; પણ જો નહિ હશે, તો તે તમારી પાસે પાછી વળશે. અને તેજ ઘરમાં રહો, ને જે તેઓની પાસે હોય તે ખાતા પીતા રહો; કેમકે મજુર પોતાના મુસારાને યોગ્ય છે.

પવિત્ર સીમોન અને પવિત્ર યહુદા પ્રેરિતોનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તેં તારી કલીસીઆને પ્રેરિતો તથા પ્રવકતાઓના પાયા પર બાંધી છે, અને તેના ખુણાના મથાળાનો પત્થર ઇસુ ખ્રીસ્ત પોતે છે; અમારે માટે એવું કર કે, અમે તેમની શિખામણ વડે આત્માની ઐકયતામાં એવા રીતે જોડાઈ જઈએ, કે તને પસંદ પડે એવું પવિત્ર મંદિર બની જઈએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. યહુદા ૧.

દેવ બાપમાં પવિત્ર કરાએલા તથા ઇસુ ખ્રીસ્તને સારૂ રખાએલા, એવા તેડાએલાઓને, ઇસુ ખ્રીસ્તનો સેવક, જે યાકુબનો ભાઈ યહુદા, તે લખે છે; તમને દયા થાઓ, ને શાંતિ તથા પ્રીતિ સંપૂર્ણ થાઓ.

વહાલાઓ, જ્યારે આપણા સામાન્ય તારણ વિષે હુ તમારા પર લખવાની ઘણી ચિંતામાં હતો, ત્યારે મને અગત્ય જણાઇ કે લખીને તમને સુબોધ આપુ કે જે વિશ્વાસ પવિત્રોને એક વેળા આપેલો હતો તે વિષે તમારે અતિ શ્રમ કરવો. કેમકે કેટલાંએક માણસો જે એજ દંડને માટે અગાઉ ઠરાવાયાં હતાં, તેઓ ગુપ્ત રીતે માંહે આવ્યાં છે, તેઓ અભક્ત છે, ને આપણા દેવની કૃપાને કામાતુરપણામા ફેરવી નાખે છે, ને ઇસુ ખ્રીસ્ત જે આપણો એકલો સ્વામી તથા પ્રભુ છે તેને નકારે છે.

હવે તમે બધુ જાણી ચૂકયા છો ખરા, તોપણ હુ તમને સભરાવવા ચાહુ છુ કે પ્રભુએ લોકોને મિસર દેશમાંથી તાર્યા પછી અવિશ્વાસીઓનો નાશ કર્યો. અને જે દૂતોએ પોતાનો અધિકાર રાખ્યો નહિ, પણ પોતાનો વાસો છોડી દીધો તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અધારા તળે સનાતન બંધનમાં રાખ્યા છે. તેમજ સદોમ તથા ગમોરાહ ને તેઓની આસપાસનાં શહેરો, એવી રીતે વ્યભિચાર કરીને, ને અનુચિત દેહોની પાછળ ચાલીને, નિરંતર અગ્નિદંડ સહન કરીને ઉદાહરણને સારૂ પ્રસિદ્ધ કરેલાં છે. એવી રીતે પણ આ સ્વપ્નીઓ દેહને ભ્રષ્ટ કરે છે, ને અધિકારને તુચ્છ ગણે છે, ને ગૌરવોની નિંદા કરે છે.

સુવાર્તા. પ. યોહાન ૧૫; ૧૭.

તમે એક બીજા પર પ્રેમ રાખો માટે હું તમને એ આજ્ઞાઓ આપુ છું. જો જગત તમારો દ્વેષ કરે છે તો તમારા અગાઉ તેણે મારો દ્વેષ કીધેલો છે, એ તમે જાણો છો. જો તમે જગતના હોત તો જગત પોતાનાંના ઉપર પ્રેમ કરત; પરંતુ તમે જગતના નથી, પણ મે તમને જગતમાથી પસદ કીધા છે, તે માટે જગત તમારો દ્વેષ કરે છે. દાસ પોતાના શેઠથી મોટો નથી, એવી જે વાત મે તમને કહી તે યાદ રાખો જો તેઓ મારી પૂંઠે લાગ્યા, તો તમારી પૂંઠે પણ લાગશે, જો તેઓએ મારી વાત પાળી, તો તમારી પણ પાળશે. પણ એ બધુ મારા નામને સારૂ તેઓ તમને કરશે, કેમકે તેઓ મારા મોકલનારને જાણતા નથી જો હુ આવ્યો ન હોત, ને તેઓને કહ્યુ ન હોત, તો તેઓને પાપ ન લાગત, પણ હવે તેઓનાં પાપ સબંધી તેઓને કંઈ બહાનુ રહ્યુ નથી. જે મારો દ્વેષ કરે છે. તે મારા બાપનો પણ દ્વેષ કરે છે. જે કામો બીજા કોઇએ કીધા નથી, તે જો મેં તેઓમાં ન કીધાં હોત, તો તેઓને પાપ ન લાગત. પણ હવે તેઓએ મને તથા મારા બાપને પણ જોયા છે, ને દ્વેષ કીધો છે. પણ તેઓના શાસ્ત્રમાં જે વાત લખેલી છે કે. તેઓએ કારણ વગર મારો દ્વેષ કીધો છે, તે પૂરી થવા સારૂ એમ થયુ પણ સબોધક, એટલે સત્યનો આત્મા. જે બાપની પાસેથી નિકળે છે, તેને હુ બાપની પાસેથી તમારી પાસ મોકલી દઈશ, તે જ્યારે આવશે, ત્યારે મારા સબંધી શાહેદી આપશે. અને તમે પણ શાહેદી આપશો, કેમકે તમે આરંભથી મારી જોડે છો.

બધાં પવિત્રોનો દિવસ.

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારા દીકરા ખ્રીસ્ત અમારા પ્રભુના આત્મિક શરીરના એક સમાગમ તથા સંગતમાં તારાં નિવડેલાંઓને તે જોડી લીધાં છે, અમારા પર એવી કૃપા કર, કે તારાં ધન્યવાન પવિત્રોનાં બધાં સદાચરણ તથા ધર્માચરણમાં અમે તેમના નમુના પ્રમાણે એવી રીતે ચાલીએ કે, જે અવાચ્ય આનંદ તે તારા ઉપર નિષ્કપટ પ્રીતિ કરનારાંઓને માટે સિદ્ધ કરી રાખ્યો છે, તે પામીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્રને બદલે. પ્રકટી. ૭, ૨.

અને મેં બીજા દૂતને ઉગમણથી ચઢતો દીઠો, ને તેની પાસે જીવતા દેવની મુદ્રા હતી, ને પૃથ્વીને તથા સમુદ્રને ઉપદ્રવ કરવાનું જે ચાર દૂતને અપાયું હતું, તેઓને તેણે મોટે ઘાંટે હાંક મારી કે, જ્યાં સુધી અમે અમારા દેવના દાસોને તેઓનાં કપાળ પર મુદ્રા કરીએ, ત્યાં સુધી તમે પૃથ્વીને અથવા સમુદ્રને અથવા ઝાડોને ઉપદ્રવ ન કરો. અને મુદ્રિત થએલાની સંખ્યા મેં સાંભળી; ઇસ્રાએલપુત્રોનાં સર્વ કુળમાંના એક લાખ ચુમ્માળીસ હજાર મુદ્રિત થયા;

યહુદાહના કુળમાંના બાર હજાર મુદ્રિત થયા;

રેઉબેનના કુળમાંના બાર હજાર;

ગાદના કુળમાંના બાર હજાર;

આશેરના કુળમાંના બાર હજાર;

નાફતાલીના કુળમાંના બાર હજાર;

મનાશ્શેહના કુળમાંના બાર હજાર;

શિમઓનના કુળમાંના બાર હજાર;

લેવીના કુળમાંના બાર હજાર;

યિસ્સાખારના કુળમાંના બાર હજાર;

ઝબુલૂનના કુળમાંના બાર હજાર;

યુસફના કુળમાંના બાર હજાર;

બિન્યામીનના કુળમાંના બાર હજાર મુદ્રિત થયા.

એ પછી મેં જોયું, ને જુઓ, સર્વ દેશમાંથી આવેલાની, સર્વ કુળ તથા લોક તથા બોલીના માણસોની એક મોટી સભા જે કોઈથી ગણાય નહિ; તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઉભા રહ્યા; તેઓએ શ્વેત વસ્ત્ર પહેરેલાં હતાં, ને તેઓના હાથમાં ખજુરીની ડાળીઓ હતી, ને તેઓ મોટી વાણીએ પોકારીને કહે છે કે, અમારો દેવ, રાજ્યાસન પર જે બેઠેલો છે, તેને તથા હલવાનને તારણસ્તુતિ હોજો. અને સઘળા દૂતો રાજ્યાસનની તથા વડીલોની તથા ચારે પ્રાણીઓની આસપાસ ઉભા રહેતા હતા, ને તેઓએ રાજ્યાસનની આગળ ઉંધા પડીને દેવનું ભજન કરતાં કહ્યું કે, આમેન; ધન્યતા તથા મહિમા તથા જ્ઞાન તથા ઉપકારસ્તુતિ તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ સુધી અમારા દેવને થાઓ. આમેન.

સુવાર્તા. ૫. માત્થી ૫; ૧.

ત્યારે ઘણા લોક જોઇને ઇસુ પહાડ પર ચઢી ગયો; ને તે બેઠા પછી તેના શિષ્યો તેની પાસે આવ્યા. અને તેણે પોતાનું મ્હો ઉઘાડીને તેઓને ઉપદેશ કરતાં કહ્યું કે, આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમકે આકાશનુ રાજ્ય તેઓનું છે. જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દિલાસો પામશે. જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ પૃથ્વીનુ વતન પામશે. જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ ધરાશે. દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે. મનમાં જે શુદ્ધ તેઓને ધન્ય છે, કેમકે તેઓ દેવને જોશે. સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે. ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાય છે તેઓને ધન્ય છે, કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પુઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂદ્ધ હરેક ભુંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કેમકે આકાશમાં તમારો બદલો મોટો છે; કેમકે તમારી અગાઉના ભવિષ્યવાદીઓની પુઠે તેઓ એમજ લાગ્યા હતા.

પ્રભુભોજન,

અથવા

પવિત્ર સંગત

પાળવાની પદ્ધતિ.

¶ जेटलां पवित्र सगतमां भाग लेवा इच्छता होय, तेओए ओछामां ओछा एक दिवस आगळथी मड्ळीना पाळकने पोताना नाम आपवा.

¶ अने तेओमानो कोई उघाडो तथा प्रख्यात दुराचारी होय, अथवा कोईए वचन अथवा कामथी पोताना पडोसीनो कोई एवो अपराध कीधो होय, के जेथी मडळीने खोटु लाग्यु होय, तो पाळकने जाण थता साथे, ते माणसने बोलावीने चेतावे के, ज्या सुधी ते प्रगट रीते देखाडी न आपे, के तेणे खरो पश्चात्ताप करीने पोतानी पाछली भुंडी चाल, जेथी आगळ मंडळीने दुःख पहोच्यु हतु ते सुधारी छे, अने मंडळीने तेथी सतोष थयो छे, तेमज जेमनो वाक तेणे कीधो होय तेमनो बदलो भरी आपे ए अगत्यनु छे, अने ओछामा ओछु, प्रसंग मळवा पर हुं नक्की एम करीश एवु वचन आपे, त्या सुधी प्रभुनी मेज आगळ आववानी हठ ते कदी नहि करे

¶ वळी जे माणसोमां पाळक द्वेष तथा वैरभाव जुए, तेमनी साथे पण ते एमज वर्ते, अने ज्यां सुधी तेने जणाय के तेमनामा मेळमेळाप थई गयो छे त्या सुधी तेवाने प्रभुनी मेजमां भाग लेवा न दे. अने टटो करनाराओमानो एक जो बीजाना बधा अपराध पूरा अतःकरणथी क्षमा करवा, अने पोते करेला अपराधोनो बदलो भरी आपवाने सिद्ध होय, तेम छता जो बीजो समजाववाथी सद्भक्तोने घटे तेवो मेळाप मान्य नहि करे, अने पोतानी हठ अने द्वेष छोडी नहि दे, तो एवी हालतमा सेवक पेला पश्चात्ताप करनारने पवित्र सगतमां आववा दे, पण पेला हठीलाने आववा न दे. जे सेवक आ सूचना, अथवा आथी आगली सूचना प्रमाणे, जो कोईने संगतथी अळगो करे, तो ते जरुर चउद दिवसनी अदर, विलब कर्या विना, धर्माधिकारीने ए विषेना समाचार आपे. अने धर्माधिकारी कानुन प्रमाणे ते अपराधीने माटे पगलां भरे.

¶ संगतनी वेळाए मेज उपर एक चोक्खी, धोळा सूतरनी पिछोडी पाथरवी; अने देवळनी वचमां अथवा चान्सलमां ज्या सवार अने सांजनी प्रार्थना वांचवानो ठराव होय त्या राखवी. अने प्रीस्ट मेजनी उत्तर तरफ उभो रहीने प्रभुनी प्रार्थना तथा नीचेनी सारप्रार्थना वांचे, अने मडळी घुंटण टेकी रहे.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂ નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, તારી આગળ બધાંનાં મન ઉઘાડાં છે, અને તુ બધાંની ભાવનાઓ જાણે છે, અને તારાથી કોઈ ભેદ છુપી શકતો નથી. તારા પવિત્ર આત્માની પ્રેરણા વડે અમારાં મનના વિચારોને શુદ્ધ કર, કે અમે તારા પર પુરી પ્રીતિ રાખીએ, અને યોગ્ય રીતે તારા પવિત્ર નામની વડાઈ કરીએ. ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी प्रीस्ट, मडळी तरफ फरीने, स्पष्ट रीते दस आज्ञा संभळावे; अने लोको घुंटणे पर्डा रहे, तथा गतकाळमां जे आज्ञाभजन थयुं, तेने माटे देवनी दया मागवा सारु, अने हवे पछी तेनी आज्ञा पाळवा सारु तेनी कृपा मळे, माटे दरेक आज्ञानी पाछळ हेठळ लखेली विनंतीओ करे.

સેવક. દેવે આ વચનો બોલતાં કહ્યુ કે, તારો દેવ યહોવાહ હુ છું; મારી સન્મુખ તારે કોઈ અન્ય દેવો ન હોય.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. તું પોતાને સારૂ કોઈ કોરેલી મૂર્ત્તિ ન કર, ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેનાં પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર, તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર, કેમકે હુ તારો દેવ યહોવાહ આસ્થાવાન દેવ છું, જેઓ મારો દ્વેષ કરે છે, તેઓની ત્રીજી ચોથી પેઢી સુધી, બાપોના અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર, ને મારા પર જે પ્રીતિ કરે છે, અને મારી આજ્ઞાઓ પાળે છે, તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર છુ.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. તારા દેવ યહોવાહનુ નામ તું વૃથા ન લે, કેમકે જે તેનુ નામ વૃથા લે છે તેને યહોવાહ નિર્દોષ નહિ ગણશે.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તુ તેનુ સ્મરણ રાખ. ૭ દિવસ તું ઉદ્યોગ કર, ને તારૂં સઘળું કામ કર, પણ સાતમો દિવસ તારા દેવ યહોવાહનો સાબ્બાથ છે, તેમાં તું કાંઈ કામ ન કર, તું કે તારો દીકરો, કે તારી દીકરી, કે

તારો દાસ, કે તારી દાસી, કે તારાં ઢોર, કે તારા દરવાજાની અંદરનો પરદેશી; કેમકે છ દિવસમાં યહોવાહે આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં સર્વને ઉત્પન્ન કીધાં, અને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો; એ માટે યહોવાહે સાબ્બાથ દિનને આશીર્વાદ દઇને તેને પવિત્ર ઠરાવ્યો.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ, કે તારો દેવ યહોવાહ જે દેશ તને આપે છે, તેમાં તારૂં આયુષ્ય દીર્ઘ થાય.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. તું ખુન ન કર.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનુ મન અમને આલ.

સેવક. તું વ્યભિચાર ન કર.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનું મન અમને આલ.

સેવક. તું ચોરી ન કર.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનું મન અમને આલ.

સેવક. તું તારા પડોસી વિરૂદ્ધ જુઠી સાક્ષી ન પૂર.

મંડળી. હે પ્રભુ, અમ પર દયા કર, અને આ આજ્ઞા પાળવાનું મન અમને આલ.

સેવક. તું તારા પડોસીના ઘર પર લોભ ન રાખ, તારા પડોસીની સ્ત્રી, કે તેનો દાસ, કે તેની દાસી, કે તેનો બળદ, કે તેનુ ગધેડું, કે તારા પડોસીનું જે કંઈ હોય, તે પર તું લોભ ન રાખ.

મંડળી. હે પ્રભુ, અમે તને વિનવીએ છીએ કે, અમ પર દયા કર, અને આ તારી સઘળી આજ્ઞાઓ અમારાં મન પર લખી દે.

¶ पछी प्रीस्ट, आगळनी पेठे उभो रहीने, महाराजाने माटे आ नीचेनी बे सारप्रार्थनाओमांनी एक एम कही वांचे.

પ્રાર્થના કરીએ.

હે સર્વશક્તિમાન દેવ, તારૂં રાજ્ય સનાતન, અને તારી શક્તિ અપાર છે; આખી કલીસીઆ પર દયા કર; અને તારા નિવડેલા સેવક, અમારા મહારાજા અને અધિકારી જ્યોર્જ કૈસરે હિંદના મનમાં એવી પ્રેરણા કર કે, તે પોતાને તારો સેવક જાણીને બધી વાતો કરતાં તારા માન અને મહિમાને વધારે શોધે; અને અમે તથા તેની આખી પ્રજા, તેને તારા તરફથી એ અધિકાર મળ્યો છે એ જાણીને, તારા ધન્યવાન વચન અને નિયમ પ્રમાણે વિશ્વાસુપણાથી

તેની સેવા કરીએ, તેને માન આપીએ, અને નમ્રતાથી તેને આધીન રહીએ, ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગોયુગ જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

અથવા

હે સર્વશક્તિમાન તથા સનાતન દેવ, તારૂ પવિત્ર વચન અમને શિખવે છે, કે રાજાઓનાં મન તારી સત્તા તથા અધિકાર તળે છે, અને તારા દિવ્ય જ્ઞાન પ્રમાણે, જેમ તને સારૂ લાગે છે તેમ તેમનાં મનનુ વલણ તું કરે છે, અમે નમ્રતાથી તારી વિનતી કરીએ છીએ કે, તારા સેવક, અમારા મહારાજા અને અધિકારી જ્યોર્જ કૈસરે હિન્દના મનનુ વલણ એવુ કર કે, તે પોતાના દરેક વિચાર, વાત તથા કામમાં, સદા તારા માન અને મહિમાને શોધે, અને તારી જે પ્રજા તેના હાથમાં સોંપાએલી છે, તેની કુશળતા, શાંતિ તથા ભકિતને જાળવી રાખવા સારૂ યત્ન કરે, હે દયાળુ પિતા, તારા પ્રિય પુત્ર, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એ પ્રમાણે કર. આમેન.

આ પછી તે દિવસની સારપ્રાર્થના વચાય, અને પછી પ્રીસ્ટ લાગલોજ પત્ર વાંચે, એમ કહીને કે "પત્ર (અથવા શાસ્ત્રનો જે ભાગ પત્રને ઠેકાણે ઠરાવવામાં આવ્યો છે તે) ...પુસ્તકનો...અધ્યાય...કલમથી શરૂ થાય છે," **અને પત્રનુ વાંચન પૂરું થયા પછી એમ કહે કે,** "અહી પત્ર પૂરૂ થયું." **પછી મંડળીના બધા લોક ઉભા થાય, અને પ્રીસ્ટ સુવાર્તામાંથી એમ કહીને વાંચે કે,** "પવિત્ર સુવાર્તા...ની લખેલી સુવાર્તાનો ..અધ્યાય...કલમથી શરૂ થાય છે." **સુવાર્તા વચાયા પછી, નીચે લખેલું વિશ્વાસનામુ ગવાય અથવા બોલાય, અને મંડળીના લોક ઉભાજ રહે.**

એક દેવ, જે સર્વસમર્થ પિતા, આકાશ તથા પૃથ્વી, અને સર્વ દૃષ્ય તથા અદૃષ્ય વાનાનો કર્તા, તે પર હુ વિશ્વાસ કરૂ છુ.

અને એક પ્રભુ જે ઇસુ ખ્રીસ્ત, દેવનો એકાકીજનિત પુત્ર, તે પર હુ વિશ્વાસ કરૂ છુ તે સર્વ યુગો પહેલાં તેના પિતાથી જન્મેલો, એટલે દેવથી દેવ, જોતથી જોત, ખરા દેવથી ખરો દેવ, જનિત ખરો પણ ઉત્પન્ન કરેલો નહિ, પિતાની સાથે એકજ તત્વનો, જેનાથી સર્વ વસ્તુઓ ઉત્પન્ન થઇ, તે અમ માણુસોને લીધે, ને અમારા તારણને માટે આકાશમાંથી ઉતરી આવ્યો, અને પવિત્ર આત્માને પરાક્રમે કુંવારી મરિયમથી દેહધારી થયો. તે માણુસ થયો, અને અમારે લીધે પંતિયસ પીલાતના અધિકાર તળે ક્રુસ પર જડાયો. તેણે દુ:ખ ભોગવ્યું, ને દટાયો, અને શાસ્ત્ર પ્રમાણે, તે ત્રીજે દિવસે પાછો ઉઠયો, અને આકાશમાં ચઢી ગયો, ને પિતાને જમણે હાથે બેઠો છે. અને જીવતાં તથા

મુએલાંનો ન્યાય કરવા સારૂ, મહિમા સહિત ફરી આવવાનો છે, તેના રાજ્યનો અંત થવાનો નથી.

અને પવિત્ર આત્મા પર હુ વિશ્વાસ કરૂ છું, તે પ્રભુ તથા જીવનદાતા છે, ને પિતા તથા પુત્રમાંથી નિકળે છે, અને પિતા તથા પુત્રની સાથે તેનુ ભજન તથા મહિમા થાય છે, તે પ્રવક્તાઓ વડે બોલ્યો. અને હુ એકજ કાથોલીક તથા પ્રેરિતીય કલીસીઆ પર વિશ્વાસ કરૂ છું. પાપોની ક્ષમાને કાજે એકજ બાપ્તિસ્માને હુ માનુ છુ, અને મરેલાંનુ પુનરૂત્થાન, તથા આવનાર જગતના જીવનની વાટ હુ જોઉ છુ. આમેન.

¶ पछी अठवाडीआमां जे जे पवित्र दिवसो, अथवा उपवासना दिवसो मानवाना होय, ते विषे पाळक लोकोने सूचना आपे. अने जो कोई एवो प्रसंग होय तो प्रभुभोजन पाळवानी सूचना आपे, अने लग्ननो पोकार, तथा देवळमा उघराणानी तथा आवाहन-पत्र, अने कोईने मंडळी बहार करवु होय तो ते विषेनी सूचनाओ, आ वेळाए संभळाववामां आवे. देवळमा प्रार्थनानी वेळाए सेवक विना बीजा कोईथी आवी सूचनाओ अपाय नहि; अने ते पण आ पुस्तकना नियमानुसार, अथवा महाराजा, अथवा स्थानिक धर्माधिकारीनी आज्ञाथी ठराववामां आव्युं होय, तोज आपी शके छे.

¶ पछी उपदेश करवामां आवे, अथवा होमिली नामना जे उपदेश ठराववामां आवेला छे अथवा हवे पछी धर्माधिकारीओ वडे ठराववामां आवशे, तेमांनो एक उपदेश वंचाय.

¶ पछी प्रीस्ट प्रभुनी मेज पासे पाछो जइने, नीचेना वाक्योमाथी तेने योग्य लागे तेवां एक अथवा वधारे वाचीने, उघराणानो आरंभ करे.

તમે તમારૂ અજવાળું લોકની આગળ એવુ પ્રકાશવા દો કે, તેઓ તમારી રૂડી કરણીઓ જુએ, ને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે. માત્થી ૫, ૧૬

પૃથ્વી પર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરે છે. પણ તમે પોતાન સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યા કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરતા નથી માત્થી ૬, ૧૯, ૨૦.

જે જે તમે ચાહો છો કે બીજાં માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો, કેમકે નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓની વાતોનો સાર એજ છે. માત્થી ૭, ૧૨.

જે મને પ્રભુ, પ્રભુ, કહે છે, તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એવુ નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે તે પેસશે. માત્થી ૭, ૨૧.

જાખીએ ઉભા રહીને પ્રભુને કહ્યુ કે, પ્રભુ, જો, હું મારી સંપતનો અરધો ભાગ દરિદ્રીઓને આપું છું; ને જો

અન્યાયથી મેં કોઈનું કંઈ પડાવી લીધુ હોય, તો હું ચોગણું પાછું આપું છું. લુક ૧૯; ૮.

પોતાના ખરચથી કોણ કદી લડાઈમાં જાય છે? કોણ દ્રાક્ષવાડી રોપીને તેનુ ફળ ખાતો નથી? અથવા કોણ ટોળુ પાળીને ટોળાનુ દૂધ ખાતો નથી? ૧ કરીથી. ૯, ૭.

જો અમે તમારે સારૂ આત્મિક વસ્તુઓ વાવી છે, તો અમે તમારી દૈહિક વસ્તુઓ લણીએ એ શું ઘણુ છે? ૧ કરીથી. ૯; ૧૧.

એ શું તમે નથી જાણતા કે, જેઓ મંદિરમા સેવન કરે છે તેઓ મંદિરનુ ખાય છે, ને જેઓ હોમવેદી પાસે હાજર રહે છે, તેઓ હોમવેદીના ભાગીદાર છે? એમજ પ્રભુએ ઠરાવ્યુ કે, જેઓ સુવાર્તા પ્રગટ કરે છે, તેઓ સુવાર્તાથી જીવે. ૧ કરીંથી. ૯, ૧૩, ૧૪.

જે કૃપણતાએ વાવે છે, તે કૃપણતાએ લણશે; ને જે ઉદારપણાએ વાવે છે, તે ઉદારપણાએ લણશે. જેમ પ્રત્યેકે પોતાના હ્રદયમાં અગાઉ ઠરાવ્યું, તેમ આપવું; ખેદથી નહિ, ને અગત્યથી નહિ; કેમકે સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. ૨ કરીંથી. ૯; ૬, ૭.

વાત વિષે જે શિખનાર તેણે શિખવનારને સઘળાં સારાં વાનાંમાંથી હિસ્સો આપવો. ભુલો મા, દેવના ઠઠ્ઠા કરાતા નથી; કોઈ માણુસ જે કંઈ વાવે તેજ તે લણશે. ગલાતી. ૬; ૬, ૭.

આપણે જેમ પ્રસંગ મળે તેમ બધાઓનું, પણ વિશેષે કરીને વિશ્વાસના કુટુંબના જે છે તેઓનુ, સારૂં કરીએ. ગલાતી. ૬; ૧૦.

સંતોષ સહિતની સુભક્તિ મોટો લાભ છે, કેમકે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી, ને તેમાંથી કંઈ લઈ જવાતું નથી. ૧ તીમોથી. ૬, ૬, ૭.

આ કાળના દ્રવ્યવાનોને હઠેઠથી કહે કે, તેઓ ઉદાર ને પરોપકારી થાય, આવતા કાળને સારૂ પોતાને વાસ્તે પુંજીરૂપી સારો પાયો નાખે, એ માટે કે જે ખરેખરૂ જીવન તે તેઓ ધરી રાખે. ૧ તીમોથી ૬, ૧૭–૧૯.

દેવ અન્યાયી નથી, કે તે તમારાં કામ તથા પ્રીતિને વિસરે, એટલે જે પ્રીતિ તેના નામ પ્રત્યે તમે દેખાડી છે તે, કેમકે તમે પવિત્રોની સેવા કીધી છે, ને હજુ કરો છો. હેબ્રી. ૬; ૧૦.

ઉપકાર કરવાનુ તથા દાન વહેચી આપવાનું તમે ભૂલો મા, કેમકે એવાં અર્પણથી દેવ બહુ સંતુષ્ટ થાય છે. હેબ્રી. ૧૩; ૧૬.

જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય, ને પોતાના ભાઈને ગરજ છે એવું જોઇને તે પર પોતાની દયા બંધ કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી તરેહ રહે છે? ૧ યોહાન ૩; ૧૭.

તારા માલમાંથી દાન કર, અને કોઈ કંગાલથી કદી મ્હો ન ફેરવ, તો પ્રભુ પણ તારાથી મ્હો નહિ ફેરવશે. તોબિત ૪; ૭.

બનતાં સુધી દયા કર, જો તારી પાસે ઘણું હોય તો ઘણું દે, જો તારી પાસે થોડું હોય, તો તે થોડામાંથી સંતોષથી આપવાને તત્પર થા; એમ કરવાથી તુ તારી ગરજના દિવસ માટે સારો બદલો મેળવીશ. તોબિત ૪, ૮, ૯.

ગરીબ પર દયા રાખનાર યહોવાહને ઉછીનુ આપે છે, ને તે તેને તેના સુકૃત્યનો બદલો આપશે. દૃષ્ટાંત. ૧૯, ૧૭.

જે દરિદ્રીની ચિંતા કરે છે તેને ધન્ય છે, ભુંડાઈના દિવસમાં યહોવાહ તેને છોડાવશે. ગીત. ૪૧; ૧.

¶ आ वाक्यो वचाती वेळा, डीकनो अथवा देवळना कारभारीओ, अथवा ए कामने माटे निमाएलो बीजो कोई योग्य माणस, कंगालोने माटे उघराणु, अने मडळीनां बीजा अर्पण, मंडळी तरफथी ए कामने माटेज राखेला योग्य वासणमां, एकठां करी प्रीस्ट पासे मान साथे लावे, पछी ते तेने नम्रताथी समर्पण करीने पवित्र मेज पर मुके.

¶ अने जो संगत थवानी होय, तो प्रीस्टने लागे के बधांने पूरी थाय, तेटली रोटली तथा द्राक्षरस ते हमणां मेज उपर मुके.

ए कीधा पछी प्रीस्ट कहे,

ખ્રીસ્તની આખી કલીસીઆ, જે આ પૃથ્વી ઉપર યુદ્ધમાં લાગેલી છે, તેને સારૂ આપણે પ્રાર્થના કરીએ.

સર્વશકિતમાન તથા સદા જીવતા દેવ, બધાં માણુસોને માટે પ્રાર્થનાઓ, વિનતીઓ, અને ઉપકારસ્તુતિઓ કરવાનુ તેં પોતાના પવિત્ર પ્રેરિત વડે અમને શિખાડયું છે, અમે નમ્રતાથી તારી વિનતી કરીએ છીએ કે, તુ તારી અત્યંત દયા વડે* (અમારાં દાન તથા અર્પણો, અને) આ પ્રાર્થનાઓ જે અમે તારા દિવ્ય પ્રતાપ આગળ ચઢાવીએ છીએ, તે માન્ય કર; અને અમે માગીએ છીએ કે, સાર્વત્રિક કલીસીઆમાં સર્વદા સત્યતા, ઐકયતા, અને મેળાપનો આત્મા ભરી દે; અને એવુ કર કે, જેટલાં તારા પવિત્ર નામનો અંગીકાર કરે છે, તેટલાં તારા પવિત્ર વચનની સત્યતા વિષે એક મતનાં થાય, અને ઐકયતા તથા ધાર્મિક પ્રેમમાં જીવન કાઢે અને અમે વિનતી કરીએ છીએ કે, તું બધા ખ્રીસ્તી રાજાઓને, દેશાધિકારીઓને, અને અધિપતિઓને સંભાળ અને તેમની રક્ષા કર; વિશેષે કરીને તારા સેવક અમારા મહારાજા, જ્યોર્જ કૈસરે હિંદને, કે તેના અધિકાર તળે અમારી વ્યવસ્થા ભકિતથી અને શાંતપણાથી ચાલે. અને તેના બધા પ્રધાનમંડળને, તથા જેટલાં તેમના તરફથી અધિકાર ચલાવે છે, તેમને એવી શક્તિ આપ કે, તેઓ સત્યતાથી અને પક્ષપાત વિના એવો ન્યાય કરે કે, જેથી દુષ્ટતા અને ભુંડાઈને શિક્ષા મળે,

* **જો દાન તથા અર્પણો ન હોય, તો (અમારાં દાન તથા અર્પણો) આ શબ્દો મુકી દેવા.**

અને તારા સત્ય ધર્મનું અને ધર્માચરણનુ રક્ષણ થાય. હે આકાશી પિતા, બધા બિશપો તથા પાળકોને કૃપા આપ, કે તેઓ તારા સત્ય તથા જીવતા વચનને પોતાની વર્તણુક તથા ઉપદેશ વડે પ્રગટ કરે, અને તારા પવિત્ર સાક્રમેન્ટોને વાજબી અને યોગ્ય રીતે પાળે. અને તારા બધા લોકોને તારી આકાશી કૃપા આપ, વિશેષે કરીને આ મંડળી જે અહીંઆં હાજર છે તેને, કે તેઓ નમ્ર અંતઃકરણથી, અને યોગ્ય આદરભાવથી, તારૂં પવિત્ર વચન સાંભળે, અને ગ્રહણ કરે, અને જીવનભર પવિત્રતા અને ન્યાયીપણામાં તારી સેવા સત્યતાથી કરે. અને હે પ્રભુ, અમે ઘણી નમ્રતા સાથે તારી વિનંતી કરીએ છીએ કે, જેટલાં આ ક્ષણભંગુર જીવનમાં કલેશ, શોક, અડચણ, રોગ અથવા બીજી કોઈ વિપત્તિમાં પડેલાં હોય, તે બધાંને દયા કરીને દિલાસો દે તથા સહાય કર. અને તારા બધા સેવકો, જેઓ તારા પરના વિશ્વાસ તથા ભયમાં, આ જગત છોડીને ગયા છે, તેમને લીધે અમે તારા પવિત્ર નામનો ધન્યવાદ કરીએ છીએ, અને અમે એ વિનંતી કરીએ છીએ કે, અમને એવી કૃપા આપ કે અમે તેમના સારા નમુના લઇને એવી રીતે ચાલનારા થઈએ કે, તેમની સાથે અમે પણ તારા આકાશી રાજ્યના ભાગીદાર થઈ જઈએ; હે પિતાજી, અમારા એકલા મધ્યસ્થ અને પક્ષવાદી, ઇસુ ખ્રીસ્તને લીધે એ પ્રમાણે કર. આમેન.

¶ ज्यारे सेवक पवित्र सगत पाळवा विषेनी खबर आपे, (जे सर्वदा आगला रविवारे, अथवा पासेना कोई पवित्र दिवसे आपवी जोईए), त्यारे उपदेश अथवा होमिली पूरी थया पछी, आ नीचे लखेलो उपदेश वांचे.

હે વહાલાઓ, મારો વિચાર છે કે, દેવની સહાયથી (ફલાણે દિવસે) જેટલા લોક ધાર્મિકતા તથા ભકિતભાવ ચાહે છે, તેમને બધાંને ખ્રીસ્તના દેહ અને લોહીનો અત્યંત દિલાસાદાયક સાક્રમેન્ટ આપું, કે તેઓ તેને ખ્રીસ્તના પુણ્યકારક ક્રુસ અને દુઃખસહનના સ્મર્ણાર્થે લે, કેમકે માત્ર તેનેજ લીધે આપણે પોતાના પાપોની ક્ષમા પામીએ છીએ, અને આકાશી રાજ્યના ભાગીદાર થઈએ છીએ, કેમકે સર્વશક્તિમાન દેવ આપણા આકાશી પિતાએ પોતાના પુત્ર આપણા તારનાર ઇસુ ખ્રીસ્તને કેવળ એ માટે નથી આપ્યો કે તે આપણે સારૂ મરે, પણ આ પવિત્ર સાક્રમેન્ટમાં આપણું આત્મિક અન્ન તથા આધાર થવા સારૂ પણ, તેણે તેને આપ્યો છે; એ સારૂ આપણું કર્તવ્ય છે કે પૂરી નમ્રતા સાથે તન મનથી તેનો ઉપકાર માનીએ. આ સાક્રમેન્ટ જેઓ યોગ્ય રીતે લે છે, તેમને માટે અતિ દિવ્ય અને દિલાસાદાયક વસ્તુ છે, અને જેઓ ધીટાઈ કરીને અયોગ્ય રીતે લે છે, તેમને માટે હાનિકારક છે; માટે એ પવિત્ર ભેદની શ્રેષ્ઠતા કેવડી છે, અને

તેને અયોગ્ય રીતે લેવું, એ કેવું નાશકારક છે, એનો વિચાર આ સમયે કરવાને તમને સમજાવવાનું મારૂં કામ છે. માટે તમે પોતાનાં અંતઃકરણોને શોધો તથા પારખો, અવિચારથી અને દેવની આગળ કપટ કરનારની પેઠે નહિ; પણ એવી રીતે કે, આવા આકાશી જમણમાં પવિત્ર અને શુદ્ધ થઈને, એટલે લગ્નનું જે વસ્ત્ર દેવે પવિત્ર લેખમાં અવશ્યનું ઠરાવ્યું છે, તે પહેરીને આવી શકો, અને એ પ્રમાણે, આ પવિત્ર મેજના યોગ્ય ભાગીદાર ઠરો.

એની રીત અને સાધન એવાં છે કે, પહેલાં તમે પોતાના જીવન અને આચરણને દેવની આજ્ઞાઓના નિયમ સાથે સરખાવીને પારખો; અને જે જે વાતમાં, એટલે ઇચ્છા, અથવા વચન અથવા કામમાં, પોતાને અપરાધી જાણો; તે તે વિષે પોતાના અપરાધીપણા પર રડો, અને તમારા આચરણને સુધારવાનો દૃઢ નિશ્ચય કરીને, સર્વશક્તિમાન દેવની આગળ પોતાનાં પાપ માની લો; અને જો તમારી જાણમાં આવે કે, તમે જે અપરાધ કીધા છે, તે માત્ર દેવનાજ નહિ, પણ પડોસીઓના પણ કીધા છે; તો તેમની સાથે મેળાપ કરો; અને, તમે જો કોઈની હાની અથવા અન્યાય કીધો હોય, તો તમારી પૂરી શક્તિ પ્રમાણે તે ભરી આપવાને, અને તેને સંતુષ્ટ કરવાને સિદ્ધ થાઓ. અને જેમ ઇચ્છો છો કે, દેવ તમારા અપરાધોની તમને ક્ષમા કરે, તેવીજ રીતે, જેમણે તમારો વાંક કીધો હોય, તેમને ક્ષમા કરવાને સિદ્ધ થાઓ; નહિ તો પવિત્ર સંગત લેવાનું પરિણામ તમ પર વધારે દંડાજ્ઞા વિના બીજું કાંઈ થશે નહિ. એ માટે જો તમારામાંથી કોઈ દેવનો નિંદક, અથવા તેના વચનનો વિરોધી, અથવા અવળું બોલનાર, અથવા વ્યભિચારી, અથવા દ્વેષ અને અદેખાઈ કરનાર હોય, અથવા બીજા કોઈ મોટા પાપમાં પડેલો હોય, તો તે પોતાનાં પાપોનો પસ્તાવો કરે, અને નહિ તો આ પવિત્ર મેજ પાસે ન આવે; કદી એવું ન થાય, કે આ પવિત્ર સાક્રમેન્ટ લીધા પછી, ભુંડા આત્માએ જેમ યહુદામાં પ્રવેશ કીધો, તેમ તમારામાં પણ પ્રવેશ કરે, અને તમારાં મનમાં હરેક પ્રકારની ભુંડાઇ ભરીને, તમારા દેહ અને આત્મા બન્નેનો નાશ આણે.

અને વળી એ પણ અગત્યનું છે કે, જ્યાં સુધી કોઈ માણસ દેવની દયા પર પૂરો ભરોસો ન રાખે, ને અંતઃકરણમાં તેને શાંતિ ન મળે, ત્યાં સુધી પવિત્ર સંગતમાં આવે નહિ; માટે તમારામાં કોઈ એવો હોય કે, જેને એ ઉપાયોથી અંતઃકરણમાં શાંતિ નહિ થાય, અને તેને વધારે દિલાસો અથવા બોધ લેવાની જરૂર હોય, તો તે મારી પાસે આવે, અથવા દેવના વચનના કોઈ બીજા બુદ્ધિમાન અને વિદ્વાન સેવકની પાસે જાય, અને મનનું દુઃખ પ્રગટ કરે કે, તે દેવના વચનથી શિખામણ પામીને પોતાનાં પાપોની ક્ષમાના લાભ, અને

તેની સાથે એવો આત્મિક બોધ તથા સલાહ મેળવે, કે જેથી તેના મનને શાંતિ વળે, અને કોઈ પ્રકારની અડચણ અથવા સંદેહ તેના મનમાં ન રહે.

¶ अथवा जो पाळक जुए के, लोक पवित्र सगतमां आववाने निश्चिंत रहे छे, तो ते उपलानी जग्यामां आ उपदेश वांचे.

પ્રિય ભાઈઓ, દેવની કૃપાથી (ફલાણે દિવસે) પ્રભુભોજન પાળવાનો મારો વિચાર છે; તેમાં તમ બધાં જેઓ અહીઆં છો, તેઓને દેવના નામમાં નોતરૂ આપુ છુ, અને પ્રભુ ઇસુ ખ્રીસ્તને માટે તમારી વિનતી કરૂ છુ કે, દેવ પોતે ઘણા પ્રેમથી તમને બોલાવે છે તથા નોતરૂં આપે છે, માટે તમે તેમાં આવવાને નકાર કરશો નહિ. જો કોઈ માણસ મોટુ જમણ તૈયાર કરે, અને સર્વ પ્રકારનુ ભોજન સિદ્ધ કરે, અને નોતરેલાઓને આવીને બેસવાનીજ વાર રહે, તોપણ તેડેલાઓ અનુપકારી થઇને (કંઈ પણ કારણ વિના) આવવાનો નકાર કરે, તો તમે જાણો છો કે કેવા દુ ખની અને અપમાન ભરેલી વાત થશે! એવે વખતે તમારામાંનો કોણ દુ ખી નહિ થાય? અને કોણ એમ નહિ કહે કે, તેને મોટી હાની તથા અપમાન થયું? તે સારૂ, ખ્રીસ્તમાં મારા અતિ વહાલાઓ, બહુજ સાવચેત થાઓ, કંઈ એવું ન થાય કે તમે આ પવિત્ર ભોજનથી અળગા રહીને, પોતા ઉપર દેવનો કોપ સળગાવો. એ કહેવું તો સહેલું છે કે, હું આ જગતના ધંધામાં ગુંથાયો છું તેથી પવિત્ર સંગતમાં આવી શકતો નથી, પણ એવા બહાનાં દેવ આગળ સહેલાઈથી ચાલવાનાં નથી. કોઈ કહે કે, હું તો ઘણો પાપી છું, તે કારણથી આવવાને બીહુ છું; તો પસ્તાવો કરીને પોતાને સુધારતા કેમ નથી? દેવ તમને બોલાવે છે, તો અમે નહિ આવીએ, એમ કહેવાથી શું તમને લાજ નથી આવતી? જ્યારે તમારે દેવ તરફ ફરવુ જોઇએ, ત્યારે શું એમ કહેશો, કે અમે તૈયાર નથી? પોતાના મનમાં સારી પેઠે વિચાર કરો, કે એવાં નકામાં બહાનાં દેવ આગળ ચાલશે નહિ. સુવાર્તામાં લખ્યું છે કે, જેઓએ એ પ્રમાણે જમણનો નકાર કરીને કહ્યુ કે, અમે ભોંય વેચાતી લીધી છે, અથવા બળદની જોડીને પારખવી છે, અથવા પરણ્યા છીએ, તો તેઓનાં બહાનાં ચાલ્યાં નહિ, ઉલટા તેઓ આકાશી ભોજનને સારૂ અયોગ્ય ગણાયા. હુ તો મારા તરફથી તૈયાર રહીશ; મારી પદવી પ્રમાણે હુ દેવના નામથી તમને નોતરૂં આપુ છું; અને ખ્રીસ્તના તરફથી તમને બોલાવુ છુ; હું તમને બોધ કરૂં છું, કે જો તમે પોતાનુ તારણ ચાહતા હો, તો આ પવિત્ર સંગતમાં ભાગ લો. અને જેમ દેવના પુત્રે દયા કરીને, તમારા તારણને માટે, પોતાનો જીવ ક્રુસ પર આપ્યો, તેમ તમારૂ કર્તવ્ય છે કે, તેના મરણના બળિદાનના સ્મરણને માટે, તેનીજ આજ્ઞા પ્રમાણે સંગત લો. જો તમે એથી નિશ્ચિંત રહેશો, અને પ્રભુની

મેજથી જાણી જોઇને આઘા રહેશો, અને તમારા ભાઇઓ, જે આ આકાશી અન્ન જમવાને આવે છે, તેમનાથી છેટા રહેશો, તો તમે દેવનો કેવડો મોટો અપરાધ કરો છો, તથા તે કારણને લીધે તમારાં માથાં ઉપર કેવો ભારે દંડ ઝુમી રહેલો છે, આ વિષે મનમાં વિચાર કરો. જો તમે આ વાતો સારી રીતે વિચારશો, તો દેવની કૃપાથી તમારૂ મન સુધરી જશે; અને એ વાતની પ્રાપ્તિને માટે, સર્વશક્તિમાન દેવ, આપણા આકાશવાસી પિતા આગળ આપણી નમ્રતાપૂર્વક વિનંતી કરવાને આપણે ચુકીશુ નહિ.

¶ संगत पाळती वेळा, ज्यारे पवित्र साक्रमेन्ट लेवा माटे ते लेनारा उचित रीते बेसे, त्यारे प्रीस्ट आ उपदेश संभळावे.

પ્રભુમાં વહાલાઓ, તમે આપણા તારનાર ખ્રીસ્તના શરીર અને લોહીની પવિત્ર સગત લેવા ઇચ્છો છો, ત્યારે વિચાર કરવો જોઇએ કે, પવિત્ર પાઉલ બધાંને એવી શિખામણ આપે છે કે, આ રોટલી ખાવા, અને આ વાટકામાંથી પીવાની હિમ્મત કરવા પહેલાં, બધાંએ પોતાની પરીક્ષા સારી રીતે કરવી જોઇએ; કેમકે જો આપણે આ પવિત્ર સાક્રમેન્ટ ખરા પસ્તાવિક અંત:કરણથી, અને જીવતા વિશ્વાસથી લઇએ, (કેમકે ત્યારેજ આપણે આત્મિક રીતે, ખ્રીસ્તનુ શરીર ખાઇએ છીએ, તથા તેનું લોહી પીએ છીએ; અને ત્યારે આપણે ખ્રીસ્તમાં વસીએ છીએ, અને ખ્રીસ્ત આપણામાં વસે છે, અને આપણે ખ્રીસ્ત સાથે એક થઈએ છીએ, અને ખ્રીસ્ત આપણી સાથે એક થાય છે), તો, એથી આપણને મોટો લાભ થાય છે, તેમજ જો અણઘટતી રીતે લઈએ, તો બહુ ભારે હાની થાય છે. કેમકે એમ કરવાથી આપણે ખ્રીસ્ત આપણા તારનારની દેહ તથા લોહીના અપરાધી ઠરીએ છીએ, પ્રભુના શરીરનો ભેદ ન જાણીને, ખાધાથી તથા પીધાથી પોતા પર દંડ આણીએ છીએ; અને દેવનો કોપ પોતા ઉપર સળગાવીએ છીએ, અને આપણા પર ભાતભાતના રોગ અને મોત મોકલવા સારૂ આપણે તેને ચીડવીએ છીએ. માટે હે ભાઈઓ, પોતાનો ન્યાય કરો, કે પ્રભુ તમારો ન્યાય ન કરે; તમે પોતાનાં પાછલાં પાપોને માટે ખરો પસ્તાવો કરો; ખ્રીસ્ત આપણા તારનાર પર જીવતો તથા દૃઢ વિશ્વાસ રાખો; પોતાનાં આચરણ સુધારો, અને બધાં માણસો સાથે પૂરો પ્રેમ રાખો, ત્યારે તમે આ પવિત્ર ભેદોમાં ભાગ લેવાને યોગ્ય ઠરશો. અને સૌથી વધારે અગત્યનું એ છે જે, તમે ઘણી નમ્રતા સાથે તનમનથી દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો ઉપકાર માનો, કેમકે આપણો તારનાર ખ્રીસ્ત, જે દેવ તથા માણસ બન્ને છે, તેણે પોતાના મરણ અને દુ:ખ વડે જગતને સારૂ ખંડણી ભરીને અમ દીન પાપીઓ, જેઓ અંધારામાં તથા મરણછાયામાં પડેલાં હતાં, તેમને સારૂ ક્રુસ પરના

મરણ સુધી પોતાને નમાવ્યો; કે આપણને દેવનાં સતાન બનાવે; અને અનત જીવનની પદવી પર ચઢાવે. અને આપણા સ્વામી તથા એકલા તારનાર ઇસુ ખ્રીસ્તે, આપણ માટે એ રીતે મરવાથી, કેવી ભારે પ્રીતિ દેખાડી છે, અને તેનુ મૂલ્યવાન લોહી વહેવડાવવાથી અસંખ્ય લાભો આપણે સારૂ મેળવ્યા છે, એ વાતનું સ્મરણ સર્વદા કરવા સારૂ તેણે આપણા મોટા તથા અનત દિલાસાને માટે, આ પવિત્ર ભેદ ઠરાવ્યા, કે તેની પ્રીતિનાં પ્રમાણ, અને મોતનુ સ્મરણ સર્વદા રહે, માટે આવો, (જે રીતે આપણું કર્તવ્ય છે તેમ) આપણે તેનો, તથા પિતાનો, તથા પવિત્ર આત્માનો ઉપકાર સદા માન્યા કરીએ; અને પોતાને સંપૂર્ણ રીતે તેની પવિત્ર ઇચ્છા તથા પ્રસન્નતાને આધીન રાખી, આખા જીવન સુધી ખરી પવિત્રતાએ તથા ન્યાયીપણાએ, તેની સેવા કરવાનો યત્ન કરતા રહીએ. આમેન.

¶ **પછી જેઓ પવિત્ર સગત લેવા આવ્યાં હોય, તેમને પ્રીસ્ટ આ પ્રમાણે કહે.**

તમે જેઓ અંતઃકરણથી પોતાનાં પાપોનો ખરો પસ્તાવો કરો છો, અને પોતાના પડોસીઓ સાથે પ્રેમ તથા મેળાપ રાખો છો, અને હવે પછી દેવની આજ્ઞાઓને અનુસરીને નવું જીવન જીવવાનો, તથા તેના પવિત્ર માર્ગો પર ચાલવાનો નિશ્ચય કરો છો, તેઓ વિશ્વાસની સાથે પાસે આવો, અને તમારા દિલાસાને માટે આ પવિત્ર સાક્રમેન્ટ લો; અને દીન મનથી ઘુંટણ ટેકીને સર્વશક્તિમાન દેવ આગળ નમ્રતાથી પોતાનાં પાપો કબૂલ કરો.

¶ **પછી જેઓ પવિત્ર સંગત લેવા ઇચ્છતા હોય તેમના તરફથી, સેવકોમાંનો એક આ સામાન્ય કબૂલત વાચે, અને તે તથા આખી મડળી નમ્રતાથી ઘુંટણ ટેકીને એમ બોલે,**

હે સર્વશક્તિમાન દેવ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપ, બધી વસ્તુના ઉત્પન્ન કરનાર, અને બધાં માણસોના ન્યાયાધીશ, અમે પોતાનાં અનેક પ્રકારનાં પાપ અને અપરાધ, જે અમે વારંવાર વિચાર, વાત તથા કામો વડે, તુંજ પ્રતાપી દેવ વિરૂદ્ધ, અતિ દુખદાયક રીતે કીધાં છે, અને જેમને લીધે તારા યથાર્થ કોપ તથા ક્રોધને પોતા ઉપર ભડકાવ્યો છે, તેમને રડી રડીને માની લઈએ છીએ. તેમને માટે અમે અતઃકરણથી પસ્તાઇએ છીએ, અને અમારાં આ દુષ્કર્મોને લીધે મનથી ખેદિત છીએ. તેમના સ્મરણથી અમને દુઃખ થાય છે, તેમનો ભાર અમે સહી શકતાં નથી. હે અત્યંત દયાળુ બાપ, અમ પર દયા કર, અમ પર દયા કર, તારા પુત્ર ઇસુ ખ્રીસ્તને લીધે, અમારાથી જે કંઈ થયું, તેની ક્ષમા અમને આપ; અને એવું કર કે હવે પછી, અમે જીવનના નવીનપણાથી સદા તારી સેવા કરીએ, અને તને પ્રસન્ન રાખીએ, કે જેથી તારા નામને માન અને મહિમા મળે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी प्रीस्ट, (अथवा बिशप हाजर होय तो ते), उभो थई मडळी तरफ फरीने आ पापमोचन संभळावे.

સર્વશક્તિમાન દેવ, આપણા આકાશી પિતાએ, પોતાની ઘણી દયા વડે, જેઓ અતઃકરણથી પશ્ચાત્તાપ કરીને અને જીવતા વિશ્વાસ સાથે તેની ગમ વળે છે, તે બધાંનાં પાપોની ક્ષમા કરવાનુ વચન દીધું છે; તે તમ પર દયા કરે; તમારાં બધાં પાપોની ક્ષમા કરે, અને તેમનાથી તમને છૂટકો આપે; તમને બધાં સારાં કામોમાં સ્થિર અને દૃઢ કરે; અને તમને અનંત જીવન સુધી પહોંચાડે; ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને નામે. આમેન.

¶ पछी प्रीस्ट कहे,

આપણો તારનાર ખ્રીસ્ત, જેઓ સાચાપણાથી તેની ગમ વળે છે, તેઓને કેવાં દિલાસાનાં વચનો કહે છે, તે સાંભળો.

ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લાદેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હુ તમને વિસામો આપીશ. માત્થી ૧૧, ૨૮.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે. યોહાન ૩; ૧૬.

વળી પાઉલ સંત શુ કહે છે, તે સાંભળો.

આ વાત વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રીસ્ત ઇસુ પાપીઓને તારવાને જગતમાં આવ્યો. ૧ તીમોથી ૧, ૧૫.

વળી યોહાન સત શુ કહે છે, તે સાંભળો.

જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઇસુ ખ્રીસ્ત જે ન્યાયી છે તે, અને તે આપણાં પાપ વિષે પ્રાયશ્ચિત્ત છે. ૧ યોહાન ૨, ૧.

¶ पछी प्रीस्ट एम कहे,

તમારાં મન ઉચે લગાડો.

ઉત્તર. અમે તેમને પ્રભુ પાસે ઉચે લગાડીએ છીએ.

પ્રીસ્ટ. આપણે આપણા પ્રભુ દેવનો ઉપકાર માનીએ.

ઉત્તર. એમ કરવુ યોગ્ય તથા ઘટાર્થ છે.

¶ पछी प्रीस्ट प्रभुनी मेजनी गम वळीने कहे,

એ અતિ યોગ્ય, ઘટાર્થ, અને અમારો ધર્મ છે કે, અમે હર વખતે અને સર્વ જગ્યામાં તારો ઉપકાર માનીએ, ઓ પ્રભુ, *પવિત્ર પિતા, સર્વશક્તિમાન સનાતન દેવ.

***(પવિત્ર પિતા), આ શબ્દો ત્રયના રવિવારે મુકી દેવા જોઇએ.**

¶ अही समय प्रमाणे कोई विशेष प्रस्तावना ठरावेली होय, ते वांचवी; नहि-तो लागलुज आ नीचेनु वांचवु.

એ માટે દૂતો, તથા પ્રમુખ્ય દૂતો, અને આકાશના સર્વ સમુદાય સાથે

અમે તારા મહિમાવાન નામની સ્તુતિ તથા વડાઈ કરતાં, નિરંતર એ કહીને તને વખાણીએ છીએ કે, પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોના પ્રભુ દેવ, આકાશ તથા પૃથ્વી તારા મહિમાથી ભરપૂર છે. હે પરાત્પર પ્રભુ, તારોજ મહિમા થાઓ. આમેન.

વિશેષ પ્રસ્તાવનાઓ.

નાતાલને દિવસે અને ત્યાર પછી સાત દહાડા સુધી.

એ સારૂ કે જાણે આ સમયે અમારે સારૂ જનમવાને તેં પોતાનો એકનોએક પુત્ર ઇસુ ખ્રીસ્ત આપ્યો; તે પવિત્ર આત્મા વડે, તેની માતા કુંવારી મરિયમના તત્વથી, ખરેખરો નિષ્કલંક માણસ થયો, કે અમને બધાં પાપોથી શુદ્ધ કરે. એ માટે દૂતો, ઈત્યાદિ.

પુનરૂત્થાનને દિવસે, અને ત્યાર પછી સાત દહાડા સુધી.

પણ વિશેષે કરીને, તારા પુત્ર, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના મહિમાવાન પુનરૂત્થાનને લીધે, તારી સ્તુતિ કરવી અમને ઉચિત છે; કેમકે પાસ્ખાનું ખરૂં હલવાન, જે અમારે માટે અર્પણ થયું, અને જગતના પાપનું હરણ કીધુ, તે એજ છે; તેણે પોતાના મોતે કરીને મોતનો નાશ કીધો, અને પાછો જીવી ઉઠવાથી અમને અનંતજીવન મેળવી આપ્યું છે. એ માટે દૂતો, ઈત્યાદિ.

આકાશગમન, અને ત્યાર પછીના સાત દહાડા સુધી.

તારા અતિ પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને લીધે, જેણે પોતાના મહિમાવાન પુનરૂત્થાન પછી, પોતાના બધા પ્રેરિતોને પ્રત્યક્ષ દર્શન દીધુ, અને અમારે સારૂ જગ્યા સિદ્ધ કરવાને, તેમની આંખો આગળ આકાશમાં ચઢી ગયો, કે જ્યાં તે છે, ત્યાં અમે પણ ચઢીને તેની સાથે મહિમામાં રાજ્ય કરીએ. એ માટે દૂતો, ઈત્યાદિ.

પેન્તેકોસ્ટને દિવસે, અને ત્યાર પછી છ દહાડા સુધી.

ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને લીધે, જેના અત્યત સત્ય વચન પ્રમાણે, જાણે કે આ વેળાએ, પવિત્ર આત્મા એકાએક મોટા અવાજની સાથે, ભારે ફુંકાતા વાના જેવો, અગ્નિની જુદી જુદી જીભોના જેવો, આકાશમાંથી ઉતરીને પ્રેરિતો પર આવી રહ્યો, કે તેમને શિખાડે, તથા સપૂર્ણ સત્યમાં દોરે; અને તેણે અમને બધી જાતિઓમાં સુવાર્તા સર્વદા પ્રગટ કરવા સારૂ, અનેક ભાષાઓનુ દાન, અને વળી હિમ્મત તથા બળતી હોંશ આપી, જેણે કરીને અમે અંધકાર અને ભૂલમાંથી નિકળીને, તારા તથા તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના નિર્મળ પ્રકાશ, તથા સત્ય જ્ઞાનને પામ્યાં છીએ. એ માટે દૂતો, ઈત્યાદિ.

માત્ર ત્રયના પર્વ ઉપર.

તું જે એક દેવ, એક પ્રભુ છે, માત્ર

એક વ્યક્તિ તો નહિ, પરંતુ એકજ તત્વમાં ત્રણ વ્યક્તિઓ, કેમકે પિતાના મહિમા વિષે, જે કંઈ અમારો વિશ્વાસ છે, તેજ વિશ્વાસ કાંઈ પણ ફેર અથવા તફાવત વિના, પુત્ર તથા પવિત્ર આત્માના વિષયમાં પણ છે. એ માટે દૂતો, ઈત્યાદિ.

¶ आ दरेक प्रस्तावना पछी, लागलुंज आ नीचेनु गावामा अथवा वांचवामां आवे.

એ માટે દૂતો તથા મુખ્ય દૂતો, અને આકાશના સર્વ સમુદાય સાથે, અમે તારા મહિમાવાન નામની સ્તુતિ તથા વડાઈ કરતાં, નિરંતર એ કહીને તને વખાણીએ છીએ કે, પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોના પ્રભુ દેવ, આકાશ તથા પૃથ્વી તારા મહિમાથી ભરપૂર છે; હે પરાત્પર પ્રભુ, તારોજ મહિમા થાઓ. આમેન.

¶ पछी प्रीस्ट प्रभुनी मेज पासे घुटणे पडीने, बधां प्रभुभोजन लेनारांओना नाममा आ प्रार्थना वाचे.

હે દયાળુ પ્રભુ, અમે પોતાના ન્યાયીપણા પર નહિ, પરંતુ તારી અનેક અને મોટી દયા પર ભરોસો રાખીને, તારી મેજ પાસે આવવાની હિમ્મત ધરીએ છીએ. અમે તો તારી મેજ તળે જે કકડા પડે તે પણ વિણવાને યોગ્ય નથી. પણ તું તે પ્રભુ છે, જેનો સ્વભાવ સદા દયા કરવાનો છે; તે માટે હે કૃપાળુ પ્રભુ, એવું કર કે, તારા પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્તના માંસને અમે એવી રીતે ખાઇએ, અને તેના લોહીને એવી રીતે પીએ, કે અમારાં પાપિષ્ટ શરીર તેના શરીરથી શુદ્ધ કરાઈ જાય, અને અમારા આત્મા તેના અમૂલ્ય લોહી વડે ધોવાઈ જાય, અને અમે તેમાં, અને તે અમમાં સર્વકાળ વસે. આમેન.

¶ ज्यारे प्रीस्ट मेज आगळ उभो रहीने, रोटली तथा द्राक्षरस एवी रीते राखी ले के, ते लोकोनी आगळ सहेलाईथी अने मान साथे रोटली भांजी शके, तथा वाटको पोताना हाथमा लई शके, त्यारे नीचे प्रमाणे पवित्र करवानी आ प्रार्थना वाचे.

હે સર્વશક્તિમાન દેવ, અમારા આકાશી પિતા, તેં તારી ઘણી દયાથી અમારી ખંડણીને સારૂ, ક્રુસ પર મરણ પામવાને તારો એકનોએક દીકરો ઇસુ ખ્રીસ્ત આપ્યો, તેણે ત્યા એકજ વાર પોતાનુ અર્પણ કરીને, આખા જગતનાં પાપોને સારૂ, એકજ પૂરૂ અને સપૂર્ણ યજ્ઞ, અર્પણ તથા પ્રાયશ્ચિત્ત કીધુ, અને પોતાના અમૂલ્ય મોતના નિરંતર સ્મરણાર્થે એક વિધિ ઠરાવ્યો, અને તેની પવિત્ર સુવાર્તામાં અમને આજ્ઞા કીધી કે જ્યાં સુધી હુ પાછો ન આવુ, ત્યાં સુધી તમે આને પાળતા રહો; હે દયાળુ પિતા, અમે પૂરી નમ્રતા સાથે તારી વિનંતી કરીએ છીએ કે અમારૂં સાંભળ, અને એવું કર કે, તારા પુત્ર અમારા ત્રાતા ઇસુ ખ્રીસ્તના ઠરાવેલા પવિત્ર વિધિ પ્રમાણે, તેના મોત અને દુઃખસહનના સ્મરણમાં તારી ઉત્પન્ન કરેલી

વસ્તુઓ, આ રોટલી તથા દ્રાક્ષરસ લઇને અમે તેના પરમ ધન્ય દેહ અને લોહીના ભાગીદાર થઈએ, જે રાતમાં તે પરસ્વાધીન કરાયો, તેમાં તેણે *રોટલી લીધી, ને સ્તુતિ કરીને †ભાંગી, ને પોતાના શિષ્યોને આપીને કહ્યુ કે, લો, ખાઓ, ‡એ મારૂ શરીર છે જે તમારે સારૂ આપવામાં આવે છે, મારી યાદગીરીમાં આ કરો. અને તે પ્રમાણે વાળું કર્યા પછી તેણે *વાટકો લઇને તથા સ્તુતિ કરીને તેઓને આપતાં કહ્યુ કે, તમે સહુ એમાંનુ પીઓ, કેમકે §એ નવા કરારનુ મારૂ લોહી છે, જે પાપોની માફીને અર્થે તમારે અને ઘણાઓને સારૂ વહેવડાવવામાં આવે છે; તમે જેટલી વાર એ પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ એ કરો. આમેન.

*** અહીં પ્રીસ્ટ થાળી પોતાના હાથમાં લે.**

† અહીં રોટલી તોડે.

‡ અહીં બધી રોટલી પર હાથ મુકે.

***અહીં પ્યાલું હાથમાં લે.**

§ અહીં પ્યાલું અથવા કોઇ બીજું પાત્ર જેમાં પવિત્ર કરવાને સારૂ દ્રાક્ષરસ રાખેલો હોય તે પર હાથ મુકે.

¶ त्यार पछी सेवक सगतनी बन्ने वस्तुओमांथी पहेलां पोते ले; अने पछी कोई बिशप, प्रीस्ट, अथवा डीकन त्यां होय, तो तेमने पण तेज प्रमाणे आपे, अने पछी लोकोने पण अनुक्रमवार तेमना हाथोमां आपे, अने लेती वेळा बधां नम्रताथी घुंटण टेकी रहे. अने ज्यारे ते कोईने रोटली आपे त्यारे एम कहे,

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનુ શરીર જે તારે માટે દેવામાં આવ્યુ, તે તારા શરીરનું તથા આત્માનુ અનત જીવનને માટે રક્ષણ કરો. ખ્રીસ્ત તારે માટે મુઓ, તેના સ્મરણમાં આ લે તથા ખા, અને ઉપકારસ્તુતિ કરીને વિશ્વાસથી તારા મનમાં તેને ખાયા કર.

¶ पछी सेवक कोईने वाटको आपे त्यारे एम कहे,

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનુ લોહી જે તારે માટે વહેવડાવવામાં આવ્યુ, તે તારા શરીરનુ તથા આત્માનુ અનત જીવનને માટે રક્ષણ કરો. ખ્રીસ્તનું લોહી તારે માટે વહેવડાવવામાં આવ્યુ તેના સ્મરણમાં આ પી, અને ઉપકાર માન.

¶ जो पवित्र करेली रोटली अथवा द्राक्षरस, बधांए संगतमा भाग लीधा पहेला पूरां थई जाय, तो प्रीस्ट उपर लखेली रीत प्रमाणे बीजाने पवित्र करे, एटले रोटलीने आशीर्वाद आपवा माटे आ शब्दोथी आरभ करे के, (આપણો તારનાર ખ્રીસ્ત જે રાતમાં, ઈત્યાદિ). अन वाटकाने आशीर्वाद आपवा माटे पण, (અને તે પ્રમાણે વાળુ કર્યા પછી, ઈત્યાદિ) कहे.

¶ ज्यारे बधां लई रहे, त्यारे सेवक पाछो प्रभुनी मेज पासे जाय, अने पवित्र करेली वस्तुओमांनु जे कंई वध्युं होय, ते सन्मान सहित मेज उपर मुकीने तेने एक सुदर शणना लुगडा वडे ढांके,

॥ त्यार पछी प्रीस्ट प्रभुनी प्रार्थना बोले; अने लोको तेनी पाछळ पाछळ प्रत्येक वाक्य बोले.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર: અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છૂટકો કર, કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

॥ त्यार पछी आ नीचे प्रमाणे.

હે પ્રભુ, અને આકાશી પિતા, અમે તારા નમ્ર સેવકો મનથી વિનતી કરીએ છીએ કે, તું તારી પિતા સમાન મહેરબાની વડે અમારી આ સ્તુતિ અને ઉપકારનુ અર્પણ દયા કરીને માન્ય કર; અમે પૂરી નમ્રતા સાથે તારી વિનતી કરીએ છીએ કે, તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના પુણ્ય તથા મોતને લીધે, તથા તેના લોહી પર વિશ્વાસ કરવાને લીધે, અમે તારી આખી કલીસીઆ સહિત, અમારાં પાપોની ક્ષમા, અને તેના દુ:ખના બીજા બધા લાભો મેળવી લઇએ. અને હે પ્રભુ, અહીં અમે પોતાને, દેહ અને આત્મા સહિત, તારી આગળ ચઢાવી દઇએ છીએ, કે તારે સારૂ બુદ્ધિયુક્ત, પવિત્ર, અને જીવતું અર્પણ થઇએ; અને અમે દીનપણાથી તારી વિનંતી કરીએ છીએ કે, જેઓએ આ પવિત્ર સંગતમાં ભાગ લીધો છે, તેઓ બધાં તારી કૃપા અને આકાશી આશીર્વાદથી ભરપૂર થઈ જાય. અને જો કે અમે, પોતાનાં અનેક પ્રકારનાં પાપોને લીધે, તારી આગળ કોઈ અર્પણ ચઢાવવાને યોગ્ય નથી, તોપણ અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું અમારી યોગ્યતા તરફ ન જો, પણ અમારાં પાપોની ક્ષમા કરીને, આ સેવા કે જે કરવાનો અમારો ધર્મ છે, તે ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને લીધે માન્ય કર, કે જેના વડે અને જેની સાથે, પવિત્ર આત્માની ઐકયતામાં બધુ માન અને મહિમા, હે સર્વશક્તિમાન પિતા, યુગાનયુગ તનેજ હોજો. આમેન.

अथवा आ.

હે સર્વશક્તિમાન અને સદા જીવતા દેવ, અમે પૂરા અંત:કરણથી તારો ઉપકાર માનીએ કે, જેઓએ આ પવિત્ર ભેદોમાં યોગ્ય રીતે ભાગ લીધો છે, તેમને તું દયા કરીને તારા પુત્ર અમારા ત્રાતા ઇસુ ખ્રીસ્તના અતિ મૂલ્યવાન શરીર અને લોહીનું આત્મિક ભોજન જમાડે છે, અને એ વડે તું અમને ખાતરી આપે છે કે, તારી પ્રસન્નતા તથા દયા અમારા પર છે, અને તારા પુત્રનું જે આત્મિક શરીર બધા વિશ્વાસી લોકોની ધન્યવાન મંડળી છે, તેમાં અમે ખરેખરાં અવયવો છીએ; અને વળી તારા પ્રિય પુત્રના અતિ મૂલ્યવાન મોત અને દુ:ખોના

પુણ્યના પ્રતાપે, આશાએ કરીને, તારા સર્વકાળિક રાજ્યના વારસ પણ છીએ, એવી ખાતરી તું અમને આપે છે. અને હે આકાશી પિતા, અમે ઘણી નમ્રતા સાથે વિનંતી કરીએ છીએ કે, તારી કૃપા વડે અમારી એવી સહાય કર કે, અમે એ પવિત્ર સંગતમાં લાગુ રહીએ; અને જે બધાં સારાં કામો અમારે કરવાને સિદ્ધ કરેલાં છે તેમને કર્યા કરીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુ વડે, જેને તારી તથા પવિત્ર આત્માની સાથે, બધુ માન અને મહિમા, યુગાનયુગ હોજો. આમેન.

¶ पछी आ वचाय अथवा गवाय

પરમ ઉંચામાં દેવને મહિમા, પૃથ્વી પર શાંતિ, અને માણસો ઉપર પ્રસન્નતા થાઓ. અમે તને વખાણીએ છીએ, અમે તને ધન્યતા કહીએ છીએ, અમે તારૂં ભજન કરીએ છીએ, અમે તારો મહિમા કરીએ છીએ, તારા મહાન ગૌરવને માટે અમે તારો ઉપકાર માનીએ છીએ, હે પ્રભુ દેવ, આકાશના રાજા, સર્વશક્તિમાન દેવ પિતા.

હે પ્રભુ, એકાકીજનિત પુત્ર ઇસુ ખ્રીસ્ત; ઓ પ્રભુ દેવ, દેવના હલવાન, પિતાના પુત્ર, તું જે જગતનુ પાપ હરણ કરે છે, તે અમ પર દયા કર. તું જે જગતનું પાપ હરણ કરે છે, તે અમ પર દયા કર. તું જે જગતનું પાપ હરણ કરે છે, તે અમારી પ્રાર્થના માન્ય કર. તું જે દેવ પિતાને જમણે હાથે બેઠો છે, તે અમ પર દયા કર.

કેમકે તુંજ એકલો પવિત્ર છે; તુંજ એકલો પ્રભુ છે, તુંજ એકલો, હે ખ્રીસ્ત, પવિત્ર આત્માની સાથે, દેવ પિતાના મહિમામાં પરમ ઉંચામાં છે. આમેન.

¶ पछी प्रीस्ट, (अथवा बिशप होय तो ते), आ आशीर्वाद कहीने मडळीने विदाय करे.

દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે તમારાં હૃદયોને તથા મનોને, દેવ અને તેના પુત્ર ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુના જ્ઞાન અને પ્રેમમાં સભાળો, અને સર્વશક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર થાઓ, અને સર્વદા તમારી સાથે રહો. આમેન.

¶ ज्यारे सगत न होय त्यारे नीचेनी सारप्रार्थनाओमांथी एक अथवा वधारे उघराणा पछी वचाय, अने योग्य प्रसगे सवारनी अथवा सांजनी प्रार्थनापद्धतिनी, अथवा सगतनी, अथवा लितनीनी सार-प्रार्थनाओ पछी पण, सेवकने जेम सारुं लागे, ते प्रमाणे वांची शकाय छे.

હે પ્રભુ, અમારી આ વિનંતીઓ અને પ્રાર્થનાઓમાં દયા કરીને અમારી સહાય કર, અને તારા સેવકોના માર્ગને સર્વકાળિક તારણ મેળવવા સારૂ સુધાર; કે આ નાશવંત જીવનના બધા ફેરફાર તથા અકસ્માતમાં, તારી અપાર કૃપા અને સદા સિદ્ધ સહાયતા વડે, તેઓની સુરક્ષા થાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન પ્રભુ, અને સનાતન

દેવ, અમે તારી વિનતી કરીએ છીએ કે, તું દયા કરીને અમારાં તન અને મન, બન્નેની તારા નિયમના માર્ગમાં, અને તારી આજ્ઞાઓના કાર્યમાં આગેવાની કર, તેમને પવિત્ર કર, અને તેમના પર અધિકાર ચલાવ; કે જેથી અમે તારી મહાન સમર્થ રક્ષા વડે, આ લોકમાં અને પરલોકમાં, દેહ અને આત્મા સહિત, સુરક્ષિત રહીએ, અમારા પ્રભુ અને ત્રાતા ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન દેવ, અમે વિનતી કરીએ છીએ કે, જે વાતો આજ અમે પોતાના શારીરિક કાનો વડે સાંભળી છે, તે તારી કૃપાથી અમારાં હ્રદયોમાં એવાં મુળ નાખે, કે તેઓ અમારામાં સદાચરણનુ ફળ ઉપજાવે, કે જેથી તારા નામને માન અને સ્તુતિ મળે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન

હે પ્રભુ, અમારાં બધાં કામોમાં તારી અત્યંત કૃપાળુ મહેરબાની વડે, અમારી આગેવાની કર, અને તારી નિરંતર સહાયતા વડે અમને આગળ વધાર, કે અમે પોતાનાં બધાં કામોનો આરંભ તારાથી કરીએ, તારા વડે તેમને કરતાં રહીએ, અને તારામાં પૂરાં પણ કરીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય, અને અમે છેવટે તારી દયાથી અનંતજીવનને મેળવીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન દેવ, સંપૂર્ણ જ્ઞાનના ઝરણ, તુ અમારા માગવા પહેલાં અમારા ખપને, અને માગતી વેળાએ અમારી અજ્ઞાનતાને જાણે છે, અમે વિનંતી કરીએ છીએ કે, તુ અમારી દુર્બળતા ઉપર દયા કર, અને જે વાતોને અમે અમારી અયોગ્યતાને લીધે માગવાની હામ નથી ધરાવતાં, અને પોતાના અંધાપાને લીધે માગી નથી શકતાં, તે તુ દયા કરીને, તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની યોગ્યતાને લીધે અમને આપી દે. આમેન.

હે સર્વશક્તિમાન દેવ, તારા પુત્રના નામમાં જેઓ વિનતી કરે છે, તેમનુ સાંભળવાને તે વચન આપ્યું છે; અમે તારી વિનતી કરીએ છીએ કે. જે પ્રાર્થનાઓ અને વિનતીઓ અમે હમણાં તારી આગળ કીધી છે, તે ઉપર દયાથી તારો કાન લગાડ; અને જે વાતો અમે તારી ઇચ્છાનુસાર વિશ્વાસથી માગી છે, તે અમારી ગરજ સારવા સારૂ, તથા તારો મહિમા પ્રગટ થવા સારૂ, અમને ખરેખાત મળે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે એવુ તું કર. આમેન.

¶ जे रविवारोए, अने बाकीना पवित्र दिवसोओे संगत न थाय, तेमां संगतनो विधि (ख्रीस्तनी आखी कलीसीआ, जे आ पृथ्वी उपर युद्धमां लागेली छे) ए प्रार्थना सुधी बधी वंचाय, अने त्यार पछी आ उपर लखेली प्रार्थनाओमांथी एक अथवा वधारे वंचाय, अने छेवटे आशीर्वचन वांचवामां आवे.

¶ अने प्रीस्टनी साथे भाग लेवा सारु तेनी समज प्रमाणे पूरी सख्या न होय, तो प्रभुभोजन पाळवामा नहि आवे.

¶ अने जो कोई जग्यानी मडळीमा वीस करता वधारे सुज्ञ माणस सगत लेनारा न होय, तोपण चार (अथवा ओछामां ओछा त्रण) पाळक साथे संगत लेवा आवे तोज सगत पाळी शकाय छे.

¶ बिशपना अने पाठशाळाओना देवळोमा अने पाठशाळाओमा ज्या घणा प्रीस्ट अने घणा डीकनो रहे छे, त्या तेमने अटकाववु कोई योग्य कारण न होय, तो ओछामां ओछा दर रविवारे प्रीस्टनी साथे बधा सगत ले.

¶ अने रोटली तथा द्राक्षरसने सारु, कोईने मतभेद अथवा व्हेमनु कोई कारण न मळे, माटे जाणवु जोईए के, रोज खावामा आवे छे तेवी साधारण रोटली होय, तो ते बस छे; परतु ज्या सुधी सहेलाईथी घउनी नरी अने सारी रोटली मळी शके, त्या सुधी ते वापरवी.

¶ अने कई रोटली तथा द्राक्षरस पवित्र कीधा विनाना रही जाय, तो पाळक तेमने पोताना वपराशमा ले; पण पवित्र करेलामाथी कंई रही जाय तो ते देवळनी बहार नहि लई जवाय, पण प्रीस्ट तथा सगत पाळनाराओमाथी जेओने ते वखते ते बोलावे तेओए आशीर्वचन पछी लागलाज तेमने मान साथे खाई तथा पी लेवा.

¶ सगतने माटे रोटली तथा द्राक्षरस पाळक अने देवळना कारभारीओ मंडळीना खरचे मगावे.

¶ अने जाणवुं जोईए के, मडळीना दरेक माणसे, वर्षमा ओछामा ओछा त्रण वखते प्रभुभोजन लेवुं जोईए, जेमा एकवार पुनरूत्थानना पर्व उपर होय. अने दर साले पुनरुत्थानना दिवसोमा, मंडळीनो दरेक माणस धर्मगुरुने, अथवा पाळकने, अथवा तेना कारभारीने, अथवा कारभारीओने, पोतानो हिसाब आपे, अने रीत प्रमाणे जे कंई मंडळीनुं तेने खाते होय, ते तेज वखते त्या भरी आपे.

¶ प्रार्थना पूरी थई रह्या पछी, उघराणामा जे कंई एकठु थयुं होय, ते सेवक अने देवळना कारभारीओना मत प्रमाणे, धर्मादामा अथवा दयाना काममां खरच करवुं. अने जो तेओ ए बातमा एक मतना न थई शके, तो धर्माधिकारीनी आज्ञा प्रमाणे ते [illegible] आवे.

પ્રભુભોજન પાળવા સંબંધીની આ પદ્ધતિમાં, જે ઠરાવવામાં આવ્યું છે, કે લેવાવાળાં તેને ઘુંટણ ટેકીને લે, એનો અર્થ સારો છે, કેમકે એક તો ખ્રીસ્તના તરફથી જે લાભ આ ભોજનના બધા યોગ્ય રીતે લેનારાઓને મળે છે, તેને

માટે આપણી નમ્રતાપૂર્વક ઉપકારસ્તુતિ, ઘુંટણ ટેકવાથી જાહેર થાય છે. બીજું એ કે, જો ઘુંટણ ટેકીને ન લેત, તો પવિત્ર સગતમાં અપમાન અને ગડબડ થવાનો સંભવ રહેત. તોપણ, એ થઈ શકે એવુ છે કે કોઈ અજ્ઞાનતાથી અને મંદ બુદ્ધિથી અથવા દુર્ભાવ અને હઠને લીધે આ ઘુંટણે પડવાનો ઉલટો અથવા ખોટો અર્થ લગાડે, તો તેમણે જાણવુ જોઇએ કે. ભોજનમાં ઘુંટણ ટેકવાનો અર્થ એ નથી, કે સાક્રમેન્ટમાં જે રોટલી તથા દ્રાક્ષરસ, દૈહિક રીતે લેવામાં આવે છે, તેમની અથવા ખ્રીસ્તના સ્વાભાવિક માંસ અને લોહીની જાણે કે શારીરિક હજુરની આરાધના કરવામાં આવે, અને એમ કરવુ ઉચિત પણ નથી. કેમકે સાક્રમેન્ટનાં રોટલી તથા દ્રાક્ષરસ પોતાનાં અસલ તત્વમાં જેવાં ને તેવાંજ રહે છે, અને એ માટે તેમની પૂજા કરવી ઘટાર્થ નથી. એમ કરવામા મૂર્તિપૂજા થાય છે, જેનો બધા વિશ્વાસુ ખ્રીસ્તીઓએ ધિક્કાર કરવો જોઇએ, અને આપણા તારનાર ખ્રીસ્તનુ સ્વાભાવિક શરીર અને લોહી અહીં નથી, પણ આકાશમાં છે, કેમકે આ વાત ખ્રીસ્તના સ્વભાવિક શરીરની સત્યતાની વિરૂદ્ધ છે, કે તે એકજ સમયે અનેક સ્થાનોમાં હાજર રહી શકે.

મંડળી આગળ બાળકોને બાપ્તિસ્મા આપવાની પદ્ધતિ.

આ પદ્ધતિ દેવળમાં વચાય

¶ मडळीने समजाववु जोईए के, रविवारेए अने बीजा पवित्र दिवसोए, ज्यारे घणा लोक एकठा थाय छे, त्यारे बाप्तिस्मा करवुं ए सारी रीत छे, ए माटे के जेओनुं बाप्तिस्मा थाय, तेओ ख्रीस्तनी मंडळीमा दाखल थया छे, तेनी साक्षी, जे मंडळी ते वखते हाजर होय, ते आपी शके; वळी जे कोई बाळकना बाप्तिस्मा वखते हाजर होय, तेणे पोताना बाप्तिस्मा वखते देव आगळ केवा वचन बांध्यां हता तेनुं स्मरण तेने पण थाय, अने ते माटे ए उचित छे के, बाप्तिस्मा देशी भाषामा अपाय. तथापि (अगत्य जणाय तो), बाळकोने कोई बीजे दिवसे पण बाप्तिस्मा आपी शकाय छे.

¶ जाणवुं जोईए के, जेनु बाप्तिस्मा थवानुं होय, ते दरेक छोकराने माटे बे धर्मबाप तथा एक धर्ममा, तथा दरेक छोडीने माटे एक धर्मबाप, तथा बे धर्ममा जोईए.

¶ ज्यारे बाळकोने बाप्तिस्मा अपाववुं होय, त्यारे माबापे, एक दिवस आगळ, अथवा तेज दिवसे सवारनी प्रार्थना पहेला पाळकने खबर आपवी जोईए. पछी धर्मबाप तथा धर्ममा, अने बाळकनी साथेना लोको, पाळकना ठराव प्रमाणे, सवारनी अथवा सांजनी प्रार्थनानु बीजुं वाचन पूरुं थतां साथे कुंडनी पासे आवे, अने प्रीस्ट कुंड पासे आवीने (जेमा ते वखते चोक्खुं पाणी भरवु) त्या उभो रहीने कहे,

આ બાળકનુ બાપ્તિસ્મા થયુ છે કે નહિ?

¶ जो तेओ उत्तर आपे के, નહિ, तो प्रीस्ट आ प्रमाणे कहे.

હે વહાલાંઓ, બધાં માણસો પાપની સાથે ગર્ભમાં પડીને જન્મે છે. તે માટે, તથા આપણો તારનાર ખ્રીસ્ત કહે છે કે, જો માણસ પાણી અને પવિત્ર આત્મા વડે પુનર્જનિત ન થાય અને નવો જન્મ ન પામે, તો તે દેવના રાજ્યમાં જઈ શકતો નથી; તે માટે હું તમને વિનતી કરૂં છુ કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે દેવ પિતાની પ્રાર્થના કરો કે, તે પોતાની પુષ્કળ દયા વડે, જે પદાર્થ આ બાળકને સ્વભાવિક રીતે મળી શકતો નથી, તે તેને આપે. કે એ પાણી તથા પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામીને, ખ્રીસ્તની પવિત્ર કલીસીઆમાં લેવામાં આવે, તથા તેનો જીવતો અવયવ બને.

¶ પછી પ્રીસ્ટ કહે,

પ્રાર્થના કરીએ.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તેં પોતાની ઘણી દયા વડે નુહ તથા તેના કુટુંબને પાણીમાં નાશ પામવાથી વહાણ વડે ઉગાર્યાં, અને તારા લોક ઇસ્રાએલ-પુત્રોને લાલ સમુદ્રમાંથી કુશળતાએ પાર ઉતારીને, તેમાં તારા પવિત્ર બાપ્તિસ્માની ઉપમા દેખાડી, અને તારા અતિ પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્તનું યર્દન નદીમાં બાપ્તિસ્મા થયું, તે વડે આત્મિક રીતે પાપને ધોઈ નાખવા સારૂ પાણીને પવિત્ર કર્યું, અમે તારી અનહદ દયા માટે તારી વિનંતી કરીએ છીએ કે, આ બાળક પર દયાની નજર કર; એને ધોઇને પવિત્ર આત્માથી શુદ્ધ કર; કે એ તારા કોપથી છૂટીને, ખ્રીસ્તના મંડળીરૂપી વહાણમાં લેવામાં આવે, અને વિશ્વાસમાં દૃઢ, તથા આશામાં આનંદિત થઇને, તથા પ્રીતિમાં મૂળ ઘાલીને આ સંસારરૂપી દુઃખસાગરના મોજાઓથી એવી રીતે પાર થઈ જાય, કે છેવટે અનત જીવનના દેશમાં પહોંચીને, તારી સાથે યુગાનયુગ રાજ કર્યા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન તથા અમર દેવ, નબળાંના આધાર, અને તારે શરણે જે બધાં આવે છે તેમના સહાયક, વિશ્વાસીઓના જીવન, તથા મરેલાંના પુનરૂત્થાન, અમે આ બાળકને માટે તારી પ્રાર્થના કરીએ છીએ કે, એ જે તારા પવિત્ર બાપ્તિસ્માને માટે આવ્યુ છે, તે આત્મિક નવા જન્મ વડે પોતાનાં પાપોની માફી પામે. હે પ્રભુ, એનો અંગીકાર કર, અને જેમ તેં તારા અતિ વહાલા દીકરા વડે વચન આપ્યુ છે કે, માગો તો તમને મળશે; શોધો તો તમને જડશે; ઠોકો તો તમારે સારૂ ઉઘાડાશે. તેજ પ્રમાણે હમણાં અમે જે માગીએ છીએ, તે અમને આપ, અને જે શોધીએ છીએ, તે અમને જડે, અને અમ ઠોકનારાંઓને સારૂ બારણુ ઉઘાડ, કે જેથી આ બાળક તારા આકાશી સ્નાનનો અનત આશીર્વાદ મેળવે; અને અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે જે અનત રાજનું વચન તેં આપ્યું છે, તેમાં આવીને રહે. આમેન.

¶ પછી મંડળી ઉભી થાય, અને પ્રીસ્ટ કહે,

સુવાર્તાની વાતો સાંભળો, જે પવિત્ર માર્કના દસમા અધ્યાયની તેરમી કલમથી લખેલી છે.

તેઓ ખ્રીસ્તની પાસે બાળકો લાવ્યા કે તે તેઓને અડકે, ને શિષ્યોએ લાવનારાઓને ધમકાવ્યા. પણ ઇસુ તે જોઇને નાખુશ થયો, ને તેણે તેઓને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવાંઓનુ છે. હુ તમને ખચિત કહું છું કે, જે કોઈ બાળકની માફક દેવનું રાજ્ય સ્વીકારશે નહિ, તે એમાં

પ્રવેશ કરશેજ નહિ. અને તેણે તેઓને બાથમાં લીધાં, ને તેઓ પર હાથ મુકીને તેઓને આશીર્વાદ દીધો.

સુવાર્તા વાંચ્યા પછી, તેમાંની વાતો પર સેવક આ ટુંકો ઉપદેશ સંભળાવે.

વહાલાંઓ, આ સુવાર્તામાં આપણા તારનાર ખ્રીસ્તનાં વચન તમે સાંભળો છો, કે તેણે આજ્ઞા કીધી છે કે, બાળકોને મારી પાસે લાવવા દો, અને જેઓ તેમને તેની પાસે આવવાથી અટકાવતા હતા, તેમને કેવી રીતે ધમકાવ્યા, તથા તેમના જેવું નિર્દોષપણુ ધારણુ કરવાને તે બધા લોકોને કેવી રીતે સમજાવે છે. તમે જુઓ છો, કે તેણે કેવી રીતે પોતાના હાવભાવથી તથા કૃત્યથી પોતાની પ્રસન્નતા તેમના તરફ દેખાડી, કે તેમને છાતી સાથે લગાડીને, પોતાના હાથ તેમના ઉપર મુકયા, અને તેમને આશીર્વાદ દીધો. તે માટે તમે સદેહ ન રાખો, પણ દૃઢ વિશ્વાસ કરો કે, તે એજ પ્રમાણે આ બાળકને પ્રસન્નતાથી માન્ય કરશે; અને પોતાની દયાની સોડમાં લેશે; અને તેને અનત જીવનનો આશીર્વાદ આપીને, પોતાના સદાકાળના રાજમાં ભાગ આપશે. હવે, જ્યારે આ રીતે આપણુને ખાતરી થઈ કે, આપણો આકાશી પિતા, તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના કહ્યા પ્રમાણે, આ બાળકનુ ભલું ઇચ્છે છે; અને આ બાળકને આપણે પવિત્ર બાપ્તિસ્માને માટે લાવ્યાં છીએ, તો તે આપણા પ્રેમના આ કામનો દયાથી સ્વીકાર કરે છે, એમાં કંઈ સંદેહ રહેતો નથી; તો આપણે વિશ્વાસુ-પણાથી અને ભક્તિભાવથી તેનો ઉપકાર માનીને કહીએ કે,

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, આકાશી પિતા, અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ કે, તે પ્રસન્ન-તાથી અમને તારી કૃપાના જ્ઞાનમાં તથા તારા પરના વિશ્વાસમાં તેડયાં છે; અમારામાં સર્વદા આ જ્ઞાનને વધાર, અને એ વિશ્વાસને દૃઢ કરતો રહે. આ બાળકને તારો પવિત્ર આત્મા આપ, કે એ નવો જન્મ પામે, અને અનંત ત્રાણનો વારસ થઈ જાય, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, હમણાં અને સદાકાળ સુધી જીવે છે તથા રાજ કરે છે તેને નામે માગીએ છીએ. આમેન.

ત્યા પછી ખ્રીસ્ટ ધર્મબાપ તથા ધર્મમાને આ પ્રમાણે કહે.

હે વહાલાંઓ, તમે આ બાળકને બાપ્તિસ્મા અપાવવા સારૂ અહીં લાવ્યાં છો, અને તમે પ્રાર્થના કીધી છે કે, આપણો પ્રભુ ઇસુ ખ્રીસ્ત પ્રસન્નતાથી એનો અંગીકાર કરે, એનાં પાપોથી એને છોડાવે, પવિત્ર આત્મા વડે એને શુદ્ધ કરે, અને આકાશનું રાજ તથા અનંત જીવન આપે. તમે એ પણ સાંભળ્યું છે કે, જે બધુ તમે માગ્યું છે, તે આપવાને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે પોતાની સુવાર્તામાં વચન આપ્યું છે; તે તો એ વચન પોતા તરફથી ખરેખર ધ્યાનમાં રાખીને પૂરૂં કરશે. જ્યારે

ખ્રીસ્તે એવું વચન આપ્યુ છે, તો આ બાળક પણ જ્યાં સુધી પૂરી વયનો થઈને, એ વાતો પોતા પર ન લઈ લે ત્યાં સુધી, તમે જેઓ એનાં જામીન છો, તેઓ વડે એણે એવું વચન વિશ્વાસુપણાથી આપવુ જોઈએ, કે હુ શેતાન તથા તેનાં બધાં કામોનો ત્યાગ કરી દઈશ, દેવના પવિત્ર વચન પર દૃઢ વિશ્વાસ રાખીશ, અને તેની આજ્ઞાઓનુ પાલન આધીનતાથી કરીશ.

માટે હુ તમને પૂછુ છુ,

શું તું, આ બાળક તરફથી, શેતાન તથા તેનાં સર્વ કામોનો, અને બધી લાલચ સુદ્ધા, સંસારની નકામી શોભા તથા તેના વૈભવનો, અને શરીરની દૈહિક ઇચ્છાઓનો એવી રીતે ત્યાગ કરે છે, કે તેમની પાછળ નહિ ચાલે. તથા તેમના વશમાં નહિ રહે?

ઉત્તર. એ સર્વનો હુ ત્યાગ કરૂં છુ.

સેવક. સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર શું તું વિશ્વાસ કરે છે?

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકાકીજનિત પુત્ર આપણો પ્રભુ, તે પર શું તુ વિશ્વાસ કરે છે? તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી, કુંવારી મરિયમથી જન્મ્યો; તેણે પંતિયસ પીલાતના અધિકાર તળે દુઃખ વેઠયું, તે ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદૃશ્ય લોકમાં ઉતરી ગયો; તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠયો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા પર, પવિત્ર કાથોલીક કલીસીઆ, પવિત્રોની સગત; પાપની માફી, શરીરનુ પુનરૂત્થાન, અને સર્વકાળનુ જીવન, શું તું એ વાતો પર વિશ્વાસ કરે છે?

ઉત્તર. એ બધી વાતો પર હુ દૃઢ વિશ્વાસ રાખું છુ.

સેવક. શું એ વિશ્વાસ પર તું બાપ્તિસ્મા ચાહે છે?

ઉત્તર એવી મારી ઇચ્છા છે.

સેવક. તો શુ તુ દેવની પવિત્ર ઇચ્છા અને આજ્ઞાઓને આધીનતાથી પાળીશ, અને આખું જીવન તે પ્રમાણે ચાલીશ?

ઉત્તર. હુ એમજ કરીશ.

¶ पछी प्रीस्ट कहे,

હે દયાળુ દેવ, એવુ કર કે, જુનો આદમ આ બાળકમાં એવી રીતે દટાઈ જાય કે, નવો માણસ તેનામાં જીવી ઉઠે. આમેન.

એવુ કર કે, બધી દૈહિક ઇચ્છાઓ એનામાં મરણ પામે, અને જેટલી વસ્તુ આત્મા સાથે સબંધ રાખે છે, તેઓ જીવી ઉઠે તથા વધે. આમેન.

એવુ કર કે, શેતાન, જગત અને દેહને હરાવીને, તેમના ઉપર જય મેળવવાને એ બળ અને શક્તિ પામે. આમેન.

એવું કર કે, અમારી પદવી અને સેવા વડે જે કોઈ અહિયાં તને અર્પણ કરવામાં આવે છે, તે, હે ધન્યવાન પ્રભુ દેવ, તું જે યુગાનયુગ જીવે છે તથા બધી વસ્તુઓ પર રાજ કરે છે, તેની દયા વડે આકાશી સદ્‌ગુણોથી ભરાઈ જાય, અને સદાકાળનો બદલો પામે. આમેન

હે સર્વશક્તિમાન, સદા જીવતા દેવ, તારા અતિ વહાલા દીકરા ઇસુ ખ્રીસ્તે, અમારાં પાપોની ક્ષમાને સારૂ, પોતાની અમૂલ્ય કુખમાથી, પાણી અને લોહી બન્ને વહેવડાવ્યાં, અને પોતાના શિષ્યોને આજ્ઞા આપી કે, જઇને બધી દેશજાતિઓને શિખાડો, તથા પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપો, એમ તારી વિનતી કરીએ છીએ કે, તુ તારી મંડળીની પ્રાર્થનાઓ સાંભળીને, આત્મિક રીતે પાપને ધોઈ નાખવા સારૂ આ પાણીને પવિત્ર કર, અને જે બાળકનુ બાપ્તિસ્મા હમણાં એમાં થવાનુ છે, તે તારી કૃપાથી ભરાઈ જાય, અને સદા તારાં વિશ્વાસુ તથા નિવડેલાં છોકરાંની ગણત્રીમાં રહે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તુ એવું કર. આમેન.

¶ पछी प्रीस्ट बाळकने पोताना हाथोमा ले, अने धर्मबाप तथा धर्ममाने कहे,

આ બાળકનુ નામ રાખો.

¶ पछी ते तेमनुं राखेलुं नाम लइने, (जो तेओ खातरी आपे के बाळक सही शकशे, तो), चोकसी तथा संभाळ साथे एम कहीने पाणीमां डुबकी खवडावे के,

. હું તને પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપુ છુ આમેન.

¶ पण जो तेओ खातरीथी कहे के, बाळक नबळुं छे, तो उपलाज वचन बोलीने ते पर पाणी रेडवुं बस थशे.

. હુ તને પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપુ છુ આમેન.

¶ पछी प्रीस्ट कहे,

આ બાળકને ખ્રીસ્તના ટોળાની મંડળીમા લઈએ છીએ, અને તેના †ઉપર ક્રુસનો આકાર એ વાતના ચિન્હને માટે કરીએ છીએ કે, હવે પછી ક્રુસે જડાયલા ખ્રીસ્તના વિશ્વાસનો અંગીકાર કરવાથી તે લાજે નહિ, અને તેની ધજા તળે પાપ, જગત, અને શેતાન સાથે શૂરાતનથી લડે, અને જીવનભર ખ્રીસ્તનો વિશ્વાસુ સિપાઈ તથા સેવક થઇને રહે. આમેન.

†અહીંઆં પ્રીસ્ટ તે બાળકના કપાળ ઉપર ક્રુસનો આકાર કરે

¶ पछी प्रीस्ट कहे,

પ્રિય ભાઈઓ, એ જોઇને કે આ બાળક નવો જન્મ પામ્યું છે, અને ખ્રીસ્તની કલીસીઆના શરીરમાં કલમરૂપે મેળવાઈ ગયું છે, તો એ લાભોને માટે આપણે સર્વશક્તિમાન દેવનો ઉપકાર માનીએ; અને એક ચિત્તના થઇને તેની પ્રાર્થના કરીએ કે, એ બાળક હવે પછીનુ પોતાનુ જીવન આ આરંભ પ્રમાણે કાઢે.

¶ પછી બધા ઘુંટેણ પડી બોલે,

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છૂટકો કર. આમેન.

¶ પછી પ્રીસ્ટ કહે,

હે અત્યંત દયાળુ પિતા, અમે અંતઃકરણથી તારો ઉપકાર માનીએ છીએ કે, તેં દયા કરીને આ બાળકને તારા પવિત્ર આત્માથી નવો જન્મ આપ્યો છે, અને દત્તકપણાથી તારૂં પોતાનુ બાળક કરીને તારી પવિત્ર કલીસીઆના શરીરનું અંગ બનાવ્યુ છે. અમે નમ્રતાથી તારી વિનતી કરીએ છીએ કે, એવું કર કે, જેમ તે પાપ સંબંધી મરીને, તથા ન્યાયીપણા સબંધી જીવીને, ખ્રીસ્તના મરણમાં તેની સાથે દટાઈ ગયું છે, તેમ જુના માણસપણાને ક્રુસ પર જડે, તથા પાપની આખી દેહનો નાશ કરે; અને જેમ એ તારા પુત્રના મરણમાં ભાગીદાર થયું છે, તેમજ તેના પુનરૂત્થાનનું પણ ભાગીદાર થાય; કે છેવટે તારી પવિત્ર કલીસીઆના બાકી લોકો સાથે, તારા અનંત રાજનો વારસ થાય; ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ પછી બધાં ઉભા થાય, અને પ્રીસ્ટ ધર્મબાપ તથા ધર્મમાને આ નીચેનો ઉપદેશ સંભળાવે.

આ બાળકે, તમે જેઓ એનાં જામીન છો, તેઓ વડે એવું વચન આપ્યું છે કે, હુ શેતાન અને તેનાં બધાં કામોનો ત્યાગ કરીશ, દેવ પર વિશ્વાસ રાખીશ, અને તેની સેવા કર્યા કરીશ, તો જ્યારે આ બાળક શિખવા યોગ્ય થાય, ત્યારે એણે અહિયાં તમારા વડે કેવુ ગંભીર વચન, પ્રતિજ્ઞા તથા અંગીકાર કીધો છે, તે વિષે એને શિખાડવું એ તમારો ધર્મ છે, તે ધ્યાનમાં રાખવુ જોઈએ. અને આ વાતોને વધારે સારી રીતે જાણી શકે, માટે ઉપદેશ સાંભળવાનું એને ઉત્તેજન આપવું જોઈએ, અને તમારે વિશેષ કરીને એમ કરવું જોઇએ કે, તે પોતાની ભાષામાં વિશ્વાસનામુ, પ્રભુની પ્રાર્થના, તથા દસ આજ્ઞા શિખે, તથા ખ્રીસ્તીએ પોતાના આત્માની કુશળતાને માટે, જેટલુ જાણવુ તથા માનવુ જોઈએ, તે પણ શિખે, અને એ બાળક ધર્મમાં એવી રીતે ઉછેરવામાં આવે કે ધાર્મિક તથા ખ્રીસ્તી ચાલ પ્રમાણે ચાલે, તથા નિત્ય ધ્યાનમાં રાખે કે બાપ્તિસ્મા તો આપણા વિશ્વાસનું ચિન્હ છે; તે એ કે, આપણે આપણા તારનાર ખ્રીસ્તનાં પગલાંમાં ચાલીએ, અને તેના જેવાં થઈએ; એટલે જેમ તે આપણે માટે મુઓ, અને ફરી જીવી ઉઠયો, તેમજ આપણે, જેઓ બાપ્તિસ્મા પામ્યાં છીએ, તેઓ પાપ સંબંધી મરીએ, અને

ન્યાયીપણા સબંધી જીવી ઉઠીએ, અને પોતાની બધી ભુંડી તથા બગડેલી ઇચ્છાઓને સર્વદા મારતાં રહીએ, અને દરરોજ સર્વ સારી ચાલ, તથા ભક્તિભાવમાં વધારો કરતાં રહીએ.

¶ પછી વધારામા આ પણ કહે.

તમારે કાળજી રાખવી જોઈએ કે, જ્યારે આ બાળક વિશ્વાસનામુ, પ્રભુની પ્રાર્થના, અને દશ આજ્ઞા પોતાની ભાષામા સભળાવી શકે, અને કલીસીઆનો સવાલજવાબ જે એ કામને માટે ઠરાવેલો છે, તેનુ શિક્ષણ પણ પામી ચૂકે ત્યારે તે તરત સ્થિરિકરણને માટે બિશપની આગળ લાવવામાં આવે.

દેવના વચનથી એ સિદ્ધ છે કે, જે બાળકો બાપ્તિસ્મા પામીને કોઇ પાપકર્મ કર્યા વિના મરણ પામે છે, તેઓ નિઃસદેહ તારણ પામે છે

બાપ્તિસ્મામાં ક્રુસનો આકાર કરવા વિષે જો કોઇને શંકા હોય, તો ઇ. સ. ૧૬૦૪ મા જે ૩૦ મો કાનૂન જારી થયો હતો, તે જોવાથી તેમા એનો ખરો અર્થ તથા ચાલુ રાખવાનુ યોગ્ય કારણ મળશે.

બાળકોને ઘરમાં ખાનગી રીતે બાપ્તિસ્મા આપવાની પદ્ધતિ.

¶ दरेक मंडळीना पाळकोए, वारंवार लोकोने समजाववुं जोईए के, तेओए पोतानां बाळकोनुं बाप्तिस्मा, जो तेमा ढील करवा माटे पाळकने संतोष उपजे एवुं कोई मोटुं तथा अगत्यनुं कारण न होय, तो तेमना जन्म पछी, पहेले के बीजे रविवारे, अथवा तेओनी वच्चे कोई पवित्र दिवस आवे, त्यारे अपाववुं जोईए.

¶ वळी लोकोने ए पण समजाववुं जोईए के, तेवाज कोई मोटा अने अगत्यना कारण विना तेओ पोताना बाळकोनुं बाप्तिस्मा पोताना घरमा न करावे, पण जो एवी अगत्य पडे तोज, आ रीत प्रमाणे बाप्तिस्मा थाय.

¶ प्रथम ते जग्यानो सेवक, (अथवा ते सेवक न होय तो, बीजो कोई अधिकार धरावनार सेवक मळी शके ते), जे लोको त्या होय, तेमनी साथे देवनी प्रार्थना करीने प्रभुनी प्रार्थना बोले. तथा मंडळी आगळ बाळकोने बाप्तिस्मा आपवानी पद्धतिमां जे सारप्रार्थनाओ ठरावेली छे, तेमानी ते वखतना संजोग प्रमाणे जेटली वाचवानो वखत होय तेटली वांचे. पछी त्या जे कोई होय, ते बाळकने नाम आपे, अने सेवक आ शब्द बोलीने तेना उपर पाणी रेडे,

. ...હુ તને પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપુ છુ. આમેન.

¶ पछी बधा घुंटणे पडे, अने सेवक देवनी उपकारस्तुति करता आम बोले,

હે અત્યંત દયાળુ પિતા, અમે અંતઃકરણથી તારો ઉપકાર માનીએ છીએ કે, તે દયા કરીને આ બાળકને તારા પવિત્ર આત્માથી નવો જન્મ આપ્યો છે, અને દત્તકપણાથી તારૂ પોતાનુ બાળક કરીને તારી પવિત્ર કલીસીઆના શરીરનુ અંગ બનાવ્યું છે. અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, એવું કર કે, જેમ તે હમણાં તારા પુત્રના મરણમાં ભાગીદાર થયુ છે તેવીજ રીતે તેના પુનરૂત્થાનનુ પણ ભાગીદાર થાય, અને છેવટે તારાં બાકીનાં પવિત્રો સાથે, તારા અનત રાજનો વારસ થાય, તેજ તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ आ रीते जेनुं बाप्तिस्मा थयुं छे, ते यथार्थ अने पूरी रीते बाप्तिस्मा पाम्यो छे, माटे ते विषे कोईए संशय राखवो नहि, अने तेनुं बाप्तिस्मा फरीथी करवुं नहि. तथापि आ रीत प्रमाणे बाप्तिस्मा पामेलुं बाळक जो जीवी जाय, तो ते जग्याना सेवके जो पोते

તેનું બાપ્તિસ્મા કીધું હોય, તો તેણે ઘરમાં બાપ્તિસ્મા આપતી વખતે બાપ્તિસ્માની જે ખરી રીત છે, તેજ પ્રમાણે તેને બાપ્તિસ્મા આપ્યું છે, તેની ખાતરી મંડળીને કરાવવા સારુ તેને દેવળમાં લાવવુ જોઈએ, અને એમ કરવામા આવે ત્યારે તે આમ બોલે,

હું તમને ખાતરી કરી આપુ છુ કે, કલીસીઆની યોગ્ય તથા નિયમિત રીત પ્રમાણે મે . વખતે અને . . જગ્યામા કેટલાક સાક્ષીઓની સામે આ બાળકનુ બાપ્તિસ્મા કીધુ છે.

¶ પણ કોઈ બીજા અધિકારવાળા સેવકે એ બાળકનું બાપ્તિસ્મા કીધું હોય, તો જે જગ્યામાં તે બાળકનો જન્મ થયો હોય અથવા બાપ્તિસ્મા પામ્યું હોય, તે જગ્યાના પાળકે તે બાળક યથાવિધિ બાપ્તિસ્મા પામ્યું છે કે નહિ, તે વિષે ચોકસી તથા શોધ કરવી જોઈએ. એવે પ્રસંગે જેઓ બાળકને દેવળમાં લાવે તેઓ એવો ઉત્તર આપે કે, બાળકનુ બાપ્તિસ્મા થઈ ચુક્યુ છે, પછી સેવક તેમની વધાર ચોકસી કરીને એમ પૂછે,

આ બાળકનુ બાપ્તિસ્મા કોણે કીધુ?

જ્યારે આ બાળકનું બાપ્તિસ્મા થયુ ત્યારે ત્યાં કોણ કોણ હતાં?

આવી અડચણની વખતે, ભય તથા ઉતાવળને લીધે આ સાક્રમેન્ટમાં જે વસ્તુઓ અગત્યની છે, તે રહી જવાનો સભવ રહે છે, માટે હું તમને વધારે પુછવા માગું છું કે,

કયા પદાર્થ વડે, આ બાળકને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું?

કેવા શબ્દો વડે, આ બાળકને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું?

¶ જે લોકો બાળકને લઈ આવે, તેમના ઉત્તર વડે જો સેવકને જણાય કે, જેવી રીતે થવુ જોઈએ, તેવીજ રીતે બધુ કામ થયું હતું, તો તે બાળકને ફરીથી બાપ્તિસ્મા નહિ આપે, પણ ખરા ખ્રીસ્તી લોકોના ટોળામાં, એમ કહીને તેનો આવકાર કરે,

હુ તમને ખાતરી કરી આપુ છું કે, આ બાળકના બાપ્તિસ્મા વખતે સર્વ કંઈ યોગ્ય પ્રકારે તથા નિયમ પ્રમાણે થયું છે. એ મૂળ પાપ તથા દેવના ક્રોધ તળે જન્મ્યુ હતું, અને હવે બાપ્તિસ્માએ કરીને નવા જન્મના સ્નાનથી દેવનાં છોકરાં, તથા અનત જીવનના વારસોની ગણત્રીમાં લેવામાં આવ્યુ છે, કેમકે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત એવાં બાળકોને પોતાની કૃપા તથા દયા આપવાને નકારતો નથી; પણ તે ઘણી મમતા સાથે, તેમને પોતા પાસે બોલાવે છે, ને પવિત્ર સુવાર્તા પણ આપણી શાંતિને માટે આ રીતે એ વાતની સાક્ષી આપે છે.

માર્ક ૧૦, ૧૩.

તેઓ ખ્રીસ્તની પાસે બાળકો લાવ્યા કે, તે તેઓને અડકે, ને શિષ્યોએ લાવનારાઓને ધમકાવ્યા પણ ઇસુ તે જોઈને નાખુશ થયો, ને તેણે તેઓને કહ્યુ કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા, કેમકે દેવનુ રાજ્ય એવાંઓનુ છે. હુ તમને ખચિત કહુ છુ કે, જે કોઈ બાળકની માફક દેવનુ રાજ્ય સ્વીકારશે નહિ, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. અને તેણે તેઓને બાથમાં લીધાં, ને તેઓ પર હાથ મુકીને તેઓને આશીર્વાદ દીધો.

¶ सुवार्ता वांच्या पछी, सेवक तेमांनी वातो पर आ टुंक उपदेश संभळावे.

વહાલાંઓ, આ સુવાર્તામાં આપણા તારનાર ખ્રીસ્તનાં વચન તમે સાંભળો છો, કે તેણે આજ્ઞા કીધી છે કે, બાળકોને મારી પાસે લાવવા દો, અને જેઓ તેમને તેની પાસે આવવાથી અટકાવતા હતા, તેમને કેવી રીતે ધમકાવ્યા, તથા તેમના જેવુ નિર્દોષપણું ધારણ કરવાને તે બધા લોકોને કેવી રીતે સમજાવે છે. તમે જુઓ છો, કે તેણે કેવી રીતે પોતાના હાવભાવથી તથા કૃત્યથી પોતાની પ્રસન્નતા તેમના તરફ દેખાડી, કે તેમને છાતી સાથે લગાડીને, પોતાના હાથ તેમના ઉપર મુકયા, અને તેમને આશીર્વાદ દીધો. તે માટે તમે સંદેહ ન રાખો, પણ દૃઢ વિશ્વાસ કરો કે, તેણે એજ પ્રમાણે આ બાળકને પ્રસન્નતાથી માન્ય કીધું છે, અને પોતાની દયાની સોડમાં લીધું છે; અને જેમ તેણે પોતાના પવિત્ર શાસ્ત્રમાં વચન આપ્યું છે તે પ્રમાણે, તેને અનંતજીવનનો આશીર્વાદ આપીને, પોતાના સદાકાળના રાજમાં ભાગ આપશે. હવે, જ્યારે આ રીતે આપણને ખાતરી થઈ કે, આપણો આકાશી પિતા, તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના કહ્યા પ્રમાણે, આ બાળકનું ભલું ઇચ્છે છે; તો આપણે વિશ્વાસુપણાથી અને ભક્તિભાવથી તેનો ઉપકાર માનીએ, અને પ્રભુએ પોતે જે પ્રાર્થના આપણને શિખાડી છે તે બોલીએ.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુડાથી અમારો છૂટકો કર. આમેન.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, આકાશી પિતા, અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ કે, તેં પ્રસન્નતાથી અમને તારી કૃપાના જ્ઞાનમાં તથા તારા પરના વિશ્વાસમાં તેડયાં છે, અમારામાં સર્વદા આ જ્ઞાનને વધાર, અને એ વિશ્વાસને દૃઢ કરતો રહે. આ બાળકને તારો પવિત્ર આત્મા આપ, કે એ અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે નવો જન્મ પામીને, અને અનત ત્રાણનો વારસ બનીને તારો સેવક થઇને રહે, અને તારાં વચનોને મેળવે; તારો પુત્ર અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, હમણાં અને સદાકાળ સુધી જીવે છે તથા રાજ કરે છે, તેના નામમાં માગીએ છીએ. આમેન.

¶ पछी प्रीस्ट ते बाळकनु नाम पुछे, अने धर्मबाप तथा धर्ममा ते बोले, पछी सेवक कहे.

શું તું, આ બાળક તરફથી, શેતાન તથા તેનાં સર્વ કામોનો, અને બધી લાલચ સુદ્ધાં, સંસારની નકામી શોભા તથા તેના વૈભવનો, અને શરીરની

દૈહિક ઇચ્છાઓનો એવી રીતે ત્યાગ કરે છે, કે તેમની પાછળ નહિ ચાલે, તથા તેમના વશમાં નહિ રહે?

ઉત્તર. એ સર્વનો હું ત્યાગ કરૂં છું.

સેવક. સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર શુ તું વિશ્વાસ કરે છે?

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકાકીજનિત પુત્ર, આપણો પ્રભુ, તે પર શું તું વિશ્વાસ કરે છે? તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી, કુંવારી મરિયમથી જન્મ્યો; તેણે પંતિયસ પીલાતના અધિકાર તળે દુ.ખ વેઠ્યું, તે ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદ્દશ્ય લોકમાં ઉતરી ગયો, તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠયો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે, ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા, પવિત્ર કાથોલીક કલીસીઆ, પવિત્રોની સગત; પાપની માફી, શરીરનું પુનરૂત્થાન, અને સર્વકાળનું જીવન, શું તુ એ વાતો પર વિશ્વાસ કરે છે?

ઉત્તર. એ બધી વાતો પર હું દઢ વિશ્વાસ રાખું છું.

સેવક. તો શું તું દેવની પવિત્ર ઇચ્છા અને આજ્ઞાઓને આધીનતાથી પાળીશ, અને આખું જીવન તે પ્રમાણે ચાલીશ?

ઉત્તર. હું એમજ કરીશ.

¶ પછી પ્રીસ્ટ કહે,

આ બાળકને ખ્રીસ્તના ટોળાની મડળીમાં લઇએ છીએ, અને તેના † ઉપર ક્રુસનો આકાર એ વાતના ચિન્હને માટે કરીએ છીએ કે, હવે પછી ક્રુસે જડાયલા ખ્રીસ્તના વિશ્વાસનો અંગીકાર કરવાથી તે લાજે નહિ, અને તેની ધજા તળે પાપ, જગત, અને શેતાન સાથે શૂરાતનથી લડે, અને જીવનભર ખ્રીસ્તનો વિશ્વાસુ સીપાઈ તથા સેવક થઇને રહે. આમેન.

† અહીંઆં પ્રીસ્ટ તે બાળકના કપાળ ઉપર ક્રુસનો આકાર કરે.

¶ પછી પ્રીસ્ટ કહે,

પ્રિય ભાઈઓ એ જોઇને કે આ બાળક બાપ્તિસ્મા વડે નવો જન્મ પામ્યુ છે, અને ખ્રીસ્તની કલીસીઆના શરીરમાં કલમરૂપે મેળવાઈ ગયું છે, તો એ લાભોને માટે આપણે સર્વશક્તિમાન દેવનો ઉપકાર માનીએ, અને એક ચિત્તનાં થઇને તેની પ્રાર્થના કરીએ કે, એ હવે પછીનુ પોતાનુ જીવન આ આરંભ પ્રમાણે કાઢે.

¶ પછી પ્રીસ્ટ કહે,

હે અત્યંત દયાળુ પિતા, અમે અંત કરણથી તારો ઉપકાર માનીએ છીએ કે, તે દયા કરીને આ બાળકને તારા પવિત્ર આત્માથી નવો જન્મ આપ્યો છે, અને દત્તકપણાથી તારૂ પોતાનું બાળક કરીને તારી પવિત્ર કલીસીઆના શરીરનુ અંગ બનાવ્યું છે.

અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, એવુ કર કે જેમ તે પાપ સંબંધી મરીને, તથા ન્યાયીપણા સબંધી જીવીને પ્રીસ્તના મરણમાં તેની સાથે દટાઈ ગયું છે, તેમ જુના માણસપણાને ક્રુસ પર જડે, તથા પાપની આખી દેહનો નાશ કરે; અને જેમ એ તારા પુત્રના મરણમાં ભાગીદાર થયુ છે, તેમજ તેના પુનરૂત્થાનનું પણ ભાગીદાર થાય, કે છેવટે તારી પવિત્ર કલીસીઆના બાકી લોકો સાથે, તારા અનત રાજનો વારસ થાય; ઇસુ પ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी बधां उभां थाय, अने सेवक धर्मबाप तथा धर्ममाने आ नीचेनो उपदेश संभळावे.

આ બાળકે, તમે જેઓ એનાં જામીન છો, તેઓ વડે એવું વચન આપ્યુ છે કે, હું શેતાન અને તેનાં બધાં કામોનો ત્યાગ કરીશ, દેવ પર વિશ્વાસ રાખીશ, અને તેની સેવા કર્યા કરીશ, તો જ્યારે આ બાળક શિખવા યોગ્ય થાય, ત્યારે એણે તમારા વડે કેવુ ગભીર વચન, પ્રતિજ્ઞા તથા અંગીકાર કીધો છે, તે વિષે એને શિખાડવું એ તમારો ધર્મ છે, તે ધ્યાનમાં રાખવું જોઈએ. અને આ વાતોને વધારે સારી રીતે જાણી શકે, માટે ઉપદેશ સાંભળવાનું એને ઉત્તેજન આપવુ જોઈએ; અને તમારે વિશેષે કરીને એમ કરવું જોઈએ કે, તે પોતાની ભાષામાં વિશ્વાસનામુ, પ્રભુની પ્રાર્થના, તથા દશ આજ્ઞા શિખે; તથા પ્રીસ્તીએ પોતાના આત્માની કુશળતાને માટે જેટલું જાણવું તથા માનવુ જોઈએ, તે પણ શિખે, અને એ બાળક ધર્મમાં એવી રીતે ઉછેરવામાં આવે કે ધાર્મિક તથા પ્રીસ્તી ચાલ પ્રમાણે ચાલે, તથા નિત્ય ધ્યાનમાં રાખે કે, બાપ્તિસ્મા તો આપણા વિશ્વાસનુ ચિન્હ છે, તે એ કે, આપણે આપણા તારનાર પ્રીસ્તના પગલાંમા ચાલીએ, અને તેના જેવાં થઈએ; એટલે જેમ તે આપણે માટે મુઓ, અને ફરી જીવી ઉઠયો, તેમજ આપણે, જેઓ બાપ્તિસ્મા પામ્યા છીએ, તેઓ પાપ સબંધી મરીએ, અને ન્યાયીપણા સબંધી જીવી ઉઠીએ, અને પોતાની બધી ભુંડી તથા બગડેલી ઇચ્છાઓને સર્વદા મારતાં રહીએ, અને દરરોજ સર્વ સારી ચાલ તથા ભક્તિમાં વધારો કરતાં રહીએ.

¶ पण, ते बाळकनुं बाप्तिस्मा પાણી વડ તથા પિતા, પુત્ર, અને પવિત્ર આત્માના નામમાં थएलु छे, (जे बाप्तिस्मानो अगत्यनो भाग छे), तेनो खातरीपर्वक उत्तर, प्रीस्टना प्रश्नोना उत्तरमा, जेओ बाळकने देवळमां लावे छे, तेओ न आपे, तो प्रीस्ट मंडळी आगळ बाळकोने बाप्तिस्मा आपवानी पद्धति प्रमाणे, ते बाळकने बाप्तिस्मा आपे, पण बाळकने कुंडमा डुबकी खवडावती वख्ते आ प्रमाणेना शब्दो वापरे.

....જો તારૂ બાપ્તિસ્મા ન થયુ હોય તો, હું તને પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપું છું. આમેન.

જે પૂરી વયનાં હોય,

અને પોતાને માટે ઉત્તર આપી શકે તેવાંનું

બાપ્તિસ્મા કરવાની પદ્ધતિ.

¶ ज्यारे कोई पूरी वये पहोचेलाओनुं बाप्तिस्मा कराववु होय, त्यार तेनां माबापे अथवा बीजा कोई डाह्या माणसे, ओछामा ओछा एक अठवाडीआ पहेला, बिशपने अथवा तेणे ए काम पर जेने ठराव्यो होय, तेने खबर आपवी, के तेमनी योग्य रीते परीक्षा करवाथी ए वातनो निश्चय थाय, के तेमने ख्रीस्ती धर्मनी मुळ वातो विषे सारुं शिक्षण मळ्युं छे के नहि, अने तेमने बोध करवामा आवे, के प्रार्थना तथा उपवास सहित, आ पवित्र साक्रमेन्ट पामवा सारु, तेओ पोताने सिद्ध करे.

¶ अने जो तेओ योग्य जणाय, तो (ठरावेले रविवारे अथवा पवित्र दिवसे, ज्यारे मडळी एकठी मळे त्यारे), सवार अथवा साजनी प्रार्थनाना बीजा वाचन पछी, पाळकने योग्य लागे तेम, धर्ममाबाप तेमने कुड आगळ हाजर करे.

¶ अने प्रीस्ट त्या उभो रहीने, बाप्तिस्मा पामनाराओ विशे पूछे के, આમાંથી કોઈ બાપ્તિસ્મા પામી ચુકયા છે કે નહિ? जो उत्तर आपे के नहि, त्यारे प्रीस्ट आ प्रमाणे कहे,

હે વહાલાંઓ, બધાં માણુસો પાપની સાથે ગર્ભમા પડીને જન્મે છે. અને જે દેહથી જન્મેલુ તે દેહ છે, અને જે લોકો દૈહિક છે તેઓ દેવને પ્રસન્ન કરી શકતા નથી, પરંતુ પોતાનુ જીવન પાપમા કાઢે છે, અને ઘણાં પાપકર્મ કર્યા કરે છે; અને આપણો તારનાર ખ્રીસ્ત કહે છે કે, જો માણસ પાણી અને પવિત્ર આત્મા વડે પુનર્જનિત ન થાય અને નવો જન્મ ન પામે, તો તે દેવના રાજમાં જઈ શકતો નથી, તે માટે હુ તમને વિનતી કરૂં છું કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે, દેવ પિતાની પ્રાર્થના કરો કે, તે પોતાની પુષ્કળ દયા વડે, જે આ લોકોને સ્વભાવિક રીતે મળી શકતું નથી તે તેમને આપે, કે એઓ પાણી તથા પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામીને, ખ્રીસ્તની પવિત્ર કલીસીઆમાં લેવામાં આવે, તથા તેના જીવતા અવયવો થઈ જાય.

¶ पछी प्रीस्ट कहे,

પ્રાર્થના કરીએ

¶ अहीं आखी मडळी घुंटणे पडे.

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, તે પોતાની ઘણી દયા વડે નુહ તથા તેના કુટુબને પાણીમાં નાશ પામવાથી

વહાણ વડે ઉગાર્યાં; અને તારા લોક ઇસ્રાએલપુત્રોને લાલ સમુદ્રમાંથી કુશળતાએ પાર ઉતારીને, તેમાં તારા પવિત્ર બાપ્તિસ્માની ઉપમા દેખાડી; અને તારા અતિ પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્તનુ યર્દન નદીમાં બાપ્તિસ્મા થયું, તે વડે આત્મિક રીતે પાપને ધોઈ નાખવા સારૂ પાણીને પવિત્ર કર્યું, અમે તારી અનહદ દયા માટે તારી વિનતી કરીએ છીએ કે, આ તારા સેવકો પર દયાની નજર કર; એમને ધોઇને પવિત્ર આત્માથી શુદ્ધ કર, કે એઓ તારા કોપથી છૂટીને, ખ્રીસ્તના મડળીરૂપી વહાણમાં લેવામાં આવે; અને વિશ્વાસમાં દૃઢ, તથા આશામાં આનંદિત થઇને, તથા પ્રીતિમાં મૂળ ઘાલીને, આ સંસારરૂપી દુ ખ-સાગરના મોજાઓથી એવી રીતે પાર થઈ જાય, કે છેવટે અનંત જીવનના દેશમાં પહોચીને, તારી સાથે યુગાનયુગ રાજ કર્યા કરે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન તથા અમર દેવ, નબળાંના આધાર, અને તારે શરણે જે બધાં આવે છે તેમના સહાયક, વિશ્વાસીઓના જીવન, તથા મરેલાંના પુનરૂત્થાન, અમે આ માણસોને માટે તારી પ્રાર્થના કરીએ છીએ કે, એઓ જે તારા પવિત્ર બાપ્તિસ્માને માટે આવ્યાં છે, તેઓ આત્મિક નવા જન્મ વડે પોતાનાં પાપોની માફી પામે. હે પ્રભુ, એમનો અંગીકાર કર, અને જેમ તેં તારા અતિ વહાલા દીકરા વડે વચન આપ્યું છે કે, માગો તો તમને મળશે; શોધો તો તમને જડશે; ઠોકો તો તમારે સારૂ ઉઘાડાશે; તેજ પ્રમાણે હમણાં અમે જે માગીએ છીએ, તે અમને આપ; અને જે શોધીએ છીએ, તે અમને જડે; અને અમ ઠોકનારાઓને સારૂ બારણું ઉઘાડ; કે જેથી આ માણસો તારા આકાશી સ્નાનનો અનંત આશીર્વાદ મેળવે. અને અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે જે અનત રાજનુ વચન તે આપ્યું છે, તેમા આવીને રહે. આમેન.

¶ पछी मंडळी उभी थाय, अने प्रीस्ट कहे,

સુવાર્તાની વાતો સાંભળો, જે પવિત્ર યોહાને પોતાની સુવાર્તાના ત્રીજા અધ્યાયની પહેલી કલમથી લખી છે.

નીકોદેમસ નામે ફરોશીઓમાંનો એક જણ હતો, કે જે યહુદીઓનો અધિકારી હતો. તેણે રાત્રે ઇસુની પાસે આવીને તેને કહ્યુ કે, રાબ્બી, અમે જાણીએ છીએ કે તું દેવની પાસેથી આવેલો ઉપદેશક છે, કેમકે જો કોઈ માણસની સાથે દેવ ન હોય તો જે ચમત્કારો તું કરે છે તે તે કરી નહિ શકે. ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યુ કે, હુ તને ખચિત ખચિત કહું છું, કે જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય તો તે દેવનું રાજ જોઈ શકતું નથી. નીકોદેમસ તેને કહે છે કે, માણસ ઘરડો થઇને જન્મ કેમ પામી શકે? તે શું બીજીવાર પોતાની માના પેટમાં પેસીને જન્મ લઈ શકે છે? ઇસુએ ઉત્તર આપ્યો કે, હું તને ખચિત

ખચિત કહું છું કે, જો કોઈ માણસ પાણીથી તથા આત્માથી જન્મ્યું ન હોય, તો દેવના રાજમાં તે જઈ શકતું નથી. જે દેહથી જન્મેલું તે દેહ છે, ને જે આત્માથી જન્મેલુ તે આત્મા છે. મેં તને કહ્યુ કે, તમારે નવો જન્મ પામવો જોઈએ, એથી અચરત ન થા. વા જ્યાં ચાહે છે ત્યાં વાય છે, ને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે ક્યાંથી આવે છે, ને ક્યાં જાય છે, એ તું નથી જાણતો: હરેક જે આત્માથી જન્મેલુ છે તે તેવુજ છે.

¶ त्यार पछी ते आ उपदेश संभळावे.

વહાલાંઓ, તમે આ સુવાર્તામાં આપણા ત્રાતા ખ્રીસ્તના મ્હોનાં વચનો સાંભળો છો, કે જ્યાં સુધી માણસ પાણી અને પવિત્ર આત્માથી ન જન્મે, ત્યાં સુધી, તે દેવના રાજમાં જઈ શકતું નથી. એથી તમે જાણી શકો છો કે, આ સાક્રમેન્ટ મળી શકે ત્યાં સુધી પાળવાની ઘણી અગત્ય છે. એજ પ્રમાણે, પવિત્ર માર્કની સુવાર્તાના છેલ્લા અધ્યાયમાં આપણે જેમ વાચીએ છીએ તેમ, તેના આકાશગમન અગાઉ, તરતજ તેણે પોતાના શિષ્યોને એમ કહીને આજ્ઞા આપી કે, તમે આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જે વિશ્વાસ કરે છે અને બાપ્તિસ્મા લે છે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે. એથી પણ જણાય છે કે, બાપ્તિસ્માથી આપણને કેવો મોટો લાભ થાય છે. એજ માટે, જ્યારે પવિત્ર પ્રેરિત પીતરે પહેલી વાર સુવાર્તા સંભળાવી, ત્યારે ઘણાંનાં મન વિંધાઈ ગયાં, અને તેઓએ પીતરને તથા બીજા પ્રેરિતોને કહ્યુ કે, ભાઈઓ, અમે શું કરીએ? ત્યારે પીતરે તેઓને જવાબ આપતાં કહ્યુ કે, પસ્તાવો કરો, ને પાપનિવારણને માટે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, ને તમને પવિત્ર આત્માનુ દાન મળશે. કેમકે તે વચન તમારે સારૂ, તથા તમારાં છોકરાંને, તથા બધાં વેગળાંઓને, એટલે આપણો દેવ પ્રભુ જેટલાંને પોતાની પાસે તેડશે તેઓને સારૂ છે. અને બીજી ઘણી વાતો કહીને તેણે તેમને બોધ કીધો કે, તમે આ જમાનાના આડા લોકથી બચી જાઓ. વળી તે પ્રેરિત બીજી જગ્યામાં એવી સાક્ષી આપે છે કે, બાપ્તિસ્મા (જે દેહનો મેલ કાઢી નાખવો તે નહિ, પણ સારા અંત કરણથી દેવની આગળ ઉત્તર આપવો તેણે કરીને) ઇસુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી હમણાં આપણને તારે છે. તે માટે તમે સદેહ ન રાખો, પણ દૃઢ વિશ્વાસ કરો કે, આ લોકો જે ખરો પસ્તાવો કરીને, તથા વિશ્વાસ રાખીને તેની પાસે આવે છે, તેમને તે પ્રસન્નતાથી માન્ય કરશે, તેમનાં પાપોની ક્ષમા આપશે, તેમને પવિત્ર આત્માનું દાન આપશે, અને અનંત જીવનનો આશીર્વાદ આપીને, પોતાના સદાકાળના રાજમાં ભાગ આપશે.

હવે, જ્યારે આ રીતે આપણને ખાત્રી થઈ કે, આપણો આકાશી પિતા, તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના કહ્યા પ્રમાણે,

આ લોકોનું ભલું ઇચ્છે છે, તો આપણે, વિશ્વાસુપણાથી અને ભક્તિભાવથી, તેનો ઉપકાર માનીને કહીએ કે,

હે સર્વશક્તિમાન અને સનાતન દેવ, આકાશી પિતા, અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ કે, તે પ્રસન્નતાથી અમને તારી કૃપાના જ્ઞાનમાં તથા તારા પરના વિશ્વાસમાં તેડ્યાં છે, અમારામાં સર્વદા આ જ્ઞાનને વધાર, અને એ વિશ્વાસને દૃઢ કરતો રહે. આ લોકોને તારો પવિત્ર આત્મા આપ, કે એઓ નવો જન્મ પામે, અને અનંત ત્રાણના વારસ થઈ જાય, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, હમણાં અને સદાકાળ સુધી, જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी जेमनुं बाप्तिस्मा थवानुं होय तेमने प्रीस्ट आ प्रमाणे कहे,

હે વહાલાંઓ, તમે પવિત્ર બાપ્તિસ્મા પામવાની ઇચ્છા રાખીને અહીં આવ્યાં છો, અને મંડળીએ કેવી પ્રાર્થના કીધી તે તમે સાંભળી છે, કે આપણો પ્રભુ ઇસુ ખ્રીસ્ત પ્રસન્નતાથી તમારો અંગીકાર કરે, અને તમને આશીર્વાદ આપે, તમને તમારાં પાપોથી છોડાવે, અને તમને આકાશનું રાજ અને અનંત જીવન આપે. તમે એ પણ સાંભળ્યું છે કે, જે બધી વાતો આપણે માગી છે, તે આપવાનું આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે પોતાના પવિત્ર શાસ્ત્રમાં વચન દીધું છે, તે તો પોતા તરફથી એ વચન ખરેખર ધ્યાનમાં રાખશે, તથા પૂરૂં કરશે.

જ્યારે ખ્રીસ્તે એવું વચન આપ્યું છે, તો એ અગત્યનું છે કે, તમારે, આ તમારા સાક્ષીઓ, અને આ આખી મંડળીની આગળ, પોતા તરફથી એવું વચન વિશ્વાસુપણાથી આપવું જોઈએ કે, અમે શેતાનનો તથા તેનાં બધાં કામોનો ત્યાગ કરી દઈશું, અને દેવના પવિત્ર વચન પર દૃઢ વિશ્વાસ રાખીશું, અને તેની આજ્ઞાઓનું પાલન આધીનતાથી કરીશુ.

¶ पछी प्रीस्ट जेमनुं बाप्तिस्मा थवानु होय, ते दरेकने पृथक पृथक आ प्रश्न करे.

પ્રશ્ન. શું તું શેતાન તથા તેનાં સર્વ કામોનો, અને બધી લાલચ સુદ્ધાં સંસારની નકામી શોભા તથા તેના વૈભવનો, અને શરીરની દૈહિક ઇચ્છાઓનો એવી રીતે ત્યાગ કરે છે, કે તું તેમની પાછળ નહિ ચાલે, તથા તેમના વશમા નહિ રહે?

ઉત્તર. એ સર્વનો હુ ત્યાગ કરૂં છું.

પ્રશ્ન. સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર શુ તું વિશ્વાસ કરે છે?

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકાકીજનિત પુત્ર આપણો પ્રભુ, તે પર શું તું વિશ્વાસ કરે છે? તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી કુંવારી મરિયમથી જન્મ્યો; તેણે પંતિયસ પીલાતના અધિકાર તળે દુઃખ વેઠયું, તે ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદૃસ્ય લોકમાં ઉતરી ગયો; તે ત્રીજે

દહાડે મુએલાં માંથી જીવી ઉઠયો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે, ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા; પવિત્ર કાથોલીક કલીસીઆ; પવિત્રોની સંગત, પાપની માફી; શરીરનું પુનરૂત્થાન; અને સર્વકાળનુ જીવન; શું તું એ વાતો પર વિશ્વાસ કરે છે?

ઉત્તર. એ બધી વાતો પર હુ દૃઢ વિશ્વાસ રાખું હું.

પ્રશ્ન. શું એ વિશ્વાસ પર તું બાપ્તિસ્મા ચાહે છે?

ઉત્તર. એવી મારી ઇચ્છા છે.

પ્રશ્ન. તો શુ તું દેવની પવિત્ર ઇચ્છા અને આજ્ઞાઓને આધીનતાથી પાળીશ, અને આખુ જીવન તે પ્રમાણે ચાલીશ?

ઉત્તર. દેવની સહાયથી હુ એમજ કરવાને યત્ન કરીશ.

¶ પછી પ્રીસ્ટ કહે,

હે દયાળુ દેવ, એવું કર કે, જુનો આદમ આ માણુસોમાં એવી રીતે દટાઈ જાય કે, નવો માણુસ તેમનામાં જીવી ઉઠે. આમેન.

એવું કર કે, બધી દૈહિક ઇચ્છાઓ એમનામાં મરણુ પામે, અને જેટલી વસ્તુ આત્મા સાથે સંબંધ રાખે છે, તેઓ જીવી ઉઠે તથા વધે. આમેન.

એવું કર કે, શેતાન, જગત અને દેહને હરાવીને, તેમના ઉપર જય મેળવવાને એઓ બળ અને શક્તિ પામે. આમેન.

એવુ કર કે, આ માણસો જેઓ અહિયાં, અમારી પદવી અને સેવા વડે, તને અર્પણુ કરવામાં આવે છે, તેઓ, હે ધન્યવાન પ્રભુ દેવ, તું જે યુગાનયુગ જીવે છે તથા બધી વસ્તુઓ ઉપર રાજ કરે છે, તેની દયા વડે આકાશી સદ્-ગુણોથી ભરાઈ જાય, અને સદાકાળનો બદલો પામે. આમેન.

હે સર્વશક્તિમાન, સદા જીવતા દેવ, તારા અતિ વહાલા દીકરા ઇસુ ખ્રીસ્તે, અમારાં પાપોની માફીને સારૂ, પોતાની અમૂલ્ય કૃખમાંથી પાણી અને લોહી બન્ને વહેવડાવ્યાં; અને પોતાના શિષ્યોને આજ્ઞા આપી કે, જઇને બધી દેશજાતિ-ઓને શિખાડો, તથા પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપો; અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું આ મડળીની પ્રાર્થનાઓ સાંભળીને, આત્મિક રીતે પાપને ધોઈ નાખવા સારૂ આ પાણીને પવિત્ર કર; અને જે માણુસોનુ બાપ્તિસ્મા હમણાં એમાં થવાનુ છે, તેઓ તારી કૃપાથી ભરાઈ જાય, અને સદા તારાં વિશ્વાસુ તથા નિવડેલાં છોકરાંની ગણત્રીમાં રહે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન.

¶ પછી દરેક બાપ્તિસ્મા લેનારાંનો જમણો હાથ ઝાલીને, પ્રીસ્ટ પોતાની સમજ પ્રમાણે કુંડ પાસે લાવે, અને ધર્મબાપને તથા ધર્મમાને તેનુ નામ પૂછે. પછી તેને પાણીમાં

डुबकी खवडावीने, अथवा तेना पर पाणी रेडीने. एम कहे के,

......હુ તને પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપું છું. આમેન.

¶ पछी प्रीस्ट कहे,

આ માણસને ખ્રીસ્તના ટોળાની મંડળીમાં લઈએ છીએ, અને તેના ઉપર * ક્રુસનો આકાર એ વાતના ચિન્હને માટે કરીએ છીએ કે, હવે પછી ક્રુસે જડાયલા ખ્રીસ્તના વિશ્વાસનો અંગીકાર કરવાથી તે લાજે નહિ, અને તેની ધ્વજા તળે પાપ, જગત, અને શેતાન સાથે શૂરાતનથી લડે; અને જીવનભર ખ્રીસ્તનો વિશ્વાસુ સિપાઈ તથા સેવક થઇને રહે. આમેન

*** અહીંઆ, પ્રીસ્ટ તે માણસના કપાળ ઉપર ક્રુસનો આકાર કરે.**

¶ पछी प्रीस्ट कहे,

પ્રિય ભાઈઓ, એ જોઇને કે આ માણસો નવો જન્મ પામ્યાં છે, અને ખ્રીસ્તની કલીસીઆના શરીરમાં કલમરૂપે મેળવાઈ ગયાં છે, તો એ લાભોને માટે આપણે સર્વશક્તિવાન દેવનો ઉપકાર માનીએ, અને એક ચિત્તનાં થઇને તેની પ્રાર્થના કરીએ કે, એઓ હવે પછીનું પોતાનું જીવન આ આરંભ પ્રમાણે કાઢે.

¶ पछी बधां घुटणे पडे, अने प्रभुनी प्रार्थना वंचाय.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છૂટકો કર આમેન.

હે આકાશી પિતા, અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ કે, તેં પ્રસન્નતાથી અમને તારી કૃપાના જ્ઞાનમાં તથા તારા પરના વિશ્વાસમાં તેડ્યાં છે; અમારામા સર્વદા એ જ્ઞાનને વધાર, અને એ વિશ્વાસને દૃઢ કરતો રહે. આ લોકોને તારો પવિત્ર આત્મા આપ, કે એઓ જે હમણાં નવો જન્મ પામ્યા છે, અને અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે સર્વકાળિક તારણનાં વારસ થયાં છે, તેઓ તારા દાસ થઇને રહે, અને તારાં વચનોને મેળવે, તેજ પ્રભુ ઇસુ ખ્રીસ્ત, તારો પુત્ર, જે તેજ પવિત્ર આત્માની ઐક્યતામાં, તારી સાથે સદાકાળ સુધી જીવે છે તથા રાજ પણ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी बधा उभां थाय, अने प्रीस्ट आ नीचेनो उपदेश समळावतां, पहेलां धर्मबाप तथा धर्ममाने कहे के,

આ માણસોએ તમારી સામે વચન આપ્યુ છે કે, અમે શેતાન અને તેનાં બધાં કામોનો ત્યાગ કરીશું, દેવ પર વિશ્વાસ રાખીશું, અને તેની સેવા કર્યા કરીશું; તો આ મડળી આગળ, અને

વિશેષે કરીને તમારી આગળ, જેઓ એમના નિવડેલા સાક્ષીઓ છો, એમણે કેવું ગંભીર વચન, પ્રતિજ્ઞા તથા અગીકાર કીધો છે; તે વાતો તેમને યાદ દેવડાવ્યા કરવી એ તમારો ધર્મ છે, આ તમારે ધ્યાનમાં રાખવુ જોઈએ તમારે એમને એ પણ સમજાવવુ જોઈએ કે, એઓ દેવના પવિત્ર વચનનું યથાર્થ શિક્ષણ મેળવવા સારૂ ઘણો યત્ન કરે; કે જેથી એઓ કૃપામાં, અને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના જ્ઞાનમાં વધારો કરતાં રહે, અને આ જગતમાં ભક્તિથી, ન્યાયીપણાથી, અને બુદ્ધિથી જીવન કાઢે.

¶ पछी ते वखते बाप्तिस्मा पामेला लोको तरफ फरीने आ प्रमाणे कहे.

અને તમે, જેઓએ હમણાં બાપ્તિસ્મા વડે ખ્રીસ્તને પહેરી લીધો છે, તમારો પણ ધર્મ છે, કે જેમ તમે ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ લાવવાથી દેવનાં અને અજવાળાનાં છોકરાં થઈ ગયાં છો, તેમ જેવી રીતે ખ્રીસ્તી તેડાને અને અજવાળાનાં છોકરાંને શોભે છે, તેવીજ ચાલ ચાલો, અને નિત્ય ધ્યાનમાં રાખો કે, બાપ્તિસ્મા તો આપણા વિશ્વાસનુ ચિન્હ છે, એટલે એ કે, આપણા તારનાર ખ્રીસ્તના નમુના ઉપર આપણે ચાલીએ, અને તેના જેવાં થઈએ, એટલે જેમ તે આપણે માટે મુઓ, અને જીવી ઉઠ્યો, તેમજ આપણે, જેઓ બાપ્તિસ્મા પામ્યાં છીએ, પાપ સબંધી મરીએ, અને ન્યાયીપણા સંબંધી જીવી ઉઠીએ; અને પોતાની બધી ભુંડી તથા બગડેલી ઇચ્છાઓને સદા મારતાં રહીએ, અને દરરોજ સર્વ સારી ચાલ તથા ભક્તિમાં વધારો કરતાં રહીએ.

¶ ए योग्य छे के, दरेक माणस, जेनुं आ प्रमाणे बाप्तिस्मा थाय, ते बाप्तिस्मा पछी जेम बने तेम उतावळथी सगवड भरेलो प्रसंग मळवा पर बिशपना हाथथी स्थिरिकरण पामे, के ते पवित्र सगतमां दाखल थाय.

¶ जो कोई एवा होय के जेमनु बाप्तिस्मा नानपणमां न थयुं होय, अने पोते जवाब आपी शके एटली पूरी वये नही पहोच्यां होय, अने बाप्तिस्मा पामवा सारु लाववामां आवे, तो तेमने माटे मंडळी आगळ बाळकोने बाप्तिस्मा आपवानी पद्धति, अथवा (जो घणा भयनी स्थितिमा होय तो), खानगी रीते बाप्तिस्मा आपवानी पद्धति काममा लेवाय, तो बस थशे. पण બાળકની जग्यामां છોકરો अथवा છોડી अथवा માણસ ए शब्दनुं, जेवो प्रसग होय, ते प्रमाणे बदलाण करवु.

કેટીકીઝમ

અથવા

સવાલ જવાબ.

બિશપ આગળ સ્થિરિકરણને માટે લાવવા પહેલાં, જે શિક્ષણ દરેક માણસે શિખવું જોઇએ તે.

પ્રશ્ન. તારૂં નામ શું છે?

ઉત્તર. ... ...

પ્રશ્ન. એ નામ તને કોણે આપ્યું?

ઉત્તર. મારા ધર્મબાપે તથા ધર્મમાએ મારા બાપ્તિસ્મા વખતે આપ્યું; તેમાં હું ખ્રીસ્તનો અવયવ, તથા દેવનું બાળક, તથા આકાશી રાજ્યનો વારસ થઈ ગયો છું.

પ્રશ્ન. તારાં ધર્મમાબાપે તે વખતે તારે માટે શુ કીધું?

ઉત્તર. તેમણે મારા નામથી, ત્રણ વાતોનું વચન આપીને પ્રતિજ્ઞા કીધી. પહેલી એ કે, હું શેતાન તથા તેનાં બધાં કામોનો, અને આ દુષ્ઠ જગતના વૈભવ તથા વ્યર્થતાનો, અને દેહની બધી પાપી વિષયવાસનાઓનો ત્યાગ કરીશ. બીજી એ કે, હુ ખ્રીસ્તી ધર્મની બધી મૂળ વાતો ઉપર વિશ્વાસ રાખીશ. અને ત્રીજી એ કે, હું દેવની પવિત્ર ઇચ્છા તથા આજ્ઞાઓને માનીશ, તથા મારા જીવનના બધા દિવસો સુધી તે પ્રમાણે ચાલીશ.

પ્રશ્ન. જેમ તેમણે તારે માટે વચન આપ્યું હતું, તેમ વિશ્વાસ રાખવાને તથા ચાલવાને તું બંધાએલો છે, એવું તને લાગે છે શું?

ઉત્તર. હા, ખરેખાત મને એમ લાગે છે; અને દેવની મદદથી હું એમજ કરીશ. અને હું અંત.કરણથી આપણા આકાશી પિતાનો ઉપકાર માનું છું કે, તેણે ઇસુ ખ્રીસ્ત આપણા તારનાર વડે તારણની આ સ્થિતિમાં મને તેડયો છે. માટે હુ દેવની પ્રાર્થના કરૂં છું, કે જીવનના અત સુધી એજ સ્થિતિમાં હું ટકી રહું એવી કૃપા તે મને આપે.

કેટીકીસ્ટ.

તારા વિશ્વાસની મૂળ વાતો સંભળાવ.

ઉત્તર.

સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર હું વિશ્વાસ કરૂં છું.

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકનોએક પુત્ર અમારો પ્રભુ, તે પર હું વિશ્વાસ કરૂં છું. તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમાં રહી, કુંવારી મરિયમથી જન્મ્યો, તેણે પંતિયસ પીલાતના અધિકાર તળે દુ:ખ વેઠયું, ક્રુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદૃષ્ય લોકમાં ઉતરી ગયો; તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠયો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને

જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા પર હું વિશ્વાસ કરૂં છું. પવિત્ર કાથોલીક કલીસીઆ; પવિત્રોની સંગત; પાપોની માફી; શરીરનું પુનરૂત્થાન, અને સર્વકાળનું જીવન, એ વાતો પર હું વિશ્વાસ કરૂં છું. આમેન.

પ્રશ્ન. આ તારા વિશ્વાસની મૂળ વાતો પરથી વિશેષે કરીને તું શું શિખે છે?

ઉત્તર. પહેલું, એ કે, દેવ પિતા, જેણે મને તથા આખા જગતને ઉત્પન્ન કીધું, તેના પર વિશ્વાસ રાખવાને શિખું છું.

બીજું, દેવ પુત્ર જેણે મને તથા બધી માણુસજાતને ખંડી લીધી છે, તેના પર વિશ્વાસ રાખવાને શિખું છું.

ત્રીજું, દેવ પવિત્ર આત્મા જે મને તથા દેવના બધા નિવડેલા લોકોને પવિત્ર કરે છે, તેના પર વિશ્વાસ રાખવાને શિખું છું.

પ્રશ્ન.

તેં કહ્યું કે, મારાં ધર્મ માબાપે મારે માટે દેવની આજ્ઞાઓનું પાલન કરવાનું વચન આપ્યું હતું. વારૂ બોલ, તે કેટલી છે?

ઉત્તર. દસ.

પ્રશ્ન. તે કઈ છે?

ઉત્તર.

તે તેજ છે, જે નિર્ગમનના વીસમા અધ્યાયમાં દેવે એમ કરીને કહી કે, મિસર દેશમાંથી એટલે દાસપણાના ઘરમાંથી, તને કાઢી લાવનાર તારો દેવ યહોવાહ હું છું.

૧. હું પરમેશ્વર તારો દેવ છું. મારી સમ્મુખ તારે કોઈ અન્ય દેવો ન હોય.

૨. તું પોતાને સારૂ કોઈ કોરેલી મૂર્ત્તિ ન કર, ઉપર આકાશમાંની, કે નીચે ભૂમિમાંની, કે ભૂમિની તળેનાં પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર; તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર, કેમકે હું તારો દેવ યહોવાહ આસ્થાવાન દેવ છું, જેઓ મારો દ્વેષ કરે છે, તેઓની ત્રીજી ચોથી પેઢી સુધી, બાપોના અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર, ને મારા પર જે પ્રીતિ કરે છે, ને મારી આજ્ઞાઓ પાળે છે, તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર છું.

૩. તારા દેવ યહોવાહનું નામ તું વૃથા ન લે, કેમકે જે તેનું નામ વૃથા લે છે, તેને યહોવાહ નિર્દોષ નહિ ગણશે.

૪. સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું તેનું સ્મરણ રાખ. છ દિવસ તું ઉદ્યોગ કર, ને તારૂં સઘળું કામ કર, પણ સાતમો દિવસ તારા દેવ યહોવાહનો સાબ્બાથ છે, તેમાં તું કાંઈ કામ ન કર, તું કે તારો દીકરો, કે તારી દીકરી, કે તારો દાસ, કે તારી દાસી, કે તારાં ઢોર, કે તારા દરવાજાની અંદરનો પરદેશી; કેમકે છ દિવસમાં યહોવાહે આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં સર્વને ઉત્પન્ન કીધાં, ને સાતમે

દિવસે તે સ્વસ્થ રહ્યો; એ માટે યહોવાહે સાબ્બાથ દિનને આશીર્વાદ દઇને તેને પવિત્ર ઠરાવ્યો.

૫. તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ, કે તારો દેવ યહોવાહ જે દેશ તને આપે છે, તેમાં તારૂ આયુષ્ય દીર્ઘ થાય.

૬. તું ખુન ન કર.

૭. તું વ્યભિચાર ન કર.

૮. તું ચોરી ન કર.

૯. તું તારા પડોસી વિરૂદ્ધ જુઠી સાક્ષી ન પૂર.

૧૦. તું તારા પડોસીના ઘર પર લોભ ન રાખ, તારા પડોસીની સ્ત્રી, કે તેનો દાસ, કે તેની દાસી, કે તેનો બળદ, કે તેનું ગધેડું, કે તારા પડોસીનું જે કંઈ હોય, તે પર તું લોભ ન રાખ.

પ્રશ્ન.

આ આજ્ઞાઓથી તું વિશેષે કરીને શુ શિખે છે?

ઉત્તર. હું બે વાતો શિખું છું, એટલે દેવની તરફ મારો ધર્મ કેવો છે તે, અને પડોસીની તરફ મારો ધર્મ કેવો છે તે.

પ્રશ્ન. દેવ તરફ તારો ધર્મ કેવો છે?

ઉત્તર. દેવના તરફ મારો ધર્મ એ છે જે, તેના પર વિશ્વાસ રાખું, તેની બીક રાખું, તેના પર મારા પૂરા હૃદયથી, મારા પૂરા મનથી, મારા પૂરા જીવથી, તથા મારા પૂરા સામર્થ્યથી પ્રીતિ કરૂં; તેની ભક્તિ કરૂં, તેનો ઉપકાર માનું, તેના ઉપર સંપૂર્ણ ભરોસો રાખું; તેની વિનંતી કરૂં, તેના પવિત્ર નામ અને વચનને માન આપું, અને મારા જીવનના બધા દિવસ સત્યતાથી તેની સેવા કર્યા કરૂં.

પ્રશ્ન. તારા પડોસી તરફ તારો ધર્મ કેવો છે?

ઉત્તર. મારા પડોસી તરફ મારો ધર્મ એ છે જે, જેવી હુ પોતા પર પ્રીતિ કરૂ છુ, તેવીજ મારા પડોસી ઉપર પ્રીતિ કરૂ, અને જેમ હુ ઇચ્છુ છુ કે બીજા માણસો મારી સાથે વર્તે, તેમજ હું બધાની સાથે વર્તુ. મારાં માબાપ પર પ્રીતિ રાખું, તેમનુ સન્માન અને સંભાળ કરૂં; મહારાજા તથા તેમના હાથ તળે જે અધિકારીઓ છે, તેમને માન આપુ, તથા તેમની આજ્ઞા પાળું; મારા બધા ઉપરીઓ, શિક્ષકો, ધર્મગુરૂઓ, તથા ધણીઓને આધીન રહુ; મારાથી જે મોટાં તેમની સાથે નમ્રતા તથા આદરભાવથી વર્તુ; કોઇને વાત અથવા કામ વડે દુ:ખી ન કરૂ. મારાં બધાં કામમાં ન્યાયીપણાથી અને સત્યતાથી વર્તું; મારા મનમાં દ્વેષ અને અદેખાઈ ન રાખું; મારા હાથને પારકી વસ્તુ ઉપાડવાથી તથા ચોરી કરવાથી, અને મારી જીભને ભુંડું તથા જુઠું બોલવાથી, અને ચાડી કરવાથી જાળવી રાખું; મારા શરીરને સ્વદમન, શુદ્ધિ, અને શુદ્ધતામાં રાખું; બીજાની વસ્તુનો લોભ અને તેની ઇચ્છા ન કરૂં, પણ પોતાનું પોષણ કમાવા શિખું, અને તેને માટે ખરેખાત મહેનત કરૂં; અને દેવ મને જે સ્થિતિમાં લાવે, તેમાં મારો ધર્મ પુરો કર્યા કરૂં.

કેટીકીસ્ટ.

મારા પ્રિય છોકરા, એ જાણી રાખ, કે તું પોતાની મેળે એ વાતો પ્રમાણે કરી શકતો નથી, અને દેવની વિશેષ કૃપા વિના તેની આજ્ઞા પ્રમાણે ચાલી શકતો નથી, તેમજ તેની સેવા કરી શકતો નથી, માટે તે કૃપા મેળવવા સારૂ તારે બધે વખતે, મનથી પ્રાર્થના કરતાં શિખવુ જોઈએ, તો મને સંભળાવ, કે તને પ્રભુની પ્રાર્થના આવડે છે કે નહિ?

ઉત્તર.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂ નામ પવિત્ર મનાઓ, તારૂ રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધિઓને માફ કરીએ છીએ, તેમ તુ અમારા અપરાધો અમને માફ કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુડાથી અમારો છૂટકો કર. આમેન.

પ્રશ્ન. આ પ્રાર્થનામાં તુ દેવ પાસેથી શું માગે છે?

ઉત્તર. મારો પ્રભુ દેવ, આપણો આકાશી બાપ જે બધાં સારાં વાનાંનો આપનાર છે, તેની પાસે એ માગું છુ કે, તે મને, તથા બધાં માણસોને પોતાની કૃપા આપે; કે જેથી અમારે તેની ભક્તિ, સેવા, તથા આજ્ઞાપાલન, જેમ કરવાં જોઈએ તેમ કરીએ. અને હુ દેવની એવી પ્રાર્થના કરૂ છું કે, અમારી દેહ તથા આત્મા, બન્નેને માટે, જેટલી વસ્તુ જોઈએ તે અમને આપે; અને અમારા પર દયા કરીને અમારાં પાપોની માફી આપે; અને દેહ તથા આત્માનાં બધાં સંકટથી, અને અમને બધાં પાપ તથા ભુંડાઇથી, તથા અમારા આત્મિક શત્રુથી, તથા સદાકાળના મોતથી, અમારી રક્ષા તથા સંભાળ કરવાને પ્રસન્ન થાય. અને હુ ભરોસો રાખું છું કે, તે પોતાની દયા તથા કરૂણા વડે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે એમ કરશે; તે સારૂ હુ આમેન, એટલે એમજ થાઓ, એમ બોલુ છુ.

પ્રશ્ન.

ખ્રીસ્તે પોતાની કલીસીઆમાં કેટલા સાક્રમેન્ટ ઠરાવ્યા છે?

ઉત્તર. કેવળ બે, જે સાધારણ રીતે તારણને માટે અગત્યના છે, એટલે બાપ્તિસ્મા તથા પ્રભુભોજન.

પ્રશ્ન. સાક્રમેન્ટ, એ શબ્દનો અર્થ તું શો સમજે છે?

ઉત્તર. એટલે અંતરની અને આત્મિક કૃપા, જે આપણને આપવામાં આવે છે, તેનુ બાહ્ય અને દૃષ્યમાન ચિન્હ, જે ખ્રીસ્તે પોતે ઠરાવ્યુ છે, જે કૃપા મેળવવાનુ સાધન, તથા તેના નિશ્ચયપણાનુ પ્રમાણ છે.

પ્રશ્ન. સાક્રમેન્ટમાં કેટલા ભાગ છે?

ઉત્તર. બે; એટલે બહારનું ચિન્હ જે જોવામાં આવે છે તે, અને અંતરની આત્મિક કૃપા.

પ્રશ્ન. બાપ્તિસ્મામાં બહારનું ચિન્હ અથવા રૂપ, જે જોવામાં આવે છે, તે શું છે?

ઉત્તર. પાણી, જેમાં પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપવામાં આવે છે.

પ્રશ્ન. એમાં અંતરની અને આત્મિક કૃપા શી છે?

ઉત્તર. પાપ સબંધી મરવુ, અને ન્યાયીપણા સંબંધી નવો જન્મ, કેમકે સ્વભાવ પ્રમાણે આપણે પાપમાં જન્મીને ક્રોધનાં છોકરાં હતાં, પણ બાપ્તિસ્માએ કરીને, કૃપાના છોકરાં બની જઇએ છીએ.

પ્રશ્ન. જેઓ બાપ્તિસ્મા પામે છે, તેમણે શું કરવુ જોઇએ?

ઉત્તર. પસ્તાવો, કે જેથી તેઓ પાપનો ત્યાગ કરે છે; અને વિશ્વાસ, કે જેથી દેવનાં જે વચનો આ સાક્રમેન્ટમાં તેઓને આપવામાં આવે છે, તે પર તેઓ દૃઢ વિશ્વાસ રાખે છે.

પ્રશ્ન. બાળકો તો પોતાની બાળવયને લીધે, એ પ્રમાણે કરી નથી શકતાં, ત્યારે તેમને શા માટે બાપ્તિસ્મા આપવામાં આવે છે?

ઉત્તર. કેમકે તેઓ, પોતાના જામીનો વડે, આ બન્ને કામો કરવાને વચન આપે છે; અને જ્યારે તેઓ પૂરી વયનાં થાય ત્યારે તે વચનો પાળવાને બંધાયલાં છે.

પ્રશ્ન. પ્રભુભોજનનો સાક્રમેન્ટ શા માટે ઠરાવવામાં આવ્યો હતો?

ઉત્તર. ખ્રીસ્તના મરણનું બળિદાન અને તે વડે જે લાભ આપણને મળે છે, તેનું જાથુકનું સ્મરણ કરવા માટે.

પ્રશ્ન. પ્રભુભોજનમાં, બહારનો ભાગ અથવા ચિન્હ શું છે?

ઉત્તર. રોટલી તથા દ્રાક્ષરસ, કે જે લેવાની આજ્ઞા પ્રભુએ દીધી છે તે.

પ્રશ્ન. અંદરનો ભાગ, એટલે આ ચિન્હો વડે જે દેખાડવામાં આવે છે તે શું?

ઉત્તર. ખ્રીસ્તનો દેહ તથા તેનું લોહી, કે જેને વિશ્વાસીઓ પ્રભુભોજનમાં ખરેખાત અને વાસ્તવિક રીતે લે છે અને ગ્રહણ કરે છે તે.

પ્રશ્ન. એ વડે જે લાભો આપણે પામીએ છીએ તે કયા?

ઉત્તર. જે રીતે રોટલી તથા દ્રાક્ષરસથી આપણાં શરીર બળવાન તથા તાજાં થાય છે, તેજ રીતે ખ્રીસ્તના દેહ તથા લોહી વડે આપણા આત્માને બળ તથા તાજગી મળે છે.

પ્રશ્ન. જેઓ પ્રભુભોજન લેવા આવે, તેમણે શુ કરવું જોઇએ?

ઉત્તર. નવુ જીવન જીવવા સારૂ દૃઢ નિશ્ચય કરીને પોતાનાં પાછલાં પાપોનો ખરો પસ્તાવો કરવા વિષે; તેના મરણના ઉપકારિક સંભારણ સાથે ખ્રીસ્ત વડે દેવની દયા પરના જીવતા વિશ્વાસ વિષે; અને બધાં માણસોની સાથે પ્રીતિમાં રહેવા વિષે પોતાની પરિક્ષા કરવી.

¶ दरेक मंडळीना पाळके, रविवारे तथा पवित्र दिवसोमां, सांजनी प्रार्थनाना बीजा वांचन पछी, मंडळीनां जेटलां छोकरां तेनी पासे मोकलवामां आवे, तेमांथी जेटलां तेने

लायक जणाय, तेटलांने देवळमां, बधांनी सामे, काळजीथी, आ केटीकीझमना कोई कोई भागमांथी शिखववुं तथा परीक्षा लेवी.

¶ अने बधा माबापे, तथा धणीओए, तेमनां जेटलां छोकरां, चाकर, अने काम शिखनारा, जेओ केटीकीझम नहि शिख्या होय, तेओने माटे एवी गोठवण करवी के, तेमने शिखवाने माटे अहीं जेटलुं ठरावयामा आव्यु छे, ते बधुं शिखी रहे त्यां सुधी, तेओ ठरावेले वखते देवळमां आवे, अने पाळकनी वात आधीनताथी साभळे अने तेना कह्यामां रहे.

¶ ज्यारे छोकरां पुरी वयना थईने विश्वासनामुं, प्रभुनी प्रार्थना तथा दस आज्ञा पोतानी जन्मभाषामा सभळावी शके, अने आ संक्षिप्त केटीकीझमना बीजा प्रश्नोना जवाब आपी शके, त्यारे तेओ बिशप आगळ लवाय. अने तेमनुं स्थिरिकरण थाय, तेनी साक्षिने सारु प्रत्येकने एक धर्मबाप अथवा एक धर्ममा जोईए.

¶ स्थिरिकरणने सारु छोकरांने पोता आगळ लाववाने ज्यारे बिशप पोतानी इच्छा प्रगट करे, त्यारे प्रत्येक जग्याना पाळके, पोतानी मडळीना जे लोकोने स्थिरिकरण अपाववा बिशप आगळ लाववाने योग्य जाणे, तेटलांनां नाम लखीने, पोतानी सही साथे पोते लावे, अथवा तो बीशप पर मोकलावी दे; अने बिशपने तेओ मान्य होय, तो आ नीचेनी पद्धति प्रमाणे ते तेमनु स्थिरिकरण करे.

સ્થિરિકરણુની પદ્ધતિ

એટલે

જેઓ બાપ્તિસ્મા પામ્યાં છે, અને પૂરી વયે પહોંચ્યાં છે, તેમના માથા પર હાથ મુકવાની રીત.

¶ ઠરાવેલે દિવસે બધાં સ્થિરિકરણ પામનારા બિશપ આગળ અનુક્રમે ઉભાં કરવામાં આવે, અને તે (અથવા કોઈ બીજો સેવક જેને તે ઠરાવે તે) નીચેની પ્રસ્તાવના વાચે.

સ્થિરિકરણુ પામનારાંઓને એ રીત વધારે લાભકારક થાય, તે માટે કલીસીઆને એ સારૂં લાગ્યુ કે, હવે પછી જેઓ વિશ્વાસનામુ, પ્રભુની પ્રાર્થના, અને દસ આજ્ઞા સંભળાવે, તથા ટુકા સવાલજવાબમાં જે બીજા પ્રશ્નો છે તેના ઉત્તર આપી શકે, તેઓ વિના બીજા કોઈનુ સ્થિરિકરણુ કરવુ નહિ. આ આજ્ઞા માનવામાં ઘણો ગુણુ છે, એ માટે કે, છોકરાં જ્યારે સમજણાં થાય, ત્યારે તેમનાં ધર્મમાબાપે તેમના બાપ્તિસ્મા વખતે કેવાં વચન આપ્યાં હતાં તે વિષે જાણીતા થઈને, પોતાના મુખથી અને ઇચ્છાથી, ઉઘાડી રીતે કલીસીઆ આગળ, તે વચનો કબૂલ કરીને તેમને પાકાં કરે; અને એવું વચન પણુ આપે કે, જે વાતોને અમે પોતાના મુખથી માન્ય કીધી છે, તેમને દેવની કૃપાથી વિશ્વાસુપણાથી માનવાને સદા મેહેનત કરીશું.

¶ પછી બીશપ કહે,

શું તમારા બાપ્તિસ્મા વખતે તમારા તરફથી જે ભારે વચન તથા વાયદો કરવામાં આવ્યો હતો તેને, દેવ તથા આ મંડળી આગળ બીજીવાર માની લો છો; અને પોતે તેને કબૂલ કરીને પાકો કરો છો, અને એ માનો છો કે, તમારાં ધર્મમાબાપે તમારા તરફથી જે બધાં વચનો આપ્યાં હતાં, તે પ્રમાણે માનવાને તથા કરવાને તમે બંધાએલાં છો?

¶ દરેક મોટે સાદે ઉત્તર આપે,

હા, હું એમ માનું છું.

બિશપ. આપણી સહાયતા દેવના નામથી છે;

ઉત્તર. જેણે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં છે.

બિશપ. પ્રભુનું નામ ધન્ય હોજો;

ઉત્તર. હમણુાંથી સદા સર્વકાળ સુધી.

બિશપ. પ્રભુ, અમારી પ્રાર્થનાઓ સાંભળ.

ઉત્તર. અને અમારા સાદને તારી પાસે પહોંચવા દે.

બિશપ.

આપણે પ્રાર્થના કરીએ.

હે સર્વશક્તિમાન તથા સદા જીવતા દેવ, તેં દયા કરીને તારા આ સેવકોને પાણી તથા પવિત્ર આત્મા વડે નવો જન્મ આપ્યો, અને તેમને તેમનાં બધાં પાપોની માફી આપી છે, હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, પવિત્ર આત્મા સંબોધક વડે એમને બળવાન કર, અને તારી કૃપાનાં અનેક દાનો એમનામાં દરરોજ વધાર; એટલે બુદ્ધિ અને સમજણનો આત્મા, વિચાર અને આત્મિક પરાક્રમનો આત્મા, જ્ઞાન અને ખરી ભક્તિનો આત્મા; અને હે પ્રભુ, તારા પવિત્ર ભયના આત્મા વડે એમને હમણાં અને સદાકાળ ભરપૂર કર. આમેન.

¶ **पछी बधां अनुक्रमवार बिशप आगळ घुंटण टेकवे, अने ते दरेकना माथा पर पृथक पृथक हाथ मुकीने, आ प्रमाणे कहे.**

હે પ્રભુ, તારા આ બાળકની (અથવા તારા આ દાસ કે દાસીની) રક્ષા તારી આકાશી કૃપા તળે કર, કે એ સર્વકાળ તારોજ થઇને રહે; અને જ્યાં સુધી તારા સદાકાળના રાજમાં આવી પહોંચે, ત્યાં સુધી દરરોજ તારા પવિત્ર આત્મામાં વધારો કરતો જાય. આમેન.

¶ **पछी बिशप कहे,**

પ્રભુ તમારી સાથે રહો.

ઉત્તર. અને તારા આત્માની સાથે પણ રહો.

¶ **पछी बधां घुटणे पडे अने बिशप कहे,**

પ્રાર્થના કરીએ.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

¶ **पछी आ सारप्रार्थना.**

હે સર્વશક્તિમાન તથા સદા જીવતા દેવ, જે વાતો ઉત્તમ તથા તારા દિવ્ય પ્રતાપને સંતોષદાયક છે, તે પ્રમાણે ઇચ્છવું તથા ચાલવુ, તે બન્ને અમારામાં તુંજ કરાવે છે; જે તારા દાસો પર, તારા પવિત્ર પ્રેરિતોના નમુના પ્રમાણે, અમે હમણાં હાથ મુકયા છે, એ માટે કે આ નિશાણીથી તેઓને ખાતરી થાય કે તારી મહેરબાની તથા કૃપાળુ પ્રસન્નતા તેમના તરફ છે, તેમને માટે અમે નમ્રતાથી તારી પ્રાર્થના કરીએ છીએ. અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારો પિતા-સમાન હાથ એમના પર સર્વદા રહે; તારો પવિત્ર આત્મા સદા એમની સાથે રહે; અને તારા વચનના જ્ઞાનમાં તથા તેને માનવામાં એમને એવી રીતે દોર, કે છેવટે એઓ અનંત જીવન મેળવે; અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ

યુગોયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન પ્રભુ, અને સનાતન દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તુ દયા કરીને અમારાં તન અને મન, બન્નેની તારા નિયમના માર્ગમાં, અને તારી આજ્ઞાઓનાં કામોમાં આગેવાની કર, તેમને પવિત્ર કર, અને તેમના પર અધિકાર ચલાવ, કે જેથી અમે, તારી મહાન સમર્થ રક્ષા વડે, આ લોકમાં અને પરલોકમાં, દેહ અને આત્મા સહિત, સહીસલામત રહીએ; અમારા પ્રભુ અને ત્રાતા ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी बिशप आ वचनो कहीने तेमने आशीर्वाद आपे.

સર્વશક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમ પર થાઓ, અને તમારી સાથે સદા રહો. આમેન.

¶ ज्यां सुधी कोईनु स्थिरिकरण न थाय अथवा ते स्थिरिकरण पामवानी सिद्धता तथा इच्छा न राखे, त्यां सुधी ते पविल संगतमा लेवामां न आवे.

પવિત્ર લગ્નક્રિયાની પદ્ધતિ.

¶ प्रथम, जेओना लग्न थवाना होय, तेओ बधाना नामनी, निरनिराळा त्रण रविवारो अथवा पवित्र दिवसो सुधी, देवळमा, सवारनी प्रार्थना वेळा, अथवा जो सवारनी प्रार्थना न होय तो साजनी प्रार्थना वेळा, बीजा वांचन पछी, लागलीज खबर आपवामां आवे, अर्थात पाळक गीत प्रमाणे कहे के,

હું.. .. .જગ્યાના. . અને . જગ્યાની. . ના લગ્નની ખબર આપુ છું. આ બન્ને જણને પવિત્ર લગ્નમા નહિ જોડાવાનુ કોઈ કારણ અથવા અટકાવની યોગ્ય વાત તમારામાંથી કોઈ જાણતો હોય, તો તે તમારે દેખાડવી જોઈએ. આ પહેલી (બીજી, અથવા ત્રીજી). વારનો પ્રશ્ન છે.

¶ अने, जे लोकोनुं लग्न थवानुं छे, ते जो निरनिराळां गामोमा रहेता होय, तो बन्ने जग्यामां प्रश्न पूछवो जोइए. अने एक जग्याना पाळके, बीजी जग्याना पाळक पासेथी, त्रण वार प्रश्न पूछवामां आव्या छे, ए वातनु खात्रीपत्रक मेळव्या विना, तेमनु लग्न करवु नहि.

¶ लग्न करवानो दिवस अने वखत, ठराव्या प्रमाणे, जेमनुं लग्न थवानुं होय, तेओ पोताना मित्रो तथा पडोसीओ साथे, देवळना मध्य भागमां आवे; अने त्या पुरुष जमणी तरफ, तथा स्त्री डाबी तरफ पासे पासे उभां रहे, अने प्रीस्ट एम कहे.

હે વહાલાંઓ, આપણે દેવ આગળ, તથા આ મંડળી આગળ, આ પુરૂષ તથા આ સ્ત્રીને પવિત્ર વિવાહમાં જોડવા સારૂ, અહી એકઠા થયાં છીએ. આ એક માન ભરેલી સ્થિતિ છે, જે માણસની નિર્દોષતાના સમયમા દેવે ઠરાવેલી છે, અને ખ્રીસ્ત તથા તેની કલીસીઆ વચ્ચે જે આત્મિક એકપણ છે, તેની નિશાણી છે, અને ગાલીલના કાનામાં ખ્રીસ્તે પોતે જઇને, તથા પહેલો ચમત્કાર દેખાડીને, આ પવિત્ર સ્થિતિને તેણે શણગાર તથા શોભા આપી છે. અને પવિત્ર પાઉલ એનાં વખાણ કરતાં કહે છે કે, એ સર્વ માણસોમાં માનયોગ્ય છે: અને એ માટે કોઈ અવિચારથી, હલકાઇથી, અથવા લપટપણાથી, નિર્બુદ્ધ પશુઓ પેઠે, પોતાનાં દેહિક વિષયો તથા ઇચ્છાઓ પુરી કરવાને લગ્ન કરે, તો તે ઉચિત નથી, પરંતુ માનથી, વિવેકથી, સમજી વિચારીને, સાવધાનીથી અને દેવનો ભય રાખીને, લગ્ન કરવુ જોઇએ. અને જે કારણોને માટે વિવાહ ઠરાવવામાં આવ્યો છે, તેનો સારી રીતે વિચાર કરે.

એ ઠરાવવાનુ પહેલુ કારણ એ છે જે, તેથી છોકરાં પેદા થઇને, પ્રભુના પવિત્ર નામના મહિમાને માટે તેના ભયમાં અને શિક્ષણમાં ઉછરે.

બીજું કારણ એ છે જે, પાપ તથા વ્યભિચારથી બચવાનો ઉપાય થાય; કે જેઓને ઈંદ્રિયદમન કરવાનું દાન અપાયું ન હોય, તેઓ વિવાહ કરીને પોતાને ખ્રીસ્તના શરીરના નિર્મળ અવયવો રાખે.

ત્રીજુ કારણ એ છે જે, એક બીજાને સુખદુ:ખમાં, જે માહોમાંહેની સગત, સહાયતા તથા દિલાસો મળવાં જોઈએ, તે તેઓને મળે.

પવિત્ર સ્થિતિમાં, જોડાવા સારૂ હાજર થએલાં આ બે જણ હમણાં આવ્યાં છે, માટે નિયમ પ્રમાણે એ બન્ને જણને નહિ જોડાવાનુ કોઈ યોગ્ય કારણ કોઈ માણસ દેખાડી શકે છે, તો તે હમણાં બોલે; નહિ તો હવે પછી સર્વદા છાનો રહે.

¶ पछी जेमनो विवाह थवानो छे तेमने पण कहे,

હું તમ બન્નેને આજ્ઞા કરૂ છું જે, તમારામાંનું કોઈ એવુ કારણ જાણતું હોય કે જેથી તમારૂં વિવાહમાં જોડાવું ઉચિત ન હોય, તો ન્યાયના ભયાનક દિવસમા જ્યારે બધાંનાં મનની છાની વાતો ઉઘાડી થશે, ત્યારે તમારે લેખું આપવું પડશે, એ જાણીને તમે હમણાં તેને પ્રગટ કરો. અને એ નક્કી જાણો કે જેટલાં દેવના વચનના પ્રમાણની વિરૂદ્ધ જોડાય છે, તેમને દેવ નથી જોડતો, અને તેમનું લગ્ન તે લગ્ન નથી.

¶ लग्नने दिवसे, कोई माणस एवो अटकाव देखाडे, के जेथी देवना नियम तथा राज्यना नियम प्रमाणे, तेओ लग्ननी गांठमां न जोडाय; अने ते तथा तेनी साथे भरोसावाळा जामीन पोतानो दावो सिद्ध करवाने वर कन्याने मुचरका आपे; अथवा जे खरच थयुं होय ते भरी आपवाने माथे ले, तो ए वातनी चोकसी थाय त्यां सुधी लग्न अटकावी राखवु जोईए.

¶ जो, अटकावनी कोई वात न नीकळे तो, पाळक पुरूषने कहे,

......દેવના નિયમ પ્રમાણે વિવાહની પવિત્ર સ્થિતિમાં આ સ્ત્રી સાથે જીવન ગાળવાને, શુ તું એને પોતાની પરણેતર વહુ થવાને માન્ય કરે છે? શું તું એના પર પ્રીતિ કરીશ, એને દિલાસો આપીશ, એને માન આપીશ, અને માંદગીમાં તથા સુખાકારીમાં એની સભાળ કરીશ; અને તમે બન્ને જીવો ત્યાં સુધી, બીજી બધીને છોડીને, માત્ર એનીજ સાથે સંબંધ રાખીશ?

¶ पुरुष उत्तर आपे,

હા, હુ એમજ કરીશ.

¶ पछी प्रीस्ट स्त्रीने कहे,

......દેવના નિયમ પ્રમાણે વિવાહની પવિત્ર સ્થિતિમાં આ પુરૂપ સાથે જીવન ગાળવાને, શું તું એને પોતાનો પરણેતર વર થવાને માન્ય કરે છે? શું તું એના કહ્યામાં રહીશ, એની સેવા કરીશ, એના પર પ્રીતિ રાખીશ, એને માન આપીશ, અને માંદગીમાં તથા સુખાકારીમાં એની સંભાળ કરીશ; અને તમે બન્ને જીવો ત્યાં સુધી, બીજા બધાને છોડીને માત્ર એનીજ સાથે સંબંધ રાખીશ?

¶ સ્ત્રી ઉત્તર આપે,

હા, હું એમજ કરીશ.

¶ પછી સેવક કહે,

કોણ આ સ્ત્રીને આ પુરૂષ સાથે વિવાહમાં આપે છે?

¶ પછી તેઓ આ પ્રમાણે એક બીજાને વચન આપે. સેવક સ્ત્રીને તેના બાપના અથવા મીત્રના હાથથી લઈને, પુરુષના જમણા હાથથી સ્ત્રીનો જમણો હાથ પકડાવે અને પોતાની પાછળ પાછળ એમ કહેવડાવે,

હુ......તને.. ..ને મારી લગ્નની વહુ કરી લઉ છુ, અને મોત આપણને જુદાં પાડે ત્યાં સુધી, દેવના પવિત્ર નિયમ પ્રમાણે, સુખમાં તથા દુ ખમાં, સપતિમાં તથા દરિદ્રતામાં, માંદગીમાં તથા સુખાકારીમાં, આજથી તને પોતાની કરી રાખીશ, તારા પર પ્રીતિ રાખીશ, અને તને આનદિત રાખીશ, અને એ વાતનું હું તને વચન આપુ છુ.

¶ પછી તેઓ હાથ છોડી દે; અને સ્ત્રી પોતાના જમણા હાથથી પુરુષનો જમણો હાથ પકડીને, સેવકની પાછળ પાછળ એમ બોલે,

હું......તને......ને મારો લગ્નનો વર કરી લઉ છું, અને મોત આપણને જુદાં પાડે ત્યાં સુધી, દેવના પવિત્ર નિયમ પ્રમાણે, સુખમાં તથા દુ:ખમાં, સંપતિમાં તથા દરિદ્રતામાં, માંદગીમાં તથા સુખાકારીમાં, આજથી તને પોતાનો કરી રાખીશ, તારા પર પ્રીતિ રાખીશ, તને આનંદિત કરીશ, અને તારા કહ્યામાં રહીશ; અને એ વાતનું હું તને વચન આપું છું.

¶ પછી તેઓ પાછા હાથ મુકી દે, અને પુરુષ સ્ત્રીને એક વીંટી આપે, અને તે સાથે પ્રીસ્ટ તથા તેના સહાયકારીનું દાપુ પુસ્તક પર મૂકે. પછી પ્રીસ્ટ વીંટી લઈને પુરૂષને આપે, કે તે સ્ત્રીના ડાબા હાથની ચોથી આંગળીમાં પહેરાવે. અને પુરુષ, તે વીંટી ઝાલીને, પ્રીસ્ટના કહેવા પ્રમાણે બોલે,

હુ આ વીંટીથી તને વરી લઉ છુ, અને મારી દેહથી તને માન આપુ છુ અને મારી બધી સસારિક સપત્તિ તને આપી દઉ છુ, પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માને નામે. આમેન.

¶ પુરુષ સ્ત્રીના ડાબા હાથની ચોથી આંગળીમા વીંટી રહેવા દે, અને બન્ને જણ ઘુટણે પડે, અને પછી સેવક કહે,

આપણે પ્રાર્થના કરીએ.

હે સનાતન દેવ, બધી માણસજાતના ઉત્પન્નકર્તા તથા પાળનાર, બધી આત્મિક કૃપાના દાતાર, સર્વકાળિક જીવનના કર્તા; તારા સેવકો, આ પુરૂષ તથા આ સ્ત્રી, જેમને અમે તારા નામમાં આશીષ દઈએ છીએ, તેમના પર તારો આશીર્વાદ ઉતાર; કે જે રીતે ઇસ્હાક તથા રિબકાહ એક બીજા સાથે વિશ્વાસુપણાથી રહેતાં હતાં, તે પ્રમાણે આ બન્ને જણે જે વચન તથા કરાર કરેલાં છે, તેને ખરી રીતે પાળે, અને જે વીંટી આપવામાં તથા લેવામાં આવી છે, તે આ કરારનું ચિન્હ તથા પ્રમાણ છે; અને સદા પૂર્ણ પ્રેમ તથા મેળાપમાં રહીને તારા નિયમ પ્રમાણે ચાલે; એ ઇસુ

ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ પછી પ્રીસ્ટ બન્નેના જમણા હાથો મેળવીને કહે,

જેમને દેવે જોડયાં છે, તેમને કોઇ માણસ જુદાં ન કરે.

¶ પછી સેવક મંડળીને કહે,

હવે ....તથા .. . પવિત્ર વિવાહમાં એકમત થયાં છે, અને દેવ તથા આ મંડળીની આગળ એ વાતનો અંગીકાર કીધો છે, તથા એ વિષે એક બીજાને પોતપોતાનાં વચન આપ્યાં છે, અને વીંટીને આપવાથી તથા લેવાથી, તથા હાથોના મેળવવાથી એ પ્રગટ કીધુ છે, તે માટે હુ એમને ધણી તથા ધણીઆણી કહુ છુ, પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામથી. આમેન.

¶ અને સેવક આ આર્શીર્વાદ પણ આપે.

દેવ પિતા. દેવ પુત્ર, દેવ પવિત્ર આત્મા, તમને આશીર્વાદ આપો, અને તમારૂ પાલણ તથા રક્ષણ કરો, પ્રભુ મહેર કરીને તમારા પર દયાની નજર કરો; અને તમને બધા આત્મિક આશીર્વાદો તથા કૃપા વડે ભરપૂર કરો, કે તમે આ જીવનમાં એવી રીતે એક સાથે રહો, કે આવનાર જગતમાં તમને સર્વકાળનું જીવન મળે. આમેન.

¶ પછી સેવક અથવા સહાયકારીઓ પ્રભુની મેજ પાસે જઈને આ સ્તોત્ર વાંચે અથવા ગાય.

સ્તોત્ર ૧૨૮.

યહોવાહથી જે ડરે છે, ને તેના માર્ગોમાં ચાલે છે, તે સર્વને ધન્ય છે.

કેમકે તુ તારા હાથની મહેનતનું ખાઈશ, તું સુખી થઈશ, ને તારૂ કલ્યાણ થશે.

તારી સ્ત્રી તારા ઘરના અંત પુરમાં ફળવંત દ્રાક્ષવેલાના જેવી થશે; તારાં છોકરાં તારી મેજની આસપાસ જૈતવૃક્ષના રોપ જેવાં થશે.

જુઓ, યહોવાહથી જે ડરે છે તેને એવો આશીર્વાદ મળશે.

સિયોનમાંથી યહોવાહ તને આશીર્વાદ આપશે, ને તારા આયુષ્યના સર્વ દિવસો સુધી તું યરૂશાલેમનુ કલ્યાણ જોઈશ.

હા, તુ પોતાનાં છોકરાંનાં છોકરાં જોઈશ. ઇસ્રાએલને શાંતિ થાઓ.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માને મહિમા થાઓ,

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ અથવા આ સ્તોત્ર.

સ્તોત્ર ૬૭.

ઈશ્વર અમારા પર કૃપા કરી અમને આશીર્વાદ દે, ને તેના મુખનો પ્રકાશ અમારા પર પાડ.

એ માટે કે તારો માર્ગ પૃથ્વી પર જણાય, ને તારૂં તારણ સર્વ દેશજાતિઓને પ્રગટ થાય.

હે ઈશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે; સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.

દેશજાતિઓ આનંદ કરે, ને હરખથી ગાય; કેમકે તું લોકોનો અદલ ઇન્સાફ કરશે, ને પૃથ્વી પરની દેશજાતિઓ પર રાજ્ય કરશે.

હે ઈશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે; સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.

પૃથ્વીએ પોતાનું ફળ આપ્યું છે, દેવ, હા, આપણો દેવ, આપણને આશીર્વાદ આપશે.

દેવ આપણને આશીર્વાદ આપશે, ને પૃથ્વીની સર્વે સીમાઓ તેનાથી બિહીશે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

ग स्तोत्र पूरुं थया पछी, पुरुष तथा स्त्री प्रभुनी मेज आगळ घुटणे पडे, अने प्रीस्ट मेज पासे उभो रहीने तथा तेमना तरफ मोढु करीने कहे,

પ્રભુ, અમ પર દયા કર.

ઉત્તર. ખ્રીસ્ત, અમ પર દયા કર.

સેવક. પ્રભુ, અમ પર દયા કર.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

સેવક. ઓ પ્રભુ, તારાં દાસ તથા દાસીને બચાવ,

ઉત્તર. જેઓ તારા પર ભરોસો રાખે છે.

સેવક. ઓ પ્રભુ, તારા પવિત્ર સ્થાનમાંથી એમને સારૂ સહાય મોકલ,

ઉત્તર. અને સદા એમની આડ થા.

સેવક. એમને માટે સામર્થ્યનો ગઢ થા,

ઉત્તર. એમના શત્રુઓની સામે.

સેવક. ઓ પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ.

ઉત્તર. અને અમારો સાદ તારી પાસે પહોંચવા દે.

સેવક.

હે ઇબ્રાહીમના દેવ, ઇસહાકના દેવ, તથા યાકૂબના દેવ, આ તારા સેવકોને આશીર્વાદ દે, અને અનંતકાળના જીવનનાં બી એમના મનમાં વાવ, કે તારા પવિત્ર વચનમાંથી પોતાના લાભને માટે જે કાંઈ શિખે, તે પ્રમાણે વર્તે પણ ખરાં. હે પ્રભુ, આકાશમાંથી એમના પર દયાથી જો, અને એમને આશીર્વાદ દે. અને જેમ ઇબ્રાહીમ તથા સારાહ પર, તેમના મોટા દિલાસાને માટે, તે તારો આશીર્વાદ મોકલ્યો, તેવીજ રીતે દયા કરીને તારા આ સેવકો પર આશીર્વાદ મોકલ, કે એઓ તારી ઇચ્છાને આધીન થઇને, અને સદા તારા શરણમાં સુરક્ષિત રહીને, મરતાં સુધી તારા પ્રેમમાં રહે;

ઈસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ जो स्त्रीने प्रसूति थवाना दिवस विती गया होय, तो नीचेनी प्रार्थना छोडी देवी जोईए.

હે દયાળુ પ્રભુ, અને આકાશી બાપ, જેના કૃપાદાનથી માણસજાતનો વધારો થાય છે, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારા આશીર્વાદ વડે આ બન્ને જણની સહાય કર, કે એઓ છોકરાંથી ફળે, અને ભક્તિયુક્ત પ્રેમ તથા સારી ચાલમાં એટલા દિવસ સુધી જીવે, કે એઓ પોતાનાં છોકરાંને, ખ્રીસ્તીપણામાં તથા સદ્ગુણમાં, તારા માન તથા મહિમાને માટે ઉછરેલાં જુએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે દેવ, તેં પોતાના અપાર સામર્થ્ય વડે બધી વસ્તુઓને શૂન્યકારમાંથી ઉત્પન્ન કીધી છે; અને બીજી વસ્તુઓને બરાબર ગોઠવ્યા પછી એવુ ઠરાવ્યુ કે, તારા સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરાએલા પુરૂપમાંથી સ્ત્રીની ઉત્પત્તિ થાય, અને બન્નેને જોડીને એ શિખવ્યું કે, જેમને તેં વિવાહના બધનથી એક કીધાં છે, તેમને જુદાં કરવાં કદી ઉચિત નથી; હે દેવ, તેં લગ્નની સ્થિતિને એવા ઉત્તમ ભેદમાં પવિત્ર કીધી છે, કે ખ્રીસ્ત તથા તેની કલીસીઆ વચ્ચે જે આત્મિક લગ્ન અને ઐકયતા છે, તે તેમાં દેખાડવામાં આવેલુ છે; તારા આ સેવકો પર દયાથી જો, કે જે રીતે ખ્રીસ્તે પોતાની કન્યા એટલે મંડળી પર એવો પ્રેમ કીધો, કે પોતાને તેને સારૂ આપી દીધો, અને પોતાના શરીર પરના જેવોજ પ્રેમ દેખાડીને તેનુ પાલણ તથા પોષણ કીધુ, તે રીતે આ પુરૂષ તારા વચન પ્રમાણે એની વહુ પર પ્રેમ રાખે; અને એવુ પણ કર, કે આ સ્ત્રી પોતાના ધણી સાથે પ્રીતિમાં, સુશિલતામાં, પતિવ્રતપણામાં, અને આજ્ઞાંકિતપણામાં રહે, અને પૂરી કોમળતા, સાવધાની, અને શાંતિથી, પવિત્ર તથા ભકિતશીળ સ્ત્રીઓના નમુના પ્રમાણે ચાલે. હે પ્રભુ, આ બન્નેને આશીર્વાદ દે, અને તારા સર્વકાળિક રાજના વારસામાં એમને રહેવાનું આપ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी प्रीस्ट कहे,

સર્વશક્તિમાન દેવ, જેણે આદીએ આપણાં પહેલાં માતાપિતા આદમ તથા હવાને ઉત્પન્ન કીધાં, અને તેમને પવિત્ર કરીને લગ્નમાં જોડયાં, તે તમારા પર પોતાની કૃપાનું ધન વરસાવે, તમને પવિત્ર કરે, અને આશીર્વાદ આપે, કે તમે, દેહ અને આત્મા બન્ને વડે, તેને પ્રસન્ન કરો, અને તમારા જીવનના અંત સુધી, પવિત્ર પ્રેમમાં એક સાથે મળીને રહો. આમેન.

¶ आ पछी, जो वर तथा वहुना धर्म विषे कोई उपदेश न होय, तो सेवक आ नीचेनो उपदेश वांचे.

તમે, કે જેમનાં લગ્ન થયાં છે, અથવા જેઓ લગ્નની પવિત્ર સ્થિતિ ધારણ કરવાનો વિચાર રાખો છો, તેઓ સાંભળો, કે વરનો ધર્મ વહુ તરફ, તથા વહુનો ધર્મ વર તરફ કેવો છે, તે વિષે પવિત્ર શાસ્ત્ર શું કહે છે.

પવિત્ર પાઉલ, એફેસીઓના પત્રના પાંચમા અધ્યાયમાં, લગ્ન કરેલા માણસોને એવી આજ્ઞા આપે છે કે, વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ કરો, જેમ ખ્રીસ્તે પણ મંડળી પર પ્રીતિ કીધી, ને તેને વાસ્તે પોતાને સોંપ્યો તેમ, એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે એને પવિત્ર કરે, એ સારૂ કે તેને પોતાની પાસે મહિમાવંતી રાખે, એટલે એવી મડળી કે જેને ડાઘ કે કરચલી કે એવું કંઈ ન હોય; પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય. એમજ વરોએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની વહુઓ પર પ્રેમ કરવો; જે પોતાની વહુ પર પ્રેમ કરે છે, તે પોતા પર પ્રેમ કરે છે; કેમકે કોઈ માણસે પોતાના દેહનો દ્વેષ કદી કીધો નહિ, પણ તેનું પાલણ તથા પોષણ કરે છે, જેમ પ્રભુ પણ મડળીનુ કરે છે તેમ. કેમકે આપણે તેના શરીરના અવયવો છીએ. એ માટે માણસ પોતાનાં માબાપને મુકશે ને પોતાની વહુની સાથે જોડાશે, ને તે બન્ને એક દેહ થશે. આ મોટો ભેદ છે, પણ હુ ખ્રીસ્ત તથા મંડળી સંબંધી બોલું છુ. પરંતુ તમે પણ એમ કરો કે, હરેક જેમ પોતા પર તેમ પોતાની વહુ પર પ્રેમ કરે.

એજ પ્રમાણે, તેજ પવિત્ર પાઉલ કલોસીઓના પત્રમાં બધા પરણેલા માણસો ઉપર લખે છે કે વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ કરો, ને તેઓની સાથે કડવા ન થાઓ.

પવિત્ર પીતર ખ્રીસ્તનો પ્રેરિત, જે પોતે પરણેલો માણસ હતો તે પરણેલાઓને શુ કહે છે તે સાંભળો. વરો, તમે પોતાની વહુઓની સાથે સમજણથી રહો, ને બાયડી જાણે કે નબળું પાત્ર છે એ જાણીને, તથા જીવનની કૃપાનાં સહવારસ છો એમ ગણીને, તેને માન આપો, એ સારૂ કે તમારી પ્રાર્થનાઓ અટકાવાય નહિ.

અહી સુધી તો વરનો ધર્મ વહુ તરફ શો છે, તે તમે સાંભળ્યો. હવે વહુઓ, જેમ પવિત્ર શાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે, તેમ તમારો ધર્મ તમારા વરો તરફ શો છે તે સાંભળો અને શિખો.

આગળ કહેલા એફેસીઓના પત્રમાં પવિત્ર પાઉલ તમને એમ શિખાડે છે કે, વહુઓ, જેમ પ્રભુને તેમ પોતાના વરોને, તમે આધીન થાઓ, કેમકે વર વહુનુ શિર છે, જેમ ખ્રીસ્ત મંડળીનુ શિર છે તેમ, ને તે શરીરનો ત્રાતા છે. અને જેમ મડળી ખ્રીસ્તને આધીન છે. તેમ વહુઓએ સર્વમાં પોતાના વરોને આધીન થવું. અને બીજી જગ્યામાં તે કહે છે કે વહુ પોતાના વરની મર્યાદા રાખે.

અને કલોસીઓના પત્રમાં, પવિત્ર પાઉલ તમને આ નાની શિખામણ

આપે છે કે, વહુઓ, તમે જેમ પ્રભુમાં ઘટમાન છે તેમ પોતાના વરોને આધીન થાઓ.

પવિત્ર પીતર પણ તમને એમ કહીને ઘણી સારી શિખામણ આપે છે કે, બાયડીઓ, તમે પોતપોતાના વરોને આધીન થાઓ, એ સારૂ કે જો કોઈ વર વચન માનનાર ન હોય, તો તેઓ પોતાની વહુઓની ચાલથી, એટલે તમારી મર્યાદાભરેલી નિર્મળ ચાલ જોયાથી વચન વગર મેળવી લેવાય. તમારો સણગાર બહારનો, એટલે ગુંથેલા નિમાળાનો તથા સોનું ઘાલવાનો અથવા વસ્ત્ર પહેરવાનો, એવો ન થાય. પણ અંતઃકરણના ગુપ્ત માણસનો, એટલે લીન તથા નમ્ર આત્મા જે દેવની આગળ ઘણા મૂલ્યનો છે, તેના અવિનાશી વસ્ત્રનો, એવો થાય. કેમકે પૂર્વે જે પવિત્ર બાયડીઓ દેવ પર આશા રાખતી હતી, તેઓ પોતપોતાના વરોને આધીન રહીને, એ પ્રમાણે પોતાને સણગારતી હતી. તે પ્રમાણે સારાહ ઇબ્રાહીમને સ્વામી કહીને તેને આધીન રહેતી; જો તમે રૂડું કરો છો, ને કંઈ ભયથી ગભરાતી નથી, તો તમે તેની દીકરીઓ છો.

¶ ए योग्य छे के, नवा परणेला लोक तेमना लग्न समये अथवा तो ते पछी जे पहेलो प्रसग मळे, ते वेळा पवित्र संगत ले.

માંદાઓની ભેટ લેવાની પદ્ધતિ.

¶ जो कोई माणस मांदु होय, तो ते विषे ते जग्याना सेवकने जणाववु जोईए, अने ते एम बोलीने मांदाना घरमा प्रवेश करे,

આ ઘરને, તથા એમાં બધાં રહેનારાંઓને શાંતિ થાઓ.

¶ ज्यारे ते मांदा माणसनी पासे आवे, त्यारे घुंटणे पडीने आम बोले,

હે પ્રભુ, અમારા તથા અમારા પુર્વજોના અપરાધોનું સ્મરણ ન કર; હે દયાળુ પ્રભુ, અમને છોડી દે, તારા લોકો, જેમને તેં તારા અતિ મૂલ્યવાન લોહી વડે ખંડી લીધાં છે, તેમને છોડી દે, અને સદાકાળ સુધી અમારી સાથે ક્રોધિત ન રહે.

ઉત્તર. હે દયાળુ પ્રભુ, અમને છોડી દે.

¶ पछी सेवक बोले,

આપણે પ્રાર્થના કરીએ.

પ્રભુ, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

ઓ આકાશમાના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂ રાજ્ય આવો; જેમ આકાશમા તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમા ન લાવ, પણ ભુંડાથી અમારો છૂટકો કર. આમેન.

સેવક. ઓ પ્રભુ. તારા દાસનુ તારણ કર;

ઉત્તર. જે તારા ઉપર ભરોસો રાખે છે.

સેવક. તારા પવિત્રસ્થાનમાંથી તું એની સહાય કર;

ઉત્તર. અને તારા મહા સામર્થ્ય વડે સદાકાળ સુધી એનું રક્ષણ કર.

સેવક. એના ઉપર શત્રુને ફાવી જવા ન દે;

ઉત્તર. અને એનો ઉપદ્રવ કરવા સારૂ, દુષ્ટને એની પાસે આવવા ન દે.

સેવક. હે પ્રભુ, એને માટે એક સમર્થ ગઢ થા,

ઉત્તર. એના વૈરીની સામે.

સેવક. પ્રભુ અમારી પ્રાર્થનાઓ સાંભળ.

ઉત્તર. અને અમારો સાદ તારી પાસે પહોંચવા દે.

સેવક.

હે પ્રભુ, આકાશમાંથી આ તારા દાસને જો, અને એની પાસે આવીને એનુ દુઃખ મટાડ તારી દયાની નજરથી એને જો, એને દિલાસો તથા તારા પર દૃઢ ભરોસો કરવાનું આપ વૈરીના ભયથી એની રક્ષા કર, અને એને નિરંતર શાંતિ તથા નિર્ભય-પણામાં રાખ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ આમેન

હે સર્વશક્તિમાન તથા પરમદયાળુ દેવ અને ત્રાતા, અમારૂં સાંભળ; આ તારો દાસ જે માંદગીથી પીડાય છે, તેના ઉપર તારી સદાની દયા ઉતાર. અમે તારી વિનંતી કરીએ છીએ, કે તેં પિતા પ્રમાણે જે શિક્ષા એને કીધી છે, તે એના પવિત્રીકરણનું સાધન થઇ જાય; કે તે પોતાની દુર્બળતાથી જાણીતો થાય, ને તેના વિશ્વાસને બળ મળે, અને તેના પસ્તાવાની ગંભિરતા અધિક મોટી થાય; કે જો તારી શુભેચ્છા એને આગળ પ્રમાણેની સુખાકારી આપવાની હોય, તો એ પોતાનું બાકીનું જીવન તારી બીકમાં અને તારા મહિમાને માટે વાપરે; પણ જો તારી ઇચ્છા

એવી ન હોય, તો એને એવી કૃપા આપ, કે એ તારી આ શિક્ષાને એવી રીતે માન્ય કરે, કે આ દુઃખિત જીવન પૂરૂં થયા પછી, એ તારી સાથે અનન્ત જીવનમાં વાસો કરે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન

¶ पछी सेवक, मादा माणसने नीचेनो अथवा एना जेवोज बीजो बोध करवो

અતિ પ્રિય, એ જાણ કે, જીવન તથા મરણ, અને તે સબંધી જે કંઇ હોય, એટલે યુવાવસ્થા, બળ, સુખાકારી, વૃદ્ધાવસ્થા, દુર્બળતા, અને રોગ, એ સર્વસમર્થ દેવના હાથથી આવે છે. માટે તારા ઉપર જે કાંઇ દુઃખ હોય, તે દેવ તરફથી છે, એવું તારે નક્કી સમજવું અને આ માંદગી મોકલવાનું કારણ જે કંઇ હોય; કાંતો તારી ધીરજ પારખવાથી તું બીજાઓને માટે નમુનારૂપ થાય, અને ગૌરવ તથા અનંત સુખની વૃદ્ધિને સારૂ, તારો વિશ્વાસ સ્તુતિપાત્ર, મહિમાવાન, તથા માનપાત્ર પ્રભુને દિવસે દેખાય; અથવા તો તારા આકાશી પિતાની દૃષ્ટિમાં જે કંઇ તારામાં અણગમતું હોય, તે સુધારવાને માટે; એ નક્કી જાણ કે, જો તું તારા પાપનો ખરો પસ્તાવો કરે, અને દેવના વહાલા દીકરા ઇસુ ખ્રીસ્ત વડે તેની જે દયા છે, તેના ઉપર ભરોસો રાખીને આ માંદગી ધીરજથી સહે, તથા તેની ઇચ્છાને સંપૂર્ણતાથી આધીન થઇને, તેણે પિતા પ્રમાણે કરેલી શિક્ષા માટે નમ્રતાથી તેની ઉપકારસ્તુતિ કરે, તો આ દુઃખ તને હિતકારક થશે, અને ખરો માર્ગ જે અનંત જીવનમાં પહોંચાડે છે, તે પર ચાલવાને તેથી તને સહાય મળશે.

¶ जे माणसनी पाळक भेट करे छे, ते जो भारे दु:खमा होय, तो पाळक आ उपदेश अही बंध राखे, नहि तो आगळ चाले.

પ્રભુની આ શિક્ષાને સંતોષ સહિત માન્ય કર, કારણ કે પાઉલ પ્રેરિતે હેબ્રીઓના બારમા અધ્યાયમાં કહેલું છે, તે પ્રમાણે, જે પર પ્રભુ પ્રીતિ કરે છે, તેને તે શિક્ષા કરે છે, ને જે હરેક પુત્રનો તે અંગીકાર કરે છે, તેને તે કોરડા મારે છે. જો તમે શિક્ષા સહો છો, તો દેવ જેમ પુત્રની સાથે તેમ તમારી સાથે વર્તે છે, કેમકે જેને બાપ શિક્ષા કરતો નથી, એવો કયો દીકરો છે? પણ જે શિક્ષાના ભાગિયા સઘળા છે, તે શિક્ષા વગર જો તમે છો, તો તમે લેંડીજાયા છો, દીકરા તો નહિ વળી આપણી દેહના બાપ આપણને શિક્ષા કરનારા હતા, ને આપણે તેઓનું માન રાખ્યું, તો વિશેષે કરીને એ કરતાં એમ ન થાય કે, આપણા આત્માઓના બાપને આધીન થઇને જીવીએ? કેમકે, તેઓએ તો થોડાક દહાડા સુધી પોતાને જે સારૂં લાગ્યું તે પ્રમાણે શિક્ષા દીધી ખરી, પણ એણે તો આપણા નફાને સારૂ, એ માટે કે આપણે તેના પવિત્રપણાના ભાગિયા થઇએ. આ વચનો, પ્રિય ભાઇ, આપણા દિલાસા તથા શિક્ષણને માટે પવિત્ર શાસ્ત્રમાં લખેલાં છે, કે જ્યારે કદી કોઇ પણ આપદા વડે, આપણને શિક્ષા કરવાની, આપણા આકાશી પિતાની કૃપાયુક્ત ઇચ્છાને સારૂ લાગે, ત્યારે તે શિક્ષા, આપણે સહનશીળતાથી તથા ઉપકારસ્તુતિથી સહેવી. અને ખ્રીસ્તી માણસો માટે, એ કરતાં બીજી કોઇ મોટા દિલાસાની વાત નથી, કે વિપત્તિ, કષ્ટ, અને રોગને ધીરજની સાથે સહેવાથી, ખ્રીસ્તના જેવા થઇ જાય. કેમકે તે પણ, જ્યા સુધી તેણે દુઃખ ન ભોગવ્યું, ત્યાં સુધી આનંદની જગ્યામા ચઢી ગયો નહિ; અને જ્યાં સુધી તે ક્રુસ પર ચઢયો નહિ, ત્યાં સુધી તેણે પોતાના મહિમામાં પ્રવેશ કીધો નહિ એજ રીતે અનંત આનંદમાં પહોંચવાનો નિશ્ચે એજ ઉપાય છે, કે આપણે અહીંઆં ખ્રીસ્તની સાથે દુઃખ સહીએ; અને આપણા અનંત જીવનમાં પ્રવેશ કરવાનો દરવાજો એજ છે, કે આપણે આનંદ સહિત ખ્રીસ્તની સાથે મરીએ, કે જેથી મરણમાંથી જીવી ઉઠીએ, અને તેની સાથે અનંત જીવનમાં રહીએ. માટે

દેવના નામમાં હુ તને સૂચના કરૂં છું કે, તારૂં દુઃખ જે તારે માટે એ રીતે લાભકારક છે, તેને ધીરજની સાથે સહીને, તારા બાપ્તિસ્માની વખતે દેવની આગળ જે વચન તેં બાધ્યુ હતુ તેનું સ્મરણ કર. અને જ્યારે આ જીવન પછી, તે ન્યાયી ન્યાયાધીશ, જે સહુને ન્યાય પક્ષપાત વગર કરવાનો છે, તેની આગળ લેખું આપવું પડશે; એ માટે હું તને આજ્ઞા કરૂં છું કે, દેવ તથા માણસના સબંધમાં તારી હાલત કેવી છે, તે વિષે તું પોતાને પારખ, કે તું પોતાને અપરાધી તથા દોષીત ઠરાવીને, ખ્રીસ્ત વડે આપણા આકાશી પિતાની પાસે દયા પામે, અને તે ભયંકર ન્યાયને વખતે તું અપરાધી તથા દોષિત ન ઠરે. માટે હુ તને ખ્રીસ્તી ધર્મનું વિશ્વાસનામું સંભળાવું છું, કે જેથી ખ્રીસ્તી માણસનો જેવો વિશ્વાસ હોવો જોઇએ, તેવોજ તારો વિશ્વાસ છે કે નહિ, તે જણાઇ આવે.

¶ अही सेवक विश्वासनामु, एम बोलीने संभळावे,

સર્વશક્તિમાન દેવ જે પિતા, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર, તે પર શું તું વિશ્વાસ કરે છે?

અને ઇસુ ખ્રીસ્ત તેનો એકાકીજનિત પુત્ર આપણો પ્રભુ, તે પર શું તું વિશ્વાસ કરે છે? તે પવિત્ર આત્માના પરાક્રમથી ગર્ભસ્થાનમા રહી, કુંવારી મરીયમથી જનમ્યો, તેણે પંતિયસ પિલાતના અધિકાર તળે દુઃખ વેઠયું, તે કુસ પર જડાયો, મરણ પામ્યો, ને દટાયો, તે અદૃશ્ય લોકમાં ઉતરી ગયો; તે ત્રીજે દહાડે મુએલાંમાંથી જીવી ઉઠયો, તે આકાશમા ચઢી ગયો, ને સર્વશક્તિમાન દેવ પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી તે જીવતાંનો તથા મુએલાંનો ન્યાય કરવા સારૂ આવવાનો છે.

અને પવિત્ર આત્મા; પવિત્ર કાથોલીક કલીસીઆ; પવિત્રોની સંગત; પાપની માફી; શરીરનું પુનરૂત્થાન, અને સર્વકાળનું જીવન; શું તું એ વાતો પર વિશ્વાસ કરે છે?

¶ मादो माणस कहे,

હુ એ બધી વાતો પર દૃઢ વિશ્વાસ કરૂં છું.

¶ पछी सेवक परीक्षा करे, के ते पोताना पापोनो खरो पस्तावो करे छे के नहि, तथा बधा उपर प्रीति राखे छे के नहि, अने तेने शिखामण आपे के, जेओए तेनो वांक कीधो होय, ते बधाने अंतःकरणथी क्षमा करे, अने जो तेणे कोईनो वांक कीधो होय, तो तेमनी पासे क्षमा मागे, अने जो तेणे कोईने हानी अथवा अन्याय कीधो होय, तो पोतानी पुरी शक्ति प्रमाणे ते भरी आपे अने पोतानी मालमतानी व्यवस्था हजी सुधी न कीधी होय, तो तेनो वहिवट करनाराओने अडचण न पडे अने तेनु मन वधारे शांत थाय माटे, ते पोतानु मृत्युपत्र करावे, अने पोतानु लेणदेण बतावे, एवी शिखामण सेवके आपवी वळी लोको ज्यारे निरोगी होय, त्यारे पोतानी मालमतानी व्यवस्था करवानी सूचना तेमने वारवार करवी जोईए

¶ जो सेवकने व्याजवी लागे, तो उपरनी वातो प्रार्थना शरु करवा पहेला कही शके छे

¶ जे मांदा माणसोमा शक्ति होय, तेओने आतुरताथी उत्तेजन देवु के कंगालोने उदारताथी आपे

¶ मांदानु मन कोई भारे वातने लीधे अशांत होय, तो तेणे पोताना पापोनी खास कबुलात करवा माटे, तेने उत्तेजन आपवु. अने कबुलात कीधा पछी, जो ते नम्रताथी तथा मनथी इच्छे तो प्रीस्ट तेनु पापमोचन आ प्रमाणे करे.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે, જે કોઇ પાપી પોતાના પાપોનો ખરો પશ્ચાત્તાપ કરીને તેના ઉપર વિશ્વાસ રાખે છે, તેમનાં પાપમોચન કરવાનો અધિકાર પોતાની કલીસીઆને આપ્યો છે; તે પોતાની મોટી દયાથી તારાં પાપોની માફી કરે; અને તેણે પોતાનો જે અધિકાર મને સોંપ્યો છે, તે વડે હું તને તારાં સર્વે પાપોથી મુક્ત કરૂં છું, પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમાં આમેન.

¶ પછી પ્રીસ્ટ આ નીચેની સારપ્રાર્થના વાંચે.

આપણે પ્રાર્થના કરીએ.

હે પરમદયાળુ દેવ, જેઓ ખરી રીતે પસ્તાવો કરે છે, તેમનાં પાપો તું તારી ઘણી દયાથી એવી રીતે મટાડી દે છે, કે તેમનું સ્મરણ તું ફરી કદી કરતો નથી; આ તારો સેવક જે અંતઃકરણથી ક્ષમા તથા માફી ઇચ્છે છે, તેના ઉપર તારી દયાળુ આંખ ઉઘાડ. હે અતિ પ્રીતિવાન પિતા, શેતાનના કપટ તથા દ્વેષથી, અથવા એની પોતાની દૈહિક ઇચ્છા કે દુર્બળતાને લીધે, એમાં જે કાંઇ બગડેલું હોય, તેને સુધાર; આ પીડિત અવયવને તારી કલીસીઆની ઐક્યતામાં સ્થિર રાખ; તારી દૃષ્ટિમાં એને હિતકારક થાય, તેવી રીતે તેના ભાંગેલા મનને જો, તેનાં આંસુઓને માન્ય કર, તેની વેદનાને ઘટાડ અને એ પોતાનો સંપૂર્ણ ભરોસો માત્ર તારી દયા ઉપરજ રાખે છે, માટે તેનાં આગલાં પાપોનું લેખું ન લે, પણ તારા ધન્ય આત્માથી તેને શક્તિ આપ; અને જ્યારે એને અહીંથી લેવાની તારી ઇચ્છા થાય, ત્યારે એને તારી કૃપામાં લે, તારો અતિ વહાલો દીકરો, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુણ્યને પ્રતાપે માગીએ છીએ. આમેન.

¶ પછી સેવક આ સ્તોત્ર બોલે

સ્તોત્ર ૭૧.

હે યહોવાહ, હુ તારા પર ભરોસો રાખુ છું, હું કદી ન લજવાઉં

તારા ન્યાયીપણાએ મને છોડાવ તથા બચાવ; મારી ગમ વળીને કાન ધર, ને મારૂં તારણ કર.

તું મારા રહેવાને માટે ગઢ થા, કે જેમાં હુ નિત્ય જઇ શકું; તેં મને તારવાને આજ્ઞા આપી છે, કેમકે તું મારો ખડક તથા કિલ્લો છે

હે મારા દેવ, દુષ્ટના હાથમાંથી, અન્યાયી તથા ક્રૂર માણસના હાથમાંથી મને બચાવ.

કેમકે, હે પ્રભુ યહોવાહ, તું મારી આશા છે; મારી જુવાનીથી મારો ભરોસો તું છે.

હુ ગર્ભસ્થાનમાં હતો, ત્યારથી તે મને નિભાવી રાખ્યો છે; મારી માના ઉદરથી મને કાઢનાર તુંજ છે; હું નિત્ય તારી સ્તુતિ કરીશ.

હું ઘણાઓને અજાયબ જેવો દેખાઉં છું; પણ તું મારો મજબૂત આસરો છે.

તારા સ્તવનથી મારૂં મુખ ભરપૂર થશે, ને આખો દિવસ તારા ગૌરવની વાતથી ભરપૂર થશે.

વૃદ્ધાવસ્થાને સમયે મને મૂકી ન દે, મારી શક્તિ ખુટે ત્યારે મને ન ત્યાગ.

કેમકે મારા શત્રુઓ મારી ચરચા કરે છે; ને મારો પ્રાણ લેવાને જેઓ તાકે છે તેઓ માહોમાહે મસલત કરે છે.

તેઓ કહે છે, ઇશ્વરે તેને તજી દીધો છે; પાછળ દોડીને તેને પકડી પાડો, કેમકે છોડાવનાર કોઇ નથી.

હે ઇશ્વર, મારાથી દૂર ન થા; હે મારા દેવ, મને સહાય આપવા ઉતાવળ કર

મારા આત્માના વેરીઓ લજવાય તથા નાશ પામે; મારો ઉપદ્રવ શોધનારા નિંદા તથા અપમાનથી ઢકાઇ જાય.

પણ હુ નિત્ય આશા રાખીશ, ને તારૂં સ્તવન અધિકાધિક કરીશ.

મારૂં મુખ આખો દિવસ તારા ન્યાયીપણા વિષે તથા તારા તારણ વિષેની વાતો પ્રગટ કરશે; કેમકે હું તેઓની સંખ્યા જાણતો નથી

હું પ્રભુ યહોવાહનાં પરાક્રમી કામો સહિત આવીશ; હું તારા, કેવળ તારાજ, ન્યાયી-પણાનું વર્ણન કરીશ.

હે દેવ, મારી જુવાનીથી તેં મને શિખવ્યો છે; ને અત્યાર સુધી હું તારા ચમત્કારો પ્રગટ કરતો આવ્યો છું.

હે દેવ, હું ઘરડો ને પળિયાંવાળો થાઉં ત્યારે પણ મને મૂકી ન દઇશ; હું આવતી પેઢીને તારૂં બળ જણાવું, ને સર્વે આવના-રાઓને તારૂં પરાક્રમ પ્રગટ કરૂં, ત્યાં સુધી મારો ત્યાગ ન કરીશ.

હે દેવ, તારૂં ન્યાયીપણું પણ બહુ ઉમદા છે; હે ઇશ્વર, તેં મોટાં કામો કીધાં છે, તારા સરખો કોણ છે?

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ अने आ पण.

હે જગતના તારનાર, તેં તારા કુસ તથા મૂલ્યવાન લોહી વડે અમોને ખંડી લીધાં છે, ઓ પ્રભુ, અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, તું અમને તાર, તથા અમારી સહાય કર.

¶ पछी सेवक कहे,

સર્વશક્તિમાન પ્રભુ, કે જે તેના પર ભરોસો કરે છે તે બધાંનો સમર્થ ગઢ છે, અને જેની આગળ આકાશમાંની, પૃથ્વીમાંની, અને પૃથ્વીની નીચેની બધી વસ્તુઓ નમે છે તથા આજ્ઞાધીન થાય છે, તે હમણાથી સદાકાળ સુધી તારો આશ્રય થાઓ; અને તને એવું જ્ઞાન તથા અનુભવ આપો, કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામ વિના, આકાશ તળે માણસો મધ્યે બીજું કોઇ નામ આપેલું નથી, કે જેમાં અને જે વડે તને આરોગ્યતા તથા તારણ મળે.

¶ त्यार पछी आ कहे,

કૃપાળુ દેવની દયામાં તથા રક્ષા તળે અમે તને સોંપીએ છીએ. પ્રભુ તને આશીર્વાદ આપો, ને તારૂં રક્ષણ કરો. પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો. પ્રભુ પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ આપો; હમણાં અને સદાકાળ સુધી. આમેન.

માંદા બાળકને માટે પ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, અને દયાળુ બાપ, જીવન તથા મરણ એ કેવળ તારાજ હાથમાં છે; આ બાળક જે હમણાં માંદગીની પથારી પર પડેલું છે, તેના ઉપર આકાશથી દયાની નજર કરીને જો, એવી અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ; ઓ પ્રભુ, એની ભેટ લઇને એને તાર; તારા ઠરાવેલા યોગ્ય સમયે એના શરીરની પિડાથી એને છુટું કર, અને તારી દયાથી એના આત્માનું તારણ કર; કે જો આ પૃથ્વી પર એનું આયુષ્ય વધારવાની તારી ઇચ્છા હોય, તો એ તારી સેવા વિશ્વાસુપણે કરીને, અને પોતાની પેઢીના લોકને લાભ પહોંચાડીને, પોતાનુ જીવન તારે માટે કાઢે, તથા તારા મહિમાનું સાધન થાય; અને એમ ન થાય, તો, જે આકાશી રહેઠાણોમાં જેઓના આત્મા પ્રભુ ઇસુમાં સુઇ ગયા છે, તેઓ નિરંતર વિશ્રાંતી તથા સુખ ભોગવે છે, તેમાં એને લે. ઓ પ્રભુ, તારો પુત્ર અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે સદા એકજ દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ કરે છે, તેમાં તારી જે દયા છે, તેને લીધે તું એવું કર. આમેન

માંદા માણસને જો સારા થવાની આશા થોડી હોય, તો તેને માટે પ્રાર્થના.

હે દયાસાગર પિતાજી, અને બધા દિલાસાના દેવ, અમારી અગત્યની વખતે કેવળ તુંજ એકલો સહાયક છે; આ તારો દાસ શરીરની અતિષય દુર્બળતામાં તારા હાથ તળે પડેલો છે, તેની સહાયને સારૂ અમે તારી પાસે દોડી આવીએ છીએ. હે પ્રભુ, એના ઉપર કૃપાદૃષ્ટિ કર; અને જેમ જેમ એનું શરીર અધિકાધિક ક્ષીણ થતું જાય છે, તેમ તેમ એના માંહેના માણસપણાને, તારી કૃપા તથા પવિત્ર આત્મા વડે, સદા બળવાન કરતો જા એના પાછલા જીવનમાં જે કંઇ ભૂલો એણે કીધી હોય, તેમને માટે એને ખરો પસ્તાવો, તથા તારા પુત્ર ઇસુ ઉપર દૃઢ વિશ્વાસ કરવાનું આપ; કે એ અહીંથી નીકળીને ફરીથી અહીં જોવામાં ન આવે, તે પહેલાં એનાં પાપોની માફી થાય, અને

એના પાપમોચનની મુદ્રા સ્વર્ગમાં કરવામાં આવે. ઓ પ્રભુ, અમે જાણીએ છીએ કે, તને કોઇ વાત અશક્ય નથી; અને જો તું ઇચ્છે, તો હમણા પણ એને ઉઠાડીને ઉભો કરી શકે છે, તથા અમારી સાથે વધારે વખત રહેવા દેવાને તું સમર્થ છે; તો પણ, જ્યારે એવું જણાય છે કે, તેના મરણનો સમય પાસે આવ્યો છે, માટે અમે વિનંતી કરીએ છીએ કે, એને મરણની ઘડી સુધી એવી રીતે સિદ્ધ કર, કે જ્યારે તે અહીંથી શાતિ તથા તારી પ્રસન્નતામાં નીકળી જાય, ત્યારે એનો આત્મા તારા સનાતન રાજ્યમાં લેવામાં આવે, ઇસુ ખ્રીસ્ત, તારો એકલો દીકરો જે અમારો પ્રભુ તથા તારનાર છે, તેના પુણ્ય તથા મધ્યસ્થીને લીધે માગીએ છીએ. આમેન.

જો માંદો મરણની અણી ઉપર હોય, તો તેને દેવના શરણમાં મુકવાની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ, સપૂર્ણ થએલા ન્યાયીઓના આત્માઓ જ્યારે આ પૃથ્વીના બંદીગૃહોમાંથી છુટી જાય છે, ત્યારે તારી પાસે જીવતા રહે છે; તું વિશ્વાસુ ઉત્પન્નકર્તા, તથા પરમ દયાળુ તારનાર છે, એવું માનીને અમે અમારો પ્રિય ભાઇ જે તારો દાસ છે તેનો આત્મા તારા શરણમાં નમ્રતાથી મૂકીએ છીએ, તથા અમે ઘણી નમ્રતા સાથે તારી વિનંતી કરીએ છીએ કે, એ તારી નજરમાં મૂલ્યવાન થાય. જગતનું પાપ હરણ કરવાને જે નિષ્કલક હલવાન મારી નાખવામાં આવ્યું, તેના લોહીથી એને ધો, એવી અમે તારી પ્રાર્થના કરીએ છીએ; કે આ દુ:ખમય તથા પાપી જગતમાં, દૈહિક વાસના અથવા શેતાનની કુયુક્તિઓ વડે, જે કાંઇ મલિનતા એને લાગેલી હોય, તે ધોવાઇને સમૂળગી જતી રહે, અને એ તારી આગળ શુદ્ધ તથા નિષ્કલંક કરાઇને, ઉભો કરવામાં આવે. અને અમે જે હજી સુધી જીવતાં છીએ, તેઓને આ તથા એના જેવા પ્રતિદિવસના મરણના પ્રસંગ જોઇને, અમારી સ્થિતિ કેવી અસ્થિર તથા અનિશ્ચિત છે, તે જાણવાનું, તથા અમે અહિયાં જીવીએ ત્યાં સુધી અમને પોતાના દિવસ ગણવાનું, અને પવિત્ર તથા આકાશી જ્ઞાન, જે અમને છેવટે અનંતજીવન સુધી પહોંચાડનારૂં છે, તેના તરફ ગંભીરતાથી અમારૂં મન લગાડવાનું અમને શિખવ; ઇસુ ખ્રીસ્ત તારો એકનોએક પુત્ર જે અમારો પ્રભુ છે, તેના પુણ્યને પ્રતાપે માગીએ છીએ. આમેન.

જે લોકોનું મન અથવા અંતઃકરણ અસ્વસ્થ હોય, તેમને માટે પ્રાર્થના.

હે ધન્ય પ્રભુ, કરૂણાના બાપ, તથા બધા દિલાસાના દેવ; અમે તારી વિનંતી કરીએ છીએ કે, તું તારા આ દુ:ખી દાસ પર દયા તથા કરૂણાથી જો. તું એની વિરૂદ્ધ કડવી વાતો લખે છે, તથા એનાં પાછલાં પાપોનો ભાર એના ઉપર રહેવા દે છે; તારો કોપ એના ઉપર ભારે છે, તથા એનો આત્મા દુ:ખથી ભરેલો છે; પણ હે દયાળુ દેવ, તેં તારૂં પવિત્ર વચન અમારા શિક્ષણ માટે લખ્યુ છે, કે તારા પવિત્ર શાસ્ત્રમાંની ધીરજ તથા દિલાસા વડે, અમે આશાવાન થઇએ; એ તારા ઉપરનો વિશ્વાસ મુકી ન દે, તથા તારા વિના એ બીજા કોઇ ઉપર ભરોસો ન રાખે, માટે તું પોતા વિષે, તથા તારી આપેલી દંડ સૂચના અને વચનો વિષે એને યથાર્થ સમજણ આપ. એનાં સર્વ પરિક્ષણોની સામે ટકી રહેવાને એને બળ આપ, અને એના બધા વિકારો સારા કર. તું છુંદેલું બરૂ ભાંગીશ નહિ, અને ધુમાતું સણ હોલવીશ નહિ. તું કોપાયમાન થઇને તારી કોમળ દયા બંધ કરીશ નહિ; પરંતુ તેને હરખ તથા આનંદ સંભળાવ, કે જે હાડકાંને તેં ભાંગ્યાં છે, તેઓ ઉત્સાહ કરે. શત્રુના ભયથી એનું રક્ષણ કર, અને તારા મુખનો પ્રકાશ એના પર પાડ, તથા એને શાંતિ આપ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના પુન્ય તથા મધ્યસ્થીને લીધે માગીએ છીએ. આમેન.

માંદાઓની સંગત.

¶ बधां मृत्य माणसने, एकाएक घणा भय, रोग, तथा व्याधिओ लागवानो संभव छे, अने आ जीवनमांथी ते क्यारे जशे, ते सर्वदा अनिश्चित छे; माटे ज्यारे सर्वसमर्थ देवनी इच्छा तेने बोलाववानी थाय, त्यारे तेओ मरणने माटे सदा सिद्ध रहे, ते माटे देवळमा प्रभुभोजन पाळवामां आवे छे ते वेळा, आपणा तारनार ख्रीस्तना शरीर तथा लोहीनी संगत वारंवार लेवा विषे, पाळके वखतोवखत, (पण विशेष करीने, मरकी अथवा बीजा कोई चेपी रोगने समये), पोतानी मंडळीना लोकने तत्परताथी बोध करवो, कारण के अचानक रोग लागवाथी तेमने प्रभुभोजन न मळे, तो तेमनु मन अस्वस्थ थवानुं कारण ओकुं थाय. तो पण, जो रोगीने देवळमां आववानी शक्ति न होय, पण पोताने घेर संगत लेवानी इच्छा होय, तो तेनी सूचना वेळासर पाळकने आपवी, अने पोता साथे बीजा केटला लेनारा छे, ते पण जणाववुं. लेनारा त्रण अथवा ओछामा ओछा बे होवा जोईए. अने मांदाना घरमा सारी जग्या ठरावीने, सेवाने माटे जे वस्तुओ जोईए, ते बधी एवी रीते गोठवे के, पाळक मानपूर्वक सेवा करी शके, त्यारे ते पवित्र संगत, त्या पळावे; अने नीचे लखेली सारप्रार्थना, पत्र, तथा सुवार्ताथी आरंभ करे

સારપ્રાર્થના

હે સર્વશક્તિમાન તથા સદા જીવતા દેવ, માનવજાતના કર્તા, તું જેના ઉપર પ્રીતિ કરે છે, તેનું શાસન પણ તું કરે છે, અને જેમનો તું અંગીકાર કરે છે, તે બધાંને તું શિક્ષા કરે છે; અમે તારી વિનંતી કરીએ છીએ કે, આ તારા પિડાએલા દાસ પર દયા કર, અને એવું કર કે, એ ધીરજથી પોતાનું દુઃખ સહન કરે, તથા (જો તારી કૃપાળુ ઇચ્છા હોય તો), ફરીથી પોતાના શરીરનું સાજાપણું મેળવે; અને જ્યારે એનો આત્મા એના શરીરથી નીકળી જાય, ત્યારે તે તારી આગળ નિષ્કલંક થઇને હાજર કરાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. હેબ્રી. ૧૨; ૫.

ઓ મારા પુત્ર, તું પ્રભુની શિક્ષા હલકી ન ગણ, ને તેનાથી ધમકી પામીને નિર્ગત ન થા. કેમકે જે પર પ્રભુ પ્રીતિ કરે છે, તેને તે શિક્ષા કરે છે, ને જે હરેક પુત્રનો તે અંગિકાર કરે છે, તેને તે કોરડા મારે છે.

સુવાર્તા. પ. યોહાન ૫; ૨૪.

હું તમને ખચિત ખચિત કહું છું કે, જે મારાં વચન સાંભળે છે, ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; ને તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે.

¶ पछी प्रीस्ट, प्रभुभोजननी पद्धतिमांथी ज्यां आ शब्दो (**તમે જેઓ અંતઃકરણથી પોતાનાં પાપોનો, ઇત્યા.**) आवे छे, त्यांथी आरंभ करे.

¶ पवित्र साक्रमेन्ट वहेचवानी वेळा, प्रीस्ट ते संगत पोते प्रथम ले, पछी मांदानी साथे जे लेनारा ठरावेला होय, तेमने आपे, अने सौथी छेल्ले मांदा माणसने आपे.

¶ परंतु कोई रोगनी अधिकताना कारणथी, अथवा जो तेणे पाळकने वेळासर सूचना न आपी होय ते कारणथी, अथवा पोता साथे लेनारा बीजा न मळवाना कारणथी, अथवा तो कोई पण बीजी योग्य अडचणने लीधे, ख्रीस्तना शरीर तथा लोहीनो साक्रमेन्ट मळी न शक्यो होय, तो पाळके तेने बोध करवो, के जो तु पोतानां पापोनो खरो पश्चात्ताप करीने, एवो दृढ विश्वास करे छे के, इसु ख्रीस्त तारे माटे क्रुस पर मरी गयो अने तारी खंडणीने माटे तेणे पोतानु लोही वहेवडाव्यु; अने ते खंडणी वडे मेळवेला लाभोनु मनथी स्मरण करीने तेमने माटे अंतःकरणथी ख्रीस्तनो उपकार

माने, तो जो के ते तारा मुखथी साक्रमेन्ट लीधो नथी, तो पण तारा आत्माना लाभ अने सुखने माटे, आपणा तारनार ख्रीस्तनुं शरीर तुं खाय छे, तथा तेनु लोही पीए छे.

¶ मादानी भेट लेवानी पद्धति वापरवामां आवे अने मादो पवित्र सगत ते वखते ले, त्यारे वधारे उतावळथी ए काम करवा माटे **હે યહોવાહ, હું તારા આશ્રા પર ભરોસો રાખું છું, ઇત્યા.** ए स्तोत्र बोल्या पछी प्रीस्टे भेट लेवानी पद्धति समाप्त करीने, लागलीज प्रभुभोजननी पद्धति चलाववी.

¶ मरकी अने बीजा चेपी रोग अने पीडापातना वखते, पोताने रोग लागवानी बीकथी, पडोसी अथवा मडळीना कोई माणस मादा साथे संगत लेवा माटे तेने घेर न जाय ने मादो माणस विषेश विनंती करे, तो सेवक एकलोज तेनी साथे ते पाळे, तो चालशे

મરેલાંને દાટવાની પદ્ધતિ.

¶ ધ્યાનમાં રાખવુ કે, જેમનુ બાપ્તિસ્મા ન થયુ હોય તેવા, મંડળી બહાર કરેલાં, તથા આપઘાત કરનારાંઓ માટે આ પદ્ધતિ વચાય નહિ.

¶ પ્રીસ્ટ તથા સહાયકારીઓ દેવળના ઝાંપા પાસે શબને મળે, અને દેવળમા, અથવા કબર તરફ તેની આગળ ચાલતા ચાલતા આ બોલે અથવા ગાય.

પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે, તે જો કે મરી જાય તો પણ જીવતો થશે. અને જે કોઇ જીવતાં મારા પર વિશ્વાસ કરે છે, તે કદી નહિજ મરશે. યોહાન ૧૧; ૨૫, ૨૬.

હુ જાણું છું કે મારો ખડી લેનાર જીવે છે, ને તે આખરે પૃથ્વી પર ઉભો રહેશે, ને મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ વગર શરીરે હું દેવને જોઇશ; તેને હુ પોતાની મેળે જોઇશ, ને મારી આંખો જોશે, ને બીજાની નહિ. અયૂબ ૧૯; ૨૫, ૨૬, ૨૭.

આપણે આ જગતમાં કંઇ લાવ્યા નથી, અને તેમાંથી કંઇ લઇ જવાતું નથી. યહોવાહે દીધું, ને યહોવાહે લઇ લીધું છે; યહોવાહના નામને ધન્ય હો. ૧ તીમોથી ૬; ૭. અયૂબ ૧; ૨૧.

¶ જ્યારે તેઓ દેવળમા આવે, ત્યારે આ નીચેના બન્ને અથવા બેમાંનુ એક સ્તોત્ર વચાય.

સ્તોત્ર ૩૯.

મેં કહ્યું, હું મારા માર્ગોને સંભાળીશ, કે હું મારી જીભે પાપ ન કરૂં; દુષ્ટો મારી આગળ હોય, ત્યારે હું મારૂં મુખ લગામથી કબજે રાખીશ.

હું મુગો થઇને છાનો રહ્યો, સારૂં બોલવાથી પણ હું છાનો રહ્યો; ને મારો શોક વધી ગયો

મારૂં હૃદય મારામાં તપ્ત થયું; હું વિચારમાં હતો ત્યારે આગ ઉઠી; ને હું મારી જીભે બોલ્યો,

હે યહોવાહ, મારો અંત તથા મારા આયુષ્યનું માપ તે કેટલું છે, એ મને જણાવ; હું કેવો ક્ષણભંગુર છું તે મને શિખવ

જો, તેં મારા દિવસ ચાર આંગળ જેટલા કીધા છે, ને મારૂ આયુષ્ય તારી આગળ શૂન્ય જેવું છે; નિશ્ચે દરેક માણસ પોતાની શ્રેષ્ઠ હાલતમાં છતા તદન વ્યર્થપણુ છે.

નિશ્ચે પ્રત્યેક માણસ આભાસરૂપે ચાલે છે, નિશ્ચે તેઓ અમથા ગભરાય છે; તે સંગ્રહ કરે છે, અને તે કોણ ભોગવશે એ તે જાણતો નથી.

અને હવે, પ્રભુ, હું શાની વાટ જોઉ? મારી આશા તારા પર છે.

મારાં સર્વ ઉલ્લંઘનથી મારો છુટકો કર; મૂર્ખોથી મારી મશ્કરી થાય, એવું ન કર

હુ મુગો રહ્યો, મેં મારૂં મુખ ઉઘાડયુ નહિ, કેમકે તેં એ કીધુ

તારો પીડાપાત મારાથી દૂર કર; તારા હાથના ધક્કાથી મારો ક્ષય થાય છે.

તું માણસને તેના અન્યાયને લીધે ઠપકાથી શિક્ષા કરે છે, ત્યારે તું તેની સુંદરતાનો પતગિયાની પેઠે નાશ કરે છે, નિશ્ચે દરેક માણસ વ્યર્થ છે

હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળ, ને મારી હાંકને કાન ધર; મારાં આંસુ જોઇને તું ચુપ ન રહે;

કેમકે હું તારી સાથે પરોણા તરીકે છું, જેમ મારા સર્વ પિતૃઓ હતા, તેમ હું પણ મુસાફર છું.

હું અહીંથી જાઉ ને હતો ન હતો થાઉં, ત્યાર પહેલાં મને દરગુજર કર કે હું બળ પામું.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

સ્તોત્ર ૯૦.

હે પ્રભુ, પેઢી દર પેઢી તું અમારો આશ્રય થયો છે.

પર્વતો ઉત્પન્ન થયા હતા, ને તેં પૃથ્વી તથા જગતને રચ્યાં હતાં, ત્યાર પહેલાં, એટલે અનાદિકાળથી તે અનતકાળ સુધી, તું ઇશ્વર છે.

તું માણુસને ધૂળમાં ફેરવી નાખે છે; ને કહે છે, હે મનુષ્યપુત્રો, પાછા વળો.

કેમકે તારી દૃષ્ટિમાં હજાર વર્ષો વિતી ગએલા કાલના દિવસ જેવાં, ને રાતના એક પહોરના જેવાં છે.

તું તેઓને પૂરની માફક તાણી જાય છે; તેઓ નિદ્રા જેવાં છે; સવારમાં તેઓ ઉગતા ઘાસનાં જેવાં છે.

સવારમાં તે ખિલે છે તથા વધે છે; સાંજે તે કપાય છે તથા ચિમળાય છે.

કેમકે તારા કોપથી અમારો નાશ થાય છે, ને તારા રોષથી અમને ત્રાસ લાગે છે.

તેં અમારા અન્યાય તારી સન્મુખ, અમારાં ગુપ્ત પાપો તારા મુખના પ્રકાશમાં મૂક્યાં છે.

કેમકે અમારા સર્વ દિવસો તારે રોષે વિતી જાય છે; અમે અમારાં વર્ષો નિસાસાની પેઠે પૂરાં કરીએ છીએ.

અમારી વયના દિવસ સિત્તેર વર્ષ છે, અથવા બળના કારણુથી તેઓ એંસી વર્ષ હોય, તો પણ તેઓનો ગર્વ માત્ર શ્રમ તથા વ્યર્થતા છે; કેમકે તે વહેલી થઇ રહે છે, ને અમે ઉડી જઇએ છીએ.

તારા કોપનું બળ, ને તારી જે બીક રાખવી, તે પ્રમાણે તારો રોષ, તે કોણ જાણે છે?

તું અમને અમારા દિવસ એવી રીતે ગણુવાને શિખવ કે અમને જ્ઞાનવાળું હૃદય પ્રાપ્ત થાય.

હે યહોવાહ, પાછો આવ; ક્યાં સુધી? ને તારા સેવકો પર કરૂણા કર.

સવારમાં તારી કૃપાથી અમને તૃપ્ત કર એ માટે કે અમે અમારા સર્વ દિવસ હર્ષનાદ કાઢીને આનંદ કરીએ.

જે દિવસોમાં તેં અમને દુ:ખિત કીધા છે, ને જે વર્ષોમાં અમે ભુંડુ જોયું છે, તે પ્રમાણે અમને આનંદિત કર.

તારા સેવકોને તારાં કૃત્ય, ને તેઓના દીકરાઓ પર તારો મહિમા દેખાય.

અને અમારા પર પ્રભુ અમારા દેવની શોભા થાય, અને તું અમારા હાથનાં કામ અમારે સારૂ સ્થાપિત કર; હા, અમારા હાથનાં કામ તું સ્થાપિત કર.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;
જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

¶ त्यार पछी, पवित्र पाउलना करींथीओना पहेला पत्रना पंदरमा अध्यायमांथी आ वाचन लीधुं छे, ते वचाय.

૧ કરીંથી. ૧૫; ૨૦.

પણ હવે ખ્રીસ્ત મુએલાંઓમાંથી ઉઠયો છે, તે ઉંઘી ગએલાંઓનુ પ્રથમ ફળ થયો છે. કેમકે માણુસથી મરણુ થયું, એ માટે માણુસથી મુએલાંઓનું ઉત્થાન પણ થયુ. કેમકે જેમ આદમમાં સર્વ મરે છે, તેમ ખ્રીસ્તમાં સર્વ સજીવ કરાશે. પણ પ્રત્યેક પોતપોતાને અનુક્રમે, ખ્રીસ્ત પ્રથમ ફળ, ત્યાર પછી તે આવશે. ત્યારે જેઓ ખ્રીસ્તના તેઓ સજીવ કરાશે. જ્યારે તે દેવ બાપને રાજ્ય સોંપી દેશે, જ્યારે તે સઘળું ધણીપણું તથા સઘળો અધિકાર તથા પરાક્રમ તોડશે ત્યારે અંત આવશે. કેમકે તે પોતાના પગ તળે સર્વ શત્રુઓને પાડી નાખે, ત્યાં સુધી તેણે રાજ્ય કરવું જોઇએ. જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે. કેમકે તેણે પોતાના પગ તળે સર્વ વસ્તુઓ આધીન કીધી; પણ જ્યારે તેણે કહ્યું કે, સર્વ આધીન કરાયાં છે, ત્યારે સર્વને સ્વાધીન કરનાર જુદો છે, તે સાફ

દેખાય છે. પણ જ્યારે સર્વ તેને આધીન કરાશે, ત્યારે જેણે સર્વ તેને આધીન કીધાં છે, એને દીકરો પોતે પણ આધીન થશે, એ સારૂ કે દેવ સર્વમાં સર્વ થાય.

નહિ તો જેઓ મુએલાંઓને સારૂ બાપ્તિસ્મા પામ્યા, તેઓ શું કરશે? જો મુએલાં બિલકુલ ઉઠતાં નથી તો મુએલાઓને વાસ્તે તેઓ શા સારૂ બાપ્તિસ્મા પામે છે? અમે પણ ઘડી ઘડી જોખમમાં શા સારૂ પડીએ છીએ? ખ્રીસ્ત ઇસુ આપણા પ્રભુમા તમારા વિષે મારો જે આનંદ તેના નિશ્ચયપણાથી કહુ છુ કે, હુ રોજ રોજ મરૂ છુ. જો એફેસસમા માણસની પેઠે હું શ્વાપદોની સામે લડયો, તો મને શો લાભ છે? જો મુએલા ઉઠતાં નથી તો ખાઇએ તથા પીએ, કેમકે કાલે મરવાના છીએ. ભૂલો મા; દુષ્ટ સોબત સારા આચરણને બગાડે છે; ન્યાયીપણાએ જાગતા થાઓ, ને પાપ ન કરો, કેમકે કેટલાએક દેવ વિષે અજ્ઞાની છે; તમને લજાવવા સારૂ તે હુ કહુ છુ.

પણ કોઇ કહેશે કે મુએલા શી રીતે ઉઠડાય છે? અને કેવાં શરીરથી આવે છે? ઓ નિર્બુદ્ધ, તું જે વાવે છે તે જો મરે નહિ તો જીવાડાય પણ નહિ; ને તું જે વાવે છે તે થવાનું શરીર નથી, પણ કેવળ દાણા વાવે છે, કદાપિ ઘઉં કે બીજા કોઇના. અને દેવ પોતાની ઇચ્છા પ્રમાણે તેને શરીર આપે છે, ને પ્રત્યેક બીને પોતપોતાનું શરીર. સર્વ દેહ એકજ જાતના નથી, પણ માણસોનો દેહ જૂદો, પશુઓનો જૂદો, ને માછલાંઓનો જૂદો, ને પક્ષીઓનો જૂદો છે. અને આકાશી શરીરો તથા પૃથ્વી પરનાં શરીરો છે; પણ આકાશીઓનો મહિમા જૂદો તથા પૃથ્વી પરનાંનો જૂદો. સૂર્યનો મહિમા જૂદો, ને ચન્દ્રનો મહિમા જૂદો, ને તારાઓનો મહિમા જૂદો, કેમકે મહિમાએ તારા તારામાં ફેર છે. અને મુએલાંઓનું પુનરૂત્થાન પણ એવું છે; વિનાશમાં તે વવાય છે, અવિનાશમાં ઉઠડાય છે; અપમાનમાં વવાય છે, મહિમામાં ઉઠડાય છે; અબળપણામાં વવાય છે, પરાક્રમમાં ઉઠડાય છે. પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠડાય છે; જો પ્રાણી શરીર છે, તો આત્મિક શરીર પણ છે અને એમજ લખ્યું છે કે, પહેલો માણસ આદમ જીવતો પ્રાણી થયો, છેલ્લો આદમ જીવાડનાર આત્મા થયો. પણ આત્મિક પહેલું ન હતું, પણ પ્રાણી; ને પછી આત્મિક. પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે, બીજો માણસ આકાશથી પ્રભુ છે. જે ધૂળનો તે જેવો છે તેવા જેઓ ધૂળના તેઓ પણ છે, ને જે આકાશી તે જેવો છે તેવા જેઓ આકાશી તેઓ પણ છે. અને જેમ આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું

હવે ભાઇઓ, હુ એ કહુ છુ કે, માસ તથા રક્ત દેવના રાજ્યનાં વારસ થઇ શકતાં નથી; ને વિનાશપણુ અવિનાશીપણાનો વારસ થતું નથી. જુઓ, હુ તમને મર્મ કહુ છુ; આપણે સહુ ઉંઘીશું નહિ, પણ એક ક્ષણમાં, એક પલકભરમાં, છેલ્લા રણશીંગડાના વાગતામાં સર્વ બદલાઇ જઇશું, કેમકે રણશીંગડુ વાગશે, ને મુએલાં અવિનાશી ઉઠડાશે, ને આપણે બદલાઇશું કેમકે આ વિનાશીને અવિનાશીપણું પહેરવું તથા આ મરનારને અમરપણું પહેરવું પડે છે, અને જ્યારે આ વિનાશી અવિનાશીપણું પહેરશે, ને આ મરનાર અમરપણુ પહેરશે, ત્યારે આ લખેલી વાત પૂરી થશે કે, મરણ જયમાં ગળાઇ ગયુ છે. અરે મરણ, તારો જય કયાં? અરે મરણ, તારો ડંખ કયા? મરણનો ડંખ તો પાપ છે; ને પાપનું સામર્થ્ય નિયમ છે, પણ દેવ જે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે આપણને જય આપે છે, તેની સ્તુતિ થાઓ. એ માટે મારા પ્રિય ભાઇઓ, તમે સ્થિર તથા દૃઢ થાઓ, તથા પ્રભુના કામમાં સદા વધતા જાઓ, કેમકે તમે જાણો છો કે તમારૂ કામ પ્રભુમાં નિષ્ફળ નથી.

¶ ज्यारे तेओ कबर पासे पहोंचे, अने शबने भूमिमां मुकवानी गोठवण करवामां आवे, त्यारे प्रीस्ट आ वाचे, अथवा प्रीस्ट अने सहायकारीओ आ गाय,

માણસ જે સ્ત્રીથી જન્મે છે, તે થોડાકજ દિવસ જીવે છે, અને દુ:ખમાં ફસાઇ રહે છે. તે ફૂલની પેઠે ખીલે છે, પછી કાપી નંખાય છે. તે છાયાની પેઠે જતો રહે છે, ને કદી એક સરખી સ્થિતિમા નથી રહેતો.

આપણે જીવતાજીવત મોતમાં પડેલાં છીએ; હે પ્રભુ, તું જે અમારાં પાપોને લીધે ન્યાયની રીતે અપ્રસન્ન છે, તને મૂકીને અમે કોની સહાય શોધીએ?

તો પણ, હે પરમ પવિત્ર પ્રભુ દેવ, હે પરમ શક્તિમાન પ્રભુ, હે પવિત્ર અને મહાદયાળુ તારનાર, અમને સદાકાળના મોતની તીવ્ર પીડામાં નાખીશ નહિ.

હે પ્રભુ, તું અમારાં મનની ગુપ્ત વાતોને જાણે છે; અમારી પ્રાર્થનાથી તારી દયાના કાન બંધ ન કર; પણ હે પરમ પવિત્ર પ્રભુ, હે પરમ શક્તિવાન દેવ, હે પવિત્ર અને દયાળુ તારનાર, અતિ યોગ્ય સનાતન ન્યાયાધીશ, અમને ઉગારી લે; અને અમારી છેલ્લી ઘડીએ, અમને મોતની કોઇ વેદનાને કારણે તારાથી અળગા થવા ન દે.

¶ पछी पासे उभेलाओमांथी कोई शब पर माटी नाखे, त्यारे प्रीस्ट कहे.

જ્યારે સર્વશક્તિમાન દેવની એવી ઇચ્છા થઇ કે આ આપણો વહાલો ભાઇ, જે હમણાં મરી ગયો છે, તેના આત્માને પોતાની ઘણી દયાથી પોતા પાસે બોલાવી લે, તે માટે આપણે તેની લાસ ભૂમિને સોંપીએ છીએ, માટીને માટી, રાખને રાખ, ધુળને ધુળ; એવી પૂરી અને પાકી આશા પર, કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વડે સર્વકાળિક જીવનને સારૂ પુનરૂત્થાન થશે; અને તે પોતાના સમર્થ કાર્ય પ્રમાણે, કે જે વડે તે બધી વસ્તુઓને પોતાના વશમાં કરી શકે છે, આપણી અધમ દેહને બદલી નાખીને, પોતાની મહિમાવાન દેહના જેવી કરશે.

¶ पछी आ वचाय अथवा गवाय.

આકાશમાંથી એક વાણી એમ કહેતી મેં સાંભળી કે, તું એમ લખ કે, હમણાંથી જે મરનારાઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે; આત્મા કહે છે, હા, એ માટે કે તેઓ પોતાની મહેનતથી વિસામો પામે છે.

¶ पछी प्रीस्ट कहे,

પ્રભુ, અમ પર દયા કર.

ખ્રીસ્ત, અમ પર દયા કર

પ્રભુ, અમ પર દયા કર.

એ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમા તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારાં અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

प्रीस्ट,

હે સર્વશક્તિમાન દેવ, અહીંથી જેઓ પ્રભુમાં નિકળે છે, તેમના આત્મા તારી પાસે જીવતા રહે છે, અને વિશ્વાસીઓના આત્મા, દેહના ભારથી છુટયા પછી, તારી પાસે આનંદ અને હરખમા રહે છે; અમારા આ ભાઇને આ પાપિષ્ટ જગતનાં દુ:ખોમાંથી છોડાવવાનું તને ગમ્યું, માટે અમે અંત:કરણથી તારો ઉપકાર માનીએ છીએ; અને તારી વિનંતી કરીએ છીએ, કે તું દયા કરીને તારી કૃપા વડે તારાં નિવડેલાંઓની સંખ્યા વહેલો પૂરી કરવાને અને તારૂં રાજ વહેલો લાવવાને પ્રસન્ન થા, કે જેઓ તારા પવિત્ર નામના ખરા વિશ્વાસમાં અહીંથી ગયાં છે, તે બધાંની સાથે અમે તારા સનાતન મહિમામાં, દેહ તથા આત્માની સંપૂર્ણતા તથા સુખ પામીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

सारप्रार्थना.

હે દયાળુ દેવ, અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત જે પુનરૂત્થાન તથા જીવન છે, તેના બાપ; જે તેના પર વિશ્વાસ કરે છે, તે જો કે મુઓ હોય, તો પણ જીવતો થશે, અને જે કોઇ જીવતાં તેના પર વિશ્વાસ કરે તો તે સર્વકાળના મોતમાં નહિ પડશે; અને તેણે, પોતાના પવિત્ર પ્રેરિત પાઉલ વડે, આપણને શિખવ્યું છે કે, જેઓ આશા વિનાના છે તેઓની પેઠે, જે લોક ખ્રીસ્તમાં સુઇ ગયા છે તેમને સારૂ આપણે શોક ન કરીએ; ઓ બાપ, અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે, અમને પાપના મરણમાંથી ન્યાયીપણાના જીવનને સારૂ ઉઠાડ, કે જ્યારે અમારે આ જીવનમાંથી ચાલવાનું થાય, ત્યારે તેમાં વિસામો પામીએ, જેવી રીતે અમને આશા છે કે આ અમારો ભાઇ પામ્યો છે; અને છેલ્લે દિવસે, જ્યારે બધાંનું પુનરૂત્થાન થશે ત્યારે તારી દૃષ્ટિમાં અમે માન્ય થઇએ; અને જેઓ તારી પ્રીતિ કરે છે તથા તારી બીક રાખે છે, તે બધાંને તારો વહાલો દીકરો જે આશીર્વાદ એમ કહીને આપશે, કે મારા બાપના આશીર્વાદિત છોકરાં, તમે આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલુ છે તેનો વારસો લો, તે આશીર્વાદ અમે મેળવીએ; ઓ દયાળુ બાપ અમે વિનંતી કરીએ છીએ કે, ઇસુ ખ્રીસ્ત અમારા મધ્યસ્થ અને તારનારને લીધે તુ એવું કર આમેન

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતિ, તથા પવિત્ર આત્માની સગત, આપણ સર્વની સાથે સર્વકાળ સુધી થાઓ આમેન.

બાળક જણ્યા પછી સ્ત્રીઓની ઉપકારસ્તુતિ.

¶ સ્ત્રી પોતાના જણવા પછી રીત્યાનુસાર સમયે, સારા લુગડાં પહેરીને દેવળમા આવે, અને જેમ ધારો હોય તેમ, અથવા ધર્માધિકારી આજ્ઞા આપે ત્યા, ઘુટણ ટેકવે; ત્યારે પ્રીસ્ટ તેને આ પ્રમાણે કહે,

સર્વશક્તિમાન દેવની દયાથી તું કુશળતાથી જણી, અને તેણે તને જણવાના ભારે સંકટમાંથી ઉગારી; તે માટે દેવનો અંતઃકરણથી ઉપકાર માન, અને આમ બોલ,

પછી પ્રીસ્ટ ૧૧૬ મું સ્તોત્ર વાંચે.

સ્તોત્ર ૧૧૬.

યહોવાહે મારા કાલાવાલાની વાણી સાંભળી છે તેથી હું તેના પર પ્રીતિ રાખુ છું

તેણે મારી ભણી પોતાનો કાન ધર્યો છે માટે મારી જીંદગી પર્યંત હુ તેની પ્રાર્થના કરીશ.

મરણની જાળમાં હુ સપડાઇ ગયો હતો, જાણે હું શેઓલમા પેઠો હોઉં એમ લાગ્યું; મને સંકટ તથા શોક આવી મળ્યાં.

ત્યારે મેં યહોવાહના નામની વિનંતી કરી કે, હે યહોવાહ, દયા કરીને મારો આત્મા બચાવ.

યહોવાહ કૃપાળુ તથા ન્યાયી છે; આપણો દેવ ખરેખરો રહેમી છે.

યહોવાહ ભોળાને પાળે છે; હું છેક નીચો થઇ ગયો, ને તેણે મને બચાવ્યો.

હે મારા આત્મા, તારા વિશ્રામસ્થાનમાં પાછો આવ; કેમકે યહોવાહ તારી સાથે ઉદારતાથી વર્ત્યો છે.

તેં મારા પ્રાણને મરણથી, મારી આંખોને આંસુથી, ને મારા પગને લથડવાથી બચાવ્યાં.

હું જીવલોકમાં યહોવાહની સન્મુખ ચાલીશ.

મને વિશ્વાસ છે માટે હું આમ બોલું છું; હું ઘણો દુઃખી થઇ ગયો હતો.

મેં મારી ઉતાવળે કહ્યું કે, સર્વ માણસ જુઠાં છે.

યહોવાહના મારા પર થએલા સર્વ ઉપકારોનો હુ તેને શો બદલો આપું?

હુ તારણનો પ્યાલો લઇને યહોવાહના નામની વિનંતી કરીશ.

યહોવાહની આગળ મેં જે માનતા લીધી છે તે હુ તેના સર્વ લોકની સમક્ષ પાળીશ.

યહોવાહની દૃષ્ટિમાં પોતાના ભકતોનું મરણ કિમતી છે.

હે યહોવાહ, ખરેખર હુ તારો દાસ છું; તારોજ દાસ, તારી દાસીનો દીકરો છું;

તે મારાં બંધન છોડયાં છે. હું તારી આગળ ઉપકારસ્તુતિનો યજ્ઞ કરીશ; હું યહોવાહના નામની વિનંતી કરીશ.

યહોવાહની આગળ મેં જે માનતાઓ લીધી છે તે હુ તેના સર્વ લોકની સમક્ષ પાળીશ; હે યરૂશાલેમ, તારી મધ્યે, યહોવાહના મંદિરનાં આંગણાંમાં હું માનતાઓ ચઢાવીશ. યહોવાહની સ્તુતિ કરો.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

અથવા સ્તોત્ર ૧૨૭.

જો યહોવાહ ઘર ન બાંધે તો તેના બાંધનારા અમથો શ્રમ કરે છે; જો યહોવાહ નગરનું રક્ષણ ન કરે, તો ચોકીદારનું જાગવું કેવળ વ્યર્થ છે.

વહેલું ઉઠવું ને મોડું સુવું તથા કષ્ટ વેઠી રોટલી ખાવી તે પણ તમારૂં વ્યર્થ છે; કેમકે તે પોતાના વહાલા ઉંઘતા હોય તો પણ તેમને આપે છે;

જુઓ, છોકરાં તો યહોવાહની આપેલી મિલકત છે, ગર્ભસ્થાનનું ફળ તેના તરફનું પ્રતિદાન છે.

યુવાવસ્થામાંના દીકરા બળવાનના હાથમાંનાં બાણ જેવા છે.

જેનો ભાથો તેઓથી ભરેલો છે તેને ધન્ય છે; તેઓ ભાગળમાં પોતાના શત્રુઓની સાથે બોલશે ત્યારે તેઓ લજવાશે નહિ.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન

¶ पछी प्रीस्ट कहे,

આપણે પ્રાર્થના કરીએ

પ્રભુ, અમારા પર દયા કર

ખ્રીસ્ત, અમારા પર દયા કર

પ્રભુ, અમારા પર દયા કર

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર; કેમકે રાજ તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

સેવક. હે પ્રભુ, તારી આ દાસીને તાર;

ઉત્તર. જે તારા પર ભરોસો રાખે છે.

સેવક તેને માટે એક સમર્થ ગઢ થા,

ઉત્તર. એના વૈરીની સામે.

સેવક. પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ;

ઉત્તર. અને અમારો સાદ તારી પાસે પહોંચવા દે.

સેવક. પ્રાર્થના કરીએ.

હે સર્વશક્તિમાન દેવ, અમે નમ્રતાથી તારો ઉપકાર માનીએ છીએ કે, તેં દયા કરીને તારી આ દાસીને જણવાના ભારે દુ:ખ અને જોખમથી છુટકો આપ્યો છે; હે દયાસાગર પિતાજી, અમે તારી વિનંતી કરીએ છીએ કે, એ તારી મદદથી આ જગતમાં પોતાનું જીવન વિશ્વાસુપણામા કાઢે, અને તારી ઇચ્છા પ્રમાણે ચાલે; અને આવનાર જગતમાં સદાકાળના મહિમાની ભાગીદાર થઇ જાય; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ जे बायडी उपकारस्तुनि करवा आवे, तेणे रीत प्रमाणे कंई अर्पण करवु जोईए; अने जो सगत थवानी होय नो ए योग्य छे, के ते पवित्र संगन पण ले

તર્જનવિધાન.

એટલે

પાપીઓ ઉપર દેવના કોપનું તથા તેના દંડનું ઉચ્ચારણ. ઉપવાસ સમયને પહેલે દિવસે, તથા ધર્માધિકારી ઠરાવે તેવા બીજા સમયો પર, કેટલીક પ્રાર્થનાઓ સાથે, આનો ઉપયોગ કરવો.

¶ सवारनी प्राथना पछी, रीत प्रमाणे लिननी वचाई रह्या पछी, प्रार्थना वांचवानी अथवा उपदेश करवानी जग्या उपरथी प्रीस्ट बोले,

ભાઇઓ, પ્રાચીન કાળમાં કલીસીઆમાં શિક્ષાની એવી ઉત્તમ રીત હતી, કે જે કોઇ ઉઘાડાં પાપોનાં દોષીત ઠરે તેમના આત્મા પ્રભુના દિવસે તારણ પામે, તથા બીજા લોકો તેમના નમુના પરથી બોધ લઇને, પાપ કરવાથી વધારે બીએ, માટે ઉપવાસની શરૂઆતમાં પ્રગટ રીતે તેઓની પાસે પસ્તાવો કરાવવામાં તથા આ લોકમાં તેમના દેહને દંડ આપવામાં આવતો હતો

આ શિક્ષાની રીત ફરીથી જ્યાં સુધી ચાલુ ન થાય, (અને એ ચાલુ થાય તો ઘણું સારૂં), ત્યાં સુધી પુનર્નિયમના ૨૭ મા અધ્યાયમાંથી, તથા શાસ્ત્રનાં બીજા સ્થળોમાંથી, દેવના શ્રાપનાં જે સામાન્ય વાકયો પસ્તાવો નહિ કરનાર પાપીઓને માટે છે, તે આ વખતે તમ બધાંની આગળ વાંચવાં, એ ઠીક જણાય છે; અને તમે દરેક વાકય પછી આમેન, એવો ઉત્તર આપો; કે પાપીઓ ઉપર દેવનો જે મોટો કોપ થવાનો છે, તેનાથી જાણીતા થઇને તમને અંતઃકરણથી સાચો પસ્તાવો કરવા સારૂ ઉત્તેજન મળે; તથા આ ભયાનક દિવસોમાં વધારે સાવધપણાથી ચાલો; અને જે પાપો વિષે તમારાં પોતાનાં મ્હોથી કહો છો કે, તેમના પર દેવનો કોપ થવો ઉચિત છે, તેમનાથી તમે નાસી જાઓ.

જે માણસ કોતરેલી કે ગાળેલી ધાતુની મૂર્તિ પૂજવા સારૂ બનાવે છે, તે શ્રાપિત હો.

¶ अने लोको उत्तर आपता कहे,

આમેન.

સેવક. જે પોતાના બાપને કે પોતાની માને તુચ્છ કરે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક. જે પોતાના પડોસીની જમીનનું બાણ ખસેડે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન

સેવક. જે આંધળાને માર્ગથી ભટકાવે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક. જે પરદેશીનો, અનાથનો, તથા વિધવાનો ન્યાય મરડે, તે શ્રાપિત હો

ઉત્તર. આમેન.

સેવક. જે પોતાના પડોસીને ગુપ્ત રીતે મારે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક. જે કોઇ પોતાના પડોસીની સ્ત્રીની સાથે વ્યભિચાર કરે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન

સેવક. જે નિરપરાધીની હત્યા કરવાને લાંચ લે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક. જે પુરૂષ માણસ પર ભરોસો રાખે છે, તથા માણસને પોતાનો આશ્રય કરી માને છે, તથા પોતાના અંતઃકરણમાં પ્રભુથી વેગળો જાય છે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક. જે નિર્દય, વેશ્યાગામી, વ્યભિચારી, લોભી, મૂર્તિપૂજક, અપવાદિ, દારૂડીયા, તથા બળાત્કારથી લેનારા છે, તે શ્રાપિત હો.

ઉત્તર. આમેન.

સેવક

દાઉદ પ્રવક્તાની સાક્ષી પ્રમાણે જેઓ દેવની આજ્ઞાથી ભટકી જાય છે, તે બધા શ્રાપિત છે; તે માટે આપણે બધાંએ, આપણાં માથાં ઉપર જે ભારે કોપ ઝુમી રહ્યો છે તથા આપણા પર પડવાને માટે સદા સિદ્ધ છે, તેનું સ્મરણ રાખીને, આપણા પ્રભુ દેવની પાસે અતિ ભાગેલાં મન તથા નમ્રતાની સાથે પાછાં આવીએ; તથા આપણાં બધા પાપો વિષે વિલાપ કરીએ, અને આપણા અપરાધોને માનીને કબૂલ કરીએ, તથા પસ્તાવાજોગ ફળ લાવવાને મહેનત કરીએ. કેમકે હમણાંજ ઝાડોની જડ ઉપર કુહાડો લગાડવામાં આવ્યો છે, એ માટે કે જે ઝાડ સારૂં ફળ નથી આપતું, તે કપાઇને આગમા નાખવામાં આવે. જીવતા દેવના હાથમાં પડવું ભયાનક છે; તે પાપીઓ ઉપર ફાંદા, આગ તથા ગંધક વરસાવશે, અને આંધી તથા વાવાઝોડા ચલાવશે, અને આ તેમનો પીવાનો ભાગ થશે. કેમકે જુઓ, પૃથ્વીના રહેનારાઓની દુષ્ટતાનો દંડ આપવા સારૂ પોતાના સ્થાનથી પ્રભુ નીકળી આવ્યો છે. અને તેના આવવાને દિવસે કોણ ઉભો રહી શકશે? તથા તે પ્રગટ થશે, ત્યારે કોણ ટકી શકશે? તેનું સુપડું તેના હાથમાં છે, અને તે પોતાની ખળીને સાફ કરીને પોતાના ઘઉંને કોઠારમાં એકઠા કરશે; પણ ભુંસુ ન હોલવાનાર અગ્નિમાં બાળી નાખશે જેમ ચોર રાત્રે આવે છે, તેમ પ્રભુનો દિવસ આવે છે; અને જ્યારે લોકો કહેશે કે, શાંતિ તથા નિર્ભયતા છે, ત્યારે જેમ સ્ત્રીને પ્રસૂતિ વેદના લાગે છે, તેમ તેઓ પર અકસ્માત નાશ આવશે, અને તેઓ નભી શકશે નહિ. તે વખતે, જે હઠીલા પાપીઓએ પોતાના હૃદયની કઠણતાને લીધે, પોતાને માટે દેવનો જે કોપ એકઠો કરી રાખ્યો છે, તે વેર વાળવાના દિવસે પ્રગટ થશે; કેમકે દેવ તેમને પસ્તાવો કરવા સારૂ નિરંતર બોલાવતો હતો ત્યારે, તેમણે તેની દયા, ધીરજ તથા સહનશીલતા તુચ્છ માની. પ્રભુ કહે છે કે, તે વેળા તેઓ મને હાંક મારશે, પણ હુ સાંભળીશ નહિ; તેઓ મને વહેલા શોધશે, પણ હુ મળીશ નહિ, કેમકે તેઓએ જ્ઞાનનો દ્વેષ કીધો, અને પ્રભુનો ભય માન્યો નહિ, પણ મારી શિખામણનો દ્વેષ કીધો અને મારી શિક્ષાને તુચ્છ કીધી. તે વખતે જ્યારે બારણુ બંધ થઇ જશે, ત્યારે ઠોકવાનો સમય જતો રહેશે; અને ન્યાયની વેળા આવશે, ત્યારે દયાને માટે બૂમો પાડવાનો સમય જતો રહેશે. તે વખતે, જે યથાર્થ ન્યાયની ભયાનક વાણી તેમની વિરૂદ્ધ બોલવામાં આવશે કે, હે શ્રાપિતો, શેતાન તથા તેના દુતોને સારૂ જે સર્વકાળિક અગ્નિ સિદ્ધ કરેલો છે, તેમાં તમે જાઓ, તે કેવી ભયકર લાગશે. માટે ભાઇઓ, હમણાંજ તારણનો દિવસ છે, એટલામાં આપણે સાવધ થઇએ, કારણ કે જેમાં કામ કરી ન શકીએ એવી રાત આવે છે. પરંતુ જ્યાં સુધી અજવાળુ આપણી પાસે છે, ત્યાં સુધી અજવાળા પર વિશ્વાસ કરીએ, તથા અજવાળાનાં છોકરાની પેઠે ચાલીએ; બહારના અંધારામા જ્યાં રડવું તથા દાંત પીસવું થાય, ત્યાં આપણે નંખાઇએ નહિ જે આપણને આપણી ચાલચલણ શુદ્ધ કરવા સારૂ દયાથી બોલાવે છે, અને જેણે પોતાની ઘણી કરૂણાથી, આપણે પૂર્ણ તથા ખરા અંતઃકરણ વડે તેની પાસે પાછાં આવીએ, તો આપણાથી જે કંઇ થયું તેની ક્ષમા આપવાને વચન આપ્યું છે, તેની કૃપાનો આપણે ગેરૂપયોગ ન કરીએ; કેમકે જો કે આપણાં પાપ કીરમજી રંગના જેવાં રાતાં હોય, તો પણ તે હીમના જેવાં શ્વેત; અને જાંબુડા રંગ જેવાં હોય, તો પણ ઉનના જેવાં

શ્વેત થઇ જશે. પ્રભુ કહે છે કે, તમારી બધી દુષ્ટતાથી ફરો, તો તમારાં પાપ તમારા નાશનું કારણ નહિ થશે; તમે જે કઇ અધર્મ કીધા છે, તે બધા પોતા પાસેથી આઘા કરો; પોતાને માટે નવું હૃદય તથા નવો આત્મા બનાવી લો; પ્રભુ દેવ કહે છે કે, જે મરે છે, તેના મરણમાં મને સતોષ નથી, તો ઇસ્રાએલનાં ઘરનાં, તમે કેમ મરો છો? તમે પાછા ફરશો, તો જીવશો. જો કે આપણે પાપ કીધા હોય, તો ઇસુ ખ્રીસ્ત જે ન્યાયી છે, તે પિતાની પાસે આપણો મધ્યસ્થ છે, અને તે આપણાં પાપોને માટે પ્રાયશ્ચિત્ત છે; કેમકે આપણા અપરાધોને લીધે તે વિંધાયો, તથા આપણી દુષ્ટતાને લીધે તેના પર માર પડયો. માટે આપણે તેની પાસે પાછાં જઇએ; કેમકે તે સાચો પસ્તાવો કરનારાં બધાં પાપીઓને દયાથી અગીકાર કરે છે; અને એ નક્કી જાણો, કે જો આપણે, પસ્તાવો તથા વિશ્વાસથી, તેની પાસે જઇએ, અને પોતાને તેને સ્વાધીન કરીને, હવે પછી તેના માર્ગમાં ચાલીએ તથા તેની સહેલ ઝુંસરી તથા હલકો બોજો પોતા પર લઇને, નમ્રતા, ધીરજ તથા પ્રીતિથી તેનાં પગલાંમાં ચાલીએ. અને તેના પવિત્ર આત્માના શિખવ્યા પ્રમાણે ચાલીએ, તથા સર્વદા તેના મહિમાને સારૂ મહેનત કરીએ, અને પોતપોતાના તેડામાં ધન્યવાદ સાથે, તેની સેવા યોગ્ય રીતે કરીએ, તો તે આપણને સ્વીકારવાને તથા આપણાં પાપોની ક્ષમા કરવાને અતિ સિદ્ધ છે. જો એમ કરીએ તો નિયમના શ્રાપ, તથા તેના ડાબા હાથ ઉપર જે ઉભાં કરવામાં આવશે, તેમના પર જે ઘોર શ્રાપ આવનાર છે, તેમાંથી ખ્રીસ્ત આપણને ઉગારશે; અને તે આપણને પોતાના જમણા હાથ તરફ ઉભાં કરશે, તથા તેનું મહિમાવાન રાજ્ય મેળવી લેવાની આજ્ઞા આપીને, પોતાના પિતાનો કૃપાળુ આશીર્વાદ આપણને આપશે. તે પોતાની અનંત દયા વડે આ રાજ્યમાં આપણ બધાંને પહોંચાડો. આમેન.

¶ पछी बधाए धुंटण टेकववां, अने प्रीस्ट तथा सहायकारीओ जे जग्या पर लितनी वाचवानी रीत छे त्या धुंटण टेकीने, आ स्तोत्र वाचे.

સ્તોત્ર ૫૧.

હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા પર દયા કર, તારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં ઉલ્લઘન ભુસી નાખ.

મારા અન્યાયથી મને પૂરો ધો, ને મારા પાપથી મને શુદ્ધ કર.

કેમકે હુ મારાં ઉલ્લઘન જાણું છું, ને મારૂ પાપ નિત્ય મારી આગળ છે.

તારી, તારીજ વિરૂદ્ધ મેં પાપ કીધું છે, અને જે તારી દૃષ્ટિમા ભુડું, તે મેં કીધું છે; એ માટે કે તું બોલે ત્યારે તું ન્યાયી ઠરે, ને તું ન્યાય કરે ત્યારે તું નિર્દોષ ઠરે.

જો, હું અન્યાયીપણામાં રચાયો, ને પાપમાં મારી માએ મારો ગર્ભ ધર્યો હતો.

જો, તું અંતઃકરણમા સત્યતા ઇચ્છે છે, ને ભિતરમા તું મને જ્ઞાન શિખવીશ.

ઝુફાથી મને ધોજે એટલે હુ શુદ્ધ થઇશ; મને નહવાડ, તો હું હીમ કરતાં ધોળો થઇશ.

મને હર્ષ તથા આનદ સભળાવ, કે જે હાડકાં તેં ભાંગ્યાં છે તેઓ ઉત્સાહ કરે.

મારા પાપ તરફ નજર ન કર, ને મારા સર્વ અન્યાય ભુંસી નાખ

હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર, ને મારામાં દૃઢ આત્મા નવો કર.

તારી સન્મુખથી મને ન કાઢ, ને તારો પવિત્ર આત્મા મારી પાસેથી ન લે.

તારા તારણનો હર્ષ મને પાછો દે, અને ઉદાર આત્માએ કરીને મને નિભાવી રાખ.

તો હું ઉલ્લઘન કરનારાઓને તારા માર્ગ શિખવીશ, ને પાપીઓ તારી ભણી ફરશે.

હે દેવ, મારા તારણના દેવ, ખૂનના દોષથી મને મુક્ત કર, એટલે મારી જીભ તારા ન્યાયીપણા વિષે મોટેથી ગાશે.

હે પ્રભુ, તું મારા હોઠ ઉઘાડ, ને મારૂં મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે.

કેમકે તું યજ્ઞથી રિઝતો નથી, નહિ તો હું અર્પત; તું દહનીયાર્પણથી આનંદ પામતો નથી.

ઇશ્વરના યજ્ઞો તો રાંક મન છે; હે ઇશ્વર, તું રાંક અને નમ્ર હૃદયને ધિક્કારીશ નહિ.

તું કૃપા કરી સિયોનનું કલ્યાણ કર, યરૂશાલેમના કોટોને બાંધ.

ત્યારે ન્યાયીપણાના યજ્ઞોથી, દહનીયાર્પણ તથા સકળ દહનીયાર્પણથી તું આનંદ પામીશ ત્યારે તેઓ તારી વેદી પર ગોધાઓના અર્પણ કરશે.

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

જેવો આરંભમાં હતો, હમણાં છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે   આમેન.

પ્રભુ, અમ પર દયા કર.

ખ્રીસ્ત, અમ પર દયા કર.

પ્રભુ, અમ પર દયા કર.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુડાથી અમારો છુટકો કર.   આમેન.

સેવક. હે પ્રભુ, તારા દાસોને તાર;

ઉત્તર. જેઓ તારા પર ભરોસો રાખે છે.

સેવક. તેમને માટે ઉપરથી સહાય મોકલ;

ઉત્તર. અને સર્વદા તારા સામર્થ્યે વડે તેમની રક્ષા કર.

સેવક. હે દેવ, અમારા ત્રાતા, અમારી સહાયતા કર;

ઉત્તર. અને તારા નામના મહિમાને માટે અમને છોડાવ; તારા નામને સારૂ અમ પાપીઓ ઉપર દયા કર.

સેવક. હે પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ;

ઉત્તર. અને અમારી હાક તારી પાસે પહોંચવા દે.

સેવક પ્રાર્થના કરીએ.

હે પ્રભુ, અમે વિનંતી કરીએ છીએ કે, તું દયાથી અમારી પ્રાર્થનાઓ સાંભળ, તથા જેમનાં મન પાપને લીધે તેમને દોષિત ઠરાવે છે, તેઓ તારી કૃપાળુ મારી વડે છુટી જાય, માટે તારી આગળ જે સર્વ પોતાનાં પાપો કબુલ કરે છે, તેઓને ઉગાર; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ આમેન.

હે અતિ સમર્થ દેવ, તથા દયાળુ પિતા, તુ સઘળાં માણસો પર કરૂણા કરે છે, અને પોતાની ઉત્પન્ન કરેલી કોઇ વસ્તુનો દ્વેષ નથી કરતો; અને કોઇ પાપીનુ મરણ નથી ચાહતો, પરંતુ તે પોતાના પાપથી પાછો ફરીને તારણ પામે, એવું ચાહે છે; દયા કરીને અમારા અપરાધોની ક્ષમા કર, અને અમે જે પોતાનાં પાપોના ભારને લીધે દુઃખી થઇને અકળાઇએ છીએ, તેઓનો સ્વીકાર કરીને દિલાસો આપ   સર્વદા દયા કરવી, એ તારો ગુણ છે, અને પાપોની ક્ષમા કરવી, એ અધિકાર કેવળ તારોજ છે. માટે હે દયાળુ પ્રભુ, અમને ઉગાર, તારા જે લોકોને તેં ખડી લીધા છે, તેઓને ઉગાર. તારા જે દાસો તુચ્છ માટી તથા દીન પાપી છે, તેમને ન્યાયમા ન લાવ; પણ અમે જે નમ્રતાથી પોતાની અધમતા માની લઇએ છીએ, તથા પોતાના અપરાધોનો ખરો પસ્તાવો કરીએ છીએ, તેમના ઉપરથી તારો ક્રોધ એવી રીતે ખસેડી દે, અને આ લોકમાં અમારી સહાય કરવાને એવી ઉતાવળ કર, કે અમે પરલોકમાં તારી સાથે સર્વદા રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ.   આમેન.

¶ पछी सेवकनी पाछळ लोकोए नीचे लख्या प्रमाणे बोलवु

હે કૃપાળુ પ્રભુ, અમને ફેરવ, એટલે અમે ફરીશું. હે પ્રભુ, તારા જે લોકો રડતા, તથા ઉપવાસ અને પ્રાર્થના કરતાં તારા તરફ ફરે છે, તેઓ પર પ્રસન્ન થા, પ્રસન્ન થા. કેમકે તું દયાળુ, કરૂણાનિધાન, સહનશીલ, તથા દયાસાગર દેવ છે. અમે દંડપાત્ર છીએ, તો પણ તું દંડ કરતો નથી, અને તારા ક્રોધમાં પણ તું તારી દયા સભારે છે. હે કૃપાળુ પ્રભુ, તારા લોકોને ઉગાર, તેમને ઉગાર, અને તારા વારસાને લજ્જીત થવા ન દે હે પ્રભુ, તારી દયા મોટી છે, માટે અમારૂ સાંભળ, અને તારી અખુટ દયા વડે અમને જો; તારા ધન્ય પુત્ર ઇસુ ખ્રીસ્ત, અમારા પ્રભુના પુણ્ય તથા મધ્યસ્થિને લીધે માગીએ છીએ. આમેન

¶ पछी सेवक एकलोज बोले

પ્રભુ આપણને આશીર્વાદ આપો, અને આપણુ રક્ષણ કરો, પ્રભુ પોતાના મુખનો પ્રકાશ આપણા પર પાડો, અને આપણને શાતિ આપો, હમણાથી સદાકાળ સુધી. આમેન

દાઉદનાં સ્તોત્રો.

પહેલો દિવસ.

સવારની પ્રાર્થના.

૧ જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી,
ને પાપીઓના માર્ગમાં ઉભો રહેતો નથી,
ને નિંદકોના આસનમાં બેસતો નથી, તેને ધન્ય છે
૨ પણ યહોવાહના નિયમશાસ્ત્રમાં તે હરખાય છે.
ને રાત દિન તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.
૩ વળી તે પાણીની નેહેરોના પાસે રોપાયલા ઝાડના જેવો થશે,
કે જે પોતાનું ફળ પોતાની ઋતુએ આપે છે,
અને જેનું પાંદડું પણ ચિમળાતું નથી.
વળી જે કંઈ તે કરે છે તે સફળ થશે.
૪ દુષ્ટો તો એવા નથી:
પણ તેઓ પવનથી ઉડતાં ફોતરાંના જેવા છે.
૫ એ માટે ન્યાયકરણમાં દુષ્ટો,
ને ન્યાયીઓની સભામાં પાપીઓ ઉભા રહેશે નહિ.
૬ કેમકે યહોવાહ ન્યાયીઓનો માર્ગ જાણે છે:
પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે.

૨ વિદેશીઓ કેમ તોફાન કરે છે,
ને લોકો કેમ વ્યર્થ કલ્પના કરે છે?
૨ યહોવાહ તથા તેના અભિષિક્તની વિરૂદ્ધ
પૃથ્વીના રાજાઓ સજ્જ થાય છે,
ને હાકેમો માહોમાંહે મસલત કરે છે,
૩ કે એઓનાં બંધન તોડી નાખીએ,
ને એઓની દોરીઓ આપણી પાસેથી ફેંકી દઈએ.
૪ આકાશમાં જે બેઠો છે, તે હાસ્ય કરશે:
તેઓને પ્રભુ તુચ્છ ગણશે.
૫ ત્યારે તે ક્રોધમાં તેઓની સાથે બોલશે,
ને તેને કોપે તેઓને ત્રાસ પમાડશે.
૬ પરંતુ મારા પવિત્ર પર્વત સિયોન પર મેં મારા રાજાને પ્રતિષ્ઠિત કીધો છે.
૭ હું તો ઠરાવ જાહેર કરીશ:
યહોવાહે મને કહ્યું કે, તું મારો પુત્ર છે:
આજ મેં તને જન્મ આપ્યો છે.
૮ મારી પાસે માગ, અને હું તને વિદેશીઓ વારસા તરીકે,
તથા પૃથ્વીની સીમ વતન તરીકે આપીશ.
૯ તું લોઢાના દંડથી તેઓને તોડી નાખીશ:
તું તેઓને કુંભારના વાસણની પેઠે અફાળીને ટુકડે ટુકડા કરીશ.

૧૦ અને હવે, રાજાઓ, તમે સમ-
જણ પકડો.
પૃથ્વીના ન્યાયાધીશો, તમે શિખા-
મણ લો
૧૧ ભયથી યહોવાહની સેવા કરો,
ને ધ્રુજારી સહિત હરખાઓ.
૧૨ પુત્રને ચુંબન કરો, રખે તેને રોષ
ચઢે, અને તમે માર્ગમાં નાશ પામો,
કેમકે તેનો ક્રોધ જલદી સળગી
ઉઠશે.
જેઓ તેના પર ભરોસો રાખે છે
તેઓ સઘળાને ધન્ય છે.

૩ હે યહોવાહ, મારા વૈરીઓ કેટલા
વધ્યા છે!
મારી સામા ઉઠનાર ઘણા છે.
૨ મારા જીવ વિષે ઘણા કહે છે કે,
તેને સારૂ દેવમાં તારણ નથી.
૩ પણ, હે યહોવાહ, તું મારી આસ-
પાસ ઢાલરૂપ છે.
તું મારૂ ગૌરવ તથા મારૂં માથુ ઉચું
કરનાર છે.
૪ હુ મારી વાણીથી યહોવાહને હાંક
મારૂં છુ,
ને તે પોતાના પવિત્ર પર્વત ઉપરથી
મને ઉત્તર આપે છે.
૫ હું સુઇને ઉઘી ગયો:
હુ જાગ્યો: કેમકે યહોવાહ મારૂં
રક્ષણ કરે છે.
૬ જે હજારો લોકોએ મને ઘેરો
ઘાલ્યો છે,
તેઓથી હું નહિ બિહીશ.
૭ હે યહોવાહ, ઉઠ. હે મારા દેવ,
મારૂં તારણ કર
કેમકે તે મારા સર્વ શત્રુઓનાં
જડબાં પર પ્રહાર કર્યો છે,
તે દુષ્ટોના દાંત ભાંગી નાખ્યા છે.
૮ યહોવાહની પાસેથી તારણ છે:
તારા લોક પર તારો આશીર્વાદ
થાઓ.

૪ હે મારા ન્યાયીપણાના દેવ, હુ
વિનતી કરૂં ત્યારે મારૂ સાંભળજે:
સકટને વખતે તે મને છોડાવ્યો છે:
મારા પર દયા લાવ, ને મારી
પ્રાર્થના સાંભળ.
૨ હે મનુષ્યપુત્રો, કયાં સુધી મારા
ગૌરવનુ અપમાન થશે?
કયાં સુધી તમે વ્યર્થપણુ ઇચ્છશો ને
જુઠાપણુ શોધશો?
૩ પણ જાણો કે જે પવિત્ર છે તેને
યહોવાહે પોતાને વાસ્તે પસંદ
કીધો છે.
હુ યહોવાહને વિનતી કરૂં, ત્યારે તે
મારૂ સાંભળશે.
૪ ભયભિત થાઓ, ને પાપ ન કરો:
બિછાના પર પોતાના હ્રદયમાં
વિચાર કરો, ને છાના રહો.
૫ ન્યાયીપણાના યજ્ઞો ચઢાવો,
ને યહોવાહ પર ભરોસો રાખો.
૬ કોણ અમને કંઈ હિત દેખાડશે?
એવું કહેનારા ઘણા છે:
હે યહોવાહ, તારા મુખનો પ્રકાશ
અમારા પર પાડ.

૭ લોકનું ધાન્ય તથા દ્રાક્ષરસ
વધ્યાથી તેમને આનદ થાય છે,
તે કરતાં વધારે આનદ તેં મારા
હૃદયમાં મૂક્યો છે.
૮ હું શાંતિમાં સૂઈ જઈશ, તેમજ
ઉંઘી પણ જઈશ,
કેમકે, હે યહોવાહ, તુ એકલો મને
સલામત રાખે છે.

૫ હે યહોવાહ, મારા બોલવા પર
કાન ધર,
મારા મનન પર લક્ષ લગાડ.
૨ હે મારા રાજા ને મારા દેવ,
મારી હાંકના સાદને કાન દે
કેમકે હુ તારી પ્રાર્થના કરૂ છુ.
૩ હે યહોવાહ, સવારમાં તું મારો
ઘાંટો સાંભળીશ·
હું સવારમાં મારી પ્રાર્થના સિદ્ધ
કરીને તાકી રહીશ.
૪ કેમકે દુષ્ટપણામાં ખુશી થાય
એવો દેવ તુ નથી.
ભુંડાઇ તારી પાસે રહેનાર નથી.
૫ તારી દૃષ્ટિમાં ગર્વિષ્ઠો ઉભા
રહેશે નહિ
તું સર્વ દુષ્કર્મીઓનો દ્વેષ કરે છે.
૬ જૂઠું બોલનારાઓનો તું નાશ
કરીશ:
ખુની તથા કપટી માણસોથી યહો-
વાહ કંટાળે છે.
૭ પણ હું તો તારી પુષ્કળ કૃપાથી
તારા ઘરમાં આવીશ.
તારી બીક રાખીને હું તારા પવિત્ર
મંદિર ભણી ભજન કરીશ
૮ હે યહોવાહ, મારા વૈરીઓના
કારણથી તું તારા ન્યાયીપણામાં
મને ચલાવ:
મારી આગળ તારો માર્ગ પાધરો
કર.
૯ કેમકે તેમના મુખમાં વિશ્વાસુ-
પણું નથી
તેઓનુ ભિતર ખુદ દુષ્ટપણું છે
તેમનુ ગળું ઉઘાડી કબર છે:
તેઓ પોતાની જીભે ખુશામત કરે છે.
૧૦ હે દેવ, તુ તેઓને અપરાધી ગણ:
તેઓ પોતાનીજ યુક્તિઓ વડે પડે,
તેમનાં પુષ્કળ ઉલ્લઘનોમાં તેઓને
હડસેલી કાઢ;
કેમકે તેઓએ તારી વિરૂદ્ધ દંગો
મચાવ્યો છે
૧૧ પણ તારા પર ભરોસો રાખનારા
સઘળા આનંદ કરે
તું તેમનુ રક્ષણ કરે છે માટે તેઓ
સદા હર્ષનાદ કરે
વળી તારા નામ પર પ્રીતિ કરનારા
તારામાં હરખાય.
૧૨ કેમકે તુ ન્યાયીને આશીર્વાદ
આપીશ
હે યહોવાહ, જાણે કે ઢાલથી તેમ
મેહેરબાનીથી તું તેને ઘેરીશ.

સાંજની પ્રાર્થના.

૬ હે યહોવાહ. તારા ક્રોધમાં મને
ન ધમકાવ,
ને તારા રોષમાં મને શિક્ષા ન કર.

૨ હે યહોવાહ, મારા પર દયા રાખ,
કેમકે હુ સુકાઈ ગયો છુ:
હે યહોવાહ, મને સાજો કર, કેમકે
મારાં હાડકાંમાં પીડા થાય છે.
૩ મારો જીવ પણ બહુ મુઝાયો છે
પણ, હે યહોવાહ, તે ક્યાં સુધી?
૪ હે યહોવાહ, પાછો આવ, મારા
જીવને બચાવ:
તારી કૃપાને લીધે મારું તારણ કર.
૫ કેમકે મરણાવસ્થામાં તારું સ્મરણ
થતું નથી:
શેઓલમાં કોણ તારી ઉપકારસ્તુતિ
કરશે?
૬ હુ નિસાસા મૂકીને થાકી ગયો છુ.
દર રાતે હુ મારા પલગને પલાળું છુ:
હું આસુઓથી મારા બિછાનાને
ભિજવું છુ.
૭ રૂદનથી મારી આંખનો ક્ષય થતો
જાય છે:
મારા સર્વ શત્રુઓને લીધે તે જીર્ણ
થતી જાય છે.
૮ હે દુષ્ટકર્મીઓ, તમે સઘળા
મારાથી દૂર થાઓ:
કેમકે યહોવાહે મારા વિલાપનો સાદ
સાંભળ્યો છે.
૯ યહોવાહે મારા કાલાવાલા સાંભળ્યા
છે:
યહોવાહ મારી પ્રાર્થના માન્ય કરશે.
૧૦ મારા સર્વ શત્રુઓ લજવાશે તથા
બહુ પીડાશે:
તેઓ પાછા ફરશે તથા ઓચિંતા
લજવાશે.

૭ હે યહોવાહ મારા દેવ, હું તારા
પર ભરોસો રાખું છું:
જે સઘળા મારી પૂઠે લાગે છે
તેઓથી મને બચાવ ને મને છોડાવ:
૨ રખે સિહની પેઠે તે મારા જીવને
ચીરીને ફાડી નાખે, ને છોડાવનાર
કોઈ ન મળે.
૩ હે યહોવાહ મારા દેવ, જો મેં
એમ કીધુ હોય,
જો મારા હાથમાં ભુંડાઈ હોય,
૪ જો મારી સાથે શાંતિમાં રહેનારનુ
મેં ભુડું પાછું કર્યું હોય,
(હા, વગર કારણે જે મારો શત્રુ
હતો તેને મેં છોડાવ્યો છે),
૫ તો શત્રુ મારા જીવની પૂઠે લાગીને
પકડી પાડે:
હા. મારા જીવને છુદીને જમીનદોસ્ત
કરે,
ને મારી આબરૂને ધૂળમાં ઘાલે.
૬ હે યહોવાહ, તારા ક્રોધમાં ઉઠ,
મારા શત્રુઓના જુસ્સા વિરૂદ્ધ ઉભો
થા,
ને મારે સારૂ જાગૃત થા: તે ન્યાય
કરવાની આજ્ઞા આપી છે.
૭ અને લોકોની સભા તારી આસ-
પાસ રહે·
ને તેમના ઉપર તું ઉચ્ચસ્થાને પાછો
જા.
૮ યહોવાહ લોકોનો ન્યાય કરે છે:
હે યહોવાહ, મારા ન્યાયીપણા
પ્રમાણે, તથા મારામાં જે પ્રમા-
ણિકપણું છે, તે પ્રમાણે, મારો
ન્યાય કર.

૯ દુષ્ટોની દુષ્ટાઈનો અંત આવે, પણ ન્યાયીઓને તું સ્થાપિત કર
કેમકે ન્યાયી દેવ હૃદયને તથા અંતઃકરણને પારખે છે.
૧૦ મારી ઢાલ ઈશ્વર પાસે છે,
કે જે હૃદયના યથાર્થીઓને તારે છે.
૧૧ દેવ ન્યાયી ન્યાયાધીશ છે,
હા, દેવ રોજરોજ ક્રોધાયમાન થાય છે.
૧૨ જો માણસ ન ફરે તો તે પોતાની તરવાર ઘસશે·
તેણે પોતાનુ ધનુષ્ય તાણીને સિદ્ધ કીધુ છે
૧૩ વળી તેણે તેને સારૂ મોતનાં હથિયાર સજ્જ કીધાં છે.
તે પોતાનાં બાણને બળતાં તીર કરે છે.
૧૪ જુઓ, તે ભુંડાઈથી કષ્ટાય છે:
હા, તેણે ઉપદ્રવનો ગર્ભ ધર્યો છે, ને જુઠાઈને જન્મ આપ્યો છે.
૧૫ તેણે ખાડો ખોદ્યો છે,
ને જે ખાઈ તેણે ખોદી, તેમાં તે પોતે પડ્યો છે.
૧૭ તેનો ઉપદ્રવ તેના પોતાના માથા પર આવશે,
ને તેનો બળાત્કાર તેના પોતાના તાલકા પર પડશે.
૧૭ હું યહોવાહના ન્યાયીપણા પ્રમાણે તેનો આભાર માનીશ:
ને પરાત્પર યહોવાહના નામનુ સ્તોત્ર ગાઈશ.

૮ હે યહોવાહ, અમારા પ્રભુ,
આખી પૃથ્વીમાં તારૂ નામ કેવુ ઉત્તમ છે!
તે આકાશો પર પોતાનો મહિમા મૂક્યો છે
૨ તારા શત્રુઓને લીધે,
તે બાળકો તથા ધાવણાંઓના મુખમાંથી બળ સિદ્ધ કીધુ છે,
કે તુ શત્રુને તથા વૈરીને શાંત કરે.
૩ હુ આકાશો, એટલે તારા હાથનાં કામ વિષે,
ને ચદ્ર તથા તારાઓ જેઓને તે ઠરાવ્યા છે, તેઓ વિષે વિચાર કરૂ છું,
૪ ત્યારે હુ કહુ છુ કે માણસ કોણ કે તુ તેનુ સ્મરણ કરે છે?
ને મનુષ્યપુત્ર કોણ કે તું તેની મુલાકાત લે છે?
૫ કેમકે તે તેને દેવ કરતાં થોડોજ નીચો કીધો છે,
ને તું તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકે છે.
૬ તારા હાથનાં કામ પર તે તેને અધિકાર આપ્યો છે·
તેના પગ તળે તે સઘળુ મૂકયુ છે.
૭ એટલે સર્વ મેંઢાં તથા ઢોર,
હા, રાની પશુઓ પણ.
૮ આકાશનાં પક્ષીઓ, ને સમુદ્રનાં માછલા,
સમુદ્રના માર્ગમાં જે ચાલે છે તે
બધુ તે તેની સત્તા નીચે મૂકયું છે.
૯ હે યહોવાહ, અમારા પ્રભુ,
આખી પૃથ્વીમાં તારૂં નામ કેવું ઉત્તમ છે!

બીજે દિવસ.

સવારની પ્રાર્થના.

૯ મારા આખા હૃદયથી હું યહો-
વાહની ઉપકારસ્તુતિ કરીશ.
હું તારાં સર્વ આશ્ચર્યકારક કામ
પ્રગટ કરીશ.
૨ હું તારામાં આનંદ તથા ઉત્સાહ
કરીશ:
હે પરાત્પર, હું તારા નામનું સ્તોત્ર
ગાઈશ.
૩ જ્યારે મારા શત્રુઓ પાછા ફરે છે
ત્યારે તારી સન્મુખથી તેઓ ઠોકર
ખાઇને નાશ પામે છે.
૪ કેમકે તે મારો હક તથા દાવો
સિદ્ધ કીધો છે.
તે ન્યાયાસન પર બેસીને વાજબી
ન્યાય કીધો છે.
૫ તેં વિદેશીઓને ધમકાવ્યા છે, તે
દુષ્ટોનો નાશ કીધો છે,
તેં તેઓનુ નામ સદાને માટે ભુંસી
નાખ્યું છે.
૬ શત્રુઓનો અંત આવ્યો છે. તેઓ
હમેશને માટે નષ્ટ થયા છે:
અને જે નગરો તેં પાયમાલ કીધાં છે
તેમનું સ્મરણ પણ નાશ પામ્યું છે.
૭ પણ યહોવાહ સર્વકાળ રાજા તરીકે
બિરાજે છે:
તેણે ન્યાયકરણને સારૂ પોતાનુ
આસન સિદ્ધ કીધું છે.
૮ અને તે ન્યાયીપણાથી જગતનો
ન્યાય કરશે,
તે લોકોનો અદલ ઇનસાફ કરશે,
૯ વળી યહોવાહ દુઃખિતને સારૂ
ગઢ થશે,
તે સંકટ સમયે ગઢ થશે.
૧૦ અને તારા નામને જાણનારા તારા
પર ભરોસો રાખશે.
કેમકે, હે યહોવાહ, તે તારા શોધ-
નારાને તજ્યા નથી.
૧૧ યહોવાહ જે સિયોનમાં રહે છે
તેનાં સ્તોત્ર ગાઓ:
લોકોમાં તેનાં કૃત્ય પ્રગટ કરો.
૧૨ કેમકે જે રક્ત વિષે તપાસ કરે
છે તે તેમનું સ્મરણ રાખે છે:
તે દીનોની હાંક વિસરી જતો નથી.
૧૩ હે યહોવાહ, મારા પર દયા કર:
મોતના દ્વારથી મને ઉઠાડનાર,
મારા દ્વેષીઓથી મને જે દુઃખ થાય
છે તે તું જો:
૧૪ કે હું તારાં સઘળાં વખાણ કરૂં.
સિયોનની દીકરીની ભાગળોમાં
હું તારા તારણમાં હરખાઈશ.
૧૫ પોતે ખોદેલા ખાડામાં વિદેશીઓ
પડ્યા છે:
પોતે સંતાડી રાખેલા પાશમાં
તેઓના પોતાના પગ સપડાયા છે.
૧૬ યહોવાહે પોતાને ઓળખાવ્યો છે,
તેણે ન્યાય કીધો છે:
દુષ્ટો પોતાના હાથના કામમાં
ફસાઈ ગયા છે.
૧૭ દુષ્ટો અને વળી દેવને ભુલનાર
સર્વ વિદેશીઓ શેઓલમાં જશે.

૧૮ કેમકે દરિદ્રી સદા વિસરાઈ જશે નહિ,
ને ગરીબોની અપેક્ષા સદા નિષ્ફળ
થશે નહિ.
૧૯ હે યહોવાહ, ઉઠ, માણસનુ જોર
ચાલવા ન દે.
તારી સન્મુખ વિદેશીઓનુ ન્યાય-
કરણ થાય.
૨૦ હે યહોવાહ, તેમને ભયભિત કર
વિદેશીઓ એવુ જાણે કે તેઓ માત્ર
માણસ છે

૧૦ હે યહોવાહ, તુ કેમ આઘો રહે છે
સકટના સમયમા તુ કેમ સતાઈ
જાય છે?
૨ ગર્વથી દુષ્ટો દીન પુરૂષને બહુ
સતાવે છે.
તેઓની કલ્પેલી યુક્તિઓમાં તેઓ
ફસાઈ પડે
૩ કેમકે દુષ્ટ પોતાના અંત:કરણની
ઇચ્છાનું અભિમાન કરે છે,
અને લોભી તો યહોવાહને નકારે
છે, હા, તેની નિંદા કરે છે.
૪ દુષ્ટ પોતાના મુખના અહંકારથી
કહે છે કે, તે બદલો નહિ માગશે
તેના સઘળા વિચાર એવા છે કે,
દેવ છેજ નહિ.
૫ સર્વ સમયે તેના માર્ગ દૃઢ છે
તારાં ન્યાયકરણ તેના ભાળ્યામાં ન
આવે એટલાં ઉચાં છે.
તેના સર્વ શત્રુઓનો તે તિરસ્કાર
કરે છે.
૬ તે પોતાના હૃદયમાં કહે છે કે, હુ
ડગનાર નથી:
પેઢી દર પેઢી હુ વિપત્તિમાં નહિ આવું.
૭ શાપ, કપટ તથા જુલમથી તેનુ
મુખ ભરેલુ છે.
તેની જીભ તળે ઉપદ્રવ તથા
અન્યાય છે.
૮ તે ગામોની છુપી જગ્યાઓમાં
બેસે છે
ગુપ્તસ્થાનોમાં તે નિષ્કલકનો ઘાત
કરે છે
તેની આંખો લાચારને છાની રીતે
તાકી રહે છે.
૯ જેમ બિલમાં સિંહ તેમ તે ગુપ્ત
જગ્યામાં છુપાઈ રહે છે
તે ગરીબોને પકડવાને છુપાઈ રહે છે
તે દીનને પોતાની જાળમા ખેચી
લઈને પકડે છે.
૧૦ તે દબાઈ રહે છે ને નીચો વળે છે.
ને લાચાર તેના પજાઓથી પડી
જાય છે.
૧૧ તે પોતાના હૃદયમા કહે છે કે,
દેવ વિસરી ગયો છે
તે પોતાનુ મુખ સતાડે છે ત કદી
તે જોશે નહિ
૧૨ હે યહોવાહ, ઉઠ હે દેવ, તારો
હાથ ઉચો કર
ગરીબોને વિસરી ન જા.
૧૩ દુષ્ટ શા માટે દેવને નિંદે છે?
તે શા માટે પોતાના હૃદયમાં કહે છે
કે, તુ બદલો નહિ માગીશ?
૧૪ તે જોયુ છે, કેમકે તારા હાથમાં
લેવાને માટે તું ઉપદ્રવ તથા
ઈર્ષાને નજરમાં રાખે છે:

લાચાર પોતાને તારા હવાલામાં
સોંપે છે
તું નબાપાનો સહાયકારી થયો છે.
૧૫ દુષ્ટનો હાથ તું ભાગી નાખ
ને ભુડા માણસની ભુડાઈને તું એટલે
સુધી શોધી કાઢ કે તને કંઈ
જડે નહિ.
૧૬ યહોવાહ સદા સર્વકાળ રાજા છે.
તેના દેશમાંથી વિદેશીઓ નાશ
પામ્યા છે.
૧૭ યહોવાહ, તે નમ્રની ઇચ્છા સાંભળી
છે:
તું તેઓનાં હૃદયોને સિદ્ધ કરીશ, તું
કાન ધરીશ.
૧૮ એ માટે કે તું નબાપા તથા દુખિ-
તોનો ન્યાય કરે,
ને તેથી પૃથ્વીનુ માણસ હવે પછી
ત્રાસદાયક નહિ થાય.

૧૧ યહોવાહ પર હું ભરોસો રાખું
છુ
તમે મારા જીવને કેમ કહો છો કે,
પક્ષીની પેઠે તું તારા પર્વત ઉપર
ઉડી જા?
૨ કેમકે, જુઓ, દુષ્ટો ધનુષ્ય તાણે છે,
પણછ પર બાણ સિદ્ધ કરે છે,
કે તેઓ અંધારામાં હૃદયના યથા-
ર્થીને મારે.
૩ જો પાયાનો નાશ થાય
તો ન્યાયી શું કરી શકે?
૪ યહોવાહ પોતાના પવિત્રસ્થાનમાં
છે,
યહોવાહનુ રાજ્યાસન આકાશમાં છે:
મનુષ્યપુત્રોને તેની આંખો જુએ છે
તથા તેનાં પોપચાં પારખે છે
૫ યહોવાહ ન્યાયીઓને પારખે છે
પણ દુષ્ટથી તથા જુલમ ઇચ્છનારથી
તેનો જીવ કંટાળે છે
૬ તે દુષ્ટો પર પાશનો વરસાદ
વરસાવશે
અગ્નિ તથા ગંધક તથા ઉનો વાયુ,
એ તેઓના વાટકાનો ભાગ થશે.
૭ કેમકે યહોવાહ ન્યાયી છે તે
ન્યાયીપણાને ચાહે છે
યથાર્થી તેનુ મ્હો જોશે.

સાંજની પ્રાર્થના.

૧૨ હે યહોવાહ, બચાવ કર. કેમકે
ધાર્મિકો ખુટે છે,
માણસોના દીકરાઓમાંથી વિશ્વાસુ
ઘટી જાય છે.
૨ પ્રત્યેક પોતાના પડોસી આગળ
મિથ્યા વાત બોલે છે.
ખુશામતિયા હોઠ તથા ઢોંગી હૃદયથી
તેઓ બોલે છે.
૩ યહોવાહ સર્વ ખુશામતિયા હોઠનો
તથા વડાઈ કરનારી જીભોનો નાશ
કરશે
૪ તેઓએ એવું કહ્યુ છે કે, અમારી
જીભથી અમે જીતીશું:
અમારા હોઠ અમારા પોતાના છે,
અમારો ધણી કોણ છે?
૫ ગરીબોને લૂટયાને લીધે તથા
દરિદ્રીના નિસાસાને લીધે,

હવે હું ઉઠીશ, એમ યહોવાહ કહે છે:
અને જેને તેઓ તુચ્છકારે છે તેને
હું સલામતીમાં રાખીશ.
૬ યહોવાહના શબ્દો શુદ્ધ શબ્દો છે,
જમીન પરની ભઠ્ઠીમાં પરખેલુ રૂપુ,
જે સાત વાર નિર્મળ કરેલુ તેના
જેવા તેઓ છે.
૭ હે યહોવાહ, તું તેઓને સંભાળશે,
આ પેઢીથી તું સદા તેઓનું રક્ષણ
કરશે.
૮ મનુષ્યપુત્રોમાં જ્યારે લુચ્ચાઈને
માન મળે છે,
ત્યારે દુષ્ટો ચારોગમ ફરતા હોય છે.

૧૩ હે યહોવાહ, ક્યાં સુધી? શુ તું
મને સદા વિસરી જઈશ?
તુ ક્યાં સુધી તારૂં મુખ મારાથી
ફેરવીશ?
૨ આખો દિવસ મારા હ્રદયમાં શોકા-
તુર છતાં,
હુ ક્યાં સુધી મારા જીવની સાથે
મસલત કરીશ?
ક્યાં સુધી મારા શત્રુનુ મારા પર
ચઢી વાગશે?
૩ હે યહોવાહ, મારા દેવ, ધ્યાન
દઈને મને ઉત્તર દે:
મારી આંખોને પ્રકાશિત કર, રખે
હું મરણની ઉંઘમાં પડું:
૪ રખે મારો શત્રુ કહે, હું તેના પર
જીત પામ્યો છું:
અને હું લથડું ત્યારે મારા શત્રુઓ
હરખાય.
૫ પરંતુ મે તારી કૃપા પર ભરોસો
કીધો છે:
તારા તારણમાં મારૂ હ્રદય હરખાશે.
૬ હું યહોવાહની આગળ ગાયન
કરીશ,
કેમકે તે મારા પર મહેરબાન થયો
છે.

૧૪ મૂર્ખે પોતાના મનમાં કહ્યુ છે
કે, દેવ છેજ નહિ.
તેઓ પતિત છે, તેઓએ અમંગળ
કામ કર્યાં છે.
સારૂં કરનાર કોઈ નથી.
૨ કોઈ સમજનાર ને કોઈ દેવને
શોધનાર છે કે નહિ તે જોવાને
યહોવાહે આકાશમાંથી મનુષ્યપુત્રો
ઉપર જોયું.
૩ તેઓ સર્વ ભટકી ગયા છે, તેઓ
એકત્ર મલીન થયા છે:
સારૂ કરનાર કોઈ નથી, ના, એક
પણ નથી.
૪ શુ સર્વ ભુંડું કરનારાને કંઈ જ્ઞાન
નથી?
જાણે કે તેઓ રોટલા ખાતા હોય,
તેમ તેઓ મારા લોકને ખાઈ
જાય છે,
ને યહોવાહને વિનંતી કરતા નથી.
૫ ત્યાં તેઓ બહુ ભયભિત થયા:
કેમકે દેવ ન્યાયીઓના વશમાં છે.
૬ તમે ગરીબની સલાહને લજાવો છો,
પણ યહોવાહ તેનો આશરો છે.

૭ સિયોનમાંથી ઇસ્રાએલનું તારણ
આવ્યું હોત તો કેવું સારૂં !
યહોવાહ પોતાના લોકનું દાસત્વ
પાછું વાળશે,
ત્યારે યાકૂબ હરખાશે ને ઇસ્રાએલ
આનંદ કરશે.

ત્રીજો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૫ હે યહોવાહ, તારા મંડપમાં
કોણ વાસો કરશે ?
તારા પવિત્ર પર્વતમાં કોણ વસશે ?
૨ જે સાધુશીલપણે વર્તે છે, ને
ન્યાયીપણું કરે છે,
ને પોતાના હૃદયમાં સત્ય બોલે છે, તે.
૩ જે પોતાની જીભે ચાડી કરતો
નથી,
તથા પોતાના મિત્રનું ભુંડું કરતો
નથી;
ને પોતાના પડોસી પર તોહોમત
મેલતો નથી:
૪ જેની દૃષ્ટિમાં પાજી માણસ
ધિક્કારપાત્ર છે:
પણ જે યહોવાહથી બીનારાઓને
માન આપે છે,
ને જે પોતાના હિત વિરૂદ્ધ સોગન
ખાઇને ફરી જતો નથી:
૫ જે વ્યાજે પોતાનાં નાણાં મૂકતો
નથી,
ને જે નિરપરાધી વિરૂદ્ધ લાંચ લેતો
નથી:
એવાં કામ કરનાર કદી ડગશે નહિ.

૧૬ હે દેવ, મારૂં રક્ષણ કર: કેમકે
હું તારા પર ભરોસો રાખું છું.
૨ મેં યહોવાહને કહ્યું છે કે, તું મારો
પ્રભુ છે
તારા વગર મારૂં કંઈ હિત નથી.
૩ જે પવિત્રો પૃથ્વી પર છે,
તેઓ તો ઉત્તમ છે, ને તેઓમાં
મારો સર્વ હર્ષ છે.
૪ જેઓ યહોવાહને બદલે બીજો
દેવ માને છે, તેઓના ખેદ વધી
જશે
રક્તનાં તેઓનાં પેયાર્પણ હું નહિ
ચઢાવીશ,
ને મારા હોઠો પર તેઓનાં નામ
નહિ લઈશ.
૫ યહોવાહ મારા વારસાનો તથા
વાટકાનો ભાગ છે·
તું મારા હિસ્સાનો આધાર છે.
૬ મારા વિભાગ આનંદદાયક ઠેકાણે
પડયા છે·
હા, મને સુશોભિત વારસો મળ્યો છે.
૭ યહોવાહ જેણે મને બોધ દીધો છે,
તેને હું સ્તુત્ય માનીશ:
હા, મારૂં અંતઃકરણ મને રાતની
વખતે શિખવે છે.
૮ મેં પોતાની સન્મુખ યહોવાહને
નિત્ય રાખ્યો છે:
તે મારે જમણે હાથે છે, માટે હું
ખસેડાઈશ નહિ.
૯ એ માટે મારૂં હૃદય આનંદિત છે,
ને મારૂં ગૌરવ હરખાય છે:
મારૂં માંસ પણ સલામતીમાં રહેશે.

૧૦ કેમકે તું મારો આત્મા શેઓલને
નહિ સોંપીશ,
ને તારા પવિત્રને કહોવાણ જોવા
નહિ દઈશ.
૧૧ તું મને જીવનનો માર્ગ જણાવીશ :
તારી સન્મુખ આનંદની સંપૂર્ણતા
છે :
તારા જમણા હાથમાં અનંતકાળ
સુધી સુખદાયક વાનાં છે.

૧૭ હે યહોવાહ, ન્યાય સાંભળ,
મારી હાંકને ધ્યાન આપ :
મારી પ્રાર્થના તરફ કાન ધર, તે
કપટી હોઠોમાંથી નિકળતી નથી.
૨ તારી હજુરથી મારો ઇન્સાફ
નિકળે
તારી આંખો યથાર્થપણાને જુએ.
૩ તેં મારા હ્રદયને પરખ્યુ છે: તેં
રાત્રે મારી ખબર લીધી છે
તેં મારી પરીક્ષા કીધી છે, ને મારામાં
તને કંઈ કુધારણા મળી નહિ :
મારૂં મુખ ઉલ્લંઘન કરશે નહિ.
૪ માણસોનાં કૃત્ય વિષે બોલું તો
તારા હોઠના શબ્દ વડે
મેં સંહારકના માર્ગોથી પોતાને
સભાળ્યો છે.
૫ મારાં પગલાં તારા માર્ગોમાં સ્થિર
રહ્યાં છે,
મારા પગ લપસી ગયા નથી.
૬ મે તને વિનંતી કીધી છે, કેમકે
હે દેવ, તું મને જવાબ દઈશ :
મારી તરફ કાન ધર, ને મારૂં બોલવું
સાંભળ.
૭ જેઓ તારા પર ભરોસો રાખે છે
તેઓને તારા જમણા હાથ વડે
તેમની સામે ઉઠનારાઓથી બચાવ-
નાર, તું તારી અદ્‌ભૂત દયા દેખાડ.
૮ આંખની કીકીની પેઠે મને
સભાળ,
તારી પાંખોની છાયા તળે મને
સંતાડ.
૯ મારો નાશ કરનાર દુષ્ટો
કે જેઓ મારા ઘાતકી વૈરીઓ છે,
ને મને ચોપાસ ઘેરે છે, તેઓથી
મને સંતાડ.
૧૦ તેઓએ પોતાના હ્રદયને બંધ
કર્યું છે.
પોતાને મુખે તેઓ ગર્વથી બોલે છે.
૧૧ તેઓએ હાલ અમને ડગલે ડગલે
ઘેર્યા છે
તેઓ અમને ભૂમિ પર પાડી નાખ-
વાને પોતાની આંખોએ તાકી
રહ્યા.
૧૨ તે શિકારના ભૂખ્યા સિહના જેવો,
ને ગુપ્તમાં બેઠલા સિહના બચ્ચાના
જેવો છે.
૧૩ હે યહોવાહ, ઉઠ,
તેની સામે થા, તેને પાડી નાખ.
તારી તરવાર વડે ભુંડાથી મારા
જીવને છોડાવ :
૧૪ હે યહોવાહ, તારા હાથ વડે
માણસોથી
તથા આ દુનિયાનાં માણસોથી
છોડાવ, કે જેઓનો ભાગ આ
જીંદગીમાં છે,

ને જેઓનુ પેટ તું તારા દ્રવ્યથી ભરે છે:
તેઓ છોકરાં વડે સંતુષ્ટ થાય છે,
અને પોતાની બાકી રહેલી મિલકતનો વારસો પોતાનાં બાળકોને માટે મૂકી જાય છે.
૧૫ પણ હું તો તારૂં મુખ ન્યાયીપણામાં જોઈશ:
હુ જાગીશ ત્યારે તારી પ્રતિમાથી સંતુષ્ટ થઈશ.

સાંજની પ્રાર્થના.

૧૮ હે યહોવાહ, મારા સામર્થ્ય, હુ તારા પર પ્રીતિ રાખું છુ.
૨ યહોવાહ મારો ખડક તથા મારો કિલ્લો તથા મારો બચાવનાર છે,
મારો દેવ, મારો ગઢ, તે પર હુ ભરોસો રાખીશ:
તે મારૂ બખ્તર, મારા તારણનું શિંગ ને મારો ઉચો બુરૂજ છે.
૩ યહોવાહ જે સ્તુતિપાત્ર છે, તેને હું હાંક મારીશ·
એમ હું મારા શત્રુઓથી બચી જઈશ.
૪ મરણનાં બંધનોએ મને ઘેર્યો,
અને દુષ્ટપણાના મોજાઓએ મને બિહીવડાવ્યો.
૫ શેઓલનાં બંધનોએ મને ઘેરો ઘાલ્યો:
મરણના પાશો મારા ઉપર આવી પડયા.
૬ મારા સંકટમાં મેં યહોવાહને વિનંતી કીધી,
ને મારા દેવને હાંક મારી:
તેણે પોતાના પવિત્રસ્થાનમાંથી મારો ઘાંટો સાંભળ્યો,
ને તેની આગળ મારી હાંક તેને કાને પહોચી.
૭ ત્યારે પૃથ્વી હાલી તથા કાંપી,
વળી પર્વતોના પાયા ખસી ગયા તથા હાલ્યા, કેમકે તે રોષિત હતો.
૮ તેનાં નસ્કોરાંમાંથી ધુમાડો ચઢયો,
ને તેના મુખમાંથી ખાઈ જનાર અગ્નિ નિકળ્યો:
તેથી કોયલા સળગી ઉઠયા.
૯ વળી તે આકાશોને નમાવીને ઉતર્યો:
ને તેના પગ તળે ઘોર અંધકાર હતો,
૧૦ અને તે કરૂબ ઉપર સ્વારી કરીને ઉડયો:
ને વાયુની પાંખો પર ઝડપથી ઉડયો:
૧૧ તેણે અંધકારને પોતાને માટે સતાવાની જગ્યા તથા પોતાની આસપાસ આચ્છાદન બનાવ્યું:
એટલે મેઘજળનો અંધકાર, અંતરિક્ષનાં ઘાડાં વાદળ.
૧૨ તેની સામેના પ્રકાશથી તેનાં ઘાડાં વાદળ જતાં રહ્યાં,
કરાં તથા અગ્નિના અંગારા પડ્યા.
૧૩ યહોવાહે આકાશમાં ગર્જના પણ કીધી,
અને પરાત્પરે પોતાનો ઘાંટો કાઢયો:
કરાં તથા અગ્નિના અંગારા પડયા.
૧૪ અને તેણે બાણો મારીને તેઓને વિખેરી નાખ્યા:

વળી તેણે વિજળીઓ મોકલીને
તેમને થથરાવી નાખ્યા :
૧૫ ત્યારે, હે યહોવાહ, તારી ધમકીથી,
તારાં નસ્કોરાંના શ્વાસના ઝપાટાથી,
પાણીનાં તળીઆં દેખાયાં,
ને જગતના પાયા ઉઘાડા થયા.
૧૬ તેણે ઉપરથી મોકલીને મને ઝાલી
લીધો.
તેણે ઘણાં પાણીમાંથી મને કાઢયો.
૧૭ તેણે મારા બળવાન શત્રુથી ને
મારા દ્વેષીઓથી મને બચાવ્યો,
કેમકે તેઓ મારા કરતાં જોરાવર
હતા.
૧૮ મારી વિપત્તિને દિવસે તેઓ મારા
પર તુટી પડયા.
પણ યહોવાહ મારો આધાર હતો.
૧૯ વળી તે ખુલ્લી જગ્યામાં મને
કાઢી લાવ્યો
તેણે મને છોડાવ્યો, કેમકે તે મારા
પર પ્રસન્ન હતો.
૨૦ યહોવાહે મારા ન્યાયીપણા પ્રમાણે
મને પ્રતિદાન આપ્યું.
તેણે મારા હાથની શુદ્ધતા પ્રમાણે
મને પાછું વાળી આપ્યું છે.
૨૧ કેમકે મે યહોવાહના માર્ગ પાળ્યા
છે,
ને ભુંડાઈ કરીને મારા દેવથી હટી
ગયો નથી.
૨૨ કેમકે તેનાં સર્વ ન્યાયકૃત્યો મારી
સન્મુખ હતાં,
ને મે તેના વિધિ મારી પાસેથી દૂર
ન કીધા.
૨૩ વળી હું તેની આગળ પૂર્ણ હતો,
ને મે મારા અન્યાયથી પોતાને
સંભાળ્યો.
૨૪ એ માટે યહોવાહે મારા ન્યાયી-
પણા પ્રમાણે,
ને તેની નજરમાં મારા હાથની
શુદ્ધતા પ્રમાણે મને પ્રતિદાન
દીધુ છે.
૨૫ કૃપાળુની સાથે તુ કૃપાળુ દેખાઈશ :
ને પૂર્ણ માણસની સાથે તું પૂર્ણ
દેખાઈશ.
૨૬ શુદ્ધની સાથે તું શુદ્ધ દેખાઈશ :
ને હઠીલાની સાથે તું હઠીલો દેખાઈશ.
૨૭ કેમકે તુ દુ:ખિતોને બચાવીશ.
પણ મગરૂર આંખોને તું નીચી
નમાવીશ
૨૮ કેમકે તુ મારો દીવો સળગાવીશ
યહોવાહ મારો દેવ મારા અંધકારને
પ્રકાશિત કરશે
૨૯ કેમકે તારાથી હુ પલટણ ઉપર
ધસી પડું છું :
ને મારા દેવથી હું કોટ કુદી જાઉ છું.
૩૦ દેવનો માર્ગ તો પૂર્ણ છે :
યહોવાહનો શબ્દ પરખેલો છે :
જે સઘળા તેના પર ભરોસો રાખે છે
તેઓની ઢાલ તે છે.
૩૧ કેમકે યહોવાહ વિના દેવ કોણ છે?
ને અમારા દેવ વિના ગઢ કોણ છે?
૩૨ તે દેવ મારી કમરે સામર્થ્ય બાંધે
છે,

ને મારો માર્ગ સાધો કરે છે.
૩૩ તે મારા પગ હરણીના પગ જેવા
કરે છે.
ને મારાં ઉચ્ચસ્થાનો પર મને સ્થાપે
છે.
૩૪ તે મારા હાથોને લડતાં શિખવે
છે:
તેથી મારા હાથ પિત્તળનુ ધનુષ્ય
તાણે છે.
૩૫ વળી તેં તારા તારણની ઢાલ મને
આપી છે
ને તારે જમણે હાથે મને ઉચકી
રાખ્યો છે,
ને તારી નિધબાનીએ મને મોટો
કીધો છે.
૩૬ તેં મારાં પગલાં હેઠળ જગ્યા
ખુલ્લી કરી છે,
ને મારા પગ સરકી ગયા નથી.
૩૭ હુ મારા શત્રુઓની પછવાડે લાગીને
તેઓને પકડી પાડીશ.
ને તેઓનો નાશ થાય, ત્યાં સુધી હુ
પાછો ફરીશ નહિ.
૩૮ હુ તેઓને એવા વિંધી નાખીશ કે
તેઓ ઉઠી ન શકે:
તેઓ મારા પગ તળે પડી જશે.
૩૯ કેમકે તે યુદ્ધને સારૂ મારી કમરે
સામર્થ્ય બાંધ્યું છે:
મારી સામે ચઢનારાને તે મારે તાબે
કીધા છે.
૪૦ વળી તેં મારા શત્રુઓની પીઠ
મારી તરફ ફેરવાવી છે,
કે મારા દ્વેષીઓનો હૂ નાશ કરૂં.
૪૧ તેઓએ હાંક મારી, પણ બચાવ-
નાર કોઈ નહોતો:
હા, યહોવાહને વિનતી કીધી, પણ
તેણે તેઓને ઉત્તર દીધો નહિ.
૪૨ ત્યારે મેં તેઓને પવન આગળની
ધૂળના જેવા બારીક ખાંડયા:
રસ્તાના કાદવની પેઠે મેં તેઓને
ફેકી દીધા.
૪૩ લોકના વિવાદોથી તે મને છોડાવ્યો
છે.
તું મને વિદેશીઓનો ઉપરી કરીશ:
જે લોકોને હુ ઓળખતો નહોતો
તેઓ મારી તાબેદારી કરશે.
૪૪ મારે વિષે સાભળતાંજ તેઓ મારૂ
માનશે
પારકા લોક મારે શરણે આવશે.
૪૫ પારકા લોકનો ક્ષય થશે,
ને તેઓ પોતાના કિલ્લાઓમાંથી
ધ્રુજતા આવશે.
૪૬ યહોવાહ જીવે છે: ને મારા ખડ-
કને ધન્ય હો:
ને મારા તારણનો દેવ ઉત્તમ
મનાઓ:
૪૭ એટલે જે દેવ મારૂ વૈર વાળે છે,
ને લોકોને મારા હાથ તળે વશ કરે
છે તેને.
૪૮ તે મારા શત્રુઓથી મને છોડાવે
છે:
હા, મારી સામે ઉઠનારા પર તું મને
ઉચો કરે છે:
તું બળાત્કાર કરનાર માણસથી મને
બચાવે છે.

૪૯ એ માટે, હે યહોવાહ, હુ વિદેશી-
ઓમાં તારી ઉપકારસ્તુતિ કરીશ,
ને તારા નામનાં સ્તોત્ર ગાઈશ.
૫૦ તે પોતાના રાજાને મોટુ તારણ
આપે છે:
ને પોતાના અભિષિક્ત ઉપર,
એટલે દાઊદ તથા તેનાં સતાન પર,
સદા સર્વકાળ સુધી મેહેરબાની
રાખે છે.

ચોથો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૯ આકાશો દેવનુ ગૌરવ જાહેર
કરે છે
ને અંતરિક્ષ તેના હાથનુ કામ
દર્શાવે છે.
૨ દહાડો દહાડાને વચન કહે છે,
ને રાત રાતને જ્ઞાન પ્રગટ કરે છે.
૩ વચન પણ નથી અને શબ્દો પણ
નથી·
તેઓની વાણી સભળાતી નથી
૪ તેઓનો વિસ્તાર આખા પૃથ્વીમાં છે,
ને જગતના છેડા સુધી તેઓના શબ્દ
પસરેલા છે,
તેઓમાં તેણે સૂર્યને સારૂ મડપ ઉભો
કીધો છે.
૫ તે પોતાના ઓરડામાંથી નિકળતા
વર જેવો છે,
ને બળવાન માણુસની પેઠે તે પોતાની
દોડ મારવામાં હરખાય છે.
૬ આકાશને છેડથી તે નિકળી આવે
છે,
ને તેનુ પરિવર્તન તેના છેડાઓ
સુધી છે:
ને તેની ઉષ્ણુતાથી કંઈ છુપાયલુ
નથી.
૭ યહોવાહનો નિયમ સપૂર્ણ છે, તે
આત્માને ફેરવી લાવે છે·
યહોવાહની સાક્ષી વિશ્વાસયોગ્ય છે,
તે અબુદ્ધને બુદ્ધિવાન કરે છે.
૮ યહોવાહના વિધિઓ યથાર્થ છે,
તેઓ હૃદયને આનદ આપે છે
યહોવાહની આજ્ઞા નિર્મળ છે, તે
આંખોને પ્રકાશ આપે છે.
૯ યહોવાહનુ ભય શુદ્ધ છે. તે સર્વકાળ
ટકે છે·
યહોવાહનાં ન્યાયકૃત્યો સત્ય તથા
તદ્દન ન્યાયી છે.
૧૦ તેઓ સોના, હા, ઘણા ચોખ્ખા
સોના કરતા પસદ કરવાયોગ્ય છે
મધ, હા, મધુકોષના ટીપાં કરતાં
તેઓ મીઠાં છે
૧૧ વળી તેઓથી તારો સેવક ચેત-
વણી પામે છે.
તેઓને પાળવામાં મોટુ પ્રતિદાન છે
૧૨ કોણ પોતાની ચૂકો ઓળખી શકે?
ગુપ્ત દોષથી તુ મને નિરપરાધી કર.
૧૩ વળી ગર્વયુક્ત પાપથી તું તારા
સેવકને અટકાવ
તેઓ મારા ઉપર રાજ્ય ન કરે:
ત્યારે હુ પૂર્ણ થઈશ.
ને મોટા ઉલ્લંઘનથી નિરપરાધી
થઈશ.

૧૪ હે યહોવાહ, મારા ખડક તથા મને ખંડી લેનાર,
મારા મુખના શબ્દો તથા મારા હૃદયના વિચારો તારી આગળ માન્ય થાઓ.

૨૦

સંકટના દિવસમાં યહોવાહ તને ઉત્તર આપો:
યાકૂબના દેવનું નામ તને ઉંચો કરો
૨ પવિત્રસ્થાનથી તને સાહ્ય મોકલો,
ને સિયોનમાંથી તને બળ આપો
૩ તારાં સર્વ અર્પણોનું સ્મરણ કરો,
ને તારૂં દહનીયાર્પણ માન્ય કરો.
૪ તારા હૃદયની ઇચ્છા પ્રમાણે તને આપો,
ને તારો સઘળો ઇરાદો પૂરો કરો.
૫ તારા તારણમાં અમે ઉત્સાહ કરીશુ,
ને આપણા દેવને નામે આપણી ધ્વજા ચઢાવીશું.
યહોવાહ તારી સર્વ અરજો સ્વીકારો
૬ હવે હુ જાણુ છુ કે યહોવાહ પોતાના અભિષિક્તને તારે છે:
તે પોતાના શુદ્ધ આકાશમાંથી
પોતાના જમણા હાથની તારકશક્તિથી તેને ઉત્તર આપશે.
૭ કોઈ રથ પર ભરોસો રાખે છે ને કોઈ ઘોડા પર:
પણ આપણે યહોવાહ આપણા દેવના નામનુ સ્મરણ કરીશું.
૮ તેઓ નમીને પડી ગયા છે:
પણ આપણે ઉઠીને ઉભા થયા છીએ.
૯ હે યહોવાહ, તારણ કર:
અમે વિનતી કરીએ ત્યારે રાજા અમને ઉત્તર આપો.

૨૧

હે યહોવાહ, તારા સામર્થ્યમાં રાજા હરખાશે:
ને તારા તારણમાં તે કેટલો બધો આનદ કરશે!
૨ તે તેના હૃદયની ઇચ્છા પ્રમાણે તેને આપ્યુ છે,
ને તેના હોઠની અરજીનો નકાર તેં કીધો નથી.
૩ કેમકે હિતના આશીર્વાદોથી તું તેની સામે જાય છે:
તું ચોખ્ખા સોનાનો મુગટ તેના માથા પર મૂકે છે.
૪ તેણે તારી પાસેથી જીવતદાન માગ્યુ, તે તે તેને દીધુ,
એટલે સદા સર્વકાળ સુધી દિવસોની દીર્ઘતા દીધી.
૫ તારા તારણમાં તેનુ ગૌરવ મોટું છે:
તું માન તથા મહિમા તેના પર મૂકે છે.
૬ કેમકે તું સદાને માટે તેને અતિ આશીર્વાદિત કરે છે:
તું તારી હજુરમાં હર્ષથી તેને આનંદિત કરે છે.
૭ કેમકે રાજા યહોવાહ પર ભરોસો રાખે છે,
ને પરાત્પરની કૃપાથી તે ડગશે નહિ.
૮ તારા સર્વ શત્રુઓ તારે હાથ લાગશે:

તારો જમણો હાથ તારા દ્વેષીઓને
શોધી કાઢશે.
૯ તું તારા રોષને સમયે તેઓને બળતી
ભઠ્ઠી જેવા કરીશ.
યહોવાહ પોતાને કોપે તેઓને ગળી
જશે,
અને અગ્નિ તેઓને ખાઈ જશે.
૧૦ પૃથ્વી પર તેઓનું ફળ
તથા મનુષ્યપુત્રોમાંથી તેઓનાં
સંતાન તું નષ્ટ કરીશ.
૧૧ કેમકે તેઓએ તારી વિરૂદ્ધ ભુડું
ધાર્યું :
તેઓએ એવી યુક્તિ કલ્પી કે જે
તેઓ અમલમાં લાવી શકતા નથી.
૧૨ કેમકે તું તેઓની પીઠ ફેરવાવીશ,
તું તારી પણછથી તેઓનાં મુખ
સામે તૈયારી કરીશ.
૧૩ હે યહોવાહ, તું પોતાને સામર્થ્યે
ઉચો થા :
એમ અમે તારા પરાક્રમનાં સ્તોત્ર
ગાઇને સ્તવન કરીશું.

સાંજની પ્રાર્થના.

૨૨ હે મારા દેવ, મારા દેવ, તેં
મને કેમ મૂકી દીધો છે?
મારી સાહ્ય કરવાથી તથા મારા
વિલાપના શબ્દોથી તું કેમ એટલો
છેટો છે?
૨ હે મારા દેવ, હું દહાડે હાંક મારૂં
છું, પણ તું ઉત્તર દેતો નથી :
ને રાત્રે પણ હાંક મારૂં છું, પણ મને
આરામ મળતો નથી.
૩ તો પણ, હે ઇસ્રાએલનાં સ્તોત્ર પર
બિરાજનાર,
તું પવિત્ર છે.
૪ તારા પર અમારા પિતૃઓએ
ભરોસો રાખ્યો હતો :
તેઓએ ભરોસો રાખ્યો હતો ને તેં
તેઓને છોડાવ્યા.
૫ તેઓએ તને હાંક મારી, ને બચાવ
પામ્યા :
તેઓએ તારા પર ભરોસો રાખ્યો,
ને લજવાયા નહિ.
૬ પણ હું કીડો છું, ને માણસ નથી:
માણસોથી ધિક્કાર પામેલો ને લોકોથી
તુચ્છ કરાએલો છું.
૭ જેઓ મને જુએ છે તેઓ બધા
મારી હાંસી કરે છે
તેઓ મ્હો મરડે છે, તેઓ ડોકું
ધુણાવીને કહે છે,
૮ તું યહોવાહના હાથમાં પોતાને
સોંપ ; તે તેને છોડાવે
તે તેના પર રાજી છે, માટે તે તેને
બચાવે.
૯ પણ તું મને ઉદરમાંથી બહાર
લાવનાર છે :
મારી માને હું ધાવતો હતો ત્યારથી
તેં મારામાં ભરોસો ઉપજાવ્યો.
૧૦ જન્મથી હું તારા હાથમાં સોંપા-
યલો હતો :
મારી માના પેટથી તું મારો દેવ છે.
૧૧ મારાથી આઘો ન થા, કેમકે સંકટ
પાસે છે :
ને સાહ્ય કરનાર કોઈ નથી.

૧૨ ઘણા ગોધાઓએ મને ઘેરી લીધો છે:
બાશાનના બળવંત ગોધાઓ મારી
આસપાસ ફરી વળ્યા છે.
૧૩ ફાડી ખાનાર તથા ગર્જનાર સિહની
પેઠે
તેઓ મારી સામે પોતાનુ મ્હો
વકાસે છે.
૧૪ હું પાણીની પેઠે રેડાયો છું,
ને મારાં સર્વ હાડકાં ખસી ગયાં છે:
મારૂં હૃદય મીણના જેવુ છે,
તે મારાં આંતરડાં મધ્યે પિગળી
ગયું છે.
૧૫ મારૂ બળ ઠિકરીની પેઠે સુકાઈ
ગયું છે:
ને મારાં જડબાં સાથે મારી જીભ
ચોંટી જાય છે:
ને તેં મને મરણની ધૂળમાં બેસાડયો
છે.
૧૬ કેમકે કુતરા મારી આસપાસ
આવ્યા છે:
ભુંડાઓની સભાએ મને ઘેર્યો છે.
તેઓએ મારા હાથ તથા મારા પગ
વિંધ્યા.
૧૭ હું મારાં સર્વ હાડકાં ગણી શકું છું:
તેઓ મને ધારીને જુએ છે.
૧૮ તેઓ માહોમાંહે મારાં લુગડાં
વહેંચી લે છે:
ને મારાં વસ્ત્રને માટે તેઓ ચિઠ્ઠી
નાખે છે.
૧૯ પણ, હે યહોવાહ, તું દૂર ન થા:
હે મારા આશ્રય, મારી મદદે ધા.
૨૦ મારા આત્માને તરવારથી,
ને મારા પ્રિયને કુતરાના કબજા-
માંથી છોડાવ.
૨૧ સિહના મ્હોમાંથી મને બચાવ:
હા, તે જંગલી ગોધાનાં શિંગોથી મને
બચાવીને ઉત્તર આપ્યો છે.
૨૨ હુ મારા ભાઈઓને તારૂ નામ પ્રગટ
કરીશ,
મંડળી મધ્યે હુ તારી સ્તુતિ કરીશ.
૨૩ યહોવાહથી બિહીનારાઓ, તેની
સ્તુતિ કરો,
યાકૂબનાં સર્વ સતાન, તેને ગૌરવ
આપો:
ને ઇસ્રાએલનાં સર્વ સંતાન, તેનુ
ભય રાખો.
૨૪ કેમકે તેણે દુ.ખિતોના દુઃખને તુચ્છ
ગણ્યુ નથી ને તેથી કંટાળ્યો નથી:
ને તેનાથી પોતાનું મુખ ફેરવ્યુ નથી:
પણ એણે તેને હાંક મારી ત્યારે તેણે
સાંભળ્યું.
૨૫ તારાથી મોટી મંડળીમાં મારી સ્તુતિ
થાય છે:
તેનાથી બિહીનારાની આગળ હુ
મારી માનતા પૂરી કરીશ.
૨૬ દરિદ્રીઓ ખાશે ને તૃપ્ત થઈ જશે:
યહોવાહને શોધનારા તેની સ્તુતિ
કરશે:
તમારૂં હૃદય સર્વકાળ જીવો.
૨૭ પૃથ્વીની સર્વ સીમો સંભારશે, ને
યહોવાહની ભણી ફરશે:
ને વિદેશીઓનાં સર્વ કુટુંબો તારી
આગળ પ્રણામ કરશે.
૨૮ કેમકે રાજ્ય યહોવાહનું છે:

ને વિદેશીઓ ઉપર રાજ્ય કરનાર
તે છે.
૨૯ પૃથ્વીના સર્વ પુષ્ટો ખાશે તથા
પ્રણામ કરશે :
જેઓ ધૂળમાં જનારા છે,
એટલે જેઓ પોતાના જીવને બચાવી
શકતા નથી,
તેઓ સર્વ તેની આગળ નમશે.
૩૦ તેની સેવા કરે, એવાં સંતાન થશે,
આવતી પેઢીને પ્રભુ વિષે તે કહે-
વામાં આવશે.
૩૧ તેઓ આવશે, અને હવે પછી
જન્મનારા લોકોને
તેનું ન્યાયીપણું પ્રગટ કરશે કે તેણે
તે કીધુ છે.

૨૩ યહોવાહ મારો પાળક છે: મને
કશી ખોટ પડશે નહિ.
૨ તે લીલાં બીડમાં મને સુવાડે છે.
તે શાંત પાણીની પાસે મને દોરી
જાય છે.
૩ તે મારા આત્માને તાજો કરે છે:
પોતાના નામની ખાતર તે મને
ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.
૪ હા, જોકે મરણની છાયાની ખીણમાં
હું ચાલું
તોએ હું કંઈ પણ ભુંડાઈથી બિહીશ
નહિ ; કેમકે તું મારી સાથે છે:
તારી લાકડી તથા તારી છડી મને
દિલાસો દે છે.
૫ મારા શત્રુઓની આગળ તું મારે
વાસ્તે ભાણું તૈયાર કરે છે:
તેં મારા માથા પર તેલ ચોળ્યું છે;
મારો વાટકો ઉભરાઈ જાય છે:
૬ નિશ્ચે મારી જીંદગીના સર્વ દિવ-
સોમાં સત્વ તથા દયા મારી
સાથે આવશે,
ને હુ સદાકાળ સુધી યહોવાહના
ઘરમાં રહીશ.

પાંચમો દિવસ.

સવારની પ્રાર્થના.

૨૪ પૃથ્વી તથા તેનું ભરપૂરપણું
યહોવાહનાં છે:
જગત તથા તેમાં રહેનારાં પણ
તેનાં છે.
૨ કેમકે તેણે સમુદ્ર પર તેનો પાયો
નાખ્યો છે,
ને પ્રવાહો પર તેને સ્થાપિત કીધું છે.
૩ યહોવાહના પર્વત પર કોણ ચઢશે ?
અને તેના પવિત્રસ્થાનમાં કોણ
ઉભો રહેશે ?
૪ જેના હાથ શુદ્ધ છે, ને જેનું હ્રદય
નિર્મળ છે :
જેણે પોતાનું મન વ્યર્થપણામાં
લગાડયું નથી,
ને કપટથી સોગન ખાધા નથી તે
ચઢશે.
૫ તે યહોવાહથી આશીર્વાદ,
ને પોતાના તારણના દેવથી ન્યાયી-
પણું પામશે.
૬ તેને શોધનારાંની પેઢી આ છે,
કે જેઓ, હે યાકૂબના દેવ, તારૂ
મુખ શોધે છે.

૭ હે ભાગળો, તમારાં માથાં ઉંચાં કરો:
ને પુરાતન દ્વારો, તમે ઉંચાં કરાઓ,
એટલે ગૌરવનો રાજા અંદર આવશે.
૮ ગૌરવનો રાજા તે કોણ?
યહોવાહ, જે બળવાન તથા પરાક્રમી,
યહોવાહ, જે યુદ્ધમાં પરાક્રમી, તેજ.
૯ હે ભાગળો, તમારાં માથાં ઉંચાં કરો:
પુરાતન દ્વારો, તમે પણ ઉંચાં કરો:
એટલે ગૌરવનો રાજા અંદર આવશે.
૧૦ આ ગૌરવનો રાજા તે કોણ?
સૈન્યોનો યહોવાહ
તે ગૌરવનો રાજા છે.

૨૫

હે યહોવાહ, હું તારી તરફ મારૂં અંતઃકરણ ઉઠાવું છું.
૨ હે મારા દેવ, મેં તારા પર ભરોસો
રાખ્યો છે, હું ન લજવાઉં:
મારા શત્રુઓ મારા પર જયજયકાર
ન કરે.
૩ હા, તારી વાટ જુએ છે તેઓમાંનો
કોઈ લજવાશે નહિ:
જેઓ વગર કારણે કપટ કરે છે
તેઓ લજવાશે.
૪ હે યહોવાહ, તારા માર્ગ મને
જણાવ:
તારી વાટો વિષે મને શિખવ.
૫ તારા સત્યમાં મને ચલાવ, ને મને
શિખવ:
કેમકે તું મારા તારણનો દેવ છે:
હું આખો દિવસ તારી વાટ જોઉં છું.
૬ હે યહોવાહ, તારી રેહેમ તથા
તારી કૃપાનું સ્મરણ કર:
કેમકે તેઓ અસલથી છે.
૭ મારી જુવાનીનાં પાપ તથા મારાં
ઉલ્લંઘનોનું સ્મરણ ન કર:
હે યહોવાહ, તારી ભલાઈને લીધે
તારી કૃપા પ્રમાણે મને સંભાર.
૮ યહોવાહ ઉત્તમ તથા યથાર્થી છે,
એ માટે તે પાપીઓને માર્ગ વિષે
શિખવશે.
૯ નમ્રને તે ન્યાયમાં દોરશે:
ને નમ્રને તે પોતાનો માર્ગ શિખવશે.
૧૦ જેઓ તેનો કરાર તથા શાક્ષી
પાળે છે તેઓને માટે
યહોવાહની સર્વ વાટો કૃપા તથા
સત્યતા છે.
૧૧ હે યહોવાહ, તારા નામની ખાતર
મારા અન્યાયની ક્ષમા કર, કેમકે
તે મોટો છે.
૧૨ જે યહોવાહથી બિહે છે તે કયું
માણસ છે?
કયો માર્ગ પસંદ કરવો તે તેને તે
શિખવશે.
૧૩ તેનો જીવ સુખમાં રહેશે,
ને તેનાં સંતાન પૃથ્વીનો વારસો
પામશે.
૧૪ યહોવાહનો મર્મ તેનાથી બિહીના-
રાંની પાસે છે,
ને તે પોતાનો કરાર તેઓને જણાવશે.
૧૫ મારી આંખો સદા યહોવાહની તરફ
છે,
કેમકે તે મારા પગ જાળમાંથી કાઢશે.
૧૬ તું મારી ભણી ફર, ને મારા પર
દયા કર,
કેમકે હું એકલો તથા દુઃખી છું.

૧૭ મારા મનનું દુઃખ વધી ગયું છે:
તું મને મારાં સકટમાંથી કાઢ.
૧૮ મારાં દુઃખ તથા વેદના ભણી જોઈને
મારાં સર્વ પાપની ક્ષમા કર.
૧૯ મારા શત્રુઓને જો, કેમકે તેઓ
ઘણા છે:
અને તેઓ ઘાતકી દ્વેષથી મારો દ્વેષ
કરે છે.
૨૦ મારા આત્માને સંભાળ ને મને
છોડાવ:
હુ ન લજવાઉં, કેમકે હુ તારા પર
ભરોસો કરૂં છુ.
૨૧ પ્રમાણિકપણું તથા યથાર્થપણુ મારૂં
રક્ષણ કરો,
કેમકે હુ તારી વાટ જોઉં છુ.
૨૨ હે દેવ, ઇસ્રાએલને
તેનાં સર્વ સંકટમાંથી ખંડી લે.

૨૬ હે યહોવાહ, મારો ન્યાય કર,
કેમકે હુ પ્રમાણિક રીતે વર્ત્યો
છુ:
વળી ડગ્યા વગર મેં યહોવાહ પર
ભરોસો રાખ્યો છે.
૨ હે યહોવાહ, મને તપાસ તથા
પારખ,
મારા અંતઃકરણ તથા હૈયાને કસ.
૩ કેમકે તારી કૃપા મારી આંખ
આગળ છે,
ને હું તારા સત્યમાં ચાલતો આવ્યો
છું.
૪ દુરાચારી માણસોની સાથે હુ બેઠો
નથી,
ને કપટીઓની સાથે હું વહેવાર
રાખીશ નહિ.
૫ ભુંડાઓની મંડળીથી હુ કંટાળું છુ,
ને ભુંડાની સાથે બેસીશ નહિ.
૬ હું નિર્દોષપણામાં મારા હાથ ધોઈશ:
ને એમ, હે યહોવાહ, હું તારી
વેદીની પ્રદક્ષિણા કરીશ:
૭ એ માટે કે હું ઉપકારસ્તુતિનો
અવાજ સંભળાવુ,
ને તારાં સર્વ ચમત્કારી કામ પ્રગટ
કરૂં.
૮ હે યહોવાહ, તારા ઘરનો વાસો
તથા તારા ગૌરવના રહેઠાણની
જગ્યા મને પ્રિય લાગે છે.
૯ પાપીઓની સાથે મારો પ્રાણ
ને ઘાતકી માણસો સાથે મારો જીવ
ન સમેટ:
૧૦ તેઓના હાથમાં ઉપદ્રવ છે,
ને તેઓના જમણા હાથ લાંચથી
ભરેલા છે.
૧૧ પણ હુ તો પ્રમાણિક રીતે વર્તીશ:
મને ખંડી લે, ને મારા પર દયા
રાખ.
૧૨ મારો પગ સપાટ જગ્યામાં મૂકેલો
છે:
મડળીઓમાં હુ યહોવાહને ધન્યવાદ
આપીશ.

સાંજની પ્રાર્થના.

૨૭ યહોવાહ મારૂં અજવાળું તથા
મારૂં તારણ છે:
હું કોનાથી બિહું?

યહોવાહ મારા જીવનું સામર્થ્ય છે :
મને કોનું ભય લાગે ?
૨ જ્યારે કુકર્મીઓ, એટલે મારા વૈરીઓ તથા શત્રુઓ,
મારૂં માસ ખાવાને મારા ઉપર ચઢી આવ્યા, ત્યારે, તેઓ ઠેસ ખાઇને પડી ગયા.
૩ જોકે સૈન્ય મારી વિરૂદ્ધ છાવણી કરે
તોપણ હુ મનમાં ડરીશ નહિ :
જોકે યુદ્ધ મારી વિરૂદ્ધ ઉઠે
તોપણ હું ભરોસો રાખીશ.
૪ યહોવાહ પાસે એક વરદાન મેં માગ્યું છે તે હું શોધીશ .
તે એ કે, યહોવાહની શોભા જોવા તથા તેના મદીરમાં મનન કરવા સારૂ
હું મારી જીદગીના સર્વ દિવસોભર તેના ઘરમાં રહું.
૫ કેમકે સંકટને દિવસે તે પોતાના માંડવામાં મને ગુપ્ત રાખશે .
પોતાના મંડપના આશ્રયમાં તે મને સંતાડશે :
તે મને ખડક ઉપર ચઢાવશે.
૬ અને હવે મારી આસપાસના શત્રુઓ ઉપર મારૂં માથુ ઉંચું કરાશે :
ને હુ તેના મડપમાં હર્ષનાદનાં અર્પણ ચઢાવીશ :
હું ગાઇશ, હા, હુ યહોવાહનાં સ્તોત્ર ગાઇશ.
૭ હે યહોવાહ, હુ મારી વાણીથી હાંક મારૂ છું ત્યારે સાંભળ :
વળી મારા પર દયા કર, ને મને ઉત્તર દે.
૮ મારૂં મુખ શોધ એમ તેં મને કહ્યુ ત્યારે મારા હૃદયે તને કહ્યુ કે,
હે યહોવાહ, તારૂં મુખ હુ શોધીશ.
૯ મારાથી તારૂં મુખ ન ફેરવ :
કોપે કરીને તારા સેવકને કાઢી ન મૂક.
તું મારો સહાયકારી થયો છે :
હે મારા તારણના દેવ, મને દૂર ન કર ને મને ન તજ.
૧૦ મારા બાપે તથા મારી માએ મને તજ્યો છે,
પણ યહોવાહ મને સંઘરશે.
૧૧ હે યહોવાહ, તારો માર્ગ મને શિખવ ·
ને મારા શત્રુઓને લીધે
સપાટ વાટમાં મને દોરી જા.
૧૨ મને મારા વૈરીઓની ઇચ્છાને સ્વાધીન ન કર,
કેમકે જુઠા સાક્ષીઓ તથા બળાત્કારનો શ્વાસ કાઢનારા લોક મારી વિરૂદ્ધ ઉઠયા છે.
૧૩ આ જીવનમાં હુ યહોવાહનો પરોપકાર જોઇશ.
એવો વિશ્વાસ જો મેં કર્યો ન હોત તો હું નિર્ગત થઈ જાત.
૧૪ યહોવાહની વાટ જો :
બળવાન થા, ને તારૂ મન હિમ્મત પકડે :
હા, તું યહોવાહની વાટ જો.

૨૮ હે યહોવાહ, હું તને હાંક મારીશ:
મારા ખડક, મારી તરફ કાન બંધ ન કર,
રખેને જો તું મારી સાથે અણબોલ્યો રહે
તો કબરમાં ઉતરી જનારાના જેવો હું થાઉં.
૨ હું તને હાક મારૂં છું, તથા તારા પરમપવિત્રસ્થાન તરફ મારા હાથ જોડું છું,
ત્યારે મારી યાચનાનો સાદ સાંભળ.
૩ દુષ્ટો તથા કુકર્મીઓ,
કે જેઓ પોતાના પડોશી સાથે શાંતિથી બોલે છે,
પણ જેઓનાં હૃદયમાં ભુંડું છે,
તેઓની સાથે મને ઘસડી ના લઈ જા.
૪ તેઓનાં કૃત્ય પ્રમાણે, ને તેઓનાં કર્મોના દુષ્ટપણા પ્રમાણે તેઓને ફળ આપ
તેઓના હાથનાં કામ પ્રમાણે તેઓને ફળ આપ.
તેઓને યોગ્ય બદલો આપ.
૫ તેઓ યહોવાહના કૃત્યો
તથા તેના હાથનાં કામો લેખવતા નથી,
માટે તે તેઓને તોડી પાડશે ને તેઓને સ્થાપિત નહિ કરશે.
૬ યહોવાહ સ્તુત્ય હો,
કેમકે તેણે મારી યાચનાનો સાદ સાંભળ્યો છે.
૭ યહોવાહ મારૂં સામર્થ્ય તથા મારી ઢાલ છે:
મારા હૃદયે તેના ઉપર ભરોસો રાખ્યો છે ને હું સાહ્ય પામ્યો છું:
માટે મારૂં હૃદય અત્યાનંદ કરે છે:
ને ગાયનથી હું તેની ઉપકારસ્તુતિ કરીશ.
૮ યહોવાહ તેઓનું સામર્થ્ય છે,
ને પોતાના અભિષિક્તને સારૂં તે તારણનો કિલ્લો છે.
૯ તારા લોકને તાર, ને તારા વારસાને આશીર્વાદ દે.
વળી તેઓનું પોષણ કર ને સદા તેઓને ઉચકી રાખ.

૨૯ હે પરાક્રમીઓના પુત્રો, યહોવાહને દો,
ગૌરવ તથા સામર્થ્ય યહોવાહને દો.
૨ યહોવાહના નામનું ગૌરવ તેને દો,
પવિત્રાઈની શોભાએ યહોવાહને ભજો.
૩ યહોવાહનો સાદ પાણી પર ગાજે છે
ગૌરવનો દેવ ગર્જના કરે છે,
હા, યહોવાહ ઘણા પાણી પર ગર્જના કરે છે.
૪ યહોવાહનો સાદ સમર્થ છે:
યહોવાહનો સાદ મહાત્મ્યથી ભરપૂર છે.
૫ યહોવાહનો સાદ એરેજવૃક્ષોને ભાંગી નાખે છે
હા, યહોવાહ લબાનોનનાં એરેજવૃક્ષોના ટુકડે ટુકડા કરી નાખે છે.

૬ વળી તે તેઓને વાછરડાની પેઠે કુદાવે છે:
જંગલી ગોધાના બચ્ચાની પેઠે તે લબાનોન તથા સિરયોનને કુદાવે છે.
૭ યહોવાહનો સાદ અગ્નિની જ્વાળાને ભેદે છે.
૮ યહોવાહનો સાદ અરણ્યને ધ્રુજાવે છે.
યહોવાહ કાદેશના અરણ્યને ધ્રુજાવે છે:
૯ યહોવાહના સાદથી હરણીઓ વ્યાઈ પડે છે,
ને ઝાડીઓ સોરાઈ જાય છે:
ને તેના મંદિરમાં સઘળાં કહે છે કે, ગૌરવ!
૧૦ યહોવાહ જલપ્રલય સમયે બિરાજ્યો હતો:
વળી યહોવાહ સર્વકાળ સુધી રાજા તરીકે બિરાજનાર છે.
૧૧ યહોવાહ પોતાના લોકને સામર્થ્ય આપશે:
યહોવાહ પોતાના લોકને શાંતિનો આશીર્વાદ દેશે

છટ્ઠો દિવસ.

સવારની પ્રાર્થના.

૩૦ હે યહોવાહ, હુ તને મોટો માનીશ, કેમકે તેં મને ખેંચી કાઢયો છે,
ને મારા શત્રુઓને મારા પર હરખ પમાડયો નથી.
૨ હે યહોવાહ મારા દેવ,
મે તને હાંક મારી ને તે મને સાજો કીધો છે.
૩ હે યહોવાહ, તું મારા જીવને શેઓલથી કાઢી લાવ્યો છે:
તેં મને જીવતો રાખ્યો છે કે હુ કબરમાં ઉતરી ન જાઉ.
૪ હે યહોવાહના ભકતો, તેનું સ્તોત્ર ગાઓ,
ને તેના પવિત્ર નામની ઉપકારસ્તુતિ કરો.
૫ કેમકે તેનો કોપ કેવળ ક્ષણિક છે,
પણ તેની મેહેરબાની જીંદગીભર છે:
રૂદન રાત પર્યંત રહે,
પણ સવારમાં હર્ષાનંદ થાય છે.
૬ હુ સુખમાં હતો ત્યારે મેં કહ્યુ,
હુ કદી ડગીશ નહિ.
૭ હે યહોવાહ, તે તારી મેહેરબાનીથી મારા પર્વતને દૃઢ સ્થાપ્યો છે.
તે તારૂં મુખ ફેરવ્યું, ને હુ ગભરાયો.
૮ હે યહોવાહ, મેં તને હાંક મારી,
અને મેં યહોવાહની યાચના કીધી:
૯ એટલે કે હુ કબરમાં ઉતરી જાઉં ત્યારે મારા લોહીમાં શો લાભ છે?
શું ધૂળ તારી સ્તુતિ કરશે? શું તે તારૂ સત્ય પ્રગટ કરશે?
૧૦ હે યહોવાહ, સાંભળ, ને મારા પર દયા કર:
હે યહોવાહ, તું મારો સહાયકારી થા.
૧૧ તેં મારા વિલાપને બદલે મને નૃત્ય આપ્યું છે:
તેં મારૂ ટાટ ઉતારીને ઉત્સાહથી મને વેષ્ટિત કીધો છે:

૧૨ એ માટે કે મારૂં ગૌરવ તારૂં સ્તોત્ર
ગાય, ને ચૂપ ન રહે,
હે યહોવાહ મારા દેવ, હુ સર્વકાળ
તારી ઉપકારસ્તુતિ કરીશ.

૩૧ હે યહોવાહ, હુ તારા પર ભરોસો
રાખું છુ, હું કદી ન લજવાઉં :
તારા ન્યાયીપણાથી મને બચાવ.
૨ મારી તરફ તારો કાન ધર, ઉતા-
વળે મને છોડાવ :
તું મારે વાસ્તે મજબૂત ગઢ તથા
મારા બચાવને વાસ્તે કિલ્લો થા.
૩ કેમકે તુ મારો ખડક તથા મારો
કિલ્લો છે,
માટે તારા નામની ખાતર મને દોર
તથા ચલાવ.
૪ જે જાળ તેઓએ ગુપ્ત રીતે મારે
સારૂ નાખી છે તેમાંથી મને કાઢ,
કેમકે તું મારો દુર્ગ છે.
૫ તારા હાથમા હુ મારો આત્મા
સોંપુ છું.
હે યહોવાહ, સત્યના દેવ, તે મને
ખંડી લીધો છે.
૬ મિથ્યા વાત પર લક્ષ દેનારાઓને
હુ ધિક્કારૂ છુ.
પણ હુ યહોવાહ પર ભરોસો રાખું છુ.
૭ હુ તારી દયામાં આનદ કરીશ તથા
હરખાઈશ,
કેમકે તે મારૂં દુઃખ જોયું છે.
તે મારા આત્માની વિપત્તિઓ
જાણી છે.
૮ અને તેં શત્રુઓના હાથમાં મને કેદ
કીધો નથી :
તેં પોહોળી જગ્યામાં મારા પગ
સ્થાપ્યા છે.
૯ હે યહોવાહ, મારા પર દયા કર,
કેમકે હુ સકટમાં છુ ·
ખેદથી મારી આખ, મારો પ્રાણ
તથા મારૂં શરીર ક્ષીણ થાય છે.
૧૦ કેમકે સંતાપથી મારી જીંદગી તથા
નિસાસાથી મારાં વર્ષ પૂરાં થાય છે :
મારા અન્યાયથી મારૂં બળ ઘટે છે,
ને મારાં હાડકાં ક્ષીણ થાય છે.
૧૧ મારા સઘળા વૈરીઓના કારણથી હુ
મેહેણારૂપ થયો છુ.
હા, મારા પડોસીઓને તો અતિશય
મેહેણારૂપ, ને મારા ઓળખીતા-
ઓને હુ ભયરૂપ થયો છું :
જેઓએ મને બહાર જોયો તેઓ
મારાથી નાસી ગયા.
૧૨ મુએલાની માફક મારૂં સ્મરણ મન-
માંથી લોપ થયુ છે ·
હુ ફુટેલા વાસણ જેવો છુ
૧૩ કેમકે મે ઘણાઓની તરફથી મારી
બદનામી સાંભળી છે :
ચોતરફ ધાસ્તી હતી
તેઓએ ભેગા થઇને મારી વિરૂદ્ધ
મસલત કીધી
ત્યારે મારો જીવ લેવાની યુક્તિ
તેઓએ રચી
૧૪ પણ હે યહોવાહ, મે તારા પર
ભરોસો કીધો
મે કહ્યુ, તું મારો દેવ છે.
૧૫ મારા સમયો તારા હાથમાં છે :
મારા શત્રુઓના હાથમાંથી તથા મને

સતાવનારાઓથી મને છોડાવ.
૧૬ તારા સેવક પર તારા મુખનો પ્રકાશ પાડ :
તારી કૃપાથી મને તાર.
૧૭ હે યહોવાહ, હુ ન લજવાઉં, કેમકે મેં તને વિનતી કીધી છે :
દુષ્ટો લજવાય તથા તેઓ શેઓલમાં ચુપ રહે.
૧૮ જે જુઠા હોઠ ન્યાયીની વિરૂદ્ધ ગર્વથી તથા તિરસ્કારથી મગરૂરી ભરેલી વાત બોલે છે
તેઓ મુગા થાઓ.
૧૯ જે ઉદારતા તેં તારાથી બિહીનારાઓને વાસ્તે રાખી મૂકી છે,
તથા તારા પર ભરોસો રાખનારાઓને વાસ્તે મનુષ્યપુત્રોની આગળ તે કીધી છે, તે કેટલી મોટી છે!
૨૦ માણસની કુયુક્તિઓથી તારી હજુરના આચ્છાદન વડે તું તેઓને ઢાંકી દેશે :
જીભના વિવાદથી તેઓને તું માંડવામાં સંતાડી રાખશે.
૨૧ યહોવાહને ધન્ય છે :
કેમકે તેણે કોટબંધ નગરમાં પોતાની આશ્ચર્યકારક કૃપા મને દેખાડી છે.
૨૨ મેં તો મારી ઉતાવળમાં કહી દીધુ કે, હુ તારી દૃષ્ટિ આગળથી દૂર કરાયો છું :
તોપણ મેં તને હાંક મારી ત્યારે મારા કાલાવાલાનો સાદ તેં સાંભળ્યો.
૨૩ હે યહોવાહના સર્વે ભકતો, તેના પર પ્રીતિ રાખો :
યહોવાહ વિશ્વાસુઓનું રક્ષણ કરે છે, અને અહંકારી કામ કરનારને પુષ્કળ બદલો આપે છે
૨૪ હે યહોવાહની આશા રાખનારા, તમ સર્વે બળવાન થાઓ અને તમારાં હૃદય હિમ્મતવાન થાઓ.

સાંજની પ્રાર્થના.

૩૨ જેનુ ઉલ્લંઘન માફ થયુ છે, તથા જેનું પાપ ઢંકાયુ છે તેને ધન્ય છે.
૨ જેને યહોવાહ અન્યાયી ગણતો નથી,
ને જેના આત્મામાં કંઈ કપટ નથી,
તે માણસને ધન્ય છે
૩ હુ છાનો રહ્યો ત્યારે આખો દિવસ કણવાથી
મારાં હાડકાં જીર્ણ થયાં,
૪ કેમકે રાત દહાડો તારો હાથ મારા ઉપર ભારે હતો,
મારો રસ જાણે કે ઉન્હાળાના સુકાણથી બદલાઈ ગયો.
૫ મેં મારાં પાપ તારી આગળ કબૂલ કીધાં, અને મારો અન્યાય મેં સંતાડ્યો નથી .
મેં કહ્યુ કે, યહોવાહની આગળ હુ મારાં ઉલ્લંઘન કબૂલ કરીશ :
ને તેં મારાં પાપનો અન્યાય માફ કીધો.
૬ એ સારૂ તુ મળે એવે સમયે દરેક ભક્ત તારી પ્રાર્થના કરે :
નિશ્ચે મોટાં પાણીની રેલ ચઢે ત્યારે તે તેને પહોંચશે નહિ.

૭ તું મારી સંતાવાની જગ્યા છે, તું
મને સંકટમાંથી ઉગારીશ.
છુટકાનાં સ્તોત્રથી તું મને ઘેરીશ.
૮ કયે માર્ગે તારે ચાલવું તે હું તને
શિખવીશ તથા બતાવીશ:
મારી નજર તારા પર રાખીને હું
તને બોધ આપીશ.
૯ ઘોડા કે ખચ્ચર જેને કંઈ સમજણ
નથી,
ને જેને કબજે રાખવાને ચોકડા તથા
લગામના સાજની જરૂર છે,
નહિ તો તેઓ તારી પાસે આવે
નહિ, તેમના જેવો તું ન થા
૧૦ દુષ્ટ પર ઘણી વિપત્તિઓ પડશે,
પણ જે યહોવાહ પર ભરોસો રાખે
છે તે કૃપાથી ઘેરાશે
૧૧ હે ન્યાયીઓ, યહોવાહમાં આનંદ
કરો તથા હરખાઓ,
અને, હે હૃદયના યથાર્થીઓ, તમ
સર્વે હર્ષનાદ કરો.

૩૩ હે ન્યાયીઓ, તમે યહોવાહમાં
હરખાઓ·
યથાર્થીઓને સ્તુતિ શોભે છે
૨ વીણાથી યહોવાહની સ્તુતિ કરો,
દસ તારવાળાં વાજાંથી તેનાં સ્તોત્ર
ગાઓ.
૩ તેની આગળ નવું ગીત ગાઓ:
મોટેથી તથા ચાતુર્યથી વાજિંત્ર
વગાડો.
૪ કેમકે યહોવાહનો શબ્દ યથાર્થ છે,
ને તેનાં સર્વ કૃત્યો સત્યતામાં
થાય છે.
૫ તે ન્યાયીપણું તથા ન્યાયકરણ
ચાહે છે:
પૃથ્વી યહોવાહની કૃપાથી ભરપૂર છે.
૬ યહોવાહના શબ્દ વડે આકાશો
તથા તેના મુખના શ્વાસ વડે તેઓનાં
સર્વે સૈન્ય બન્યાં.
૭ તે સમુદ્રનાં પાણીને ઢગલાની માફક
ભેગાં કરે છે
તે ઉડાણોને વખારોમાં ભરી રાખે છે
૮ આખી પૃથ્વી યહોવાહથી બિહો:
દુનિયાના સઘળા રહેવાસીઓ તેનો
ભય રાખો.
૯ કેમકે તે બોલ્યો ને સૃષ્ટિ થઈ·
તેણે હુકમ કીધો, ને તે સ્થાપિત થઈ
૧૦ યહોવાહ વિદેશીઓની મસલત
વ્યર્થ કરે છે
તે દેશજાતિઓની ધારણા નિરર્થક
કરે છે.
૧૧ યહોવાહનો મનસુબો સર્વકાળ,
તથા તેના હૃદયની ધારણા પેઢી દર
પેઢી દૃઢ ટકે છે
૧૨ જે પ્રજાનો દેવ યહોવાહ છે,
ને જે લોકને તેણે પોતાના વારસાને
સારૂ પસંદ કીધા છે, તેઓને
ધન્ય છે
૧૩ યહોવાહ આકાશમાંથી જુએ છે:
તે સઘળા મનુષ્યપુત્રોને દેખે છે·
૧૪ તેની રહેવાની જગ્યામાંથી
તે પૃથ્વીના સર્વ રહેવાસીઓને
નિહાળે છે:
૧૫ એટલે જે દેવ તે સર્વેનાં હૃદય
સરજે છે

તથા તેમનાં સર્વે કામ ધ્યાનમાં લે
છે તે તેમને નિહાળે છે.
૧૬ મોટા સૈન્ય વડે કોઈ રાજા બચતો
નથી:
મોટા પરાક્રમ વડે બળવાન પુરૂષ
છુટતો નથી
૧૭ બચાવને સારૂ ઘોડો નકામો છે
ને તે પોતાના બહુ બળથી કોઈને
છોડાવશે નહિ.
૧૮ જુઓ, યહોવાહથી બિહીનારાં
તથા તેની કૃપા પર આશા રાખ-
નારાં ઉપર તેની નજર છે.
૧૯ એ માટે કે તે તેઓના જીવને
મોતથી બચાવે,
ને દુકાળને સમયે તેઓને જીવતાં
રાખે.
૨૦ આપણા આત્માએ યહોવાહની
વાટ જોઈ છે:
તે આપણો સહાયકારી તથા
આપણી ઢાલ છે.
૨૧ કેમકે આપણાં હૃદય તેનામાં હર્ષ
પામશે,
કારણ કે આપણે તેના પવિત્ર નામ
પર ભરોસો કીધો છે.
૨૨ હે યહોવાહ, અમે તારા પર આશા
રાખી છે
તે પ્રમાણે તારી કૃપા અમારા ઉપર
થાઓ.

૩૪

હું સર્વ સમયે યહોવાહને ધન્ય-
વાદ આપીશ:
તેની સ્તુતિ નિરંતર મારા મુખમાં
થશે,
૨ મારો આત્મા યહોવાહમાં વડાઈ
કરશે:
દીન લોકો ને સાંભળીને આનદ
કરશે.
૩ મારી સાથે યહોવાહને મોટો માનો,
ને આપણે એકઠાં મળીને તેનું નામ
બુલદ માનીએ.
૪ મે યહોવાહનો શોધ કીધો, ને તેણે
મને ઉત્તર આપ્યો,
ને મારી સર્વ બીકમાંથી મને
છોડાવ્યો.
૫ તેઓએ તેની તરફ જોયું અને
પ્રકાશ પામ્યા
ને તેઓનાં મુખ કદી ઝંખવાઈ
જશે નહિ.
૬ આ કંગાલ પુરૂષે હાંક મારી, અને
યહોવાહે તેનું સાંભળ્યુ,
ને તેનાં સર્વ સકટમાંથી તેને
બચાવ્યો.
૭ યહોવાહથી બીનારાંની આસપાસ
તેનો દૂત છાવણી કરે છે તથા
તેમને છોડાવે છે.
૮ ચાખો ને જુઓ કે યહોવાહ ઉત્તમ
છે:
જે માણસ તેના પર ભરોસો રાખે
છે તેને ધન્ય છે.
૯ યહોવાહના સતો, તેનાથી બીહો:
કેમકે તેનાથી બીનારાંને કંઈ ખોટ
નથી.
૧૦ સિહનાં બચ્ચાંને તગી પડે છે ને
ભૂખ વેઠવી પડે છે:
પણ જેઓ યહોવાહને શોધે છે

તેઓને કોઈ પણ સારા વાનાની
અછત પડશે નહિ.
૧૧ આવો દીકરાઓ, મારૂં સાંભળો
હું તમને યહોવાહની બીક રાખતાં
શિખવીશ.
૧૨ કયો માણસ જીંદગી ઇચ્છે છે
તથા શુભ જોવાને માટે ઘણા
દિવસ ચાહે છે?
૧૩ તો ભુંડાથી તારી જીભને,
તથા કપટ બોલવાથી તારા હોઠને
સભાળ.
૧૪ ભુંડાથી દૂર જા, ને ભલુ કર
શાંતિ શોધ ને તેની પાછળ લાગ.
૧૫ ન્યાયીઓ પર યહોવાહની દૃષ્ટિ છે,
ને તેઓની હાંક પ્રત્યે તેના કાન
ઉઘાડા છે.
૧૬ જેઓ ભુડું કરે છે તેઓનુ સ્મરણ
પૃથ્વી ઉપરથી નાબુદ કરવાને વાસ્તે
યહોવાહનુ મુખ તેઓની વિરૂદ્ધ છે.
૧૭ ન્યાયીઓએ હાંક મારી ને યહો-
વાહે સાંભળ્યુ,
અને તેઓનાં સર્વ સકટમાંથી
તેઓને છોડાવ્યા
૧૮ હૃદય ભંગિતોની પાસે યહોવાહ છે,
ને નમ્ર આત્માવાળાને તે તારે છે.
૧૯ ન્યાયી માણસનાં દુઃખ ઘણાં છે,
પણ યહોવાહ તે સર્વમાથી તેને
છોડાવે છે.
૨૦ તે તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે,
તેઓમાંનું એક ભંગાતું નથી.
૨૧ ભુંડાઈ દુષ્ટોનો સંહાર કરશે
ને ન્યાયીઓના દ્વેષીઓ દોષિત ઠરશે.
૨૨ યહોવાહ પોતાના સેવકોના પ્રાણોને
ખંડી લે છે,
ને તેના પર ભરોસો રાખનારામાંથી
એક દોષિત ઠરશે નહિ.

સાતમો દિવસ.

સવારની પ્રાર્થના.

૩૫ હે યહોવાહ, મારી સાથે વાદ
કરનારાની સાથે તું વાદ કર.
મારી સામે લડનારાની સામે તુ લડ.
૨ ઢાલ તથા બખ્તર સજીને
મારી સાહ્યને સારૂ ઉભો થા.
૩ ભાલો પણ કાઢ ને મારી પાછળ
ધાનારાને અટકાવ.
મારા આત્માને કહે, હું તારૂં તારણ
છું.
૪ જેઓ મારા જીવને શોધે છે તેઓ
લજવાય તથા આબરૂહીન થાય:
જેઓ મારૂં નુકસાન યોજે છે તેઓ
પાછા ફેરવાય તથા વીલા પડે.
૫ પવનથી ઉડતાં ફોતરાંના જેવા
તેઓ થાય,
ને યહોવાહનો દૂત તેઓને ખદેડી
મૂકે.
૬ તેઓનો માર્ગ અધકારમય તથા
લપસણો થાય,
ને યહોવાહનો દૂત તેઓની પૂઠે ધાય.
૭ કેમકે તેઓએ વગર કારણે મારે
સારૂ ખાડામાં પોતાનો ફાંદો
સંતાડયો છે,
વગર કારણે તેઓએ મારા જીવને
વાસ્તે ખાડો ખોદ્યો છે.

૮ તેના પર અકસ્માત સંહાર આવી પડે,
ને તેના સંતાડેલા ફાંદામાં તે પોતે સપડાય:
તેમાં પડીને તેનો સંહાર થાય.
૯ અને મારો આત્મા યહોવાહમાં ઉત્સાહ કરશે:
તે તેના તારણમાં હરખાશે.
૧૦ મારાં સર્વ હાડકાં કહેશે, હે યહોવાહ, તારા સરખો કોણ છે,
કે જે દીનને તેના કરતાં બળવાનથી બચાવે છે,
હા, દીન તથા કંગાલને લુટનારાથી છોડાવે છે?
૧૧ અન્યાયી સાક્ષીઓ ઉભા થાય છે:
હું જાણતો નથી તે બાબત વિષે તેઓ મને પુછે છે.
૧૨ તેઓ ભલાને બદલે મને ભુડું પાછુ વાળે છે,
મારો આત્મા નિરાશ્રિત થાય છે.
૧૩ પણ તેઓ માંદા પડ્યા હતા ત્યારે હું તો ટાટ પહેરતો,
ઉપવાસથી હુ મારા જીવને દુ:ખી કરતો,
અને મારી પ્રાર્થના મારા હૃદયમાં પાછી આવતી હતી.
૧૪ જાણે કે તે મારો મિત્ર કે મારો ભાઈ હોય તેમ હૂ વર્તતો:
પોતાની માને સારૂ વિલાપ કરનારની માફક હુ શોકથી નમી જતો.
૧૫ પણુ મારી પડતીને સમયે તેઓ હર્ષ પામતા અને ટોળે વળતા:
તે નિંદકો મારી વિરૂદ્ધ ટોળે વળતા ને હુ તે જાણતો નહિ:
તેઓ મને ફાડી નાખતા ને અટકતા નહિ.
૧૬ મિજબાનીમાં ધર્મનિંદકોની માફક તેઓ પોતાના દાંત મારી સામે પીસતા.
૧૭ હે પ્રભુ, તું કયાં સુધી જોયા કરીશ?
તેઓના સંહારથી મારા જીવને
તથા સિંહોથી મારા પ્રિયને બચાવ.
૧૮ હુ મોટી સભામાં તારી ઉપકારસ્તુતિ કરીશ
ઘણા લોકમાં હુ તારી પ્રશંસા કરીશ.
૧૯ જેઓ ગેરવાજબી રીતે મારા શત્રુઓ છે, તેઓ મારા ઉપર આનંદ ન કરે:
જેઓ કારણુ વગર મારો દ્વેષ કરનારા છે તેઓ આંખના મિચકારા નહિ કરે.
૨૦ કેમકે તેઓનુ બોલવુ સુલેહનું નથી:
પણુ દેશમાં શાંત રહેનારાઓની વિરૂદ્ધ તેઓ કપટી વાતો યોજે છે.
૨૧ હા, તેઓએ મારી વિરૂદ્ધ પોતાનુ મ્હો બહુ ઉઘાડયું:
તેઓએ કહ્યુ, આહા, આહા, અમે તે નજરે જોયું છે.
૨૨ હે યહોવાહ, તેં તે જોયું છે, તું ચુપ ન રહે,
હે પ્રભુ, મારાથી દૂર ન રહે.

૨૩ જાગૃત થા, ને મારો ન્યાય કરવા
સારૂ,
એટલે મારી દાદને સારૂ જાગ,
મારા દેવ તથા મારા ધણી.
૨૪ હે યહોવાહ મારા દેવ, તારા ન્યાયી-
પણા પ્રમાણે ન્યાય કર,
ને તેઓને મારા પર આનદ કરવા
ન દે.
૨૫ તેઓ પોતાના હૃદયમા એમ ન કહે,
આહા, અમારે એજ જોઇતુ હતું:
તેઓ એમ ન કહે કે, અમે તેને
ગળી ગયા છીએ.
૨૬ મારા નુકસાનમા હરખાનારા એકત્ર
લજવાય અને ઝખવાણા પડે·
મારી વિરૂદ્ધ વડાઈ કરનારા લાજથી
તથા અપમાનથી વેષ્ટિત થાય.
૨૭ જેઓ મારા ન્યાયીપણામાં આનદ
કરે છે તેઓ હર્ષનાદ કરે તથા
હરખાય·
હા, તેઓ નિત્ય કહે કે, યહોવાહ
મોટો મનાઓ,
કે જે પોતાના સેવકની આબાદીમાં
રાજી રહે છે.
૨૮ અને મારી જીભ તારૂં ન્યાયીપણું
પ્રગટ કરશે,
ને આખો દિવસ તારાં સ્તોત્ર ગાશે.

૩૬ દુષ્ટોનુ ઉલ્લંઘન મારા હૃદયમાં
કહે છે કે,
તેની દૃષ્ટિ આગળ દેવનું ભય છેજ
નહિ.
૨ કેમકે તે પોતાના મનમાં વડાઈ
કરે છે કે,
મારો અન્યાય પ્રગટ કરાશે નહિ
તથા ધિક્કારાશે નહિ.
૩ તેના મુખના શબ્દો અન્યાય તથા
કપટ છે:
તેણે સમજ પકડવાનુ તથા ભલુ
કરવાનુ છોડી દીધુ છે
૪ તે પોતાના પલંગ ઉપર અન્યાય
યોજે છે.
સારો નહિ તેવા માર્ગમાં તે ઉભો
રહે છે:
તે ભુડાઈથી કંટાળતો નથી.
૫ હે યહોવાહ, આકાશોમાં તારી
કૃપા છે:
ને તારૂં વિશ્વાસુપણુ વાદળાં સુધી છે.
૬ દેવના પર્વતોના જેવુ તારૂં ન્યાયી-
પણુ છે
તારાં ન્યાયકૃત્યો ઘણાં ઉડાં છે
હે યહોવાહ, તુ માણસનુ તથા
પશુનું રક્ષણ કરે છે.
૭ હે દેવ, તારી કૃપા કેવી અમૂલ્ય છે!
ને મનુષ્યપુત્રો તારી પાંખની છાયામાં
આશ્રય લે છે.
૮ તેઓ તારા ઘરની પુષ્ટિથી પુષ્કળ
તૃપ્ત થશે.
ને તુ તારાં સુખોની નદીમાંથી
તેઓને પાઈશ.
૯ કેમકે જીવનનો ઝરો તારી પાસે છે·
તારા અજવાળામાં અમે અજ-
વાળું જોઈશું.
૧૦ તને ઓળખનારાઓ ઉપર તારી
કૃપા,

તથા અંતઃકરણના યથાર્થીઓ પર
તારૂં ન્યાયીપણું તું જારી રાખ.
૧૧ અહંકારીના પગને મારી સામા
આવવા ન દે.
તથા દુષ્ટોના હાથને મને નસાડવા
ન દે.
૧૨ અન્યાય કરનારા આ પડયા !
તેઓ જમીનદોસ્ત થયા છે, અને
ઉઠી શકશે નહિ.

સાંજની પ્રાર્થના.

૩૭ ભૂંડું કરનારાઓને લીધે તુ ન
ખિજવાઇશ,
ને અન્યાય કરનારાઓની ઇર્ષા ન
કરીશ.
૨ કેમકે તેઓ જલદીથી ઘાસની માફક
કપાઈ જશે,
ને લીલી વનસ્પતિની માફક ચિમ-
ળાઈ જશે.
૩ યહોવાહ પર ભરોસો રાખ, ને ભલુ
કર :
દેશમાં રહે ને વિશ્વાસુપણાની પાછળ
લાગ.
૪ વળી યહોવાહમાં આનદ કર :
ને તે તારા હૃદયની ઇચ્છાઓ પૂરી
પાડશે.
૫ તારો માર્ગ યહોવાહને સોંપ,
તેના પર ભરોસો પણ કર, ને તે
તેને ફળિભૂત કરશે.
૬ અને તે તારા ન્યાયીપણાને અજ-
વાળાની પેઠે,
ને તારા ન્યાયને બપોરની પેઠે પ્રદિપ્ત
કરશે.
૭ યહોવાહ આગળ શાંત થા, ને તેની
વાટ જો :
જે પોતાના માર્ગમાં આબાદ થાય
છે તેને લીધે,
તથા જે માણસ કુયુક્તિઓ અમ-
લમાં લાવે છે તેને લીધે તું ખિજ-
વાઇશ નહિ.
૮ રોષને છોડ ને કોપનો ત્યાગ કર :
તુ ખિજવાઇશ મા, તેથી ફક્ત
દુષ્કર્મ નિપજે છે.
૯ કેમકે દુષ્કર્મીઓનો સહાર થશે,
પણ યહોવાહ પર આશા રાખના-
રાઓ પૃથ્વીનો વારસો પામશે.
૧૦ કેમકે થોડા વખતમાં દુષ્ટો હતા ન
હતા થશે.
હા, તું તેના મકાનને ખંતથી
શોધીશ, પણ તે નહિ હોય.
૧૧ પણ દીન લોક પૃથ્વીનો વારસો
પામશે,
ને પુષ્કળ શાંતિમાં તેઓ આનંદ
કરશે.
૧૨ દુષ્ટો ન્યાયીની વિરૂદ્ધ કુયુક્તિ રચે
છે,
ને તેની સામે પોતાના દાંત પીસે
છે.
૧૩ પ્રભુ તેની હાંસી કરશે,
કેમકે તે જુએ છે કે તેનો કાળ
પાસે આવે છે.
૧૪ દીન તથા દરિદ્રીને પાડી નાખવા
સારૂ
તથા જે માણસ યથાર્થી છે તેઓને
મારી નાખવા માટે,

દુષ્ટોએ તરવાર તાણી છે ને પોતાનું
ધનુષ્ય ખેંચ્યું છે.
૧૫ તેઓની તરવાર તેઓના પોતાના
હૃદયમાં પેસશે,
ને તેમનાં ધનુષ્ય ભાંગી નંખાશે.
૧૬ ન્યાયીની પાસે જે થોડું છે,
તે ઘણા દુષ્ટોની દોલત કરતાં શ્રેષ્ઠ
છે.
૧૭ કેમકે દુષ્ટોના ભુજ ભાંગી નંખાશેઃ
પણ યહોવાહ ન્યાયીઓને નિભાવે
છે.
૧૮ યહોવાહ નિર્દોષીઓના દિવસો
જાણે છે:
ને તેઓનો વારસો સર્વકાળ રહેશે.
૧૯ ભુંડાઇને સમયે તેઓ લજવાશે
નહિ:
ને દુકાળના દિવસોમાં તેઓ ધરાશે.
૨૦ પણ દુષ્ટો નાશ પામશે
ને યહોવાહના શત્રુઓ ચારાના વૈભવ
જેવા થશે:
તેઓનો ક્ષય થશે; ધુમાડામાં
તેઓનો ક્ષય થશે.
૨૧ દુષ્ટ ઉછીનુ લે છે, ને પાછુ આપતો
નથી:
પણ ન્યાયી કરૂણાથી વર્ત્તે છે ને
દાન આપે છે.
૨૨ કેમકે તેનાથી આશીર્વાદિત થયલા
પૃથ્વીનો વારસો પામશે,
અને તેનાથી શાપિત થયલાનો
સંહાર થશે.
૨૩ માણસનાં પગલાં યહોવાહથી ગોઠ-
વાય છે,
અને તે તેના માર્ગમાં હરખાય છે.
૨૪ જો કે તે પડી જાય તો પણ તે છેક
જમીનદોસ્ત નહિ થશે:
કેમકે યહોવાહ હાથ પકડીને તેને
નિભાવે છે.
૨૫ હું જુવાન હતો, અને હવે ઘરડો
થયો છું:
તો પણ ન્યાયીને તજેલો
અથવા તેનાં સંતાનને રોટલીની
ભીખ માગતાં મેં જોયાં નથી.
૨૬ આખો દિવસ તે કરૂણાથી વર્ત્તે છે,
ને ઉછીનુ આપે છે:
ને તેનાં સંતાન આશીર્વાદિત છે.
૨૭ ભુંડાથી દૂર જા, ને ભલુ કર,
ને સર્વકાળ રહે.
૨૮ કેમકે યહોવાહ ન્યાયને ચાહે છે,
ને પોતાના ભકતોને તજી દેતો નથીઃ
તેઓનું રક્ષણ સદા થાય છે,
પણ દુષ્ટોનાં સતાનનો સંહાર થશે.
૨૯ ન્યાયીઓ પૃથ્વીનો વારસો પામશે,
ને તેમાં સર્વકાળ રહેશે.
૩૦ ન્યાયીનું મુખ ડહાપણની વાત
ભાખે છે,
ને તેની જીભ ન્યાય બોલે છે.
૩૧ તેના દેવનો નિયમ તેના હૃદયમાં છેઃ
તેના પગલાં સરકી જશે નહિ.
૩૨ દુષ્ટ ન્યાયીને તાકી રહે છે,
ને તેને મારી નાખવાને લાગ શોધે છે.
૩૩ યહોવાહ તેને તેના હાથમાં પડયો
રહેવા નહિ દેશે,
ને તેનો ન્યાય થાય છે ત્યારે તે તેને
દોષિત નહિ ઠરાવશે.

૩૪ યહોવાહની વાટ જો, ને તેનો માર્ગ
પાળ,
ને પૃથ્વીનો વારસો પામવાને તે તને
મોટો કરશે:
દુષ્ટોનો સંહાર થશે ત્યારે તું તે
જોશે.
૩૫ મેં દુષ્ટને મોટા સામર્થ્યમાં
તથા અનુકૂળ ભૂમિમાં રોપેલા લીલા
વૃક્ષની પેઠે ફેલાતો જોયો.
૩૬ પણ હું ફરી ત્યાં થઇને ગયો, ને
જુઓ, તે નહોતો,
હા, મેં તેને શોધ્યો પણ તે મળ્યો
નહિ.
૩૭ નિર્દોષ માણસનો વિચાર કર, ને
યથાર્થીને જો.
કેમકે તે માણસનો અંત શાંતિ-
રૂપ છે.
૩૮ પણ ઉલ્લંઘન કરનારાઓ તો એકત્ર
નાશ પામશે:
પરિણામે દુષ્ટોનો સંહાર થશે.
૩૯ પણ ન્યાયીઓનું તારણ યહોવાહથી
છે:
સંકટની વેળાએ તે તેઓનો કિલ્લો
છે.
૪૦ અને યહોવાહ તેમને મદદ કરે છે
ને તેમને છોડાવે છે:
તે તેઓને દુષ્ટોથી છોડાવે છે ને
તેમને તારે છે,
કારણ કે તેઓએ તેનો આસરો
લીધો છે.

આઠમો દિવસ.

સવારની પ્રાર્થના.

૩૮ હે યહોવાહ, તારા ક્રોધમાં મને
ઠપકો ન દે,
ને તારા રોષમાં મને શિક્ષા ન કર.
૨ કેમકે તારાં બાણ મારા પર પડ્યાં છે,
ને તારો હાથ મને જોરથી દાબે છે.
૩ તારા રોષને લીધે મારા માંસમાં
સાજાપણું નથી
અને મારા પાપને લીધે મારાં
હાડકાંમાં શાંતિ નથી.
૪ કેમકે મારા અન્યાય મારા માથા
પર ચઢી ગયા છે.
ભારે બોજાની માફક તે મારાથી
અસહ્ય છે.
૫ મારી મૂર્ખાઇને લીધે
મારા જખમ ગંધાય છે તથા સડી
ગયા છે.
૬ મને વેદના થાય છે અને હું ઘણો
વાંકો વળી ગયો છું.
હું આખો દિવસ શોક કરતો ફરૂં છું.
૭ કેમકે મારી કમર બળતરાએ
ભરેલી છે
ને મારા માંસમાં સાજાપણું નથી.
૮ હું બેહોશ થયો છું તથા ઘણો
કચડાયો છું:
મારા હૃદયના ગભરાટને લીધે મેં
બુમાબૂમ પાડી મૂકી છે.
૯ હે પ્રભુ, મારી સર્વ ઇચ્છા તારી
આગળ છે,
ને મારો વિલાપ તારાથી છાનો નથી.

૧૦ મારૂં હૈયું ધડકે છે, મારૂં બળ ઘટી ગયું છે:
ને મારી આંખોનું તેજ તે પણ જતું રહ્યું છે.
૧૧ મારા સ્નેહીઓ તથા મારા મિત્રો મારા દરદથી દૂર રહે છે,
ને મારાં સગાં વેગળાં ઉભાં રહે છે.
૧૨ જેઓ મારો જીવ શોધે છે તેઓ પણ ફાંદા માંડે છે
ને જેઓ મારો ઉપદ્રવ શોધે છે તેઓ હાનિકારક વાતો બોલે છે,
ને આખો દિવસ કપટ કલ્પે છે.
૧૩ પણ બહેરા માણસની પેઠે હું સાંભળતો નથી
ને મુગો માણસ જે પોતાનું મુખ ઉઘાડતો નથી તેના જેવો હું છું.
૧૪ હા, જે માણસ સાંભળતો નથી
ને જેના મુખમાં દલીલો નથી, તેના જેવો હું છું.
૧૫ કેમકે, હે યહોવાહ, હું તારા પર આશા રાખું છું
હે પ્રભુ મારા દેવ, તુ ઉત્તર દઈશ
૧૬ કેમકે મેં કહ્યું, રખે તેઓ મારા પર હરખાય:
મારો પગ લપસે છે ત્યારે તેઓ મારી સામા વડાઈ કરે છે.
૧૭ કેમકે હુ લથડી પડવા તૈયાર છુ,
ને મારો ખેદ જાથુ મારી આગળ છે.
૧૮ કેમકે હુ મારૂં અન્યાયીપણું પ્રગટ કરીશ:
હું મારા પાપને લીધે શોક કરીશ.
૧૯ પણ મારા શત્રુઓ ચંચળ તથા પરાક્રમી છે:
ને જેઓ અન્યાયથી મારો દ્વેષ કરે છે તેઓ વધી ગયા છે.
૨૦ વળી જેઓ ભલાને બદલે ભુંડું પાછું વાળે છે
તેઓ મારા શત્રુઓ થયા છે, કારણ કે જે સારૂ છે તેની પાછળ હુ લાગું છુ.
૨૧ હે યહોવાહ, મને ન તજ:
હે મારા દેવ, મારાથી દૂર ન થા.
૨૨ હે પ્રભુ, મારા તારણ,
મને સહાય કરવાને ઉતાવળ કર.

૩૯ મેં કહ્યું, હું મારા માર્ગોને સભાળીશ,
કે હુ મારી જીભે પાપ ન કરૂં:
દુષ્ટો મારી આગળ હોય
ત્યારે હુ મારૂં મુખ લગામથી કબજે રાખીશ.
૨ હુ મુગો થઈને છાનો રહ્યો, સારૂ બોલવાથી પણ હુ છાનો રહ્યો:
ને મારો શોક વધી ગયો.
૩ મારૂ હૃદય મારામાં તપ્ત થયુ:
હુ વિચારમાં હતો ત્યારે આગ ઉઠી
ને હું મારી જીભે બોલ્યો,
૪ હે યહોવાહ, મારો અંત
તથા મારા આયુષ્યનુ માપ તે કેટલુ છે, એ મને જણાવ
હુ કેવો ક્ષણભંગુર છુ તે મને શિખવ.
૫ જો, તે મારા દિવસ ચાર આંગળ જેટલા કીધા છે,
ને મારૂં આયુષ્ય તારી આગળ શૂન્ય જેવુ છે.
નિશ્ચે દરેક માણસ પોતાની શ્રેષ્ઠ હાલતમાં છતાં તદન વ્યર્થપણું છે.

૬ નિશ્ચે પ્રત્યેક માણસ આભાસરૂપે
ચાલે છે:
નિશ્ચે તેઓ અમથા ગભરાય છે.
તે સંગ્રહ કરે છે, અને તે કોણ
ભોગવશે એ તે જાણતો નથી.
૭ અને હવે, પ્રભુ, હુ શાની વાટ જોઉં?
મારી આશા તારા પર છે.
૮ મારાં સર્વ ઉલ્લંઘનથી મારો છુટકો
કર:
મૂર્ખોથી મારી મશ્કરી થાય, એવું
ન કર.
૯ હું મુંગો રહ્યો, મેં મારૂ મુખ ઉઘાડયુ
નહિ,
કેમકે તેં એ કીધુ
૧૦ તારો પીડાપાત મારાથી દૂર કર:
તારા હાથના ધક્કાથી મારો ક્ષય
થાય છે.
૧૧ તું માણસને તેના અન્યાયને લીધે
ઠપકાથી શિક્ષા કરે છે,
ત્યારે તું તેની સુંદરતાનો પતગિયાની
પેઠે નાશ કરે છે:
નિશ્ચે દરેક માણસ વ્યર્થ છે.
૧૨ હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળ,
ને મારી હાંકને કાન ધર.
મારાં આંસુ જોઈને તું ચૂપ ન રહે:
કેમકે હું તારી સાથે પરોણા તરીકે છું,
જેમ મારા સર્વ પિતૃઓ હતા, તેમ
હુ પણ મુસાફર છું.
૧૩ હું અહીંથી જાઉં ને હતો ન હતો
થાઉં
ત્યાર પહેલાં મને દરગુજર કર કે
હું બળ પામુ.

૪૦ મેં ધીરજથી યહોવાહની વાટ
જોઈ:
ને તેણે કાન દઈને મારી હાંક
સાંભળી.
૨ તે મને નાશના ખાડામાંથી તથા
ચીકણા કાદવમાંથી કાઢી લાવ્યો:
ને તેણે મારા પગ ખડક પર ગોઠવ્યા.
ને મારાં ડગલાં સ્થિર કીધાં.
૩ અને તેણે નવુ ગીત, એટલે આપણા
દેવનુ સ્તોત્ર, મારા મુખમાં મૂકયુ
છે:
ઘણા તે જોશે તથા બિહીશે,
ને યહોવાહ પર ભરોસો કરશે.
૪ જે પુરૂષ યહોવાહ પર પોતાનો
ભરોસો રાખે છે,
અને અહંકારીને તથા જૂઠાઈ તરફ
ફરનારને ગણકારતો નથી, તેને
ધન્ય છે.
૫ હે યહોવાહ મારા દેવ, જે આશ્ચર્ય-
કારક કાર્યો તે કીધાં છે, તે ઘણાં
છે,
તથા અમારી તરફના તારા વિચારો
ઘણા છે,
તેઓ તારી આગળ અનુક્રમે મૂકાય
નહિ:
જો હું તેઓને જાહેર કરીને તેઓ
વિષે બોલુ
તો તેઓ ગણી શકાય તેથી અધિક
છે.
૬ યજ્ઞ તથા ખાદ્યાર્પણમાં તું સંતુષ્ટ
નથી:
તેં મારા કાન ઉઘાડયા છે:

દહનીયાર્પણ તથા પાપાર્થાર્પણ તેં માગ્યાં નથી.
૭ ત્યારે મેં કહ્યું, જો, હું આવ્યો છું:
પુસ્તકમાં મારે વિષે લખેલું છે કે,
૮ હે મારા દેવ, તારી ઇચ્છા પ્રમાણે કરવામાં હું સંતોષ માનું છું:
હા, મારા અંતઃકરણમાં તારો નિયમ છે.
૯ મહા મંડળીમાં મેં ન્યાયીપણું પ્રગટ કીધું છે.
જો, હું મારા હોઠો બંધ નહિ કરીશ,
તે, હે યહોવાહ, તું જાણે છે.
૧૦ મેં મારા હૃદયમાં તારૂં ન્યાયીપણું સંતાડયું નથી.
મેં તારૂં વિશ્વાસુપણું તથા તારણ પ્રગટ કીધાં છે
તારી કૃપા તથા સત્યતા મેં મહા મંડળીથી છુપાવી નથી.
૧૧ હે યહોવાહ, તારી રહેમનજર મારાથી પાછી ન રાખ
તારી કૃપા તથા સત્યતા નિરંતર મારૂં રક્ષણ કરો.
૧૨ કેમકે અગણિત આપદાઓએ મને ઘેર્યો છે,
મારા અન્યાયોએ મને પકડી પાડ્યો છે, તેથી હું ઉંચું જોઈ શકતો નથી:
તેઓ મારા માથાના નિમાળા કરતાં વધારે છે, ને મારૂં હૃદય નિર્ગત થયું છે.
૧૩ હે યહોવાહ, કૃપા કરીને મને છોડાવ:
હે યહોવાહ, મારી સાહ્ય કરવાને ઉતાવળ કર.
૧૪ જેઓ મારા આત્માનો નાશ કરવાને શોધે છે
તેઓ એકત્ર લજવાય તથા ગભરાય
જે મારા નુકસાનમાં સંતુષ્ટ છે
તેઓ પાછા ફેરવાય ને આબરૂહીન થાય.
૧૫ જેઓ મને આહા, આહા, કહે છે,
તેઓ પોતાની શરમ ભરેલી ચાલને લીધે નિર્ગત થાઓ.
૧૬ જે સઘળા તને શોધે છે તેઓ તારામાં હર્ષિત તથા આનંદિત થાઓ
જેઓ તારૂં તારણ ચાહે છે તેઓ નિરંતર કહે કે,
યહોવાહ મોટો મનાઓ.
૧૭ પણ હું દીન તથા દરિદ્રી છું:
તો પણ પ્રભુ મારી ચિંતા કરે છે:
તું મારો સહાયકારી તથા મારો છોડાવનાર છે
હે મારા દેવ, વિલંબ ન કર.

સાંજની પ્રાર્થના.

૪૧ જે દરિદ્રીની ચિંતા કરે છે તેને ધન્ય છે:
ભુંડાઈના દિવસમાં યહોવાહ તેને છોડાવશે.
૨ યહોવાહ તેનું રક્ષણ કરશે તથા તેને જીવતો રાખશે, ને તે પૃથ્વી પર સુખી થશે.
ને તું તેને તેના શત્રુઓની ઇચ્છાને સ્વાધીન ન કર.
૩ બિમારીના ખાટલા પર યહોવાહ તેનો આધાર થશે:

તેના મદવાડમાં તેની તમામ પથારી
તું બિછાવે છે.
૪ મેં કહ્યુ, હે યહોવાહ, મારા પર દયા
કર.
મારા આત્માને સાજો કર, કેમકે મે
તારી વિરૂદ્ધ પાપ કીધુ છે.
૫ મારા શત્રુઓ મારી વિરૂદ્ધ બોલે છે,
ને કહે છે કે,
તે ક્યારે મરશે, ને તેના નામનો
નાશ ક્યારે થશે?
૬ ને જો તે મને મળવા આવે તો તે
જુઠું બોલે છે:
તેનું હૃદય પોતાના અન્યાયનો સગ્રહ
કરે છે:
જ્યારે તે બહાર જાય છે ત્યારે તે
બધુ જાહેર કરે છે.
૭ મારા સર્વ દ્વેષીઓ મારી વિરૂદ્ધ
માહોમાંહે કાનમાં વાત કરે છે
મારી વિરૂદ્ધ તેઓ ઉપદ્રવ કલ્પે છે.
૮ તેઓ કહે છે કે, એક ભુંડો રોગ
તેને સજ્જડ વળગ્યો છે.
અને હવે તે ખાટલે પડયો એટલે
પાછો ઉઠવાનો નથી.
૯ હા, મારો ખાસ મિત્ર, જેનો મને
ભરોસો હતો, જે મારી રોટલી
ખાતો હતો,
તેણે મારી સામે લાત ઉઠાવી છે.
૧૦ પણ, હે યહોવાહ, તુ મારા પર
દયા કર, ને મને ઉઠાડ,
કે હુ તેઓનો પ્રતિકાર કરૂં.
૧૧ મારો શત્રુ મારા પર જયજયકાર
કરતો નથી.
તેથી હું જાણ્ું છું કે તું મારા પર
પ્રસન્ન છે.
૧૨ અને મને તો તું મારા નિર્દોષપણામાં
સ્થિર રાખે છે,
ને તારી દૃષ્ટિમાં મને સર્વકાળ
રાખ છે.
૧૩ અનાદિ કાળથી તે અનતકાળ સુધી
ઇસ્રાએલનો દેવ યહોવાહ સ્તુત્ય હો.
આમેન તથા આમેન.

૪૨ જેમ પાણીનાં નાળાંને સારૂ
હરણુ તલ્પે છે
તેમ, હે દેવ, તારે સારૂ મારો
આત્મા તલ્પે છે.
૨ દેવ, હા, જીવતા દેવને સારૂ મારો
આત્મા તરસે છે.
હુ કયારે જઇને દેવ આગળ હાજર
થઇશ.
૩ મારાં આસુઓ રાત દહાડો મારૂં
ભક્ષ થયાં છે.
અને તેઓ આખો દિવસ મને કહે
છે કે, તારો દેવ કયાં છે?
૪ હું કેવી રીતે લોકના ટોળા સાથે
જતો, ને હર્ષ તથા સ્તુતિના નાદ
સહિત તેઓને,
એટલે પર્વ પાળનારા સમુદાયને,
દેવના ઘરમાં દોરી જતો,
એ વાતો યાદ કરતાં હુ મારો
આત્મા મારામાં રેડું છું.
૫ હે મારા આત્મા, તું કેમ ઉદાસ
થયો છે?
ને તું મારામાં કેમ ગભરાયો છે?

દેવની આશા રાખ; કેમકે તેની
દૃષ્ટિની સાહ્યને લીધે
હું હજી તેને સ્તવીશ.
૬ હે મારા દેવ, મારામાં મારો આત્મા
ઉદાસ થયો છે.
એ માટે હુ યરદનના દેશથી.
તથા હેર્મોન પર્વતો પરથી તથા
મિઝાર ડુંગર પરથી તારૂ સ્મરણ
કરૂ છુ.
૭ તારા ધોધના અવાજથી ઉડાણને
ઉડાણ હાંક મારે છે
તારા સર્વ મોજા તથા છોળો મારા
પર ફરી વળ્યાં છે.
૮ દહાડે યહોવાહ પોતાની દયાની
આજ્ઞા આપશે, ને રાત્રે તેનુ ગીત,
એટલે મારા જીવના દેવની પ્રાર્થના
મારી સાથે રહેશે.
૯ દેવ જે મારો ખડક તેને હુ કહીશ
કે, તુ મને કેમ વિસરી ગયો છે?
શત્રુઓના જુલમને લીધે હું કેમ
શોક કરતો ફરૂ છુ?
૧૦ તારો દેવ ક્યાં છે? એમ જાથુ મને
કહીને,
મારા શત્રુઓ જાણે કે મારાં હાડકાં
કચરી નાખતા હોય તેમ મને
મેહેણાં મારે છે.
૧૧ હે મારા આત્મા, તું કેમ ઉદાસ
થયો છે?
ને તું મારામાં કેમ ગભરાયો છે?
તું દેવની આશા રાખ, કેમકે જે
મારા મુખનું તારણ તથા મારો
દેવ છે,
તેને હુ હજી સ્તવીશ.

૪૩ હે દેવ, મારો ન્યાય કર, તથા
અધર્મી પ્રજાની સાથે મારા
પક્ષમાં વાદ કર
કપટી તથા અન્યાયી માણસથી
મને છોડાવ.
૨ કેમકે તુ મારા સામર્થ્યનો દેવ છે
તે કેમ મને વેગળો કર્યો છે?
શત્રુઓના જુલમને લીધે હુ કેમ
શોક કરતો ફરૂ છું?
૩ તારૂં અજવાળું તથા સત્ય મોકલ.
તેઓ મને દોરે
તેઓ મને તારા પવિત્ર પર્વતમાં
તથા તારા મડપમાં લાવે.
૪ ત્યારે હુ દેવની વેદી પાસે,
દેવ મારા અત્યાનદ પાસે જઈશ.
અને, હે દેવ, મારા દેવ, હું વીણા
વડે તારી ઉપકારસ્તુતિ કરીશ.
૫ હે મારા આત્મા, તુ કેમ ઉદાસ
થયો છે?
ને તુ મારામાં કેમ ગભરાયો છે?
તું દેવની આશા રાખ, કેમકે જે
મારા મુખનુ તારણ તથા મારો
દેવ છે,
તેને હુ હજી સ્તવીશ

નવમો દિવસ.

સવારની પ્રાર્થના.

૪૪ હે દેવ, અમે અમારા કાનોએ
સાંભળ્યું છે,
જે કૃત્યો અમારા પિતૃઓના દિવ-
સોમાં,

એટલે પુરાતન કાળમાં, તે કીધાં
હતાં, તે વિષે તેઓએ અમને
કહ્યું છે.
૨ તે તારે હાથે વિદેશીઓને કાઢી
મૂકીને ત્યાં તેમને વસાવ્યા
તે લોકો પર પીડાપાત આણીને
તેઓને ખદેડી મેલ્યા.
૩ કેમકે પોતાની તરવાર વડે તેઓએ
દેશને કબજે કીધો નહોતો,
વળી પોતાના ભુજ વડે તેઓએ
પોતાને બચાવ્યા નહોતા·
પણ તારા જમણા હાથે તથા તારા
ભુજે તથા તારા મુખના અજવા-
ળાએ તેમને બચાવ્યા,
કેમકે તું તેઓ પર પ્રસન્ન હતો.
૪ હે દેવ, તું મારો રાજા છે
યાકૂબને સારૂ તારણ ફરમાવ.
૫ તારાથી અમે અમારા વેરીઓને
પાડી નાખીશું:
તારે નામે અમારી વિરૂદ્ધ ઉઠનારાને
ખૂંદીશું.
૬ કેમકે હું મારા ધનુષ્ય પર ભરોસો
નહિ કરીશ,
ને મારી તરવાર પણ મને તારશે
નહિ.
૭ પણ તેં અમારા વેરીઓથી અમને
બચાવ્યા છે,
ને અમારા દ્વેષીઓને લજાવ્યા છે.
૮ દેવમાં અમે આખો દિવસ વડાઈ
કીધી છે,
ને સદાકાળ સુધી અમે તારા નામની
ઉપકારસ્તુતિ કરીશું.
૯ પણ હવે તેં અમને દૂર કીધા છે,
તથા અમારા પર અપમાન
આણ્યુ છે·
ને અમારાં સૈન્યો સાથે તું બહાર
આવતો નથી.
૧૦ તુ વૈરી તરફ અમારી પીઠ ફેરવાવે
છે.
ને અમારા દ્વેષીઓ પોતાને સારૂ
લૂટે છે.
૧૧ કપાવાનાં ઘેટાંની પેઠે તે અમને
આપી દીધા છે,
ને વિદેશીઓમાં અમને વિખેરી
નાખ્યા છે
૧૨ તું તારા લોકને મફત વેચી દે છે.
ને તેમની કિમ્મતથી તને કંઈ લાભ
નથી.
૧૩ તું અમને અમારા પડોસીઓની
આગળ મેહેણાંરૂપ,
તથા અમારી આસપાસ રહેનારા-
ઓની આગળ તિરસ્કાર તથા
મશ્કરીરૂપ કરે છે.
૧૪ તું અમને વિદેશીઓમાં દૃષ્ટાંતરૂપ
તથા લોકોમાં માથું હલાવવાનુ
કારણ કરે છે.
૧૫ મારૂં અપમાન આખો દિવસ મારી
આગળ છે,
ને મારા મુખની લાજે મને ઢાંકયો
છે:
૧૬ નિંદા તથા દુર્ભાષણ કરનારના
સાદને લીધે
અને શત્રુ તથા વૈર વાળનારની
દૃષ્ટિને લીધે આવું થાય છે.

૧૭ આ બધુ અમારા ઉપર આવી પડયુ છે, તોએ અમે તને વિસરી ગયા નથી.
ને તારા કરાર પ્રત્યે અમે નિમકહરામ થયા નથી.
૧૮ અમારૂં હૃદય પાછું હઠી ગયુ નથી, ને અમારાં પગલાં તારા માર્ગ પરથી અન્ય માર્ગે વળ્યાં નથી·
૧૯ તોપણ તે શિયાળવાંની જગ્યામાં અમને કચડયા છે,
ને મોતની છાયાથી અમને ઢાંકયા છે.
૨૦ જો અમે અમારા દેવનું નામ વિસરી ગયા હોઈએ,
કે પારકા દેવની ભણી અમારા હાથ પસાર્યા હોય,
૨૧ તો શું દેવ તે ખોળી નહિ કાઢશે?
કેમકે તે હૃદયની ગુપ્ત વાતો જાણે છે.
૨૨ કેમકે અમે તારે લીધે આખો દિવસ માર્યા જઈએ છીએ·
કપાવાનાં ઘેટાંના જેવા અમે ગણાઇએ છીએ.
૨૩ હે પ્રભુ, જાગ, તુ કેમ ઉંઘે છે?
ઉઠ, અને અમને સદાકાળ સુધી દૂર ન કર.
૨૪ તું તારૂં મુખ કેમ ઢાંકે છે,
ને અમારૂં સંકટ તથા સતાવણી કેમ વિસરી જાય છે?
૨૫ કેમકે અમારો જીવ ધૂળ સુધી નમી ગયો છે:
અમારૂં પેટ ભૂમિને ચોંટી રહે છે.
૨૬ અમારી સાહ્યને સારૂ તું ઉઠ,
ને તારી કૃપાની ખાતર અમને ખંડી લે.

૪૫ મારૂં હૃદય સારા વિષયથી ઉભરાઈ જાય છે·
જે વાત મેં રાજા સંબંધી રચી તે હુ બોલુ છુ·
મારી જીભ ચપળ લહિયાની કલમ જેવી છે.
૨ તું મનુષ્યપુત્રો કરતાં સુદર છે:
તારા હોઠો પર અનુગ્રહ રેડેલો છે:
એ માટે દેવે સદાકાળ તને આશીર્વાદ દીધો છે.
૩ હે પરાક્રમી, તારી તરવાર તારી કમરે બાંધ,
તારૂં ગૌરવ તથા તારૂં મહાત્મ્ય સજ.
૪ અને સત્ય, નમ્રતા તથા ન્યાયીપણાને અર્થે
જય સહિત તારા મહાત્મ્યે સ્વારી કર:
ને તારો જમણો હાથ તને ભયંકર કૃત્યો શિખવશે.
૫ તારાં બાણ તીક્ષ્ણ છે,
લોકો તારી તળે પડી જાય છે,
તે રાજાના શત્રુઓનાં હૃદયમાં પેઠાં છે.
૬ હે દેવ, તારૂં રાજ્યાસન સનાતન છે·
તારા રાજ્યનો દંડ તે યથાર્થ રાજ્યદંડ છે.
૭ તે ન્યાયીપણા પર પ્રીતિ કીધી છે,
ને દુષ્ટાઈ પર દ્વેષ કીધો છે:
તે માટે દેવે, તારા દેવે, આનંદના તેલથી
તારા સોબતીઓ ઉપર તને અભિષિક્ત કીધો છે.

૮ તારાં બધાં વસ્ત્ર બોળ, અગર તથા
તજથી સુગંધીદાર છે:
હાથીદાંતના મેહેલોમાંથી તારનાં
વાજિત્રોએ તને હર્ષિત કીધો છે
૯ રાજપુત્રીઓ તારી માનવંત સ્ત્રીઓ
મધ્યે છે:
તારે જમણે હાથે ઓફિરના
સોનાથી સણગારેલાં રાણીજી
ઉભાં છે.
૧૦ હે દીકરી, સાંભળ ને વિચાર કર,
ને કાન ધર·
વળી તારા લોકને તથા તારા
બાપના ઘરને વિસર:
૧૧ ને રાજા તારા સૌન્દર્ય પર મોહિત
થશે:
તે તારો ધણી છે માટે તુ તેની
સેવાભક્તિ કર.
૧૨ અને સૂરની દીકરી નજરાણુ લઇને
ત્યાં આવશે:
અને લોકોમાંના શ્રીમંતો પણ તારી
કૃપાને વાસ્તે આજીજી કરશે.
૧૩ રાજપુત્રી મેહેલમાં સંપૂર્ણ ગૌરવ-
વાન છે:
તેનાં વસ્ત્ર જરીનાં છે.
૧૪ બુટ્ટેદાર વસ્ત્ર પહેરીને તે રાજા પાસે
લઈ જવાશે:
તેની જે સૈયરો તેની પાછળ ચાલે છે
તે કુમારીકાઓ તારી પાસે લવાશે.
૧૫ આનંદે તથા ઉત્સાહે તેઓ લવાશે:
તેઓ રાજમહેલમાં પ્રવેશ કરશે.
૧૬ તારા પિતૃઓને ઠેકાણે તારા દીકરા
આવશે,
કે જેઓને તું આખા પૃથ્વીમાં
સરદારો ઠરાવીશ.
૧૭ હુ પેઢી દર પેઢી તારા નામનુ સ્મરણ
રખાવીશ,
એ માટે લોક સદાકાળ સુધી તારી
ઉપકારસ્તુતિ કરશે.

૪૬ દેવ આપણો આશ્રય તથા
સામર્થ્ય,
ને સંકટને સમયે હાજરાહજુર
મદદગાર છે.
૨ એ માટે જો કે પૃથ્વી બદલાઈ જાય,
ને જોકે પર્વતો સમુદ્ર મધ્યે હાલતા
થાય,
૩ જો કે તેનું પાણી ગર્જના કરે તથા
વલોવાય,
જો કે તેના ઉછળવાથી પર્વતો કાંપે
તોપણ આપણે નહિ બિહીએ.
૪ એક નદી છે, કે જેના વહેળા દેવના
નગરને
એટલે પરાત્પરના મંડપની પવિત્ર
જગ્યાને, આનંદિત કરે છે.
૫ દેવ તેની મધ્યે છે, તે હલાવાશે
નહિ:
દેવ તેને મદદ કરશે, અને તે વળી
પોહ ફાટતે
૬ વિદેશીઓએ તોફાન મચાવ્યુ,
રાજ્યો હલાવાયાં:
તેણે પોતાનો સાદ કાઢયો ને પૃથ્વી
પિગળી ગઈ.
૭ આપણી સાથે સૈન્યોનો સરદાર
યહોવાહ છે:
યાકૂબનો દેવ આપણો આશ્રય છે:

૮ આવો, યહોવાહનાં કૃત્ય,
એટલે તેણે પૃથ્વીમાં કેવા વિનાશ
કીધા છે, તે જુઓ.
૯ તે પૃથ્વીના છેડા સુધી લડાઈઓ બંધ
કરે છે:
તે ધનુષ્યને ભાંગી નાખે છે, ને
ભાલાને કાપી નાખે છે;
તે અગ્નિમાં રથોને બાળી નાખે છે.
૧૦ છાના રહો, ને જાણો કે દેવ હું છું.
હું વિદેશીઓમાં મોટો મનાઈશ,
હું પૃથ્વીમાં મોટો મનાઈશ.
૧૧ સૈન્યોનો યહોવાહ આપણી સાથે છે,
યાકૂબનો દેવ આપણો આશ્રય છે.

સાંજની પ્રાર્થના.

૪૭ હે સર્વ લોક, તાળી પાડો
જયજયકારના સાદથી દેવની
આગળ પોકાર કરો.
૨ કેમકે પરાત્પર યહોવાહ ભયંકર છે.
તે આખી પૃથ્વી પર મોટો રાજા છે.
૩ તે આપણી હેઠળ લોકોને
તથા આપણા પગ તળે વિદેશીઓને
પરાજિત કરશે.
૪ તે આપણે સારૂ આપણો વારસો,
એટલે પોતાના વહાલા યાકૂબની
ઉત્તમતા પસંદ કરશે.
૫ દેવ પોકાર સહિત,
યહોવાહ શિંગના અવાજ સહિત
ચઢી ગયો છે.
૬ દેવનાં સ્તોત્રો ગાઓ, સ્તોત્રો ગાઓ:
આપણા રાજાનાં સ્તોત્રો ગાઓ,
સ્તોત્રો ગાઓ.
૭ કેમકે દેવ આખી પૃથ્વીનો રાજા છે
સમજીને સ્તોત્ર ગાઓ.
૮ દેવ વિદેશીઓ પર રાજ્ય કરે છે:
દેવ પોતાના પવિત્ર રાજ્યાસન પર
બિરાજે છે.
૯ લોકોના સરદારો એકઠા થયા છે,
કે તેઓ ઇબ્રાહીમના દેવના લોક
થાય
કેમકે પૃથ્વીની ઢાલો દેવની છે:
તે ઘણો મોટો મનાએલો છે.

૪૮ આપણા દેવના નગરમાં, તેના
પવિત્ર પર્વતમાં,
યહોવાહ મોટો તથા ઘણો સ્તુત્ય છે.
૨ મોટા રાજાનું નગર
સિયોન પર્વત, તે ઉત્તર બાજુએ
ઉચાઈમાં ખુબસુરત તથા આખી
પૃથ્વીનો આનંદ છે.
૩ તેના મેહેલોમાં દેવે પોતાને આશ્રય-
રૂપે જાહેર કીધો છે.
૪ કેમકે જુઓ, રાજાઓ ભેગા થયા,
તેઓ એકત્ર ત્યાં થઇને ચાલ્યા ગયા.
૫ તેઓએ તે જોયું ત્યારે તેઓ વિસ્મય
પામ્યા:
તેઓને દેહેશત લાગી, તેઓ ત્વરાથી
જતા રહ્યા.
૬ ત્યાં તેમને ધ્રુજારી લાગી,
તથા જણુતી સ્ત્રીના જેવું કષ્ટ થયુ.
૭ તું પૂર્વના વાયુએ
તાર્શીશનાં વહાણોને ભાંગી નાખે
છે.
૮ જેમ આપણે સાંભળ્યું છે

તેમ સૈન્યોના સરદાર યહોવાહના
નગરમાં,
આપણા દેવના નગરમાં આપણે
જોયું છે:
દેવ સદાકાળ તેને સ્થાપિત કરશે.
૯ હે દેવ, અમે તારા મંદિર મધ્યે
તારી કૃપા વિષે વિચાર કીધો છે.
૧૦ હે દેવ, જેવું તારૂં નામ છે
તેવી તારી સ્તુતિ પણ પૃથ્વીની
સીમા સુધી છે
તારો જમણો હાથ ન્યાયીપણાથી
ભરેલો છે.
૧૧ તારાં ન્યાયકૃત્યના કારણથી
સિયોન પર્વત આનંદિત થાય,
ને યહુદાહની દીકરીઓ હરખાય.
૧૨ સિયોનની આસપાસ જઈને તેની
પ્રદક્ષિણા કરો:
તેના બુરૂજોની ગણના કરો.
૧૩ તેનો કોટ બરાબર ધ્યાનમાં લો,
તેના મેહેલો પર લક્ષ આપો.
એ માટે કે તમે આવતી પેઢીને તે
વિષે કહી શકો.
૧૪ કેમકે આ દેવ સદા સર્વકાળ આપણો
દેવ છે:
તે મરણ પર્યંત આપણો દોરનાર થશે.

૪૯

હે સર્વ લોક, તમે આ સાંભળો:
હે સઘળા જગવાસીઓ, કાન દો.
૨ નીચ તથા ઉચ બન્ને,
ધનવંત તથા દરિદ્રી એકત્ર સાંભળો.
૩ મારૂં મુખ બુદ્ધિ વિષે બોલશે:
ને મારા હૃદયના વિચાર જ્ઞાન વિષે
થશે.
૪ હું દૃષ્ટાંત તરફ મારો કાન ધરીશ:
વીણા પર મારો મર્મ ખોલીશ.
૫ મારી પૂઠે લાગનારાઓનો અન્યાય
મને ઘેરે છે,
એવા ભુંડાઈના દિવસોમાં હું શા
માટે બિહું?
૬ જેઓ પોતાના ધન પર ભરોસો
રાખે છે,
ને પોતાના દ્રવ્યની પુષ્કળતામાં
અભિમાન કરે છે,
૭ તેઓમાંના કોઈથી કોઈ પણ રીતે
પોતાનો ભાઈ ખંડી લેવાય નહિ,
અથવા તેને સારૂ દેવને ખંડણી
અપાય નહિ;
૮ કેમકે તેના પ્રાણની ખંડણી અમૂલ્ય
છે,
અને એનો વિચાર સદા છોડી દેવો
જોઈએ,
૯ કે તે હજી સદા જીવે
ને કોહોવાણ ન પામે.
૧૦ કેમકે તે જુએ છે કે બુદ્ધિવંતો
મરે છે,
મૂર્ખ તથા હેવાન જેવા એકત્ર નાશ
પામે છે,
ને પારકાઓને વાસ્તે પોતાનું ધન
મૂકી જાય છે.
૧૧ તેઓના અંતરનો વિચાર એવો છે
કે અમારાં ઘર સદા ટકશે,
અમારાં રહેઠાણ પેઢી દર પેઢી
ટકશે:
તેઓ પોતાની જાગીરોને પોતાનાં
નામ આપે છે.

૧૨ પણ માણસનું માન ટકી રહેતું નથી :
તે નાશ પામનાર પશુના જેવો છે.
૧૩ આ તેઓનો માર્ગ તેઓની મૂર્ખાઈ છે:
તેમ છતાં તેમની પછીના લોક તેમની કહેણીઓ પસદ કરે છે.
૧૪ તેઓ શેઓલમાં નાખવાના ટોળા તરીકે ઠરાવાયા છે.
મોત તેમને ચારશે·
અને યથાર્થીઓ સવારમાં તેમના ઉપર અધિકાર કરશે:
ને તેઓનુ સૌન્દર્ય શેઓલમાં નાશ પામશે, એવું કે તેને વાસ્તે કાંઈ રહેઠાણ નહિ હોય.
૧૫ પણ દેવ મારા આત્માને શેઓલના સામર્થ્યથી ખંડી લેશે,
કેમકે તે મારો અંગીકાર કરશે.
૧૬ જ્યારે કોઈ ધનવાન થાય છે,
જ્યારે તેના ઘરનો વૈભવ વધે છે,
ત્યારે તું બિહી મા :
૧૭ કેમકે તે મરી જાય ત્યારે તે પોતાની સાથે કંઈ લઈ જશે નહિ :
તેનો વૈભવ તેની પાછળ જશે નહિ.
૧૮ જ્યારે તે જીવતો હતો ત્યારે તે પોતાના આત્માને ધન્યવાદ આપતો,
અને તું પોતાનું ભલુ કરે છે ત્યારે માણસો તારાં વખાણ કરે છે,
૧૯ તોપણ તે પોતાના પૂર્વજોના જમાનાના લોકોની પાસે જશે :
તેઓ કદી અજવાળું જોશે નહિ.
૨૦ જે માણસ માનવંત છતાં બુદ્ધિહીન છે,
તે નાશ પામનાર પશુઓના જેવો છે.

દસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૫૦ દેવ, હા, દેવ યહોવાહ બોલ્યો છે,
ને તેણે સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી પૃથ્વીને બોલાવી છે.
૨ સૌન્દર્યની સંપૂર્ણતા જે સિયોન, તેમાંથી
દેવ પ્રકાશ્યો છે.
૩ આપણો દેવ આવશે, ને ચૂપ નહિ રહેશે.
તેની આગળ અગ્નિ ખાઈ જશે,
ને તેની આસપાસ આંધી થશે.
૪ પોતાના લોકનો ન્યાય કરવાને
તે ઉપરના આકાશને તથા પૃથ્વીને બોલાવશે :
૫ જેઓએ યજ્ઞથી મારી સાથે કરાર કીધો છે
તે મારા ભકતોને મારી પાસે ભેગા કરો.
૬ ને આકાશો તેનુ ન્યાયીપણું પ્રગટ કરશે,
કેમકે દેવ પોતે ન્યાયાધીશ છે.
૭ હે મારા લોકો, સાંભળો, ને હું બોલીશ :
હે ઇસ્રાએલ, સાંભળ, ને હું તારી વિરૂદ્ધ સાક્ષી પૂરીશ :
હું દેવ, હા, તારો દેવ છુ.

૮ તારા યજ્ઞોને લીધે હું તને ઠપકો
નહિ દઉં:
અને તારાં દહનીયાર્પણ નિરંતર
મારી આગળ છે.
૯ હું તારા ઘરમાંથી કોઈ ગોધો,
ને તારા વાડાઓમાંથી બકરા નહિ
લઈશ.
૧૦ કેમકે અરણ્યનું દરેક પશુ
તથા હજાર ડુંગરો ઉપરનાં જનાવર
મારાં છે.
૧૧ હું પર્વતોનાં સર્વ પક્ષીઓને ઓળખું
છું,
ને જંગલનાં શ્વાપદ મારાં છે.
૧૨ જો હું ભૂખ્યો હોત તો હું તને ન
કહેત,
કેમકે જગત તથા તેનું ભરપૂરપણું
મારૂં છે.
૧૩ શું, હું ગોધાઓનું માંસ ખાઉં,
કે બકરાઓનું રક્ત પીઉં?
૧૪ દેવને સ્તુત્યર્પણ ચઢાવ,
ને પરાત્પર પ્રત્યે તારી માનતાઓ
ઉતાર·
૧૫ ને સંકટને દિવસે મને વિનંતી કર:
હું તને છોડાવીશ, ને તું મારો
મહિમા પ્રગટ કરીશ.
૧૬ પણ દુષ્ટને દેવ કહે છે,
શા માટે તારે મારા વિધિઓ પ્રગટ
કરવા,
તથા મારો કરાર તારા મુખમાં
લેવો?
૧૭ કેમકે તું શિખામણથી કંટાળે છે,
ને મારી વાતો તારી પછવાડે નાખે
છે.
૧૮ તેં ચોર જોયો ત્યારે તે તેની સાથે
સમ્મતિ આપી,
ને વ્યભિચારીઓનો ભાગીદાર તું
થયો છે.
૧૯ તું ભુંડાઈને પોતાનું મુખ સોંપે છે,
ને તારી જીભ કપટ રચે છે.
૨૦ તું બેસીને તારા ભાઈની વિરૂદ્ધ
બોલે છે:
તું તારી પોતાની માના દીકરાની
ચાડી કરે છે.
૨૧ આવાં કામ તેં કીધાં છે, ને હું ચૂપ
રહ્યો:
તેં ધાર્યું છે કે હું છેક તારા જેવો છું,
પણ હું તને ઠપકો દઈશ, ને હું
તારાં કામો તારી આંખો આગળ
ગોઠવીશ.
૨૨ હે દેવને વિસરનારા, હવે આનો
વિચાર કરો,
રખેને હું તમને ફાડીને ટુકડેટુકડા
કરૂં ને છોડાવનાર કોઈ ન હોય:
૨૩ જે સ્તુત્યર્પણ ચઢાવે છે તે મારો
મહિમા પ્રગટ કરે છે:
ને જે પોતાની વર્ત્તણુક નિયમસર
રાખે છે,
તેને હું દેવનું તારણ દેખાડીશ.

૫૧ હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા
પર દયા કર:
તારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં
ઉલ્લંઘન ભુંસી નાખ.
૨ મારા અન્યાયથી મને પૂરો ધો,
ને મારા પાપથી મને શુદ્ધ કર.

૩ કેમકે હું મારાં ઉલ્લંઘન જાણું છું,
ને મારૂં પાપ નિત્ય મારી આગળ છે.
૪ તારી, તારીજ વિરૂદ્ધ મે પાપ કીધુ છે,
અને જે તારી દૃષ્ટિમા ભુંડું તે મે કીધું છે :
એ માટે કે તું બોલે ત્યારે તુ ન્યાયી ઠરે,
ને તુ ન્યાય કરે ત્યારે તુ નિર્દોષ ઠરે.
૫ જો, હુ અન્યાયીપણામાં રચાયો,
ને પાપમાં મારી માએ મારો ગર્ભ ધર્યો હતો.
૬ જો, તું અંત કરણમાં સત્યતા ઇચ્છે છે,
ને ભીતરમાં તું મને જ્ઞાન શિખવીશ.
૭ ઝુફાથી મને ધોજે એટલે હુ શુદ્ધ થઇશ :
મને નવાડ, તો હુ હીમ કરતાં ધોળો થઇશ.
૮ મને હર્ષ તથા આનંદ સભળાવ,
કે જે હાડકાં તે ભાંગ્યાં છે તેઓ ઉત્સાહ કરે.
૯ મારાં પાપ તરફ નજર ન કર,
ને મારા સર્વ અન્યાય ભુસી નાખ.
૧૦ હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર,
ને મારામાં દૃઢ આત્મા નવો કર.
૧૧ તારી સન્મુખથી મને ન કાઢ,
ને તારો પવિત્ર આત્મા મારી પાસેથી ન લે.
૧૨ તારા તારણનો હર્ષ મને પાછો દે,
અને ઉદાર આત્માએ કરીને મને નિભાવી રાખ.
૧૩ તો હું ઉલ્લંઘન કરનારાઓને તારા માર્ગ શિખવીશ,
ને પાપીઓ તારી ભણી ફરશે.
૧૪ હે દેવ, મારા તારણના દેવ, ખૂનના દોષથી મને મુક્ત કર,
એટલે મારી જીભ તારા ન્યાયીપણા વિષે મોટેથી ગાશે.
૧૫ હે પ્રભુ, તુ મારા હોઠ ઉઘાડ,
ને મારૂ મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે.
૧૬ કેમકે તું યજ્ઞથી રિઝતો નથી, નહિ તો હુ અર્પત
તુ દહનીયાર્પણથી આનદ પામતો નથી.
૧૭ ઇશ્વરના યજ્ઞો તો રાંક મન છે :
હે ઇશ્વર, તુ રાંક અને નમ્ર હૃદયને ધિક્કારીશ નહિ
૧૮ તુ કૃપા કરી સિયોનનુ કલ્યાણ કર,
યરૂશાલેમના કોટોને બાંધ
૧૯ ત્યારે ન્યાયીપણાના યજ્ઞોથી દહનીયાર્પણ તથા સકળ દહનીયાર્પણથી તુ આનંદ પામીશ,
ત્યારે તેઓ તારી વેદી પર ગોધાઓનાં અર્પણ કરશે.

૫૨ અરે જુલમગાર, તુ ભુંડાઇમાં કેમ અભિમાન કરે છે?
દેવની કૃપા સર્વદા ટકે છે.
૨ તારી જીભ ખરાબ કરવાની યોજના કરે છે,

પાણીદાર અસ્ત્રાની પેઠે તે કપટ
કરે છે.
૩ તું ભલાઈ કરતાં ભુડાઇને ચાહે છે,
ને ન્યાયીપણુ બોલવા કરતાં તને
જુઠું બોલવુ ગમે છે.
૪ અરે કપટી જીભ,
તું સર્વ વિનાશક વચનો ચાહે છે.
૫ તને પણ ઈશ્વર સદાને માટે તોડી
પાડશે,
તને ઝિલી લઇને તે તને તારા
તંબુમાંથી ખેંચી કાઢશે,
ને ઈહ લોકમાંથી તને ઉખેડી નાખશે.
૬ વળી ન્યાયીઓ જોશે અને બિહીશે,
ને તેને હસી કાઢીને કહેશે કે,
૭ ઈશ્વરને જે પુરૂષે પોતાનો આશ્રય
ન કર્યો,
પણ પોતાના ઘણા ધન પર ભરોસો
રાખ્યો,
ને પોતાની કુઇચ્છાઓમાં પોતાને
દૃઢ કર્યો, તે આ રહ્યો.
૮ પણ હું તો દેવના ઘરના લીલા જૈત-
વૃક્ષ જેવો છુ.
હુ ઈશ્વરની કૃપા પર સદા સર્વદા
ભરોસો રાખું છું.
૯ તેં એ કીધુ છે, માટે હુ સદા તારી
ઉપકારસ્તુતિ કરીશ,
અને તારા સંતોની સન્મુખ હું તારા
નામની વાટ જોઈશ, કેમકે તે
સારૂ છે.

સાંજની પ્રાર્થના.

૫૩ મૂર્ખે પોતાના મનમાં ધાર્યું છે
કે, ઈશ્વર છેજ નહિ.
તેઓએ ભ્રષ્ટ થઇને ધિક્કારવા લાયક
ભુંડાઈ કીધી છે:
ભલુ કરનાર કોઈ નથી.
૨ સમજણો કે દેવને શોધનાર, એવો
કોઈ છે કે નહિ, તે જોવાને,
ઈશ્વરે આકાશથી મનુષ્યજાત પર
દૃષ્ટિ કરી.
૩ તેઓમાંનો દરેક ભટકી ગયો છે,
તેઓ એકત્ર અશુદ્ધ થયા છે.
ભલુ કરનાર કોઈ નથી, ના, એક
પણ નથી.
૪ શું ભુંડું કરનારાઓ કંઈ સમજતા
નથી?
તેઓ રોટલા ખાતા હોય, તેમ મારા
લોકને ખાઈ જાય છે,
વળી તેઓ દેવને વિનતી કરતા નથી.
૫ જ્યાં ભય ન હતો ત્યાં તેઓ ઘણા
ભયભીત થયા:
કેમકે જે તને ઘેરો ઘાલે છે તેઓનાં
હાડકાં ઈશ્વરે વિખેરી નાખ્યાં છે:
તે તેઓને લજાવ્યા છે, કેમકે ઈશ્વરે
તેઓને ધિક્કાર્યા છે.
૬ સિયોનમાંથી ઇસ્રાએલનું તારણ
વહેલું આવે તો કેવું સારૂં!
ઈશ્વર પોતાના લોકને બંધનમાંથી
પાછા લાવશે,
ત્યારે યાકૂબ હરખાશે, ને ઇસ્રાએલ
આનંદ કરશે.

૫૪ હે ઈશ્વર, તારે નામે મને તાર,
ને તારે પરાક્રમે મારો ન્યાય કર.
૨ હે ઈશ્વર, મારી પ્રાર્થના સાંભળ,
મારા મુખની વાતોને કાન દે.

૩ કેમકે પારકા લોક મારી સામે ઉઠ્યા છે, ને જુલમગારો મારો જીવ લેવા શોધે છે:
તેઓએ પોતાની આગળ ઈશ્વરને રાખ્યો નથી.
૪ જુઓ, ઈશ્વર મારો સહાય કરનાર છે,
મારો પ્રાણાધાર તે પ્રભુજ છે.
૫ તે મારા વૈરીઓને ભુંડાઈનો બદલો આપશે.
તારી સત્યતાએ તેઓનો નાશ કર.
૬ હુ રાજીખુશીથી તને યજ્ઞ અર્પીશ·
હે યહોવાહ, હુ તારા નામની ઉપકારસ્તુતિ કરીશ, કેમકે તે સારૂ છે.
૭ કારણ કે તેણે મને સર્વ સકટથી છોડાવ્યો છે,
ને મારી ઇચ્છા પ્રમાણે મારા શત્રુઓને થયુ, તે મે નજરે જોયુ છે.

૫૫ હે ઈશ્વર, મારી પ્રાર્થનાને કાન દે,
ને મારી યાચનાથી સતાઈ ન જા.
૨ મારી વાત પર ધ્યાન આપી મને ઉત્તર દે·
હુ મારા શોકમાં અશાંત છુ ને વિલાપ કરૂં છુ
૩ શત્રુના અવાજને લીધે,
ને દુષ્ટોના જુલમને લીધે એમ કરૂં છુ:
કેમકે તેઓ મારા પર અન્યાયનો દોષ મૂકે છે,
ને ક્રોધથી મને સતાવે છે.
૪ મારામાં મારૂં હૃદય બહુ પીડિત થયું છે,
ને મરણની ધાક મારા પર પડી છે.
૫ ત્રાસ તથા ધ્રુજારી મારા પર આવ્યાં છે,
ને હું ભયથી ઘેરાએલો છુ.
૬ વળી મેં કહ્યુ, મને કબૂતરની પેઠે પાંખ હોત, તો કેવું સારૂં!
કે હુ ઉડી જઇને વિસામો પામત.
૭ અરે, હુ આઘે નાસી જઇને
અરણ્યમાં મુકામ કરત.
૮ પવનના સુસવાટાથી તથા તોફાનથી
હુ ઉતાવળે આશ્રયમાં જઈ પહોચત.
૯ હે પ્રભુ, તેઓની જીભોમાં ફૂટ પાડી તેઓનો નાશ કર,
કેમકે મેં નગરમાં બળાત્કાર તથા ઝગડા જોયા છે.
૧૦ તેઓ અહોનિશ તેના કોટ પર ફેરા ખાય છે.
તેની મધ્યે દુષ્ટતા તથા હાની છે.
૧૧ તેની વચ્ચે ભુંડાઈ છે·
જુલમ તથા ઠગાઈ તેના રસ્તા પરથી ખસતાં નથી.
૧૨ કેમકે મારા પર જે આળ મૂકનારો તે શત્રુ ન હતો,
એ તો મારાથી સહન કરી શકાત:
મારી વિરૂદ્ધ વડાઈ કરનારો તે વૈરી ન હતો,
એવાથી તો હુ સંતાઈ રહી શકત.
૧૩ પણ તે તુંજ હતો, તું જે મારા સરખા દરજ્જાનો પુરૂપ,
મારો ભાઈબંધ ને મારો પરિચિત!
૧૪ આપણે સુખે એક બીજાની સલાહ લેતા હતા,

તેમ સમુદાયની સંઘાતે ઈશ્વરના
ઘરમાં જતા હતા.
૧૫ તેમના પર મોત એકાએક આવો,
તેઓ જીવતાજ શેઓલમાં ઉતરી
પડો:
કેમકે ભુંડાઈ તેઓના વાસોમાં, હા,
તેઓના અંતરમાં છે.
૧૬ હું તો ઈશ્વરને હાંક મારીશ,
ને યહોવાહ મારૂં તારણ કરશે.
૧૭ સાંજે, સવારે તથા બપોરે હુ શોક
તથા વિલાપ કરીશ:
ને તે મારો સાદ સાંભળશે.
૧૮ કોઈ મારી પાસે આવે નહિ, માટે
તેણે મારા આત્માને શાંતિમાં
ખંડી લીધો છે.
કેમકે મારા સામાવાળા ઘણા હતા.
૧૯ ઈશ્વર જે અનાદિકાળથી બિરાજેલો
છે
તે સાંભળશે, ને તેઓને નીચા
પાડશે,
જેઓમાં કંઈ ફેરફાર થતો નથી,
જેઓ ઈશ્વરથી બીતા નથી, તેઓને
તે નીચા પાડશે.
૨૦ જેઓ તેની સાથે સમાધાન રાખતા
હતા, તેઓ પર તેણે હાથ ઉગામ્યો
છે:
તેણે તેનો કરેલો કરાર તોડયો છે.
૨૧ તેનું મુખ માખણ જેવું સુંવાળું હતું,
પણ તેના હૃદયમાં યુદ્ધ હતું.
તેની વાતો તેલ કરતાં નરમ હતી,
તોપણ તેઓ ઉઘાડી તરવારો હતી.
૨૨ તારો બોજો યહોવાહ પર નાખ, ને
તે તને નિભાવી રાખશે:
તે કદી ન્યાયીને ઠોકર ખાવા દેશે
નહિ.
૨૩ પણ, હે ઈશ્વર, તું તેઓને નાશના
ખાડામાં નાખી દેશે:
ખુની તથા કપટી માણસો પોતાના
અર્ધા આયુષ્ય સુધી જીવવાના
નથી:
પણ હું તો તારા પર ભરોસો રાખીશ.

અગીઆરમો દિવસ.

સવારની પ્રાર્થના.

૫૬ હે ઈશ્વર, તુ મારા પર દયા કર,
કેમકે માણસ તો મને ગળી
જાય:
તે આખો દિવસ લડીને મારા પર
જુલમ કરે છે.
૨ મારા શત્રુઓ તો આખો દહાડો
મને ગળી જાય,
કેમકે જેઓ મારી સામે ગર્વથી
લડે છે તેઓ ઘણા છે.
૩ જ્યારે હું બિહી જાઉં
ત્યારે તારા પર ભરોસો રાખીશ.
૪ હું ઈશ્વરની મદદથી તેના વચનની
સ્તુતિ કરીશ:
ઈશ્વર પર મેં ભરોસો રાખ્યો છે, હું
બિહીવાનો નથી:
મનુષ્યમાત્ર મને શું કરનાર છે?
૫ તેઓ આખો દિવસ મારી વાતોને
મરડે છે:

તેઓના સર્વ વિચારો મારૂં ભુંડું
કરવા માટે મારી વિરૂદ્ધ છે.
૬ તેઓ એકઠા થાય છે, તેઓ સંતાઈ
રહે છે,
તેઓ મારાં પગલાં તકાવે છે,
કેમકે તેઓ મારો પ્રાણ લેવાની
રાહ જુએ છે.
૭ શું તેઓ અન્યાય કરીને બચી જશે?
હે ઈશ્વર, તું કોપ કરી જગતના
લોકોને પાડી નાખ.
૮ તું મારી રખડામણો ગણે છે:
મારાં આંસુઓ તારી કુપ્પીમાં રાખ.
શું તેઓ તારા પુસ્તકમાં લખેલાં
નથી?
૯ જે દિવસે હું વિનતી કરૂં, ત્યારે મારા
શત્રુઓ પાછા ફરશે.
ઈશ્વર મારા પક્ષમાં છે, એ હું
જાણું છું.
૧૦ ઈશ્વરની મદદથી હું તેના વચનની
સ્તુતિ કરીશ.
યહોવાહની મદદથી હું તેના વચ-
નની સ્તુતિ કરીશ.
૧૧ ઈશ્વર પર મેં ભરોસો રાખ્યો છે, હું
બિહીવાનો નથી.
માણસ મને શું કરનાર છે?
૧૨ હે ઈશ્વર, મેં તારી માનતાઓ લીધી
છે:
હું તને સ્તુત્યર્પણો ચઢાવીશ.
૧૩ કેમકે તેં મારા આત્માને મરણથી
બચાવ્યો છે:
શું, મારા પગને લથડતાં તેં બચાવ્યા
નથી?
એ માટે કે હું ઈશ્વરની સન્મુખ
જીવનના અજવાળામાં ચાલું.

૫૭ હે ઈશ્વર, મારા પર દયા રાખ,
મારા પર દયા રાખ,
કેમકે મારો આત્મા તારે શરણે
આવ્યો છે.
ને આ વિપત્તિઓ થઈ રહે, ત્યાં સુધી
હું તારી પાંખોને ઓથે આશ્રય
લઈશ.
૨ હું પરાત્પર દેવની વિનંતી કરીશ,
ઈશ્વર જે મારૂં પૂરૂં કરનાર છે,
તેની વિનંતી કરીશ.
૩ જે મને ગળી જવા ચાહે છે, તે
નિંદા કરે છે,
ત્યારે તે આકાશથી મોકલીને મને
બચાવશે.
ઈશ્વર પોતાની કૃપા તથા સત્યતા
મોકલશે.
૪ મારો આત્મા સિંહો મધ્યે છે:
જેઓના મનમાં ભડકા ઉઠે છે,
તેઓમાં મારે સુઈ જવું પડે છે:
તેઓ એવા માનવપુત્રો છે, કે
જેઓના દાંત ભાલા તથા બાણ,
ને તેઓની જીભ તીક્ષ્ણ ધારવાળી
તરવાર છે.
૫ હે ઈશ્વર, આકાશ કરતાં તું ઉંચો
મનાઓ,
આખી પૃથ્વી કરતાં તારો મહિમા
મોટો થાઓ.
૬ તેઓએ મારા પગને સારૂ જાળ
સિદ્ધ કીધી છે:
મારો આત્મા નમી ગયો છે:

તેઓએ મારી આગળ ખાડો ખોદ્યો છે,
તે મધ્યે તેઓ પોતે પડી ગયા છે.
૭ હે ઈશ્વર, મારૂ હૃદય દૃઢ છે. મારૂ હૃદય દૃઢ છે:
હુ ગાયન કરીશ, હા, હુ સ્તોત્રો ગાઈશ.
૮ જાગજે, મારા ગૌરવ, વીણા ને તમ્બુરા, તમે જાગો·
હું તો પ્રભાતે જાગીશ.
૯ હે પ્રભુ, હું લોકોમાં તારી ઉપકાર-સ્તુતિ કરીશ:
વિદેશીઓમાં હુ તારા સ્તોત્ર ગાઈશ.
૧૦ કેમકે તારી કૃપા આકાશે પહોંચે એટલી,
ને તારી સત્યતા આભમાં પહોંચે એટલી મોટી છે.
૧૧ હે ઈશ્વર, આકાશ કરતાં તું ઉચો મનાઓ:
આખી પૃથ્વી કરતાં તારો મહિમા મોટો દેખાઓ.

૫૮ અરે પરાક્રમીઓ, શું તમે ખરે-ખર ન્યાયીપણું બોલો છો?
શું, તમે માનવપુત્રોનો અદલ ઇન-સાફ કરો છો?
૨ ના, તમે મનમાં ભુંડાઈ યોજો છો:
પૃથ્વી પર તમે તમારા હાથનો જુલમ તોળી આપો છો.
૩ દુષ્ટો માના પેટથીજ ભટકી ગયલા હોય છે:
તેઓ જન્મે છે કે તરતજ જુઠું બોલતાં ખોટે રસ્તે ચઢી જાય છે.
૪ તેઓનુ વિષ સાપના વિષ જેવુ છે:
તેઓ કાન બંધ કરી રાખનાર બહેરા એરૂ જેવા છે,
૫ કે જે ઘણીજ હુશિયારીથી રાગમોહ લગાડનાર
એવા ગારૂડીનો પણ સાદ સાંભળતો નથી.
૬ હે ઈશ્વર, તેઓના મ્હોની અંદર તેઓની બત્રિસી ભાંગી નાખજે
હે યહોવાહ, સિંહનાં બચ્ચાંની રાક્ષીઓ પાડજે.
૭ તેઓ ઝડપથી વહેતા પાણીની પેંઠ જતા રહે·
તેઓ બાણ તાકે ત્યારે તેઓ બુઠાં જેવાં થાય.
૮ ગોકળગાય જે પિગળતી પિગળતી ચાલે છે, તેના જેવા,
સ્ત્રીનો અધુરે ગએલો ગર્ભ જેણે સૂર્યને જોયો નથી, તેના જેવા તેઓ થાય.
૯ તમારાં હાંલ્લાંને કાંટાનો તાપ લાગે ત્યાર પહેલાં,
ગમે તો તેઓ લીલા હોય કે સૂકા હોય તોપણ, તે તેમને વટોળિયાથી ઘસડી લઈ જશે.
૧૦ બદલો વાળેલો જોઇને ન્યાયી હરખાશે·
તે દુષ્ટોના રક્તમાં પોતાના પગ ધોશે.
૧૧ માટે લોકો કહેશે, ન્યાયીને બદલો ખચિત મળે છે:
ખરેખર પૃથ્વીમાં ન્યાય કરનાર ઈશ્વર છે.

સાંજની પ્રાર્થના.

૫૯ હે મારા દેવ, મારા શત્રુઓથી
મને છોડાવ,
મારા પર ચઢાઈ કરનારાઓથી મને
ઉગાર.
૨ ભુંડાઈ કરનારાઓથી મને છોડાવ,
ને ખુની માણસોથી મને બચાવ.
૩ કેમકે જુઓ, તેઓ મારો પ્રાણ
લેવા સંતાઈ રહે છે.
પરાક્રમીઓ મારી સામે એકઠા
થાય છે
હે યહોવાહ, આ મારાં ઉલ્લંઘન કે
મારા પાપને લીધે છે, એમ નહિ.
૪ મારો કંઈ પણ દોષ ન છતાં તેઓ
દોડી આવીને તૈયારી કરે છે
મને સહાય કરવાને જાગ ને જો.
૫ હા, ઓ સૈન્યોના યહોવાહ દેવ,
ઇસ્રાએલના દેવ,
તું સર્વ વિદેશીઓને જોઈ લેવાને
જાગજે
કોઈ પણ દુષ્ટ અપરાધીઓ પર તું
દયા કરીશ મા.
૬ તેઓ સંધ્યાકાળે પાછા આવે છે,
તેઓ કુતરાની પેઠે ઘુરકે છે,
ને નગરની આસપાસ ફેરા ખાય છે
૭ જુઓ, તેઓ મ્હોમાંથી ફીણ કાઢે છે.
તેઓના હોઠોમાં તરવારો છે,
કેમકે કોણ સાંભળનાર છે? એવું
તેઓ બોલે છે.
૮ પણ હે યહોવાહ, તું તેઓને હસી
કાઢશે,
તું સર્વ વિદેશીઓની મશ્કરી કરશે.
૯ હે મારા સામર્થ્ય, હું તારી વાટ
જોઈશ,
કેમકે ઇશ્વર મારો ઉંચો ગઢ છે.
૧૦ મારા પર કૃપા કરનારો ઈશ્વર મને
મળશે
ઈશ્વર મારા શત્રુઓને મારી ઇચ્છા
પ્રમાણે થએલું મને જોવા દેશે.
૧૧ તેઓને મારી નાખીશ મા, રખેને
મારા લોક ભુલી જાય
હે ઈશ્વર, અમારી ઢાલ,
તારી શક્તિ વડે તેઓને વિખેરી
નીચા પાડી નાખ.
૧૨ તેઓના મુખના પાપને લીધે,
તેઓના હોઠોના શબ્દોને લીધે,
ને તેઓ જે શાપ દે છે, ને જે જુઠું
બોલે છે, તેને લીધે
તેઓ પોતાના ગર્વમાં ફસાઈ પડે.
૧૩ કોપે કરીને તેઓનો નાશ કર, નાશ
કર, કે તેઓનું મૂળ જાય.
ને તેઓને જણાવ કે, પૃથ્વીની
સીમા સુધી
ઈશ્વર યાકૂબમાં રાજ્ય કરે છે.
૧૪ અને સાંજે તેઓ પાછા આવે.
તેઓ કુતરાની પેઠે ઘુરકે,
ને નગરની આસપાસ ફેરા ખાય.
૧૫ તેઓ ખાવા સારૂ રખડતા ફરશે,
ને તૃપ્ત નહિ થાય તો આખી રાત
રહેશે.
૧૬ પરંતુ હું તો તારી શક્તિ વિષે
ગાઈશ,
હા, હુ સકાળે તારી કૃપા વિષે હર્ષ-
નાદ કરીશ:

કેમકે તું મારો ઉંચો ગઢ,
ને સંકટને દિવસે મારો આશ્રય, થયો છે.
૧૭ હે મારા સામર્થ્ય, હું તારાં સ્તોત્રો ગાઈશ:
કેમકે ઈશ્વર મારો ઉંચો ગઢ, મારા પર કૃપા કરનાર દેવ છે.

૬૦ હે ઈશ્વર, તેં અમને તજી દીધા, તથા પાયમાલ કરી નાખ્યા છે.
તું કોપાયમાન થયો છે, ફરીથી અમને સ્થાપ.
૨ તેં દેશને ધ્રુજાવ્યો છે, તેં તેને ચીરી નાખ્યો છે:
તેના ચીરાને તું સમાર, કેમકે તે કાંપે છે.
૩ તેં તારા લોકોને કઠીણ પ્રસંગો દેખાડયા છે,
તેં અમને લથડિયાંરૂપી દ્રાક્ષરસ પાયો છે.
૪ તેં તારી બીક રાખનારાઓને ધ્વજા આપી છે,
એ માટે કે તે સત્યને અર્થે ઉંચી કરાય.
૫ તારો પ્રિય છુટી જાય,
માટે તારા જમણા હાથથી તારણ કરીને મને ઉત્તર દે.
૬ ઈશ્વર પોતાની પવિત્રતાએ બોલ્યો છે, હું હરખાઈશ,
હું શખેમને વહેંચીશ, ને સુક્કોથનું નીચાણ વહેંચી આપીશ.
૭ ગિલઆદ મારૂં છે, ને મનાશ્શેહ મારૂં છે,
વળી એફ્રાઇમ મારા માથાનો ટોપ છે:
યહુદાહ મારો રાજદંડ છે.
૮ મોઆબ મારો કળશિયો છે:
અદોમ ઉપર હું મારૂં ખાસડું નાખીશ:
હે પલેશેથ, મારે લીધે બૂમ પાડ.
૯ મોરચાબંધ નગરમાં કોણ મને લાવશે?
અદોમમાં મને કોણ દોરી લઈ જશે?
૧૦ હે ઈશ્વર, તેં શું અમને તજી દીધા નથી?
ને અમારાં સૈન્યોની સાથે તુ નિકળતો નથી.
૧૧ વૈરીની સામે અમને સહાય કર:
કેમકે માણસે કરેલો બચાવ વ્યર્થ છે.
૧૨ ઈશ્વર વડે અમે પરાક્રમ કરીશું:
ને તેજ અમારા વૈરીઓને ખુંદી નાખશે.

૬૧ હે ઈશ્વર, મારી બૂમ સાંભળ, મારી પ્રાર્થનાને કાન ધર.
૨ મારૂં હ્રદય વ્યાકુળ થાય, ત્યારે પૃથ્વીની સીમથી હું તને હાંક મારીશ:
જે ખડક મારાથી ઉંચો છે, તે પર મને દોરી લઈ જા,
૩ કેમકે તું મારે સારૂ આસરો
ને વૈરીના મુખથી મજબુત બુરૂજ થયો છે.
૪ હું સર્વકાળ તારા મંડપમાં રહીશ:
તારી પાંખોની છાયામાં હું આશ્રય પામીશ.

૫ કેમકે, હે ઈશ્વર, તેં મારી માનતાઓ સાંભળી છે:
તારા નામથી બિહીનારાઓને તે વારસો આપ્યો છે.
૬ તું રાજાનું આયુષ્ય વધારશે.
તેનાં વર્ષો ઘણી પેઢીઓ સરખાં થશે.
૭ તે ઈશ્વરની સન્મુખ સર્વદા રહેશે.
તેને સંભાળવા સારૂ કૃપા તથા સત્યતા સિદ્ધ કરજે.
૮ તો દરરોજ મારી માનતાઓ પૂરી કરવાને અર્થે
હું સદા તારા નામને સ્તવીશ.

બારમો દિવસ.

સવારની પ્રાર્થના.

૬૨ મારો આત્મા ઈશ્વરમાં શાંત છે,
તેનાથી મારૂં તારણ છે.
૨ તેજ મારો ખડક તથા તારણ છે·
તે મારો ગઢ છે. હું વધારે નહિ ડગાવાઈશ.
૩ જે જન ઝુકેલી ભીત કે ડગી રહેલી વાડ જેવો છે,
તેના પર તમે સર્વ કયાં સુધી તુટી પડીને
તેને મારી નાખવાનું કરશો?
૪ તેઓ કેવળ તેને તેની શ્રેષ્ઠતાથી હેઠી પાડવાને મસલત કરે છે:
તેઓ જૂઠાઈમાં હરખાય છે·
તેઓ મુખે આશિષ ઉચરે છે, પણ મનમાં શાપ દે છે.
૫ મારા આત્મા, તું કેવળ ઈશ્વરમાં શાંત થા:
કેમકે તેનામાં મારી અપેક્ષા છે.
૬ એકલો તે મારો ખડક તથા તારણ છે:
તે મારો ગઢ છે; હું નહિ ડગાવાઈશ.
૭ ઈશ્વરમાં મારૂં તારણ તથા ગૌરવ છે,
મારા સામર્થ્યનો ખડક તથા મારો આસરો ઈશ્વરમાં છે.
૮ તમે લોકો, સર્વ સમયે તેનો ભરોસો રાખો
તેની આગળ તમારૂં હૃદય રેડો:
દેવ આપણો આશ્રય છે.
૯ ખરેખર નીચ પંક્તિના માણસો વ્યર્થ છે, ને ઉચ્ચ પંક્તિના માણસો જુઠા છે.
તોળતી વેળા તેમનું પલ્લુ ઉચું જશે.
તેઓ બધા મળીને હવા કરતાં હલકા છે
૧૦ જુલમ પર ભરોસો ન રાખો,
ને લૂટમાં અભિમાન ન કરો
જો ધન વધે, તો તે પર જીવ ન ચોંટાડો.
૧૧ ઈશ્વર એક વાર બોલ્યો છે,
આ વાત મેં બે વાર સાંભળી છે.
કે સામર્થ્ય ઈશ્વરનુંજ છે:
૧૨ વળી, હે પ્રભુ, કૃપા તારીજ છે:
કેમકે તું દરેક માણસને તેના કામ પ્રમાણે બદલો વાળી આપે છે.

૬૩ હે ઈશ્વર, તું મારો દેવ છે, હું વહેલો તને શોધીશ
જ્યાં પાણી હોતું નથી, એવા સુકા તથા ખેદજનક દેશમાં,
તારે સારૂ મારો આત્મા તરસે છે,
મારો દેહ તારે વાસ્તે તલ્પે છે.
૨ તેથી તારૂ સામર્થ્ય તથા ગૌરવ જોવાને માટે,
મેં પવિત્રસ્થાનમાં તારી ભણી જોયુ છે.
૩ કેમકે તારી કૃપા જીવન કરતા સારી છે,
મારા હોઠો તારી પ્રશસા કરશે.
૪ આવી રીતે હુ મરણ પર્યંત તને ધન્ય કહીશ.
હુ તારે નામે મારા હાથ જોડીશ
૫ બિછાના પર તું મને યાદ આવે છે,
અને હું રાતના પોહોરમાં તારૂ ધ્યાન ધરૂ છું ત્યારે,
૬ જાણે કે મજ્જા તથા મેદથી મારો આત્મા તૃપ્ત થશે·
ને હર્ષિત હોઠોએ મારૂ મુખ તને સ્તવશે
૭ કેમકે તુ મારો સહાયકારી થયો છે,
ને હું તારી પાંખોની છાયામાં હરખાઈશ.
૮ મારા આત્માએ તારો કેડો પકડ્યો છે·
તારો જમણો હાથ મને ઉચકી રાખે છે.
૯ પણ જેઓ મારા આત્માનો નાશ કરવા શોધે છે,
તેઓ ધરતીની ઉંડી ખાઈઓમાં જશે.
૧૦ તેઓ તરવારને સ્વાધીન કરાશે,
તેઓ શિયાળોનો ભક્ષ થઈ જશે.
૧૧ પરંતુ રાજા ઈશ્વરમાં આનદ કરશે.
દરેક જે તેના સમ ખાય છે, તે વડાઈ કરશે,
કેમકે જુઠું બોલનારાનાં મ્હો બંધ કરાશે.

૬૪ હે ઈશ્વર, મારી કરિયાદનો સાદ સાંભળ
શત્રુના ભયથી મારો જીવ બચાવ.
૨ ભુડાઈ કરનારાઓનાં કાવતરાંથી,
અન્યાય કરનારાઓના હુલ્લડથી મને સતાડ
૩ તેઓએ તરવારની પેઠે તેમની જીભ ઘસી છે,
ને તેઓએ બાણ, એટલે વાગ્બાણ, તાકયાં છે·
૪ કે તેઓ ગુપ્ત ઠેકાણામાં ઉત્તમ માણસને મારે·
તેઓ તેને એકાએક મારે છે, ને બીતા નથી.
૫ તેઓ ભુડી ધારણામાં પોતાને દૃઢ કરે છે.
ગુપ્ત પાશ નાખવા વિષે તેઓ મસલત કરે છે.
તેઓ કહે છે, કોણ અમોને જોશે.
૬ તેઓ દુષ્ટ કર્મો શોધી કાઢે છે;
તેઓએ ચતુરાઈથી યુક્તિ યોજી છે:
ને તેઓમાંના દરેકના પેટનો વિચાર તથા હૃદય ઉંડાં છે.

૭ પણ ઈશ્વર તેઓને બાણ તાકી
મારશે :
તેઓ એકાએક ઘાયલ થઈ જશે
૮ એમ તેઓ ઠોકર ખાશે; તેમની
જીભ તેઓને નડશે :
જેઓ તેમને જોશે, તેઓ સર્વ માથું
ધુણાવશે.
૯ પછી સર્વ માણસ બિહીશે
ને તેઓ ઈશ્વરનાં કૃત્ય પ્રગટ કરશે,
ને તેનાં કામ વિષે સમજણથી
વિચાર ચલાવશે.
૧૦ ન્યાયીઓ યહોવાહમાં આનદ કરશે,
ને તેના પર ભરોસો રાખશે,
ને હૃદયના સર્વ યથાર્થીઓ વડાઈ
કરશે.

સાંજની પ્રાર્થના.

૬૫ હે ઈશ્વર, તારે માટે સિયોનમાં
સ્તુતિ સિદ્ધ કરેલી છે
ને તારી આગળ માનતા પૂરી કરાશે.
૨ હે પ્રાર્થનાના સાંભળનાર,
તારી પાસે સર્વ લોક આવશે.
૩ ભુંડાઈની વાતો મારા પર જય પામે
છે :
અમારાં ઉલ્લઘનો તું નિવારશે.
૪ જેને તું પસદ કરીને પાસે લાવે છે,
કે તે તારાં આંગણાંમાં વસે, તેને
ધન્ય છે.
અમે તારા ઘરની,
એટલે તારા પવિત્ર મદિરના પવિત્ર-
સ્થાનની ઉત્તમતાથી તૃપ્ત થઈશું.
૫ ન્યાયીકરણથી તું આશ્ચર્યકારક વાતો
વડે અમને ઉત્તર દેશે,
હે અમારા તારણના દેવ :
તું પૃથ્વીની સર્વે સીમોનો
તથા દૂર સમુદ્રોનો આશ્રય છે
૬ તેણે પોતાને બળે પર્વતોને સ્થાપ્યાઃ
તે પરાક્રમે ઘેરાયલો છે.
૭ તે સમુદ્રોની ગર્જના, તેઓના મોજ઼ા-
ઓની ગર્જના, શાંત કરે છે,
ને લોકોનુ હુલ્લડ પણ શાંત પાડે છે.
૮ પૃથ્વીની સીમમાંના રહેનારાઓ પણ
તારાં ચિન્હોથી બિહે છે.
તું સૂર્યોદય તથા સૂર્યાસ્તનાં સ્થળોને
હર્ષિત કરે છે.
૯ તું પૃથ્વીની મુલાકાત લે છે, ને તેને
સિચવે છે
તુ તેને ઘણી સફળ કરે છે :
ઈશ્વરની નદી પાણીએ ભરેલી છે :
તું તેઓને સારૂ ધાન્ય સિદ્ધ કરે છે,
કેમકે તે પ્રમાણે તે પૃથ્વીને તૈયાર
કીધી છે.
૧૦ તું તેના ચાસોને પુષ્કળ પાણી પાય
છે.
તું તેના ઉમરાઓને સપાટ કરે છે:
તું ઝાપટાથી તેને નરમ કરે છે :
તેના ઉગાવવાને તું આશીર્વાદ
આપે છે.
૧૧ તુ તારા ઉપકારથી વર્ષને આબાદી
બક્ષે છે.
ને તારી વાટોમાથી પુષ્ટિ ટપકે છે.
૧૨ અરણ્યના ચરાઓ પર તેઓ ટપકે
છે,
ને ટેકરીઓ હરખથી ઘેરાયલી છે :
૧૩ વળી ચરાઓ ટોળાંઓથી વેષ્ટિત
છે :

નીચાણો પણ ધાન્યથી ઢંકાયલાં છે:
તેઓ હર્ષનાદ કરે છે: હા, તેઓ
ગાય છે.

૬૬ હે સર્વ ભૂવાસીઓ, ઈશ્વરની
આગળ હરખની બૂમ પાડો·
૨ તેના નામના ગૌરવની સ્તુતિ ગાઓ:
તેના સ્તવનને મહિમાવાન કરો.
૩ ઈશ્વરને કહો, તારાં કામ કેવાં
ભયંકર છે!
તારા મહા સામર્થ્યને લીધે તારા
શત્રુઓ તારી આગળ નમી જશે.
૪ આખી પૃથ્વી તારૂ ભજન કરશે,
ને તારી આગળ ગાયન કરશે:
તેઓ તારા નામનુ સ્તવન કરશે.
૫ આવો, ને ઈશ્વરનાં કૃત્યો જુઓ:
માનવપુત્રો પ્રત્યે તેનાં કામ ભયંકર
છે.
૬ તેણે સમુદ્રને ખુશકી કરી નાખ્યો:
તેઓ પગે ચાલીને નદી પાર ગયા:
ત્યાં આપણે તેનામાં આનંદ કીધો.
૭ તે પોતાને પરાક્રમે સદા રાજ્ય કરે
છે:
તેની આંખો દેશજાતિઓને નિહાળે
છે.
બંડ ઉઠાવનારાઓ પોતાને ઉંચા ન
કરે.
૮ તમે લોકો, આપણા ઈશ્વરને સ્તુત્ય
માનો,
ને તેના સ્તવનનો સાદ સંભળાવો:
૯ તે આપણા આત્માને જીવનમાં
રાખે છે,
ને આપણા પગને સરકવા દેતો
નથી.
૧૦ કેમકે, હે ઈશ્વર, તે અમને પારખ્યા
છે.
જેમ રૂપુ કસાય છે તેમ તે અમને
કસ્યા છે.
૧૧ તે અમને જાળમાં પાડ્યા:
તેં અમારી કમરો પર ત્રાસદાયક
બોજો મૂકયો.
૧૨ તે અમારાં માથાં પર માણસોને
સ્વારી કરાવી:
અમે અગ્નિ તથા પાણીમાં થઈને
ચાલ્યા,
પણ તેં અમોને કાઢી લાવીને સમૃ-
દ્ધિમાં પહોંચાડયા.
૧૩ દહનીયાર્પણો લઈને હું તારા ઘરમાં
આવીશ·
હુ તારી આગળ મારી માનતાઓ
પૂરી કરીશ:
૧૪ જે મારા હોઠોએ ઉચ્ચાર્યુ,
ને સકટમાં જે મારૂં મુખ બોલ્યું,
તે હું પૂરૂ કરીશ.
૧૫ પુષ્ટ જનાવરનાં દહનીયાર્પણો મેઢાં-
ઓના ધૂપ સાથે
હુ તારી આગળ ચઢાવીશ:
હું બકરાં સુદ્ધાં ગોધા ચઢાવીશ.
૧૬ હે ઈશ્વરથી બિહીનારાઓ, તમે
સર્વ આવીને સાંભળો,
એટલે તેણે મારા આત્માને સારૂ
જે કીધુ છે, તે હું પ્રગટ કરીશ.
૧૭ મારે મુખે મેં તેને હાંક મારી,
ને મારી જીભે તે મોટો મનાયો.
૧૮ જો હું મારા હ્રદયમાં ભુંડાઈ કરવાનો
ઇરાદો રાખું,

તો પ્રભુ મારૂં સાંભળશે નહિ:
૧૯ પણ દેવે નિશ્ચે સાંભળ્યું છે.
તેણે મારી પ્રાર્થનાના સાદને કાન ધર્યો છે.
૨૦ ધન્ય હોજો ઈશ્વરને,
કે જેણે મારી પ્રાર્થનાથી તથા મારાથી તેની કૃપા પાછી ફેરવી નથી.

૬૭ ઈશ્વર અમારા પર કૃપા કરી અમને આશીર્વાદ દે,
ને તેના મુખનો પ્રકાશ અમારા પર પાડે.
૨ એ માટે કે તારો માર્ગ પૃથ્વી પર જણાય,
ને તારૂં તારણ સર્વ દેશજાતિઓને પ્રગટ થાય.
૩ હે ઈશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે:
સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.
૪ દેશજાતિઓ આનંદ કરે, ને હરખથી ગાય:
કેમકે તું લોકોનો અદલ ઇનસાફ કરશે,
ને પૃથ્વી પરની દેશજાતિઓ પર રાજ્ય કરશે.
૫ હે ઈશ્વર, લોકો તારી ઉપકારસ્તુતિ કરે:
સર્વ લોકો તારી ઉપકારસ્તુતિ કરે.
૬ પૃથ્વીએ પોતાનું ફળ આપ્યું છે:
દેવ, હા, આપણો દેવ, આપણને આશીર્વાદ આપશે.
૭ દેવ આપણને આશીર્વાદ આપશે,
ને પૃથ્વીની સર્વે સીમાઓ તેનાથી બિહીશે.

તેરમો દિવસ.

સવારની પ્રાર્થના.

૬૮ ઈશ્વર ઉઠે; તેના શત્રુઓ વિખેરાઈ જાય·
ને તેના દ્વેષીઓ તેની સન્મુખથી નાસી જાય.
૨ ધુમાડો ઉડાવી નખાય છે, તેમ તેઓને ઉડાવી નાખ:
જેમ અંગારાની આગળ મીણ પિગળી જાય છે,
તેમ દુષ્ટો ઈશ્વરની સન્મુખ નાશ પામે.
૩ પણ ન્યાયીઓ આનંદ કરે, તેઓ દેવની સન્મુખ હરખાય:
હા, તેઓ ઉલ્લાસથી આનદ કરે.
૪ ઈશ્વરની આગળ ગાઓ, તેના નામનાં સ્તોત્ર ગાઓ:
જે અરણ્યમાં થઈને સ્વારી કરે છે, તેને માટે સડક બાંધો:
તેનું નામ યાહ છે, ને તેની સન્મુખ તમો ઉલ્લાસ કરો.
૫ અનાથનો પિતા ને વિધવાઓનો ન્યાયાધીશ,
એવો તેના પવિત્રસ્થાનમાં ઈશ્વર છે.
૬ ઈશ્વર છડાંઓનાં ઘર બાંધે છે:
તે બંદીવાનોને કાઢીને સમૃદ્ધિમાં લાવે છે:
પણ બંડખોરો સુકા દેશમાં રહે છે.

૭ હે ઈશ્વર, જ્યારે તું તારા લોકની આગળ ચાલી નિકળ્યો,
જ્યારે અરણ્યમાં થઇને તેં કૂચ કીધી,
૮ ત્યારે પૃથ્વી કાંપી,
વળી દેવની સન્મુખ આકાશ ટપકવા લાગ્યું:
દેવ, ઇસ્રાએલના દેવની આગળ સિનાય પર્વત કાંપ્યો.
૯ હે ઈશ્વર, તેં પુષ્કળ વરસાદ મોકલ્યો,
તારૂં વતન બેહોશ થયું હતું, ત્યારે તેં તેને તાજું કીધું.
૧૦ તારા ટોળાએ તેમાં નિવાસ કીધો:
હે ઈશ્વર, તેં ઉપકાર કરીને ગરીબોને માટે તૈયારી કીધી.
૧૧ પ્રભુ વચન આપે છે,
ખબર કહેનારીઓનું તો મોટું ટોળું છે.
૧૨ સૈનાધિપતિઓ નાસે છે, તેઓ નાસી જાય છે,
ને ઘેર રહેનારી લૂટ વહેંચે છે.
૧૩ તમે ઘેટાંના વાડા મધ્યે સુશો,
ત્યારે જેને પાંખે રૂપાનો ઢોળ
ને પીછાંએ કેસરી સોનાનો ઢોળ ચઢાવેલો હોય, એવો હોલો સુતેલો હોય, એમ લાગશે.
૧૪ સર્વસમર્થે ત્યાં આગળ રાજાઓને વિખેરી નાખ્યા,
ત્યારે સાલ્મોનમાં હીમ પડયા જેવું થયું.
૧૫ બાશાનનો પર્વત ઈશ્વરનો પર્વત છે:
બાશાનનો પર્વત ઘણાં શિખરવાળો પર્વત છે.
૧૬ અરે શિખરવાળા પર્વતો, ઈશ્વરે રહેવાને માટે જે પર્વત પસંદ કીધો છે,
તેને તમે ટેડી નજરે કેમ જુઓ છો?
ખરેખર યહોવાહ સર્વકાળ સુધી ત્યાં રહેશે.
૧૭ ઈશ્વરના રથો લાખોના લાખ ને હજારોના હજાર છે:
પ્રભુ તેઓ મધ્યે છે; જેમ તે સિનાયના પવિત્રસ્થાનમાં છે તેમ.
૧૮ તું ઉચ્ચસ્થાનમાં ચઢી ગયો છે, તેં બદીને બદીવાન કરી લીધી છે:
તેં માણસો મધ્યે નજરાણાં પામી લીધાં છે,
હા, બંડખોરોથી પણ લીધાં, એ માટે કે યહોવાહ દેવ તેઓ મધ્યે રહે
૧૯ ધન્ય છે પ્રભુને કે જે રોજ આપણો બોજો ઉચકી લે છે,
તે આપણા તારણનો દેવ છે.
૨૦ ઈશ્વર, તેજ આપણે સારૂ તારણનો દેવ છે:
ને મરણથી છુટવાના માર્ગો યહોવાહ પ્રભુ પાસે છે.
૨૧ પણ ઈશ્વર પોતાના શત્રુઓનું માથું ફોડી નાખશે,
જાથુ પાપમાં ચાલનારની કેશવાળી ખોપરી તે ફોડી નાખશે.
૨૨ પ્રભુએ કહ્યું, હું બાશાનથી પાછા લાવીશ,
હું સમુદ્રનાં ઉંડાણોમાંથી પાછા લાવીશ:

૨૩ એ માટે કે તું તારો પગ રક્તમાં
બોળે,
ને તારા કુતરાઓની જીભને શત્રુ-
ઓનો ભક્ષ મળે.
૨૪ હે ઈશ્વર, તેઓએ તારી સ્વારી
જોઈ છે, મારા દેવ,
મારા રાજાના પવિત્રસ્થાનમાં
જનારી સ્વારી તેઓએ જોઈ છે.
૨૫ અગાડી ગાયકો ચાલતા હતા, પછ-
વાડે વાજા વગાડનારા ચાલતા
હતા,
તેઓ ડફ વગાડનારી કન્યાઓ
મધ્યે ચાલતા હતા.
૨૬ તમે મંડળીઓમાં દેવની સ્તુતિ કરો,
ઇસ્રાએલના ઝરાના, તમે પ્રભુની
સ્તુતિ કરો.
૨૭ ત્યાં તેઓનો અધિકારી નાનો
બિન્યામીન છે,
યહુદાહના સરદારો ને તેઓની સભા,
ઝબુલૂનના સરદારો, નાફતાલીના
સરદારો ત્યાં છે.
૨૮ તારા દેવે તને સામર્થ્ય મળે એવી
આજ્ઞા આપી છે:
હે દેવ, તેં જે અમારે સારૂ કીધુ છે,
તે સ્થિર કર
૨૯ યરૂશાલેમમાંના તારા મંદિરને લીધે
રાજાઓ તારી પાસે નજરાણાં
લાવશે.
૩૦ બરૂઓ મધ્યે રહેનાર જંગલી
શ્વાપદને ધમકાવ,
ગોધાઓના ટોળાને વાછરડાં જેવા
લોકો સુદ્ધાં ધમકાવ,
કે તેઓ રૂપાના કકડાઓ લઈને
દંડવત કરે·
જે લોકો યુદ્ધમાં રાજી હોય છે,
તેઓને તું વિખેરી નાખ.
૩૧ મિસરમાંથી અમીરો આવશે,
કૂશ દેશ જલદીથી ઈશ્વર આગળ
હાથ જોડશે.
૩૨ પૃથ્વીનાં રાજ્યો, દેવની આગળ
ગાઓ,
પ્રભુનું સ્તવન કરો.
૩૩ પૂર્વેનાં આકાશોનાં આકાશ પર
સ્વારી કરનારને સ્તવો,
જુઓ, તે પોતાની વાણી કાઢે છે,
તે સામર્થ્યની વાણી છે.
૩૪ તમે ઈશ્વરને સામર્થ્યવાન માનો.
ઇસ્રાએલ ઉપર તેનો વૈભવ છે,
ને આકાશોમા તેનું પરાક્રમ છે.
૩૫ હે ઈશ્વર, તુ તારાં પવિત્રસ્થાનોમાં
ભયકારક છે.
ઇસ્રાએલનો દેવ, તે પોતાના લોકોને
સામર્થ્ય તથા બળ આપે છે.
ઈશ્વરને ધન્ય હોજો.

સાંજની પ્રાર્થના.

૬૯ હે ઈશ્વર. મને તાર:
કેમકે મારા પ્રાણ સુધી પાણી
ચઢી આવ્યું છે:
૨ હું ઉંડા કીચડમાં ડુબુ છું, કે જ્યાં
ઉભા રહેવાનું મળતું નથી:
હુ પાણીના ઉંડાણમાં આવ્યો છું, કે
જ્યાં મોજાં મને ડુબાવે છે.
૩ હુ બૂમ પાડતાં થાકી ગયો છું; મારૂં
ગળું સુકાઈ ગયું છે:

દેવની વાટ જોતાં મારી આંખોનો
ક્ષય થાય છે.
૪ જેઓ અમથા મારો દ્વેષ કરે છે,
તેઓ મારા માથાના નિમાળા
કરતાં વધારે છે:
મારો નાશ કરવા ઇચ્છનારા જેઓ
ગેરવાજબી રીતે મારા શત્રુઓ છે
તેઓ બળવાન છે:
જે મે લુટી લીધુ નહોતું, તે મારે
પાછું આપવુ પડયુ.
૫ હે ઈશ્વર, તું મારી મૂર્ખાઈ જાણે છે:
ને મારા દોષ તારાથી છુપેલા નથી.
૬ હે સૈન્યોના પ્રભુ યહોવાહ, તારી
વાટ જોનારાઓ મારે લીધે ન
લજવાય:
હે ઇસ્રાએલના દેવ, મારે લીધે તને
શોધનારાઓનું અપમાન ન થાય.
૭ કેમકે તારે લીધે હુ નિંદા પામ્યો છું,
મારા મુખ પર શરમ પથરાયલી છે.
૮ હુ મારા ભાઇઓને પારકા જેવો,
ને મારી માના પુત્રોને પરદેશી જેવો
થયો છું.
૯ કેમકે તારા ઘરની આસ્થા મને
ખાઈ ગઈ છે:
ને તારી નિંદા કરનારાઓની નિંદા
મારા પર આવી પડી છે.
૧૦ હું જ્યારે આત્માએ ઉપવાસ કરતાં
રડ્યો,
ત્યારે તેને લીધે મારી નિંદા થઈ.
૧૧ જ્યારે મેં ટાટનાં વસ્ત્ર પહેર્યાં,
ત્યારે તેઓમાં મારી કહેવત ચાલી.
૧૨ ભાગળમાં બેસનારાઓ મારી ચર્ચા
કરે છે,
ને છાકટાઓ મારા વિષે રાસડા
ગાય છે.
૧૩ પરંતુ, હે યહોવાહ, મારી પ્રાર્થના
માન્યકાળમાં તારી આગળ છે:
હે ઈશ્વર, તારી ઘણી કૃપાએ,
તારા તારણની સત્યતામાં મને
ઉત્તર દે.
૧૪ કીચડમાંથી મને કાઢ, ને મને ડુબવા
ન દે:
મારા દ્વેષીઓથી ને પાણીના ઉંડાણ-
માંથી હું બચી જાઉં.
૧૫ પાણીની રેલ મને ન ડુબાડે,
ને ઉંડાણ મને ગળી ન જાય:
ને ખાડો મારા પર તેનું મ્હો બંધ
ન કરે.
૧૬ હે યહોવાહ, મને ઉત્તર દે, કેમકે
તારી કૃપા ઉત્તમ છે.
તારી કોમળ દયાની પુષ્કળતા
પ્રમાણે મારી ભણી ફર.
૧૭ અને તારા દાસથી તારૂં મુખ ન
ફેરવ:
કેમકે હું સંકટમાં છુ; મને વહેલો
ઉત્તર આપ.
૧૮ મારા આત્મા પાસે આવી તેને
ખંડી લે:
મારા શત્રુઓને લીધે મારો છુટકો
કર.
૧૯ તું મારી નિંદા તથા શરમ તથા
અપમાન જાણે છે,
મારા સર્વ વૈરીઓ તારી આગળ છે.

૨૦ નિંદાએ મારૂં હૃદય ભંગ કીધું છે,
ને હું મરણતોલ થયો છુ :
ને કરૂણા કરનારની મે વાટ જોઈ,
પણ કોઈ જડયો નહિ :
ને દિલાસો દેનારની રાહ જોઈ, પણ
કોઈ મળ્યો નહિ.
૨૧ વળી તેઓએ મને ખાવા સારૂ
પિત્ત આપ્યુ,
ને મને તરસ લાગતાં તેઓએ મને
સરકો પાયો.
૨૨ તેઓની મેજ તેમની આગળ પાશ-
રૂપ થાય,
ને તેઓ શાંતિમાં હોય, ત્યારે તે
ફાંદારૂપ થઈ જાય.
૨૩ તેઓની આંખો એવી ઝાંખી થાય,
કે તેઓ ન જુએ,
ને તેઓની કમરો નિત્ય કાંપે એવુ
કર.
૨૪ તેઓના ઉપર તારો કોપ રેડ,
ને તારો ક્રોધાવેશ તેઓને પકડી
પાડ.
૨૫ તેઓની છાવણી ઉજડ થાય
તેઓના તંબુઓમાં કોઈ ન રહે.
૨૬ કેમકે તેઓ તારાથી માર પામેલાને
સતાવે છે.
ને તારાથી ઘાયલ થયલાના દુ:ખની
તેઓ વાતો કરે છે.
૨૭ તું તેઓના અન્યાય પર અન્યાય
વધાર :
ને તારા ન્યાયીપણામાં તેઓ ન
આવે.
૨૮ તેઓ જીવનના પુસ્તકમાંથી ભુસી
નખાય,
ને ન્યાયીઓની સાથે તેઓ ન
નોંધાય.
૨૯ પણ હુ તો દીન તથા દુ:ખી છુ :
હે ઈશ્વર, તારૂ તારણ મને ઉચો
કરે.
૩૦ હુ ગીત ગાઇને દેવના નામને
સ્તવીશ,
ને હુ ઉપકારસ્તુતિથી તેને મોટો
માનીશ.
૩૧ અને તે સેવા ગોધા કરતા, શિગડાં
તથા ખરીવાળા બળદ કરતાં,
યહોવાહને પસદ પડશે.
૩૨ દીન જનો તે જોઇને આનદ પામ્યા
છે.
ઈશ્વરના શોધનારાઓ, તમારાં
હૃદયો જીવતાં રહે.
૩૩ કેમકે યહોવાહ દરિદ્રીઓનુ સાંભળે
છે,
ને તે પોતાના બંદીવાનોને તુચ્છ
ગણતો નથી.
૩૪ આકાશ તથા પૃથ્વી તેને સ્તવે,
સમુદ્રો તથા તેઓમાંનાં સર્વ જળ-
ચર તેની સ્તુતિ કરે.
૩૫ કેમકે ઈશ્વર સિયોનને તારશે, ને
યહુદાહનાં નગરોને બાંધશે :
ને તેઓ ત્યાં વસશે, ને તેનું વતન
પામશે.
૩૬ વળી તેના સેવકોનાં સંતાન તેનો
વારસો પામશે,
ને તેના નામ પર પ્રીતિ રાખનારાં
તેમાં વસશે.

૭૦ હે ઈશ્વર, મને છોડાવવાને,
હે યહોવાહ, મને સહાય કરવાને
ઉતાવળ કર.
૨ જેઓ મારા આત્માને શોધે છે,
તેઓ લજવાય તથા ગભરાઈ જાય:
જેઓ મારૂં ભુંડું ઇચ્છે છે તેઓ
પાછા ફરી અપમાન પામે.
૩ જેઓ આહા, આહા, કહે છે,
તેઓ પાછા ફેરવાઈને પોતાની
લાજનો બદલો પામે.
૪ તારા સર્વ શોધનારાઓ હરખાય,
ને તારામાં આનંદ કરે: ને ઈશ્વર
મોટો મનાય,
એવું તારા તારણના ઇચ્છનારાઓ
સદા બોલે.
૫ પરંતુ હુ દીન તથા દરિદ્રી છુ:
હે દેવ, મારી પાસે આવવાને
ઉતાવળ કર:
તું મારો સહાયકારી તથા મારો
બચાવનાર છે:
હે યહોવાહ, વિલંબ ન કર.

ચૌદમો દિવસ.

સવારની પ્રાર્થના.

૭૧ હે યહોવાહ, હું તારા પર ભરોસો
રાખું છું,
હુ કદી ન લજવાઉ.
૨ તારા ન્યાયીપણાએ મને છોડાવ
તથા બચાવ:
મારી ગમ વળીને કાન ધર, ને
મારૂં તારણ કર.
૩ તું મારા રહેવાને માટે ગઢ થા, કે
જેમાં હુ નિત્ય જઈ શકું
તે મને તારવાને આજ્ઞા આપી છે,
કેમકે તું મારો ખડક તથા કિલ્લો
છે.
૪ હે મારા દેવ, દુષ્ટના હાથમાંથી,
અન્યાયી તથા ક્રૂર માણસના હાથ-
માંથી મને બચાવ.
૫ કેમકે, હે પ્રભુ યહોવાહ, તું મારી
આશા છે:
મારી જુવાનીથી મારો ભરોસો
તું છે.
૬ હુ ગર્ભસ્થાનમા હતો, ત્યારથી તેં
મને નિભાવી રાખ્યો છે
મારી માના ઉદરથી મને કાઢનાર
તુંજ છે·
હુ નિત્ય તારી સ્તુતિ કરીશ.
૭ હુ ઘણાંઓને અજાયબ જેવો
દેખાઉ છું:
પણ તું મારો મજબૂત આસરો છે.
૮ તારા સ્તવનથી મારૂ મુખ ભરપૂર
થશે,
ને આખો દિવસ તારા ગૌરવની
વાતથી ભરપૂર થશે.
૯ વૃદ્ધાવસ્થાને સમયે મને મૂકી ન દે:
મારી શક્તિ ખુટે ત્યારે મને ન ત્યાગ.
૧૦ કેમકે મારા શત્રુઓ મારી ચર્ચા
કરે છે·
ને મારો પ્રાણ લેવાને જેઓ તાકે છે
તેઓ માહોમાંહે મસલત કરે છે.
૧૧ તેઓ કહે છે, ઈશ્વરે તેને તજી
દીધો છે:

પાછળ દોડીને તેને પકડી પાડો,
કેમકે છોડાવનાર કોઈ નથી.
૧૨ હે ઈશ્વર, મારાથી દૂર ન થા.
હે મારા દેવ, મને સહાય આપવા ઉતાવળ કર
૧૩ મારા આત્માના વૈરીઓ લજવાય તથા નાશ પામે:
મારો ઉપદ્રવ શોધનારા નિંદા તથા અપમાનથી ઢંકાઈ જાય.
૧૪ પણ હુ નિત્ય આશા રાખીશ,
ને તારૂ સ્તવન અધિકાધિક કરીશ.
૧૫ મારૂં મુખ આખો દિવસ તારા ન્યાયીપણા વિષે
તથા તારા તારણ વિષેની વાતો પ્રગટ કરશે.
કેમકે હુ તેઓની સખ્યા જાણતો નથી.
૧૬ હુ પ્રભુ યહોવાહનાં પરાક્રમી કામો સહિત આવીશ:
હુ તારા, કેવળ તારાજ, ન્યાયીપણાનુ વર્ણન કરીશ.
૧૭ હે દેવ, મારી જુવાનીથી તે મને શિખવ્યો છે.
ને અત્યાર સુધી હુ તારા ચમત્કારો પ્રગટ કરતો આવ્યો છુ.
૧૮ હે દેવ, હુ ઘરડો ને પળિયાવાળો થાઉ ત્યારે પણ મને મૂકી ન દઈશ.
હુ આવતી પેઢીને તારૂ બળ જણાવું,
ને સર્વે આવનારાઓને તારૂ પરાક્રમ પ્રગટ કરૂં, ત્યાં સુધી મારો ત્યાગ ન કરીશ.
૧૯ હે દેવ, તારૂ ન્યાયીપણું પણ બહુ ઉમદા છે.
હે ઈશ્વર, તેં મોટાં કામો કીધાં છે,
તારા સરખો કોણ છે?
૨૦ તેં અમોને ઘણાં તથા ખેદજનક સંકટો દેખાડ્યાં છે,
તુ અમને ફરીથી સજીવ કરશે,
ને પૃથ્વીનાં ઉંડાણોથી તુ અમને પાછા કાઢી લાવશે.
૨૧ તું મારૂ મહત્વ વધાર,
ને ફરીને મને દિલાસો આપ.
૨૨ સતાર વડે હુ તારૂ સ્તવન કરીશ,
હે મારા દેવ, હુ તારી સત્યતાને સ્તવીશ
હે ઇસ્રાએલના પવિત્ર દેવ,
વીણા વડે હુ તારાં સ્તોત્રો ગાઈશ.
૨૩ હુ તારી સ્તુતિ કરીશ, ત્યારે મારા હોઠો હરખનો પોકાર કરશે,
ને મારો આત્મા, જેનો તેં ઉદ્ધાર કર્યો છે, તે ઘણો હરખાશે.
૨૪ મારી જીભ પણ આખો દિવસ તારા ન્યાયીપણા વિષે વાત કરશે,
કેમકે મારૂ ભુંડું શોધનારાઓ લજવાયા તથા ગભરાઈ ગયા છે.

૭૨ હે ઈશ્વર, ઇનસાફ કરવાનો તારો અધિકાર તુ રાજાને આપ,
ને રાજાના પુત્રને તારૂ ન્યાયીપણું દે.
૨ તે ન્યાયીપણાથી તારા લોકનો ન્યાય ને ઇનસાફથી તારા દીનોનો ઇનસાફ કરશે.
૩ પર્વતો તથા ડુંગરો ન્યાયીપણે કરીને લોકોને શાંતિ આપશે.

૪ તે લોકોમાંના દીનોનો ન્યાય કરશે,
તે દરિદ્રીઓના દીકરાઓને તારશે,
ને જુલમગારને છુંદી નાખશે.
૫ સૂરજ તથા ચંદ્ર રહેશે
ત્યાં સુધી તેઓ પેઢી દર પેઢી તારી બીક રાખશે.
૬ જેમ કાપેલા ઘાસ પર વરસાદ પડે છે,
જેમ પૃથ્વીને સિંચવનારાં ઝાપટાં થાય છે, તેમ તે ઉતરી આવશે.
૭ તેના દિવસોમાં ન્યાયીઓ ખીલશે,
ને ચંદ્ર જતો રહે, ત્યાં સુધી શાંતિ પુષ્કળ થશે.
૮ વળી તે સમુદ્રથી સમુદ્ર સુધી,
ને નદીથી તે પૃથ્વીની સીમા સુધી રાજ્ય કરશે.
૯ અરણ્યવાસીઓ તેની આગળ નમશે,
ને તેના શત્રુઓ ધૂળ ચાટશે.
૧૦ તાર્શીશના તથા બેટોના રાજાઓ ખંડણી આપશે,
શેબા તથા સેબાના રાજાઓ નજરાણાં કરશે.
૧૧ હા, સર્વ રાજાઓ તેની આગળ પ્રણામ કરશે:
સર્વ વિદેશીઓ તેની સેવા કરશે.
૧૨ કેમકે દરિદ્રી હાંક મારે ત્યારે તે તેને છોડાવશે:
ને દુઃખિત, જેનો કોઈ મદદગાર નથી તેને તે બચાવશે.
૧૩ તે અબળ તથા દરિદ્રી ઉપર દયા કરશે,
ને દરિદ્રીઓના આત્માઓનું તારણ કરશે.
૧૪ જુલમ તથા બળાત્કારમાંથી તે તેઓના આત્માઓને ખંડી લેશે:
ને તેની દૃષ્ટિમાં તેઓનું રક્ત મૂલ્યવાન થશે:
૧૫ ને તેઓ જીવશે, ને તેને શેબાનુ સોનું અપાશે:
ને તેના હકમાં પ્રાર્થનાઓ નિત્ય કરાશે:
ને આખો દિવસ તે ધન્ય મનાશે.
૧૬ દેશમાં પર્વતોનાં શિખરો પર પુષ્કળ ધાન્ય થશે:
તેનુ ફળ લબાનોનની પેઠે ઝુલશે:
ને નગરમાં રહેનારાઓ ભૂમિના ઘાસની પેઠે વધશે.
૧૭ તેનુ નામ સર્વદા રહેશે:
સૂર્ય તપે ત્યાં સુધી તેનું નામ ટકશે.
ને તેનામાં લોકો આશીર્વાદ પામશે:
સર્વ દેશજાતિઓ તેને ધન્ય કહેશે.
૧૮ યહોવાહ દેવને, ઇસ્રાએલના દેવને ધન્ય હોજો,
એકલો તેજ આશ્ચર્યકારક કામો કરે છે:
૧૯ ને સર્વકાળ સુધી તેના ગૌરવી નામને ધન્ય હોજો:
ને આખી પૃથ્વી તેના મહિમાએ ભરપૂર થાઓ.
આમેન ને આમેન.

સાંજની પ્રાર્થના.

૭૩ ઇસ્રાએલને, જેઓનું હૃદય શુદ્ધ છે તેઓને,

ઈશ્વર ખરેખર પરોપકારી છે.
૨ પણ મેં તો મારે પગે લગભગ ઠોકર
ખાધી હતી,
હું પગલાં ભરતાં લગભગ લપસી
ગયો હતો.
૩ કેમકે જ્યારે મેં દુષ્ટોની સમૃદ્ધિ જોઈ,
ત્યારે મેં ગર્વિષ્ટોની અદેખાઈ કીધી.
૪ કેમકે મરણ સમયે તેમને વેદના
થતી નથી.
પણ તેઓનું બળ દૃઢ રહે છે.
૫ મનુષ્યજાતનાં દુઃખો તેમના પર
આવતાં નથી,
ને બીજાઓની પેઠે તેઓ પીડા
પામતા નથી.
૬ માટે તેઓને ગર્વ કંઠા જેવો છે:
વસ્ત્રની પેઠે જુલમ તેઓને ઢાંકે છે.
૭ પુષ્ટિને લીધે તેઓની આંખો ફાટેલી
ને ફાટેલી રહે છે·
મનકામના કરતાં તેમની પાસે
વધારે છે.
૮ તેઓ નિંદે છે ને ભુંડાઈમાં જુલમની
વાત કરે છે:
તેઓ મોટાઈથી બોલે છે.
૯ તેઓએ પોતાનું મ્હો આકાશોમાં
રાખેલું છે,
ને પૃથ્વીમાં તેઓની જીભ ચાલતી
ફરે છે.
૧૦ એ માટે તેના લોક અહીં પાછા
આવે છે:
ને તેઓ ઉભરાતું પાણી પી જાય છે.
૧૧ અને તેઓ કહે છે, ઈશ્વર કેવી રીતે
જાણે?
ને પરાત્પરમાં જ્ઞાન છે શું?
૧૨ જુઓ, દુષ્ટો તો એવા છે,
ને હમેશાં શાંતિમાં રહીને તેઓ
ધન વધારે છે.
૧૩ ખચિત મેં અમથુ મારૂ હૃદય શુદ્ધ
કીધુ છે,
ને નિર્દોષપણામાં મારા હાથ ધોયા
છે:
૧૪ કેમકે આખો દિવસ હું પિડાયા
કરૂ છુ,
ને દર સવારે મને શિક્ષા થયા કરે
છે.
૧૫ જો મે કહ્યુ હોત કે, હુ આ પ્રમાણે
બોલીશ,
તો, જુઓ, હુ તારા દીકરાઓની
પેઢીનો વિશ્વાસઘાત કરત.
૧૬ આ સમજવાને માટે મેં જ્યારે
વિચાર કીધો,
ત્યારે એ વાત મને કષ્ટ માત્ર લાગી,
૧૭ જ્યાં સુધી કે ઈશ્વરના પવિત્ર-
સ્થાનમાં જઈ
મેં તેઓનો અંત ધ્યાનમાં લીધો.
૧૮ ખચિત તું તેઓને લપસણી
જગ્યામાં મૂકે છે:
તું તેઓને વિનાશમાં પાડી નાખે છે.
૧૯ તેઓ એક ક્ષણમાં કેવા નષ્ટ થાય
છે!
તેઓ ધાકથી છેક નાશ પામેલા છે.
૨૦ માણસના જાગતાંજ જેમ સ્વપ્ન હતું
ન હતું થઈ જાય છે
તેમ, હે પ્રભુ, તું જાગીને તેઓની
પ્રતિમાને તુચ્છ કરશે.

૨૧ કેમકે મારૂં હૃદય વ્યાકુળ થયુ,
ને મારૂં કલેજુ દાઝયુ:
૨૨ હું એવો જડબુદ્ધિનો તથા અજ્ઞાન હતો,
કે હુ તારી આગળ પશુ જેવો હતો.
૨૩ પરંતુ હુ નિત્ય તારી પાસે રહુ છુ.
તે મારો જમણો હાથ ઝાલ્યો છે.
૨૪ તું તારી સલાહે મને દોરી લેશે,
ને પછી મને મહિમામાં લઈ લેશે.
૨૫ તારા વિના આકાશમાં મારો કોણ છે?
ને પૃથ્વી પર મારો ઇચ્છિત બીજો કોઈ નથી.
૨૬ મારૂં શરીર તથા હૃદય ક્ષય પામે છે,
તોપણ સર્વકાળ સુધી ઈશ્વર મારા હૃદયનો ગઢ તથા મારો હિસ્સો છે
૨૭ કેમકે, જુઓ, તારાથી જેઓ વેગળા છે તેઓ નાશ પામશે·
જેઓ વંઠી જઈને તને મૂકી દે છે,
તેઓને તું નષ્ટ કરે છે.
૨૮ પણ ઈશ્વર પાસે આવવું, તેમાં મારૂ કલ્યાણ છે:
મેં પ્રભુ યહોવાહને મારો આશ્રય કીધો છે·
એ માટે કે હુ તારાં સર્વ કૃત્યો પ્રગટ કરૂં.

૭૪ હે ઈશ્વર, તેં અમને સદાને માટે કેમ તજી દીધા છે?
તારા ચારાનાં ઘેટાં વિરૂદ્ધ તારા કોપનો ધુમાડો કેમ ચઢે છે?
૨ તારી જે મંડળી તે પૂર્વે ખરીદ કરી છે,
જેને તેં તારા વતનનું કૂળ થવાને ખંડી લીધી છે, તેને સંભાર:
વળી સિયોન પર્વત જ્યાં તું રહ્યો છે, તેનું સ્મરણ કર.
૩ હમેશનાં ખંડિયેર તરફ પગલાં ભર,
તારા પવિત્રસ્થાનમાં શત્રુએ બધુ બગાડયુ છે.
૪ તારી સભા મધ્યે તારા શત્રુઓ ગાજ્યા છે:
તેઓએ નિશાણીઓને સારૂ પોતાનાં નિશાનો ઉભાં કીધાં છે.
૫ વૃક્ષોની ઝાડી પર કુહાડા ઉગામનારાઓના જેવા તેઓ જણાયા.
૬ અને હવે તેઓ કુહાડીઓ તથા હથોડાથી
તેનુ તમામ નકશીદાર કામ તોડી નાખે છે.
૭ તેઓએ તારા પવિત્રસ્થાનને આગ લગાડી છે.
તેઓએ તારા નામનું રહેઠાણ જમીન સુધી ભ્રષ્ટ કીધુ છે.
૮ તેઓએ મનમાં ધાર્યું કે તેઓને તમામ તોડી પાડીએ:
દેશનાં સર્વે સભાસ્થાનોને તેઓએ બાળી નાખ્યાં છે.
૯ અમે અમારાં ચિન્હોને જોતા નથી:
ભવિષ્યવાદી કોઈ રહ્યોજ નથી:
ને આવું કયાં સુધી ચાલશે, તે વિષે જાણનાર અમારામાં કોઈ નથી.
૧૦ હે ઈશ્વર, વૈરી કયાં સુધી મેહેણાં મારશે?

શું શત્રુ હમેશ તારા નામની નિંદા
કરશે ?
૧૧ તું તારો હાથ, હા, તારો જમણો
હાથ, કેમ પાછો ખેંચે છે ?
તેને ઉરમાંથી કાઢી તેમનો નાશ કર.
૧૨ તોપણ પુરાતન કાળથી ઈશ્વર મારો
રાજા છે,
પૃથ્વી મધ્યે તારણ કરનાર તેજ છે.
૧૩ તેં તારા સામર્થ્યે સમુદ્રના ભાગ
પાડ્યા
તેં પાણીમાં મહા મત્સ્યોનાં માથાં
ફોડી નાખ્યાં.
૧૪ તેં મગરમચ્છોનાં માથાંના કકડે
કકડા કીધા,
તેં તેને અરણ્યવાસીઓને ખાવાને
સારૂ આપ્યો.
૧૫ ઝરાઓ તથા નાળાઓમાં તેં રસ્તા
પાડ્યા,
તેં નિરંતર વહેનારી નદીઓને
સુકાવી નાખી
૧૬ દહાડો તારો છે, રાત પણ તારી છે
અજવાળું તથા સૂર્ય તેં સિદ્ધ કીધાં
છે.
૧૭ તેં પૃથ્વીની સર્વ સીમો સ્થાપી છે
તેં ઉનાળાને તથા શિયાળાને
ઠરાવ્યા છે.
૧૮ હે યહોવાહ, શત્રુઓએ મેહેણાં
માર્યાં છે,
ને મૂર્ખ લોકોએ તારા નામની નિંદા
કીધી છે, તેનું સ્મરણ કર.
૧૯ તારા હોલાનો આત્મા શ્વાપદને
સોંપી ન દે :
તારા દીનોના જીવનને તું કદી ન
વિસર.
૨૦ કરાર પર તું ધ્યાન રાખ :
કેમકે જગતનાં અંધરાયલાં ઠેકાણાં
બળાત્કારનાં રહેઠાણોથી ભરપૂર
છે.
૨૧ દુઃખિતો લજવાઈને પાછા ન ફરે :
દીનો તથા દરિદ્રીઓ તારા નામનું
સ્તવન કરે.
૨૨ હે ઈશ્વર, તું ઉઠ, તારા પોતાના
પક્ષની હિમાયત કર.
મૂર્ખ આખો દિવસ તને મેહેણાં
મારે છે, તે યાદ કર.
૨૩ તારા શત્રુઓની વાણી,
ને તારી વિરૂદ્ધ બંડ ઉઠાવનારાઓનો
જે ગડબડાટ નિત્ય ચઢે છે, તે તું
વિસરીશ મા.

પંદરમો દિવસ.

સવારની પ્રાર્થના.

૭૫ હે ઈશ્વર, અમે તારો આભાર
માનીએ છીએ,
આભાર માનીએ છીએ, કેમકે
તારૂં નામ સંનિધ છે :
લોકો તારાં આશ્ચર્યકારક કામો
પ્રગટ કરે છે.
૨ મને પ્રસંગ આવશે ત્યારે
હું યથાર્થ ન્યાય કરીશ.
૩ પૃથ્વી તથા તેની સઘળી વસ્તી ક્ષય
પામે ત્યારે
હું તેના સ્તંભો સ્થાપીશ.

૪ મેં વડાઈ કરનારાઓને કહ્યું, વડાઈ
કરશો મા,
ને દુષ્ટોને કહ્યું, શિંગ ઉઠાવશો મા:
૫ તમારૂં શિંગ ઉચું ન કરો:
અક્કડ ગરદનથી ન બોલો.
૬ કેમકે ઉગમથી કે અસ્તથી કે દક્ષિ-
ણથી પણ ઉચીકરણ આવતું નથી.
૭ પણ ઈશ્વર, તેજ ન્યાયાધીશ છે,
તે એકને પાડી નાખે છે,
ને બીજાને ઉચો કરે છે.
૮ કેમકે યહોવાહના હાથમાં વાટકો
છે, ને તેમાંનો દ્રાક્ષરસ રાતો છે
તે મેળવણીથી ભરેલો છે, ને તેમાંથી
તે પીરસે છે:
પૃથ્વીના દુષ્ટો ખરેખર તળીએ
પડી રહેલા કુચા ચુસી પીશે.
૯ પણ હું તો હમેશ પ્રગટ કરીશ,
હુ યાકૂબના દેવનાં સ્તોત્રો ગાઈશ.
૧૦ હુ દુષ્ટોનાં સર્વ શિંગ કાપી નાખીશ,
પણ ન્યાયીઓનાં શિંગો ઉચા કરાશે.

૭૬ યહુદાહમાં ઈશ્વરનુ જ્ઞાન પ્રાપ્ત
થએલું છે:
ઇસ્રાએલમાં તેનું નામ મોટું છે.
૨ વળી સાલેમમાં તેનો મંડપ છે,
ને સિયોનમાં તેનું રહેઠાણ છે.
૩ ત્યાં તેણે ધનુષ્યનાં બાણોને ભાંગ્યાં,
ઢાલ તથા તરવાર તથા યુદ્ધ તેણે
ભાંગી નાખ્યાં.
૪ લુટનારાના પર્વતો કરતાં તું મહિમા-
વાન તથા ઉત્તમ છે.
૫ જેઓ શૂરવીરો તેઓ લુટાયલા છે,
તેઓએ ઉંઘીને નિદ્રા લીધી છે:
ને પરાક્રમીઓમાંના કોઈનો હાથ
ચાલ્યો નથી.
૬ હે યાકૂબના દેવ, તારી ધમકીએ
રથ તથા ઘોડો બન્ને ભરનિદ્રામાં
પડેલાં છે.
૭ તું, તુંજ ભયયોગ્ય છે,
ને તારો રોષ ચઢે ત્યારે તારી નજર
આગળ કોણ ઉભો રહે?
૮ તે આકાશથી ચુકાદો સંભળાવ્યો:
૯ ઇનસાફ કરવાને,
પૃથ્વીના સર્વ નમ્રોને તારવાને ઈશ્વર
ઉઠયો,
ત્યારે પૃથ્વી ભયભીત થઇને છાની
રહી.
૧૦ ખચિત માણસનો કોપ તારૂં સ્તવન
કરશે:
બાકી રહેલો કોપ તું તારી કમરે
બાંધશે.
૧૧ તમારા દેવ યહોવાહની માનતા
લઇને પૂરી કરો:
તેની આસપાસના સઘળાઓ ભય-
યોગ્ય દેવની પાસે દાન લાવે.
૧૨ તે અધિપતિઓનું અભિમાન
ઉતારશે,
પૃથ્વીના રાજાઓ પ્રત્યે તે ભયયોગ્ય
છે.

૭૭ હું ઈશ્વર આગળ મારી વાણી
સંભળાવીશ,
ને મારી વાણીથી હું દેવને હાંક
મારીશ, ને તે મને કાન ધરશે.
૨ મારા દુઃખને દિવસે મેં પ્રભુને
શોધ્યો:

રાત્રે મારા હાથ, થાક ખાધા વગર,
તેની આગળ જોડેલા હતા:
મારા આત્માએ દિલાસો પામવાની
ના પાડી.
૩ હું ઇશ્વરનું સ્મરણ કરીને ગભરાઉં
છુ:
હુ વિલાપ કરૂ છુ, ત્યારે મારો
આત્મા બેભાન થાય છે.
૪ તું મારી આંખોને જાગતી રાખે છેઃ
હુ એટલો વ્યાકુળ છુ કે મારાથી
બોલાતું નથી.
૫ હુ આગળના દિવસોનો,
પુરાતન કાળનાં વર્ષોનો વિચાર
કરૂ છુ.
૬ રાતમાં મારૂ ગીત મને સાંભરે છે.
હુ મનમાં મનન કરૂ છુ
ને મારા આત્માએ ઘણી શોધ
કીધી.
૭ શું પ્રભુ સર્વકાળ તજી દેશે?
ને શું ફરી પ્રસન્ન થશે નહિ?
૮ શું તેની કૃપા સદાને માટે છેક થઇ
રહી છે?
શું તેનું વચન સદા સર્વકાળ રદ છે?
૯ શું કૃપાળુ થવાને દેવ વિસરી ગયો
છે?
શું કોપે કરીને તેણે તેની મહેરબાની
બંધ કીધી છે?
૧૦ અને મેં કહ્યું, આ તો મારી અબ-
ળતા છે,
પરંતુ પરાત્પરના જમણા હાથનાં
વર્ષો હું સંભારીશ.
૧૧ પ્રભુનાં કૃત્યોનું સ્મરણ કરીશ,
કેમકે હુ તારા પુરાતન કાળના
ચમત્કાર સંભારીશ.
૧૨ વળી હુ તારાં સર્વ કામોનુ મનન
કરીશ,
ને તારાં કૃત્યો વિષે વિચાર કરીશ.
૧૩ હે દેવ, તારો માર્ગ પવિત્રસ્થાનમાં
છે
ઇશ્વર સરખો મોટો દેવ કોણ છે?
૧૪ તુ ચમત્કાર કરનાર દેવ છે:
તે લોકોમાં તારૂ સામર્થ્ય જણાવ્યુ
છે.
૧૫ તે તારા ભુજથી પોતાના લોકોને,
એટલે યાકૂબના તથા યુસફના
દીકરાને ખડી લીધા છે.
૧૬ હે દેવ, પાણીએ તને જોયો,
પાણી તને જોઇને બીધુ.
ઉંડાણો પણ ધ્રુજ્યાં.
૧૭ વાદળોએ પાણી રેડયુ:
આકાશે ગર્જના કીધી
તારાં બાણ પણ ચોતરફ ઉડ્યાં.
૧૮ તારી ગર્જનાનો સાદ વંટોળીઆમાં
હતો.
વિજળીઓએ જગતને પ્રકાશિત
કીધુ:
પૃથ્વી કાંપી તથા ધ્રુજી.
૧૯ તારો માર્ગ સમુદ્રમાં,
ને તારી વાટો મહા જળમાં હતી,
ને તારાં પગલાં જાણવામાં આવ્યાં
નહિ.
૨૦ તેં મુસા તથા હારૂનની હસ્તક
પોતાના લોકોને ઘેટાંનાં ટોળાંની
પેઠે દોર્યા.

સાંજની પ્રાર્થના.

૭૮ હે મારા લોક, મારા નિયમને
કાન દો.
મારા મુખના શબ્દો તરફ તમારા
કાન ધરો.
૨ હુ દૃષ્ટાંતમા મારૂં મુખ ઉઘાડીશ:
હુ પુરાણી ગૂઢ વાતો ઉચ્ચારીશ,
૩ કે જે આપણે સાંભળી તથા જાણી છે,
ને જે આપણા પૂર્વજોએ આપણને
કહી છે.
૪ યહોવાહનાં સ્તોત્ર તથા તેનુ સામર્થ્ય
તથા તેનાં કરેલા આશ્ચર્યકારક કામો
આવતી પેઢીને જાહેર કરીને
આપણે તેઓના દીકરાઓથી તે
નહિ સંતાડીશુ
૫ કેમકે તેણે યાકૂબમાં સાક્ષ્ય સ્થાપ્યું,
ને ઇસ્રાએલમાં નિયમ ઠરાવ્યો,
જેને વિષે તેણે આપણા પિતૃઓને
આજ્ઞા કીધી
કે તેઓ પોતાના દીકરાઓને તે
જણાવે,
૬ એ માટે કે આવનાર પેઢી, એટલે
જે બાળકો જનમવાનાં તેઓ તે
જાણે:
ને તેઓ ઉઠીને પોતાનાં સતાનને
તે જણાવે,
૭ એ માટે કે તેઓ ઈશ્વરમાં આશા
રાખે,
ને દેવનાં કામ ન વિસરતાં
તેની આજ્ઞાઓ પાળે:
૮ ને પોતાના પિતૃઓના જેવા
હઠીલી તથા ફિતુરી પેઢી,
કે જેઓએ પોતાનાં હૃદય સિદ્ધ ન
રાખ્યાં,
ને પોતાનો આત્મા દેવ પર દૃઢ ન
રાખ્યો તે પેઢીના જેવા તેઓ ન
થાય.
૯ એફ્રાઈમિપુત્રો શસ્ત્રસજ્જિત તથા
ધનુર્ધારી હોવા છતાં
લડાઈના દિવસમાં પાછા હઠયા.
૧૦ તેઓએ દેવનો કરાર પાળ્યો નહિ,
ને તેના નિયમ પ્રમાણે ચાલવાને
ના પાડી:
૧૧ ને તેનાં કૃત્યો તથા જે ચમત્કારો
તેણે તેઓને દેખાડયા હતા
તે તેઓ ભુલી ગયા.
૧૨ મિસર દેશમાં, સોઆનના ક્ષેત્રમાં
તેઓના પિતૃઓની નજર આગળ
તેણે આશ્ચર્યકારક કૃત્યો કીધાં.
૧૩ તેણે સમુદ્રના બે ભાગ પાડયા ને
તેઓને પાર ઉતાર્યા,
ને ઢગલાની પેઠે પાણી સ્થિર રાખ્યુ.
૧૪ વળી દહાડે મેઘથી,
ને આખી રાત અગ્નિના પ્રકાશથી
તેણે તેઓને દોર્યા.
૧૫ તેણે અરણ્યમાં ખડકોને ફાડયા,
ને જાણે કે ઉડાણમાંથી તેમ તેઓને
પુષ્કળ પાણી પાયું
૧૬ વળી તેણે ખડકમાંથી ધારો કાઢી,
ને નદીઓની પેઠે પાણી વહેવડાવ્યું.
૧૭ તોપણ તેઓ નિત્ય તેની વિરૂદ્ધ
પાપ કરતા ગયા,
એટલે રાનમાં પરાત્પરની સામે
દંગો કરતા ગયા.

૧૮ અને પોતાના ખાઉધરાપણાને સારૂ
ખાવાનું માગીને
તેઓએ પોતાના હૃદયે દેવનું પરીક્ષણ કીધું.
૧૯ હા, તેઓ દેવની વિરૂદ્ધ બોલ્યા:
તેઓએ કહ્યું, શું અરણ્યમાં દેવ ભોજન તૈયાર કરી શકે?
૨૦ જુઓ, તેણે ખડકને માર્યો, ને
પાણી વહી નિકળ્યું,
ને વહેળા પુષ્કળ વહ્યા.
શું તે રોટલી પણ આપી શકે છે?
પોતાના લોકોને સારૂ તે માંસ પુરૂં પાડશે?
૨૧ એ માટે યહોવાહે સાંભળ્યું, ને
ક્રોધિત થયો:
ને યાકૂબની વિરૂદ્ધ અગ્નિ સળગ્યો,
ને ઇસ્રાએલ પર ક્રોધ સળગી ઉઠયો:
૨૨ કેમકે તેઓએ દેવનો વિશ્વાસ ન
કીધો,
ને તેના તારણનો ભરોસો ન રાખ્યો.
૨૩ તોપણ તેણે ઉપરના મેઘોને આજ્ઞા
આપી,
ને આકાશનાં દ્વાર ઉઘાડયાં:
૨૪ ને ખાવાને સારૂ તેઓના ઉપર તેણે
માન્ના વર્ષાવ્યું,
ને તેઓને સ્વર્ગીય આહાર આપ્યો.
૨૫ માણસે સમર્થોની રોટલી ખાધી:
તેણે તૃપ્તિ થતાં સુધી તેઓને ખોરાક મોકલ્યો.
૨૬ તેણે આકાશમાં પૂર્વનો વાયુ
ફુંકાવ્યો:
ને પોતાના સામર્થ્યથી દક્ષિણનો વાયુ ચલાવ્યો.
૨૭ તેણે ધૂળની પેઠે માંસ,
ને સમુદ્રની રેતીની પેઠે પક્ષીઓ તેમના પર વર્ષાવ્યાં.
૨૮ અને તેઓની છાવણી વચ્ચે,
તેઓનાં રહેઠાણોની ચાગેગમ તેણે તે પાડયાં.
૨૯ અને તેઓ ખાઈને બહુ તૃપ્ત થયાં:
ને જેની તેઓને ઉત્કંઠા હતી તે તેણે તેઓને આપ્યું.
૩૦ તેઓની ઉત્કંઠા હજી તો પૂરી થઈ
ન હતી,
તથા તેઓનુ ખાવાનું તેઓના મુખમાં હતું,
૩૧ એટલામાં તો ઇશ્વરનો ક્રોધ તેઓ
પર સળગી ઉઠયો.
ને તેણે તેઓમાંના સૌથી પુષ્ટોને માર્યા,
ને ઇસ્રાએલના જુવાન પુરૂષોને મારી પાડયા.
૩૨ એ સર્વ છતાં પણ તેઓ પાપ
કરતા ગયા,
ને તેનાં આશ્ચર્યકારક કામ પર વિશ્વાસ કીધો નહિ.
૩૩ માટે તેણે તેઓના દિવસોને વ્યર્થ-
પણામાં,
ને તેઓનાં વર્ષોને ત્રાસમાં સમાપ્ત કીધાં.
૩૪ તેણે તેઓને માર્યા ત્યારેજ તેઓએ
તેને શોધ્યો:
તેઓ પાછા વળ્યા, ને આતુરતાથી

દેવને શરણે આવ્યા.
૩૫ અને તેઓએ સંભાર્યું કે દેવ તેઓનો ખડક
તથા પરાત્પર દેવ તેઓને ખંડી લેનાર છે.
૩૬ પરંતુ તેઓએ પોતાને મુખે તેની ખુશામત કીધી,
ને પોતાની જીભે તેની આગળ જુઠું બોલ્યા.
૩૭ કેમકે તેઓનાં હૃદય તેની આગળ દૃઢ ન હતાં,
ને તેઓ તેના કરાર બાબત વિશ્વાસુ ન હતા.
૩૮ પણ પૂર્ણ રેહેમી હોવાથી તેણે તેઓનું પાપ માફ કીધુ, ને તેઓનો નાશ કીધો નહિ :
હા, વારંવાર તેણે પોતાનો કોપ સમાવ્યો,
ને પોતાનો રોષ પૂરો સળગાવ્યો નહિ.
૩૯ અને તેણે સંભાર્યું કે તેઓ કેવળ માંસ,
ને જતો રહીને પાછો ન આવનાર વાયુ છે.
૪૦ તેઓએ કેટલી વાર અરણ્યમાં તેની સામે ફિતૂર કીધુ,
ને રાનમાં તેને દુઃખી કીધો!
૪૧ ને તેઓએ પાછા હઠીને દેવનું પરીક્ષણ કીધુ,
ને ઇસ્રાએલના પવિત્રને માઠું લગાડ્યું.
૪૨ તેઓએ તેના હાથને,
વળી તેણે શત્રુથી તેઓને છોડાવ્યા તે દિવસને સંભાર્યો નહિ.
૪૩ તેણે કેવી રીતે મિસરમાં પોતાનાં ચિન્હ
તથા સોઆનના ક્ષેત્રમાં પોતાના ચમત્કાર સ્થાપ્યા :
૪૪ ને તેઓની નદીઓને તથા તેઓના વહેળાઓને લોહી બનાવી દીધાં,
એવાં કે તેઓ પી શકે નહિ.
૪૫ તેણે તેઓમાં ડાંસનાં ટોળેટોળાં મોકલ્યાં, ને તેઓએ તેઓને ખાઈ નાખ્યા :
તથા દેડકાંઓને, ને એઓએ તેઓને નષ્ટ કીધા.
૪૬ અને તેણે તેઓની પેદાશ કાતરાને,
તથા તેઓની મહેનતનું ફળ તીડને આપી દીધુ.
૪૭ તેણે કરાંથી તેઓના દ્રાક્ષવેલાઓને,
તથા હીમથી તેઓનાં ગુલર ઝાડોને નષ્ટ કીધાં.
૪૮ વળી તેણે તેઓનાં ઢોર કરાંને,
તથા તેઓનાં ટોળાં વીજને સ્વાધીન કીધાં.
૪૯ તેણે રોષ તથા કોપ તથા સંકટ
દુષ્ટ દૂતોની માફક મોકલીને
તેઓ પર પોતાનો ક્રોધાવેશ નાખ્યો.
૫૦ તેણે પોતાના કોપને સારૂ વાટ તૈયાર કીધી:
તેણે મરણથી તેઓના પ્રાણ બચાવ્યા નહિ,
પણ તેઓના જીવ મરકીને સ્વાધીન કીધા :

૫૧ ને તેણે મિસરમાં સર્વ પ્રથમ-
જનિતને માર્યા,
હામના માંડવાઓમાં તેઓના
પુરૂષત્વનું પ્રથમ ફળ માર્યું.
૫૨ પણ તે પોતાના લોકોને ઘેટાંની પેઠે
કાઢી લાવ્યો,
ને અરણ્યમાં ટોળાંની પેઠે તેઓને
દોર્યા.
૫૩ અને તેણે તેઓને એવા સલામત
ચલાવ્યા, કે તેઓ ન બીધા ·
પણ સમુદ્રે તેઓના શત્રુઓને ગરક
કરી દીધા.
૫૪ અને તે પોતાની પવિત્ર સીમમાં,
એટલે તેને જમણે હાથે ખરી-
દાયલા આ પહાડી દેશમાં,
તેઓને લાવ્યો.
૫૫ વળી તેણે તેઓની સામેની વિદે-
શીઓને કાઢી મૂકયા,
ને માપીને વારસાના ભાગ પાડી
આપ્યા,
ને ઇસ્રાએલનાં કુળોને તેમના તંબુ-
ઓમાં વસાવ્યાં.
૫૬ તોપણ તેઓએ પરાત્પર દેવનુ
પરીક્ષણ કરીને તેની સામે બળવો
ઉઠાવ્યો,
ને તેનાં સાક્ષ્યો પાળ્યાં નહિ :
૫૭ પણ તેઓએ ફરી જઈને પોતાના
બાપોની પેઠે કપટ કીધુ.
વાંકા ધનુષ્યનાં બાણની પેઠે તેઓ
આડે રસ્તે ચઢયા.
૫૮ કેમકે તેઓએ પોતાનાં ઉચ્ચસ્થાનો
વડે તેને રોષિત કીધો,
ને પોતાની કોરેલી મૂર્તિઓ વડે તેને
આવેશી કીધો.
૫૯ દેવે એ સાંભળ્યું ત્યારે તે કોપાય-
માન થયો,
ને તેને ઇસ્રાએલ પર બહુ કંટાળો
આવ્યો :
૬૦ ને તેથી તેણે શીલોહના માંડવાનો,
એટલે જે તંબુ તેણે માણસોમાં
ઉભો કીધો હતો, તેનો ત્યાગ કીધો.
૬૧ અને તેણે પોતાનું સામર્થ્ય બંધનમાં,
ને પોતાનો ગૌરવ શત્રુના હાથમાં
સોંપ્યાં.
૬૨ વળી તેણે પોતાના લોકને તરવારને
સોંપ્યા,
ને પોતાના વારસા પર તે કોપાય-
માન થયો.
૬૩ અગ્નિએ તેઓના જુવાનોને ખાઈ
નાખ્યા.
ને તેઓની કન્યાઓને લગ્નગીત
ન હતું.
૬૪ તેઓના યાજકો તરવારે માર્યા ગયા.
ને તેઓની વિધવાઓએ કંઈ રૂદન
કીધુ નહિ.
૬૫ અને જેમ કોઈ ઉંઘમાંથી જાગે,
તેમ,
દ્રાક્ષરસથી હોકારો કરનાર પરાક્રમી
પુરૂષની પેઠે, પ્રભુ જાગ્યો.
૬૬ અને તેણે પછવાડેથી પોતાના
શત્રુઓને માર્યા :
તેણે તેઓના ઉપર સદાનું અપમાન
આણ્યું.
૬૭ વળી તેણે યુસફના તંબુનો નકાર

કીધો,
ને એફ્રાઈમના કુળને પસંદ ન કીધુ:
૬૮ પણ તેણે યહુદાહના કુળને,
એટલે તેના વહાલા સિયોન પર્વતને
પસંદ કીધો.
૬૯ અને પર્વતો સરખું,
ને પૃથ્વી, જેને તેણે સદાને માટે
સ્થાપી છે, તેના સરખું તેણે
પોતાનું પવિત્રસ્થાન બંધાવ્યું.
૭૦ અને તેણે પોતાના સેવક દાઉદને
પસંદ કરીને
ઘેટાંના વાડાઓમાંથી તેને લીધો:
૭૧ દુઝણી ઘેટીઓની પાછળ ફરવાથી
તે તેને લાવ્યો,
એ માટે કે તે તેના લોક યાકૂબને
તથા તેના વારસા ઇસ્રાએલને
પાળે.
૭૨ અને તેણે પોતાના હૃદયની નિર્દોષતા
પ્રમાણે તેઓને પાળ્યા:
ને પોતાના હાથના ચાતુર્યથી તેઓને
ચલાવ્યા.

સોળમો દિવસ.

સવારની પ્રાર્થના.

૭૯ હે દેવ, વિદેશીઓ તારા વત-
નમાં આવ્યા છે:
તેઓએ તારા પવિત્ર મંદિરને
અશુદ્ધ કીધુ છે:
તેઓએ યરૂશાલેમને ખંડિયેર કરી
નાખ્યું છે.
૨ તારા સેવકોનાં શબ તેઓએ
આકાશનાં પક્ષીઓને ખાવાનું
થવા સારૂ આપ્યાં છે,
તારા ભક્તોનું માંસ તેઓએ જંગ-
લનાં પશુઓને આપ્યું છે.
૩ તેઓએ તેઓનુ રક્ત યરૂશાલેમની
આસપાસ પાણીની પેઠે વહેવ-
ડાવ્યું છે,
ને તેઓને દાટનાર કોઈ મળ્યો નહિ.
૪ અમે અમારા પડોસીઓ આગળ
નિંદારૂપ થયા છીએ,
જેઓ અમારી આસપાસ છે
તેઓની આગળ તિરસ્કારરૂપ તથા
મશ્કરી પાત્ર થયા છીએ.
૫ હે યહોવાહ, કયાં સુધી? શું તું સદા
કોપાયમાન રહીશ?
શુ તારો આવેશ અગ્નિની પેઠે
સળગી ઉઠશે?
૬ જે વિદેશીઓ તને જાણુતા નથી,
ને જે રાજ્યની પ્રજાઓ તારે નામે
હાંક મારતી નથી, તેઓ પર
તારો કોપ રેડ.
૭ કેમકે તેઓએ યાકૂબને ખાઈ
નાખ્યો છે,
ને તેનું રહેઠાણુ ઉજડ કીધુ છે.
૮ અમારા પૂર્વજોનાં પાપ અમારા
ગેરલાભમાં યાદ ન રાખ:
તારી દયા ઉતાવળે અમોને મળવા
સામી આવો,
કેમકે અમે બહુજ નીચ અવસ્થામાં
આવેલા છીએ.
૯ હે અમારા તારણુના દેવ, તારા
નામના મહિમાને અર્થે અમને

સહાય કર:
ને તારા નામની ખાતર અમને
છોડાવ, તથા અમારાં પાપનુ
નિવારણુ કર.
૧૦ વિદેશીઓ શા માટે કહે કે, તેઓનો
દેવ કયાં છે?
તારા સેવકોના વહેવડાવેલા રક્તનો
બદલો તે
અમારી નજર આગળ વિદેશીઓ
મધ્યે વાળેલો જણાય.
૧૧ બદીવાનનો નિશ્વાસ તારી આગળ
પહોંચો:
તારા ભુજના મહત્વ પ્રમાણે, મર-
ણને સારૂ ઠરાવેલાઓનુ રક્ષણ કર
૧૨ ને અમારા પડોસીઓએ જે નિંદાથી,
હે પ્રભુ, તારી નિંદા કીધી છે,
તેજ નિંદા તેઓના ઉરમાં તેઓને
સાતગણી વાળી આપ.
૧૩ એમ અમે તારા લોક તથા તારા
ચારાનાં ઘેટાં
નિરંતર તારી ઉપકારસ્તુતિ કરીશુ·
પેઢી દર પેઢી તારૂ સ્તવન કરીશું.

૮૦ હે ઇસ્રાએલના પાળક
યુસફને ટોળાની પેંઠે દોરનાર,
તું કાન ધર:
કરૂબીમ પર બિરાજનાર, તુ પ્રકાશ
કર.
૨ એફ્રાઇમ તથા બિન્યામીન તથા
મનાસ્શેહની સન્મુખ તુ તારૂં
સામર્થ્ય જાગૃત કર,
ને અમને તારવાને આવ.
૩ હે દેવ, અમને ફેરવ:
ને તારા મુખનો પ્રકાશ પાડ, એટલે
અમે બચાવ પામીશું.
૪ હે સૈન્યોના યહોવાહ દેવ,
તારા લોકની પ્રાર્થના પર તારો કોપ
કયાં સુધી સળગશે?
૫ તે તેઓને આંસુવાળી રોટલી ખવ-
ડાવી છે,
ને તેઓને પુષ્કળ આંસુઓ પીવાડ્યાં
છે.
૬ તું અમને અમારા પડોસીઓ પ્રત્યે
તકરારનુ કારણુ કરે છે:
ને અમારા શત્રુઓ માહોમાંહે હાંસી
કરે છે.
૭ હે સૈન્યોના દેવ, અમને ફેરવ.
ને તારા મુખનો પ્રકાશ પાડ, એટલે
અમે બચાવ પામીશુ.
૮ તુ મિસરમાંથી દ્રાક્ષવેલો લાવ્યો.
તેં વિદેશીઓને હાંકી કાઢીને તેને
રોપ્યો.
૯ તે તેની આગળ જગ્યા તૈયાર કીધી,
ને તેની જડ બાઝી, ને તેથી દેશ
ભરપૂર થયો.
૧૦ તેની છાયાથી પર્વતો ઢંકાયા,
ને તેની ડાળીઓ દેવનાં એરેજ-
વૃક્ષો જેવી હતી.
૧૧ તેણે પોતાની ડાળીઓ સમુદ્ર સુધી,
ને પોતાની ડાંખળીઓ નદી સુધી
પ્રસારી.
૧૨ તેં તેની વાડ કેમ એવી રીતે તોડી
છે
કે માર્ગે જનારા સર્વ તેને ચુંટી લે
છે?

૧૩ ડુક્કર જંગલમાંથી આવીને તેને બગાડે છે,
ને રાની પશુઓ તેને ખાઈ જાય છે.
૧૪ હે સૈન્યોના દેવ, કૃપા કરી પાછો આવ:
આકાશથી નજર નાખીને જો, ને આ દ્રાક્ષવેલાની મુલાકાત લે.
૧૫ અને જે રોપ તારે જમણે હાથે તે રોપ્યો છે,
ને જે પુત્ર તેં પોતાને સારૂ બળવાન કીધો છે, તેનું રક્ષણ કર.
૧૬ તે અગ્નિએ બળેલી છે, તે કાપી નાખેલી છે:
તેઓ તારા મુખની ધમકીથી નાશ પામે છે.
૧૭ તારા જમણા હાથના માણસ પર,
એટલે જે માનવપુત્રને તે પોતાને સારૂ બળવાન કીધો તેના પર, તારો હાથ રહે.
૧૮ એટલે અમે તારાથી પાછા નહિ હઠીશું:
અમને સજીવ કર, તો અમે તારા નામની વિનંતી કરીશું.
૧૯ હે સૈન્યોના યહોવાહ દેવ, અમને ફેરવ:
તારા મુખનો પ્રકાશ પાડ, એટલે અમે બચાવ પામીશું.

૮૧ દેવ આપણા સામર્થ્યની આગળ મોટેથી ગાઓ:
યાકૂબના દેવની આગળ હર્ષનાદ કરો.
૨ ગીત ચઢાવો, ને ઢોલક
તથા સતાર સુદ્ધાં મધુર વીણા વગાડો.
૩ અમાસ તેમ પુનેમને સમયે,
એટલે આપણા પવિત્ર પર્વને દિવસે, રણશિંગડું વગાડો.
૪ કેમકે એવું કરવું એ ઇસ્રાએલને સારૂ વિધિ છે,
તે યાકૂબના દેવનો ઠરાવ છે.
૫ તે મિસર દેશની સામે નિકળ્યો
ત્યારે તેણે યુસફમાં એ સાક્ષી ઠરાવી:
હું સમજ્યો નહિ, એવી બોલી મે ત્યાં સાંભળી.
૬ મે બોજાથી તેનો ખભો છોડાવ્યો
તેના હાથ ટોપલાથી છુટા થયા.
૭ સંકટમાં તે હાંક મારી, ને મે તને છોડાવ્યો.
ગર્જનાના ગુપ્તસ્થાનમાં મે તને ઉતર આપ્યો:
મરીબાહના પાણી આગળ મેં તારૂ પરીક્ષણ કીધુ.
૮ હે મારા લોક, સાંભળ, ને હું તારી આગળ સાક્ષી પૂરીશ:
હે ઇસ્રાએલ, જો તું મારૂ સાંભળે તો કેવું સારૂ!
૯ તારી મધ્યે કોઈ અન્ય દેવ ન હોય,
ને તું કોઈ પારકા દેવની પૂજા ન કરીશ.
૧૦ હું યહોવાહ તારો દેવ છું,
કે જે તને મિસર દેશમાંથી કાઢી લાવ્યો:
તારૂં મુખ ઉઘાડ, ને હું તે ભરીશ.
૧૧ પણ મારા લોકોએ મારી વાણી

સાંભળી નહિ:
ને ઇસ્રાએલે મને ચાહ્યો નહિ.
૧૨ માટે મેં તેઓને પોતાનાં હૃદયોની
હઠ પ્રમાણે ચાલવા દીધા,
કે તેઓ પોતાના મનસુબાઓ
પ્રમાણે ચાલે.
૧૩ મારા લોક મારૂં સાંભળે
ને ઇસ્રાએલ મારા માર્ગોમા ચાલે,
તો કેવું સારૂં!
૧૪ તો તેઓના શત્રુઓને હું જલદી
નમાવું,
ને તેઓના વૈરીઓ વિરૂદ્ધ મારો
હાથ ફેરવું.
૧૫ યહોવાહના દ્વેષીઓ તેને તાબે થાય:
પરંતુ તેઓનો સમય સદાકાળ ટકી
રહે.
૧૬ વળી તે ઉત્તમ ઘઉંથી તેઓને
ખવાડે:
ને ખડકમાંના મધથી હું તને તૃપ્ત
કરૂં.

સાંજની પ્રાર્થના.

૮૨ દેવની સભામાં ઈશ્વર ઉભો રહે
છે:
તે દેવો મધ્યે ન્યાય કરે છે.
૨ તમે ક્યાં સુધી ગેરઇન્સાફ કરશો,
ને દુષ્ટોનું મ્હો રાખશો?
૩ અબળ તથા અનાથનો ન્યાય કરો
દુ:ખિત તથા લાચારને ઇન્સાફ
આપો.
૪ અશક્ત તથા દરિદ્રીનો છુટકો કરો:
દુષ્ટના હાથથી તેઓને છોડાવો.
૫ તેઓ જાણતા નથી, ને સમજતા
પણ નથી:
તેઓ અંધારામાં ભટકતા ફરે છે
પૃથ્વીના તમામ પાયા હલાવેલા છે.
૬ મેં કહ્યું, તમે દેવો છો,
ને તમે સર્વ પરાત્પરના દીકરા છો.
૭ તોપણ તમે માણસની પેઠે મરશો,
ને સરદારોમાંના એકની પેઠે પડશો.
૮ હે ઈશ્વર, ઉઠ, પૃથ્વીનો ન્યાય કર·
કેમકે તું વારસા તરીકે સર્વ વિદેશી-
ઓને પામીશ.

૮૩ હે ઈશ્વર, તું છાનો ન રહે
હે ઈશ્વર, તું ચૂપ તથા શાંત ન
રહે.
૨ કેમકે જો, તારા શત્રુઓ હુલ્લડ કરે
છે,
ને તારા દ્વેષીઓએ માથું ઉચું કર્યું
છે.
૩ તેઓ તારા લોક વિરૂદ્ધ કપટ ભરેલો
મનસુબો કરે છે,
ને તારા ગુપ્ત લોકો વિરૂદ્ધ મસલત
કરે છે.
૪ તેઓએ કહ્યું છે, ચાલો, તેઓ પ્રજા
ન કહેવાય એવી રીતે તેઓનો
સહાર કરીએ,
કે ઇસ્રાએલના નામનું સ્મરણ હવે
પછી ન રહે.
૫ કેમકે તેઓએ એકમતે મસલત
કરી છે:
તેઓ તારી વિરૂદ્ધ કરાર કરે છે.
૬ તંબુમાં રહેનારા અદોમપુત્રો તથા
ઇશ્માએલીઓ,

મોઆબ તથા હાગ્રીઓ,
૭ ગબાલ તથા આમ્મોન તથા અમાલેક,
સૂરની વસ્તી સુદ્ધાં પલેશેથ કરાર કરે છે:
૮ આસ્શૂર પણ તેઓની સાથે સામેલ થએલો છે:
તેઓએ લોટના દીકરાઓને સાહ્ય કરી છે.
૯ જેમ મિદ્યાનને થયુ,
ને જેમ કીશોન નાળા પાસે સીસરા તથા યાબીનને થયુ, તેમ તેઓને કર.
૧૦ તેઓ એન-દોરની પાસે નાશ પામ્યા:
તેઓ ભૂમિના ખાતર જેવા થયા.
૧૧ તેઓના સરદારોને ઓરેબ તથા ઝએબના જેવા,
હા, તેઓના સર્વ અધિકારીઓને ઝેબાહ તથા સાલ્મુન્ના જેવા કર.
૧૨ તેઓએ કહ્યુ, દેવનાં રહેઠાણુને
આપણે પોતાને માટે સંપાદન કરીએ.
૧૩ હે મારા દેવ, તેઓને વંટોળિયાની ધૂળ સરખા,
પવનની આગળ ઉડતાં ફોતરાં જેવા કર.
૧૪ વનને બાળનારા અગ્નિની પેઠે,
ને પર્વતોને સળગાવનારી આગની પેઠે,
૧૫ તું તારી આંધીથી તેઓની પાછળ લાગ,
ને તારા તોફાનથી તેઓને ત્રાસ પમાડ.
૧૬ લાજથી તેઓનાં મુખ ઢાંક
કે, તેઓ, હે યહોવાહ, તારૂ નામ શોધે.
૧૭ તેઓ સદા લજ્જિત તથા ભયભિત થાઓ:
હા, તેઓ લજવાઓ તથા નાશ પામો:
૧૮ કે તેઓ જાણે કે તું, જેનુ નામ યહોવાહ છે,
તે તુંજ આખી પૃથ્વી પર પરાત્પર છે.

૮૪ હે સૈન્યોના યહોવાહ,
તારા માંડવા કેવા રમણીય છે!
૨ મારો આત્મા યહોવાહનાં આંગણાંની અભિલાષા રાખે છે, હા, તેમને માટે ક્ષીણ થાય છે:
જીવતા દેવની આગળ મારૂ હ્રદય તથા મારો દેહ હર્ષનાદ કરે છે.
૩ હા, ચલ્લીને ઘર મળ્યુ છે,
ને અબાબીલને પોતાને સારૂ માળો મળ્યો, કે જેમાં પોતાનાં પીલાં રાખે,
એટલે તારી વેદીઓ, હે સૈન્યોના યહોવાહ,
મારા રાજા તથા મારા દેવ.
૪ તારા ઘરમાં રહેનારાને ધન્ય છે:
તેઓ નિરંતર તારૂં સ્તવન કરતા રહેશે.
૫ જે માણસનું સામર્થ્ય તારામાં છે,
જે સિયોનના માર્ગો ધ્યાનમાં રાખે

છે, તેને ધન્ય છે.
૬ રૂદનના નીચાણને ઓળગતાં તેઓ
તેને ઝરાની જગ્યા કરે છે:
હા, પ્રથમ વરસાદ તેને આશીર્વાદથી
વેષ્ટિત કરે છે.
૭ તેઓ સામર્થ્યથી સામર્થ્ય સુધી
આગળ વધે છે,
તેઓમાંનો દરેક સિયોનમાં ઇશ્વરની
આગળ હાજર થાય છે.
૮ હે સૈન્યોના યહોવાહ દેવ, મારી
પ્રાર્થના સાંભળ:
હે યાકૂબના દેવ, કાન ધર.
૯ હે ઇશ્વર, અમારી ઢાલ, જો,
ને તારા અભિષિક્તના મુખને
નિહાળ.
૧૦ કેમકે હજાર દિવસના કરતાં તારાં
આંગણાંમાં એક દિવસ શ્રેષ્ઠ છે.
દુષ્ટતાના તંબુઓમાં રહેવું, તે કરતાં
મારા દેવના ઘરમાં દરવાન થવું, તે
મને વધારે પસદ છે.
૧૧ કેમકે યહોવાહ દેવ સૂર્ય તથા ઢાલ
છે:
યહોવાહ કૃપા તથા ગૌરવ આપશેઃ
સીધા ચાલનારાથી તે કંઈ સારૂ
વાનુ પાછું નહિ રાખશે.
૧૨ હે સૈન્યોના યહોવાહ,
જે માણસ તારો ભરોસો રાખે છે,
તેને ધન્ય છે.

૮૫ હે યહોવાહ, તું તારા દેશ પર
પ્રસન્ન થયો છે:
તેં યાકૂબનું દાસત્વ પાછું વાળ્યું છે.
૨ તેં તારા લોકનો અન્યાય માફ કર્યો છે,
તેં તેઓનુ સર્વ પાપ ઢાંકયું છે.
૩ તે તારો સર્વ રોષ દૂર કીધો છે:
તું તારા ક્રોધાવેશથી ફર્યો છે.
૪ હે અમારા તારણના દેવ, અમને
ફેરવ,
ને અમારા પરથી તારો કોપ બંધ
થાય, એવુ કર.
૫ શું તું અમારા પર સદા ક્રોધિત
રહેશે?
શું તું પેઢી દર પેઢી તારો કોપ
લંબાવશે?
૬ શું તું અમને ફરીથી સજીવન નહિ
કરીશ,
કે તારામાં તારા લોક હરખાય?
૭ હે યહોવાહ, તારી કૃપા અમને
દેખાડ,
ને તારૂ તારણ અમને આપ.
૮ દેવ યહોવાહ જે બોલે તે હું
સાંભળીશ,
કેમકે તે પોતાના લોકો તથા પોતાના
ભકતો સાથે શાંતિની વાત કરશે.
પણ તેઓ મૂર્ખાઈ ભણી પાછા ન ફરે.
૯ નિશ્ચે તેનુ તારણ તેનાથી બીના-
રાની સન્નિધ છે,
એ માટે કે અમારા દેશમાં ગૌરવ
રહે.
૧૦ કૃપા તથા સત્યતા મળેલી છે:
ન્યાયીપણાએ તથા શાંતિએ એક
બીજાને ચુંબન કર્યું છે.
૧૧ સત્યતા પૃથ્વીમાંથી નિકળી આવે છે,
ને ન્યાયીપણાએ આકાશથી નજર
કરી છે.

૧૨ વળી યહોવાહ કલ્યાણ બક્ષશે,
ને આપણો દેશ પોતાની ઉપજ આપશે.
૧૩ ન્યાયીપણું તેની આગળ ચાલશે,
ને તેનાં પગલાંના માર્ગમાં આપણને સ્થાપિત કરશે

સત્તરમો દિવસ.

સવારની પ્રાર્થના.

૮૬ હે યહોવાહ, તારો કાન ધરીને મને ઉત્તર દે,
કેમકે હું દીન તથા દરિદ્રી છુ.
૨ મારા આત્માનુ રક્ષણ કર, કેમકે હું ધાર્મિક છુ:
હે મારા દેવ, તારા પર ભરોસો રાખનાર તારા સેવકને બચાવ.
૩ હે પ્રભુ, મારા પર દયા કર,
કેમકે આખો દહાડો હુ તને હાંક મારૂં છું.
૪ તારા સેવકના આત્માને આનદિત કર,
કેમકે, હે પ્રભુ, હુ તારી તરફ મારૂ અંત:કરણ ઉઠાવુ છુ.
૫ કેમકે, હે પ્રભુ, તું ઉત્તમ તથા ક્ષમા કરવાને તત્પર છે,
ને તને હાંક મારનારા સર્વે પ્રત્યે તું ઘણો કૃપાળુ છે.
૬ હે યહોવાહ, મારી પ્રાર્થનાને કાન ધર,
ને મારી આજીજીની વાણી સાંભળ.
૭ મારા સંકટને દિવસે હું તને હાંક મારીશ,
કેમકે તું મને ઉત્તર દઈશ.
૮ હે પ્રભુ, દેવોમાં તારા સરખો કોઈ નથી,
ને તારા કૃત્યો સરખાં કોઈનાં નથી.
૯ હે પ્રભુ, જે સર્વ દેશજાતિઓને તે ઉત્પન્ન કીધી છે, તેઓ આવીને તારી આગળ પ્રણામ કરશે:
ને તેઓ તારા નામનો મહિમા માનશે.
૧૦ કેમકે તું મોટો છે ને આશ્ચર્યકારક કૃત્યો કરે છે.
તુ એકલોજ દેવ છે
૧૧ હે યહોવાહ, મને તારો માર્ગ દેખાડ.
હુ તારા સત્યમાં ચાલીશ:
તારા નામની બીક રાખવાને મારૂ હ્રદય એકનિષ્ઠ કર.
૧૨ હે પ્રભુ મારા દેવ, હુ મારા આખા હ્રદયથી તારી ઉપકારસ્તુતિ કરીશ:
ને સદાકાળ તારા નામનો મહિમા માનીશ.
૧૩ કેમકે મારી ભણી તારી કૃપા મોટી છે:
ને નીચલા શેઓલથી તેં મારા આત્માને છોડાવ્યો છે.
૧૪ હે ઈશ્વર, ગર્વિષ્ટો મારી સામા ઉઠયા છે,
ને જબરદસ્ત માણસોની ટોળીએ મારો જીવ શોધ્યો છે,
ને તેઓએ પોતાની આગળ તને રાખ્યો નથી.
૧૫ પણ, હે પ્રભુ, કરૂણાથી તથા દયાથી ભરપૂર,

કોપ કરવે ધીમો ને કૃપા તથા સત્ય-
તામાં પરિપૂર્ણ, એવો તું દેવ છે.
૧૬ મારી ભણી ફર, ને મારા પર દયા
કર :
તારા સેવકને તારૂં સામર્થ્ય દે,
ને તારી દાસીના દીકરાને બચાવ.
૧૭ કલ્યાણ થવાનુ ચિન્હ મને દેખાડ,
કે મારા દ્વેષીઓ તે જોઈને લજવાય:
કેમકે, હે યહોવાહ, તે મને મદદ
કરી છે, ને મને દિલાસો આપ્યો
છે.

૮૭ તેનો પાયો પવિત્ર પર્વતો પર છે.
૨ યાકૂબનાં સર્વ રહેઠાણ કરતાં
સિયોનની ભાગળો યહોવાહને પ્રિય
લાગે છે.
૩ હે દેવના નગર,
તારા વિષે ગૌરવની વાતો બોલાય
છે.
૪ મને જાણનારાઓમાં હુ રાહાબ
તથા બાબેલનુ સ્મરણ કરીશ
પલેશેથ તથા સોર, કુશ સુદ્ધાં જુઓ
આનો જન્મ ત્યાં થયો.
૫ વળી સિયોન વિષે કહેવાશે કે, આ
માણસનો તથા તે માણસનો
જન્મ તેમાં થયો :
ને પરાત્પર પોતે તેને સ્થાપિત કરશે.
૬ યહોવાહ લોકોને નોંધતી વખતે
ગણશે કે,
આનો જન્મ ત્યાં થયો.
૭ વળી ગાનારા તેમ નાચનારા કહેશે,
મારા સર્વ ઝરાઓ તારામાં છે.

૮૮ હે યહોવાહ મારા તારણના દેવ,
મેં રાતદહાડો તારી આગળ
હાંક મારી છે.
૨ મારી પ્રાર્થના તારી હજુરમાં આવે:
મારા ઘાંટા ભણી તારો કાન ધર :
૩ કેમકે મારો જીવ દુ:ખે ભરેલો છે,
ને મારો પ્રાણ શેઓલ પાસે આવે
છે.
૪ કબરમાં ઉતરનારાની સાથે હું
ગણાએલો છું
નિરાશ્રિત માણસના જેવો હુ છું :
૫ મુએલા મધ્યે તજાયલો છું,
મારી નખાયલા, કબરમાં સુતેલા,
કે જેઓનુ તું ફરી સ્મરણ કરતો નથી,
ને જેઓ તારા હાથથી વેગળા
કરાયા છે, તેમના જેવો છુ.
૬ નીચલા ખાડામાં,
અંધારી જગ્યાઓમાં તથા ઉડા-
ણોમાં તે મને મૂક્યો છે.
૭ તારો કોપ મારા પર ભારે રહે છે,
ને તારાં સર્વ મોજાંઓથી તે મને
દુ:ખી કીધો છે.
૮ તે મારા ઓળખીતાને મારી પાસેથી
દૂર કીધા છે·
તેઓ મારાથી કંટાળે, એવો તેઓની
આગળ તે મને કીધો છે.
હું બદીમાં છું, ને બહાર નિકળી
શકતો નથી.
૯ દુ:ખને લીધે મારી આંખનો ક્ષય
થાય છે.
હે યહોવાહ, દરરોજ મેં તને હાંક
મારી છે,

તારી આગળ મેં મારા હાથ જોડ્યા છે.
૧૦ શું તું મુએલા આગળ ચમત્કાર કરીશ?
શું મુએલા ઉઠીને તારી ઉપકાર-સ્તુતિ કરશે?
૧૧ શું કબરમાં તારી કૃપા,
કે વિનાશમાં તારૂં વિશ્વાસુપણું,
જાહેર કરવામાં આવશે?
૧૨ શું અંધકારમાં તારાં આશ્ચર્યકારક કૃત્યો,
ને વિસ્મરણના દેશમાં તારૂં ન્યાયી-પણું જણાવવામાં આવશે?
૧૩ પરંતુ, હે યહોવાહ, મેં તને હાંક મારી છે,
ને સવારે મારી પ્રાર્થના તારી આગળ આવશે.
૧૪ હે યહોવાહ, મારા આત્માને તું કેમ તજી દે છે?
મારાથી તારૂં મુખ તું કેમ ફેરવે છે?
૧૫ મારી જુવાનીના વખતથી હું દુ:ખિત તથા મરણતોલ છું:
તારો ત્રાસ વેઠતાં હું ગભરાએલો છું.
૧૬ તારો ક્રોધ મારા ઉપર થઈને ગયો છે:
તારા ત્રાસે મને નષ્ટ કર્યો છે.
૧૭ તેઓએ આખો દહાડો પાણીની પેઠે મને ઘેર્યો:
તેઓ એકત્ર મારી આસપાસ ફરી વળ્યા.
૧૮ પ્રિયને તથા મિત્રને તેં મારાથી દૂર કર્યા છે,
ને મારા ઓળખીતાઓ અંધકાર જેવા થઈ ગયા છે.

સાંજની પ્રાર્થના.

૮૯ હું સદા યહોવાહની કૃપા વિષે ગાઈશ:
પેઢી દર પેઢી હું મારે મુખે તારૂં વિશ્વાસુપણું પ્રગટ કરીશ.
૨ કેમકે મેં કહ્યું, કૃપા સદાને માટે બંધાશે:
આકાશોમાંજ તું તારૂં વિશ્વાસુપણું સ્થાપિત કરીશ.
૩ મે પોતાના નિવડેલાની સાથે કરાર કર્યો છે,
મેં મારા સેવક દાઉદ પ્રત્યે સમ ખાધા છે:
૪ તારા સંતાનને હું સદા સુધી સ્થાપીશ,
ને સર્વ પેઢી સુધી હું તારૂં રાજ્યાસન બાંધીશ.
૫ અને, હે યહોવાહ, આકાશો તારા ચમત્કારોને વખાણશે:
વળી પવિત્રોની મંડળીમાં તારૂં વિશ્વાસુપણું વખણાશે.
૬ કેમકે આકાશમાં યહોવાહની સાથે કોણની સરખામણી થાય?
દેવપુત્રોમાં યહોવાહના જેવો કોણ છે?
૭ પવિત્રોની સભામાં તે ઘણો ત્રાસ-દાયક દેવ છે,
ને તેની આસપાસ જે છે તેઓ બધાના કરતાં તે વધારે ભયયોગ્ય છે.

૮ હે સૈન્યોના યહોવાહ દેવ,
તારા સરખો પરાક્રમી કોણ છે, હે યાહ?
ને તારી આસપાસ તારૂં વિશ્વાસુપણું છે.
૯ તું સમુદ્રના ગર્વ પર અધિકાર ચલાવે છે:
તેનાં મોજાંઓ ઉછળે છે ત્યારે તેઓને તું શાંત કરે છે.
૧૦ મારી નંખાએલાની પેઠે તે રાહાબને છુંદી નાખ્યો છે:
તારા બળના ભુજથી તે તારા શત્રુઓને વિખેર્યા છે.
૧૧ આકાશો તારાં છે, પૃથ્વી પણ તારી છે,
જગત તથા તેનુ ભરપૂરપણું તેઓને તે સ્થાપ્યાં છે.
૧૨ ઉત્તર તથા દક્ષિણ તારાથી ઉત્પન્ન થએલાં છે:
તાબોર તથા હેર્મોન તારે નામે હર્ષનાદ કરે છે.
૧૩ તને બળવાન ભુજ છે:
તારો હાથ મજબૂત તથા તારો જમણો હાથ ઉચો છે.
૧૪ ન્યાયીપણું તથા ઇનસાફ તારા રાજ્યાસનનો પાયો છે:
તારા મુખ આગળ કૃપા તથા સત્યતા હોય છે.
૧૫ આનંદદાયક સાદને જાણનારા લોકને ધન્ય છે:
હે યહોવાહ, તેઓ તારા મુખના અજવાળામાં ચાલે છે.
૧૬ તેઓ આખો દહાડો તારે નામે હરખ કરે છે,
ને તારા ન્યાયીપણાએ તેઓ ઉંચા કરાય છે.
૧૭ કેમકે તું તેઓના સામર્થ્યનો મહિમા છે:
ને તારી પ્રસન્નતાએ અમારૂં શિંગ ઉચું કરાશે.
૧૮ કેમકે અમારી ઢાલ તે યહોવાહની છે,
ને અમારો રાજા તે ઇસ્રાએલના પવિત્રનો છે.
૧૯ ત્યારે તે દર્શનમાં પોતાના ભક્તો સાથે બોલીને કહ્યુ.—
જે પરાક્રમી છે તેને મેં સહાય કીધી છે,
લોકોમાંથી નિવડેલાને મેં ઉચો કીધો છે
૨૦ મારો સેવક દાઉદ મને મળ્યો છે:
મારા પવિત્ર તેલથી મે તેને અભિષિક્ત કીધો છે:
૨૧ તેની સાથે મારો હાથ સ્થપાશે:
હા, મારો ભુજ તેને સામર્થ્ય આપશે.
૨૨ શત્રુ તેનુ નુકસાન નહિ કરશે,
ને અન્યાયનો દીકરો તેને દુઃખ ન દેશે.
૨૩ અને તેની આગળ હું તેના વૈરીઓને પાડી નાખીશ,
ને તેના દ્વેષીઓને મારીશ.
૨૪ પણ તેની સાથે મારૂં વિશ્વાસુપણું તથા મારી કૃપા થશે:
ને મારે નામે તેનુ શિંગ ઉંચું કરાશે.

૨૫ અને હું સમુદ્ર પર તેનો હાથ,
ને નદીઓ પર તેનો જમણો હાથ સ્થાપીશ.
૨૬ તે મને હાંક મારીને કહેશે, તું મારો બાપ,
મારો દેવ તથા મારા તારણનો ખડક છે.
૨૭ વળી હું તેને મારો જ્યેષ્ઠ,
પૃથ્વીના રાજાઓમાં મુખ્ય એવો કરીશ.
૨૮ હું તેને સારૂ મારી કૃપા સદા રાખીશ,
ને તેની સાથે મારો કરાર દૃઢ રહેશે.
૨૯ તેનાં સંતાન સદા રહે, એવું પણ હુ કરીશ,
ને આકાશના દિવસોની પેઠે તેનું રાજ્યાસન ટકશે.
૩૦ જો તેના દીકરાઓ મારા નિયમનો ત્યાગ કરે,
ને મારા ઠરાવો પ્રમાણે ન ચાલે
૩૧ જો તેઓ મારા વિધિઓને તોડે,
ને મારી આજ્ઞાઓ ન પાળે·
૩૨ તો હું સોટીથી તેઓનાં ઉલ્લંઘનોને,
ને ફટકાથી તેઓના અન્યાયને, જોઈ લઈશ.
૩૩ પરતુ હુ તેની પાસેથી મારી કૃપા છેક લઈ લઈશ નહિ,
ને મારૂં વિશ્વાસુપણું ખુટવા નહિ દઈશ.
૩૪ મારો કરાર હુ નહિ તોડીશ,
ને મારા હોઠોથી નિકળેલી વાત નહિ ફેરવીશ.
૩૫ એક વાર મેં મારી પવિત્રતાના સમ ખાધા છે,
હુ દાઉદ સાથે જુઠું નહિ બોલીશ:
૩૬ તેનાં સંતાન સર્વકાળ ટકશે,
ને મારી આગળ સૂર્યની પેઠે તેનું રાજ્યાસન ટકશે.
૩૭ ચદ્રની પેઠે તે સદા સુધી સ્થાપિત રહેશે,
ને આકાશમાંના વિશ્વાસુ સાક્ષી જેવું થશે.
૩૮ પણ તુ તારા અભિષિક્તને તજીને તથા તુચ્છ કરીને
તેના પર ક્રોધિત થયો છે.
૩૯ તુ તારા સેવકના કરારથી કંટાળ્યો છે
તે તેનો મુગટ ભોય પર નાખીને ભ્રષ્ટ કીધો છે.
૪૦ તેં તેની બધી વાડો તોડી પાડી છે:
તે તેના કિલ્લાઓનો નાશ કીધો છે.
૪૧ બધા માર્ગે જનારા તેને લુટી લે છે.
તે પોતાના પડોસીઓથી અપમાન પામનારો થયો છે.
૪૨ તેં તેના વૈરીઓનો જમણો હાથ ઉચો કીધો છે.
તે તેના સર્વ શત્રુઓને હરખ પમાડયો છે.
૪૩ હા, તેની તરવારની ધાર તું વાળી દે છે,
ને યુદ્ધમાં તેં તેને ઉભો રાખ્યો નથી.
૪૪ તેં તેનું તેજ સમાપ્ત કીધું છે,
ને તેનું રાજ્યાસન જમીનદોસ્ત કરી નાખ્યું છે.
૪૫ તે તેની જુવાનીના દિવસ ટુંકા કીધા છે:

તેં તેને લાજે ઢાંકયો છે.
૪૬ હે યહોવાહ, તે કયાં સુધી? શુ તુ
સદા સતાઈ રહીશ?
તારો ક્રોધ કયાં સુધી અગ્નિની પેઠે
બળશે?
૪૭ મારૂ આયુષ્ય કેટલુ ટુકું છે, તે
સભાર:
કેવી વ્યર્થતાને માટે તેં મનુષ્યપુત્રોને
ઉત્પન્ન કીધા છે!
૪૮ કયો પુરૂપ જીવશે ને મરણ નહિ
દેખશે?
કોણ પોતાનો આત્મા શેઓલના
કબજામાંથી છોડાવશે?
૪૯ હે પ્રભુ, જેને વિષે તેં તારા વિશ્વાસુ-
પણાએ દાઉદ પ્રત્યે સમ ખાધા,
તે તારી આગલી કૃપા કયાં છે?
૫૦ હે પ્રભુ, તારા સેવકોનુ અપમાન
સભાર:
હુ કેવી રીતે મારા ઉરમાં બધા
પરાક્રમી લોકોનો તિરસ્કાર સહુ છું,
૫૧ કે જેથી તારા શત્રુઓએ, હે યહો-
વાહ, અપમાન કીધુ છે,
જેથી તેઓએ તારા અભિષિક્તના
પગલાંનુ અપમાન કીધુ છે, તે
પણ તું સંભાર.
૫૨ યહોવાહ સદાકાળ સુધી સ્તુત્ય હો,
આમેન તથા આમેન.

અરાઢમો દિવસ.

સવારની પ્રાર્થના.

૯૦ હે પ્રભુ, પેઢી દર પેઢી
તું અમારો આશ્રય થયો છે.
૨ પર્વતો ઉત્પન્ન થયા હતા,
ને તેં પૃથ્વી તથા જગતને રચ્યાં
હતાં, ત્યાર પહેલાં,
એટલે અનાદિકાળથી તે અનત-
કાળ સુધી, તું ઇશ્વર છે.
૩ તું માણસને ધૂળમાં ફેરવી નાખે છે:
ને કહે છે, હે મનુષ્યપુત્રો, પાછાં
વળો.
૪ કેમકે તારી દૃષ્ટિમાં હજાર વર્ષો
વિતી ગએલા કાલના દિવસ જેવાં,
ને રાતના એક પહોરના જેવાં છે.
૫ તુ તેઓને પૂરની માફક તાણી જાય
છે, તેઓ નિદ્રા જેવાં છે
સવારમાં તેઓ ઉગતા ઘાસના
જેવાં છે
૬ સવારમાં તે ખિલે છે તથા વધે છે.
સાંજે તે કપાય છે તથા ચિમળાય છે.
૭ કેમકે તારા કોપથી અમારો નાશ
થાય છે,
ને તારા રોષથી અમને ત્રાસ લાગે
છે.
૮ તે અમારા અન્યાય તારી સન્મુખ,
અમારાં ગુપ્ત પાપો તારા મુખના
પ્રકાશમાં મૂકયા છે.
૯ કેમકે અમારા સર્વ દિવસો તારે
રોષે વિતી જાય છે
અમે અમારાં વર્ષો નિસાસાની પેઠે
પૂરાં કરીએ છીએ.
૧૦ અમારી વયના દિવસ સિત્તેર વર્ષ
છે,
અથવા બળના કારણથી તેઓ
એસી વર્ષ હોય,

તોપણ તેઓનો ગર્વ માત્ર શ્રમ તથા વ્યર્થતા છે:
કેમકે તે વહેલી થઈ રહે છે, ને અમે ઉડી જઇએ છીએ.
૧૧ તારા કોપનું બળ,
ને તારી જે બીક રાખવી, તે પ્રમાણે તારો રોપ, તે કોણ જાણે છે?
૧૨ તું અમને અમારા દિવસ એવી રીતે ગણવાને શિખવ
કે અમને જ્ઞાનવાળું હ્રદય પ્રાપ્ત થાય.
૧૩ હે યહોવાહ, પાછો આવ, કયાં સુધી?
ને તારા સેવકો પર કરૂણા કર.
૧૪ સવારમાં તારી કૃપાથી અમને તૃપ્ત કર,
એ માટે કે અમે અમારા સર્વ દિવસ હર્ષનાદ કાઢીને આનંદ કરીએ.
૧૫ જે દિવસોમાં તે અમને દુઃખિત કીધા છે,
ને જે વર્ષોમાં અમે ભુંડું જોયુ છે,
તે પ્રમાણે અમને આનંદિત કર.
૧૬ તારા સેવકોને તારાં કૃત્ય,
ને તેઓના દીકરાઓ પર તારો મહિમા, દેખાય.
૧૭ અને અમારા પર પ્રભુ અમારા દેવની શોભા થાય:
ને તું અમારા હાથનાં કામ અમારે સારૂ સ્થાપિત કર:
હા, અમારા હાથનાં કામ તું સ્થાપિત કર.

૯૧ પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે
તે સર્વસમર્થની છાયામાં રહેશે.
૨ હું યહોવાહ વિષે કહીશ કે, તે મારો આશ્રય તથા કિલ્લો છે:
મારો દેવ, જેના પર હું ભરોસો રાખું છું.
૩ કેમકે તે પારધીના પાશથી
ને નાશકારક મરકીથી તને બચાવશે.
૪ તે પોતાનાં પીછાંથી તને ઢાંકશે,
ને તેની પાંખો તળે તુ આશ્રય પામીશ:
તેની સત્યતા ઢાલ તથા બખ્તર છે.
૫ રાત્રે જે ધાસ્તી થાય છે તેથી,
અથવા તો દહાડે ઉડનાર તીરથી,
૬ અંધારામાં ચાલનાર મરકીથી,
કે બપોરે ઉજ્જડ કરનાર આફતથી તું નહિ બિહીશ.
૭ તારી બાજુએ હજાર,
ને તારે જમણે હાથે દસ હજાર પડશે,
પણ તે તારી પાસે નહિ આવશે.
૮ તું માત્ર નજરે જોઈશ,
ને દુષ્ટોને મળેલો બદલો દેખીશ.
૯ કેમકે, હે યહોવાહ, તું મારો આશ્રય છે!
તેં પરાત્પરને તારૂ રહેઠાણ કીધુ છે:
૧૦ તારા પર કંઈ ભુંડું આવી પડશે નહિ,
ને કોઈ પીડાપાત તારા તંબુની પાસે નહિ આવશે.

૧૧ કેમકે તે પોતાના દૂતોને તારે વિષે
આજ્ઞા કરશે,
કે તારા સર્વ માર્ગોમાં તેઓ તને
સંભાળે.
૧૨ તેઓ પોતાને હાથે તને ધરી લેશે,
રખેને તારો પગ પત્થર પર અફળાય.
૧૩ તું સિંહ તથા એરૂ પર પગ મૂકીશ
સિંહના બચ્ચાને તથા સર્પને તું
છુંદી નાખીશ.
૧૪ તેણે મારા પર પોતાની પ્રીતિ
બેસાડી છે, માટે હુ તેને બચાવીશ.
તેણે મારૂ નામ જાણ્યુ છે, માટે હુ
તેને ઉચો કરીશ.
૧૫ તે મને હાંક મારશે, ને હુ તેને
ઉત્તર દઈશ:
હું સકટ સમયે તેની સાથે હોઈશ
હુ તેને છોડાવીને માન આપીશ.
૧૬ દિવસની દીર્ઘતાથી હુ તેને તૃપ્ત
કરીશ,
ને તેને મારૂ તારણ દેખાડીશ.

૯૨ યહોવાહની ઉપકારસ્તુતિ કરવી,
ને, હે પરાત્પર, તારા નામનાં
સ્તોત્ર ગાવાં, તે સારૂ છે.
૨ દસ તારવાળાં વાજાં પર તથા
સતાર પર
ને વીણાના મધુર સ્વરથી,
૩ સવારે તારી કૃપા
ને રાત્રે તારૂં વિશ્વાસુપણું પ્રગટ
કરવાં, તે સારૂં છે.
૪ કેમકે હે યહોવાહ, તે તારા કૃત્યથી
મને આનંદિત કીધો છે:
તારા હાથનાં કામને લીધે હુ હર્ષ-
નાદ કરીશ.
૫ હે યહોવાહ, તારાં કૃત્ય કેટલાં મોટાં
છે!
તારા વિચારો બહુ ઉડા છે.
૬ અજ્ઞાની માણસ તે જાણતુ નથી:
ને મૂર્ખ આ સમજતો નથી:
૭ જ્યારે દુષ્ટો ઘાસની પેઠે વધે છે,
ને સર્વ અન્યાય કરનારાઓ ખિલે
છે,
ત્યારે તે એ માટે કે તેમનો સર્વ-
કાળનો નાશ થવાનો
૮ પણ તું, યહોવાહ, સર્વકાળ સુધી
પરમ ઉચામાં છે.
૯ કેમકે જો, હે યહોવાહ, તારા શત્રુઓ,
જો, તારા શત્રુઓ નાશ પામશે:
સર્વ અન્યાય કરનારાઓ વિખરાઈ
જશે.
૧૦ પણ તે મારૂ શિગ જંગલી ગોધાના
શિગ જેટલુ ઉચું કર્યુ છે.
હુ તાજા તેલથી ચોળાયલો છુ.
૧૧ વળી મારા શત્રુઓને મારી ઇચ્છા
પ્રમાણે થયલુ મેં મારી આંખે
જોયુ છે
મારી સામે ઉઠનારા દુષ્કર્મીઓ
મારૂ ઇચ્છેલુ પામ્યા એ મે મારે
કાને સાંભળ્યુ છે.
૧૨ ન્યાયી માણસ તાડની પેઠે ખિલશે,
તે લબાનોનના એરેજવૃક્ષની પેઠે
વધશે.
૧૩ જેઓ યહોવાહના ઘરમાં રોપેલા છે
તેઓ આપણા દેવનાં આંગણાંમાં
ખિલી રહેશે.

૧૪ તેઓ હજુ ઘડપણમાં ફળદાયક થશે:
તેઓ રસે ભરેલા તથા લીલા થશે:
૧૫ એ માટે કે યહોવાહ યથાર્થી માલમ પડે:
તે મારો ખડક છે, ને તેનામાં કંઈ અન્યાય નથી.

સાંજની પ્રાર્થના.

૯૩ યહોવાહ રાજ્ય કરે છે, તે મહત્વે વેષ્ટિત છે:
યહોવાહ વેષ્ટિત છે, તેણે કમરે પરાક્રમ બાંધ્યું છે:
વળી જગત સ્થપાયલુ છે, કે તે ખસેડાય નહિ.
૨ તારૂં રાજ્યાસન પુરાતન કાળથી સ્થપાયલુ છે:
તું અનાદિકાળથી છે.
૩ પ્રવાહોએ ઉચો કર્યો છે, હે યહોવાહ,
પ્રવાહોએ પોતાનો સાદ ઉંચો કર્યો છે:
પ્રવાહો પોતાનાં મોજાંઓ ઉચાં કરે છે.
૪ ઘણાં પાણીઓના સાદ કરતાં,
સમુદ્રનાં પરાક્રમી મોજાંઓ કરતાં,
યહોવાહ પરમ ઉચામાં પરાક્રમી છે.
૫ તારાં સાક્ષ્યો અતિ ખાતરીપૂર્વક છે:
હે યહોવાહ, સર્વકાળ સુધી
પવિત્રતા તારા ઘરને શોભે છે.

૯૪ હે બદલો વાળનાર દેવ, યહોવાહ,
હે બદલો વાળનાર દેવ, પ્રકાશિત દેખા.
૨ હે પૃથ્વીના ન્યાયાધીશ, પોતાને ઉંચો કર,
ગર્વિષ્ટોને બદલો વાળી આપ.
૩ હે યહોવાહ, દુષ્ટો ક્યાં સુધી,
દુષ્ટો ક્યાં સુધી જયાનંદ કરશે?
૪ તેઓ બકે છે, તેઓ અભિમાનયુક્ત વાતો બોલે છે:
સર્વ ભુંડું કરનારા વડાઈ કરે છે.
૫ હે યહોવાહ, તેઓ તારા લોકને કચરે છે,
ને તારા વારસાને દુઃખ દે છે.
૬ તેઓ વિધવાને તથા પારકાને કતલ કરે છે,
ને અનાથને મારી નાખે છે.
૭ અને તેઓ કહે છે, યાહ જોશે નહિ,
ને યાકૂબનો દેવ ધ્યાન નહિ દેશે.
૮ લોકોમાંના અજ્ઞાનો, તમે ધ્યાન દો:
ને મૂર્ખો, તમે કયારે બુદ્ધિવાન થશો?
૯ કાનનો ઘડનાર, તે શું નહિ સાંભળે?
આંખનો રચનાર, તે શું નહિ જુએ?
૧૦ વિદેશીઓને શિક્ષા કરનાર,
એટલે માણસોને જ્ઞાન શિખવનાર,
તે શું શિક્ષા નહિ દે?
૧૧ યહોવાહ માણસોના વિચાર જાણે છે,
કે તેઓ વ્યર્થપણું છે.
૧૨ હે યાહ, તે પુરૂષને ધન્ય છે કે જેને તું શિક્ષા કરે છે,
ને તારા નિયમશાસ્ત્રમાંથી શિખવે છે:
૧૩ કે દુષ્ટને સારૂ ખાડો ખોદાય ત્યાં સુધી
તું ભુંડા દિવસથી તેને શાંતિ આપે.
૧૪ કેમકે યહોવાહ પોતાના લોકને તજશે નહિ,

ને તે પોતાના વારસાનો ત્યાગ નહિ
કરશે.
૧૫ કેમકે ન્યાયકરણ ન્યાયીપણા ભણી
પાછું વળશે,
ને તેની પાછળ હૃદયના સર્વ યથા-
ર્થીઓ ચાલશે.
૧૬ મારે સારૂ દુષ્કર્મીઓની સામે કોણ
ઉઠશે?
મારે સારૂ અન્યાય કરનારાની વિરૂદ્ધ
કોણ ઉભો થશે?
૧૭ જો યહોવાહ મારો સહાયકારી થયો
નહિ હોત
તો મારો આત્મા વહેલો છાનો રહેત.
૧૮ જ્યારે મે કહ્યુ, મારો પગ લપસી
જાય છે,
ત્યારે, હે યહોવાહ, તારી કૃપાએ
મને ઝીલી લીધો.
૧૯ મારા ભિતરની પુષ્કળ ચિંતામાં
તારા દિલાસાઓ મારા આત્માને
ખુશ કરે છે.
૨૦ ભુંડાઈનું રાજ્યાસન જે નિયમસર
ઉપદ્રવ યોજે છે,
તે શું તારી સાથે મેળાપ રાખશે?
૨૧ તેઓ ન્યાયીઓના જીવ સામે એકઠા
થાય છે,
ને નિરપરાધ રક્તને દોષિત ઠરાવે છે.
૨૨ પણ યહોવાહ મારો ગઢ થયો છે,
ને મારો દેવ મારા આશ્રયનો ખડક
થયો છે.
૨૩ અને તેણે તેઓને તેઓનો અન્યાય
વાળી આપ્યો છે,
ને તે તેઓની ભુંડાઈમાં તેઓનો
સંહાર કરશે:
યહોવાહ આપણો દેવ તેઓનો
સંહાર કરશે.

ઓગણીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૯૫ આવો, આપણે યહોવાહની
આગળ ગાઈએ:
આપણા તારણના ખડકની આગળ
હર્ષનાદ કરીએ.
૨ ઉપકારસ્તુતિ સાથે તેની હજુરમાં
આવીએ,
ને ગીતોથી તેની આગળ હર્ષનાદ
કરીએ.
૩ કેમકે યહોવાહ તે મોટો દેવ,
ને સર્વ દેવો પર મોટો રાજા છે.
૪ તેના હાથમાં પૃથ્વીનાં ઉંડાણો છે,
પર્વતોનાં શિખરો પણ તેનાં છે.
૫ સમુદ્ર તેનો છે, ને તેણે તે બનાવ્યો:
ને તેના હાથોએ કોરી ભૂમિ રચી.
૬ આવો, ભજીએ તથા નમીએ,
યહોવાહ આપણા કર્તાની આગળ
ઘુંટણીએ પડીએ.
૭ કેમકે તે આપણો દેવ છે,
ને આપણે તેના ચારાના લોક તથા
તેના હાથનાં ઘેટાં છીએ.
આજ જો તમે તેની વાણી વાંભળો
તો કેવું સારૂં!
૮ જેમ મરીબાહમાં, જેમ અરણ્યમાં
માસ્સાહને દિવસે,
તેમ તમે તમારાં હૃદયોને કઠણ ન
કરો.

૯ તે વેળાએ તમારા પિતૃઓએ મારૂં
પરીક્ષણ કીધુ,
મને પારખ્યો તથા મારૂં કૃત્ય જોયું.
૧૦ ચાળીસ વર્ષ સુધી હુ તે પેઢીથી
કંટાળો પામતો હતો,
ને મેં કહ્યુ, તે હૃદયમાં ભૂલનાર
લોક છે,
ને તેઓએ મારા માર્ગો જાણ્યા નથી.
૧૧ માટે મેં મારા ક્રોધમાં સમ ખાધા,
કે તેઓ મારા વિશ્રામમાં પેસશે
નહિ.

૯૬ યહોવાહની આગળ નવુ ગીત
ગાઓ:
આખી પૃથ્વી, યહોવાહ આગળ
ગાઓ.
૨ યહોવાહ આગળ ગાઓ, તેના
નામને સ્તુત્ય માનો,
દિન પ્રતિ દિન તેનું તારણ પ્રગટ કરો.
૩ વિદેશીઓમાં તેનો મહિમા,
ને સર્વ લોકોમાં તેના ચમત્કાર,
જાહેર કરો.
૪ કેમકે યહોવાહ મોટો ને બહુ સ્તુત્ય
છે,
સર્વ દેવો કરતાં તે ભયયોગ્ય છે.
૫ કેમકે લોકોના સર્વ દેવો મૂર્તિઓજ
છે,
પણ યહોવાહે આકાશોને બનાવ્યાં.
૬ સન્માન તથા મહિમા તેની સન્મુખ
છે,
સામર્થ્ય તથા શોભા તેના પવિત્ર-
સ્થાનમાં છે.
૭ લોકોનાં કુળો, યહોવાહને દો,
ગૌરવ તથા સામર્થ્ય યહોવાહને દો
૮ યહોવાહના નામનું ગૌરવ તેને દો:
અર્પણ લઈને તેનાં આંગણાંમાં
આવો.
૯ પવિત્રાઈની શોભાએ યહોવાહને
ભજો:
આખી પૃથ્વી, તેની આગળ ધ્રુજો.
૧૦ વિદેશીઓમાં કહો, યહોવાહ રાજ્ય
કરે છે:
જગત પણ એવી રીતે સ્થપાયલુ
છે કે તે ખસેડી શકાય નહિ:
તે યથાર્થપણે લોકોનો ન્યાય કરશે.
૧૧ આકાશો આનંદ કરે, ને પૃથ્વી
હરખાય:
સમુદ્ર તથા તેનુ ભરપૂરપણું ગાજો:
૧૨ ખેતર તથા તેમાં જે સર્વ છે તે
ઉત્સાહ કરે:
ત્યારે વનનાં સર્વ વૃક્ષો યહોવાહ
આગળ હર્ષનાદ કરશે,
૧૩ કેમકે તે આવે છે:
કેમકે તે પૃથ્વીનો ન્યાય કરવા આવે
છે.
ને યથાર્થપણે જગતનો,
ને તેની સત્યતાએ લોકોનો ન્યાય
કરશે.

૯૭ યહોવાહ રાજ્ય કરે છે; પૃથ્વી
હરખાય:
ટાપુઓનો સમૂહ આનંદ પામે.
૨ મેઘો તથા અંધકાર તેની આસપાસ
છે,
ન્યાયીપણું તથા ઇનસાફ તેના
રાજ્યાસનનો પાયો છે.

૩ તેની આગળ અગ્નિ જાય છે,
તે તેની આસપાસ તેના શત્રુઓને
બાળી નાખે છે.
૪ તેની વિજળીઓએ જગતને પ્રકા-
શિત કીધુ:
પૃથ્વી તે જોઇને કાંપી.
૫ યહોવાહની સન્મુખ, આખી
પૃથ્વીના પ્રભુની સન્મુખ,
પર્વતો મીણની પેઠે પિગળી ગયા.
૬ આકાશો તેનું ન્યાયીપણું પ્રગટ કરે
છે,
ને સર્વ લોકોએ તેનો મહિમા દીઠો છે
૭ કોરેલાં પુતળાંની સેવા કરનારા,
ને મૂર્તિઓમાં અભિમાન કરનારા,
તેઓ સર્વે લજવાય.
હે સર્વ દેવો, તમે તેને ભજો
૮ હે યહોવાહ, તારાં ન્યાયકરણને
લીધે
સિયોન સાંભળીને આનંદિત થયુ,
ને યહુદાહની દીકરીઓએ હરખ
કર્યો.
૯ કેમકે, હે યહોવાહ, તું આખી
પૃથ્વી પર પરાત્પર છે.
તું સર્વ દેવો કરતાં અતિ ઉચો છે.
૧૦ હે યહોવાહ પર પ્રેમ કરનારા, તમે
દુષ્ટપણાનો દ્વેષ કરો·
તે પોતાના ભકતોના આત્માઓનું
રક્ષણ કરે છે,
ભુંડાઓના હાથથી ને તેઓને
છોડાવે છે.
૧૧ ન્યાયીઓને માટે અજવાળું
તથા હૃદયના યથાર્થીઓને સારૂ
આનદ વવાયાં છે.
૧૨ હે ન્યાયીઓ, તમે યહોવાહમાં
આનદ કરો
ને તેના પવિત્ર નામની ઉપકાર-
સ્તુતિ કરો.

સાંજની પ્રાર્થના.

૯૮ યહોવાહની આગળ નવું ગીત
ગાઓ,
કેમકે તેણે આશ્ચર્યકારક કૃત્યો કીધાં
છે
તેના જમણા હાથે તથા તેના પવિત્ર
ભુજે તેને સારૂ તારણ કરાવ્યું છે.
૨ યહોવાહે પોતાનુ તારણ જણાવ્યું
છે.
તેણે પોતાનુ ન્યાયીપણુ વિદેશીઓની
દૃષ્ટિમાં પ્રગટ કીધુ છે
૩ તેણે પોતાની કૃપા તથા વિશ્વાસુ-
પણું ઇસ્રાએલના ઘરનાંની ભણી
સભાર્યુ છે:
પૃથ્વીની સર્વે સીમાઓએ આપણા
દેવનુ તારણ જોયુ છે.
૪ હે પૃથ્વીના સઘળા લોકો, યહોવાહ
આગળ હર્ષનાદ કરો.
ઉત્સાહ કરીને હર્ષનાં ગીત ગાઓ,
હા, સ્તોત્રો ગાઓ.
૫ વીણા સહિત, વીણા તથા ગાયનના
સાદથી
યહોવાહનાં સ્તોત્રો ગાઓ.
૬ તુરી તથા રણશિગડાના અવાજથી
યહોવાહ રાજાની આગળ હર્ષનાદ
કરો.

૭ સમુદ્ર તથા તેનું ભરપૂરપણું,
જગત તથા તેમાંના રહેવાસીઓ, ગાજે.
૮ પ્રવાહો તાળી પાડે:
પર્વતો યહોવાહની સન્મુખ એકત્ર હર્ષનાદ કરે:
૯ કેમકે તે પૃથ્વીનો ન્યાય કરવાને આવે છે:
તે ન્યાયીપણાએ જગતનો,
ને યથાર્થપણાએ લોકોનો, ન્યાય કરશે.

૯૯ યહોવાહ રાજ્ય કરે છે, લોકો ધ્રુજે:
તે કરૂબીમ પર બિરાજે છે, પૃથ્વી ડગે.
૨ યહોવાહ સિયોનમાં મોટો છે:
ને સર્વ લોકો કરતાં તે ઉંચો છે.
૩ તેઓ તારા મોટા તથા ભયંકર નામની સ્તુતિ કરે:
તે પવિત્ર છે.
૪ વળી રાજાનું સામર્થ્ય ઇનસાફને ચાહે છે:
તું ન્યાયને સ્થાપન કરે છે.
તું યાકૂબમાં ઇનસાફ તથા ન્યાયીપણું કરે છે.
૫ તમે આપણા દેવ યહોવાહને મોટો માનો,
ને તેના પાયાસન પાસે ભજન કરો:
તે પવિત્ર છે.
૬ તેના યાજકોમાં મુસા તથા હારૂન,
ને તેના નામને હાંક મારનારામાં શમૂએલ,
તેઓએ યહોવાહને હાંક મારી, ને તેણે તેઓને ઉત્તર આપ્યો.
૭ મેઘસ્તંભમાં તે તેઓની સાથે બોલ્યો:
તેઓએ તેની સાક્ષીઓ, તથા જે વિધિ તેણે તેઓને આપ્યો તે પાળ્યાં.
૮ હે યહોવાહ, અમારા દેવ, તે તેઓને ઉત્તર દીધો:
જો કે તેં તેઓનાં કામનો બદલો વાળ્યો
તોપણ તેઓને ક્ષમા કરનાર દેવ તું હતો.
૯ યહોવાહ આપણા દેવને મોટો માનો,
ને તેના પવિત્ર પર્વત પર ભજન કરો,
કેમકે યહોવાહ આપણો દેવ પવિત્ર છે.

૧૦૦ રે સઘળા દેશો, યહોવાહ આગળ જયજયકાર કરો,
૨ આનંદથી યહોવાહની સેવા કરો,
ગાતા ગાતા તેની આગળ આવો.
૩ યહોવાહ તેજ દેવ છે, એમ તમે જાણો:
તેણે આપણને ઉત્પન્ન કીધાં છે,
અને આપણે તેનાંજ છીએ:
આપણે તેના લોક તથા તેના ચારાનાં મેંઢાં છીએ.
૪ આભાર માનતાં તેની ભાગળોમાં,
ને સ્તવન કરતાં તેનાં આંગણાંમાં આવો:
તેનો ઉપકાર માની તેના નામને ધન્ય કહો.

૫ કેમકે યહોવાહ ઉત્તમ છે; તેની કૃપા
સદા સર્વકાળ સુધી
ને તેની સત્યતા પેઢી દર પેઢી ટકી
રહે છે.

૧૦૧ કૃપા તથા ન્યાય વિષે હુ
ગાયન કરીશ,
હે યહોવાહ, હું તારીજ સ્તુતિ કરીશ.
૨ હું સીધા માર્ગનું ધ્યાન કરીશ:
તું મારી પાસે ક્યારે આવશે?
હુ ખરા અંતઃકરણથી મારા ઘરમાં
વર્તીશ.
૩ હુ કંઈ અધમ વસ્તુ મારી દૃષ્ટિમાં
રાખીશ નહિ,
પાછા હઠનારાના કામથી હું કંટાળું
છું:
તેની અસર મને લાગશે નહિ.
૪ હઠીલું હૃદય મારાથી વેગળું જશે:
હું કોઈ ભુંડાને નહિ ઓળખીશ.
૫ જે કોઈ પોતાના પડોસીની ચાડી
ગુપ્તમાં કરે તેને હુ કાપી નાખીશ,
જેની દૃષ્ટિ મગરૂબ ને જેનું હૃદય
ગર્વિષ્ટ છે તેનુ હું સહન કરીશ
નહિ.
૬ દેશમાંના વિશ્વાસુઓ મારી પાસે
વાસો કરે તે માટે હુ તેઓ પર
નજર રાખીશ:
સીધા માર્ગમાં ચાલનાર મારી સેવા
કરશે.
૭ કપટ કરનાર મારા ઘરમાં રહેશે
નહિ:
જુઠું બોલનાર મારી દૃષ્ટિમાં ઠરશે
નહિ.
૮ સઘળા ભુંડું કરનારાઓને યહોવા-
હના નગરમાંથી કાપી નાખવાને
હુ દેશમાંના સર્વ દુષ્ટોનો દિવસે
દિવસે નાશ કરીશ.

વીસમો દિવસ.

સવારની પ્રાર્થના

૧૦૨ હે યહોવાહ, મારી પ્રાર્થના
સાંભળ,
ને મારી હાંક તારી પાસે આવવા દે.
૨ મારા સંકટને દિવસે તારૂ મુખ
મારાથી ન ફેરવ:
મારી ભણી કાન ધર
હુ વિનતી કરૂ તે દહાડે તું મને
વહેલો ઉત્તર આપ.
૩ કેમકે મારા દહાડા તો ધુમાડાની
પેઠે વિતી જાય છે,
અને મારાં હાડકાં ખોયણાની પેઠે
બળે છે.
૪ મારૂ હૃદય તો ઘાસના જેવુ કપાએલુ
તથા ચિમળાએલુ છે,
એટલે સુધી કે હું રોટલી ખાવાનુ
ભુલી જાઉ છું.
૫ મારા નિસાસાના કારણથી
મારાં હાડકાં મારી ચામડીને વળગે
છે.
૬ હુ રાનના બગલાના જેવો છુ,
અરણ્યના ઘુવડના જેવો થઈ ગયો
છું.
૭ હું જાગૃત રહુ છું,
ને અગાસી પર એકલી પડેલી
ચકલીના જેવો થઈ ગયો છું.

૮ આખો દિવસ મારા શત્રુ મને
મેહેણાં મારે છે,
અને તેઓ તપીને મારી વિરૂદ્ધ
પ્રતિજ્ઞા કરે છે.
૯ મે રોટલીને ઠેકાણે રાખ ખાધી,
ને મારાં આંસુઓથી મેં મારૂં પીવાનુ
મિશ્રિત કીધુ છે:
૧૦ તે તારા ક્રોધ તથા કોપને કારણે છે,
કેમકે તે મને ઉચો કીધા પછી
પાછો ફેકી દીધો છે.
૧૧ મારા દિવસો નમતી છાયાના જેવા
છે,
અને ઘાસની પેઠે હુ ચિમળાઈ ગયો
છુ.
૧૨ પણ, હે યહોવાહ, તુ સર્વકાળ
ટકનાર છે,
ને તારૂં સ્મરણ પેઢી દર પેઢી રહેશે.
૧૩ તું ઉઠીને સિયોન પર દયા કરીશ,
કેમકે તે પર દયા કરવાનો વખત,
એટલે ઠરાવેલો સમય, આવ્યો છે.
૧૪ કેમકે તારા સેવકો તેના પત્થરોથી
સંતોષ પામે છે,
અને તેની ધૂળ પર તેઓને દયા
આવે છે.
૧૫ અને વિદેશીઓયહોવાહના નામથી.
તથા પૃથ્વીના સર્વ રાજાઓ તારા
ગૌરવથી બીશે.
૧૬ કેમકે યહોવાહે સિયોનને બાંધ્યું છે,
ને પોતાના ગૌરવમાં તે પ્રગટ થયો છે.
૧૭ તેણે લાચારની પ્રાર્થના પર લક્ષ
લગાડ્યું છે,
ને તેઓની પ્રાર્થનાની અવગણના
કીધી નથી.
૧૮ આ વાત તો આવનાર પેઢીને સારૂ
લખાશે,
ને જે લોકો ઉત્પન્ન થનાર છે તેઓ
યાહની સ્તુતિ કરશે.
૧૯ કેમકે તેણે પોતાના ઉચા પવિત્ર-
સ્થાનમાંથી જોયું છે,
આકાશથી યહોવાહે પૃથ્વીને
નિહાળી. .
૨૦ એ માટે કે તે બંદીવાનના નિસાસા
સાંભળે,
તથા મરણના સપાટામાં આવેલાને
છોડાવે,
૨૧ કે સિયોનમાં યહોવાહનુ નામ,
તથા યરૂશાલેમમાં તેની સ્તુતિ
પ્રસિદ્ધ કરવામાં આવે.
૨૨ તે વખતે યહોવાહની સેવા કરવા
સારૂ લોકો
તેમજ રાજ્યો પણ એકઠાં થશે.
૨૩ તેણે માર્ગમાં મારી શક્તિ ઘટાડી,
અને મારા દિવસો થોડા કીધા.
૨૪ મેં કહ્યુ, હે મારા દેવ, મારા દિવ-
સોની મધ્યે મને ન લઈ જા,
તારાં વર્ષો તો અનાદ્યનંત છે.
૨૫ પૂર્વે તે પૃથ્વીનો પાયો નાખ્યો છે,
અને આકાશો તારા હાથનું કામ છે.
૨૬ તેઓ નાશ પામશે, પણ તું ટકી
રહીશ:
હા, વસ્ત્રની પેઠ તેઓ સર્વ જીર્ણ
થઈ જશે,
લુગડાંની પેઠે તું તેઓને બદલીશ
ને તેઓ બદલાઈ જશે:

૨૭ પણ તું તો એવો ને એવોજ રહે છે,
ને તારાં વર્ષોનો અંત આવશે નહિ.
૨૮ તારા સેવકોના દીકરા ટકી રહેશે,
ને તેઓનાં સંતાન તારી સન્મુખ
સ્થાપવામાં આવશે.

૧૦૩ હે મારા આત્મા, યહોવાહને
સ્તુત્ય માન,
અને મારા આખા અંતઃકરણ, તેના
પવિત્ર નામને સ્તુત્ય માન.
૨ રે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય
માન,
ને તેના સર્વ ઉપકારો તું ભુલી ન જા.
૩ તે તારાં સઘળાં પાપ માફ કરે છે,
ને તારા સર્વ રોગ મટાડે છે.
૪ તે તારો જીવ નાશથી બચાવે છે,
ને તને કૃપા તથા રેહેમનો મુગટ
પહેરાવે છે.
૫ તે ઉત્તમ વસ્તુથી તારા મુખને તૃપ્ત
કરે છે,
અને ગરૂડના જેવી તારી જુવાની
તાજી કરે છે.
૬ સર્વ જે જુલમથી હેરાન થએલા
તેઓને સારૂ
યહોવાહ ન્યાયનાં કૃત્ય તથા ચુકાદા
કરે છે.
૭ તેણે પોતાના માર્ગ મુસાને
તથા પોતાનાં કૃત્યો ઇસ્રાએલના
પુત્રોને જણાવ્યાં.
૮ યહોવાહ દયાળુ તથા કૃપાળુ છે,
તે કોપે ધીમો તથા કૃપાએ મોટો છે.
૯ તે સદા ધમકી નહિ આપે,
વળી તે સર્વકાળ કોપ નહિ રાખે.
૧૦ તે આપણાં પાપ પ્રમાણે આપણી
સાથે વર્ત્યો નથી,
ને આપણા અન્યાયના પ્રમાણમા
આપણને બદલો વાળ્યો નથી.
૧૧ કેમકે જેમ પૃથ્વીથી આકાશ ઉચ્ચુ
છે
તેમ તેની કૃપા તેનાથી બીનારા પર
મોટી છે.
૧૨ પૂર્વ જેટલુ પશ્ચિમથી દૂર છે
તેટલાં તેણે આપણાં ઉલ્લઘન
આપણાથી દૂર કર્યાં છે.
૧૩ જેમ બાપ પોતાનાં છોકરાં પર
દયાળુ છે
તેમ યહોવાહ પોતાથી બીનારા પર
દયાળુ છે.
૧૪ કેમકે તે આપણુ બધારણ જાણે છે:
આપણે ધૂળના છીએ એવુ તે
સંભારે છે.
૧૫ માણુસના દિવસો ઘાસના જેવા છે,
ખેતરમાંના ફૂલની પેઠે તે ખિલે છે.
૧૬ કેમકે વા તેના પર થઈ વાય છે,
ને તે હતું ન હતું થઈ જાય છે,
ને તે કયાં હતુ એ કોઈને માલમ
પડતું નથી.
૧૭ પણ યહોવાહની કૃપા તેનાથી
બીનારાઓ પર અનાદિકાળથી તે
અનંતકાળ સુધી છે,
ને તેમનાં સંતાનનાં સતાન ઉપર
તેનો ન્યાય હોય છે.
૧૮ જે જે તેનો કરાર માને છે
તથા તેની આજ્ઞાઓ પાળવાને યાદ
રાખે છે તે તે પર તે કૃપા કરે છે.

૧૯ યહોવાહે પોતાની ગાદી આકાશમાં સ્થાપી છે,
અને તેના રાજ્યનુ ધણીપણુ સર્વ ઉપર છે.
૨૦ હે બળમાં પરાક્રમી, યહોવાહનુ વચન પાળનારા,
તથા તેના વચનની વાણી સાંભળનારા,
તેના દૂતો, તમે યહોવાહને સ્તુત્ય માનો.
૨૧ હે યહોવાહનાં સર્વ સૈન્યો, તેની ઇચ્છાને અનુસરનારા તેના સેવકો,
તમે તેને સ્તુત્ય માનો.
૨૨ યહોવાહના રાજ્યનાં સર્વ ઠેકાણાંમા તેનાં સૌ કૃત્યો તેને સ્તુત્ય માનો:
અરે મારા આત્મા, તું યહોવાહને સ્તુત્ય માન.

સાંજની પ્રાર્થના.

૧૦૪ હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન,
હે યહોવાહ, મારા દેવ,
તું અતિ મોટો છે, તું વૈભવ તથા ગૌરવથી વેષ્ટિત થયલો છે.
૨ વસ્ત્રથી વેષ્ટિત થાય તેમ તુ અજવાળાથી વેષ્ટિત થયો છે:
ને પડદાની પેઠે તું આકાશને વિસ્તારે છે.
૩ પાણી પર તે પોતાના ઓરડાના ભારોટિયા મૂકે છે:
વાદળાંને તે પોતાનો રથ બનાવે છે:
વાયુની પાંખો પર તે ચાલે છે.
૪ વાયુ તે તેના દૂતો કરે છે,
ને અગ્નિના ભડકા તેના સેવકો છે.
૫ કદી ખસે નહિ એવો તેણે
પૃથ્વીનો પાયો નાખ્યો છે.
૬ વસ્ત્રની પેઠે તું જળનિધિથી તેને ઢાંકે છે.
પર્વતો પર પાણી ચઢી રહ્યાં.
૭ તારી ધમકીથી તેઓ નાસી ગયાં:
તારા સાદની ગર્જનાથી તેઓ જતાં રહ્યાં.
૮ પહાડો ચઢી ગયા ને ખીણો ઉતરી ગઈ,
ને જે ઠેકાણુ તેં તે પાણીને માટે મુકરર કર્યું હતુ ત્યાં તેઓ ગયા.
૯ તેઓ ફરી પૃથ્વીને ઢાંકે નહિ તે સારૂ તેં તેઓની હદ બાંધી છે, કે જેને તેઓ ઓળગે નહિ.
૧૦ તે ખીણોમાં ઝરા ફોડે છે
ને તેઓ ડુંગરોની વચ્ચે વહે છે.
૧૧ તેથી સર્વ વનપશુઓને પીવાનુ મળે છે,
અને રાની ગધેડાં પણ પોતાની તરસ મટાડે છે.
૧૨ તેઓની પાસે આકાશનાં પક્ષીઓ આવીને વાસો કરે છે,
ને ડાળીઓ મધ્યે સુસ્વર કાઢે છે.
૧૩ તે પોતાના ઓરડાથી ડુંગરો પર પાણી સિંચે છે:
તારાં કૃત્યોનાં ફળથી પૃથ્વી ધરાઈ જાય છે.
૧૪ ઢોરને સારૂ તે ઘાસ ઉપજાવે છે,
તથા માણસના ખપને સારૂ

શાકભાજી:
એમ ભૂમિમાંથી તે અન્ન નિપજાવે
છે.
૧૫ વળી માણસના હૃદયને આનંદ
આપનાર દ્રાક્ષરસ,
ને તેનું મુખ તેજસ્વી કરનાર તેલ,
ને તેના અંતઃકરણને બળ આપ-
નારી રોટલી તે નિપજાવે છે.
૧૬ યહોવાહનાં ઝાડ,
એટલે લબાનોનનાં એરેજવૃક્ષો જે
તેણે રોપ્યાં હતાં, તેઓ ધરાએલાં
છે.
૧૭ ત્યાં પક્ષીઓ પોતાના માળા બાંધે
છે:
વળી દેવદાર ઝાડ તે બગલાનુ રહે-
ઠાણ છે.
૧૮ ઉચા પર્વતો રાની બકરાઓનો
અને ખડકો સસલાંનો આસરો છે.
૧૯ ઋતુઓને સારૂ તેણે ચંદ્ર ઠરાવ્યો:
સૂર્ય પોતાનો અસ્તકાળ જાણે છે.
૨૦ તુ અંધારૂ કરે છે એટલે રાત થાય
છે,
ત્યારે વનનાં સર્વ પશુઓ બહાર
નિકળે છે.
૨૧ સિંહનાં બચ્ચાં શિકાર મેળવવાને
ગર્જે છે,
તેઓ ઈશ્વર પાસે પોતાનું ખાવાનુ
માગે છે.
૨૨ સૂર્ય ઉગે એટલામાં તેઓ સમેટાય
છે,
ને પોતાનાં કોતરોમાં ભરાઈ સુઈ
જાય છે.
૨૩ માણસ પોતાનો ધંધો કરવા બહાર
નિકળે છે,
ને સાંજ સુધી પોતાનો ઉદ્યોગ
ચલાવે છે.
૨૪ હે યહોવાહ, તારાં કામ કેવાં તરેહ
તરેહનાં છે!
તે તે સઘળાંને ડહાપણથી કર્યાં છે:
પૃથ્વી તારી સંપત્તિથી ભરપૂર છે.
૨૫ જુઓ, આ મોટો તથા વિશાળ
સમુદ્ર,
જેમાં અગણિત જળજંતુઓ
તથા નાનાં મોટાં જાનવરો હોય છે.
૨૬ તેમાં વહાણો આવ જા કરે છે:
વળી મગરમચ્છ જે તેમાં રમવા
સારૂ તેં પેદા કર્યો છે તે તેમાં રહે છે.
૨૭ યોગ્ય સમયે તું તેઓને ખાવાનુ
આપે,
તે સારૂ આ સઘળાં તારી વાટ
જુએ છે.
૨૮ જે તું તેઓને આપે છે તે તેઓ
વીણે છે
તુ તારો હાથ ખોલે છે ત્યારે તેઓ
તારા ઉપકારથી તૃપ્ત થાય છે.
૨૯ તું તારૂ મુખ સંતાડે છે ત્યારે તેઓ
ગભરાઈ જાય છે:
તેઓનો પ્રાણ તુ લઈ લે છે એટલે
તેઓ મરે છે,
ને પાછાં ધૂળમાં ભળી જાય છે.
૩૦ તું તારો આત્મા મોકલે છે એટલે
તેઓ ઉત્પન્ન થાય છે:
ને દુનિયાને તું તાજી કરે છે.
૩૧ યહોવાહનુ ગૌરવ સર્વકાળ ટકો:

પોતાનાં સર્વ કામોથી યહોવાહ
આનંદ પામો.
૩૨ તે પૃથ્વી પર દૃષ્ટિ કરે છે ત્યારે તે
ધ્રુજે છે:
તે પર્વતોને અડકે છે એટલે તેઓ
ધુમાડો કાઢે છે.
૩૩ હું મરણ પર્યંત યહોવાહના ગુણ
ગાઇશ:
હુ હૈયાતીમાં છુ ત્યાં સુધી મારા
દેવની સ્તુતિ કરીશ.
૩૪ તે વિષેના મારા વિચાર તેને પસંદ
પડો:
હુ યહોવાહમાં આનંદ પામીશ.
૩૫ પૃથ્વીમાંથી પાપીઓનોનાશ થાઓ,
અને દુષ્ટોનો અંત આવો
હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય
માન.
તમે યહોવાહની સ્તુતિ કરો.

એકવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૦૫ યહોવાહનો આભાર માનો:
તેના નામની વિનંતી કરો:
લોકોમાં તેનાં કૃત્યો જણાવો.
૨ તેની આગળ ગાઓ, તેનાં સ્તોત્રો
ગાઓ:
તેનાં સર્વ આશ્ચર્યનાં કામનું મનન
કરો.
૩ તેના પવિત્ર નામમાં તમે અભિ-
માન કરો:
યહોવાહને શોધનારાનાં હૃદયો
આનંદ પામે.
૪ યહોવાહને તથા તેના સામર્થ્યને
શોધો:
સદા સર્વદા તેના મુખને શોધો.
૫ જે આશ્ચર્યનાં કામ તેણે કર્યાં છે
તેમને યાદ રાખો:
તેના ચમત્કારો તથા તેના મુખનાં
ન્યાયવચનો યાદ રાખો.
૬ તેના સેવક ઇબ્રાહીમનાં સંતાન,
યાકૂબના પુત્રો, તેના નિવડેલા,
તેમને તમે યાદ રાખો.
૭ તે આપણો દેવ યહોવાહ છે:
આખી પૃથ્વીમાં તેનાં ન્યાયનાં કૃત્યો
પ્રસિદ્ધ છે
૮ જે આજ્ઞા તેણે હજારો પેઢીઓને
ફરમાવી હતી
તે તેની સ્થાપના તેણે સદાકાળ યાદ
રાખી છે:
૯ એટલે જે કરાર તેણે ઇબ્રાહીમ
સાથે કીધો,
ને ઇસ્હાક પ્રત્યે પ્રતિજ્ઞા કરી:
૧૦ ને નિયમ તરીકે યાકૂબને સારૂ તેણે
એજ વાત સ્થાપી,
કે તે ઇસ્રાએલને માટે સદાકાળનો
કરાર થાય.
૧૧ તેણે કહ્યુ કે, આ કનાન દેશ હું તને
આપીશ,
તે તારા વારસાનો ભાગ થશે.
૧૨ તે વખતે તેઓ સંખ્યામાં થોડાં
હતાં,
છેક થોડાં, ને વળી તેમાં તેઓ
મુસાફર હતાં:
૧૩ તેઓ એક દેશથી બીજે દેશ,

ને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં
ફરતાં.
૧૪ તેણે તેઓ પર કોઈને જુલમ કરવા
દીધો નહિ·
તેમને લીધે તેણે રાજાઓને શિક્ષા
દીધી:
૧૫ તે એમ કહેતો, મારા અભિષિ-
ક્તોને અડકો મા,
ને મારા ભવિષ્યવાદીઓને ઉપદ્રવ
ન કરો.
૧૬ વળી દુકાળને તે દેશમાં આવવાનુ
તેણે ફરમાવ્યુ
ને રોટલીનો આધાર તદ્દન તોડી
નાખ્યો.
૧૭ તેઓની આગળ તેણે એક માણ-
સને મોકલ્યો,
એટલે યુસફ જે ગુલામ તરીકે
વેચાઈ ગયો.
૧૮ તેના વચનનો સમય આવી પહોચ્યો
ત્યાં સુધી તેઓએ તેના પગોમાં
બેડીઓ ઘાલી:
૧૯ લોઢાની સાંકળોમાં તે રહ્યો:
યહોવાહના વચનથી તે પરખાયો.
૨૦ રાજાએ માણસોને મોકલીને તેને
છોડાવ્યો
લોકોના ધણીએ તેનો છુટકારો કર્યો.
૨૧ તેણે તેને પોતાના ઘરનો કારભારી,
અને પોતાની સર્વ મિલકતનો ઉપરી
ઠરાવ્યો:
૨૨ કે તે પોતાની મરજી પ્રમાણે રાજ્ય-
માંના અમીરોને કબજે રાખે,
અને તેના મંત્રીઓને સમજણ
આપે.
૨૩ વળી ઇસ્રાએલ મિસરમાં આવ્યો,
ને હામના દેશમાં યાકૂબે મુકામ
કીધો.
૨૪ અને તેણે પોતાના લોકને ઘણા
આબાદ કીધા,
ને તેમના દુશ્મનો કરતાં તેઓને
બળવાન કર્યા.
૨૫ તેણે પોતાના લોક પર દ્વેષ રાખવાને
તથા પોતાના સેવકોની સાથે કપ-
ટથી વર્તવાને તેઓની બુદ્ધિ ફેરવી
૨૬ તેણે પોતાના સેવક મુસાને,
તથા હારૂન જેને તેણે પસંદ કર્યો
હતો તેને, મોકલ્યા.
૨૭ તે લોકોમા તેઓએ તેનાં ચિન્હો
દેખાડ્યાં.
વળી હામના દેશમાં ચમત્કારો
પ્રગટ કર્યા.
૨૮ તેણે અંધકાર મોકલ્યો એટલે અંધારૂ
થયુ
ને તેઓ તેની વાતની સામા થયા
નહિ.
૨૯ તેણે તેઓનુ પાણી લોહી કરી નાખ્યું,
ને તેઓના માછલાં મારી નાખ્યાં.
૩૦ તેઓની જમીનમાં પુષ્કળ દેડકાં
થયાં,
હા, તેઓ ઠેઠ રાજમહેલના ઓરડા
સુધી ભરાયાં
૩૧ તે બોલ્યો એટલે ડાંસ તથા જૂઓ
તેઓની સર્વ સીમોમાં ભરાયાં.
૩૨ તેણે વરસાદને ઠેકાણે કરાં મોકલ્યાં.
તેઓના દેશમાં ભડભડતો અગ્નિ
સળગાવ્યો.

૩૩ તેઓના દ્રાક્ષવેલાઓ તથા અંજી-
રીઓ પણ તેણે મારી:
અને તેઓની સીમોનાં વૃક્ષો તોડ્યાં.
૩૪ તે બોલ્યો ને તીડો
તથા ઇયળો અગણિત આવ્યાં:
૩૫ તેમણે તેઓના દેશની સર્વ લીલો-
તરી ખાઇ નાખી,
અને જમીનનાં સર્વ ફળ ભક્ષ કીધાં.
૩૬ તેઓના દેશમાંના સર્વ પ્રથમ
જન્મેલાને,
એટલે તેઓના મુખ્ય બળવાનોને,
તેણે માર્યા.
૩૭ અને તે તેઓને સોના રૂપા સહિત
કાઢી લાવ્યો.
ને તેઓનાં કુળોમાં કોઇ પણ
નિર્બળ ન હતુ.
૩૮ તેઓ ગયા ત્યારે મિસર આનંદ
પામ્યો.
કેમકે તેમને લીધે તેઓ ત્રાસ
પામેલા હતા.
૩૯ આચ્છાદનને સારૂ તેણે વાદળુ
પ્રસાર્યું:
વળી રાત્રે અજવાળું આપવાને
અગ્નિ મોકલ્યો.
૪૦ તેઓએ માગ્યુ ત્યારે તે લાવરીઓ
લાવ્યો:
આકાશમાંની રોટલીથી તેઓને તૃપ્ત
કીધા.
૪૧ તેણે ખડક તોડ્યો, ને પાણી નિકળી
આવ્યુ:
તે નદી થઇને સૂકાં ઠેકાણાંમાં વહેવા
લાગ્યું.
૪૨ કેમકે તેણે પોતાના સેવક ઇબ્રા-
હીમને આપેલા
પોતાના પવિત્ર વચનનું સ્મરણ
કીધુ.
૪૩ અને પોતાના લોકોને આનદ સહિત,
તથા પોતાના પસદ કરેલાઓને
ઉલટભેર, તે કાઢી લાવ્યો.
૪૪ વળી તેઓને વિદેશીઓના દેશ
આપ્યા,
ને તે લોકે કરેલા શ્રમનાં ફળનો
વારસો તેઓ પામ્યા
૪૫ એટલા માટે કે તેઓ તેના વિધિઓ
માને,
અને તેના કાયદા પાળે.
તમે યહોવાહની સ્તુતિ કરો.

સાંજની પ્રાર્થના.

૧૦૬ યહોવાહની સ્તુતિ કરો.
યહોવાહનો આભાર માનો.
કેમકે તે ઉત્તમ છે; કેમકે તેની
કૃપા સદાકાળ ટકે છે.
૨ યહોવાહનાં પરાક્રમી કૃત્યો કોણ
વર્ણવી શકે?
તેની સ્તુતિ કોણ સંપૂર્ણ સંભળાવી
શકે?
૩ ન્યાય પાળનારાઓને,
તથા પવિત્રાઇને ધોરણે નિત્ય
ચાલનારને, ધન્ય છે.
૪ જે મહેરબાની તું તારા લોક પર
રાખે છે, તે મહેરબાનીથી, હે
યહોવાહ, તું મને સંભાર:
તારૂ તારણ આપીને મને સંભાળજે:

૫ જેથી હુ તારા પસદ કરેલાઓનુ
કલ્યાણુ જોઉ,
ને તારી પ્રજાના આનદમા હુ
આનદ ભોગવુ,
ને તારા વારસાની સાથે હુ અભિ-
માન કરૂ.
૬ અમારા પિતૃઓએ તેમ અમે પણુ
પાપ કર્યું છે,
અમે અન્યાય કર્યો છે, અમે ભુંડાઈ
કરી છે.
૭ મિસરમાંના તારા ચમત્કારો
અમારા પિતૃઓ સમજ્યા નહિ,
તારી અપાર કૃપા તેઓએ સંભારી
નહિ,
પણુ સમુદ્ર પાસે, એટલે લાલ સમુદ્ર
પાસે, તેઓએ તને ચિડવ્યો
૮ તોપણુ તેણે પોતાના નામની
ખાતરી,
અને પોતાનુ પરાક્રમ દેખાડવા સારૂ,
તેઓને તાર્યા.
૯ લાલ સમુદ્રને પણુ તેણે ધમકાવ્યો,
ને તે સુકાઈ ગયો
એમ કરીને તેણે જાણે મેદાનમાં
હોય તેમ ઉડાણોમાં થઈને તેઓને
દોરી લીધા.
૧૦ અને તેઓના વેરીઓના હાથમાંથી
તેણે તેઓને તાર્યા,
ને દુશ્મનના હાથમાંથી તેઓને
ખંડી લીધા.
૧૧ અને તેઓના દુશ્મનો પર પાણી
ફરી વળ્યું :
તેમાંનો એકે પણુ બચ્યો નહિ.
૧૨ ત્યારે તેઓએ તેની વાતો પર
વિશ્વાસ આણ્યો :
તેઓએ તેનાં સ્તોત્ર ગાયાં.
૧૩ તેઓ જલદી તેનાં કૃત્યો વિસરી
ગયા
તેની સલાહ સાંભળવાને તેઓએ
ધીરજ ધરી નહિ.
૧૪ પણુ અરણ્યમા તેઓએ કુવાસના
ઘણીજ કીધી,
ને રાનમાં ઈશ્વરની પરીક્ષા કરી.
૧૫ અને તેણે તેઓની માગણી પ્રમાણે
તેઓને આપ્યુ,
પણુ તેઓના આત્માને નબળો
કીધો
૧૬ તેઓએ છાવણીમાં મુસાની પણુ,
તથા યહોવાહના ભક્ત હારૂનની,
અદેખાઈ કીધી.
૧૭ ભૂમિ ફાટીને દાથાનને ગળી ગઈ,
ને અબિરામના મડળને ઢાકી દીધુ.
૧૮ તેઓના મડળમાં અગ્નિ સળગી
ઉઠયો,
ને તેના ભડકાએ દુષ્ટોને બાળી
નાખ્યા.
૧૯ હોરેબમાં તેઓએ વાછરડો બનાવ્યો,
અને ગાળેલી મૂર્તિની પૂજા કીધી
૨૦ આ પ્રમાણે તેઓએ ઘાસ ખાનાર
ગોધાની પ્રતિમા પસંદ કરીને
પોતાનો મહિમા બદલાવી નાખ્યો.
૨૧ જેણે મિસરમાં મહાભારત કૃત્યો,
તથા હામના દેશમા આશ્ચર્યનાં કૃત્યો,
૨૨ અને લાલ સમુદ્ર પાસે ભયંકર કામો
કર્યાં હતાં,

તેને, પોતાના તારનાર દેવને, તેઓ
વિસરી ગયા.
૨૩ માટે તેણે તેઓનો સંહાર કરવાનુ
કહ્યુ :
પણ તેનો સહાર કરવા વિષેનો ક્રોધ
સમાવવા
તેનો પસંદ કરેલો મુસા વચ્ચે પડીને
તેની સન્મુખ આવી ઉભો રહ્યો.
૨૪ અને તેઓએ તે મનોહર દેશને
તુચ્છ ગણ્યો,
તેઓએ તેની વાતનો વિશ્વાસ કીધો
નહિ:
૨૫ અને તેઓએ પોતાના ડેરાઓમાં
કચકચ કરીને
યહોવાહની વાણી ન સાંભળી.
૨૬ તે માટે તેઓનો અરણ્યમા નાશ
કરવાને,
તથા વિદેશીઓમાં તેઓનાં સતા-
નનો નાશ કરવાને,
૨૭ ને દેશ પ્રદેશમા તેઓને વિખેરી
નાખવાને,
તેઓની વિરૂદ્ધ તેણે પોતાનો હાથ
ઉચો કીધો.
૨૮ પેઓરના બઆલની પૂજામાં તેઓ
સામેલ થયા ·
અને મુએલાંનાં શ્રાદ્ધ ખાધાં.
૨૯ એ પ્રમાણે તેઓએ પોતાની કરણી-
ઓથી તેને ચિડવ્યો :
ને તેઓ પર મરકી તુટી પડી.
૩૦ ત્યારે ફીનહાસે ઉભા થઈને એમને
શિક્ષા કરી,
એટલામાં મરકી બંધ પડી.
૩૧ અને આ તેનુ કામ તેને સારૂ
પેઢી દર પેઢી ને સર્વકાળ સુધી
ન્યાયીપણાને અર્થે ગણાયુ.
૩૨ મરીબાહના પાણીના સંબંધમાં પણ
તેઓએ દેવને ખિજવ્યો,
જેથી તેઓની ખાતર મુસાને પણ
નુકસાન થયું.
૩૩ કેમકે તેઓએ તેના જીવને ખાટો
કર્યો,
તેથી તે પોતાના મુખથી અવિચારે
બોલ્યો
૩૪ જે લોકોનો નાશ કરવાની યહોવાહે
આજ્ઞા આપી હતી,
તેમનો તેઓએ નાશ કીધો નહિ :
૩૫ પણ વિદેશીઓની સાથે તેઓ ભળી
ગયા,
ને તેઓનાં કામ શિખ્યા.
૩૬ અને તેઓએ તેઓની મૂર્તિઓની
સેવા કીધી,
જે તેઓને પાશરૂપ થઈ પડી.
૩૭ વળી તેઓએ પોતાના દીકરા
દીકરીઓનું ભૂતોને બળિદાન
આપ્યુ.
૩૮ અને નિરપરાધ રક્ત, એટલે પોતાના
દીકરા દીકરીઓનું રક્ત તેઓએ
વહેવડાવ્યું
તેઓએ એમને કનાનની મૂર્તિઓને
ચઢાવ્યાં :
ને રક્તથી દેશ અશુદ્ધ થયો.
૩૯ આ પ્રમાણે તેઓ પોતાનાં કૃત્યોથી
ભ્રષ્ટ થઈ ગયા,
ને પોતાની કરણીઓથી વ્યભિચારી
થયા.

૪૦ તે માટે પોતાના લોકો સામે યહો-
વાહનો કોપ સળગી ઉઠયો,
ને પોતાના વારસાથી તે કંટાળી
ગયો.
૪૧ અને તેણે તેઓને વિદેશીઓના
હાથમાં સોંપ્યા :
ને તેઓના વેરીઓએ તેમના પર
રાજ્ય કર્યું.
૪૨ તેઓના શત્રુઓએ પણ તેઓને
કચડ્યા,
અને તેઓના હાથ નીચે પડીને
તેઓ તાબે થયા.
૪૩ તેણે તેઓનો બચાવ ઘણી વાર કર્યો,
તોપણ તેઓ તેની સલાહથી વિરૂદ્ધ
વર્ત્યા.
અને પોતાના અન્યાયને લીધે તેઓ
પાયમાલ થયા.
૪૪ તોપણ તેઓનો વિલાપ સાંભળીને
તેણે તેમનુ સંકટ લક્ષમાં લીધુ.
૪૫ તેઓને સારૂ તેણે પોતાનો કરાર
યાદ કર્યો,
ને પોતાની પુષ્કળ દયા પ્રમાણે
પસ્તાયો,
૪૬ વળી તેઓને બદીવાન કરનારા-
ઓની પાસે
તેઓ પર કરૂણા કરાવી.
૪૭ હે યહોવાહ, અમારા દેવ, અમને
તાર,
ને તારા પવિત્ર નામનો આભાર
માનવાને
તથા તારી સ્તુતિમાં જયજયકાર
કરવાને
વિદેશીઓમાંથી અમને વીણી લે.
૪૮ ઇસ્રાએલનો દેવ યહોવાહ
અનાદિકાળથી અનંતકાળ સુધી
સ્તુત્ય મનાય.
અને સર્વ લોકો આમેન કહો.
તમે યહોવાહની સ્તુતિ કરો.

બાવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૦૭ યહોવાહનો આભાર માનો,
કેમકે તે ઉત્તમ છે,
ને તેની કૃપા સદાકાળ ટકે છે.
૨ એ પ્રમાણે યહોવાહના ખંડી લીધે-
લાએ બોલવુ,
એટલે જેઓને તેણે શત્રુના હાથ-
માંથી ખંડી લીધા
૩ ને દેશોદેશથી,
એટલે પૂર્વથી તથા પશ્ચિમથી,
ઉત્તરથી તથા દક્ષિણથી, તેઓને
એકઠા કીધા.
૪ અરણ્યમાં તેઓ ઉજડ માર્ગે
ભટકયા,
તેઓને વસવાનુ શહેર મળ્યુ નહિ.
૫ ભૂખ્યા તથા તરસ્યા થવાથી
તેઓના પ્રાણ આકુળવ્યાકુળ થયા.
૬ પોતાના સંકટમાં તેઓએ યહો-
વાહને પોકાર્યો,
ને તેણે તેઓને દુઃખમાથી છોડાવ્યા.
૭ અને તેણે તેઓને સીધે માર્ગે દોર્યા
કે તેઓ વસવા લાયક નગર પહોંચે.
૮ આ તેની કૃપા તથા માણસજાતને
સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો

ધ્યાનમાં રાખી માણસો યહોવાહની
સ્તુતિ કરે તો કેવું સારૂં!
૯ કેમકે તરસ્યા જીવને તે સંતુષ્ટ કરે છે,
ને ભૂખ્યા આત્માને ઉત્તમ વસ્તુથી
તૃપ્ત કરે છે.
૧૦ દેવનાં વચનોની સામા થવાથી
ને પરાત્પરના પ્રબોધને તુચ્છ
ગણવાથી,
૧૧ જેઓ અંધકારમાં તથા મરણ-
છાયામાં બેઠેલા હતા
ને આપદામાં તથા બેડીઓમાં
સપડાએલા હતા,
૧૨ તેઓનાં હૃદય તેણે કષ્ટથી નરમ
પાડ્યાં:
તેઓ લથડી પડયા, ને સહાય કર-
નાર કોઈ ન હતો.
૧૩ ત્યારે તેઓએ પોતાના સંકટમાં
યહોવાહને પોકાર્યો,
ને તેણે તેઓને દુઃખમાંથી તાર્યા.
૧૪ તે તેઓને અંધકારમાંથી તથા
મરણછાયામાંથી કાઢી લાવ્યો,
ને તેઓનાં બંધન તોડી નાખ્યાં.
૧૫ આ તેની કૃપા તથા માણસજાતને
સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો
ધ્યાનમાં રાખી માણસો યહોવાહની
સ્તુતિ કરે તો કેવું સારૂં!
૧૬ વળી તેણે પિત્તળના દરવાજા
ભાગ્યા,
ને લોઢાની ભુંગળો તોડી નાખી.
૧૭ મૂર્ખો પોતાનાં પાપથી
તથા પોતાની ભુંડાઈથી સંકટમાં
આવી પડયા.
૧૮ તેઓના જીવ સર્વ પ્રકારના ખોરા-
કથી કંટાળી ગયા,
ને તેઓ મરણની ભાગળ સુધી
આવી પહોચ્યા.
૧૯ ત્યારે તેઓ પોતાના સંકટમાં
યહોવાહને પોકારે છે,
ને તે તેઓને દુઃખમાંથી તારે છે.
૨૦ તે પોતાનું વચન મોકલીને તેઓને
સમા કરે છે,
ને ખાડામાંથી તેમને ઉગારે છે.
૨૧ આ તેની કૃપા તથા માણસજાતને
સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો
ધ્યાનમાં રાખી માણસો યહોવાહની
સ્તુતિ કરે તો કેવું સારૂં!
૨૨ વળી તેઓ ઉપકારસ્તુતિયુક્ત યજ્ઞો
કરે,
ને તેનાં કામ ઉત્સાહથી વર્ણવે.
૨૩ જેઓ વહાણમાં બેસીને સમુદ્રે
ઉતરે છે,
ને ભર દરીઆમાં ધંધો ચલાવે છે.
૨૪ તેઓ યહોવાહનાં કૃત્યો
તથા ઉંડાણમાંનાં તેનાં આશ્ચર્યકારક
કૃત્યો જુએ છે.
૨૫ કેમકે તે આજ્ઞા આપીને વાયુ
ચઢાવે છે,
જેથી તેનાં મોજાં ઉછળતાં થાય છે.
૨૬ અને તેઓ આકાશ લગી ચઢે છે,
ને પાછાં-ઉંડાણોમાં ઉતરે છે:
તેઓના પ્રાણ ત્રાસથી આકુળ-
વ્યાકુળ થાય છે.
૨૭ તેઓ આમતેમ ડોલતાં પીધેલાની
પેઠે લથડે છે,

ને તેઓની બુદ્ધિ બેહેર મારી જાય
છે.
૨૮ ત્યારે તેઓ પોતાના સંકટમાં યહો-
વાહને પોકારે છે,
ને તે તેઓને દુઃખમાંથી કાઢે છે.
૨૯ તે તોફાન બંધ પાડે છે,
માટે તેનાં મોજા શાંત થાય છે.
૩૦ ત્યારે તેઓ આનંદ પામે છે કેમકે
શાંતિ થાય છે,
ને તે તેઓને ઇચ્છેલા બંદરે પહોચાડે
છે.
૩૧ આ તેની કૃપા તથા માણસજાતને
સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો
ધ્યાનમાં રાખી માણસો યહોવાહની
સ્તુતિ કરે તો કેવુ સારૂ!
૩૨ લોકોની સભામાં તેઓ તેને મોટો
માને,
ને વડીલોના આસનમાં તેની સ્તુતિ
કરે.
૩૩ ત્યાંના રહેવાસીઓનાં પાપને લીધે,
તે નદીઓને ઠેકાણે રાન,
૩૪ પાણીના ઝરાઓને ઠેકાણે કોરી
ભૂમિ,
ને ફળદ્રુપ દેશને ઠેકાણે ખારાની
જમીન કરી નાખે છે.
૩૫ વળી તે રાનને ઠેકાણે સરોવર,
ને કોરી ભૂમિને ઠેકાણે ઝરાઓ કરી
નાખે છે.
૩૬ તે તેમાં ભૂખ્યાને વસાવે છે,
એ માટે કે તેઓ રહેવાનું નગર
બાંધે:
૩૭ ને ખેતરોમાં વાવેતર કરે, ને દ્રાક્ષ-
વાડીઓમાં રોપણી કરે,
ને ઉપજનાં ફળ પેદા કરે.
૩૮ તે તેઓને આશીર્વાદ પણ આપે છે,
ને તેઓ ઘણા વધે છે,
વળી તે તેઓનાં ઢોર ઘટવા દેતો
નથી.
૩૯ પાછા તેઓને જુલમથી, વિપત્તિથી,
તથા શોકથી
ઘટાડવામાં આવે છે, ને નીચા
પાડવામાં આવે છે.
૪૦ તે અમીર ઉમરાવો ઉપર અપમાન
લાવે છે,
ને માર્ગ વગરના અરણ્યમાં તેઓને
રખડાવે છે.
૪૧ તોએ તે કંગાલોને સંકટમાંથી
કાઢીને ચઢતીમાં લાવે છે,
ને તેનાં કુટુંબોને ટોળાં જેવાં વધેલાં
કરે છે.
૪૨ ન્યાયી તે જોઈને આનંદ પામશે,
ને સઘળા અન્યાયનુ મુખ બંધ થશે.
૪૩ જે કોઈ જ્ઞાની છે તે આ વાતો
ધ્યાનમાં લેશે,
ને યહોવાહની કૃપા વિષે વિચાર
કરશે.

સાંજની પ્રાર્થના.

૧૦૮ હે દેવ, મારૂં હૃદય સ્થિર છે,
હુ મારા પૂરા અંતઃકરણથી
તારી સ્તુતિ કરીને ગાઈશ.
૨ વીણા તથા સિતાર, જાગો:
પરોઢીઆને હુ પડે જગાડીશ.
૩ હે યહોવાહ, હુ લોકો મધ્યે તારો
આભાર માનીશ:

ને પ્રજાઓમાં હું તારાં સ્તોત્રો ગાઇશ.
૪ કેમકે તારી કૃપા આકાશ કરતાં
મહા મોટી છે,
ને તારી સત્યતા વાદળાં સુધી
પહોંચે છે.
૫ હે દેવ, તું આકાશ કરતાં ઉંચો મના,
ને તારૂં ગૌરવ પૃથ્વી કરતાં મોટું
મનાય.
૬ તારો પ્રિય છુટી જાય,
માટે તારા જમણા હાથથી તારણ
કરીને અમને ઉત્તર આપ.
૭ ઇશ્વર પોતાની પવિત્રતાએ બોલ્યો
છે કે,
હું હરખાઇશ, હું શખેમને વહેંચીશ,
ને સુક્કોથનું નીચાણ વહેંચી
આપીશ.
૮ ગિલઆદ મારૂં છે: મનાશ્શેહ પણ
મારૂં છે:
એફ્રાઇમ મારૂં શિરછત્ર છે,
યહુદાહ મારો રાજ્યદંડ છે:
૯ મોઆબ મારૂં પગ ધોવાનું વાસણ
છે,
અદોમ ઉપર હું મારૂં ખાસડું
ફેંકીશ:
પલેશેથ પર હું જયજયકાર કરીશ.
૧૦ કોટબંધ નગરમાં મને કોણ લાવશે?
અદોમ સુધી મને કોણ દોરી જશે?
૧૧ હે ઇશ્વર, તેં શું અમને તજી દીધા
નથી?
ને, હે ઇશ્વર, તું અમારા સૈન્યોની
સાથે નિકળતો નથી.
૧૨ શત્રુઓની સામે અમને સહાય કર,
કેમકે માનવની સહાય મિથ્યા છે.
૧૩ ઇશ્વર વડે અમે પરાક્રમ કરીશું:
કેમકે તેજ અમારા શત્રુઓને કચરી
નાખશે.

૧૦૯ હે મારા સ્તુતિના દેવ, તું
મુગો ન રહે.
૨ કેમકે દુષ્ટ તથા કપટીનાં મુખ મારી
વિરૂદ્ધ ઉઘડયાં છે:
તેઓ મારી સામે જુઠી જીભે
બોલ્યા છે.
૩ વળી તેઓએ દ્વેષના શબ્દોથી મને
ઘેરી લીધો છે,
ને વિના કારણે મારી સાથે લડાઇ
કરી છે.
૪ મારી પ્રીતિને બદલે તેઓ મારા
શત્રુ થયા છે,
પણ હું તો પ્રાર્થનાજ કર્યા કરૂં છું.
૫ વળી તેઓએ ઉપકારને બદલે
અપકાર,
ને મારી પ્રીતિને બદલે દ્વેષ કર્યો છે,
૬ તેના ઉપર તું કોઇ દુષ્ટને નીમ,
ને તેને જમણે હાથે સામાવાળિયાને
ઉભો રાખ.
૭ તેનો ન્યાય ચુકાવતાં તે અપરાધી
ઠરે:
ને તેની પ્રાર્થના પાપરૂપ ગણાય.
૮ તેના દહાડા થોડા થાય:
ને તેનો હોદ્દો બીજો લઇ લે.
૯ તેનાં છોકરાં અનાથ
ને તેની બાયડી વિધવા થાય.
૧૦ તેનાં છોકરાં રખડી રખડી ભીખ
માગે:

તેઓ પોતાનાં ઉજડ થએલાં ઘરોને
છોડીને રોટલી માગી ખાય.
૧૧ જોરજુલમથી લેનાર તેનું બધુ લઈ
જાય,
ને પારકાઓ તેની મહેનતનું ફળ
લુટી લે.
૧૨ તેના પર કોઈ કૃપા રાખનાર ન મળે,
ને તેનાં અનાથ છૈયાં પર કોઈ દયા
રાખનાર ન હોય.
૧૩ તેના વંશનો ઉચ્છેદ થાય,
ને આવતી પેઢીમાં તેઓનુ નામ
ભુંસાઈ જાય.
૧૪ તેના બાપદાદાની ભુંડાઈ યહોવાહને
યાદ રહે,
ને તેની માનુ પાપ ભુસાઈ ન જાય
૧૫ તેઓ નિત્ય યહોવાહની નજરમાં રહે,
એ સારૂ કે તેઓની યાદગિરી પૃથ્વી
પરથી ઉખેડી નખાય.
૧૬ કેમકે તેણે દયા કરવાનુ યાદ ન
રાખ્યું:
પણ ગરીબ તથા દરિદ્રી માણસને
અને હૃદયભંગિતને મારી નાખવા
સારૂ
તેણે તેઓની સતાવણી કીધી.
૧૭ હા, શાપ દેવામાં તે રાજી થતો,
માટે તે તેને લાગ્યો:
આશીર્વાદ આપવામાં તે ખુશી ન
હતો, તેથી તે તેનાથી દૂર રહ્યો.
૧૮ હા, તેણે વસ્ત્રની પેઠે શાપ પહેરી
લીધો હતો,
ને તે પાણીની માફક તેના અતઃ-
કરણમાં,
અને તેલની પેઠે તેનાં હાડકાંમાં
પેસતો.
૧૯ પહેરવાનાં લુગડાંની પેઠે તે તેને
ઢાંકનાર થાય,
ને કમરબંધની પેઠે તે નિત્ય તેને
વિટળાયલો રહે.
૨૦ જેઓ મારા શત્રુઓ છે, ને મારા
આત્માની વિરૂદ્ધ બોલનારા છે,
તેઓને યહોવાહ તરફથી આવો
બદલો મળે.
૨૧ પણ, હે યહોવાહ, મારા પ્રભુ, તું
તારા નામની ખાતર મારે સારૂ
ઉપાય કર·
તારી કૃપા ઉત્તમ છે, માટે મારો
છુટકો કર.
૨૨ કેમકે હુ ગરીબ તથા દરિદ્રી છું,
ને મારૂ હૃદય મારી માંહે વીંધાઈ
ગયેલુ છે.
૨૩ હુ નમી ગયેલી છાયાના જેવો થઈ
ગયો છુ
હુ તીડની પેઠે આમતેમ ફેંકાઉં છું.
૨૪ મારાં ઘુંટણ લાઘણથી નબળાં થઈ
ગયાં છે.
ને મારૂં માંસ પુષ્ટિ વિના ઘટી ગયુ
છે.
૨૫ હું તેઓનાં મેહેણાંનુ ઠેકાણું થઈ
ગયો છુ.
તેઓ મારા પર તાકીને માથાં
હલાવે છે.
૨૬ હે યહોવાહ, મારા દેવ, મને મદદ
કર
તારી કૃપા પ્રમાણે મને તાર.

૨૭ એ માટે કે, આ તારો હાથ છે,
અને. હે યહોવાહ, તેંજ તે કીધું છે,
એમ તેઓ જાણે.
૨૮ તેઓ શાપ દે, પણ તું આશીર્વાદ
આપ.
તેઓ સામા ઉઠે ત્યારે તેઓ લજ-
વાઈ જશે, પણ તારો સેવક હર્ષ
કરશે.
૨૯ મારા શત્રુઓ વસ્ત્રની પેઠે લાજ
પહેરે,
ને ડગલા પેઠે તેઓ પોતાની શર-
મથી ઢંકાય.
૩૦ હું મારા મુખથી યહોવાહનો બહુજ
આભાર માનીશ,
હા, ઘણા લોકોમાં હું તેની સ્તુતિ
ગાઇશ.
૩૧ કેમકે દરિદ્રીના આત્માને અપરાધી
ઠરાવનારાઓથી તારવા સારૂ
યહોવાહ તેને જમણે હાથે ઉભો
રહેશે.

ત્રેવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૧૦ યહોવાહે મારા પ્રભુને કહ્યું કે,
હું તારા શત્રુઓને તારૂં પાયા-
સન કરૂં ત્યાં સુધી
તું મારે જમણે હાથે બેસ.
૨ યહોવાહ સિયોનમાંથી તારા સામ-
ર્થ્યનો રાજ્યદંડ મોકલશે.
તારા શત્રુઓ ઉપર રાજ્ય કર.
૩ તારા પરાક્રમને દિવસે તારા લોક,
પવિત્રતાની શોભાએ, મળસકાના
ગર્ભસ્થાનથી,—ખુશીથી અર્પણ
થાય છે:
તારી પાસે તારી યુવાવસ્થાનો
ઓસ છે.
૪ યહોવાહે સમ ખાધા, ને પસ્તાવો
નહિ કરશે,
કે તુ મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે,
સનાતન યાજક છે.
૫ જે પ્રભુ તારે જમણે હાથે છે,
તે પોતાના કોપને દિવસે રાજાઓને
વીંધશે.
૬ વિદેશીઓમાં તે ન્યાય કરશે
મુડદાંથી જગ્યાઓ ભરશે:
વિશાળ દેશમાં તે માથાં વીંધશે.
૭ માર્ગમાંના નાળાનુ પાણી તે પીશે
ને તેથી તે પોતાનુ માથુ ઉચું કરશે

૧૧૧ યહોવાહની સ્તુતિ કરો.
સાધુપુરૂષોની સભામાં તથા
મંડળીમાં
હું પૂર્ણ હૃદયથી યહોવાહની ઉપકાર-
સ્તુતિ કરીશ.
૨ યહોવાહનાં કૃત્યો મોટાં છે:
તેમાં સંતોષ પામનારાઓ તેઓને
શોધી કાઢે છે
૩ તેનું કામ યશસ્વી તથા શોભાય-
માન છે,
ને તેનું ન્યાયીપણું સદાકાળ સુધી
ટકે છે.
૪ તેણે પોતાનાં ચમત્કારી કામોનું
સ્મરણ રહે એવું કર્યું છે:
યહોવાહ કૃપાળુ તથા રહેમી છે.
૫ જેઓ તેનાથી બિએ છે તેઓને તેણે

ખોરાક આપ્યો છે:
તે પોતાના કરારનું સ્મરણ સદાકાળ
રાખશે.
૬ વિદેશીઓનો વારસો પોતાના
લોકોને આપીને
તેણે તેઓને પોતાનાં કામોનું પરા-
ક્રમ દેખાડયું છે.
૭ તેના હાથનાં કામ સત્યતા તથા
ન્યાયકરણ છે·
તેની સર્વ આજ્ઞાઓ વિશ્વાસ યોગ્ય
છે.
૮ તેઓ સદા સર્વદા સ્થિર રખાયલાં
છે,
ને સત્યતાથી તથા પ્રમાણિકપણે
કરાએલાં છે.
૯ તેણે પોતાના લોકની પાસે ઉદ્ધાર
મોકલ્યો છે,
ને પોતાનો કરાર સર્વકાળ માટે
ફરમાવ્યો છે:
તેનું નામ પવિત્ર તથા ભયયોગ્ય છે.
૧૦ યહોવાહનું ભય તે બુદ્ધિનો આરંભ
છે:
જેઓ તેની આજ્ઞાઓ પાળે છે તે
બધાની બુદ્ધિ સારી છે
તેની સ્તુતિ સર્વકાળ ટકનાર છે.

૧૧૨ યહોવાહની સ્તુતિ કરો.
જે માણસ યહોવાહથી બિએ
છે,
ને તેની આજ્ઞાઓમાં બહુ ખુશ
થાય છે, તેને ધન્ય છે.
૨ તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન
થશે·
યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે.
૩ તેના ઘરમાં ધનદોલત છે,
ને તેનું ન્યાયીપણું સર્વકાળ ટકનાર
છે.
૪ યથાર્થીને સારૂ અંધારામાં અજવાળું
પ્રગટ થાય છે·
તે કૃપાળુ, રહેમી તથા ન્યાયી છે.
૫ જે માણસ કૃપા રાખે છે તથા ધીરે
છે તેને સારૂં છે:
અદાલતમાં તે પોતાનો મુકરદમો
સાબીત કરશે.
૬ કેમકે તે કદી પણ ડગશે નહિ
ન્યાયીનું સ્મરણ સર્વકાળ રહેશે.
૭ તે માઠા સમાચારથી બીનાર નથી
તેનું હૃદય યહોવાહ પર ભરોસો
રાખીને દૃઢ રહે છે.
૮ તેનું અંતઃકરણ સ્થિર છે,
તેથી પોતાના શત્રુઓ પરની જીત
જોતાં સુધી તે બીશે નહિ.
૯ તેણે મોકળે હાથે દરિદ્રીઓને
આપ્યું
તેનું ન્યાયીપણું સર્વકાળ ટકે છે
તેનું શિંગ માન સહિત ઉંચું કરાશે.
૧૦ એ જોઈને દુષ્ટને સંતાપ થશે:
તે પોતાના દાંત પીસશે, ને પડે
મુકાઈ જશે:
દુષ્ટોની ધારણા નિષ્ફળ થશે.

૧૧૩ યહોવાહની સ્તુતિ કરો.
સ્તુતિ કરો, રે યહોવાહના
સેવકો.
યહોવાહના નામની સ્તુતિ કરો.
૨ યહોવાહનું નામ અત્યારથી

તે સર્વકાળ સુધી સ્તુત્ય થાઓ.
૩ સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી
યહોવાહના નામની સ્તુતિ કરો.
૪ યહોવાહ બધા લોકો પર અધિકારી છે,
ને તેનુ ગૌરવ આકાશોકરતાં મોટું છે.
૫ આપણા દેવ યહોવાહ સરખો કોણ છે?
તે પોતાનુ રહેઠાણ ઉચ્ચસ્થાનમાં રાખે છે,
૬ ને આકાશમાં તથા પૃથ્વીમાં જે છે તે જોવાને
પોતાને દીન કરે છે.
૭ તે ધૂળમાંથી રાંકને ઉઠાવી લે છે,
ને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે.
૮ એ સારૂ કે તે અમીર ઉમરાવો સાથે,
એટલે પોતાના લોકોના અમીર ઉમરાવો સાથે બેસનાર થાય.
૯ તે વાંઝણીનુ ઘર રાખે છે,
તેને પુત્રોની આનંદિત માતા બનાવે છે.
યહોવાહની સ્તુતિ કરો.

સાંજની પ્રાર્થના.

૧૧૪ જ્યારે ઇસ્રાએલીઓ મિસરમાંથી નિકળ્યા,
ને યાકૂબનું કુટુંબ પરભાષા બોલનાર લોકોમાંથી નિકળ્યું:
૨ ત્યારે યહુદાહ તેનું શુદ્ધસ્થાન
ને ઇસ્રાએલ તેનું રાજ્ય થયું.
૩ સમુદ્ર તે જોઇને નાઠો,
ને યરદન નદી પાછી હઠી.
૪ પર્વતો મેંઢાઓની પેઠે,
ને ડુંગરા ગાડરડાંની પેઠે કુદ્યા.
૫ અરે સમુદ્ર, તને શુ થયુ કે તુ નાસી ગયો?
અરે યરદન, તુ કેમ પાછી હઠી?
૬ અરે પર્વતો, તમને શું થયુ કે તમે મેંઢાઓની પેઠે કુદ્યા?
ને ડુંગરો, તમે કેમ ગાડરડાંની માફક કુદ્યા?
૭ રે પૃથ્વી, પ્રભુની આગળ,
યાકૂબના દેવની આગળ, કાંપ.
૮ તેણે ખડકનું સરોવર કીધુ
ને ચકમકનો ઝરો બનાવ્યો.

૧૧૫ હે યહોવાહ, અમોને નહિ, અમોને નહિ,
પણ તારા નામને,
તારી કૃપા તથા તારી સત્યતાને લીધે, મહિમા થાઓ.
૨ વિદેશીઓ એમ કેમ કહે કે,
તેઓનો દેવ ક્યાં છે?
૩ પણ અમારો દેવ તો આકાશમાં છે.
જે સર્વ તેણે ઇચ્છયું તે તેણે કીધુ છે.
૪ તેઓની મૂર્તિઓ તો સોનુ રૂપુંજ છે,
ને માણસોના હાથનું કામ છે.
૫ તેઓને મ્હોડાં છે, પણ તેઓ બોલતી નથી:
આંખો છે પણ તેઓ દેખતી નથી.
૬ તેઓને કાન છે પણ સાંભળતી નથી:

નાક છે પણ સુંઘતી નથી.
૭ તેઓને હાથ છે પણ તેઓ અડકતી નથી;
પગ છે પણ તેઓ ચાલતી નથી:
વળી તેઓ પોતાના ગળામાંથી અવાજ કાઢતી નથી.
૮ તેઓનાં બનાવનારાં ને તેઓનો ભરોસો રાખનારાં સર્વ
તેઓના જેવાં થશે.
૯ હે ઇસ્રાએલ, તુ તો યહોવાહનો ભરોસો રાખજે.
તેઓનો તે સહાયકારી તથા ઢાલ છે.
૧૦ હે હારૂનપુત્રો, તમે યહોવાહનો ભરોસો રાખો:
તેઓનો તે સહાયકારી તથા ઢાલ છે.
૧૧ યહોવાહથી બીનારાં, તમે યહોવાહનો ભરોસો રાખો·
તેઓનો તે સહાયકારી તથા ઢાલ છે.
૧૨ યહોવાહે આપણને સંભાર્યા છે; તે આપણને આશીર્વાદ આપશે
ઇસ્રાએલપુત્રોને તે આશીર્વાદ આપશે;
હારૂનપુત્રોને આશીર્વાદ આપશે.
૧૩ યહોવાહથી બીનારાં,
નાનાં મોટાં તે સર્વને તે આશીર્વાદ આપશે.
૧૪ યહોવાહ તમારી તેમજ તમારાં છોકરાંની
વૃદ્ધિ કર્યા કરે.
૧૫ આકાશ તથા પૃથ્વીના ઉત્પન્નકર્તા યહોવાહના
તમે આશીર્વાદ પામેલા છો.
૧૬ આકાશો તે યહોવાહનાં આકાશો છે,
પણ પૃથ્વી તેણે માનવપુત્રોને આપી છે.
૧૭ મુએલા તથા જેઓ કબરમાં ઉતરનારાં,
તેઓમાંનાં કોઈ યાહની સ્તુતિ કરતાં નથી.
૧૮ પણ અમે હમણાંથી તે સર્વકાળ સુધી
યાહને સ્તુત્ય માનીશુ.
યહોવાહની સ્તુતિ કરો.

ચોવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૧૬ યહોવાહે મારા કાલાવાલાની વાણી સાંભળી છે
તેથી હું તેના પર પ્રીતિ રાખું છુ.
૨ તેણે મારી ભણી પોતાનો કાન ધર્યો છે
માટે મારી જીંદગી પર્યંત હુ તેની પ્રાર્થના કરીશ.
૩ મરણની જાળમાં હુ સપડાઈ ગયો હતો,
જાણે હુ શેઓલમાં પેઠો હોઉં એમ લાગ્યુ
મને સકટ તથા શોક આવી મળ્યાં.
૪ ત્યારે મેં યહોવાહના નામની વિનતી કરી કે,
હે યહોવાહ, દયા કરીને મારો આત્મા બચાવ.
૫ યહોવાહ કૃપાળુ તથા ન્યાયી છે:

આપણો દેવ ખરેખરો રેહેમી છે
૬ યહોવાહ ભોળાને પાળે છે:
હુ છેક નીચો થઈ ગયો, ને તેણે
મને બચાવ્યો.
૭ હે મારા આત્મા, તારા વિશ્રામ-
સ્થાનમાં પાછો આવ
કેમકે યહોવાહ તારી સાથે ઉદાર-
તાથી વર્ત્યો છે.
૮ તેં મારા પ્રાણને મરણથી,
મારી આંખોને આંસુથી,
ને મારા પગને લથડવાથી બચાવ્યા.
૯ હુ જીવલોકમાં
યહોવાહની સન્મુખ ચાલીશ.
૧૦ મને વિશ્વાસ છે માટે હું આમ
બોલું છું:
હુ ઘણો દુ:ખી થઈ ગયો હતો.
૧૧ મેં મારી ઉતાવળે કહ્યુ કે,
સર્વ માણસ જુઠાં છે.
૧૨ યહોવાહના મારા પર થએલા સર્વ
ઉપકારોનો
હુ તેને શો બદલો આપુ?
૧૩ હુ તારણનો પ્યાલો લઇને
યહોવાહના નામની વિનતી કરીશ.
૧૪ યહોવાહની આગળ મે જે માનતા
લીધી છે
તે હુ તેના સર્વ લોકની સમક્ષ
પાળીશ.
૧૫ યહોવાહની દૃષ્ટિમાં
પોતાના ભક્તોનું મરણ કિમતી છે.
૧૬ હે યહોવાહ, ખરેખર હું તારો દાસ
છું:
તારોજ દાસ, તારી દાસીનો દીકરો
છું;
તેં મારાં બધન છોડયાં છે.
૧૭ હુ તારી આગળ ઉપકારસ્તુતિનો
યજ્ઞ કરીશ·
હુ યહોવાહના નામની વિનંતી
કરીશ.
૧૮ યહોવાહની આગળ મેં જે માન-
તાઓ લીધી છે તે
હુ તેના સર્વ લોકની સમક્ષ પાળીશ·
૧૯ હે યરૂશાલેમ, તારી મધ્યે,
યહોવાહના મંદિરનાં આગણાંમાં
હુ માનતાઓ ચઢાવીશ.
યહોવાહની સ્તુતિ કરો.

૧૧૭ સર્વ વિદેશીઓ, યહોવાહની
સ્તુતિ કરો.
સર્વ લોકો, તેને વખાણો.
૨ કેમકે આપણા પ્રત્યે તેની કૃપા
ઘણી થઈ છે
યહોવાહની સત્યતા સર્વકાળ ટકે છે.
યહોવાહની સ્તુતિ કરો.

૧૧૮ યહોવાહનો ઉપકાર માનો,
કેમકે તે ઉત્તમ છે·
કેમકે તેની કૃપા સર્વકાળ ટકે છે.
૨ ઇસ્રાએલ, તું એમજ કહેજે કે,
તેની કૃપા સર્વકાળ ટકે છે.
૩ હારૂનપુત્રો, તમે કહેજો કે,
તેની કૃપા સર્વકાળ ટકે છે.
૪ યહોવાહથી બીનારા, તમે પણ
કહેજો કે,
તેની કૃપા સર્વકાળ ટકે છે.
૫ સંકટમાં મેં યાહને વિનંતી કરી,
ને યાહે મને ઉત્તર આપીને વિશાળ
જગ્યામાં બેસાડ્યો.

૬ યહોવાહ મારા પક્ષનો છે; હુ બીવાનો
નથી:
માણસ મને શું કરશે?
૭ યહોવાહ મારા પક્ષનો છે; તે મને
સહાય કરનારામાંનો છે,
માટે મારો દ્વેષ કરનારા પર મારી
ઇચ્છા પુરી થએલી હુ જોઇશ.
૮ માણસનો ભરોસો રાખવા કરતા
યહોવાહ પર આધાર રાખવો સારો
છે.
૯ રાજાઓનો ભરોસો રાખવા કરતાં
યહોવાહ પર આધાર રાખવો સારો
છે.
૧૦ સર્વ વિદેશીઓએ મને ઘેરી લીધો:
પણ યહોવાહને નામે હુ તેઓને
કાપી નાખીશ.
૧૧ તેઓએ મને ઘેરી લીધો; હા, ખરે-
ખર ઘેરી લીધો.
પણ યહોવાહને નામે હુ તેઓને
કાપી નાખીશ.
૧૨ તેઓએ મધમાખીઓની પેઠ મને
ઘેરી લીધો:
પણ તેઓ સળગેલા કાંટાની પેઠે
હોલવાઈ ગયા છે:
યહોવાહને નામે હુ તેઓને કાપી
નાખીશ.
૧૩ મને પાડવા સારૂ તે મને ભારે ધક્કા
માર્યા,
પણ યહોવાહે મને મદદ આપી.
૧૪ યાહ મારૂં સામર્થ્ય તથા મારૂં ગીત
છે:
ને તે મારૂં તારણ થયો છે.
૧૫ ન્યાયીઓના તંબુઓમાં હર્ષ તથા
તારણનો સાદ સંભળાય છે.
યહોવાહનો જમણો હાથ બહાદુરી
કરે છે
૧૬ યહોવાહનો જમણો હાથ ઉંચો
ચઢેલો છે
યહોવાહનો જમણો હાથ બહાદુરી
કરે છે
૧૭ હુ મરી નહિ જઇશ, પણ જીવતો
રહીશ,
ને યાહનાં કૃત્ય વર્ણવીશ
૧૮ યહોવાહે મને ભારે શિક્ષા આપી·
પણ તેણે મને મરણને સોંપી દીધો
નહિ.
૧૯ મારે સારૂ ન્યાયીપણાનાં દ્વાર ઉઘાડો·
તેઓમાં થઇને હુ આવીશ ને
યાહનો આભાર માનીશ.
૨૦ યહોવાહનુ દ્વાર આ છે,
એમાં થઇને ન્યાયીઓ માંહે પેસશે.
૨૧ હુ તારો આભાર માનીશ કેમકે
તેં મને ઉત્તર આપ્યો છે,
ને તું મારૂ તારણ થયો છે
૨૨ જે પત્થર ઘર બાંધનારાઓએ
બાતલ કીધો,
તેજ ખૂણાનો મુખ્ય પત્થર થયો છે.
૨૩ યહોવાહથી આ થયુ છે
તે આપણી દૃષ્ટિમાં આશ્ચર્ય છે.
૨૪ જે દિવસ યહોવાહે કીધો તે આ છે:
તેમાં આપણે ઉત્સાહ તથા આનંદ
પામીએ.
૨૫ હે યહોવાહ, દયા કરીને તું હવે
તારજે·

હે યહોવાહ, દયા કરીને તું હવે
ક્ષેમકુશળ કરજે.
૨૬ યહોવાહને નામે જે આવે છે તેને
ધન્ય છે.
યહોવાહના ઘરમાંથી અમે તમને
આશીર્વાદ દીધો છે.
૨૭ યહોવાહ તેજ દેવ છે; તેણે અમને
અજવાળું આપ્યું છે:
વેદીનાં શિંગોની સાથે દોરડાંથી
બળીદાનને બાંધો.
૨૮ તું મારો દેવ છે, હું તારો આભાર
માનીશ·
તું મારો દેવ છે, હું તને મોટો
માનીશ.
૨૯ યહોવાહનો આભાર માનો; કેમકે
તે ઉત્તમ છે:
કેમકે તેની કૃપા સર્વકાળ ટકે છે.

સાંજની પ્રાર્થના.

א આલેફ

૧૧૯ સીધે માર્ગે જનારાને
તથા યહોવાહના નિયમ
પ્રમાણે ચાલનારાને ધન્ય
છે.
૨ તેનાં સાક્ષ્ય પાળનારાને ધન્ય છે:
તેઓ પૂર્ણ હૃદયથી તેને શોધે છે.
૩ તેઓ અન્યાય કરતા નથી:
ને તેના માર્ગમાં ચાલે છે.
૪ તેં તારાં શાસનો ચોકસાઈથી
પાળવાનું
અમને ફરમાવ્યું છે.
૫ તારા વિધિઓ પાળવાને માટે
મારા માર્ગો સિદ્ધ થાય તો કેવું સારૂં!
૬ તારી સર્વ આજ્ઞાઓનું હું સન્માન
કરૂં,
તો પછી હું લજવાનાર નથી.
૭ તારાં અદલ ન્યાયવચનોમાં માહિત-
ગાર થઈને
હું શુદ્ધ અંતઃકરણથી તારો આભાર
માનીશ.
૮ હું તારા વિધિઓ પાળીશ:
તું મારો ત્યાગ તદન કરીશ મા.

ב બેથ

૯ જુવાન પોતાની ચાલ શાથી શુદ્ધ
કરી શકે?
તારા વચન પ્રમાણે તેને વિષે
સાવધ રહેવાથી.
૧૦ મેં મારા ખરા હૃદયથી તને શોધ્યો
છે:
તારી આજ્ઞાઓ મૂકીને મને ભટકવા
ન દે.
૧૧ હું તારી વિરૂદ્ધ પાપ ન કરૂં માટે
મેં તારૂં વચન મારા હૃદયમાં રાખી
મૂક્યું છે.
૧૨ હે યહોવાહ, તું સ્તુત્ય છે,
તારા વિધિઓ મને શિખવ.
૧૩ મારા હોઠોથી
મેં તારા મુખનાં સર્વ ન્યાયવચનો
વર્ણવ્યાં.
૧૪ તારાં સાક્ષ્યના માર્ગમાં
પુષ્કળ ધનદોલત જેટલો મને આનંદ
મળ્યો છે.
૧૫ હું તારાં શાસનો ધ્યાનમાં રાખીશ:

ને તારા માર્ગો તરફ માનપૂર્વક જોઈશ.
૧૬ તારા વિધિઓમાં હું આનંદ પામીશ:
હું તારૂં વચન વિસરીશ નહિ.

ג ગિમેલ

૧૭ આ તારા સેવક સાથે દયાથી વર્ત,
કે જેથી હું જીવતો રહું, એટલે હું તારૂં વચન પાળું.
૧૮ તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે
મારી આંખો ઉઘાડ.
૧૯ હુ તો પૃથ્વી ઉપર મુસાફર છુ:
તારી આજ્ઞાઓ મારાથી ન સંતાડ.
૨૦ તારાં ન્યાયવચનોની તૃષ્ણાને લીધે
મારૂં હ્રદય નિરંતર ભંગ થએલુ છે.
૨૧ તે ગર્વિષ્ટોને ધમકાવ્યા:
તારી આજ્ઞાઓ તજી ભટકનારા શાપિત છે.
૨૨ મેહેણાં તથા અપમાનને મારાથી દૂર રાખ,
કેમકે મેં તારાં સાક્ષ્યો માન્યાં છે.
૨૩ સરદારો પણ પોતાની બેઠકમાં મારી વિરૂદ્ધ બોલતા:
પણ તારા સેવકે તો તારા વિધિઓનું મનન કર્યું.
૨૪ વળી તારાં સાક્ષ્યો મને હર્ષદાયક છે,
તેમજ તેઓ મારા મંત્રીઓ પણ છે.

ד દાલેથ.

૨૫ મારો આત્મા ધૂળ ભેગો થઈ ગયો છે:
તારા વચન પ્રમાણે મને જીવાડ.
૨૬ મેં મારા માર્ગો પ્રગટ કીધા, ને તેં મને ઉત્તર આપ્યો:
તારા વિધિઓ મને શિખવ.
૨૭ તારાં શાસનોનો માર્ગ મને સમજાવ.
એટલે હુ તારાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખું.
૨૮ મારો જીવ શોકથી પાણી થઈ જાય છે.
તારા વચન પ્રમાણે મને સ્થિર કર.
૨૯ જૂઠાઈનો માર્ગ મારાથી દૂર કર,
ને કૃપા કરીને તારો નિયમ મને શિખવ.
૩૦ મે સત્યતાનો માર્ગ પસંદ કીધો છે:
તારાં ન્યાયવચનોને મે મારી આગળ મૂક્યાં છે.
૩૧ હુ તારાં સાક્ષ્યોને વળગી રહ્યો છુ:
હે યહોવાહ, મને ન લજાવ.
૩૨ હુ તારી આજ્ઞાઓના માર્ગમાં દોડીશ,
કેમકે તું મારૂ હ્રદય ઉઘાડે છે

પચીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

ה હે

૩૩ હે યહોવાહ, તારા વિધિઓનો માર્ગ મને શિખવ,
ને હુ છેવટ સુધી તે પ્રમાણે ચાલીશ.
૩૪ મને સમજણ આપ, અને હું તારો નિયમ પાળીશ:
હા, મારા ખરા હ્રદયથી તેને માનીશ.

૩૫ તારી આજ્ઞાઓના માર્ગમાં મને
ચલાવ.
કેમકે તેમાં હુ સતોષ પામુ છું.
૩૬ લોભ ભણી નહિ
પણ તારાં સાક્ષ્યો તરફ મારૂં મન
વાળ.
૩૭ વ્યર્થપણા તરફથી મારી દૃષ્ટિ ફેરવ:
ને તારા માર્ગ વિષે મને આતુર કર.
૩૮ જે વચન તારી બીકને અર્થે છે
તે વચન તારા સેવકને સારૂ દૃઢ કર.
૩૯ જે અપમાનથી હું બીઉ છું તે
મારાથી દૂર કર:
કેમકે તારાં ન્યાયવચન સારાં છે.
૪૦ જો, હું તારાં શાસનોમાં લોભાયો છું:
તારા ન્યાયીપણાથી મને જીવાડ.

૧ વાવ.

૪૧ હે યહોવાહ, તારી કૃપા ને તારા
વચન પ્રમાણે
તારૂં તારણ મારા પર આવે.
૪૨ તેથી હું મારૂં અપમાન કરનારને
ઉત્તર આપી શકીશ:
કેમકે મને તારા વચનનો ભરોસો છે.
૪૩ અને મારા મુખમાંથી સત્ય વચન
કદી ન લઈ લે:
કેમકે હું તારાં ન્યાયવચનોની આશા
રાખી રહ્યો છું.
૪૪ અને હું નિરંતર
તારો નિયમ સદા સર્વદા પાળીશ.
૪૫ તારાં શાસનોનો શોધનાર છું:
માટે હું મોકળો થઈ ચાલીશ.
૪૬ વળી રાજાઓની આગળ હું તારાં
સાક્ષ્યો કહી દેખાડીશ,
ને લજવાઈશ નહિ.
૪૭ તારી આજ્ઞાઓમાં હુ આનંદ
પામીશ:
તેઓ પર મે પ્રેમ કીધો છે.
૪૮ તારી આજ્ઞાઓ પાળવા પણ હુ
મારા હાથ ઉંચા કરીશ.
તેમના પર મેં પ્રેમ કીધો છે;
અને હુ તારા વિધિઓનું મનન
કરીશ.

૧ ઝાઇન

૪૯ તારા જે વચનથી મને આશા
ઉપજી છે,
તે વચન તારા સેવકને સારૂ સંભાર.
૫૦ મારા દુ:ખમાં મને આ દિલાસો
મળ્યો છે
કે તારા વચને મને જીવાડયો છે.
૫૧ ગર્વિષ્ટોએ મારો બહુ તિરસ્કાર
કર્યો છે.
તોપણ હુ તારા નિયમથી હઠયો
નથી.
૫૨ હે યહોવાહ, પુરાતન કાળથી તારાં
જે ન્યાયવચનો છે તેમને મેં
સંભાર્યાં,
ને મને દિલાસો મળ્યો છે.
૫૩ જે ભુંડાઓ તારા નિયમને તજ-
નારા છે
તેઓને જોઈને મને ઝનૂન ચઢી
આવે છે.
૫૪ તારા વિધિઓ આ મારા પ્રવાસના
ઘરમાં
મારાં ગીત થયા છે.

૫૫ હે યહોવાહ, મેં રાત્રે તારા નામનું
સ્મરણ કીધું,
ને તારા નિયમને પાળ્યો છે.
૫૬ મને તો એમજ થાય છે,
કારણ કે મેં તારાં શાસનો પાળ્યાં
છે.

ח ખેથ

૫૭ હે યહોવાહ, મારો વારસો તું છે.
તારા વચનો પાળીશ, એમ મેં
કહ્યું છે.
૫૮ મેં મારા પૂરા હૃદયથી તારી મહેરની
માગણી કીધી
તારા વચન પ્રમાણે મારા પર દયા
કર.
૫૯ મેં મારી ચાલ વિષે વિચાર કર્યો છે,
ને તારાં સાક્ષ્યો ભણી હું વળ્યો છું.
૬૦ તારી આજ્ઞાઓ પાળવાને મેં ઉતા-
વળ કરી છે,
ને વાર લગાડી નથી.
૬૧ દુષ્ટોનાં બંધનોએ મને ઘેરી લીધો
છે,
પણ હું તારા નિયમને વિસરી ગયો
નથી.
૬૨ તારાં અદલ ન્યાયવચનો ધ્યાનમાં
રાખીને,
હું તારો આભાર માનવાને મધરાતે
ઉઠીશ.
૬૩ હરકોઈ જે તારાથી બીએ છે ને
તારાં શાસનો પાળે છે,
તે સર્વનો હું સોબતી છું.
૬૪ હે યહોવાહ, પૃથ્વી તારી કૃપાથી
ભરપૂર છે:
તારા વિધિઓ મને શિખવ.

ט ટેથ

૬૫ હે યહોવાહ, તારા વચન પ્રમાણે
તેં તારા સેવકને માટે સારૂંજ કીધું
છે.
૬૬ મને સારો વિવેક તથા ડહાપણ
શિખવ·
કેમકે મેં તારી આજ્ઞાઓ પર
વિશ્વાસ રાખ્યો છે.
૬૭ દુઃખી થયા પહેલાં હું આડે રસ્તે
ગયો·
પણ હમણાં હું તારૂં વચન પાળું છું.
૬૮ તું ઉત્તમ છે ને ઉત્તમજ કરે છે
તારા વિધિઓ મને શિખવ.
૬૯ ગર્વિષ્ટોએ મારા પર આળ મૂક્યું
છે:
પણ હું મારા ખરા હૃદયથી તારા
શાસનો પાળીશ.
૭૦ તેઓનું અંતઃકરણ મેદ જેવું માતેલું
થયું છે.
પણ હું તારા નિયમમાં આનંદ
પામું છું.
૭૧ હું દુઃખી થયો તે મને ગુણકારક
થયું છે·
કેમકે હું તારા વિધિઓ શિખ્યો.
૭૨ હજારો સોના રૂપા કરતાં
તારા મુખનો નિયમ મારે વાસ્તે
સારો છે.

સાંજની પ્રાર્થના.

י યોદ

૭૩ તારા હાથોએ મને ઘડ્યો તથા

બનાવ્યો છે:
તારી આજ્ઞાઓ શિખવા માટે મને
સમજણ દે.
૭૪ તારાથી બીનારા મને જોઇને આનંદ
પામશે,
કેમકે મેં તારી વાત પર આશા
રાખી છે.
૭૫ હે યહોવાહ, તારાં ન્યાયવચનો
ન્યાયી છે,
ને વિશ્વાસુપણાએ તે મને દુ:ખી
કીધો છે, એમ હું જાણુ છું.
૭૬ તારા સેવકને આપેલા તારા વચન
પ્રમાણે
તારી કૃપા મારા સમાધાનને અર્થે
થાઓ.
૭૭ હુ જીવતો રહુ માટે તારી દયા મારી
પાસે આવવા દે,
કેમકે તારો નિયમ એજ મારો
આનંદ છે.
૭૮ ગર્વિષ્ટો લજવાય; કેમકે તેઓએ
વગર કારણે મારી સાથે કપટ
કર્યુ છે.
પણ હું તારાં શાસનોનું મનન કરીશ.
૭૯ તારાથી બીનારા મારી ભણી વળે,
અને તેઓ તારાં સાક્ષ્યો જાણશે.
૮૦ મારૂ હૃદય તારા વિધિઓ વિષે
પૂર્ણ થાય,
કે મારે લજવાવુ ન પડે.

כ કાફ.

૮૧ તારા તારણને સારૂ મારા જીવનો
ક્ષય થાય છે:
પણ હુ તારા વચન પર આશા
રાખું છું.
૮૨ તું કયારે મને દિલાસો દઈશ,
એમ કહેતાં મારી આંખો તારા
વચનને સારૂ નિસ્તેજ થઈ જાય
છે.
૮૩ વળી હુ ધુમાડામાં રહેલી મસકના
જેવો થયો છુ:
તોપણ હુ તારા વિધિઓને વિસરતો
નથી.
૮૪ તારા સેવકના દિવસ તે કેટલા?
મને સતાવનારાનો ન્યાય તુ કયારે
કરીશ?
૮૫ ગર્વિષ્ટો કે જેઓ તારા નિયમાનુ-
સાર નથી,
તેઓએ મારે સારૂ ખાડા ખોદ્યા છે.
૮૬ તારી સર્વ આજ્ઞાઓ વિશ્વાસયોગ્ય
છે:
જુઠાપણાથી તેઓ મને સતાવે છે,
તું મને સહાય કર.
૮૭ પૃથ્વી ઉપરથી તેઓએ લગભગ
મારો નાશ કર્યો,
તોપણ મેં તારાં શાસનોનો ત્યાગ
કીધો નથી.
૮૮ તારી કૃપા પ્રમાણે મને જીવાડ.
એટલે હુ તારા મુખની શિખામણ
પાળીશ.

ל લામેદ.

૮૯ હે યહોવાહ, તારૂ વચન
આકાશમાં સદા સ્થાપિત છે.
૯૦ પેઢી દર પેઢી તારૂં વિશ્વાસુપણું
ટકે છે:

તે પૃથ્વીને સ્થાપી છે, ને તે નિભી
રહે છે.
૯૧ આજ સુધી તેઓ તારાં ન્યાયવચન
પ્રમાણે નિભી રહેલાં છે:
કેમકે તેઓ સર્વ તારા સેવકો છે.
૯૨ જો તારા નિયમમાં મેં આનંદ ન
માન્યો હોત,
તો મારા દુઃખમાં હુ નાશ પામત.
૯૩ હુ તારાં શાસનોને કદી નહિ વિસરૂં
કેમકે તેઓથી તે મને જીવાડયો છે
૯૪ હું તારો છુ, મને બચાવ:
કેમકે મે તારાં શાસનો શોધ્યાં છે
૯૫ દુષ્ટો મારો નાશ કરવાને મારી
વાટ જોઈ રહ્યા છે·
પણ હુ તારાં સાક્ષ્યો ધ્યાનમાં
રાખીશ.
૯૬ મે સર્વ સપૂર્ણતાનો અંત જોયો છે.
પણ મારી આજ્ઞા તો ઘણીજ
પહોળી છે.

מ મેમ.

૯૭ હુ તારા નિયમની કેટલી બધી
મમતા રાખું છુ!
આખો દિવસ તેનુજ મનન કરૂ છુ.
૯૮ તારી આજ્ઞાઓ મારા શત્રુઓના
કરતાં મને બુદ્ધિમાન કરે છે,
કેમકે તેઓ સદા મારી પાસે છે.
૯૯ મારા સર્વ શિક્ષકો કરતાં હું વધુ
સમજું છું,
કેમકે તારાં સાક્ષ્યોનું ધ્યાન ધરૂં છું.
૧૦૦ વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું છું,
કેમકે મે તારાં શાસનો પાળ્યાં છે.
૧૦૧ હું તારૂં વચન પાળું
એ માટે મે મારા પગ સર્વ ભુડા
માર્ગથી પાછા રાખ્યા છે.
૧૦૨ હુ તારાં ન્યાયવચનોથી હઠયો
નથી:
કેમકે તે મને કેળવ્યો છે.
૧૦૩ મારી રૂચીને તારાં વચન કેવાં
મીઠાં લાગે છે!
હા, મારા મુખમાં મધના કરતાં
તેઓ મીઠાં છે.
૧૦૪ તારાં શાસનોથી હુ સમજણ
પામુ છુ:
માટે હુ હરેક જુઠા માર્ગને ધિક્કારૂ
છુ.

છવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

נ નુન.

૧૦૫ મારા પગોને સારૂ તારૂ વચન
દીવારૂપ છે.
તે મારા માર્ગને સારૂ અજવાળા-
રૂપ છે.
૧૦૬ હુ તારાં યથાર્થ ન્યાયશાસનોને
પાળીશ,
એવા પ્રતિજ્ઞા મે કીધી તથા
પાળી છે.
૧૦૭ હુ દુઃખમાં બહુ દબાઈ ગયો છુ:
હે યહોવાહ, તારા વચન પ્રમાણે
મને જીવાડ.
૧૦૮ હે યહોવાહ, મારા મુખનાં
રાજીખુશીથી આપેલાં અર્પણ
સ્વીકાર,
ને તારાં ન્યાયવચનો મને શિખવ.

૧૦૯ મારો જીવ સદા મારી મૂઠીમાં છે.
તોપણ હું તારા નિયમને વિસરતો નથી.
૧૧૦ દુષ્ટોએ મારે સારૂ પાશ નાખ્યો છે.
તોપણ હું તારાં શાસનો મૂકીને ભમ્યો નથી.
૧૧૧ મે તારાં સાક્ષ્યોને મારો સદાકાળનો વારસો માન્યો છે,
કેમકે તેઓ મારા હૃદયનો આનંદ છે.
૧૧૨ તારા વિધિઓ છેવટ સુધી સદા પાળવાને
મેં મારા હૃદયને વાળ્યું છે.

ס સામેખ

૧૧૩ હું બે મનવાળાઓને ધિક્કારૂં છું.
પણ તારા નિયમની મમતા રાખું છું.
૧૧૪ તું મારી ઓથ તથા ઢાલ છે:
તારા વચન પર હું આશા રાખું છું.
૧૧૫ અરે ભુંડું કરનારા, તમે મારી પાસેથી ખસી જાઓ,
કે હું મારા દેવની આજ્ઞાઓ પાળું.
૧૧૬ હુ જીવું માટે તારા વચન પ્રમાણે મને આધાર આપ:
ને મારી આશા વિષે મને શરમાવા ન દે.
૧૧૭ તુ મારો સહાયકારી થા, એટલે હુ સલામત રહીશ:
ને હુ નિત્ય તારા વિધિઓ પર લક્ષ લગાડીશ.
૧૧૮ તારા વિધિઓથી સર્વ ભમનારાને તેં હલકા ગણ્યા છે:
કેમકે તેઓનો ઢોંગ ફોકટ છે.
૧૧૯ કચરાની પેઠે તું પૃથ્વીના સર્વ દુષ્ટોને બાતલ કરે છે:
એ માટે હુ તારાં સાક્ષ્યોની મમતા રાખુ છુ.
૧૨૦ તારી બીકથી મને કંપારી છુટે છે:
ને તારાં ન્યાયવચનથી હુ ડરૂં છું.

פ આયિન

૧૨૧ મે ન્યાય તથા અદલ ઇનસાફ કીધો છે:
મને મારા પર જુલમ કરનારાના હાથમાં ન સોંપ.
૧૨૨ કલ્યાણને સારૂ તારા સેવકનો જામીન થા:
ગર્વિષ્ટોને મારા પર જુલમ કરવા ન દે.
૧૨૩ તારા તારણની ને તારા પવિત્ર વચનની રાહ જોતાં જોતાં
મારી આંખો નિસ્તેજ થાય છે.
૧૨૪ તારી કૃપા પ્રમાણે તારા સેવકની સાથે વર્તજે,
ને તારા વિધિઓ મને શિખવજે.
૧૨૫ હુ તારો સેવક છું; મને બુદ્ધિ આપ
કે હું તારાં સાક્ષ્યો સમજુ.
૧૨૬ યહોવાહને કામ કરવાનો સમય થયો છે,
કેમકે તેઓએ તારો નિયમ તોડયો છે.
૧૨૭ એ માટે હુ સોના કરતાં, હા,

ચોખ્ખા સોના કરતાં,
તારી આજ્ઞાઓની મમતા વધારે
રાખું છું.
૧૨૮ માટે સર્વ બાબતો વિષેનાં તારાં
સર્વ શાસનો હુ યથાર્થ માનુ છું:
ને દરેક જુઠા માર્ગને હુ ધિક્કારૂં
છું.

פ પે.

૧૨૯ તારાં સાક્ષ્યો આશ્ચર્યકારક છે:
માટે મારો જીવ તેમને પાળે છે.
૧૩૦ તારી વાતોનો ખુલાસો પ્રકાશ
આપે છે.
તે ભોળાને સમજણ આપે છે.
૧૩૧ હુ મારૂ મુખ ઉઘાડીને હાંફ્યો,
કેમકે હુ તારી આજ્ઞાઓને સારૂ
અભિલાષી થયો હતો.
૧૩૨ જેમ તારા નામની પ્રીતિ રાખ-
નારા પ્રત્યે તું વર્તે છે
તેમ તુ મારી તરફ ફરીને મારા
પર દયા રાખ.
૧૩૩ તારા વચન પ્રમાણે તું મને ચલાવ:
ને કોઈ પણ અન્યાયને મારા પર
ધણીપણું કરવા ન દે.
૧૩૪ માણસના જુલમમાંથી મારો
ઉદ્ધાર કર,
ને હુ તારાં શાસનો પાળીશ.
૧૩૫ તારા સેવક પર તારા મુખનો
પ્રકાશ પાડ:
ને તારા વિધિઓ મને શિખવ.
૧૩૬ તારો નિયમ તેઓ પાળતા નથી,
તેથી મારી આંખોમાંથી આંસુઓ
ચોધારે વહે છે.

צ સાદે

૧૩૭ હે યહોવાહ, તું ન્યાયી છે,
ને તારાં ન્યાયવચનો યથાર્થ છે.
૧૩૮ ન્યાયીપણાએ તથા નર્યા વિશ્વાસુ-
પણાએ
તેં તારાં સાક્ષ્યો ઠરાવ્યાં છે.
૧૩૯ મારા શત્રુઓ તારાં વચન વિસરી
ગયા છે,
તેથી મારી આસ્થાએ મને ક્ષીણ
કીધો છે.
૧૪૦ તારૂ વચન ઘણુ નિર્મળ છે,
માટે તારો સેવક તેની મમતા
રાખે છે.
૧૪૧ હુ નાનો તથા ધિક્કારાએલો છુ:
તોપણ હું તારાં શાસનો ભૂલતો
નથી.
૧૪૨ તારૂ ન્યાયીપણું તો અનંત ન્યાયી-
પણું છે,
ને તારો નિયમ સત્ય છે.
૧૪૩ શોક તથા દુઃખ મને થયાં છે:
તોપણ તારી આજ્ઞાઓ મારો
આનંદ છે.
૧૪૪ તારાં સાક્ષ્યો સદાકાળ ન્યાયયુક્ત
છે.
મને સમજણ આપ એટલે હુ
જીવીશ.

સાંજની પ્રાર્થના.

ק કાફ

૧૪૫ મેં આખા હૃદયથી વિનંતી કરી
છે; હે યહોવાહ, મને ઉત્તર
આપ:

હું તારા વિધિઓ પાળીશ.
૧૪૬ મેં તને વિનંતી કરી છે:
મને બચાવ, ને હું તારાં સાક્ષ્યો પાળીશ.
૧૪૭ મેં મળસકાની અગાઉ હાંક મારી:
મેં તારી વાત પર ભરોસો રાખ્યો.
૧૪૮ તારા વચનનું મનન કરવા સારૂ
મારી આંખો રાતના છેલ્લા પહોર અગાઉ ઉઘડી ગઈ હતી.
૧૪૯ તારી કૃપા પ્રમાણે મારી વાણી સાંભળ:
હે યહોવાહ, તારાં ન્યાયવચનો પ્રમાણે મને જીવાડ.
૧૫૦ જેઓ ભુંડાઈની પાછળ લાગેલા છે તેઓ મારી પાસે આવે છે:
તેઓ તારા નિયમથી વેગળા છે.
૧૫૧ હે યહોવાહ, તું પાસે છે:
ને તારી સર્વ આજ્ઞાઓ સત્ય છે.
૧૫૨ પૂર્વે મે તારાં સાક્ષ્યોથી જાણ્યું છે
કે તે તેઓને સર્વકાળને માટે સ્થાપ્યાં છે.

ר રેશ.

૧૫૩ મારી લાચારી સામુ જોજે, ને મને બચાવજે,
કેમકે હું તારો નિયમ વિસરતો નથી.
૧૫૪ મારી હિમાયત કર ને મને ખંડી લે:
તારા વચન પ્રમાણે મને જીવાડ.
૧૫૫ દુષ્ટોથી તારણ વેગળું છે:
કેમકે તેઓ તારા વિધિઓ શોધતા નથી.
૧૫૬ હે યહોવાહ, તારી કરૂણા ઘણી છે,
તારાં ન્યાયવચનો પ્રમાણે મને જીવાડ.
૧૫૭ મારા સતાવનારા તથા મારા શત્રુઓ ઘણા છે:
તોપણ હુ તારાં સાક્ષ્યોથી હઠી ગયો નથી.
૧૫૮ મેં વિશ્વાસઘાતીઓને જોયા ને તેઓને ધિક્કાર્યા,
કેમકે તેઓ તારાં વચન પાળતા નથી.
૧૫૯ હુ તારાં શાસનો પર કેવી મમતા રાખું છુ તે જોજે.
હે યહોવાહ, તારી કૃપા પ્રમાણે મને જીવાડજે.
૧૬૦ તારૂ વચન આથથી તે ઇતિ સુધી સત્ય છે:
ને તારાં સર્વ ન્યાયવચનો સદાકાળ ટકનારાં છે.

ש શીન.

૧૬૧ સરદારોએ મને વગર કારણે સતાવ્યો છે·
પણ તારા વચનથી મારૂં હૃદય કંપે છે.
૧૬૨ મોટી લૂટ મેળવનારની પેઠે
હું તારા વચનથી સંતુષ્ટ થાઉ છું.
૧૬૩ જૂઠાઈ ઉપર હુ દ્વેષ રાખું છું ને તેને ધિક્કારૂં છું:
પણ તારા નિયમની મમતા રાખું છું.
૧૬૪ તારાં યથાર્થ ન્યાયવચનોને લીધે
હુ રોજ રોજ સાત વાર તારી

સ્તુતિ કરૂં છું.
૧૬૫ તારા નિયમ પર પ્રેમ રાખનારાને
બહુ શાંતિ હોય છે:
ને તેઓને કંઈ ધક્કો લાગતો નથી.
૧૬૬ હે યહોવાહ, મે તારા તારણની
રાહ જોઈ છે,
ને તારી આજ્ઞાઓ પાળી છે.
૧૬૭ મારા આત્માએ તારાં સાક્ષ્યો
પાળ્યાં છે,
ને તેમના પર હુ ઘણોજ પ્રેમ
રાખું છુ.
૧૬૮ મે તારાં શાસનો તથા સાક્ષ્યો
પાળ્યાં છે.
કેમકે મારૂં બધુ ચાલચલણ તને
વિદિત છે.

ת તાવ

૧૬૯ હે યહોવાહ, મારા પોકારને તારી
પાસે આવવા દે
તારા વચન પ્રમાણે મને સમજણ
આપ.
૧૭૦ મારી પ્રાર્થનાને તારી સન્મુખ
આવવા દે·
તારા વચન પ્રમાણે મને છોડાવ.
૧૭૧ મારા હોઠો તારી સ્તુતિ ઉચ્ચારે,
કેમકે તુ મને તારા વિધિઓ
શિખવે છે.
૧૭૨ મારી જીભ તારા વચન વિષે
ગાયન કરે,
કેમકે તારી સર્વ આજ્ઞાઓ ન્યાયી
છે.
૧૭૩ તારો હાથ મને સહાય કરવા
તૈયાર થાય,
કેમકે મેં તારાં શાસનો પસદ કર્યાં
છે.
૧૭૪ હે યહોવાહ, હુ તારા તારણને
માટે અભિલાષી થયો છુ.
ને તારો નિયમ મારો આનંદ છે
૧૭૫ મારા આત્માને જીવાડ ને તે
તારી સ્તુતિ કરશે,
ને તારાં ન્યાયવચનો મને સહાય
કરે.
૧૭૬ હુ ભૂલા પડેલા મેંઢાની પેઠે ભટ-
કયો છુ, તારા સેવકને શોધ:
કેમકે હુ તારી આજ્ઞાઓ વિસ-
રતો નથી.

સત્તાવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૨૦ મારા દુ:ખમાં મેં યહોવાહને
વિનતી કીધી,
ને તેણે મારૂં સાંભળ્યું.
૨ હે યહોવાહ, જુઠા હોઠોથી તથા
કપટી જીભથી
મારા આત્માને બચાવ
૩ રે કપટી જીભ, તને તો તે શું કરશે?
ને તારા તે શા હાલ થશે?
૪ પરાક્રમીનાં તીક્ષ્ણ તીરો
તથા કોયલાના અંગારા તને મળશે.
૫ મને અફસોસ છે કે મેશેખમાં હુ
પ્રવાસી છુ,
ને કેદારના ડેરાઓમાં વસુ છુ!
૬ જે શાંતિ પર દ્વેષ રાખે છે
તેની સાથે હવે તો હું બહુ રહ્યો છું.
૭ હું શાંતિ ચાહું છું·

પણ જ્યારે હું બોલુ છું ત્યારે તેઓ
લડાઈ કરવા માગે છે.

૧૨૧ હું પર્વતો તરફ મારી આંખો
ઉચી કરીશ :
ક્યાંથી મને સહાય મળે ?
૨ મારી સહાય તે યહોવાહ તરફથી છે:
તેણે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન
કર્યાં.
૩ તે તારા પગને ડગવા નહિ દેશે :
તારો રક્ષક ઉંઘી નહિ જશે.
૪ જુઓ, ઇસ્રાએલનો જે રક્ષક
તે ઉંઘતો નથી ને નિદ્રાવશ થતો
નથી.
૫ યહોવાહ તારો રક્ષક છે :
યહોવાહ તારે જમણે હાથે તારૂં
આચ્છાદન છે.
૬ દહાડે સૂર્ય ને રાત્રે ચંદ્ર
તને ઉપદ્રવ કરશે નહિ.
૭ સર્વ ભુંડાઇથી યહોવાહ તારૂ રક્ષણ
કરશે :
તે તારા આત્માનું રક્ષણ કરશે.
૮ હમણાંથી તે સર્વકાળ સુધી
તારા આવતાં જતાંમાં યહોવાહ
તારૂં રક્ષણ કરશે.

૧૨૨ જ્યારે તેઓએ મને કહ્યુ કે,
આપણે યહોવાહને ઘેર
જઈએ,
ત્યારે હુ આનંદ પામ્યો.
૨ હે યરૂશાલેમ, તારી ભાગળોમાં
અમારા પગ સ્થિર છે.
૩ હારબંધ ઇમારતોવાળા નગરના
જેવુ
યરૂશાલેમ તો બાંધેલુ છે.
૪ ત્યાં કુળો ચઢે છે; યહોવાહનાં કુળો
ઇસ્રાએલને સાક્ષીરૂપ થવાને અર્થે,
યહોવાહના નામનો આભાર માનવા
સારૂ ચઢે છે.
૫ કેમકે ત્યાં ઇનસાફનાં રાજ્યાસનો—
દાઉદના કુટુંબનાં રાજ્યાસનો—
સ્થપાયલાં છે.
૬ યરૂશાલેમની શાંતિ માગો.
તારા પર પ્રીતિ રાખનારાં ક્ષેમ-
કુશળ થાઓ.
૭ તારા કોટની અંદર શાંતિ
ને તારા મહેલોની અંદર કુશળતા
થાઓ.
૮ મારા ભાઇઓ તથા મિત્રોને લીધે
હવે હુ બોલીશ કે, તારામાં શાંતિ
થાઓ.
૯ અમારા દેવ યહોવાહના ઘરને અર્થે
હું તારૂં કલ્યાણ માગીશ.

૧૨૩ હે આકાશમાં બિરાજનાર,
તારી ભણી હું મારી આંખો
ઉંચી કરૂં છુ.
૨ જુઓ, જેમ દાસોની આંખો
પોતાના ધણીઓના હાથ ભણી,
ને જેમ દાસીની આંખો પોતાની
શેઠાણીના હાથ ભણી તાકેલી
રહે છે,
તેમ અમારા ઉપર દયા કરે ત્યાં
સુધી
અમારી આંખો અમારા દેવ યહો-
વાહની ભણી તાકી રહે છે.
૩ અમારા પર દયા કર, હે યહોવાહ,

અમારા પર દયા કર:
કેમકે અમે તુચ્છકારથી તદન કાયર
થયાં છીએ.
૪ શોખીલાના તુચ્છકારથી
તથા ગર્વિષ્ટોના અપમાનથી
અમારો આત્મા તદન કાયર થયો
છે.

૧૨૪ ઇસ્રાએલ એમ કહે કે,
જો યહોવાહ અમારા પક્ષમાં
ન હોત,
૨ જ્યારે માણસો અમારા પર ચઢી
આવ્યા ત્યારે
જો યહોવાહ અમારા પક્ષમાં ન હોત,
૩ તો તેઓનો ક્રોધ અમારા ઉપર
સળગતાં,
તેઓ અમને જીવતાજ ગળી જાત.
૪ ત્યારે પાણીની રેલો અમને તાણી
જાત:
અમારા જીવ ઉપર પૂર ચઢત:
૫ ત્યારે ઉછળતાં મોજાં અમારા જીવ
ઉપર ચઢત.
૬ યહોવાહને ધન્ય હો
કે જેણે તેઓના દાંતનો શિકાર
થવાને અમને સોપ્યા નહિ.
૭ શિકારીઓના પાશમાંથી પક્ષીની
પેઠે અમારો જીવ બચ્યો છે:
પાશ તો તુટી ગયો છે, ને અમે
બચ્યા છીએ.
૮ અમારી સહાય તો આકાશ તથા
પૃથ્વીને ઉત્પન્ન કરનાર
યહોવાહના નામમાં છે.

૧૨૫ યહોવાહનો ભરોસો રાખના-
રાઓ સિયોન પહાડ જેવા
છે
કે જે કદી ખસનાર નથી, પણ
સદાકાળ રહે છે.
૨ જેમ યરૂશાલેમની આસપાસ પર્વતો
છે,
તેમ પોતાના લોકની આસપાસ
યહોવાહ
હમણાંથી સર્વકાળ સુધી છે.
૩ ન્યાયીઓ પોતાના હાથ અન્યાયમાં
ઘાલતા નથી,
તેથી ભુડાઈનો રાજ્યદંડ તેઓના
હિસ્સા પર ટકશે નહિ
૪ હે યહોવાહ, જેઓ સારાં છે ને જેનાં
હૃદય યથાર્થ છે
તેઓનું તુ કલ્યાણ કર.
૫ જેઓ આડે માર્ગે વળે છે
તેઓને યહોવાહ દુષ્ટોની સાથે
ગણશે:
ઇસ્રાએલ ઉપર શાંતિ થાઓ.

સાંજની પ્રાર્થના.

૧૨૬ જ્યારે યહોવાહે સિયોનના
બંદીવાનોને પાછા આણ્યા,
ત્યારે અમે સ્વપ્ન જોનારાના જેવા
થયા.
૨ ત્યારે અમારૂ મુખ હસ્યા કરતું હતું,
ને અમારી જીભ ગાયન કર્યા કરતી
હતી:
ત્યારે વિદેશીઓએ કહ્યું કે,
યહોવાહે તેઓને માટે ભારે કામ

કર્યાં છે.
૩ યહોવાહે અમારે માટે ભારે કામ
કર્યાં છે,
જેથી અમે આનદ પામીએ છીએ.
૪ નેગેબનાં નાળાંમાં પાણી ચઢે છે
તેમ, હે યહોવાહ, અમારા બદીવા-
નોને પાછા આણજે.
૫ જેઓ આંસુ પાડતાં વાવે છે તેઓ
આનંદ સહિત લણશે.
૬ જે કોઈ મુઠ્ઠીભર બી લઈનિ રડતો
રડતો નિકળે છે,
તે પોતાની સાથે પુળીઓ લઈનિ
આનંદભેર પાછો આવશે.

૧૨૭ જો યહોવાહ ઘર ન બાંધે
તો તેના બાંધનારા અમથો
શ્રમ કરે છે·
જો યહોવાહ નગરનુ રક્ષણ ન કરે,
તો ચોકીદારનું જાગવુ કેવળ વ્યર્થ
છે.
૨ વહેલુ ઉઠવુ ને મોડુ સુવુ
તથા કષ્ટ વેઠી રોટલી ખાવી તે પણ
તમારૂ વ્યર્થ છે:
કેમકે તે પોતાના વહાલા ઉઘતા
હોય તોપણ તેમને આપે છે:
૩ જુઓ, છોકરાં તો યહોવાહની
આપેલી મિલકત છે,
ગર્ભસ્થાનનું ફળ તેના તરફનું પ્રતિ-
દાન છે.
૪ યુવાવસ્થામાંના દીકરા
બળવાનના હાથમાંનાં બાણ જેવા
છે.
૫ જેનો ભાથો તેઓથી ભરેલો છે તેને
ધન્ય છે.
તેઓ ભાગળમાં પોતાના શત્રુઓની
સાથે બોલશે
ત્યારે તેઓ લજવાશે નહિ.

૧૨૮ યહોવાહથી જે ડરે છે ને
તેના માર્ગોમાં ચાલે છે
તે સર્વને ધન્ય છે.
૨ કેમકે તુ તારા હાથની મહેનતનુ
ખાઈશ·
તુ સુખી થઈશ, ને તારૂ કલ્યાણ
થશે.
૩ તારી સ્ત્રી તારા ઘરના અંતઃપુરમાં
ફળવત દ્રાક્ષવેલાના જેવી થશે
તારાં છોકરાં તારી મેજની આસ-
પાસ જૈતવૃક્ષના રોપ જેવાં થશે.
૪ જુઓ, યહોવાહથી જે ડરે છે
તેને એવો આશીર્વાદ મળશે.
૫ સિયોનમાંથી યહોવાહ તને આશી-
ર્વાદ આપશે,
ને તારા આયુષ્યના સર્વ દિવસો
સુધી તું યરૂશાલેમનું કલ્યાણ
જોઈશ.
૬ હા, તું પોતાનાં છોકરાંનાં છોકરાં
જોઈશ.
ઇસ્રાએલને શાંતિ થાઓ.

૧૨૯ મારા નાનપણથી તેઓએ
મને બહુજ દુઃખ દીધુ છે,
એમ ઇસ્રાએલ હમણાં કહે.
૨ મારા નાનપણથી તેઓએ મને બહુ
દુઃખ દીધુ છે,
તોપણ તેઓ મારા પર ફાવ્યા નહિ.
૩ મારી પીઠ ઉપર હળ ખેડનારા-

ઓએ હળ ચલાવ્યું,
ને લાંબા લાંબા ચાસ કાઢયા.
૪ યહોવાહ ન્યાયી છે:
દુષ્ટોએ બાંધેલાં બંધનો તેણે કાપ્યાં છે.
૫ સિયોન પર જેઓ દ્વેષ રાખે છે
તેઓ સર્વ શરમાઈ જાય તથા પાછા હઠે.
૬ તેઓ ધાબા પરના ઘાસ જેવા થાય,
કે જે ખેંચી કાઢયા અગાઉ કરમાઈ જાય છે.
૭ એથી કાપનાર પોતાનો હાથ,
ને પુળા બાંધનાર પોતાની બાથ ભરનાર નથી.
૮ વળી પાસે થઈને ચાલ્યા જનારા એવું કહેતા નથી કે,
યહોવાહનો આશીર્વાદ તમારા પર હો:
યહોવાહને નામે અમે તમને આશિષ આપીએ છીએ.

૧૩૦ હે યહોવાહ, ઉંડાણોમાંથી મે તને વિનતી કીધી.
૨ હે પ્રભુ, મારો સાદ સાંભળ,
મારી પ્રાર્થનાના પોકાર પર
તારા કાન ધર.
૩ હે યાહ, જો તું દુષ્ટ કામો જોઈ લે,
તો, હે પ્રભુ, કોણ ઉભો રહી શકે?
૪ પરંતુ તારૂ ભય રહે માટે
તારી પાસે માફી છે.
૫ હું યહોવાહની રાહ જોઉં છું.
મારો આત્મા રાહ જુએ છે:
ને તેના વચન પર હું આશા રાખું છું.
૬ સવારની રાહ જોનારા કરતાં,—
હા, સવારની રાહ જોનારા કરતાં,—
પ્રભુને સારૂ મારો આત્મા વધારે રાહ જુએ છે.
૭ હે ઇસ્રાએલ, યહોવાહનો ભરોસો રાખજે,
કેમકે યહોવાહની પાસે કૃપા છે,
ને તેની પાસે અખૂટ ઉદ્ધાર છે.
૮ ને તે ઇસ્રાએલને
તેનાં સર્વ અપકર્મથી તારશે.

૧૩૧ હે યહોવાહ, મારૂં મન ગર્વિષ્ટ નથી,
ને મારી આંખો અભિમાની નથી:
વળી મોટી મોટી બાબતોમાં,
અને જે વાતોને હું પહોંચી શકતો નથી
તેમાં, હું હાથ ઘાલતો નથી.
૨ ખરેખર મેં મારો આત્મા નમ્ર તથા શાંત કીધો છે.
પોતાની માનું ધાવણ છોડેલા બાળકના જેવો,
હા, મારો આત્મા ધાવણ છોડેલા બાળકના જેવોજ છે.
૩ હે ઇસ્રાએલ, હમણાંથી તે સર્વકાળ સુધી
યહોવાહની આશા રાખજે.

અઠાવીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૩૨ હે યહોવાહ, દાઉદનાં સર્વ દુ:ખોને સંભાર:
૨ તેણે યહોવાહની પાસે કેવા સમ

ખાધા
યાકૂબના સમર્થ દેવની પાસે તેણે
કેવી પ્રતિજ્ઞા કીધી કે,
૩ જ્યાં સુધી યહોવાહને સારૂ હુ
મકાન ન મેળવુ,
ને યાકૂબના સમર્થ દેવને સારૂ
રહેઠાણ તૈયાર ન કરૂ,
૪ ત્યાં સુધી હુ મારા તંબુમાં નહિ
આવું,
ને મારા પલગ પર નહિ ચઢું.
૫ ને મારી આંખોને ઉંઘ,
મારાં પોપચાંને નિદ્રા આવવા નહિ
દઉં.
૬ જુઓ, એફ્રાથાહ પાસે આપણે
તેને વિષે સાંભળ્યુ,
વનનાં ક્ષેત્રોમાં તે આપણને મળ્યો.
૭ આપણે તેના મંદિરમાં જઇએ,
તેના પાયાસનની આગળ તેને
ભજીએ.
૮ હે યહોવાહ, તુ તારા સામર્થ્યના
કોષની સાથે
તારા વિશ્રામસ્થાનમાં આવવાને
ઉઠ.
૯ તારા યાજકો ન્યાયીપણાએ પહે-
રેલા થાય:
ને તારા ભકતો હર્ષનાદ કરે.
૧૦ તારા સેવક દાઉદની ખાતર
તારા અભિષિક્તનું મુખ પાછું ન
ફેરવ.
૧૧ યહોવાહે દાઉદના પ્રત્યે સત્ય પ્રતિજ્ઞા
કરી:
તે એથી ફરી જશે નહિ:
હુ તારી ગાદી પર તારા સંતાનને
બેસાડીશ
૧૨ જો તારા દીકરા મારો કરાર,
તથા જે સાક્ષ્ય હુ તેમને શિખવુ તે
પાળે,
તો તેઓના સતાન પણ તારી
ગાદીએ સદાકાળ બેસશે.
૧૩ કેમકે યહોવાહે સિયોનને પસંદ
કીધુ છે.
પોતાના રહેઠાણને સારૂ તેણે તેને
ઇચ્છયું છે.
૧૪ સદાકાળનું આ મારૂ વિશ્રામસ્થાન
છે·
હુ અહિજ રહીશ, કેમકે મે તે
ઇચ્છ્યુ છે
૧૫ હુ તેના અન્નને આશીર્વાદ નિશ્ચે
આપીશ:
તેના કંગાલોને હુ રોટલીથી તૃપ્ત
કરીશ.
૧૬ હું તેના યાજકોને તારણથી વેષ્ટિત
કરીશ,
ને તેના ભકતો આનંદના પોકાર
કરશે.
૧૭ ત્યાં હુ દાઉદનું શિગ ચઢાવીશ:
મારા અભિષિક્તને સારૂ મેં દીવો
તૈયાર કર્યો છે.
૧૮ તેના શત્રુઓને હું લાજથી વેષ્ટિત
કરીશ:
પણ તેના પોતા પર તેનો મુગટ
દીપશે.

૧૩૩

ભાઇઓ સંપીને રહે
તે કેવું સારૂં તથા શોભતું છે!

૨ તે માથા પરના મૂલ્યવાન તેલના
જેવુ છે,
જે તેલ દાઢી, હા, હારૂનની દાઢી
સુધી,
ને તેના વસ્ત્રની કોર સુધી ઉતરી
આવ્યુ હતુ.
૩ વળી તે હેર્મોન પર્વત પરના ઝાકળ,
તથા સિયોનના પર્વતો પરના ઝાકળ
જેવું છે
કેમકે યહોવાહે ત્યાં આશીર્વાદ
એટલે અનતકાળનુ જીવન ફર-
માવ્યુ

૧૩૪ રે યહોવાહના ઘરમા રાત્રે
ઉભા રહેનારા, યહોવાહના
સર્વ સેવકો,
તમે યહોવાહને સ્તુત્ય માનો.
૨ પવિત્રાઈમાં તમે તમારા હાથ ઉચા
કરીને
યહોવાહને સ્તુત્ય માનો.
૩ આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કર-
નાર યહોવાહ
સિયોનમાંથી તને આશીર્વાદ આપો.

૧૩૫ યહોવાહની સ્તુતિ કરો
યહોવાહના નામની સ્તુતિ
કરો:
હે યહોવાહના સેવકો, તમે તેની
સ્તુતિ કરો:
૨ યહોવાહના ઘરમાં,
આપણા દેવના ઘરનાં આંગણાંમાં
ઉભા રહેનારા તેની સ્તુતિ કરો.
૩ તમે યહોવાહની સ્તુતિ કરો, કેમકે
યહોવાહ ઉત્તમ છે:
તેના નામની સ્તુતિ ગાઓ, કેમકે
તેમ કરવુ શોભતું છે.
૪ કેમકે યહોવાહે પોતાને સારૂ યાકૂ-
બને પસદ કર્યો છે
પોતાની ખાસ મિલકત થવા સારૂ
તેણે ઇસ્રાએલને પસંદ કર્યો છે.
૫ કેમકે હુ જાણું છુ કે યહોવાહ મોટો
છે,
આપણો પ્રભુ સર્વ દેવો કરતાં
મોટો છે
૬ આકાશમાં તથા પૃથ્વીમાં, સમુ-
દ્રોમાં તથા સર્વ ઉડાણોમાં,
યહોવાહને જે જે સારૂ લાગ્યુ, તે
સર્વ તેણે કીધુ છે.
૭ પૃથ્વીના છેડાથી તે વાદળાં ચઢાવે
છે
વરસાદને સારૂ તે વિજળી ઉપજાવે
છે
પોતાના ભંડારોમાંથી તે વાયુ કાઢે છે.
૮ મિસરમાં તેણે માણસોના તથા
પશુઓના
પ્રથમ જનિતોને માર્યા.
૯ હે મિસર, તારા મધ્યે, ફારન ઉપર,
તથા તેના સર્વ સેવકો ઉપર,
તેણે ચિન્હો તથા ચમત્કારો મોકલ્યાં.
૧૦ તેણે ઘણા દેશો માર્યા,
તેણે પરાક્રમી રાજાઓનો સંહાર
કર્યો:
૧૧ અમોરીઓના રાજા સીહોનને,
તથા બાશાનના રાજા ઓગને,
ને કનાનનાં સર્વ રાજ્યોને તેણે
માર્યાં.

૧૨ ને તેઓનો દેશ વારસામાં,
હા, પોતાના લોક ઇસ્રાએલને વારસામાં આપ્યો.
૧૩ હે યહોવાહ, તારૂં નામ અનંતકાળ ટકનાર છે:
હે યહોવાહ, તારૂં સ્મરણ પેઢી દર પેઢી સુધી ટકી રહેનાર છે.
૧૪ કેમકે યહોવાહ પોતાના લોકોનો ન્યાય કરશે,
ને પોતાના સેવકો વિષે અનુતાપ કરશે.
૧૫ વિદેશીઓની મૂર્તિઓ તો સોના રૂપાની,
માણસોના હાથથી બનેલી છે.
૧૬ તેઓને મ્હો હોય છે, પણ તેઓ બોલતી નથી.
આંખો હોય છે, પણ તેઓ જોતી નથી.
૧૭ કાનો હોય છે, પણ તેઓ સાંભળતી નથી,
ને તેઓનાં મુખમાં કંઈ શ્વાસ નથી.
૧૮ તેઓના બનાવનારા,
તેમજ તેઓના પર ભરોસો રાખનારા સર્વે તેમના જેવા થશે.
૧૯ હે ઇસ્રાએલપુત્રો, યહોવાહને સ્તુત્ય માનો:
હારૂનપુત્રો, તમે યહોવાહને સ્તુત્ય માનો:
૨૦ લેવીપુત્રો, યહોવાહને સ્તુત્ય માનો:
યહોવાહથી બીનારા, તમે યહોવાહને સ્તુત્ય માનો.
૨૧ યરૂશાલેમમાં વસનાર યહોવાહને
સિયોનમાંથી ધન્ય થાઓ.
યહોવાહની સ્તુતિ કરો.

સાંજની પ્રાર્થના.

૧૩૬ યહોવાહની સ્તુતિ ગાઓ,
કેમકે તે ઉત્તમ છે,
ને તેની કૃપા અનંતકાળ ટકનાર છે.
૨ દેવોના દેવની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૩ પ્રભુઓના પ્રભુની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૪ જે એકલો મોટા ચમત્કારો કરનાર છે તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૫ જેણે પોતાના ડહાપણવડે આકાશો ઉત્પન્ન કર્યાં છે તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૬ જેણે પાણી પર ભૂમિને વિસ્તારી છે તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૭ મોટી જ્યોતિઓના બનાવનારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૮ દિવસ પર અમલ કરવાને જેણે સૂરજ બનાવ્યો તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૯ રાત ઉપર અમલ કરવાને ચંદ્ર તથા તારા બનાવ્યા તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૦ પ્રથમ જનિતોને સંહારીને જેણે મિસરને માર્યો તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.

૧૧ વળી તેઓની મધ્યેથી ઇસ્રાએલને
કાઢી લાવનારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૨ બળવાન ભુજ તથા લાંબા કરેલા
હાથવડે તેઓને કાઢી લાવનારની
સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૩ લાલ સમુદ્રના જેણે બે ભાગ કર્યા
તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૪ અને તેની વચ્ચે થઈને ઇસ્રાએલને
પાર ચલાવનારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૫ અને ફારુન તથા તેની ફોજને લાલ
સમુદ્રમાં ઝટકી પાડનારની સ્તુતિ
ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૬ જેણે પોતાના લોકોને અરણ્ય પાર
દોરી લીધા તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૭ મોટા રાજાઓને મારનારની સ્તુતિ
ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૮ અને નામાંકિત રાજાઓને સંહાર-
નારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૧૯ એટલે અમોરીઓના રાજા સીહો-
નને સંહારનારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે:
૨૦ તથા બાશાનના રાજા ઓગને
સંહારનારની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૨૧ અને તેઓનો દેશ જેણે વારસામાં
આપ્યો તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૨૨ હા, જેણે તે પોતાના સેવક ઇસ્રા-
એલને વારસામાં આપ્યો તેની
સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનતકાળ છે.
૨૩ આપણી દીનાવસ્થામાં જેણે આપ-
ણને સંભાર્યા તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૨૪ અને જેણે આપણા શત્રુઓના
હાથમાંથી આપણને છોડાવ્યા છે
તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૨૫ જે બધાં પ્રાણીઓને ખોરાક આપે
છે તેની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.
૨૬ આકાશના દેવની સ્તુતિ ગાઓ,
કેમકે તેની કૃપા અનંતકાળ છે.

૧૩૭ બાબેલની નદીઓને કાંઠે
અમે બેઠા,
ને સિયોનનું સ્મરણ કરતાં અમે
રડ્યા.
૨ અને તે મધ્યેનાં ઝાડ ઉપર
અમે અમારી સતારો ટાંગી દીધી.
૩ કેમકે ત્યાં અમને બંદીમાં લઈ
જનારાઓએ અમને ગીત ગાવાનું
ફરમાવ્યું:
ને અમારા પજવનારાઓએ કહ્યું
કે, અમને ગમત થાય
માટે સિયોનનાં ગીતોમાંનું કોઈ
ગાઓ.

૪ પણ પારકા દેશમાં
અમે યહોવાહનુ ગીત કેમ ગાઈ
શકીએ?
૫ હે યરૂશાલેમ, જો હુ તને વિસરૂં
તો મારો જમણો હાથ પોતાનુ
કર્તવ્ય વિસરે.
૬ જો હુ તારૂં સ્મરણ ન કરૂં,
ને જો મારા મુખ્ય આનંદ કરતાં
યરૂશાલેમને શ્રેષ્ઠ ન માનુ
તો મારી જીભ મારા તાળવાને
ચોંટી જાય.
૭ હે યહોવાહ, યરૂશાલેમનો દિવસ
કે જેમાં અદોમપુત્રો કહેતા હતા
કે તેને જડમૂળથી ઉખેડી નાખો,
તે દિવસ યાદ રાખી તેમને જોઈ
લેજે.
૮ હે નાશ પામનારી બાબેલની દીકરી,
તે અમારા પ્રત્યે જે વર્તન ચલાવ્યું
છે
તેવુંજ વર્તન તારા પ્રત્યે જે કોઈ
ચલાવે તેને ધન્ય છે.
૯ જે કોઈ તારાં બાળકોને પકડીને
પત્થર પર અફળાવે તેને ધન્ય છે.

૧૩૮ હું પૂર્ણ હૃદયથી ઉપકાર-
સ્તુતિ કરીશ.
દેવોની આગળ હુ તારાં સ્તોત્ર
ગાઈશ.
૨ હુ તારા પવિત્ર મંદિરની ભણી
ભજન કરીશ:
ને તારી કૃપા તથા સત્યતાને લીધે
હું તારૂં નામ વખાણીશ:
કેમકે તારા સર્વ નામ કરતાં તેં
તારા વચનનુ મહાત્મ્ય વધાર્યું છે.
૩ મેં વિનંતી કરી તેજ દિવસે તેં મને
ઉત્તર આપ્યો,
ને મારા આત્માને બળ આપી
મોટો કીધો.
૪ હે યહોવાહ, પૃથ્વીના સર્વ રાજાઓ
તારી સ્તુતિ કરશે,
કેમકે તેઓએ તારા મુખનાં વચન
સાંભળ્યાં છે.
૫ હા, તેઓ યહોવાહના માર્ગો વિષે
ગાશે,
કેમકે યહોવાહનો મહિમા મોટો છે.
૬ યહોવાહ મોટો છે તોપણ તે રાંક-
ડાને જુએ છે·
પણ ગર્વિષ્ટોને તે વેગળેથી ઓળખે
છે.
૭ જો મારે સકટમાં ચાલવુ પડે તો
પણ તું મને જીવાડીશ:
મારા શત્રુઓના ક્રોધની સામે તું
તારો હાથ લાંબો કરીશ,
ને તારો જમણો હાથ મને તારશે.
૮ મારા વિષેની વાતો યહોવાહ પૂર્ણ
કરશે:
હે યહોવાહ, તારી કૃપા સદાકાળ
ટકનાર છે:
તારા હાથનાં કામોનો ત્યાગ તું ન
કર.

ઓગણત્રીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૩૯ હે યહોવાહ, તેં મને તપાસ્યો
તથા ઓળખ્યો છે.

૨ મારૂં બેસવું તથા મારૂં ઉઠવું તે તું જાણે છે
મારો વિચાર તુ વેગળેથી સમજે છે.
૩ મારૂં ચાલવું તથા સુવું તે પણ તુ તપાસી જુએ છે,
ને મારા બધા માર્ગનો તું માહિતગાર છે.
૪ કેમકે મારી જીભની બધી વાતો,
જો, હે યહોવાહ, તું પૂરેપૂરી જાણે છે.
૫ આગળ પાછળ તે મને ઘેરી લીધો છે,
ને તારા હાથે મને ઝાલ્યો છે.
૬ આવુ જ્ઞાન મને તો આશ્ચર્ય પમાડનારૂં છે.
તે ઉચું છે, હું તેને કળી શકતો નથી.
૭ તારા આત્મા પાસેથી હુ કયાં જાઉ?
ને તારી સન્મુખથી કયા નાસુ?
૮ જો હું આકાશમાં ચઢી જાઉ તો તું ત્યાં છે·
ને જો હુ શેઓલમાં મારી પથારી કરૂં તો ત્યાં પણ તુ છે.
૯ જો હું પરોઢીયાની પાંખો લઈને
સમુદ્રને પેલે પાર જઈ વસું,
૧૦ તો તારો હાથ ત્યાં પણ મને દોરશે,
ને તારો જમણો હાથ મને ઝાલી રાખશે.
૧૧ જો હું કહું, અંધકાર તો નિશ્ચે મને ઢાંકશે,
ત્યારે રાત મારી આસપાસ અજવાળારૂપ થશે.
૧૨ અંધકાર પણ તારાથી સતાડતો નથી,
પણ રાત દિવસની પેઠે પ્રકાશે છે:
તારી આગળ અંધારૂં ને અજવાળું સરખાંજ છે.
૧૩ મારૂં અંત કરણ તે ઘડયુ છે,
ને મારી માના પેટમાં તે મને બનાવ્યો છે.
૧૪ ભય તથા આશ્ચર્ય પમાડે એવી રીતે હુ રચાયો છુ, માટે હુ તારી ઉપકારસ્તુતિ કરીશ:
તારા કામ આશ્ચર્યકારક છે,
એ મારો જીવ સારી પેઠે જાણે છે.
૧૫ હુ જ્યારે ગુપ્તમાં રચાયો
ને પૃથ્વી પર છેક નીચલા ભાગમાં વિવિધ કરામતે ગોઠવાયો
ત્યારે પણ મારો બાંધો તને અજાણ્યો ન હતો.
૧૬ મારો ગર્ભ પણ તારી આંખોએ જોયો છે,
ને મારાં અંગોમાનુ એક પણ ન હતુ
ત્યારે પણ તેઓ સર્વ તારા પુસ્તકમાં લખેલાં હતાં,
તેમ તેઓના ઠરાવેલા સમયો પણ લખેલા હતા.
૧૭ હે ઈશ્વર, તારા વિષેના વિચારો મને કેટલા બધા મૂલ્યવાન લાગે છે!
તેઓની સંખ્યા કેટલી બધી મોટી છે!
૧૮ જો હુ તેઓને ગણવા જાઉ તો તેઓ રેતીનાં કણ કરતાં વધારે થાય
જ્યારે હું જાગુ ત્યારે હુ હજી તારી સાથે છું.

૧૯ હે ઈશ્વર, તું દુષ્ટોને મારે નહિ શું?
રે ખુની માણસો, મારાથી દૂર જાઓ.
૨૦ તેઓ તારા વિષે ભુંડું બોલે છે:
તારા શત્રુઓ વ્યર્થ ફુલાઈ જાય છે.
૨૧ હે યહોવાહ, તારો દ્વેષ કરનારાનો
દ્વેષ હું શું ન કરૂં?
ને જેઓ તારી સામા ઉઠે છે તેઓનો
ધિક્કાર હું શું ન કરૂં?
૨૨ હું પૂરી રીતે તેઓનો દ્વેષ કરૂં છું,
તેઓને હું મારા શત્રુઓ ગણું છું
૨૩ હે ઈશ્વર, મને તપાસ, ને મારૂં
અંતઃકરણ જાણ
મને પારખ, ને મારા વિચારો
જાણી લે:
૨૪ ને મારામાં કંઈ ભુંડી ચાલ હોય
તો તે તું જોજે,
ને મને સનાતન માર્ગમાં ચલાવજે.

૧૪૦ હે યહોવાહ, ભુડા માણસથી
મને બચાવ
જુલમગાર માણસથી મારૂં રક્ષણ
કર.
૨ તેઓ હ્રદયમાં અપકારો કલ્પે છે,
ને નિત્ય લડાઈઓ કરાવે છે.
૩ તેઓએ પોતાની જીભ સાપના
જેવી સજી છે:
તેઓના હોઠો તળે એરૂનુ વિષ છે.
૪ હે યહોવાહ, દુષ્ટોના હાથથી મારૂં
રક્ષણ કર:
મારા માર્ગને ખલેલ પહોંચાડવા
જેઓએ ધાર્યું છે
એવા જુલમગાર માણસથી મને
બચાવ.
૫ ગર્વિષ્ટોએ મારે સારૂ પાશ તથા
દોરીઓ ગુપ્ત રીતે પાથર્યાં છે:
તેઓએ માર્ગને પડખે જાળ પ્રસારી
છે.
મારે સારૂ ફાંસા નાખ્યા છે.
૬ મે યહોવાહને કહ્યુ, તું મારો દેવ છે.
હે યહોવાહ, મારી આજીજીની
વાણી સાંભળ
૭ હે યહોવાહ પ્રભુ, મારા તારણના
સામર્થ્ય,
લડાઈને દિવસે તે મારૂં માથુ ઢાંક્યું
છે.
૮ હે યહોવાહ, તુ દુષ્ટોની ઇચ્છા પૂરી
ન કર·
તેઓનો ઈરાદો સફળ ન કર, રખે
તેઓ ફુલાઈ જાય.
૯ મને ઘેરો ઘાલનારામાં જે મુખ્ય છે
તેઓના હોઠોથી કરાયલો અપકાર
તેમના પોતા પર આવી પડે.
૧૦ તેઓના પર ધગધગતા અંગારા પડે.
તેઓ અગ્નિમાં નંખાય:
એવા ખાડાઓમાં પડે કે તેઓ
પાછા ઉઠે નહિ.
૧૧ ભુંડું બોલનાર માણસ પૃથ્વીમાં
કાયમ નહિ થશે.
જુલમગાર માણસને પાડવાને
ભુંડાઈ તેની પછવાડે લાગશે.
૧૨ યહોવાહ તો દુઃખીની દાદ સાંભળશે,
ને ગરીબોનો હક જાળવશે, એ હું
જાણું છું.
૧૩ ન્યાયીઓ ખરેખર તારા નામનો
આભાર માનશે:

યથાર્થ પુરૂષો તારી સન્મુખ રહેશે.

૧૪૧ હે યહોવાહ, હું તને વિનંતી કરૂ છું, તું મારે સારૂ ઉતાવળ કર:
જ્યારે હુ તને વિનંતી કરૂ ત્યારે તું મારી વાણી સાંભળ.
૨ મારી પ્રાર્થના તારી સન્મુખ ધૂપ જેવી થાઓ,
ને મારા હાથોનુ ઉચું થવુ તે સંધ્યાકાળના યજ્ઞના જેવુ થાઓ.
૩ હે યહોવાહ, મારા મુખ પર ચોકી રાખ.
મારા હોઠોનુ દ્વાર સભાળ.
૪ કોઈ ભુડી વાત ભણી મારા અંતઃકરણને વળવા ન દે.
એ સારૂ કે અન્યાય કરનારાની સાથે દુષ્ટ કર્મ કરવામાં હુ સામેલ ન થાઉ.
ને તેઓના મિષ્ટાન્નમાંથી મને ખાવા ન દે.
૫ ન્યાયી માણુસ મને ફટકા મારે તે હુ કૃપા સમજીશ:
તે મને ઠપકો દે, તે તો માથા પર રેંડલા તેલના જેવો થશે.
મારૂં માથું તેનો નકાર નહિ કરે.
તથાપિ તેઓના દુઃખમાં હુ પ્રાર્થના કર્યા કરીશ.
૬ તેઓના ન્યાયાધીશોને પર્વતની ટોચ ઉપરથી પાડી નાખવામાં આવ્યા છે:
તેઓ મારાં વચન સાંભળશે કેમકે તેઓ મીઠાં છે.
૭ જેમ કોઈ ભૂમિ ખેડે છે ને ખોદે છે.
તેમ અમારાં હાડકાં કબરના મુખ આગળ વિખેરી નાખેલાં છે.
૮ પણ, હે યહોવાહ પ્રભુ, મારી દૃષ્ટિ તારી ભણી છે,
તારાજ ઉપર મારો ભરોસો છે,
મારા આત્માને નિરાધાર ન મૂક.
૯ જે પાશો તેઓએ મારે સારૂ નાખ્યા છે તેઓથી,
ને દુષ્ટ માણસોની જાળથી, મને બચાવ.
૧૦ દુષ્ટો પોતાની જાળોમા સપડાઈ જાય,
એટલામા હુ બચી જાઉ.

સાંજની પ્રાર્થના.

૧૪૨ હું મારી વાણીથી યહોવાહને વિનતી કરૂ છુ
મારા સાદથી યહોવાહને આજીજી કરૂ છું.
૨ હુ તેની સન્મુખ મારી દાદ રેડું છુ:
ને તેની આગળ મારૂ સકટ પ્રગટ કરૂ છુ
૩ જ્યારે મારો આત્મા મારામાં નિર્ગત થયો હતો, ત્યારે તે મારી વાટ જાણી હતી.
જે રસ્તામાં હુ ચાલુ છુ તેમાં તેઓએ મારે માટે પાશ સતાડી મૂકયો છે.
૪ મારે જમણે હાથે જો, કેમકે મને ઓળખનારો કોઈ નથી:
મારે આસરો નથી, કોઈ માણસ મારા આત્માની કાળજી રાખ-

નાર નથી.
૫ હે યહોવાહ, મે તને વિનંતી કરીને
કહ્યુ કે,
તુંજ મારો આસરો છે:
ને મારી જીંદગી પર્યંત તુ મારો
વારસો છે.
૬ મારા પોકાર પર કાન ધર, કેમકે
હું બહુ દુ:ખિત થઈ ગયો છુ:
મારા સતાવનારાના હાથમાંથી મને
છોડાવ, કેમકે તેઓ મારા કરતાં
બળવાન છે.
૭ હુ તારા નામની સ્તુતિ કરૂ, એ
માટે તું મારા જીવને કેદમાંથી
કાઢી લાવ:
ન્યાયીઓ મારી આસપાસ ફરી
વળશે,
કેમકે તું મારી સાથે ઉદારતાથી
વર્તશે.

૧૪૩

હે યહોવાહ, મારી પ્રાર્થના
સાંભળી મારા કાલાવાલા
પર કાન ધર:
તારી સત્યતાથી અને તારા ન્યાયી-
પણાથી મને ઉત્તર આપ.
૨ અને તારા સેવકની સાથે ન્યાયની
રૂએ ન વર્ત,
કેમકે તારી નજરમાં કોઇ સજીવ
માણસ ન્યાયી ઠરશે નહિ.
૩ કેમકે શત્રુએ મારા આત્માને
સતાવ્યો છે:
ને મારા જીવને ભૂમિ સરસો
દબાવ્યો છે:
તેણે મને ઘણા દહાડાના મરેલાની
પેઠે અંધકારમાં પૂર્યો છે.
૪ માટે મારો આત્મા મારામાં મુઝાઈ
ગયો છે
ને મારૂં અંત:કરણ ગભરાયલુ છે.
૫ હુ પ્રાચીનકાળના દિવસોનુ સ્મરણ
કરૂ છું:
તારાં સર્વ કૃત્યોનુ ધ્યાન ધરૂ છું.
ને તારાં હાથનાં કામોનો વિચાર
કરૂ છુ.
૬ હુ મારા હાથ તારી ભણી પ્રસારૂ છુ:
સૂકી ભૂમિની પેઠે મારો જીવ તારે
સારૂ તરસે છે.
૭ હે યહોવાહ, મને વહેલો ઉત્તર
આપ: મારા આત્માનો ક્ષય
થાય છે·
તારૂ મુખ મારાથી ન સંતાડ,
રખે હુ ખાડામાં ઉતરનારાના જેવો
થાઉ.
૮ સવારે તારી કૃપા મને જણાવ,
કેમકે હુ તારા પર ભરોસો રાખું છુ:
જે માર્ગમાં મારે ચાલવુ જોઈએ તે
મને બતાવ,
કેમકે હું મારો જીવ તારી ભણી
ચઢાવું છુ.
૯ હે યહોવાહ, મારા શત્રુઓથી મને
બચાવ:
તારે શરણે હુ આવ્યો છું.
૧૦ તારી ઇચ્છા કરવા મને શિખવ,
કેમકે તું મારો દેવ છે:
તારો આત્મા જે ઉત્તમ છે તે મને
પવિત્રતાના દેશમાં દોરે.
૧૧ હે યહોવાહ, તારા નામને લીધે

મને જીવાડ:
તારા ન્યાયીપણાએ મારો જીવ
સંકટમાંથી કાઢ.
૧૨ અને તારી કૃપાએ તું મારા શત્રુ-
ઓને કાપી નાખ,
ને મારા આત્માના સતાવનારાનો
નાશ કર:
કેમકે હું તારો સેવક છું.

ત્રીસમો દિવસ.

સવારની પ્રાર્થના.

૧૪૪ યહોવાહ જે મારો ખડક છે
તેને ધન્ય હો,
તે મારા હાથને યુદ્ધ કરતાં,
ને મારી આંગળીઓને લડતાં
શિખવે છે.
૨ મારે સારૂ તે કૃપારૂપ છે, તે મારો
કિલ્લો છે:
મારો ગઢ તથા મારો બચાવનાર
છે:
મારી ઢાલ તથા જેના પર મારો
ભરોસો છે તે તેજ છે:
તે મારા લોકોને મારે તાબે કરે છે.
૩ હે યહોવાહ, માણસ તે શા લેખામાં
છે, કે તુ તેની ઓળખાણ રાખે છે,
ને માણસનો પુત્ર કોણ કે તું તેને
ગણકારે છે!
૪ માણસ તો શ્વાસ જેવું છે,
તેના દિવસો ચાલી જતી છાયાના
જેવા છે.
૫ હે યહોવાહ, તારાં આકાશોને
નમાવીને ઉતરી આવ:
પર્વતોને સ્પર્શ કર, ને તેઓ ધુમાડો
કાઢશે.
૬ વિજળી ચમકાવીને તેઓને વિખેરી
નાખ
તારાં બાણ છોડીને તેઓનો નાશ
કર.
૭ ઉપરથી તારો હાથ પહોંચાડ:
મારો છુટકારો કર, ને ઉંડાં
પાણીઓથી,
પારકાઓના હાથથી, મને બચાવ.
૮ તેઓનું મુખ વ્યર્થ ભાષણ કરે છે,
ને તેઓનો જમણો હાથ તે જૂઠા-
ઈનો જમણો હાથ છે.
૯ હે દેવ, હુ તારે સારૂ નવુ ગીત
ગાઈશ
સારંગી લઈ હુ તારે સારૂ સ્તોત્ર
ગાઈશ.
૧૦ તે રાજાઓને તારણ આપનાર છે:
પોતાના સેવક દાઉદને ભુંડી તર-
વારથી બચાવનાર છે.
૧૧ મારો છુટકારો કર, ને પારકાઓના
હાથથી મને બચાવ:
તેઓનુ મુખ મિથ્યા ભાષણ કરે છે,
ને તેઓનો જમણો હાથ તે જૂઠા-
ઈનો જમણો હાથ છે.
૧૨ અમારા દીકરા પોતાની યુવા-
વસ્થામાં વધેલા રોપા જેવા છે:
અમારી દીકરીઓ રાજ્યમહેલના
જેવી સણગારેલી ખુણાની થાંભ-
લીઓ જેવી છે:
૧૩ અમારી વખારો વિવિધ સામગ્રી
પૂરી પાડે એવી ભરપૂર છે:

અમારી ઘેટી અમારા વાડાઓમાં
હજારો ને દસ હજારો બચ્ચાં
જણનારી છે:
૧૪ અમારા બળદો ભાર ઉચકવામાં
જબરા છે:
ગાબડું પાડનાર કોઈ નથી; ને
નિકળી જનાર કોઈ નથી:
અમારી શેરીઓમાં કંઈ બૂમ નથી.
૧૫ આવા જે લોકો છે તેઓને ધન્ય છે:
હા, જેઓનો દેવ યહોવાહ છે તેઓને
ધન્ય છે.

૧૪૫ હે મારા દેવ, મારા રાજા,
હુ તને મોટો માનીશ.
ને સદા સર્વદા હુ તારા નામને
સ્તુત્ય માનીશ.
૨ દરરોજ હું તને સ્તુત્ય માનીશ:
ને સદા સર્વદા હુ તારા નામની
સ્તુતિ કરીશ.
૩ યહોવાહ મોટો ને બહુજ સ્તુતિ-
પાત્ર છે:
ને તેનુ માહાત્મ્ય અશોધ્ય છે.
૪ પેઢી દર પેઢી તારાં કામનાં વખાણ
થશે,
ને તારા પરાક્રમનાં કૃત્યો પ્રગટ
કરવામાં આવશે.
૫ તારા ગૌરવના મહત્વની શોભા
તથા તારાં આશ્ચર્યકારક કામોનું
મનન હું કરીશ.
૬ અને લોકો તારાં ભયંકર કૃત્યોના
સામર્થ્ય વિષે બોલશે,
ને હું તારૂં માહાત્મ્ય વર્ણવીશ.
૭ તેઓ તારા પુષ્કળ પરોપકારનું
સ્મરણ બહુજ ઉચ્ચારશે,
ને તારા ન્યાયીપણા વિષે ગાયન
કરશે.
૮ યહોવાહ કૃપાળુ તથા રહેમી છે:
તે કોપ કરવે ધીમો તથા અતિ
કરૂણામય છે.
૯ યહોવાહ સર્વને હિતકારક છે:
ને પોતાનાં સર્વ કામો પર તેની
રેહેમ છે.
૧૦ હે યહોવાહ, તારાં સર્વ કામ તારો
આભાર માનશે,
ને તારા ભકતો તને સ્તુત્ય માનશે.
૧૧ તેઓ તારા રાજ્યના ગૌરવ વિષે
બોલશે,
ને તારાં પરાક્રમી કામો સંબંધી
સંભાષણ કરશે:
૧૨ અને એથી માનવપુત્રો તેનાં પરા-
ક્રમી કામ,
તથા તેના રાજ્યના ગૌરવની શોભા
જાણશે.
૧૩ તારૂં રાજ્ય તે સર્વકાળ સુધી ટક-
નારૂં રાજ્ય છે,
ને તારૂં ધણીપણું તે પેઢી દર પેઢી
ટકી રહે છે.
૧૪ સર્વ પડનારાને યહોવાહ આધાર
આપે છે:
ને સર્વ દબાએલાને તે ઉભા કરે છે.
૧૫ સર્વની દૃષ્ટિ તારી તરફ તલપી
રહે છે:
ને યોગ્ય સમયે તું તેઓને તેઓનું
અન્ન આપે છે.
૧૬ તું તારો હાથ ખોલે છે,

ને સર્વ સજીવોની ઇચ્છા તૃપ્ત કરે છે.
૧૭ પોતાના સર્વ માર્ગોમાં યહોવાહ
ન્યાયી છે,
ને પોતાનાં સર્વ કામોમાં કૃપાળુ છે.
૧૮ જેઓ તેની વિનંતી કરે છે,
એટલે જેઓ સત્યતાથી તેની વિનંતી
કરે છે,
તે સર્વની પાસે યહોવાહ છે.
૧૯ તેનાથી બીનારાની ઇચ્છા તે તૃપ્ત
કરશે,
તે તેઓનો પોકાર પણ સાંભળશે,
ને તેઓને તારશે.
૨૦ જેઓ યહોવાહ પર પ્રેમ રાખે છે તે
બધાઓનું તે રક્ષણ કરે છે:
પણ સર્વ દુષ્ટોનો તે સહાર કરે છે.
૨૧ મારૂ મુખ યહોવાહની સ્તુતિ
ઉચ્ચારશે:
ને સર્વ માણુસજાત સદા સર્વદા
તેના પવિત્ર નામને સ્તુત્ય માને.

૧૪૬ યહોવાહની સ્તુતિ કરો·
રે મારા આત્મા, યહોવાહની
સ્તુતિ કર.
૨ મારી જીંદગી પર્યંત હુ યહોવાહની
સ્તુતિ કરીશ
મારી હયાતીના અત સુધી હુ મારા
દેવને સારૂ ગાયન કરીશ.
૩ રાજાઓ પર ભરોસો ન રાખ, તેમજ
માણુસજાત પર પણ નહિ,
કેમકે તેની પાસે તારણ નથી.
૪ તેનો પ્રાણ નિકળી જાય છે; તેનું
શરીર ભૂમિમાં પાછું મળી જાય છે:
તેજ દિવસે તેની ધારણાઓનો નાશ
થાય છે.
૫ જેની સહાય યાકૂબનો દેવ છે,
ને જેની આશા પોતાના દેવ યહો-
વાહ પર છે, તેને ધન્ય છે.
૬ આકાશ, પૃથ્વી, સમુદ્ર તથા જે
બધુ તેઓમાં છે
તેનો ઉત્પન્નકર્તા યહોવાહ છે:
તે સદા સત્યતા રાખનાર છે.
૭ તે દુ:ખીની દાદ સાંભળે છે
ભૂખ્યાને અન્ન આપે છે:
કેદીઓને યહોવાહ છોડાવે છે.
૮ યહોવાહ આંધળાઓને દેખતા કરે
છે:
યહોવાહ દબાએલાઓને ઉભા કરે
છે:
યહોવાહ ન્યાયીઓ પર પ્રીતિ રાખે
છે.
૯ યહોવાહ પ્રવાસીઓનુ રક્ષણ કરે છે:
તે અનાથોને તથા વિધવાઓને
સભાળે છે.
પણ દુષ્ટોનો માર્ગ તે અવળો પાડે
છે.
૧૦ યહોવાહ સર્વકાળ સુધી રાજ્ય કરશે:
હે સિયોન, તારો દેવ પેઢી દર પેઢી
સુધી રાજ્ય કરશે.
યહોવાહની સ્તુતિ કરો.

સાંજની પ્રાર્થના.

૧૪૭ યહોવાહની સ્તુતિ કરો:
કેમકે આપણા દેવનું સ્તોત્ર
ગાવુ એ સારૂ તથા શોભતું
છે:

સ્તુતિ કરવી એ ઘટતું છે.
૨ યહોવાહ યરૂશાલેમને બાંધે છે:
ઇસ્રાએલનાં વેરાઈ ગએલાંને તે એકઠાં કરે છે.
૩ હ્રદયભંગ થએલાંને તે સમાં કરે છે:
ને તેઓના ઘા રૂઝાવે છે.
૪ તે તારાઓની ગણત્રી કરે છે:
ને સર્વને નામો આપે છે.
૫ આપણો પ્રભુ મોટો ને ઘણો પરાક્રમી છે:
તેની બુદ્ધિનો પાર નથી.
૬ યહોવાહ નમ્ર જનોને ચઢાવે છે:
દુષ્ટોને તે જમીનદોસ્ત કરી નાખે છે.
૭ યહોવાહનો આભાર માનતાં ગાઓ,
વીણાથી આપણા દેવને સારૂ સ્તોત્ર ગાઓ.
૮ તે આકાશને વાદળાંથી ઢાંકે છે:
પૃથ્વીને સારૂ તે વરસાદ તૈયાર કરે છે:
ને પહાડો પર તે ઘાસ ઉગાવે છે.
૯ પશુને, તેમજ કાગડાનાં પોકારનાર બચ્ચાંને પણ
તે ખોરાક આપે છે.
૧૦ ઘોડાના બળથી તે પ્રસન્ન થતો નથી:
ને માણસના પગના જોરથી તે રાજી થતો નથી.
૧૧ જેઓ તેનાથી બીએ છે, ને તેની કૃપાની આશા રાખે છે,
તેઓ પર યહોવાહ રાજી રહે છે.
૧૨ હે યરૂશાલેમ, યહોવાહને વખાણ:
હે સિયોન, તારા દેવની સ્તુતિ કર.
૧૩ કેમકે તેણે તારાં દ્વારોની ભૂંગળો મજબૂત કીધી છે:
તારા મધ્યે તારાં છોકરાંને આશીર્વાદ દીધો છે.
૧૪ તારી સીમોમાં શાંતિ ફેલાવીને
સરસ ઘઉંથી તે તને તૃપ્ત કરે છે.
૧૫ તે પોતાનું વચન પૃથ્વી પર મોકલે છે,
તેની વાત બહુ વેગથી દોડે છે.
૧૬ તે ઊનના જેવું હિમ આપે છે:
ને ભસ્મના જેવું બરફ વેરે છે.
૧૭ રોટલીના કટકાના જેવાં તે પોતાનાં કરાં નાખે છે.
તેની ટાઢ આગળ કોણ ઉભો રહી શકે?
૧૮ તે પોતાનું વચન મોકલીને તેઓને પિગળાવે છે:
પોતાના વાયુને ફુંકાવે છે, એટલે પાણીઓ વહેતાં થાય છે.
૧૯ તે યાકૂબને પોતાનું વચન,
ને ઇસ્રાએલને પોતાના વિધિઓ તથા ન્યાયશાસનો પ્રગટ કરે છે.
૨૦ તે કોઈ દેશની સાથે આમ વર્ત્યો નથી:
તેનાં ન્યાયશાસનો તેઓએ જાણ્યાં નહિ.
યહોવાહની સ્તુતિ કરો.

૧૪૮

યહોવાહની સ્તુતિ કરો.
આકાશોથી યહોવાહની સ્તુતિ કરો.
ઉચ્ચસ્થાનોમાં તેની સ્તુતિ કરો.
૨ તેના સર્વ દૂતો, તમે તેની સ્તુતિ કરો:

તેનાં સર્વ સૈન્યો, તેની સ્તુતિ કરો.
૩ સૂર્ય તથા ચંદ્ર, તમે તેની સ્તુતિ કરોઃ
સર્વ ઝગઝગતા તારા, તેની સ્તુતિ
કરો.
૪ આકાશોનાં આકાશો, તમે તેની
સ્તુતિ કરો:
આકાશ ઉપરનાં પાણી, તેની સ્તુતિ
કરો.
૫ યહોવાહના નામની સ્તુતિ તેઓ કરેઃ
કેમકે તેની આજ્ઞાથી તેઓ ઉત્પન્ન
થયાં.
૬ વળી તેણે સદાકાળને માટે તેઓને
સ્થાપન કર્યાં છે,
તેણે એવો નિયમ કર્યો છે કે જેને
તેઓ ઉલ્લંઘે નહિ.
૭ પૃથ્વી પરથી તમે યહોવાહની સ્તુતિ
કરો·
રાક્ષસી જળચરો તથા સર્વ ઉંડાણો
તેની સ્તુતિ કરો.
૮ અગ્નિ તથા કરાં, હિમ તથા મેઘ:
આંધીના વાયુ, જે તેનું વચન પૂરૂ
કરે છે·
૯ પહાડો તથા સર્વ ડુંગરો·
ફળવૃક્ષો તથા સર્વ દેવદારો:
૧૦ જાનવરો તથા સર્વ પશુઓ.
પેટે ચાલનારાં જીવજંતુ તથા ઉડ-
નારાં પક્ષીઓ:
૧૧ પૃથ્વીના રાજાઓ તથા સર્વ લોકો:
હાકેમો તથા પૃથ્વીના સર્વ ન્યાયા-
ધીશોઃ
૧૨ જુવાનો તથા કન્યાઓ,
વૃદ્ધો તથા બાળકો:
૧૩ તે સર્વ, યહોવાહના નામની સ્તુતિ
કરો:
કેમકે એકલુ તેનુંજ નામ શ્રેષ્ઠ છે·
તેનુ ગૌરવ પૃથ્વી તથા આકાશ
કરતાં મોટુ છે.
૧૪ અને તેણે પોતાના લોકોનું શિંગ,
ને પોતાના બધા સંતોની સ્તુતિ
ઉંચી કરી છે·
એટલે ઇસ્રાએલપુત્રો જે તેની પાસે
રહેનાર લોક છે તેમને તેણે ઉંચા
કીધા છે.
યહોવાહની સ્તુતિ કરો.

૧૪૯ યહોવાહની સ્તુતિ કરો.
યહોવાહની આગળ નવુ
ગીત ગાઓ·
વળી સંતોની સભામાં તેની સ્તુતિ
કરો.
૨ ઇસ્રાએલ પોતાના કર્તામાં આનંદ
પામે
સિયોનપુત્રો પોતાના રાજામાં હર-
ખાય.
૩ તેના નામની સ્તુતિ નૃત્ય સહિત કરે
ડફ તથા વીણાથી તેઓ તેનાં સ્તોત્ર
ગાય.
૪ કેમકે યહોવાહ પોતાના લોકથી
રીઝે છે:
તે નમ્ર જનોને તારણથી સુશોભિત
કરશે.
૫ સંતો ગૌરવે હરખાય:
પોતાની પથારીઓ પર તેઓ
હર્ષથી ગાય.
૬ તેઓના ગળામાં દેવની ઉત્તમ

સ્તુતિ થાય,
ને તેઓના હાથમાં બેધારી તરવાર
રહે ·
૭ કે તેઓ વિદેશીઓને બદલો વાળે,
ને લોકોને શિક્ષા પહોચાડે
૮ તેઓના રાજાઓને સાંકળોથી,
તથા તેઓના હાકેમોને લોઢાની
બેડીઓથી બાંધે.
૯ ને લખેલો ચુકાદો તેમના પર બજાવે:
એ માન તેના સર્વ સંતોને છે.
યહોવાહની સ્તુતિ કરો.

૧૫૦ યહોવાહની સ્તુતિ કરો.
તેના પવિત્રસ્થાનમાં દેવની
સ્તુતિ કરો.
આકાશ જે તેના પરાક્રમનો પ્રદેશ
છે તેમાં તેની સ્તુતિ કરો.
૨ તેનાં પરાક્રમી કૃત્યોને લીધે તેની
સ્તુતિ કરો:
તેના ઉત્તમ માહાત્મ્ય પ્રમાણે તેની
સ્તુતિ કરો:
૩ રણશિંગડું વગાડીને તેની સ્તુતિ કરો:
સતાર તથા વીણાથી તેની સ્તુતિ
કરો.
૪ ડફ તથા નૃત્યથી તેની સ્તુતિ કરો:
સારંગીથી તથા સરણાઈથી તેની
સ્તુતિ કરો.
૫ તીવ્ર સૂરવાળી ઝાંઝોથી તેની સ્તુતિ
કરો
ઝાંઝોના હર્ષનાદથી તેની સ્તુતિ કરો.
૬ શ્વાસોશ્વાસ લેનારાં સર્વ યાહની
સ્તુતિ કરે.
તમે યહોવાહની સ્તુતિ કરો.

ઈંગ્લંડની કલીસીઆના નિયમ

પ્રમાણે,

બિશપોનો સંસ્કાર, પ્રીસ્ટોની દિક્ષા,

અને ડીકનો બનાવવાની પદ્ધતિ અને રીત.

પ્રસ્તાવના.

બધુ પવિત્ર શાસ્ત્ર તથા પ્રાચીન લેખકોના ગ્રંથો જેઓ ધ્યાન દઇને વાચે છે, તેમને સ્પષ્ઠ રીતે દેખાઇ આવે છે કે, બિશપ, પ્રીસ્ટ તથા ડીકન, એવી સેવકોની પદવીઓ પ્રેરિતોના સમયથી ખ્રીસ્તની કલીસીઆમા ચાલતી આવેલી છે. આ પદવીઓને નિરતર એવુ સન્માન આપવામા આવતું હતું કે, જ્યા સુધી કોઇ મનુષ્ય બોલાવવામાં ન આવે, અને પારખવામાં ન આવે, તથા તેની પરીક્ષા લેવામાં ન આવે, તથા એ પદવીને માટે જેવા ગુણો જોઇએ તેવા ગુણો તેનામા છે, તેની ખાતરી કરવામા ન આવે; અને યોગ્ય અધિકારીથી મડળીની પ્રાર્થના તથા હાથોના મુકવા વડે માન્ય કરાઇને એ પદવી પર તેની સ્થાપના કરવામા ન આવે, ત્યા સુધી આમાંની કોઇ પણ પદવીનું કામ કરવાને તે માથે લઇ શકતો નહિ. અને ઈંગ્લડની કલીસીઆમાં આ પદવીઓ ચાલુ રહે, એટલુંજ નહિ પણ આદરસત્કાર અને સન્માનની સાથે ચાલુ રાખવામા આવે, એવા હેતુથી તેની પરીક્ષા કરવામા ન આવે અને જ્યા સુધી કોઇ બોલાવવામાં તથા તપાસવામા ન આવે, તથા નીચલી પદ્ધતિ પ્રમાણે તે ઉપર તેની સ્થાપના ન થાય, અથવા પહેલાંથી બિશપના હાથથી સસ્કાર અથવા દિક્ષા પામેલો ન હોય, તો ઈંગ્લડની કલીસીઆમાં તે નિયમાનુસાર થયલો બિશપ, પ્રીસ્ટ, કે ડીકન મનાય નહિ, અને તેવાને તે પદનું કોઇ પણ કામ કરવા દેવામા આવશે નહિ.

વળી તેવીસ વરસ કરતા ઓછી ઉમ્મરના કોઇને સનદ વિના ડીકનની દિશા આપવામાં આવશે નહિ. અને જે કોઇને પ્રીસ્ટની દિક્ષા આપવાની હોય, તેની ઉમ્મર પુરા ચોવીસ વરસની હોવી જોઇએ. અને જે કોઇને બિશપની દિક્ષા અથવા સસ્કાર આપવાનો હોય, તેની ઉમ્મર પુરાં ત્રીસ વરસની હોવી જોઇએ.

અને બિશપ, કાતો પોતે, અથવા તો પુરતા સાક્ષીઓ વડે જાણે, કે કોઇ માણસ ધર્મશીળ તથા દુરાચરણ વિનાનો છે; તથા પરીક્ષા કરવાથી તેને દેખાઇ આવે કે. તે લાટીન ભાષા શિખેલો, તથા પવિત્ર શાસ્ત્રનું પુરૂ શિક્ષણ પામેલો છે, તો પછી કાનૂનમા નિમેલા સમય પ્રમાણે, અથવા જો ઘણી અગત્ય હોય તો બીજા કોઇ રવિવારે કે પવિત્ર દિવસે, નીચેની રીત અને પદ્ધતિ પ્રમાણે, કલીસીઆની આગળ તેણે તેને ડીકન બનાવવો.

ડીકનોને બનાવવાની પદ્ધતિ તથા રીત.

¶ ज्यारे बिशपे ठरावेलो दिवस आवे, त्यारे सवारनी प्रार्थना समाप्त थया पछी, जेओ डीकन थवाना होय, तेमना काम तथा होद्दा विषे उपदेश अथवा शिखामण आपवामा आवे के, ख्रीस्तनी कलीसीआमा आ पदवी केवी अगत्यनी छे, अने तेमना आ होद्दाने लीधे लोकोए तेमने केवु मान आपवुं जोइए.

¶ पहेला बिशप पवित्र मेज पासे पोतानी खुरसी पर बेसे; अने जेओ डीकन थवाने इच्छता होय तेमनामानो दरेक योग्य वस्त्र धारण करे त्यारे तेमने आर्चडीकन अथवा तेनी जग्यामा ठरावेलो तेनो बदली बिशपनी आगळ उभा करीने एम बोले,

દેવમાં માનવત પિતાજી, આ માણુસોને ડીકન બનાવવા સારૂ હુ આપની આગળ હાજર કરૂં છુ

बिशप.

સભાળો કે, જે માણુસોને તમે અમારી આગળ હાજર કરો છો, તેઓ વિદ્યામા, તથા ધાર્મિક આચરણમા એવા યોગ્ય હોય કે, તેઓ દેવના માન, તથા તેની કલીસીઆની ઉન્નતિને માટે પોતાની પદવીનું કામ ઉચિત રીતે કરી શકે.

¶ आर्चडीकन उत्तर आपे,

મેં એઓ વિષે શોધ કીધો છે, તથા એમની પરીક્ષા લીધી છે, અને તેઓ એવા યોગ્ય છે, એમ હુ સમજું છુ.

¶ पछी बिशप लोकोने कहे,

ભાઇઓ, આ માણુસો, કે જેઓ ડીકન થવાને લાવવામાં આવ્યા છે, તેઓમાંના કોઇમાં કંઇ અટકાવ અથવા જાણીતો અપરાધ છે, કે જેને લીધે તેને આ પદવી પર નહિ ઠરાવવો જોઇએ એવું તમારામાથી કોઇ જાણતું હોય, તો તે દેવના નામમા આગળ આવે, તથા તે અપરાધ કે અટકાવ કેવો છે તે દેખાડે.

¶ जो कोइ मोटो अपराध अथवा अटकाव निकळे, तो ज्या सुधी ते माणस ते विषे निर्दोष न जणाय, त्यां सुधी बिशप तेने दिक्षा न आपे.

¶ पछी बिशप, जेओ दिक्षा पामवाने योग्य जणाय, तेमने माटे मडळीने प्राथना करवानु कहे, अने जे पादरीओ तथा लोको त्या होय, तेमनी साथे आ नीचे लखेली लितनी तथा प्रार्थनाओ गाय अथवा वाचे.

લિતની તથા વિનતીઓ

હે દેવ પિતા. તુ જે આકાશમા છે, અમ દીન પાપીઓ પર દયા કર.

ઉત્તર. હે દેવ પિતા, તુ જે આકાશમા છે, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પુત્ર, જગતને ખડી લેનાર. અમ દીન પાપીઓ પર દયા કર.

ઉ. હે દેવ પુત્ર, જગતને ખડી લેનાર, અમ દીન પાપીઓ પર દયા કર.

હે દેવ પવિત્ર આત્મા, તુ જે પિતા તથા પુત્રમાથી નિકળે છે, અમ દીન પાપીઓ પર દયા કર.

ઉ. હે દેવ પવિત્ર આત્મા, તુ જે પિતા તથા પુત્રમાથી નિકળે છે. અમ દીન પાપીઓ પર દયા કર.

હે પવિત્ર, ધન્યવાન, અને મહિમાવાન ત્રય, ત્રણ વ્યક્તિ, અને એકજ દેવ, અમ દીન પાપીઓ પર દયા કર.

ઉ. હે પવિત્ર, ધન્યવાન, અને મહિમાવાન ત્રય, ત્રણ વ્યક્તિ, અને એકજ દેવ, અમ દીન પાપીઓ પર દયા કર.

હે પ્રભુ, અમારા તથા અમારા પૂર્વજોના અપરાધોનું સ્મરણ ન કર; અને અમારા પાપોનો બદલો ન લે; હે દયાળુ પ્રભુ, અમને છોડી દે, તારા લોકો, જેમને તેં તારા અતિ મૂલ્યવાન લોહી વડે ખંડી લીધા છે, તેમને છોડી દે, અને સદાકાળ સુધી અમારી સાથે ક્રોધિત ન રહે.

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડી દે.

બધી ભુડાઇ અને હાનિઓથી; પાપથી તથા શેતાનનાં કાવતરાં અને હુમલાઓથી; તારા કોપથી અને સદાકાળની દંડાજ્ઞાથી,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

મનના બધા અંધાપાથી; અહંકારથી, વ્યર્થ શોભાની ઇચ્છાથી, અને ઢોંગથી; અદેખાઇ, દ્વેષ, અને વૈરથી, અને બધી અપ્રીતિથી,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ

વ્યભિચાર, અને બીજા બધા મોતકારક પાપથી; જગત, દેહ. અને શેતાનની બધી ઠગાઇથી,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ

વિજળી અને આંધીથી, મરકી, રોગ અને દુકાળથી; લડાઇ અને ખૂનથી, અને અચાનક મોતથી,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

બધા રાજ્યદ્રોહીપણાથી, ગુપ્ત તરકટો રચવાથી, અને બળવાથી; બધા જુઠા ઉપદેશથી, વિરૂદ્ધ મત, અને તંડાથી, મનની કઠણતાથી, અને તારા વચન તથા આજ્ઞાને તુચ્છ ગણવાથી.

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

તારા પવિત્ર દેહધારણના ભેદને લીધે, તારા પવિત્ર જન્મ અને સુન્નતને લીધે, તારા બાપ્તિસ્મા, ઉપવાસ. અને પરીક્ષણને લીધે,

ઉ. હે દયાળુ પ્રભુ. અમને છોડાવ.

તારી વ્યાકુળતા અને લોહીના પરસેવાને લીધે; તારા ક્રુસ અને દુ:ખસહનને લીધે; તારા મૂલ્યવાન મોત અને દટાઇ જવાને લીધે; તારા મહિમાવાન પુનરૂત્થાન અને આકાશગમનને લીધે; અને પવિત્ર આત્માના આવવાને લીધે,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

અમારાં બધાં દુ:ખને વખતે; અમારાં બધાં સુખને વખતે; મોતની વેળા, અને ન્યાયને દિવસે,

ઉ. હે દયાળુ પ્રભુ, અમને છોડાવ.

હે પ્રભુ દેવ, અમે પાપીઓ તારી વિનતી કરીએ છીએ કે, અમારૂ સાંભળ, અને દયા કરીને તારી પવિત્ર સાર્વત્રિક કલીસીઆને સત્યના ધોરણ ઉપર ચલાવ,

હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને તારા દાસ અમારા પરમ કૃપાળુ મહારાજા અને ધણી, જ્યોર્જ, કૈસરે હિંદની સંભાળ કર, અને તેને શક્તિ આપ કે તે તારી ખરી ભક્તિ કર્યા કરે; અને ન્યાયીપણાથી તથા પવિત્રતાથી જીવન કાઢે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને તેના મનને તારા પરના વિશ્વાસ, બીક, અને પ્રેમમા રાખ, અને એવું કર કે, તે સદા તારો આધાર રાખીને હમેશાં તારા માન તથા મહિમાને માટે મહેનત કરે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાભળ

દયા કરીને તેનો સભાળનાર તથા રક્ષક થા, અને તેના બધા શત્રુઓ ઉપર તેને જય પમાડ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાભળ

દયા કરીને અમારા કૃપાળુ મહારાણી મેરીને, રાજ્યમાતા આલેકઝાંડ્રાને, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સને. તથા આખા રાજ્ય કુટુંબને આશીર્વાદ આપ, અને તેમને સભાળ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાભળ

દયા કરીને બધા બિશપ, પ્રીસ્ટ, અને ડીકનોને, તારા વચનના ખરા જ્ઞાન અને સમજણથી પ્રકાશિત કર કે. તેઓ પોતાના ઉપદેશમા તેને દેખાડે. તથા પોતાની ચાલ વડે પણ પ્રગટ કરે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાભળ

દયા કરીને જે તારા સેવક હમણા ડીકન (કે પ્રીસ્ટ)ની દિક્ષા પામવાના છે, તેમને આશીર્વાદ આપ, અને તારી કૃપા તેમના પર રેડ, કે તારી મડળીની ઉન્નતિ તથા તારા પવિત્ર નામના મહિમાને માટે, તેઓ યોગ્ય રીતે પોતાની પદવીનુ કામ કરે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

દયા કરીને બધા રાજમંત્રીઓને, અને ઉમરાવોને, કૃપા, બુદ્ધિ, અને સમજણથી ભરપૂર કર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને આ દેશના વાયસરાય, ગવર્નરો, અને જજ્જોને આશીર્વાદ આપ તથા સંભાળ, તથા તેમને તારી કૃપાળુ મરજી પ્રમાણે દોર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધા માજીસ્ટ્રેટોને આશીર્વાદ દે, અને તેમની સંભાળ કર; અને તેઓ પર એવી કૃપા મોકલ, કે તેઓ ન્યાય કરે, અને સત્યને જાળવી રાખે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

*દયા કરીને અમારા મહારાજા તથા તેના દેશને આશીર્વાદ આપ અને સફળ કર, અને અમ બધાંને જીવનના માર્ગ તરફ દોર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને તારા બધા લોકોને આશીર્વાદ આપીને તેમની સંભાળ કર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધી દેશજાતિઓમા ઐક્યતા, સલાહ, અને મેળાપ ઉત્પન્ન કર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને અમને એવું મન આપ, કે તારા પર પ્રીતિ કરીએ, તારી બીક રાખીએ, અને તારી આજ્ઞાઓ પ્રમાણે યત્નથી ચાલીએ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને તારા બધા લોકો પર તારી કૃપા એવી વધાર, કે તેઓ તારા વચનને નમ્રતાથી સાંભળે, અને શુદ્ધ ભાવથી તેને માને, તથા આત્માનાં ફળ લાવે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેટલાં ભટકી ગયાં છે, અને જેઓ ઠગાઇ ગયાં છે, તે બધાંને સત્યના માર્ગમાં લાવ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ સ્થિર છે તેમને બળ આપ; નબળાં મનવાળાંને દિલાસો અને સહાય આપ; અને પડી ગએલાંને ઉઠાડીને ઉભાં કર; અને છેવટે શેતાનને અમારા પગ તળે કચડી નાખ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ ભયમાં, અડચણમાં, અને દુઃખમાં હોય, તે બધાંની સંભાળ તથા સહાય કર, તથા દિલાસો આપ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જેઓ ભૂમિ પર, તથા જળ પર મુસાફરી કરે છે તેઓની, તથા જે બાયડીઓને ગરોદરપણાનું દુ.ખ હોય તેમની, બધાં માંદાંઓની, અને નાનાં બાળકોની સંભાળ કર; અને બધાં બંદીવાનો તથા શત્રુના હાથમાં પડેલા લોકો પર તારી કરૂણા દેખાડ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને નબાપાં બાળકોનું, વિધવાઓનું, નિરાધારોનું, તથા જુલમ વેઠનારાંઓનું રક્ષણ તથા પોષણ કર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને બધી માણસજાત પર દયા કર;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને અમારા વૈરીઓ, સતાવનારાંઓ, તથા આળ લગાડનારાઓને ક્ષમા કર, અને તેમનાં મનને ફેરવી નાખ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને જમીનની ઉપજ સારી ઉપજાવ, અને તેની સંભાળ કર, કે યોગ્ય સમયે તે અમારા ખપમાં આવે;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

દયા કરીને અમને ખરો પસ્તાવો આપ; અમારાં બધાં પાપ, ભૂલચૂક અને અજ્ઞાનતાની અમને ક્ષમા કર; અને તારા પવિત્ર આત્માની કૃપા વડે અમને ભરપૂર કર, કે અમે પોતાની ચાલ તારા પવિત્ર વચન પ્રમાણે સુધારીએ;

ઉ. હે દયાળુ પ્રભુ, અમારૂં સાંભળ.

ઓ દેવના દીકરા, અમે તારી વિનંતી કરીએ છીએ કે અમારૂં સાંભળ.

ઉ. ઓ દેવના દીકરા, અમે તારી વિનંતી કરીએ છીએ કે અમારૂં સાંભળ.

---

* આ દેશી રજવાડાઓમાં વાપરવા માટે ઠરાવેલી છે.

ઓ દેવના હલવાન, તું જે જગતનું પાપ હરણ કરે છે;

ઉ. તારી શાંતિ અમને આલ.

ઓ દેવના હલવાન, તું જે જગતનું પાપ હરણ કરે છે;

ઉ. અમારા પર દયા કર.

ઓ ખ્રીસ્ત, અમારૂ સાંભળ.

ઉ. ઓ ખ્રીસ્ત, અમારૂ સાભળ.

પ્રભુ, અમારા પર દયા કર.

ઉ. પ્રભુ, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

ઉ. ખ્રીસ્ત, અમારા પર દયા કર

પ્રભુ, અમારા પર દયા કર

ઉ. પ્રભુ, અમારા પર દયા કર.

¶ પછી પ્રીસ્ટ તથા તેની સાથે મંડળી પ્રભુની પ્રાર્થના બોલે.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂ નામ પવિત્ર મનાઓ, તારૂ રાજ્ય આવો; જેમ આકાશમા, તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ, તેમ તું અમારા અપરાધો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. આમેન.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારા પાપો પ્રમાણે અમારી સાથે ન વર્ત.

ઉત્તર. ને અમારા અપરાધો પ્રમાણે અમને બદલો ન આપ.

પ્રાર્થના કરીએ.

હે દેવ, દયાળુ બાપ, તું ભાંગેલા મનના નિશાસાને, અને જેઓ શોક કરે છે, તેઓની આશાને તુચ્છ નથી ગણતો; જ્યારે કોઇ દુઃખ અથવા કષ્ટ અમારા પર આવી પડે, ત્યારે તારી આગળ અમે જે પ્રાર્થના કરીએ, તેમાં દયા કરીને અમારી સહાય કર; અને કૃપા કરીને અમારૂં સાંભળ, કે શેતાન અથવા માણસ, પોતાનાં છળ અને ચતુરાઇથી, જે ભુંડી યુક્તિઓ અમારી વિરૂદ્ધ કરતા હોય, તે બધી ટળી જાય; અને તારી દયાના પ્રબંધ વડે મટી જાય; એવી કે અમ તારા સેવકોને કોઇ રીતની સતાવણીથી દુઃખ ન થાય, અને તારી પવિત્ર કલીસીઆમાં અમે સર્વદા તારો ઉપકાર માનતા રહીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના આસરાથી

ઉ. હે પ્રભુ, ઉઠ, અમારી સહાય કર, અને તારા નામને માટે અમને છોડાવ.

હે દેવ, અમે પોતાના કાનોએ સાભળ્યુ છે, અને અમારા પૂર્વજોએ અમારી આગળ વર્ણન કીધું છે કે, તેમના દિવસોમા, અને તેમનાથી પહેલા પુરાતન કાળમા તે કેવાં કેવાં ઉત્તમ કામો કીધા હતા!

ઉ. હે પ્રભુ, ઉઠ, અમારી સહાય કર, અને તારી મોટાઇને લીધે અમને છોડાવ

પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ;

ઉત્તર. જેવો આરંભમા હતો, હમણા છે, ને સદાકાળ યુગાનયુગ રહેશે. આમેન.

હે ખ્રીસ્ત, અમારા શત્રુઓની સામે અમારી આડ થા.

ઉ. અમારા દુઃખો પર દયાની નજર કર.

દયા કરીને અમારા મનના શોક તરફ જો.

ઉ. દયા કરીને તારા લોકના પાપ ક્ષમા કર

પ્રસન્નતા અને દયાથી અમારી પ્રાર્થનાઓ સાંભળ.

ઉ. હે દાઉદના દીકરા, અમારા પર દયા કર

હે ખ્રીસ્ત, કૃપા કરીને, હમણા અને સર્વદા અમારૂ સાભળ.

ઉ. હે ખ્રીસ્ત, કૃપા કરીને અમારૂ સાભળ;

હે પ્રભુ ખ્રીસ્ત, કૃપા કરીને અમારૂ સાભળ.

પ્રીસ્ટ. હે પ્રભુ, તારી દયા અમારા પર થાઓ;

ઉત્તર. કેમકે અમારો ભરોસો તારાજ ઉપર છે.

પ્રાર્થના કરીએ.

હે પિતા, અમે નમ્રતાથી વિનંતી કરીએ છીએ કે, અમારી દુર્બળતા પર દયાની નજર

કર; અને ન્યાયની રીતે અમે જે દુ:ખો ભોગવવાને અતિયોગ્ય ઠર્યા છીએ, તેમને તારા નામના મહિમાને માટે અમારાથી ટાળી દે; અને એવું કર કે, અમે પોતાનાં બધા દુ:ખોમા તારી દયા પર પૂરો આસરો અને ભરોસો રાખીએ, અને પવિત્ર તથા શુદ્ધ ચાલથી નિરતર તારી સેવા કરતા રહીએ, કે જેથી તને માન તથા મહિમા મળે; અમારા એકલા મધ્યસ્થ તથા પક્ષવાદી, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે આ માગીએ છીએ આમેન

¶ पछी सगनની पद्धति, नीचेनी मारप्रार्थना, पत्र, तथा सुवार्तानी माथे गावामा अथवा वाचवामा आवे.

सारप्रार्थना

હે સર્વશક્તિમાન દેવ, તે તારા દિવ્ય પ્રબધ પ્રમાણે તારી કલીસીઆમા સેવકોના જુદા જુદાં પદ ઠરાવ્યા છે, અને બીજાઓ સાથે પવિત્ર સ્તેફન જે ધર્મને માટે પહેલો મરનાર થયો, તેને ડીકનની પદવી પર ઠરાવવાની, તે તારા પ્રેરિતોને પ્રેરણા કીધી; આ તારા સેવકો જેઓ તેવીજ પદવી તથા કારભાર સારૂ તેડાએલા છે. તેમના ઉપર દયાથી જો; તારા જ્ઞાનના સત્યથી તેમને એવી રીતે ભરી દે, અને તેમને જીવનની નિર્દોષતાથી શણગાર, કે તેઓ વાતથી તથા સારા નમુનાથી તારા નામના મહિમાને માટે, અને તારી કલીસીઆની ઉન્નતિને માટે આ પદવીમાં વિશ્વાસુપણાથી તારી સેવા કરે; અમારો તારનાર ઇસુ ખ્રીસ્ત જે તારી તથા પવિત્ર આત્માની સાથે હમણા અને સદાકાળ સુધી જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુન્યને લીધે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ તીમો. ૩; ૮.

એ પ્રમાણે સેવકો પણ ગભીર, બેવચની નહિ, ઘણા મદ્યપી નહિ, નીચ લાભ વિષે લોભી નહિ, વિશ્વાસી ધર્મનો મર્મ શુદ્ધ અંત:કરણથી રાખનાર એવા હોવા જોઇએ. તેઓ પહેલાં પરખાયલા થાય; પછી જો નિર્દોષ માલમ પડે તો સેવકનું કામ કરે. એ પ્રમાણે બાયડીઓ ગભીર, નિંદાખોર નહિ, સાવધાન, સર્વ વાતમાં વિશ્વાસુ એવી હોવી જોઇએ. હરેક સેવક એક સ્ત્રીનો વર, પોતાનાં છોકરા તથા ઘરનાંને સારી રીતે ચલાવનાર એવો હોવો જોઇએ. કેમકે જેઓએ સેવકનું કામ સારી રીતે કીધુ, તેઓ પોતાને સારૂ સારી પદવી તથા ખ્રીસ્ત ઇસુ પરના વિશ્વાસમા મોટી હિમ્મત મેળવે છે

¶ अथवा प्रेरितोना कृत्यनो आ भाग,

પ્રે. કૃ ૬; ૨

ત્યારે બાર પ્રેરિતોએ બધા શિષ્યોને પોતાની પાસે બોલાવીને કહ્યુ કે, અમે દેવની વાત મુકીને ભાણા પિરસવાની સેવા કરીએ. એ શોભતુ નથી. માટે, ભાઇઓ, તમે પોતામાંથી પવિત્ર આત્માએ તથા જ્ઞાને ભરપૂર એવા સાત સુકીર્ત્તિમાન માણસોને શોધી કાઢો, કે જેઓને અમે એ કામ પર ઠરાવીએ પણ અમે તો પ્રાર્થનામા તથા દેવની વાતની સેવામા લાગુ રહીશું. અને એ વાત આખા સમુદાયને સારી લાગી; ને સ્તેફન નામે વિશ્વાસે તથા પવિત્ર આત્માએ ભરપૂર એવા એક માણસને, તથા ફીલીપને, તથા પ્રોખરસને, તથા નિકાનોરને, તથા તીમોનને, તથા પાર્મેનાસને, તથા અત્યોખના થએલા યહુદી નિકોલાસને, તેઓએ પસદ કર્યો. અને તેઓએ તેમને પ્રેરિતોની આગળ ઉભા કર્યા, અને એઓએ પ્રાર્થના કરીને તેમના પર હાથ મુક્યા. અને દેવની વાત ફેલાઇ ગઇ, ને યરૂશાલેમમાં શિષ્યોની સખ્યા ઘણી વધી ગઇ; અને યાજકોનો મોટો જથ્થો વિશ્વાસને આધીન થયો.

¶ अने सुवार्ता पहेलां बिशप, पोतानी खुरसी पर बेसीने, जेमने दिक्षा आपवानी होय, ते दरेकनी, लोकोनी समक्ष, नीचे लखेली रीत प्रमाणे परीक्षा करे.

દેવનો મહિમા વધારવા તથા તેના લોકોની સુધારણાને માટે તેની સેવા કરવા સારૂ, આ

પદવી તથા સેવા પોતા પર લેવાની તમારા મનમા પવિત્ર આત્માએ પ્રેરણા કીધી છે, એવો ભરોસો તમે કરો છો શું?

ઉત્તર. હુ એવો ભરોસો કરૂ છુ.

બિશપ.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની ઇચ્છા પ્રમાણે, તથા આ રાજ્યના નિયમ પ્રમાણે, કલીસીઆની સેવાને માટે તમે ખરેખર તેડાયા છો, એમ તમે ધારો છો શું?

ઉત્તર. હા, હુ એમ ધારૂ છુ

બિશપ

શું જુના તથા નવા કરારના બધા કાનૂની પુસ્તકો પર તમે નિષ્કપટ વિશ્વાસ રાખો છો?

ઉત્તર હા, હુ તેમના પર વિશ્વાસ રાખુ છુ

બિશપ

જ્યા તમને સેવા કરવા સારૂ ઠરાવવામા આવે ત્યાના દેવળમા, એકઠા થએલા લોક આગળ, તમે તેમને આસ્થાથી વાચશો શું?

ઉત્તર હા, હુ એમજ કરીશ.

બિશપ

જે મડળીની સેવા માટે ડીકનને ઠરાવવામા આવે, ત્યા તેનુ કામ એ છે જે દેવની ભજન-સેવામા પ્રીસ્ટની સહાય કરે, અને વિશેષ કરીને પવિત્ર સગત પાળવામા તથા તે વહેચવામા તેની મદદ કરે, તથા દેવળમા પવિત્ર શાસ્ત્ર અને ઉપદેશ વાંચે; અને છોકરાઓને કેટીકીઝમનુ શિક્ષણ આપે; તથા પ્રીસ્ટ ન હોય ત્યારે બાળકોને બાપ્તિસ્મા આપે, તથા જો બિશપ અધિકાર આપે તો ઉપદેશ કરે. વળી જ્યાં એવી યોજના હોય ત્યા, તેનું કામ એ પણ છે કે, મડળીના માંદા, દરિદ્રી, તથા અશક્ત લોકોને શોધીને તેમની સ્થિતિ, નામો, તથા તેમનાં રહેવાના ઠેકાણા, ઉપરી પાળકને જણાવે કે તેના સમજાવવાથી, ગામના અથવા બીજા લોકોનાં દાનધર્મ વડે તેમના ખપ પુરા પાડવામાં આવે. શું તમે આનદ તથા ખુશીથી એમ કરશો?

ઉત્તર. દેવની સહાયથી હુ એમ કરીશ.

બિશપ.

તમારૂ પોતાનું જીવન તથા તમારા કુટુબમાના બધાનુ જીવન, ખ્રીસ્તના શિક્ષણ પ્રમાણે ઘડવાને, તથા તમારાથી જ્યા સુધી બની શકે ત્યા સુધી, તમે પોતાને તથા તેમને, ખ્રીસ્તના ટોળાના સાચા નમુના દેખાડવાને તમારા આખા મનથી યત્ન કરશો?

ઉત્તર. હા, પ્રભુની સહાયથી હુ એમ કરીશ

બિશપ.

શુ તમારો ધર્માધિકારી, તથા કલીસીઆના બીજા મુખ્ય સેવકો, તથા જેઓને તમારા ઉપર અધિકાર કરવાને સોપેલુ છે, તેમની આજ્ઞાને માન સહિત આધીન થઇને, સતોષપણાથી અને મનથી તેમની ધર્માનુસાર શિખામણ પ્રમાણે ચાલશો?

ઉત્તર હુ એમ કરવાને યત્ન કરીશ, કેમકે પ્રભુ મારો સહાયક છે

¶ पछी तेओ नम्रताथी बिशपनी आगळ घुटण टेंक, ने बिशप देरकना माथा उपर पृथक पृथक पोताना हाथो मुकीने एम बोल

દેવની કલીસીઆમા જે ડીકનની પદવી તને સોપવામા આવે છે. તેનુ કામ કરવાનો અધિકાર તું લે; પિતા, તથા પુત્ર. તથા પવિત્ર આત્માના નામમા. આમેન

¶ पछी बिशप ते देरकने एम कहीने नवो करार आपे,

દેવની મડળીમા સુવાર્તા વાચવાનો, તથા જો પોતે બિશપ તરફથી તને પરવાનો આપવામા આવે, તો તેનો ઉપદેશ કરવાનો અધિકાર તુ લે

¶ पछी तेओमानो एक, जेने बिशप ठरावे, ते सुवार्ता वांचे

સુવાર્તા પ. લુક. ૧૨; ૩૫.

તમારી કમરો બાંધેલી તથા તમારા દીવા સળગેલા રાખો; અને જે માણસો પોતાનો ધણી લગ્નમાથી ક્યારે પાછો આવે, તેની

વાટ જુએ છે, એ માટે કે તે આવીને ઠોકે, કે તત્કાળ તેઓ તેને સારૂ દ્વાર ઉઘાડે, તેઓના જેવા તમે થાઓ જે દાસોને ધણી આવીને જાગતા જોશે તેઓને ધન્ય છે; હુ તમને ખચિત કહુ છુ કે, તે પોતાની કમ્મર બાધીને તેઓને જમવા બેસાડશે, ને આવીને તેઓની સેવા કરશે. અને જો તે બીજે પહોરે આવે, કે ત્રીજે પહોરે આવે, ને તેઓને એમ કરતા જુએ, તો તે દાસોને ધન્ય છે.

¶ પછી બિશપ સગત પશ્ચાત્, અને જેઓની દિક્ષા થઇ હોય તેઓ બધા ત્યા થોભે તથા તેજ દિવસે બિશપ સાથે પવિત્ર સગત લે.

¶ સંગત પુરી થતા, છેલ્લી સારપ્રાર્થના પછી, તથા આશિર્વચન પહેલા આ નીચેની સારપ્રાર્થનાઓ વંચાય.

હે સર્વશક્તિમાન દેવ, બધી સારી વસ્તુના આપનાર, તું તારી મોટી દયાથી તારી કલીસીઆમા આ તારા સેવકોને ડીકનની પદવી માટે સ્વિકારવાને પ્રસન્ન થયો છે; અમે તારી પ્રાર્થના કરીએ છીએ, ઓ પ્રભુ, કે તું તેમને તેમની સેવામા, સભ્ય, નમ્ર તથા દૃઢ કર, ને બધા આત્મિક બધારણ તત્પરતાથી પાળવાનું મન તેમને આપ, કે તેઓ સદા શુદ્ધ અત:કરણની સાક્ષી રાખીને, તારા દીકરા ખ્રીસ્તમાં સદા દૃઢ તથા સ્થિર થતા રહે; અને આ નિચલા પદમા એવી સારી રીતે વર્તે કે, તેઓ તારી કલીસીઆની ચઢતી સેવાને માટે તેડાવા સારૂ યોગ્ય જણાય; તારો દીકરો અમારો તારનાર ઇસુ ખ્રીસ્ત, જેને યુગાનયુગ માન તથા મહિમા થાઓ, તેને નામે માગીએ છીએ. આમેન.

હે પ્રભુ, અમારા બધા કામોમા તારી અત્યત કૃપા વડે, અમારી સભાળ કર, અને તારી નિરંતર સહાયતા વડે, અમને આગળ વધાર, કે અમે પોતાના બધાં કામોનો આરભ તારાથી કરીએ, તારામાં કરતાં રહીએ, અને તારામા પૂરાં પણ કરીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય; અને અમે છેવટે તારી દયાથી અનત જીવનને પ્રાપ્ત કરીએ; અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

દેવની શાતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે તમારા હૃદયોને તથા મનોને, દેવ અને તેના પુત્ર ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુના જ્ઞાન અને પ્રેમમા સભાળો; અને સર્વશક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર થાઓ, અને સર્વદા તમારી સાથે રહો. આમેન.

¶ અહી ડીકનને જણાવવું જોઇએ કે, કોઇ યોગ્ય કારણને લીધે જો બીશપને બીજી રીતે વર્તવાનુ સારુ ન લાગે, તો તેણે ડીકનની પદવી પર એક આખુ વરસ રહેવુ જોઇએ, કે કલીસીઆના કારભાર સાથે જે કઇ સબધ ધરાવે છે, તેમા તે પાકો તથા નિપુણ થઇ જાય. અને જો આ કામમા તે વિશ્વાસુ તથા પરિશ્રમ લેનારો જણાઇ આવે, તો કાનૂનમા ઠરાવેલા સમયે અથવા જો ઘણી અગત્ય હોય તો કોઇ બીજા રવિવારે અથવા પવિત્ર દિવસે, તેની ડૈઓસીસનો બિશપ કલીસીઆની આગળ નીચેની રીત અને પદ્ધતિ પ્રમાણે તેને પ્રીસ્ટની દિક્ષા આપે.

પ્રીસ્ટોને દિક્ષા આપવાની પદ્ધતિ તથા રીત.

¶ જ્યાંરે બિશપે ઠરાવેલો દિવસ આવે, ત્યારે સવારની પ્રાર્થના સમાપ્ત થયા પછી, જેઓ પ્રીસ્ટ થવાના હોય, તેમના કામ તથા હોદ્દા વિષે ઉપદેશ અથવા શિખામણ આપવામા આવે, કે ખ્રીસ્તની કલીસીઆમા આ પદવી કેવી અગત્યની છે, અને તેમના આ હોદ્દાને લીધે, લોકોએ તેમને કેવુ માન આપવું જોઇએ.

¶ પહેલાં બિશપ પવિત્ર મેજ પાસે પોતાની ખુરસી પર બેસે, અને જેઓ તે દિવસે પ્રીસ્ટની દિક્ષા લેનારા હોય, તેમનામાનો દરેક યોગ્ય વસ્ત્ર ધારણ કરે, અને આર્ચડીકન અથવા તેની જગ્યામા ઠરાવેલો તેનો બદલી તે બધાને બિશપ આગળ ઉભા કરીને એમ કહે,

હેવમાં માનવંત પિતાજી, આ માણસોને પ્રીસ્ટના પદ ઉપર નિમવા સારૂ હુ આપની આગળ હાજર કરૂ છુ.

બિશપ

સભાળો, કે જે માણસોને તમે અમારી આગળ હાજર કરો છો, તેઓ વિદ્યામા, તથા ધાર્મિક આચરણમા એવા યોગ્ય હોય. કે તેઓ દેવના માન, તથા તેની કલીસીઆની ઉન્નતિને માટે, પોતાની પદવીનુ કામ ઉચિત રીતે કરી શકશે.

¶ આર્ચડીકન ઉત્તર આપે

મે એઓ વિષે શોધ કીધો છે, તથા એમની પરીક્ષા લીધી છે, અને તેઓ યોગ્ય છે. એમ હુ સમજું છુ

¶ પછી બિશપ લોકોને કહે,

હે સજ્જનો, આ તે માણસો છે જેમને. જો દેવની ઇચ્છા હોય, તો અમે આજે પ્રીસ્ટની પવિત્ર પદવી પર નિમવાનો વિચાર કરીએ છીએ; કારણ કે સારી રીતે તેમની પરીક્ષા કીધા પછી, અમને જણાઇ આવ્યુ છે કે, એઓ પોતાના કામ તથા સેવા માટે નિયમાનુસાર તેડાએલા છે, અને તેઓ એ કામને માટે યોગ્ય છે. તેમ છતા પણ, કોઇમા કંઇ અટકાવ અથવા જાણીતો અપરાધ છે, કે જેથી તેને આ પદ ઉપર સ્વિકારવો ન જોઇએ. એવું જો તમારામાનો કોઇ કંઇ જાણતો હોય, તો દેવના નામમાં આગળ આવીને, તે અપરાધ કે અટકાવ કેવો છે, તે દેખાડો.

¶ જો કોઇ મોટો અપરાધ અથવા અટકાવ નીકળે, તો જ્યા સુધી તે માણસ તે વિષે નિર્દોષ ન જણાય, ત્યા સુધી બિશપ તેને દિક્ષા ન આપે.

¶ પછી બિશપ, જેઓ દિક્ષા પામવાને યોગ્ય જણાય, તેમને માટે મન્ડળીને પ્રાર્થના કરવાનુ કહે, અને જે સેવકો તથા લોકો ત્યા હોય, તેમની સાથે ડીકનોની દિક્ષા પદ્ધતિમા આગળ જેમ ઠરાવેલુ છે તેમ લીતની તથા પ્રાર્થનાઓ ગાય અથવા વાંચે, પરંતુ ફેર એટલોજ કરવો, કે જે વિશેષ પ્રાર્થના તેમા ઉમેરેલી છે તેમાથી ડીકન શબ્દ કાઢીને પ્રીસ્ટ શબ્દ ઉમેરવો

¶ પછી સંગતની પદ્ધતિ, નીચેની સારપ્રાર્થના, પત્ર, તથા સુવાર્તા સાથે, ગાતામાં અથવા વાચવામા આવે

સારપ્રાર્થના.

હે સર્વશક્તિમાન દેવ. બધા સારા વાનાના આપનાર, તે તારા પવિત્ર આત્મા વડે તારી કલીસીઆમા સેવકોના જુદા જુદા પદો ઠરાવેલા છે; આ તારા દાસો, કે જેઓ હમણા પ્રીસ્ટની પદવીને માટે બોલાવવામા આવ્યા છે, તેમના ઉપર દયાથી જો; અને તારા નામનો મહિમા તથા તારી કલીસીઆની ઉન્નતિ થવાને માટે, એઓને તુ તારા શિક્ષણના સત્યથી એવી રીતે ભરી દે, તથા નિર્દોષ આચરણથી એવી રીતે શણગાર, કે એઓ પોતાના વચન તથા સારી ચાલ વડે, આ પદમાં તારી સેવા વિશ્વાસુપણાથી કરે; અમારો તારનાર ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા

પવિત્ર આત્માની સાથે યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે. તેના પુન્યને પ્રતાપે માગીએ છીએ. આમેન

પત્ર. એફેસી. ૪ ; ૭

આપણામાના હરેકને ખ્રીસ્તના દાનના પરિમાણ પ્રમાણે કૃપા અપાએલી છે. એ માટે તે કહે છે કે, ઉંચાણમાં ચઢીને, તે બદીવાનોને બંધ કરીને લઇ ગયો તથા તેણે માણસોને દાન આપ્યા. તે ચઢયો, એ શુ છે? શું એ નહિ, કે પ્રથમ તે પૃથ્વીના નીચા ભાગોમા ઉતર્યો? જે ઉતર્યો તે એ છે કે, જે સર્વ આકાશો પર ચઢયો, કે તે સર્વને ભરપુર કરે. અને પવિત્રોની સપૂર્ણતા કરવાને અર્થે, સેવાના કામને સારુ ખ્રીસ્તના શરીરનું સસ્થાપન કરવા સારૂ, તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક ભવિષ્યવાદીઓ, કેટલાએક સુવાર્તિકો, ને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા; ત્યા સુધી કે આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસ તથા જ્ઞાનની ઐક્યતામા સપૂર્ણ પુરૂષપણાને, એટલે ખ્રીસ્તની સપૂર્ણતાના કદના પરિમાણને પહોચીએ; એ સારૂ કે હવેથી આપણે માણસોની ઠગાઇથી, ભુલાવવાની યુક્તિના કપટથી, દરેક મતના પવનથી હલાવાએલા તથા ફેરવાએલા બાળકો ન હોઇએ પણ પ્રેમથી સત્ય રાખીને, ખ્રીસ્ત જે શિર, તેમા સર્વ પ્રકારે વધીએ.

¶ પછી પવિત્ર માત્થીના નવમા અધ્યાયમાથી નીચે પ્રમાણે સુવાર્તા વંચાય.

પ. મા. ૯ ; ૩૬.

લોકોને જોઇને તેઓ પર તેને દયા આવી; કેમકે તેઓ પાળક વગરના ઘેટાના જેવા હેરાન તથા વેરાઇ ગએલા હતા. ત્યારે તે પોતાના શિષ્યોને કહે છે કે, ફસલ પુષ્કળ છે ખરી, પણ મજુરો થોડા છે. એ માટે તમે ફસલના ધણીને પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે.

¶ અથવા પવિત્ર યોહાનના દસમા અધ્યાયમાંથી આ નીચે લખેલો ભાગ.

પ. યોહાન ૧૦; ૧.

હુ તમને ખચિત ખચિત કહુ છુ કે, બારણેથી ઘેટાંના વાડામા જે નથી પેસતો, પણ બીજે કોઇ રસ્તેથી ચઢે છે, તેજ ચોર તથા લૂટારો છે. પણ બારણેથી જે પેસે છે, તે ઘેટાપાળક છે. દરવાન તેને સારૂ ઉઘાડે છે; ને ઘેટા તેનો સાદ સાભળે છે; ને તે પોતાનાં ઘેટાને નામ લઇને બોલાવે છે, ને તેઓને બહાર દોરી જાય છે. જ્યારે તે પોતાનાં સર્વ ઘેટાં બહાર કાઢે છે, ત્યારે તે તેઓની આગળ ચાલે છે, ને ઘેટા તેની પાછળ ચાલે છે; કેમકે તેઓ તેનો સાદ ઓળખે છે પણ તેઓ પારકાની પાછળ નહિ ચાલશે. પણ તેની પાસેથી નાસી જશે; કેમકે પારકાઓના સાદ તેઓ ઓળખતા નથી ઇસુએ તેઓને એ દૃષ્ટાત કહ્યુ. પણ જે વાતો તેણે તેઓને કહી તે શી છે તે તેઓ સમજ્યા નહિ.

ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યુ કે, હુ તમને ખચિત ખચિત કહુ છુ કે, ઘેટાનુ બારણુ હુ છુ. જેટલા મારાથી આગળ આવ્યા, તેઓ સઘળા ચોર તથા લૂટારા છે; પણ ઘેટાએ તેઓનું સાભળ્યુ નહિ. હુ બારણુ છુ, મારાથી જો કોઇ પેસે, તો તે ઉદ્ધાર પામશે, ને માંહે આવશે ને બહાર જશે, ને ચારો પામશે. ચોરી કરવા તથા મારી નાખવા તથા નાશ કરવા વગર બીજી મતલબથી ચોર આવતો નથી. તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હુ આવ્યો છુ. હુ ઉત્તમ ઘેટાંપાળક છુ; ઉત્તમ ઘેટાપાળક ઘેટાને સારૂ પોતાનો જીવ આપે છે. જે ચાકર છે અને ઘેટાપાળક નથી, જે પોતે ઘેટાનો ધણી નથી, તે વરૂને આવતું દેખીને ઘેટાને મૂકીને નાસી જાય છે; પછી વરૂ તેઓને પકડીને તેઓને વિખેરી નાખે છે. તે નાસી જાય છે, કેમકે તે ચાકર છે, ને ઘેટાંની તેને ચિંતા નથી. હુ ઉત્તમ ઘેટાંપાળક છું, ને પોતાનાંને ઓળખુ છું, ને મારાં પોતાના મને ઓળખે છે. જેમ બાપ મને ઓળખે છે ને હુ બાપને ઓળખું છું તેમ તેઓ મને ઓળખે છે; ને ઘેટાંને સારૂ હું

પોતાનો જીવ આપું છુ. અને મારા બીજાં ઘેટાં છે, તેઓ આ વાડામાંના નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે, ને તેઓ મારો સાદ સાભળશે; અને તેઓ એક ટોળું, એક ઘેટાંપાળક થશે

¶ પછી બિશપ, પોતાની ખુરશી પર બેસી રહીને, આ નીચે લખેલો ઉપદેશ તેઓને સમળાવે

ભાઇઓ, તમારી જે પરીક્ષા અમે એકાતમા લીધી, તથા જે ઉપદેશ હમણા તમને સભળાવવામાં આવ્યો. તથા જે પવિત્ર વાચનો સુવાર્તા તથા પ્રેરિતોના લેખોમાથી વાચવામા આવ્યા, તેઓમા તમે સાભળ્યુ છે, કે જે પદ પર તમને બોલાવવામાં આવે છે. તે કેવા સન્માનનુ તથા મહત્વનું પદ છે અને હવે અમે ફરીથી તમને, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામમા બોધ કરીએ છીએ કે, તમને કેવી શ્રેષ્ઠ પદવી. તથા ભારે કામ અને અધિકારને માટે બોલાવવામા આવે છે, તેનું સ્મરણ કરો, એટલે કે પ્રભુના સદેશીઆ, પહેરો ભરનાર, તથા કારભારી થવાને, પ્રભુના કુટુબને શિખવવાને, સાવધ કરવાને, અને તેનું પાળણ પોષણ કરવાને, તથા ખ્રીસ્તનાં ઘેટા. જે આમતેમ વિખરાઇ ગએલા છે, તેઓને અને આ દુષ્ટ જગતમા તેના જે છોકરા છે. તેઓને ખ્રીસ્ત વડે સર્વકાળનુ તારણ મળે. માટે તેઓનો શોધ કરવા સારૂ, તમને બોલાવવામા આવ્યા છે.

માટે કેવડુ મોટુ ધન તમારે સ્વાધીન કરવામાં આવ્યુ છે, તેની મુદ્રા તમારા સ્મરણમા થવા દો. કારણ કે તેઓ ખ્રીસ્તના ઘેટા છે, જેમને તેણે પોતાના મરણ વડે વેચાતા લીધા છે, અને તેમને સારૂ પોતાનું લોહી પાડયુ છે. જે કલીસીઆની તથા મંડળીની સેવા તમારે કરવાની છે, તે ખ્રીસ્તની કન્યા તથા શરીર છે. અને તમારી નિષ્કાળજીને લીધે કલીસીઆ અથવા તેના કોઇ અગને જો કોઇ હાની અથવા ઠોકર લાગે, તો તે કેવડો મોટો અપરાધ તથા તેને લીધે કેવી ભયકર શિક્ષા થશે, તે તમે જાણો છો; એટલા માટે દેવનાં છોકરાં તથા ખ્રીસ્તની કન્યા. તથા તેના શરીર વિશે તમારી જે સેવા, તેનો હેતુ શો છે, તેના તમે પોતામા વિચાર કરો; અને સાવધાન રહો કે, ધર્મ વિષેની કોઇ ભૂલ, અથવા તમારા જીવનમા દુરાચરણની વાસ પણ ન હોય, માટે જેઓ તમારા અધિકાર તળે છે અથવા થશે, તે સર્વ દેવના વિશ્વાસ તથા જ્ઞાન વિષે એક મતના થાય, તથા ખ્રીસ્તમા તેઓ પુરી વયના અને સપૂર્ણ થાય, ત્યા સુધી, તમારે પોતાનો શ્રમ તથા કાળજી, અને ઉદ્યોગ છોડવો નહિ, એ તમારૂ કર્તવ્યકર્મ છે.

અને તમારી પદવી એવી ઉત્તમ છે, તથા એટલી બધી કઠણ છે, માટે જે પ્રભુએ તમને એવડા મોટા પદ પર નીમ્યા છે, તેના આજ્ઞાકિત તથા આભારી તમે છો, એ દેખાડવાને, તથા પોતે અપરાધ કરવાથી અથવા બીજાઓને અપરાધ કરવાનુ કારણ આપવાથી સાવધાન રહેવા સારૂ, તમારે કેવડી મોટી કાળજી તથા ધ્યાન કરવાની અગત્ય છે, તે તમે જોઇ શકો છો તથાપિ આ કામને માટે જેવુ મન તથા ઇચ્છા જોઇએ, તેવુ તમે પોતાની મેળે મેળવી શકતા નથી, કેમકે એવી ઇચ્છા તથા શક્તિ, કેવળ દેવજ આપે છે; તે માટે તેના પવિત્ર આત્મા મેળવવાને તમે આગ્રહથી પ્રાર્થના કર્યા કરો. એ તમારે માટે અવશ્યનુ છે. અને તમે મનુષ્યના તારણ સાથે સબધ રાખનારૂ આ ભારે કામ પવિત્ર શાસ્ત્રમાથી લીધેલા શિક્ષણ અને ઉપદેશ તથા તે પ્રમાણેની વર્તણુક વિના, બીજા કોઇ ઉપાયથી કરી શકવાના નથી, માટે તમારે શાસ્ત્રનુ વાચન તથા અભ્યાસ કરવો. અને તે શાસ્ત્રના નિયમાનુસાર તમારૂ તથા તમારા જે વિશેષ સબધીઓ હોય, તેમનું આચરણ ઘડવા માટે, તમારે કેટલો પ્રયત્ન કરવો જોઇએ, અને એજ કારણને માટે, તમારાથી થઇ શકે ત્યા સુધી. સર્વ સસારિક ચિંતા, તથા અભ્યાસ છોડી દઇને, તેમને એક કોરે નાખી દેવા જોઇએ એનો તમે વિચાર કરો.

અમે એવી દ્રઢ આશા રાખીએ છીએ કે, તમે લાંબા વખતથી આ વાતની તુલના તથા વિચાર સારી રીતે કરો છો; અને જે પદને માટે તમને બોલાવવાનુ દેવને સારૂ લાગ્યુ છે, તેને પોતાનું સર્વ અર્પવાને, તમે તેની કૃપાથી દ્રઢ નિશ્ચય કીધો છે; એવો કે તમારાથી થઇ શકે ત્યા સુધી, આ એકજ વાત ઉપર તત્પર રહેશો. તથા પોતાની સઘળી ચિંતા તથા અભ્યાસ એ ઉપર લગાડશો; અને પવિત્ર આત્માની દિવ્ય સહાયને, આપણા એકલા તારનાર ઇસુ ખ્રીસ્તની મધ્યસ્થી વડે, દેવ પિતા પાસેથી નિરંતર માગ્યા કરો, એ માટે કે શાસ્ત્રનું નિત્ય ધ્યાન તથા મનન કરીને તમે તમારી સેવાના કામમાં અધિકાધિક દ્રઢ તથા પાકા થતા જાઓ; અને વારંવાર, તમારૂ તથા તમારા કુટુંબનું વર્તન પવિત્ર કરવાને, તથા ખ્રીસ્તના નિયમ અને શિક્ષણ પ્રમાણે તેને ઘડવાને તમે એવો પ્રયત્ન કરો, કે લોકો તમને અનુસરે, એવા હિતકારક તથા ધાર્મિકતાના નમુના તમે થઇ જાઓ

અને હવે ખ્રીસ્તની જે મડળી અહીંઆ એકઠી થએલી છે, તેમને આ વાત વિષે તમારાં મન તથા ઇચ્છાની જાણ પડે, અને આ તમારૂ વચન તમને તમારા કર્તવ્યકર્મ પ્રમાણે કરવાને અધિક ઉત્તેજન આપે, માટે તેજ વાતો વિષે જે પ્રશ્ન અમે દેવ તથા તેની કલીસીઆના નામમા તમને પુછીએ છીએ, તેનો સ્પષ્ટ ઉત્તર તમે આપો.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની ઇચ્છા પ્રમાણે, તથા ઈંગ્લંડની આ કલીસીઆની રીત પ્રમાણે પ્રીસ્ટની પદવી તથા સેવાના કામને માટે તમને ખરેખર બોલાવવામા આવ્યા છે, એવું તમે તમારા મનમાં સમજો છો શું?

ઉત્તર. હા, હું એમ ધારૂ છુ.

બિશપ.

ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસ વડે, સર્વકાળિક તારણને માટે, જે સર્વ શિક્ષણ અવશ્યનું છે, તે બધું પવિત્ર શાસ્ત્રમાં સમાએલું છે, એની તમને ખાતરી છે? અને જે લોકો તમને સોપાયલા છે, તેમને તે શાસ્ત્રમાથી શિખવવાને તમે નક્કી ઠરાવ કીધો છે, અને શાસ્ત્રમાંથી જે વાતો સિદ્ધ થઇ શકે, તે વિના બીજી કોઇ વાતો સર્વકાળિક તારણને માટે અગત્યની નથી, એવું શિખાડવાને તમે નિશ્ચય કીધો છે શું?

ઉત્તર દેવની કૃપાથી મને એવી ખાતરી છે, અને એમ કરવાને નિશ્ચય કીધો છે.

બિશપ.

જેવી રીતે પ્રભુએ આજ્ઞા આપેલી છે, અને જેવી રીતે આ કલીસીઆએ તથા રાજ્યે દેવની આજ્ઞા પ્રમાણે તેમને માની લીધી છે, તે પ્રમાણે જે લોકો પાલન કરવાને માટે તમારી દેખરેખ તળે સોપાયલા છે, તેઓ ખ્રીસ્તનુ શિક્ષણ તથા સાક્રમેન્ટો તથા તેની શિક્ષા પુરા પ્રયત્નથી પાળે અને માને માટે, એ શિખાડવાને તમે પોતે પાળવા તથા માનવામા વિશ્વાસુપણાથી નિત્ય પ્રયત્ન કરશો શું?

ઉત્તર પ્રભુની સહાયથી હુ એમ કરીશ.

બિશપ.

દેવના વચન વિરૂદ્ધ જે કંઇ ભૂલ ભરેલા તથા પારકા મત હોય, તેને કાઢી નાખવાને. અને તમારી હદમાં જે માંદા તેમજ સાજા હોય, જેમ અવશ્ય હોય અને પ્રસગ મળે, તેમ તેમને પ્રસિદ્ધપણે તથા એકાંતમા, ચેતવવાને તથા ઉપદેશ કરવાને, તમે વિશ્વાસુપણાથી પૂર્ણ પ્રયત્ન કરવા સારૂ સિદ્ધ રહેશો શું?

ઉત્તર. હા, પ્રભુ મારી સહાય કરશે, એટલે હુ સિદ્ધ રહીશ.

બિશપ.

સસારિક તથા દૈહિક વાતોનું ચિંતન મુકી દઇને, પ્રાર્થના કરવામાં, તથા પવિત્ર શાસ્ત્ર વાંચવામાં, અને તેનું જ્ઞાન મેળવવાને જે અભ્યાસ સાધનરૂપ થઇ પડે, તે કરવાને તત્પર રહેશો શું?

ઉત્તર. પ્રભુ મારી સહાય કરશે, એટલે હું એમ કરવાને પ્રયત્ન કરીશ.

બિશપ.

તમે તમારૂં પોતાનું તથા તમારા કુટુંબનું વલણ પ્રીસ્તના શિક્ષણ પ્રમાણે સુધારવાને, તથા તમારી પુરી શક્તિ પ્રમાણે પ્રીસ્તના ટોળાને માટે, બની શકે ત્યા સુધી, પોતાને સારો નમુનો તથા ઉદાહરણ બનાવવાને, સર્વ પ્રકારે યત્ન કરશો?

ઉત્તર. હુ એમ કરવાનો યત્ન કરીશ, કેમકે પ્રભુ મારો સહાયક છે.

બિશપ.

સર્વ પ્રીસ્તી લોકોમા, અને વિશેષ કરીને જે તમને સોપાયલા છે, અથવા સોપવામા આવશે. તેઓમાં સ્વસ્થતા, શાતિ અને પ્રીતિ, તમારાથી થઇ શકે ત્યા સુધી વધારશો તથા રાખશો?

ઉત્તર. પ્રભુ મારી સહાય કરશે, એટલે હુ એમજ કરીશ

બિશપ

શું તમે પોતાના ધર્માધિકારી, તથા મડળીના બીજા મુખ્ય સેવકો, જેમને તમારા ઉપર અધિકાર સોપવામા આવ્યો છે. તેમની આજ્ઞાને સન્માનથી પાળશો; તથા આનદી મન અને ઇચ્છાથી તેમની ધાર્મિક શિખામણો, અને તેમના ધાર્મિક ચુકાદાને આધીન થશો?

ઉત્તર. પ્રભુ મારી સહાય કરશે એટલે હુ એમજ કરીશ.

¶ પછી બિશપ ઉભો થઇને બોલે,

સર્વશક્તિમાન દેવ, જેણે આ બધી વાતો કરવાની તમને ઇચ્છા આપી છે, તે તમને તે પ્રમાણે કરવાને બળ અને શક્તિ આપો, કે તમારામા તેણે જે કામ આરભ્યુ છે, તેને તે પૂરૂ પણ કરે; ઇસુ પ્રીસ્ત આપણા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

¶ આ પછી, આ સર્વ વાતોને માટે દેવની આગળ, મનમા પોતાની પ્રાર્થનામા નમ્રતાથી વિનતી કરવાનુ મંડળીને કહેવામાં આવે, અને એવી પ્રાર્થનાને માટે કેટલાક વખત સુધી બધાએ છાનાં રહેવું.

¶ એ પછી જે લોકો પ્રીસ્ટની દિક્ષા લેનારા છે, તેઓ બધા ઘુંટણ ટેકે, અને પવિત્ર આત્મા, અમને પ્રેર, આ નામનુ ગીત બિશપ ગાય અથવા વાંચે, બિશપ આરભ કરે, અને પ્રીસ્ટો તથા બીજા જે ત્યા હોય, તેઓ તેની પાછળ નીચે લખ્યા પ્રમાણે વારાફરતી એક એક ચરણ બોલે

પવિત્ર આત્મા, અમને પ્રેર.
આકાશી અગ્નિથી ચોમેર,
તુ અભિષેકનો આત્મા છે,
તારા સાત દાનો અમને દે 1.
જે પ્રેરણા છે ઉપરની,
છે શાતિ, જીવન, પ્રેમાગ્નિ,
નિરતર પાડીને પ્રકાશ,
અધાપાનો કરી દે નાશ 2
તારી ઘણી કૃપા વડે,
આ વ્યાકુળોને આનદ દે;
દે શાતિ, વૈરીને નસાડ,
ને સાથે રહી દુ ખ મટાડ 3
પિતા, પુત્ર ને શુદ્ધ આત્મા,
દેવ ત્રિએક, તેનુ જ્ઞાન સદા
શિખાડ, ને અમોને સભાળ,
કે ગાયા કરીએ સદાકાળ, 4
સ્તવીએ તારા પુન્યને.
પિતા, પુત્ર ને આત્મા હે

અથવા આ,

હે ઉત્પન્નકર્તા આત્મા આવ,
અમોમા તારો વાસો લાવ,
અમારા મનો કર તુજ ઘર.
સ્વર્ગિય કૃપા એમા ભર 1
તું તો સબોધક આત્મા જે,
પરાત્પર દેવનુ દાન તે;
તુ જીવતુ જળ, તું અગ્નિ, પ્રેમ,
તું આત્મિક અભિષેક તેમ 2.
તું સાત બક્ષિસો આપનાર,
તુ દેવની આગળી જોરદાર,
તુ બાપનું વચન સદા છે,
બોલવાની અમને શક્તિ દે. 3.
અમ મનોમા પ્રકાશ કર
ને તારો પ્રેમ અમોમાં ભર;

દૂર કર સૌ દૈહિક નબળાઇ,
બળવાન કર અમોને સદાય. ૪
તું શત્રુઓને દૂર હઠાડ,
અમોને શાંતિ તું પમાડ;
અગ્રેસર થઇ અમોને દોર,
તો ભુડાનુ નહિ ચાલે જોર. ૫.
અમને દે જાણવા બાપને આજ,
ને પુત્રને જે મહારાજ,
તું આત્મા બન્નેનો ખરો,
તને માનીએ, એવુ કરો ૬.
સહુ માન આપો બાપને આજ,
ઉત્થાન પામેલા પુતને તાજ,
શુદ્ધાત્માની પણ સ્તુતિ ગાઓ,
ત્રિએક દેવનો મહિમા થાઓ ૭.

¶ ए थइ रहे, त्यारे बिशप आ प्रमाणे बोलीने प्रार्थना करे,

આપણે પ્રાર્થના કરીએ

સર્વશક્તિમાન દેવ, અને આકાશી પિતા, તે અમારા પરની તારી અનત પ્રીતિ અને સારાપણાને લીધે તારો એકલો અને અતિ પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્ત. અમારો ખડી લેનાર તથા સર્વકાળના જીવનનો કર્તા થવા સારૂ અમને આપ્યો છે; તેણે પોતાના મરણ વડે અમારી ખંડણી પૂરી કીધા પછી આકાશમા ચઢી જઇને, પોતાના પ્રેરિતો, પ્રવક્તાઓ, સુવાર્તિકો, શિક્ષકો, તથા પાળકોને આખા જગતમાં મોકલી દીધા; તેમના પરિશ્રમથી તથા સેવાથી, પૃથ્વીના સર્વ દેશોમાં તેણે તારા પવિત્ર નામથી સર્વકાળિક સ્તુતિ પ્રગટ કરવા સારૂ એક મોટુ ટોળુ ભેગુ કીધુ; તે તારી સર્વકાળિક દયાથી આ જે મોટા ઉપકારો કીધા છે તેને માટે, તથા તારા જે દાસો અહીંઆં છે, તેમને મનુષ્યોના તારણને માટે નિમેલા તેજ પદ તથા સેવાને માટે, તેં કૃપા કરીને બોલાવ્યા છે, એ માટે અમે અમારા સપુર્ણ મનથી તારો ઉપકાર માનીને, તારી સ્તુતિ અને આરાધના કરીએ છીએ; અને તારા તેજ ધન્ય પુત્ર વડે અમે નમ્રતાથી તારી વિનતી કરીએ છીએ કે, જેઓ અહીંઆં અથવા બીજી કોઇ જગ્યામાં તારા પવિત્ર નામની હાંક મારે છે, તે અમ સર્વ, આ તથા તારા બીજા ઉપકારો માટે, નિરંતર અમારૂ આભારીપણું પ્રગટ કરતાં રહીએ; અને તારા વિષેના તથા તારા પુત્ર વિષેના જ્ઞાન તથા વિશ્વાસમા પવિત્ર આત્મા વડે પ્રતિદિન વૃદ્ધિ પામીને આગળ વધતાં જઇએ, એવું તું કર. એ માટે કે આ તારા સેવકો વડે, અને જેઓ ઉપર તેઓ સેવકો ઠરાવાશે તેઓ વડે પણ, તારા પવિત્ર નામનો મહિમા સર્વદા થતો રહે, તથા તારા ધન્ય રાજ્યનો વિસ્તાર વધતો જાય; તેજ તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ, જે તારી સાથે તેજ પવિત્ર આત્માની ઐક્યતામા યુગાનયુગ જીવે છે તથા રાજ કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન

¶ त्यार आ प्रार्थना थइ रहे, त्यारे जे प्रीस्टो त्या होय ते सहित बिशप दरेक प्रीस्टनी दिक्षा लेनारना माथा उपर पृथक पृथक पोताना हाथ मुके दिक्षा लेनाराओ नम्रताथी घुटण टेके, अने बिशप एम बोले,

દેવની કલીસીઆમા પ્રીસ્ટનું પદ તથા કામ હમણાં અમારા હાથોના મુકવાથી તને સોપવામાં આવે છે, તેને માટે પવિત્ર આત્માને લે. જે કોઇના પાપોની તું ક્ષમા કરે, તેઓની ક્ષમા થઇ છે; અને જે કોઇના પાપો તું રાખી મુકે, તે રખાયા છે. અને દેવના વચન, તથા તેના પવિત્ર સાક્રમેન્ટોનો તુ વિશ્વાસુ વહેચનાર થા; પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમા. આમેન.

¶ पछी तेओ बधा घुटणेज पडी रहे, अने बिशप प्रत्येकना हाथमा पवित्र शास्त्र आपीने कहे,

જે મડળીમા દેવનું વચન સભળાવવાને, તથા પવિત્ર સાક્રમેન્ટો પળાવવાને તુ નિયમાનુસાર ઠરાવવામા આવે, તેમાં તે કરવાનો અધિકાર તું લે.

¶ आ थइ रह्या पछी, नीकायानुं विश्वासनामुं गवाय अथवा बोलाय; अने ते पछी बिशप संगतनो बाकीनो भाग पूरो करे, अने जेओनी हमणां दिक्षा थइ ते सघळा साथे मळीने ते ले. अने तेओ संगत

लइ रहे त्यां सुधी जे जग्यामा तेमना उपर हाथ मुक्या हता त्यान तेओ रहे

¶ मगत थइ रहे, त्यारे छेवटनी सारप्रार्थना पछी अने आशीर्वचन पहेला, आ सारप्रार्थनाओ वाचवी

હે પરમ દયાળુ પિતા, અમે તારી વિનતી કરીએ છીએ કે, આ તારા સેવકો ઉપર તારો આકાશી આશીર્વાદ મોકલ, કે એઓ ન્યાયી-પણાથી વેષ્ટિત થાય, અને એમના મુખથી તારૂ જે વચન બોલવામા આવે, તે એવી રીતે સફળ થાય કે એમનું બોલેલું કદી વ્યર્થ ન જાય. વળી એવુ પણ કર કે તેઓ તારા અતિ પવિત્ર વચનમાથી અથવા તેને લગતું જે કંઇ સભળાવે, તે સાભળવાને તથા ગ્રહણ કરવાને અમને કૃપા મળે, કે તે અમારા તારણનુ સાધન થાય, કે અમે અમારી બધી વાતમા તથા કામમા તારો મહિમા તથા તારા રાજ્યનો વધારો શોધીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન

હે પ્રભુ, અમારા બધા કામોમા તારી અત્યત કૃપાળુ મહેરબાની વડે. અમારી આગેવાની કર, અને તારી નિરતર સહાયતા વડે અમને આગળ વધાર; કે અમે પોતાના બધાં કામોના આરભ તારાથી કરીએ, તારા વડે તેમને કરતા રહીએ, અને તારામા પૂરાં પણ કરીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય, અને અમે છેવટે તારી દયાથી અનત જીવનને મેળવીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

દેવની શાતિ, જે સર્વ સમજણ કરતા અધિક છે, તે તમારાં હૃદયોને તથા મનોને, દેવ અને તેના પુત્ર ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુના જ્ઞાન અને પ્રેમમાં સભાળો; અને સર્વ-શક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર થાઓ, અને સર્વદા તમારી સાથે રહો આમેન.

¶ जो तेज दिवसे कटलाकने डीकनोनी अने कटलाकने प्रीस्टोनी पदवी आपवानी होय, तो डीकनोने पहेला हाजर करवा जोइए अने पछी प्रीस्टोने, अने बन्नेने माटे एकज वार लितनी वाचवी बस थशे बेहु सारप्रार्थनाओ वापरवी जोइए, पहेला डीकनोने माटे अने पछी प्रीस्टोने माटे पत्र एफेसी ४ ७-१३ जेम आ पद्धतिमा आगळ जणावेलु छे तेम त्यार पछी लागलाज जओ डीकन थवाना होय, तेओने माटे जेम आगळ कहेलु छे, तेम परीक्षा लइने दिक्षा आपवी. पछी तेओमानो एक सुवार्ता वाचे (जे कातो आ पद्धतिमा उपर जणाव्या प्रमाणे, मात्थी ९, ३६-३८. अथवा डीकनोनी पद्धतिमा आगळ जणाव्यु छे, ते प्रमाणे लुक १२, ३५-३८ होय. अने जेओ प्रीस्ट थवाना होय, तेओने पण आ पद्धतिमा आगळ ठराव्या प्रमाणे, परीक्षा लेवी अने तेमनी दिक्षा करवी.

આર્ચબિશપ અથવા બિશપને દિક્ષા અથવા સંસ્કાર આપવાની પદ્ધતિ;

જે સદા કોઇ રવિવારે અથવા કોઇ પવિત્ર દિવસે આપવામા આવે.

¶ જ્યારે દેવળમા બધા માહિત્ય સિદ્ધ કરીને ગોઠવવામા આવે, ત્યારે, સવારની પ્રાર્થના થઇ રહ્યા પછી, આર્ચબિશપ (અથવા બીજો કોઇ ઠરાવેલો બિશપ) મગતની પ્રાર્થનાનો આરંભ કરે અને તેમા આ નીચેની સારપ્રાર્થના વચાય.

સારપ્રાર્થના

હે સર્વશક્તિમાન દેવ, તે તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત વડે, તારા પવિત્ર પ્રેરિતોને ઘણા ઉત્તમ દાનો આપ્યાં, અને તારા ટોળાને ચરાવવાની આજ્ઞા કીધી; અમે તારી વિનતી કરીએ છીએ કે, બધા બિશપો જેઓ તારી કલીસીઆના પાળકો છે, તેઓને કૃપા આપ. કે તેઓ તારા વચનનો ઉપદેશ શ્રમ લઇને કરે, અને તેમાંના ધાર્મિક શાસનો યથાર્થ રીતે આપે; અને એવુ કર કે. લોકો આજ્ઞાંકિત-પણાથી તે પ્રમાણે ચાલે, કે બધાંને અનત મહિમાનો મુગટ મળે, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ આમેન

¶ પછી કોઇ બીજો બિશપ પત્ર વાંચે

પત્ર. ૧ તીમોથી. ૩; ૧.

આ વાત વિશ્વાસુ છે કે, જો કોઇ અધ્યક્ષનો હોદ્દો ચાહે છે, તો તે સારા કામની ઇચ્છા કરે છે અધ્યક્ષ નિર્દોષ, એક સ્ત્રીના વર, સાવધાન, સુબુદ્ધિવાન, વ્યવસ્થિત, આતિથ્ય કરનાર, શિખવી શકે એવો, મદ્યપી નહિ, મારનાર નહિ, પણ સહનશીલ, કજીઆ કરનાર નહિ, દ્રવ્યલોભી નહિ, પોતાના ઘરનાંને સારી રીતે ચલાવનાર, પોતાના છોકરાંને સર્વ ગભીર-પણાથી આધીન રાખનાર, એવો હોવો જોઇએ. કેમકે જો કોઇ પોતાના ઘરનાંને ચલાવી જાણતો નથી, તો તે દેવની મડળીની સભાળ કઇ રીતે કરશે? નવો શિષ્ય નહિ, રખે તે ફુલાઇને શેતાનની શિક્ષામાં પડે. વળી જરૂર છે કે, એના વિષે બહારનાઓની તરફથી સારી શાહેદી હોય, એ સારૂ કે તે અપમાનમા તથા શેતાનના ફાદામા ન પડે.

અથવા આ

પત્રને બદલે પ્રે કૃ. ૨૦; ૧૭.

પછી તેણે મીલેતસથી એફેસસમા સદેશો મોકલીને મડળીના વડીલોને પોતાની પાસે બોલાવ્યા. અને તેઓ તેની પાસે આવ્યા ત્યારે તેણે તેઓને કહ્યુ કે,

આસિયામા મે પગ મૂકયો તે દિવસથી માંડીને એ બધો વખત હુ તમારામા શી રીતે વર્ત્યો છુ, એ તમે પોતે જાણો છો; કે મનની પૂરી નમ્રતાથી, તથા આંસુઓ સહિત, તથા જે સતાપ યહુદીઓના કાવતરાથી મારા પર આવી પડયા તે સહીને હુ પ્રભુની સેવા કરતો હતો. અને જે કઇ વાત લાભકારક હોય તે તમને જણાવવા મે આચકો ખાધો નથી, પણ પ્રગટ રીતે તથા ઘેરઘેર તમને બોધ કીધો; અને દેવ પ્રત્યે પસ્તાવો કરવો, તથા આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ રાખવો, એવી શાહેદી મેં યહુદીઓને તથા હેલેનીઓને આપી. અને હવે જુઓ, હુ આત્માના બધનમાં યરૂશાલેમ જાઉં છું, ત્યાં શું શું મારા પર આવી પડશે એ હુ જાણતો નથી; માત્ર એટલુંજ જાણું છું કે, હરેક શહેરમાં પવિત્ર આત્મા મને એવી શાહેદી આપે છે કે તારે માટે બંધનો તથા સંકટો રાહ જુએ છે. પણ હુ મારો જીવ વહાલો જાણીને તેની કઇ

પણ દરકાર કરતો નથી, એ માટે કે મારી દોડ અને દેવની કૃપાની સુવાર્તાની શાહેદી આપવાની જે સેવા પ્રભુ ઇસુથી મને મળી છે તે હુ પુરી કરૂ અને હવે જુઓ, હુ જાણું છુ કે, તમે સર્વ જેઓમાં હુ દેવનું રાજ્ય પ્રગટ કરતો ફર્યો છુ, તેઓમાંનો કોઇ પણ મારૂ મ્હો ફરી નહિ દેખશે તે સારૂ આજ હુ તમને શાહેદી આપુ છુ કે સર્વ માણસના લોહી વિષે હુ નિર્દોષ છું. કેમકે દેવનો પુરો મનોરથ તમને જણાવવાને મે આચકો ખાધો નથી. તમે પોતા સંબધી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો ઠરાવ્યા છે તે સર્વ સબધી સાવધાન રહો, એ માટે કે દેવની મડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી તેનુ તમે પાલણ કરો હુ જાણુ છુ કે, મારા ગયા પછી ટોળા પર દયા નહિ કરે એવા ક્રુર વરૂઓ તમારામા પેસશે; અને તમારા પોતા મધ્યેથી પણ કેટલાએક માણસો ઉઠીને શિષ્યોને પોતાની પછવાડે ખેચી લઇ જવા માટે અવળી વાતો બોલશે માટે જાગતા રહો. ને યાદ રાખો કે ત્રણ વરસ લગી રાત દિવસ આસુઓ સુદ્ધા દરેકને બોધ કરવામા હુ ચુકયો નહિ. અને હવે હુ તમને દેવને તથા તેની કૃપાની વાત જે તમને સસ્થાપન કરવાને, તથા સર્વ પવિત્ર થયલાઓમાં તમને વારસો આપવાને સમર્થ છે, તેને સોપુ છુ. મ કોઇના રૂપાનો કે સોનાનો કે વસ્ત્રનો લોભ કીધો નથી. તમે પોતે જાણો છો કે મને તથા મારા સાથીઓને જે જોઇતુ હતુ તે મે આ હાથોએ પુરૂ પાડયુ છે મે બધી વાતે તમને કરી બતાવ્યુ છે કે, એવી રીતે ઉદ્યોગ કરીને તમારે નબળાઓને સહાય કરવી જોઇએ, ને પ્રભુ ઇસુનુ વચન જે તેણે પોતે કહ્યું, તેને યાદ રાખવુ કે, પામવા કરતા આપવામાં વધારે ધન્યતા છે.

¶ पछी बीजो बिशप सुवार्ता वांचे

સુવાર્તા. ૫. યોહાન ૨૧; ૧૫.

હવે તેઓએ નાસ્તો કર્યા પછી ઇસુ સીમોન પીતરને કહે છે કે, યોનાના દીકરા સીમોન, તું શું મારા પર એઓ કરતાં વત્તી પ્રીતિ રાખે છે? તે તેને કહે છે કે, હા, પ્રભુ, તું જાણે છે કે હુ તારા પર હેત રાખુ છું. તે તેને કહે છે કે, મારાં ઘેટડાંને પાળ. તે ફરી બીજી વાર તેને કહે છે કે, યોનાના દીકરા સીમોન, તું શું મારા પર પ્રીતિ રાખે છે? તે તેને કહે છે કે, હા, પ્રભુ, તું જાણે છે કે હુ તારા પર હેત રાખુ છું. તે તેને કહે છે કે, મારા ઘેટાંને સાચવ. તે ત્રીજી વાર તેને કહે છે કે, યોનાના દીકરા સીમોન, તું શું મારા પર હેત રાખે છે? પીતર દલગીર થયો, કારણ કે તેણે ત્રીજી વાર તેને કહ્યુ હતુ કે, તું શુ મારા પર હેત રાખે છે? અને તેણે તેને કહ્યુ કે, પ્રભુ, તુ સઘળુ જાણે છે; હુ તારા પર હેત રાખુ છુ એ તુ જાણે છે. ઇસુ તેને કહે છે કે, મારા ઘેટાને પાળ

અથવા આ

૫. યોહાન ૨૦; ૧૯.

ત્યારે તેજ દહાડે, એટલે અઠવાડિયાને પહેલે દિવસે, સાંજ પડયે શિષ્યો જ્યા એકઠા થયા હતા, ત્યાનાં બારણાં યહુદીઓના ભયથી બધ કીધાં હતા, ત્યારે ઇસુ આવ્યો ને વચમા ઉભો રહીને તેઓને કહે છે કે, તમને શાંતિ થાઓ અને તેણે એમ કહીને પોતાના હાથ તથા કૂખ તેઓને દેખાડયા માટે શિષ્યો પ્રભુને જોઇને હરખાયા ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યુ કે, તમને શાતિ થાઓ; જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હુ તમને પણ મોકલુ છુ. અને તેણે એમ કહીને તેઓ પર શ્વાસ નાખ્યો, ને તે તેઓને કહે છે કે, તમે પવિત્ર આત્મા પામો જેઓનાં પાપ તમે માફ કરો છો, તેઓના માફ કરાય છે; ને જેઓનાં પાપ તમે રાખો છો, તેઓના રખાય છે.

અથવા આ.

૫. માત્થી ૨૮; ૧૮.

ઇસુએ પાસે આવીને તેઓને કહ્યું કે, આકાશમા તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને

અપાયો છે. એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મે તમને જે જે આજ્ઞા કીધી તે સર્વ પાળવાનુ તેઓને શિખવતા જાઓ; ને જુઓ, જગતના અત સુધી હુ સર્વકાળ તમારી સાથે છું.

¶ सुवार्ता, नीकायानु विश्वासनामु, अने उपदेश समाप्त थया पछी, चुंटेला बिशपने, तेनो रोचेट पहेरेलो, बे बिशपो ते प्रदेशना आर्चबिशप आगळ, (अथवा कायदा प्रमाणे जेनी नीमणुक थएली होय एवा बीजा कोइ बिशप आगळ) रजु करे. आर्चबिशप पवित्र मेज पासे पोतानी खुरसी उपर बेसे, अने ते बिशपो एम बोले.

દેવમાં અતિ માનવત પિતાજી, આ ભક્તિમાન તથા વિદ્યાસપન્ન પુરૂષને અમે આપની આગળ બિશપના સસ્કારની દિક્ષા આપવાને હાજર કરીએ છીએ.

¶ त्यार पछी आर्चबिशप, आ सस्कार आपवा विषेनो महाराजानो आज्ञापत्र मागीने, ते वचावे. पछी तेओने आर्चबिशपना आज्ञानु यथायोग्य पालन करवा आ सम आपवामा आवे.

આર્ચબિશપની આજ્ઞાનુ યથાયોગ્ય પાલન કરવાના સમ.

દેવના નામમા. આમેન હુ ફલાણો, ફલાણી કલીસીઆ તથા ઇલાકાનો ચુટાયલો બિશપ ફલાણી જગ્યાના આર્ચબિશપ તથા મેટ્રોપોલીટીકલ કલીસીઆ તથા તેમની જગ્યા પર જે આવે, તેમનું યથાર્થ સન્માન તથા યથાયોગ્ય આજ્ઞાપાલન કરવાનું વચન આપીને કોલકરાર કરૂ છુ; એમ કરવામા દેવ મારી સહાય કરો, ઇસુ ખ્રીસ્તને નામે.

¶ आ सम आर्चबिशपना सस्कार वखते आपवा नहि.

¶ पछी भेगी थएली मडळीने प्रार्थना करवानुं उत्तेजन आपीने आर्चबिशप एम बोले,

ભાઇઓ, આપણા તારનાર ખ્રીસ્તે પોતાના બાર પ્રેરિતોને નિવેડીને તેમને બહાર મોકલવા પહેલા, આખી રાત પ્રાર્થના કરવામાં કાઢી, એ પવિત્ર લુકની સુવાર્તામાં લખેલુ છે. અને પ્રેરિતોના કૃત્યમાં પણ એવું લખેલુ છે કે, પાઉલ તથા બાર્નાબાસ ઉપર હાથ મુકીને બહાર મોકલવા પહેલા અત્યોખમા જે શિષ્યો હતા તેઓએ ઉપવાસ તથા પ્રાર્થના કીધી. તે માટે આપણે પણ આપણા તારનાર ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોના નમુના પ્રમાણે, આ આપણી આગળ લવાએલા માણસને દાખલ કરીને, જે કામને માટે આપણને વિશ્વાસ છે, કે પવિત્ર આત્માએ તેને બોલાવ્યો છે તે કામ પર મોકલીએ, તે પહેલા આપણે પણ પ્રાર્થના કરીએ.

¶ पछी डीकनोने बनाववानी पद्धतिमा ठरावेली छे ते प्रमाणे लितनी वाचवी. केवळ फेर एटलोज करवो के દયા કરીને બધા બિશપ, પ્રીસ્ટ અને ડીકનો, इत्यादी पछी जे विशेष विनती ते पद्धतिमा छे, ते मुकी दइने, तेने बदले विनतीमा आ वाक्यो वाचवा.

દયા કરીને આ અમારો ભાઇ, જે ચુટવામા આવ્યો છે, તેને આશીર્વાદ આપ, તેના ઉપર તારી કૃપા મોકલ, કે તે તારી કલીસીઆના હિત તથા તારા નામનું સન્માન, સ્તુતિ, તથા મહિમાને માટે જે પદ પર તેને બોલાવવામા આવ્યો છે તેને યોગ્ય રીતે ચલાવે;

ઉત્તર. હે દયાળુ પ્રભુ, અમારૂ સાંભળ.

¶ पछी आ नीचे लखेली प्रार्थना वचाय.

હે સર્વશક્તિમાન દેવ, બધા સારા વાનાના આપનાર, તે તારા પવિત્ર આત્મા વડે તારી કલીસીઆમા સેવકોની ભિન્ન ભિન્ન પદવીઓ ઠરાવેલી છે. આ તારો દાસ, જે બિશપના કામ તથા સેવાને માટે બોલાવવામા આવ્યો છે, તેના ઉપર દયાથી જો; અને તું તારા શિક્ષણના સત્ય વડે તેને એવો પરિપૂર્ણ કર, અને નિર્દોષ ચાલથી એવો વેષ્ઠિત કર, કે તારા નામનો મહિમા તથા તારી કલીસીઆની વૃદ્ધિ અને તેની સારી વ્યવસ્થા થવા માટે, પોતાના શબ્દ તથા કર્મ વડે, આ પદવીમાં તારી સેવા વિશ્વાસુ-

પણાથી કરે; અમારો તારનાર ઇસુ ખ્રીસ્ત, જે તારી તથા પવિત્ર આત્માની સાથે યુગાનયુગ જીવે છે, તથા રાજ્ય કરે છે, તેના પુન્યને પ્રતાપે માગીએ છીએ. આમેન.

¶ पछी आर्चबिशप पोतानी खुरसी उपर बेसीने जेने संस्कार आपवानो छे तेने एम बोले.

ભાઇ, પવિત્ર શાસ્ત્ર તથા પુરાતન કાનૂનોમાં આજ્ઞા આપેલી છે કે, ખ્રીસ્તે પોતાનુ લોહી વહેવડાવીને, એવા મોટા મૂલથી જે મંડળી વેચાતી લીધી છે, તેમાં અધિકાર ચલાવવા માટે કોઇના ઉપર હાથ મુકવામા તથા દાખલ કરવામા આપણે ઉતાવળ કરવી નહિ; તે માટે આ અધિકાર આલવા પહેલા કેટલીક વાતો વિષે હુ તમારી પરીક્ષા લઇશ, કે દેવની કલીસીઆમાં કેવી રીતે વર્તવાનો તમારો ઇરાદો છે, તે વિષે અહીઆ ભેગી થએલી મંડળી આ પરીક્ષા જોઇને સાક્ષી આપી શકે.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની ઇચ્છા પ્રમાણે, તથા આ રાજના નિયમાનુસાર આ સેવાને માટે તમને ખરેખાત બોલાવવામા આવ્યા છે, એવો તમારો નિશ્ચય છે શુ?

ઉત્તર. હા, એવો મારો નિશ્ચય છે

આર્ચબિશપ.

શું, તમને ખાત્રી છે કે, ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસ વડે સર્વકાળિક તારણને માટે, જે સર્વ શિક્ષણ અગત્યનુ છે, તે બધુ પવિત્ર શાસ્ત્રમાં પૂરી રીતે સમાએલું છે? અને જે લોકો તમારા અધિકાર તળે સોંપવામા આવે, તેમને તેજ પવિત્ર શાસ્ત્રમાંથી શિખાડવાને તમે નક્કી કીધું છે? અને તેમાથી સર્વકાળના તારણને સારૂ જે કંઇ અગત્યની વાત સિદ્ધ થઇ શકે છે, તે શિવાય બીજું કંઇ નહિ શિખવવાનું તથા તેને સાબિત નહિ કરવાનું તમે નક્કી કીધું છે શું?

ઉત્તર. દેવની કૃપાથી મને ખાતરી છે અને મેં એવો નક્કી ઠરાવ કીધો છે.

આર્ચબિશપ.

તો પવિત્ર શાસ્ત્રનું ગુણકારી શિક્ષણ આપીને બોધ કરવા તથા વિરોધીઓની સામે થઇને તેમને નિરૂત્તર કરવા સારૂ તે પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ તમે વિશ્વાસુપણે કરશો શું? અને તેની યથાર્થ સમજણ મેળવવા સારૂ પ્રાર્થનામા દેવની પાસે સહાય માગશો શું?

ઉત્તર. દેવની સહાયથી હુ એમજ કરીશ

આર્ચબિશપ.

દેવના વચન વિરૂદ્ધ, સર્વ ભૂલ ભરેલા તથા પારકા મતો કાઢીને નાખી દેવાનો વિશ્વાસુપણાથી પૂરો પ્રયત્ન કરવાને, તથા બીજાઓ તેમજ કરે માટે, તેમને એકાંતમાં તથા પ્રસિદ્ધપણે આજ્ઞા આપીને ઉત્તેજન દેવા સારૂ તમે સિદ્ધ છો શુ?

ઉત્તર પ્રભુ મારો સહાયક છે, એટલે હુ એમ કરવાને સિદ્ધ છુ

આર્ચબિશપ

તમે બીજાઓને માટે બધી વાતોમા સદાચરણનો નમુનો થાઓ, અને વિરોધીને તમારી વિરૂદ્ધ કંઇ બોલવાનુ કારણ ન મળવાથી તે લજ્જિત થાય, માટે સર્વ અધર્મ તથા સંસારિક વાસનાઓનો ત્યાગ કરીને, આ લોકમાં બુદ્ધિથી, ન્યાયીપણાથી તથા ભક્તિથી ચાલશો શુ?

ઉત્તર. પ્રભુ મારો સહાયક છે. એટલે હુ એમજ કરીશ.

આર્ચબિશપ.

તમારી પૂરી શક્તિ પ્રમાણે તમે સર્વ લોકોમા સ્વસ્થતા, પ્રીતિ અને શાંતિ ફેલાવશો શું? અને તમારી હદમા જેઓ અસ્વસ્થ, આજ્ઞાભંગી તથા અપરાધી હોય, તેમને દેવના વચન પ્રમાણે, તથા આ રાજ્યની વ્યવસ્થાથી સોંપાયલા અધિકાર પ્રમાણે શાસન કરીને દંડ કરશો શું?

ઉત્તર દેવની સહાયથી હુ એમજ કરીશ.

આર્ચબિશપ.

બીજાઓને દિક્ષા આપવામાં, મોકલવામાં, અથવા તેઓ પર હાથ મુકવામાં તમે વિશ્વાસુ રહેશો શું?

ઉત્તર. દેવની સહાયથી હુ વિશ્વાસુ રહીશ.

આર્ચબિશપ.

દરિદ્રી, કંગાલ, તથા સઘળા નિરાધાર પારકા લોકો સાથે ખ્રીસ્તને માટે કોમળતાથી વર્તીને તેઓ પર દયા કરશો શું ?

ઉત્તર. દેવની સહાયથી હુ એમ કરીશ.

¶ पछी आर्चबिशप उभो थइने बोले,

સર્વશક્તિમાન દેવ, આપણો આકાશી પિતા જેણે આ સર્વ વાતો કરવાની શુભેચ્છા તમને આપી છે, તે તમને તેમ કરવાનું સામર્થ્ય તથા બળ આપો, એ માટે કે, જે સતકર્મ તેણે તમારામાં આરંભ્યું છે, તેને તમારામાં સમાપ્ત કરે, કે છેલ્લે દિવસે તમે સંપૂર્ણ તથા નિરપરાધી ઠરો; ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

पछी ते चुटी कढाएलो बिशप बिशपना बाकीना वस्त्रो पहेरे ; अने घुटणे पडे, ने तेने माटे "પવિત્ર આત્મા, અમને પ્રેર" आ नामनु गीत गावा अथवा वांचवामा आवे. आर्चबिशप आरभ करे, पछी बिशपो अने बीजा जे त्या होय, तेओ तेनो पाछळ पाछळ नीचे लख्या प्रमाणे वाराफरती एक एक चरण बोले

પવિત્ર આત્મા, અમને પ્રેર,
આકાશી અગ્નિથી ચોમેર;
તું અભિષેકનો આત્મા છે,
તારાં સાત દાનો અમને દે. ૧

જે પ્રેરણા છે ઉપરની
છે શાંતિ, જીવન, પ્રેમાગ્નિ;
નિરતર પાડીને પ્રકાશ,
અંધાપાનો કરી દે નાશ. ૨

તારી ઘણી કૃપા વડે,
આ વ્યાકુળોને આનંદ દે;
દે શાંતિ, વૈરીને નસાડ,
ને સાથે રહી દુઃખ મટાડ. ૩

પિતા, પુત્ર ને શુદ્ધ આત્મા,
દેવ ત્રીએક, તેનું જ્ઞાન સદા
શિખાડ, ને અમોને સંભાળ,
કે ગાયા કરીએ સદાકાળ, ૪

સ્તવીએ તારા પુન્યને,
પિતા, પુત્ર ને આત્મા હે.

અથવા આ.

હે ઉત્પન્નકર્તા આત્મા આવ,

प्रीस्टोनी दिक्षा आपवानी पद्धतिमा लख्या प्रमाणे

¶ ए पूरुं थया पछी आर्चबिशप कहे,

પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ.

ઉત્તર. અને અમારો સાદ તારી પાસે પહોચવા દે.

આપણે પ્રાર્થના કરીએ.

હે સર્વશક્તિમાન દેવ, અને મહાદયાળુ પિતા, તે તારી અપાર દયા વડે તારા એકાકી અને પ્રિય પુત્ર ઇસુ ખ્રીસ્તને, અમારો ખડી લેનાર તથા સર્વકાળના જીવનનો કર્તા થવા સારૂ આપ્યો છે; તેણે પોતાના મરણ વડે અમારી ખડણી પૂરી કીધા પછી આકાશમા ચઢી જઇને, માણસો ઉપર ભરપૂરપણાથી પોતાના દાનો વરસાવ્યા, અને પોતાની કલીસીઆની ઉન્નતિ તથા પૂર્ણતા થવા સારૂ કેટલાકને પ્રેરિતો, કેટલાકને પ્રવક્તાઓ, કેટલાકને સુવાર્તિકો, કેટલાકને પાળકો, અને કેટલાકને શિક્ષકો કીધા; અમે વિનતી કરીએ છીએ, કે આ તારા દાસને એવી કૃપા આલ કે, તે તારી સુવાર્તા, જે તારી સાથે મેળાપ કરવાનો શુભ સમાચાર છે, તેને બધે પ્રગટ કરવાને સદા સિદ્ધ રહે; અને તેને જે અધિકાર આપવામા આવે છે, તે નાશને માટે નહિ, પણ તારણને માટે, હાનિને માટે નહિ, પણ સહાયને માટે થાય; કે તે એક ડાહ્યા તથા વિશ્વાસુ ચાકરની પેઠે, યોગ્ય સમયે તારા કુટુંબને તેમનો ભાગ આપ્યા કરે, કે છેવટે તેને સદાકાળના આનંદમાં લેવામાં આવે; ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ જે તારી અને પવિત્ર આત્માની સાથે, એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

¶ पछी आर्चबिशप तथा बीजा हाजर थएला बिशपोनी आगळ चुंटी कढायलो बिशप घुंटणे

टेकी रहे, अने तेओ तेना माथा पर हाथ मुके, तथा आर्चबिशप कहे,

દેવની કલીસીઆમાં બિશપનું પદ તથા કામ હમણા અમારા હાથે મુકવાથી તને સોપવામાં આવે છે, તેને માટે પવિત્ર આત્માને લે; પિતા, તથા પુત્ર, તથા પવિત્ર આત્માના નામમા. આમેન. અને સ્મરણ રાખ કે, અમારા આ હાથ મુકવાથી દેવની જે કૃપા તને આપવામા આવે છે, તેને તારે જાગૃત કરવી; કેમકે દેવે આપણને બીકનો નહિ, પણ સામર્થ્યનો, તથા પ્રેમનો, તથા સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે

¶ पछी आर्चबिशप तेने पवित्र शास्त्र आपीने बोले,

વાંચવામા, બોધ કરવામાં, તથા શિખવવામા તત્પર રહે આ પુસ્તકમા સમાએલી વાતોનું મનન કર. તેઓમા ઉદ્યોગી થા, કે જેથી તેઓ વડે જે વૃદ્ધી થાય, તે બધા માણસોને પ્રગટ થાય. પોતા વિષે તથા ઉપદેશ વિષે સાવધાન થા, અને આ વાતોમા ટકી રહે, કેમકે આ કીધાથી તુ પોતાને તથા તારા સાંભળનારાઓને પણ તારીશ. ખ્રીસ્તના ટોળાનો વરૂ નહિ, પણ ઘેટાપાળક થા, તેને ફાડીને ખાઇ જનાર નહિ, પણ તેમનો ચારનાર થા. નબળાંનો આધાર થા, માદાને સમા કર, તુટેલાને પાટો બાધ, હાંકી કઢાએલાને પાછાં લાવ, ખોવાયલાઓને શોધ એવો દયાળુ થા, કે તું શિથીલ ન જણાય, અને શાસન કરવામા પણ દયાને વિસારીશ નહિ; એ માટે કે જ્યારે મુખ્ય ઘેટાપાળક પ્રગટ થશે, ત્યારે મહિમાનો ન ચિમળાનાર મુગટ તને મળે; ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને નામે. આમેન.

¶ पछी आर्चबिशप संगतनी पद्धति चालु करे, अने तेनी साथे नवो सस्कार पामेलो बिशप पण (बीजाओ साथे) संगत ले.

¶ आशीर्वचन पहेलां जे छेवटनी सारप्रार्थना वाचवानी ते आ

હે અતિ દયાળુ પિતા, અમે વિનતી કરીએ છીએ કે, તારા આ સેવક પર તારો આકાશી આશીવાદ મોકલી દે, અને તેને તારા પવિત્ર આત્માથી એવો પરિપૂર્ણ કર કે, તે તારા વચનનો ઉપદેશ કરવામા, કેવળ સર્વ પ્રકારની ધીરજ તથા શિક્ષણની સાથે, દોષ દેખાડવામાં, વિનતી કરવામા, અને ધમકાવવામાં ઉદ્યોગી થાય, એટલુજ નહિ, પરતુ વિશ્વાસીઓને માટે વચનમા, આચરણમા, પ્રેમમા, વિશ્વાસમા, સ્વદમનમા તથા પવિત્રતામા, લાભકારક નમુનો થાય; એવી રીતે કે તે પોતાની દોડ વિશ્વાસથી પૂરી કરે, અને અતકાળે, જે પ્રભુ અને ઇનસાફી ન્યાયાધીશ તારી તથા પવિત્ર આત્માની સાથે યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેણે જે ન્યાયીપણાનો મુગટ રાખી મુકેલો છે. તે તેને મળે. આમેન

હે પ્રભુ, અમારા બધા કામોમા તારી અત્યત કૃપાળુ મહેરબાની વડે, અમારી આગેવાની કર, અને તારી નિરતર સહાયતા વડે અમને આગળ વધાર; કે અમે પોતાના બધા કામોનો આરભ તારાથી કરીએ, તારા વડે તેમને કરતા રહીએ, અને તારામા પૂરાં પણ કરીએ, કે જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય, અને અમે છેવટે તારી દયાથી અનત જીવનને મેળવીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ આમેન.

દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતા અધિક છે, તે તમારા હૃદયોને તથા મનોને, દેવ અને તેના પુત્ર ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુના જ્ઞાન અને પ્રેમમાં સભાળો; અને સર્વશક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર થાઓ, અને સર્વદા તમારી સાથે રહો. આમેન.

સર્વસમર્થ દેવની ઉપકારસ્તુતિ તથા પ્રાર્થનાપદ્ધતિઓ.

આ રાજ્યના બધાં દેવળોમા, હરેક વર્ષે, રાજ્યકર્તા મહારાજાના રાજ્યાભિષેકને દિવસે, અથવા જ્યારે અધિકારી ઠરાવે તેવે દિવસે વાપરવામાં આવે

૧.

¶ સવાર અથવા સાંજની પ્રાર્થના વખતે નીચે પ્રમાણે સ્તોત્રો, વાચનો, વિનતીઓ અને સાર-પ્રાર્થનાઓ વપરાય

વિશેષ સ્તોત્રો ૨૦, ૧૦૧, ૧૨૧.

વિશેષ વાંચનો.

પહેલું વાંચન. યહોશુઆ ૧; ૧-૧૦, અથવા દૃષ્ટાંત. ૮; ૧-૧૭.

બીજું વાંચન. રૂમી. ૧૩; ૧-૧૧, અથવા પ્રકટી. ૨૧; ૨૨-૨૨; ૪

¶ વિશ્વાસનામા પછી આ વિનંતીઓ વંચાય.

પ્રીસ્ટ. હે દેવ, તારી દયા અમારા પર પ્રગટ કર;

ઉત્તર. અને તારૂ તારણ અમને આપ.

પ્રીસ્ટ. હે દેવ, મહારાજાનું તારણ કર;

ઉ. કેમકે તે તારા પર ભરોસો રાખે છે.

પ્રીસ્ટ. તું તારા પવિત્રસ્થાનમાથી તેને માટે સહાય મોકલ;

ઉ. અને તારા મહા સામર્થ્યે વડે સદા તેનું રક્ષણ કર.

પ્રીસ્ટ. હે પ્રભુ, તેને માટે મજબૂત ગઢ થા;

ઉ. તેના શત્રુઓની સામે.

પ્રીસ્ટ. તું તારા સેવકોને ન્યાયીપણાનાં વસ્ત્ર પહેરાવ.

ઉ. અને તારા નિવડેલા લોકોને આનંદિત કર.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, તારા લોકને તાર.

ઉ. અને તારા વારસાને આશીર્વાદ દે.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારા વખતમાં શાંતિ રાખ;

ઉ. કેમકે ઓ દેવ, તુજ વિના અમારે માટે બીજો કોઇ લડનાર નથી.

પ્રીસ્ટ. ઓ પ્રભુ, અમારી પ્રાર્થના સાભળ.

ઉ અને અમારા સાદને તારી પાસે પહોંચવા દે.

¶ સવાર અથવા સાંજની પ્રાર્થના વખતે, પહેલી સારપ્રાર્થના પછી નીચેની સારપ્રાર્થના વંચાય.

હે દેવ, તું જે તારા લોકોનુ તારી શક્તિ વડે પુરૂ પાડે છે, અને તેઓ પર પ્રીતિથી રાજ્ય કરે છે; તારા સેવક અમારા મહારાજાને મહેરબાની કરીને એવો આશીર્વાદ આપ, કે તેના અધિકાર તળેની આ પ્રજા પર તે બુદ્ધિથી રાજ્ય ચલાવે; અને તારી મંડળી ધાર્મિક શાંતિમાં રહીને તારી સેવા કરી શકે; અને એવું કર કે, તે પોતાના આખા મનથી તને અર્પાઇને, અને અંત સુધી સારાં કામોમાં ખંત રાખીને, તારા ચલાવ્યા પ્રમાણે તારા સર્વકાળિક રાજ્યમા આવે; તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

¶ જો લિતની ગવાય અથવા વંચાય, તો **હે પિતા, અમે નમ્રતાથી વિનંતી કરીએ છીએ,** એ પ્રાર્થના પછી તરતજ આ નીચેની પ્રાર્થનાઓ વાંચવી; અને જો લિતની ન વંચાય તો આ પ્રાર્થનાઓ સવાર તથા

मांजनी प्रार्थना वखते महाराजा तथा राजेश्री कुटुंबनी प्रार्थनाओने बदले वाचवी.

હે પ્રભુ અમારા દેવ, તુ જે તારી શક્તિના શબ્દથી બધી વસ્તુઓને ધરી રાખે છે, અને તેમને ચલાવે છે, અમારા પ્રતાપી મહારાજાને, જાણે કે આજને દિવસે તારી કૃપા તથા દિર્ધદૃષ્ટિ વડે અમારો રાજા થવાને તે અમારા પર મુકયો છે, તેના હકમા અમારી નમ્રતાપૂર્વક પ્રાર્થનાઓ સ્વીકાર; અને અમે તારી વિનંતી કરીએ છીએ કે, તેની સાથે અમારા કૃપાળુ મહારાણી મેરી, રાજ્યમાતા આલેકઝાન્દ્રા, યુવરાજ એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ, અને આખા રાજ્યકુટુબ પર તારો આશીર્વાદ મોકલ, કે તેઓ સદા તારી દયા પર ભરોસો રાખીને, તારા બળથી સુરક્ષિત કરાઇને, અને તારી દયાળુ તથા અનત મહેર વડે વિરાજમાન થઇને, શાતિ અને સલામતીમા, આનદ અને કીર્તિમા તારી સમક્ષ લાબુ આયુષ્ય ભોગવે, અને મરણ પછી સર્વકાળિક જીવન તથા મહિમા મેળવે, ખ્રીસ્ત ઇસુ અમારો ત્રાતા, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુન્ય તથા મધ્યસ્થિને લીધે માગીએ છીએ. આમેન.

હે સર્વસમર્થ દેવ, જગતના સઘળાં રાજ્યો પર અધિકાર રાખનાર, તથા તારા ઉત્તમ મનોદય પ્રમાણે તેમની વ્યવસ્થા કરનાર, આ રાજ્યના સિહાસન ઉપર તારા સેવક અમારા શ્રેષ્ઠ સ્વામી મહારાજા જ્યોર્જને તેં દયા કરીને, જાણે કે આ દિવસે બેસાડયો છે, તેને માટે અમે અત:કરણથી તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ. તારૂ જ્ઞાન તેનો માર્ગદર્શક થાય, અને તારો ભૂજ તેને સબળ કરે; સત્ય તથા ન્યાય, પવિત્રતા તથા ન્યાયીપણુ, શાતિ તથા પ્રીતિ તેના દિવસોમા પુષ્કળ થાય; તારો મહિમા અને તેની પ્રજાનુ કલ્યાણ થાય, માટે તેના સર્વ મનોરથો તથા પ્રયત્નોને ચલાવ; અમારા પર કૃપા કર કે, પ્રેરકબુદ્ધિને લીધે આનદથી તેને આધીન રહીએ; તેના તરફ તેની પ્રજાનો પ્રેમભાવ હમેશા રહે, તેનુ રાજ્ય લાબુ તથા આબાદ થાય, અને તે પરલોકમા અમરપણાનો મુગટ પામે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તુ એવુ કર. આમેન

ઐક્યતાને માટે પ્રાર્થના.

હે દેવ, અમારો એકલો તારનાર અને શાતિનો રાજા જે ઇસુ ખ્રીસ્ત તેના બાપ, અમારા પર કૃપા કર કે અમારામા જે દુ:ખકારક તડા છે તેને લીધે અમે કેવા મોટા જોખમોમા પડેલા છીએ તેનો ગભીર વિચાર કરીએ સર્વ દ્વેષ, પક્ષપાત અને જે કઇ ભક્તિયુક્ત મેળાપ તથા ઐક્યતાથી અમને રોકે છે, તેને દૂર કર, એ માટે કે જેવી રીતે એક દેહ, એક આત્મા અને અમારા તેડાની એક આશા, એક પ્રભુ, એક વિશ્વાસ, એક બાપ્તિસ્મા, અને એક દેવ અમ સર્વનો બાપ છે, તેવીજ રીતે અમે સર્વ એક મન અને એક આત્મામા, સત્ય તથા શાતિ, વિશ્વાસ તથા પ્રેમના એક પવિત્ર બધનથી બધાયલા રહીએ, અને એક મુખથી અને એક ચિતથી તારો મહિમા કરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

૨.

પવિત્ર સંગત.

¶ पवित्र मगननी पद्धतिमा ते दिवसनी सारप्रार्थना, पत्र अने सुवार्ताने बदले नीचे प्रमाणे वाचवु

સારપ્રાર્થના.

હે દેવ, તું જે તારા લોકોનું તારી શક્તિ વડે પુરૂ પાડે છે, અને તેઓ પર પ્રીતિથી રાજ્ય કરે છે; તારા સેવક અમારા મહારાજાને મહેરબાની કરીને એવો આશીર્વાદ આપ, કે તેના અધિકાર તળેની આ પ્રજા પર તે બુદ્ધિથી રાજ્ય ચલાવે; અને તારી મંડળી ધાર્મિક શાતિમા રહીને તારી સેવા કરી શકે; અને એવું કર કે, તે પોતાના આખા મનથી તને અર્પાઇને, અને અંત સુધી સારા કામોમા ખત રાખીને, તારા ચલાવ્યા પ્રમાણે તારા સર્વકાળિક રાજ્યમાં આવે; તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

પત્ર. ૧ પીતર ૨; ૧૧

વહાલાઓ, હુ વિનતી કરૂ છુ કે, જે દૈહિક વિષયો જીવને ઉલટા લડે છે, તેઓથી તમે, પ્રદેશી તથા પ્રવાસી જેવા, દૂર થાઓ. અને વિદેશી લોકોમા તમે પોતાની ચાલ સારી રાખતા જાઓ, એ સારૂ કે તેઓ તમને ભુંડા જાણીને તમારી વિરૂદ્ધ બોલે છે ત્યારે તમારાં રૂડાં કામ જોઇને તેઓ કૃપાદૃષ્ટિને દિવસે દેવનો મહિમા કરે.

માણસોની પ્રત્યેક નિમણુકને પ્રભુને લીધે તમે આધીન થાઓ; રાજાને સર્વોપરી જાણીને તેને આધીન, ને અધિકારીઓને આધીન થાઓ, એવું જાણીને કે તેઓ ભુડુ કરનારાઓને દંડ તથા સારૂ કરનારાઓનું વખાણ કરવાને તેનાથી મોકલાએલા છે. કેમકે દેવની ઇચ્છા એવી છે કે સારૂ કરવાથી મૂર્ખ માણસોના અજ્ઞાનપણાને તમે બધ કરો. સ્વતત્ર જેવા છતાં ભુડાઇના પડદાને સારૂ પોતાનું સ્વતત્રપણુ ન વાપરો, પણ દેવના સેવકો જેવા થાઓ. તમે સર્વને માન આપો, ભાઇઓ પર પ્રીતિ રાખો, દેવનુ ભય ધરો, રાજાનું સન્માન કરો.

સુવાર્તા પ. માથ્થી ૨૨, ૧૬.

તેઓએ પોતાના શિષ્યોને હેરોદીઓ સુદ્ધા તેની પાસે મોકલીને કહાવ્યુ કે, ઓ ઉપદેશક, અમે જાણીએ છીએ કે તુ સાચો છે. ને સાચાઇથી દેવનો માર્ગ શિખવે છે, ને તુ કોઇની દરકાર નથી કરતો. કેમકે માણસોનુ મ્હો તુ નથી રાખતો. માટે તુ શુ ધારે છે? કાઇસારને કર આપવો ઉચિત છે કે નહિ? તે અમને કહે પણ ઇસુએ તેઓની ભુડાઇ જાણીને કહ્યુ કે, ઓ ઢોંગીઓ, તમે મારૂ પરીક્ષણ કેમ કરો છો? કરનું નાણુ મને દેખાડો. ત્યારે તેઓ એક દીનાર તેની પાસે લાવ્યા ત્યારે તે તેઓને કહે છે કે, આ સુરત તથા લેખ કોના છે? તેઓ તેને કહે છે કે, કાઇસારનાં. ત્યારે તે તેઓને કહે છે કે, જે કાઇસારનાં તે કાઇસારને, તથા જે દેવના તે દેવને ભરી આપો. અને એ સાભળીને તેઓ અચરત થયા, ને તેને મૂકીને ચાલ્યા ગયા.

¶ जो आ दिवस रविवारे अथवा बीजा कोइ पवित्र दिवसे आवे, तो ते दिवसनी सारप्रार्थना, पत्र अने सुवार्ता वाचवी, अने હે દેવ, તું જે તારા લોકોનું તારી શક્તિ વડે પૂરૂ પાડે છે, ઇત્યા. ए सारप्रार्थना ते दिवसनी सारप्रार्थना पछी वाचवी.

૩.

¶ નીચેની પ્રાર્થના તેત્ર દિવસે કોઇ પણ અનુકૂળ વખતે વાંચી શકાય.

ઇશ્વરસ્તુતિ.

હે દેવ, અમે તારી સ્તુતિ કરીએ છીએ; ઇત્યાદિ, સવારની પ્રાર્થનાપદ્ધતિમા લખ્યા પ્રમાણે

¶ પછી પ્રીસ્ટ કહે,

પ્રભુ તમારી સાથે રહો.

ઉ. અને તારા આત્માની સાથે પણ રહો.

આપણે પ્રાર્થના કરીએ

પ્રભુ, અમારા પર દયા કર

ઉ. ખ્રીસ્ત, અમારા પર દયા કર

પ્રભુ, અમારા પર દયા કર

ઓ આકાશમાના અમારા બાપ. ઇત્યાદિ

¶ પછી પ્રીસ્ટ ઉભો થઇને બોલે,

હે પ્રભુ, મહારાજાનું તારણ કર,

ઉ. જે તારા પર ભરોસો રાખે છે.

પ્રીસ્ટ. તુ તારા પવિત્રસ્થાનમાથી તેને માટે સહાય મોકલ;

ઉ. અને સર્વદા તારા મહા સામર્થ્ય વડે તેનું રક્ષણ કર.

પ્રીસ્ટ. તેના ઉપર તેના શત્રુઓને ફાવી જવા ન દે.

ઉ. તેનો ઉપદ્રવ કરવા સારૂ દુષ્ટને એની પાસે આવવા ન દે

પ્રીસ્ટ. હે દેવ, અમારી પ્રાથના સાંભળ,

ઉ. અને અમારો સાદ તારી પાસે પહોંચવા દે.

પ્રાર્થના કરીએ.

હે દેવ, તું જે તારા લોકોનુ તારી શક્તિ વડે પુરૂ પાડે છે, અને તેઓ પર પ્રીતિથી રાજ્ય કરે છે; તારા સેવક અમારા મહારાજાને મેહેરબાની કરીને એવો આશીર્વાદ આપ, કે તેના અધિકાર તળેની આ પ્રજા પર તે બુદ્ધિથી રાજ્ય ચલાવે; અને તારી મડળી ધાર્મિક શાંતિમાં રહીને તારી સેવા કરી શકે; અને એવું કર કે, તે પોતાના આખા મનથી તને અર્પાઇને, અને અત સુધી સારા કામોમા ખત રાખીને, તારા ચલાવ્યા પ્રમાણે તારા સર્વકાળિક રાજ્યમા આવે; તારો પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારો પ્રભુ, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન

હે પ્રભુ અમારા દેવ, તુ જે તારી શક્તિના શબ્દથી બધી વસ્તુઓને ધરી રાખે છે, અને તેમને ચલાવે છે, અમારા પ્રતાપી મહારાજાને, જાણે કે આજને દિવસે, તારી કૃપા તથા દિર્ધ-દૃષ્ટિ વડે અમારો રાજા થવાને તે અમારા પર મુકયો છે. તેના હકમા અમારી નમ્રતાપૂર્વક પ્રાર્થનાઓ સ્વીકાર, અને અમે તારી વિનતી કરીએ છીએ કે. તેની સાથે અમારા કૃપાળુ મહારાણી મેરી. રાજ્યમાતા આલેક્ઝાડ્રા, યુવરાજ એડવર્ડ પ્રીન્સ ઓફ વેલ્સ, અને આખા રાજ્યકુટુબ પર તારો આશીર્વાદ મોકલ. કે તેઓ સદા તારી દયા પર ભરોસો રાખીને. તારા બળથી સુરક્ષિત કરાઇને, અને તારી દયાળુ તથા અનત મહેર વડે વિરાજમાન થઇને, શાંતિ અને સલામતીમા, આનદ અને કીર્તિમા તારી સમક્ષ લાબુ આયુષ્ય ભોગવે, અને મરણ પછી સર્વકાળિક જીવન તથા મહિમા મેળવે; ખ્રીસ્ત ઇસુ અમારો ત્રાતા, જે તારી અને પવિત્ર આત્માની સાથે, સદા એક દેવ, યુગાનયુગ જીવે છે તથા રાજ્ય કરે છે, તેના પુન્ય તથા મધ્યસ્થિને લીધે માગીએ છીએ આમેન.

હે સર્વસમર્થ દેવ, જગતનાં સઘળા રાજ્યો પર અધિકાર રાખનાર, તથા તારા ઉત્તમ મનોદય પ્રમાણે તેમની વ્યવસ્થા કરનાર, આ રાજ્યના સિંહાસન ઉપર તારા સેવક અમારા શ્રેષ્ઠ સ્વામી મહારાજા જયોર્જને તે દયા કરીને, જાણે કે આ દિવસે, બેસાડયો છે, તેને માટે અમે અત:કરણથી તારી ઉપકારસ્તુતિ કરીએ

છીએ. તારૂં જ્ઞાન તેનો માર્ગદર્શક થાય, અને તારો ભૂજ તેને સબળ કરે; સત્ય તથા ન્યાય, પવિત્રતા તથા ન્યાયીપણું, શાંતિ તથા પ્રીતિ તેના દિવસોમાં પુષ્કળ થાય; તારો મહિમા અને તેની પ્રજાનું કલ્યાણ થાય. માટે તેના સર્વ મનોરથો તથા પ્રયત્નોને ચલાવ; અમારા પર કૃપા કર કે, પ્રેરકબુદ્ધિને લીધે આનંદથી તેને આધીન રહીએ; તેના તરફ તેની પ્રજાનો પ્રેમભાવ હમેશાં રહે, તેનું રાજ્ય લાબું તથા આબાદ થાય, અને તે પરલોકમાં અમરપણાનો મુગટ પામે; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે તું એવું કર. આમેન.

ઐક્યતાને માટે પ્રાર્થના.

હે દેવ, અમારો એકલો તારનાર અને શાંતિનો રાજા જે ઇસુ ખ્રીસ્ત તેના બાપ, અમારા પર કૃપા કર કે અમારામાં જે દુ:ખ-કારક તડાં છે તેને લીધે અમે કેવાં મોટા જોખમોમાં પડેલાં છીએ તેનો ગભીર વિચાર કરીએ. સર્વ દ્વેષ, પક્ષપાત અને જે કંઇ ભક્તિયુક્ત મેળાપ તથા ઐક્યતાથી અમને રોકે છે, તેને દૂર કર, એ માટે કે જેવી રીતે એક દેહ, એક આત્મા અને અમારા તેડાની એક આશા, એક પ્રભુ, એક વિશ્વાસ, એક બાપ્તિસ્મા, અને એક દેવ અમ સર્વનો બાપ છે, તેવીજ રીતે અમે સર્વ એક મન અને એક આત્મામા, સત્ય તથા શાંતિ, વિશ્વાસ તથા પ્રેમના એક પવિત્ર બંધનથી બંધાયલાં રહીએ, અને એક મુખથી અને એક ચિત્તથી તારો મહિમા કરીએ; ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમેન.

હે સર્વશક્તિમાન દેવ, સંપૂર્ણ જ્ઞાનના ઝરણ, તુ અમારા માગવા પહેલાં અમારા ખપને, અને માગતી વેળાએ અમારી અજ્ઞાનતાને જાણે છે; અમે વિનતી કરીએ છીએ કે, તું અમારી દુર્બળતા ઉપર દયા કર, અને જે વાતોને અમે અમારી અયોગ્યતાને લીધે માગવાની હામ નથી ધરાવતાં, અને પોતાના અંધાપાને લીધે માગી નથી શકતા, તે તું દયા કરીને, તારા પુત્ર ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની યોગ્યતાને લીધે અમને આપી દે. આમેન.

સર્વશક્તિમાન દેવ, પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર થાઓ, અને સર્વદા તમારી સાથે રહો. આમેન.

ધર્મસિદ્ધાંતો,

કે જેના વિષે, ખરા ધર્મની બાબતમાં મતભેદ મટાડવાના તથા સમ્મતિ સ્થાપિત કરવાના હેતુથી, સને ૧૫૬૨ માં, લંડન શહેરમાં જે મહાસભા ભરી હતી.

તેમા

બન્ને પરગણાંના આર્ચબિશપો, બિશપો તથા બધા પાદરીઓ એક મત થયા છે.

મહારાજાધિરાજના હુકમથી તેમના રાજેશ્રી ફરમાન સાથે ફરીથી છાપવામા આવ્યા છે.

મહારાજાનો આજ્ઞાપત્ર.

અમો દેવના ઠરાવથી અમારા વ્યાજબી ઇલકાબ પ્રમાણે, આ અમારા રાજ્યમા વિશ્વાસ-રક્ષક તથા કલીસીઆના પરમાધિપતિ હોઇને, એમ સમજીએ છીએ, કે જે કલીસીઆ અમને સોપાએલી છે, તેને સત્ય ધર્મની ઐક્યતા તથા શાંતિના બંધનમા રાખવી; અને જે જે વાતોથી કલીસીઆમા તથા રાજ્યમા ફૂટ પડવાનો સભવ હોય, તેવા નકામા વાદવિવાદ, કલહ, તથા સશયને ઉભા થવા ન દેવા, એ અમારા રાજ્યપદને તથા અમારી ધર્મ સંબધીની આસ્થાને અતિયોગ્ય છે માટે અમે પૂરો વિચાર કરીને તથા અમારા જેટલા બિશપો સગવડથી એકઠા થઇ શક્યા. તે બધાની સમ્મતિ લઇને આ નીચેનો આજ્ઞાપત્ર પ્રસિદ્ધ કરવાનું અમને સારૂ લાગ્યુ

ઇંગ્લડની કલીસીઆના સિદ્ધાંતો, જેઓને આ સમય અગાઉ સત્તાવાર રીતે માન્ય કરવામા આવ્યા છે, અને જેઓ પર અમારા સર્વ પાદરીઓએ સહી કીધેલી છે. તેઓમા દેવના વચન પ્રમાણેનુ ઇંગ્લડની કલીસીઆનુ ખરૂ શિક્ષણ સમાએલું છે. એ માટે અમે ફરીથી મજુરી આપી તેઓને દૃઢ કરીએ છીએ; અને તેમનો એક સરખી રીતે અગિકાર કરવાને અમારી સર્વ રાજ્યભક્ત પ્રજાને હુકમ આપીએ છીએ; અને તેઓમા જે મત છે, તે વિના જરા પણ બીજો મત માનવાની મના કરીએ છીએ. અને એજ હેતુથી આ અમારા આજ્ઞાપત્ર સાથે તેઓને ફરીથી છપાવવાનો હુકમ આપીએ છીએ.

ઇંગ્લડની કલીસીઆના અમે પરમાધિપતિ છીએ; અને જો તેની આજ્ઞાઓ, કાનૂનો અને બીજા ઠરાવો સંબધીની બાહ્ય વ્યવસ્થા વિષે કાઇ મતભેદ ઉઠે, તો ધર્મગુરૂઓએ, અમારી મહામુદ્રાંકિત અનુમતિ લઇને, કનવોકેશન નામની તેમની સભામા, નિર્ણય કાઢીને તે મતભેદ દૂર કરવા; અને તેમની કરેલી વ્યવસ્થા તથા ઠરાવો જો આ દેશના નિયમ તથા રીતની વિરૂદ્ધ ન હોય, તો અમે તેમને માન્ય કરીશું.

કલીસીઆના લોકો પોતાનું કામ કરે, તે વિષે રાજા તરીકે અમારે કાળજી રાખવી જોઇએ; માટે બિશપો તથા ધર્મગુરૂઓ નમ્રતાથી વિનતિ કરે. તો ઇંગ્લડની કલીસીઆનાં જે શિક્ષણ તથા શાસન હમણાં સ્થાપવામાં આવ્યાં, તે કાયમ રાખવા વિષે જે વાતો

જરૂરની છે, તે તેઓ સ્પષ્ઠ રીતે દેખાડી આપે, અને જેને માટે અમે મંજૂરી આપીએ, તે વિષે વારંવાર કનવોકેશન સભામાં વિચાર કરીને તેમને ચલાવવા, એવો અમે પોતાનો મહામુદ્રાંકિત હુકમ આપીશું. અને આ શિક્ષણ તથા શાસનમાંથી જરા પણ જુદો મત માનવો અથવા તેમાથી જરા પણ છોડી દેવો, એ અમે સહન કરીશું નહિ.

અત્યાર સુધી જો કે કોઇ કોઇ મતભેદ અયોગ્ય રીતે કાઢવામાં આવેલા છે, તોપણ અમારા રાજ્યના સર્વે પાદરીઓએ ઘણી ખુશીથી આ સ્થાપિત કરેલા સિદ્ધાતો પર સહી કીધી છે, તેથી હાલમાં અમે પોતામાં દિલાસો પામીએ છીએ; અને તે ઉપરથી અમને ખાતરી થાય છે, કે આ સિદ્ધાતોના ખરા, સામાન્ય અને અક્ષરિક અર્થ વિષે તેઓ સઘળા એક મતના છે; અને કેટલીક ગુચવણ ભરેલી બાબતો, જે વિષે હાલમાં વાંધો ચાલે છે, તે વિષે બધા પક્ષના લોકો કહે છે કે, ઇગ્લંડની કલીસીઆના સિદ્ધાતો અમને ટેકો આપે છે; એ ઉપરથી ફરીથી સાબિત થાય છે. કે તેઓમાંના કોઇની ઇચ્છા આ સ્થાપિત થએલા સિદ્ધાંતો છોડી દેવાની નથી.

માટે જેથી ખ્રીસ્તની કલીસીઆને સેકડો વરસથી જુદા જુદા સમયા તથા સ્થળોમા ત્રાસ થતો આવ્યો છે, તેવા ગુંચવણના તથા ખેદકારક મત વિષે અમારી એવી ઇચ્છા છે કે લોકોએ તેમની બારીક શોધ કરવાની મુકી દેવી, અને પવિત્ર શાસ્ત્રમા દેવનાં જે વચનો આપણને સાધારણ રીતે આપવામા આવેલા છે, તેઓ વડે, અને તે પ્રમાણે ઇગ્લંડની કલીસીઆના સિદ્ધાતોનો જે સાધારણ અર્થ છે, તે વડે આવી રીતના વાદવિવાદ મટાડી દેવા. અને આ સિદ્ધાંતોનો અર્થ મરડવા સારૂ કોઇ પણ માણસ પુસ્તક ન છપાવે તેમજ ઉપદેશ પણ ન કરે; વળી પોતાના મત પ્રમાણે અર્થ અથવા ટીકા કરીને સિદ્ધાતોનો અર્થ એવોજ છે એવુ કોઇએ બોલવું નહિ, પણ મૂળ શબ્દ તથા વ્યાકરણ પ્રમાણે જે અર્થ થાય તેજ કરવો.

જો અમારી કોઇ પણ યૂનિવર્સિટીનો કોઇ પણ નિમેલો અધ્યાપક, અથવા કોઇ પણ કૉલેજનો અધ્યક્ષ અથવા માસ્તર અથવા તેઓમાનો બીજો કોઇ માણસ કોઇ પણ સિદ્ધાતનો નવો અર્થ કરશે, અથવા તે વિષે લોકો આગળ કોઇ લેખ વાચશે. અથવા કાંઇ ઠરાવશે, અથવા પ્રસિદ્ધપણે વાદવિવાદ ચલાવશે, અથવા કોઇ પણ યૂનિવર્સિટી કે કૉલેજમાં કોઇને તેમ કરવા દેશે, અથવા યૂનિવર્સિટીના કોઇ ધર્મશિક્ષક કનવોકેશન નામની સભામાં અમારી રાજાનુમતિથી જે ઠરી ચુક્યુ છે, તેથી કઇ પણ જુદો ઉપદેશ કરશે અથવા છપાવશે ; તો એવો અપરાધી પુરૂષ અમારી ઇતરાજીને લાયક, અને અમારી કલીસીઆની અદાલતમાં અથવા કોઇ બીજી અદાલતમાં કલીસીઆના ઠપકાને લાયક ઠરશે ; અને તેવાને લાયક શિક્ષા થવા બાબત અમે ધ્યાન આપીશું.

ધર્મસિદ્ધાંતોની અનુક્રમણિકા.

ધર્મસિદ્ધાંતો.

૧. પવિત્ર ત્રય પરના વિશ્વાસ વિષે.

સજીવ તથા સત્ય એવો એકજ દેવ છે તે સનાતનકાળનો, અશરીર, અવિભાજ્ય તથા અવિકાર છે. તેની શક્તિ તથા બુદ્ધિ તથા સારાપણુ અપાર છે; અને તે સર્વ દૃશ્ય તથા અદૃશ્ય વસ્તુનો કર્તા તથા રક્ષક છે. અને આ અદ્વિતીય દેવમા પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા, એવી ત્રણ વ્યક્તિઓ છે; તેઓ એકજ તત્ત્વના છે; વળી ત્રણેની શક્તિ સમાન છે, અને તેઓ સનાતન કાળના છે.

૨. શબ્દ, એટલે દેવના પુત્ર, જે ખરો માનવ થયો, તે વિષે.

પુત્ર જે પિતાનો શબ્દ છે, તે અનાદિકાળથી પિતાથી જનિત છે, અને પિતા સાથે એકજ તત્ત્વનો છે; તેણે ધન્ય કુવારીને ગર્ભસ્થાને રહીને તેના તત્ત્વ વડે માનવી સ્વભાવ ધારણ કીધો, જેથી એવું થયુ કે બે અખડ અને સપૂર્ણ સ્વભાવ, એટલે દેવપણુ તથા માણસપણુ અવિભાજ્ય રીતે એક વ્યક્તિમાં જોડાઇ ગયાં; જેથી ખરો દેવ તથા ખરો માણસ એવો એકજ ખ્રીસ્ત છે પોતાના પિતાની સાથે આપણો મિલાપ કરાવવા સારૂ, અને કેવળ મૂળદોષને લીધેજ નહિ પણ માણસોનાં સર્વ કૃતપાપોને લીધે પણ બળિદાન થવા સારૂ, તેણે ખરેખાત દુ:ખ ભોગવ્યુ, ક્રુસ પર જડાયો, મરણ પામ્યો અને દટાયો

૩. ખ્રીસ્તના અદૃશ્ય લોકમાં ઉતરી જવા વિષે.

જેમ આપણે માનીએ છીએ કે ખ્રીસ્ત આપણે માટે મુઓ તથા દટાયો, તેમ એ પણ માનવું જોઇએ કે તે અદૃશ્ય લોકમાં ઉતરી ગયો.

૪. ખ્રીસ્તના પુનરૂત્થાન વિષે.

ખ્રીસ્ત મરેલામાથી ખરેખાત જીવી ઉઠયો, અને માસ, હાડકા, તથા પૂર્ણ માનવી પ્રકૃતિને માટે જેટલી વસ્તુ અગત્યની છે, તે સમેત તેણે પોતાના દેહને ફરીથી લીધો, અને તે સહિત તે આકાશમા ચઢી ગયો; અને છેલ્લે દિવસે તે બધા માણસોના ન્યાય કરવા પાછો આવે ત્યા સુધી તે ત્યા બેસે છે.

૫ પવિત્ર આત્મા વિષે

પવિત્ર આત્મા જે પિતા તથા પુત્રમાથી નિકળે છે, તે પિતા તથા પુત્ર સાથે એકજ તત્ત્વ, પ્રતાપ તથા મહિમામા ખરો તથા સનાતન દેવ છે

૬. પવિત્ર શાસ્ત્ર તારણને માટે પૂરૂ છે, તે વિષે.

તારણને માટે જે બધી વાતો અગત્યની છે તે બધી પવિત્ર શાસ્ત્રમાં છે. તે માટે જે કંઇ તેમાં લખેલું નથી, અથવા તે વડે સિદ્ધ થઇ શકતું નથી, તેને કોઇ માણસે ધર્મસિદ્ધાંત તરીકે માનવું નહિ, તેમજ તારણને માટે તે અગત્યનુ છે એમ સમજવું નહિ. જુના તથા નવા કરારમાંનાં જે કાનૂની પુસ્તકોના અધિકાર બાબત કલીસીઆમાં કદી કોઇ સંશય રહ્યો નહિ હોય, તે પુસ્તકોના સમૂહને પવિત્ર શાસ્ત્ર કહીએ છીએ

કાનૂની પુસ્તકોનાં નામ તથા સંખ્યા.

ઉત્પત્તિ,
નિર્ગમન,
લેવીય,
ગણના,
પુનર્નિયમ,
યહોશુઆ,
ન્યાયાધીશ,
રૂથ,

શમૂએલનું પહેલું પુસ્તક,
શમૂએલનું બીજું પુસ્તક,
રાજાઓનું પહેલુ પુસ્તક,
રાજાઓનું બીજું પુસ્તક,
કાળવૃત્તાંતનું પહેલુ પુસ્તક,
કાળવૃત્તાંતનુ બીજું પુસ્તક,
એઝરાનું પહેલુ પુસ્તક,
એઝરાનું બીજું પુસ્તક,
એસ્તેરનું પુસ્તક.
અયૂબનું પુસ્તક,
ગીતશાસ્ત્ર,
દૃષ્ટાંતવચનો,
સભાશિક્ષક, અથવા ઉપદેશક.
ગીતોનું ગીત,
ચાર મોટા પ્રવક્તાઓ.
બાર નાના પ્રવક્તાઓ

અને કલીસીઆમા બીજા પુસ્તકો (જેરોમના કહેવા પ્રમાણે) જીવવૃતિના તથા સદાચારના નમુના માટે વચાય છે ખરા, પણ કોઇ ધર્મસિદ્ધાંતનો નિકાલ કરવાને તેઓનો અધિકાર નથી, એ વર્ગનાં પુસ્તકોના નામ નીચે મુજબના છે:—

એઝરાનું ત્રીજું પુસ્તક,
એઝરાનું ચોથુ પુસ્તક,
તોબિતનુ પુસ્તક,
યહૂદીતનું પુસ્તક,
એસ્તેરના પુસ્તકના બાકીના ભાગ,
જ્ઞાનનું પુસ્તક,
સીરાના પુત્ર યહોશુઆ.
બારૂક પ્રવક્તા,
ત્રણ જુવાનોનુ ગીત.
સુસાન્નાની વાર્તા,
બેલ અને અજગર વિષે,
મનાશ્શેહની પ્રાર્થના,
મક્કાબીનું પહેલુ પુસ્તક,
મક્કાબીનું બીજું પુસ્તક.

નવા કરારના જે સર્વ પુસ્તકો સામાન્ય રીતે મનાતાં આવ્યાં છે, તે અમે માનીએ છીએ, તથા તેમને કાનૂની પુસ્તકો સમજીએ છીએ

૭. જુના કરાર વિષે

જુનો કરાર નવા કરારને વિરૂદ્ધાર્થી નથી, કારણ કે જુના તથા નવા કરાર બન્નેમા મનુષ્યને સનાતન જીવન ખ્રીસ્ત વડેજ આપવામા આવે છે, તે, દેવ તથા માણુસ હોઇને, દેવ તથા માણુસ વચ્ચે એકજ મધ્યસ્થ છે. તે માટે જે લોકો એવી કલ્પના કરે છે, કે પ્રાચીન કાળના વડીલો કેવળ આ લોકમા થનારા સુખની અપેક્ષા રાખતા હતા, તેમનુ માનવુ નહિ. જે નિયમશાસ્ત્ર દેવે મુસાની મારફતે આપ્યુ. તેમાના ક્રિયાકર્મ તથા વિધિઓથી ખ્રીસ્તી લોકો બધાએલા નથી, અથવા તો તેમાના રાજ્ય સબધીના વિધિ કોઇ દેશના લોકોએ માનવા જોઇએ એમ તો નથી; તો પણ તેમાનુ નીતિશાસ્ત્ર પાળવાથી કોઇ ખ્રીસ્તી માણુસ છુટો નથી

૮. ત્રણ વિશ્વાસનામા વિષે

ત્રણ વિશ્વાસનામા, એટલે નીકાયાનું વિશ્વાસનામુ, અથનસ્યનુ વિશ્વાસનામુ, અને જે વિશ્વાસનામુ સાધારણ રીતે પ્રેરિતોનુ કહેવાય છે તે, એ ત્રણે વિશ્વાસનામા પૂરી રીતે સ્વીકારીને તેમને ખરા માનવા જોઇએ, કારણ કે તેઓ પવિત્ર શાસ્ત્રના અતિ દૃઢ પ્રમાણોથી સિદ્ધ થઇ શકે એવા છે.

૯. મૂળ પાપ, એટલે જન્મપાપ વિષે

પલેગ્ય મતવાળા ભૂલ ખાઇને કહે છે કે આદમને અનુસરીને આજ્ઞાભગ કરવો એજ મૂળ પાપ છે; પણ ખરી વાત એ છે કે જે કોઇ સાધારણ જન્મે કરીને આદમવશી થયા, તેના સ્વભાવનો જે દોષ તથા બગાડ હોય છે, તેનેજ મૂળ પાપ કહેવું. એ દોષ તથા બગાડ થયાના કારણથી મનુષ્યજાત અસલ નિર્દોષાવસ્થામાથી ખરેખર પડી ગઇ છે, અને તેમાંનો દરેક માણુસ પોતાની મેળે પાપની ગમ વળે છે. એ પરથી માણુસના દેહ તથા આત્મા વચ્ચેનુ યુદ્ધ નિરંતર ચાલે છે, તે માટે જગતમા

જન્મેલા દરેક માણસમાં જે મૂળપાપ હોય છે, તે દેવની દૃષ્ટિમા કોપપાત્ર તથા શાસન-જોગ ઠરે છે. વળી જેઓ પુનર્જનિત થયા છે તેમનામાં પણ જન્મ પાપના કઇક વિકારનો શેષ રહેલો છે, અને દેહની આ અભિલાષા દેવના નિયમને આધીન નથી. એજ અભિલાષાને યુનાની ભાષામાં ફ્રોનેમા સાર્કોસ કહે છે, પણ કેટલાક એ શબ્દોનો અર્થ દૈહિક બુદ્ધિ કે દૈહિક ભાવ, અને બીજા કેટલાક ઇંદ્રિયવેગ કે વિષયવાસના એવો કાઢે છે. જેઓ વિશ્વાસ કરીને બાપ્તિસ્મા પામે તેમને દંડાજ્ઞા નથી ખરી, તથાપિ પ્રેરિત એવું શિખવે છે કે હરકોઇ દુર્વાસના તથા કામના. પછી ગમે તે હોય, તે પોતે પાપરૂપ છે.

૧૦. ઇચ્છાની સ્વતન્ત્રતા વિષે.

આદમ પતિત થયા પછી માનવની એવી દશા થઇ છે, કે કોઇ પણ માણસમા આટલી શક્તિ રહેલી નથી કે તે માણસ દેવ પર વિશ્વાસ કરવાને અથવા હાક મારવાને, પોતાના ખાસ બળથી કે પોતાનાં કરેલા સુકૃત્યોથી, પોતાને ફેરવી શકે અથવા ફરવાને પોતાને સિદ્ધ કરી શકે. તે માટે દેવને સંતોષકારક તથા ગમતાં આવે એવા સુકૃત્યો કરવાનુ બળ આપણામાંના કોઇમાં હોતુ નથી; પરતુ દેવની જે કૃપા ખ્રીસ્તમાં પ્રગટ થઇ છે, તે કૃપા જો આપણામા પહેલાં શુભેચ્છાશક્તિ ઉપજાવે અને પછી આપણને સહાય કરે તોજ સુકૃત્યો આપણાથી કરી શકાય

૧૧. માણસને ન્યાયી ઠરાવવા વિષે.

આપણે પોતાના કર્મ તથા યોગ્યતાને લીધે નહિ, પણ કેવળ આપણા પ્રભુ તથા તારનાર, ઇસુ ખ્રીસ્તના પુન્ય વડે, વિશ્વાસે કરીને દેવની દૃષ્ટિમા ન્યાયી ઠરીએ છીએ; માટે આપણે કેવળ વિશ્વાસથીજ ન્યાયી ઠરીએ છીએ, એ સિદ્ધાંત ખરેખર ગુણકારક તથા પરિપૂર્ણ દિલાસાદાયક જણાય છે, જેમ ન્યાયીકરણને લગતી હોમીલીમાં પણ એ વિષે વિશેષ બોધ મળી આવે છે તેમ.

૧૨. સુકૃત્યો વિષે

સુકૃત્યો જે વિશ્વાસના ફળ છે, અને ન્યાયીકરણ થયા પછી થાય છે, જો કે તેઓ આપણા પાપ મટાડી શકતાં નથી, અને દેવના ન્યાયની તીવ્રતા સહન કરી શકતાં નથી, તોપણ તેઓ ખ્રીસ્ત વડે દેવને ગમતાં તથા માન્ય થાય છે, અને અવશ્ય કરીને ખરા તથા જીવતા વિશ્વાસમાથી નિપજે છે, એટલે સુધી કે જેમ ઝાડ પોતાના ફળથી ઓળખાય છે, તેમજ જીવતો વિશ્વાસ સુકૃત્ય વડે સાક્ષાત ઓળખાય છે.

૧૩. ન્યાયી ઠર્યા પહેલાના કર્મો વિષે.

ખ્રીસ્તની કૃપા અને તેના આત્માની પ્રેરણા પ્રાપ્ત થયા પહેલા જે કર્મો કરવામાં આવે છે, તે દેવને પ્રસન્ન નથી. કારણ કે તે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી ઉત્પન્ન થએલાં નથી. અને તે કર્મો કૃપા મેળવવા સારૂ માણસને યોગ્ય કરતા નથી. અને એ બાબત જેમ શાળાપિતાઓ કહે છે કે, આ કર્મોમાં એવુ કઇ સારૂ રહેલુ છે. કે તેને આધારે તેના કરનારાઓ બદલારૂપ કૃપા મેળવવાને માગણી કરી શકે છે, તેમ તેઓ હકદાર થતા નથી; એથી ઉલટુ આ કર્મો દેવની ઇચ્છા તથા તેની આજ્ઞા મુજબના ન હોવાથી તે પાપરૂપ ઠરે છે, એમા કંઇ શક નથી.

૧૪. વિહિતાધિક કર્મો વિષે.

દેવની આજ્ઞા ઉપરાત આપખુશીથી કરેલાં કામો જેમને તેઓ વિહિતાધિક કામો કહે છે. તે શિખાડવું અભિમાન તથા અભક્તિ ભરેલું છે, કેમકે એવું શિખાડવાથી તેઓ એમ જાહેર કરે છે, કે અમે ફક્ત દેવનો અમારા પર જે હક છે તે પૂરો કરીએ છીએ, એટલુંજ નહિ પણ અમારે માથે જે ફરજ મુકાએલી છે તે કરતાં દેવને માટે અમે વધારે કરીએ છીએ; પરતુ ખ્રીસ્ત ખુલ્લું કહે છે કે, જે આજ્ઞા તમને આપેલી છે તે સર્વ પાળ્યા પછી તમારે એમ કહેવું કે અમે નકામા ચાકરો છીએ.

૧૫. ખ્રીસ્ત એકલોજ નિષ્પાપ છે, તે વિષે.

ખ્રીસ્તે આપણો ખરો સ્વભાવ ધારણ કીધાથી, પાપ શિવાય સર્વ પ્રકારે આપણા જેવો થયો, માટે તેના દેહ તથા આત્મામા તે નિષ્કલક હતો. પોતે પોતાને એકજ વાર યજ્ઞ કરીને જગતના પાપનુ હરણ કરે, એને અર્થે ખ્રીસ્ત નિષ્કલક હલવાન થવાને આવ્યો, અને પવિત્ર યોહાનના કહેવા પ્રમાણે તેનામા પાપ ન હતુ. પણ ખ્રીસ્ત શિવાય આપણે બીજા બધા જો કે બાપ્તિસ્મા પામ્યાં છીએ, તથા ખ્રીસ્તમા પુનર્જનિત થયા છીએ, તો પણ ઘણી વાતોમા ભુલીએ છીએ, અને જો આપણે કહીએ કે આપણને પાપ નથી, તો આપણે પોતાને ભુલાવીએ છીએ ને આપણામાં સત્ય નથી

૧૬ બાપ્તિસ્મા લીધા પછી થએલા પાપ વિષે

બાપ્તિસ્મા લીધા પછી સ્વેચ્છાથી કરેલુ પ્રત્યેક ઘાતક પાપ પવિત્ર આત્માને વિરૂદ્ધનું અથવા અક્ષમ્ય પાપ છે, એમ તો નથી. માટે જેઓ બાપ્તિસ્મા પામ્યા છતાં પાપમાં પડે છે, તેઓને પશ્ચાત્તાપ કરવાનુ દાન નહિજ મળે, એવું સમજવું નહિ. પવિત્ર આત્મા પામ્યા પછી આપણને મળેલી કૃપા ખોઇને પાપમાં પડીએ એ થઇ શકે છે, તો પણ દેવની કૃપાથી પાછા ઉભા થઇને પોતાનું જીવન સુધારી શકીએ છીએ. માટે જેઓ એમ શિખાડે છે, કે આ જગતમાં જીવતાં સુધી અમારાથી પાપ ફરી કરી શકાય નહિ, તેમજ કે ખરો પસ્તાવો કરનારને ક્ષમાની જગ્યા નથી, તેઓ દોષિત ઠરે છે

૧૭. પૂર્વપ્રધારણા તથા નિવડણ ઠરાવ વિષે.

જગતના પાયા નાખ્યા અગાઉ દેવે માનવથી ગુપ્ત એવી યોજના યોજીને એવો ઠરાવ કાયમ કર્યો, કે મનુષ્યજાતમાંનાં જેટલાંને ખ્રીસ્તમાં નિવડયા, તેટલાંને શાપ તથા દડાજ્ઞા તળેથી છોડવે અને તેમને સન્માનનાં પાત્રો કરીને સદાકાળિક તારણ ખ્રીસ્તને આશ્રયે પમાડે; દેવના એજ સનાતન ઠરાવને જીવનાર્થની પૂર્વપ્રધારણા કહે છે. જેટલાં પર દેવે એ ઉત્તમ ઉપકાર કર્યો છે, તેટલાંને તે પોતાના આત્માની અસર યોગ્ય સમયે પમાડીને તેમનું તેડુ કરે છે; પછી તેઓ કૃપા વડે આ તેડાને માને છે; વળી તેઓ ન્યાયી મફત ઠરે છે, અને દત્તકપણા વડે દેવના દીકરા થાય છે, અને દેવના એકાકીજનિત દીકરા ઇસુ ખ્રીસ્તની પ્રતિમામા તેમનું રૂપાન્તર થતુ જાય છે; તેઓ સુકૃત્યો કરીને સુભક્તિને માર્ગે ચાલે છે, અને છેવટે દેવની દયાથી સદાકાળનુ સુખ પામે છે.

જે ભક્તિશીળ પુરૂષો છે અને દૈહિક કામો તથા તેના પૃથ્વી પરના અવયવોને મારનાર, તથા ઉપરની અને આકાશમાની વાતો તરફ દોરનાર, ખ્રીસ્તના આત્મા અમારામા કામ કરે છે એવો જેમનો અનુભવ છે, તેઓ પૂર્વપ્રધારણા તથા ખ્રીસ્તમા આપણુ જે નિવડણ તેના પર ધ્યાન ગભીરપણે કરે, તો તે પરથી તેમનામા મધૂર, મનોહર, હા, અવાચ્ય દિલાસો ઉત્પન્ન થાય છે એ ધર્મમત માનવાથી માનનાર માણસ સ્થિર તથા દૃઢ વિશ્વાસ રાખે છે કે હુ ખ્રીસ્તની મારફતે સદાકાળનુ કલ્યાણ પામનાર છુ, અને તે માણસની દેવપરની જે પ્રીતિ તે અતિશય પ્રદીપ્ત થતી જાય છે પણ તેથી ઉલટું જે કુટિલ તથા દૈહિક સ્વભાવના છે તથા જેમને ખ્રીસ્તનો આત્મા નથી, તેઓ દેવની પૂર્વપ્રધારણાના મત પોતાના મનચક્ષુ આગળ મુકીને તેનું ધ્યાન ધરે, તો તે તેમને માટે અતિશય ભયકર જોખમકારક છે, કેમકે તે વડે શેતાન તેમને નિરાશામા પાડી નાખે છે, કાંતો તેમને નિરાશા જેવા નાશકારક ભ્રષ્ટાચારના ફાંદામાં સપડાવે છે.

વળી દેવનાં વચનો જેમ પવિત્ર શાસ્ત્રમાં સાધારણપણે આપણને આપવામાં આવેલાં છે તેમજ તેમને સ્વીકારવાં જોઇએ, અને દેવના વચનમાં દેવની જે ઇચ્છા આપણને

સ્પષ્ટ રીતે દેખાડેલી છે તેજ પ્રમાણેની ચાલ આપણે ચાલવી.

૧૮. કેવળ ખ્રીસ્તનાજ નામથી સદાકાળનું તારણ પ્રાપ્ત થાય છે, તે વિષે.

જે કોઇ ધર્મ અથવા પંથ હરકોઇ માણસ માને છે, તેજ ધર્મ પ્રમાણે તથા સ્વભાવજન્ય જ્ઞાન પ્રમાણે જો તે પૂરેપૂરી રીતે ચાલવાનું યત્ન કરે તો તેથી તે તારણ પામશે, એવું બોલવાની હિમ્મત જેઓ કરે છે, તેમને શાપિત જાણવા જોઇએ; કેમકે પવિત્ર શાસ્ત્રમાં એવું જણાવ્યું છે કે જેથી માણસનું તારણ થાય તેવું કેવળ ઇસુ ખ્રીસ્તનુંજ નામ છે.

૧૯. કલીસીઆ વિષે.

વિશ્વાસી લોકોના જે સમાજમા દેવના શુદ્ધ વચનનો ઉપદેશ થાય છે, તથા જે વાતો અગત્યની છે તે સઘળી વાતોમા ખ્રીસ્તની આજ્ઞાને અનુસરીને સાક્રમેન્ટો પાળવામાં આવે છે, તે ખ્રીસ્તની દૃશ્ય કલીસીઆ છે.

જે રીતે યરૂશાલેમની તથા આલેકઝાંદ્રિયાની તથા અંત્યોખની કલીસીઆઓ ભૂલમાં પડેલી છે, તેજ રીતે રૂમની કલીસીઆ પણ, તેમનાં આચરણ તથા ધર્મક્રિયામા એટલુંજ નહિ, પણ વિશ્વાસને લગતી વાતોમાં પણ ભૂલમાં પડેલી છે.

૨૦. કલીસીઆના અધિકાર વિષે.

વિધિ તથા કર્મક્રિયા પળાવવાનો અને ધર્મમત વિષેના વિવાદ નિકાલ કરવાનો અધિકાર કલીસીઆને છે, તથાપિ દેવના લિખિત વચનથી ઉલટું કાંઇ ઠરાવવું અથવા શાસ્ત્રમાંની એક જગ્યાનો અર્થ તેમાંની બીજી જગ્યાની વિરૂદ્ધ તે લગાડી શકતી નથી. જો કે કલીસીઆ પવિત્ર લેખની સાક્ષી તથા રક્ષક છે, તોપણ તેને વિરૂદ્ધ તે કંઇ સ્થાપિત કરી શકતી નથી, તેમજ તારણ પ્રાપ્તિને માટે શાસ્ત્ર ઉપરાંતનું બીજું કંઇ સ્વીકારવાની ફરજ પાડી શકતી નથી.

૨૧. સાર્વત્રિક સભાઓના અધિકાર વિષે.

રાજાઓની મરજી તથા હુકમ વિના સાર્વત્રિક સભાઓ ભરવામાં નહિ આવે. અને જ્યારે તેઓ ભરાય ત્યારે તેમાં ભેગા થએલા બધા માણસોમાંના કોઇ સભાસદો આત્મા તથા શાસ્ત્રને આધીન રહેનારા ન હોવાથી તેઓ ભૂલો કરી શકે છે, અને કેટલીક વાર ભૂલો કીધી છે પણ ખરી; અને તે વળી દેવ સંબંધીની વાતોમા. માટે તારણ પ્રાપ્તિને માટે અમુક વાતો જરૂરની છે એવું તેઓ ઠરાવે, તો તે વાતો પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલી છે એવુ દર્શાવવામા ન આવે, ત્યાં સુધી તેમના ઠરાવો નિર્જીવ તથા અધિકાર વિનાના છે, એમ સમજવું.

૨૨. પર્ગાતોરી વિષે

પર્ગાતોરી, ક્ષમાપત્ર, મૂર્તિઓની તથા મુએલા ભક્તોની જે શેષ રહેલી વસ્તુઓ તેઓની પૂજા તથા આરાધના, અને પવિત્રોની પ્રાર્થના કરવી, એ બધી વાતોને લગતો જે મત રૂમી મંડળીમાં ચાલે છે, તે નરો વ્યર્થ તથા મનકલ્પિત છે. એ મતને શાસ્ત્રના કોઇ પ્રમાણનો આધાર નથી, પણ દેવના વચન વિરૂદ્ધનો ઠરે છે

૨૩. મંડળીમા સેવકપદનુ કામ ચલાવવા વિષે.

મંડળીમા જાહેરાત ઉપદેશ કરવાને માટે અને સાક્રમેન્ટો પળાવવાને માટે કોઇ માણસને નિયમાનુસાર બોલાવવામાં તથા મોકલવામા ન આવે, ત્યા સુધી કોઇ એ સેવાનું કામ કરવાનો હોદ્દો પોતાથી ઉપાડી લે એ અનુચિત છે પરંતુ પ્રભુની દ્રાક્ષવાડીમાં સેવકોને બોલાવીને મોકલવાનો અધિકાર જેઓને મંડળીમાં પ્રસિદ્ધપણે આપેલો છે, તેઓ આ કામને માટે જેમને ચુટીને બોલાવે તેઓજ માત્ર નિયમસર તેડાએલા તથા મોકલાએલા છે, એવું આપણે માનવું જોઇએ.

૨૪. લોકોને આવડે તેવી ભાષામાં મંડળી આગળ બોલવા વિષે.

જે ભાષા લોકો સમજતા નથી તેવી ભાષામા દેવળમાં જાહેર પ્રાર્થના કરાવવી અથવા સાક્રમેન્ટો પળાવવા, તે દેવના વચનથી તથા પ્રાચીન કાળની કલીસીઆમાં જે રીતે ચાલતી હતી તેથી ખુલ્લું વિરૂદ્ધ છે.

૨૫. સાક્રમેન્ટો વિષે.

ખ્રીસ્તે જે સાક્રમેન્ટો સ્થાપ્યા, તેઓ ખ્રીસ્તી માણુસના વિશ્વાસ પ્રત્યે નિશાણી કે ઉપમારૂપ છે ખરા, પણ તે ઉપરાત તેઓ દેવની કૃપા તથા આપણા વિષે તેની શુભેચ્છાના ખાતરીપૂર્વક સાક્ષી તથા કાર્યકારી ચિન્હો પણ છે. એઓ વડે દેવ પોતાનું કામ આપણામા અદૃશ્ય રીતે કરે છે. અને પોતા ઉપરનો આપણો વિશ્વાસ સજીવ કરે છે, એટલુંજ નહિ પણ તેને બળ તથા પુષ્ટિ આપે છે

સુવાર્તામા આપણા પ્રભુ ખ્રીસ્તે બે સાક્રમેન્ટોની સ્થાપના કીધેલી છે, એટલે બાપ્તિસ્મા તથા પ્રભુભોજન

સાધારણપણે બીજા જે પાંચ સાક્રમેન્ટો કહેવાય છે, એટલે સ્થિરિકરણ, પશ્ચાત્તાપ-વિધિ, દિક્ષા, લગ્નક્રિયા, અને અત્યાભિષેક. એઓને સુવાર્તાના સાક્રમેન્ટો કરીને માનવા નહિ, કારણ કે તેઓમાના કેટલાક તો ભ્રષ્ટ રીતે પ્રેરિતોનું અનુકરણ કરવાથી નિપજ્યા છે. અને બાકીના શાસ્ત્રમા ઉચિત ગણાએલા આશ્રમ જેવા જણાય છે; પરતુ બાપ્તિસ્મા તથા પ્રભુભોજન જેવું તેમનુ સ્વરૂપ નથી, કેમકે તેમને માટે દેવથી ઠરાવેલા કોઇ દૃશ્ય ચિન્હ કે ક્રિયા નથી.

ખ્રીસ્તે સાક્રમેન્ટોની સ્થાપના એ માટે નથી કીધી, કે આપણે તેમને જોયા કરીએ અથવા તેમને લઇને ફરીએ, પણ એ માટે સ્થાપ્યા છે, કે આપણે તેમનો ઉપયોગ યોગ્ય રીતે કરીએ. જેઓ તેમને યોગ્ય રીતે લે છે, તેઓમાજ તેઓ સફળ થઇને ગુણદાયક કાર્ય કરે છે; પણ જેઓ તેમને અયોગ્ય રીતે લે છે, તેઓ, પવિત્ર પાઉલના કહ્યા મુજબ, પોતા પર દંડ આણે છે.

૨૬. ધર્મસેવકોની અયોગ્યતાને લીધે સાક્રમેન્ટોનો ગુણ રોકાઇ જતો નથી, તે વિષે.

દૃશ્ય કલીસીઆમા ભલા સાથે ભુડા હમેશાં મળેલા હોય છે, અને કદી કદી એવુ પણ થાય કે દેવના વચનનું તથા સાક્રમેન્ટોનું સેવાકાર્ય ચલાવવાનો મુખ્ય અધિકાર ભુંડાઓના હાથમાં આવે છે; પરતુ આ ભુંડા ધર્મસેવકો પોતાને નામે નહિ, પણ ખ્રીસ્તને નામે સેવાકાર્ય બજાવે છે, અને તે તેઓ ખ્રીસ્તની આજ્ઞા તથા તેના આપેલા અધિકારને આધારે કરે છે, માટે દેવનું વચન સાભળવામા તથા સાક્રમેન્ટોના પાળવામાં તેમના સેવાકાર્યનો ઉપયોગ કરવાને આપણને પ્રતિબંધ નથી. તેમની ભુડાઇને કારણે ખ્રીસ્તનો વિધિ નિષ્ફળ થતો નથી, અને જેઓ પળાવેલા સાક્રમેન્ટો વિશ્વાસથી તથા યથોક્ત રીતે લે છે, તેઓમા દેવના દાનની કૃપા ઓછી થતી નથી, કેમકે જો કે તેઓ ભુડા માણસોના હાથથી પળાવવામાં આવે, તો પણ ખ્રીસ્તની સ્થાપના તથા તેના વચન વડે તેઓ કાર્યકારી રહે છે

તો પણ કલીસીઆની શિક્ષાપદ્ધતિ પ્રમાણે ભુડા ધર્મસેવકોની ચોકસી થવી જોઇએ, અને કોઇ તેમના અપરાધ વિષે જાણીતાં હોય તો તેમણે તેમના પર તહોમત મુકવું, પછી દોષિત ઠરે તો છેવટે તેમને યોગ્ય ન્યાય પ્રમાણે પદભ્રષ્ટ કરવા.

૨૭. બાપ્તિસ્મા વિષે.

બાપ્તિસ્મા એવું ચિન્હ છે કે જેથી ખ્રીસ્તી માણસો પોતાના વિશ્વાસની જાહેરાત કબુલાત કરે છે, અને તેથી જેમનુ બાપ્તિસ્મા નથી થયુ તેમનાથી ખ્રીસ્તી માણસો નિરાળા પડેલા જણાય છે; પણ તે ઉપરાંત તે પુનર્જન્મ કે નવા જન્મની નિશાણી છે તે વડે, એટલે જાણે કે તે સાધન વડે, જેઓ બરાબર રીત પ્રમાણે બાપ્તિસ્મા પામે છે, તેઓ કલીસીઆમા કલમરૂપે લગાડવામા આવે છે; વળી પાપની માફીના વચનો, તથા પવિત્ર આત્મા વડે દેવના દીકરાઓ થવાને આપણા દત્તક હોવાના જે વચનો આપેલાં છે, તેમની સહી તથા મુદ્રા બાપ્તિસ્મા વડે દૃશ્યરૂપે કરવામાં આવે છે; વિશ્વાસ દૃઢ થાય છે, અને

દેવની પ્રાર્થનાના પ્રતાપથી કૃપા વધતી જાય છે. બાળકોને બાપ્તિસ્મા આપવાની રીત કલીસીઆમા સર્વથા ચાલુ રાખવી જોઇએ, કેમકે જે વિધિ ખ્રીસ્તે ઠરાવી સ્થાપ્યો તેની સાથે આ રીત ખરેખર મળતી આવે છે.

૨૮. પ્રભુભોજન વિષે

ખ્રીસ્તીઓએ જે એક બીજા પર પ્રીતિ રાખવી જોઇએ તેનું ચિન્હ પ્રભુભોજન છે, એટલુંજ નહિ પણ તે ઉપરાત ખ્રીસ્તના મોતથી આપણી જે ખડણી થઇ તેનો સાક્રમેન્ટ તે છે; માટે જેઓ યથોક્ત અને યોગ્ય રીતે અને વિશ્વાસથી તે લે છે, તેમને માટે જે રોટલી અમે ભાગીએ છીએ, તે ખ્રીસ્તના શરીરની સગત છે; અને તેજ પ્રમાણે આશીર્વાદનો વાટકો ખ્રીસ્તના રક્તની સંગત છે

પ્રભુભોજનમાં સત્વાતર, એટલે રોટલી તથા દ્રાક્ષરસના સત્વનો ફેરફાર, તે પવિત્ર લેખથી સાબિત થઇ શકતો નથી; પણ શાસ્ત્રના સ્પષ્ટ શબ્દોથી વિરૂદ્ધ છે, તે સાક્રમેન્ટના સ્વરૂપને મરડી નાખે છે, વળી તે મતમાંથી ઘણી વહેમ ભરેલી વાતો નિપજી આવી છે.

આ ભોજનમાં ખ્રીસ્તનુ શરીર કેવળ દિવ્ય તથા આત્મિક રીતે આપવામાં, લેવામાં તથા ખાવામાં આવે છે. અને પ્રભુભોજનમા જે સાધન વડે ખ્રીસ્તનું શરીર લેવામા તથા ખાવામાં આવે છે, તે સાધન તો વિશ્વાસ છે

પ્રભુભોજનના સાક્રમેન્ટને રાખી મુકવાનું, લઇને ફરવાનું, ઉંચો કરી દેખાડવાનું, કે તેની પૂજા કરવાનું ખ્રીસ્તે ઠરાવ્યુંજ નથી.

૨૯. જે ભુંડા લોક પ્રભુભોજનનો ઉપયોગ કર્યા છતાં ખ્રીસ્તના શરીરને ખાતા નથી, તેઓ વિષે.

ભુંડા લોક તથા જેઓ જીવતા વિશ્વાસ રહિતના છે, તેઓ (પવિત્ર આગુસ્તીનના કહેવા પ્રમાણે) ખ્રીસ્તના શરીર તથા લોહીનો સાક્રમેન્ટ દૈહિક તથા દ્રશ્ય રીતે પોતાના દાંતો વડે ચાવે, તોપણ તેઓ કોઇ રીતે ખ્રીસ્તના ભાગીદાર થતા નથી; પણ તેથી ઉલટું તેઓ એવા ઉત્તમ પદાર્થના ચિન્હ તથા સાક્રમેન્ટને ખાધાથી તથા પીધાથી પોતા પર દંડ આણે છે.

૩૦ બન્ને પદાર્થો લેવા વિષે.

અદિક્ષિત લોકોને પ્રભુનો વાટકો આપવાની મના કરવી નહિ. કેમકે ખ્રીસ્તની સ્થાપના તથા આજ્ઞા પ્રમાણે પ્રભુના સાક્રમેન્ટના બન્ને પદાર્થો બધા ખ્રીસ્તી લોકોને સરખી રીતે આપવા જોઇએ.

૩૧. ખ્રીસ્તનુ એકજ અર્પણ જે ક્રુસ ઉપર પુરૂ થયુ, તે વિષે.

ખ્રીસ્તે જે અર્પણ એકજ વાર ચઢાવ્યુ છે, તે આખા જગતના પાપોને માટે, પછી તે હોય મૂળ પાપ કે હોય કૃત પાપ, બધા માટે પૂરેપૂરી ખંડણી, શાન્તિકરણ તથા પ્રાયશ્ચિત્ત છે; અને તે એકજ પ્રાયશ્ચિત્ત વિના પાપને માટે બીજું કોઇ પ્રાયશ્ચિત્ત નથી. માટે મિસ્સા કહેવાએલા જે યજ્ઞો વડે પ્રીસ્ટ જીવતાં તથા મુએલાના લાભમા ખ્રીસ્તાર્પણ ચઢાવીને તેમના પાપના દંડ તથા દોષ નિવારે છે, તે મત દેવનિંદક કહાણી તથા ભય ભરેલી ઠગાઇનો છે.

૩૨ પ્રીસ્ટોના લગ્ન વિષે.

બિશપો, પ્રીસ્ટો તથા ડીકનોએ કુવારા રહેવાના વ્રત લેવા, અથવા અવિવાહિત રહેવાની આજ્ઞા દેવના નિયમમાં છેજ નહિ; તે માટે સુભક્તિને સારૂ વિવાહ અમને ઉપયોગી થશે એવું કોઇ પ્રીસ્ટને લાગે, તો બીજા બધા ખ્રીસ્તી માણસોની પેઠે તેઓ પણ પોતાની સમજણ પ્રમાણે લગ્ન કરે, એ નિયમાનુસાર છે.

૩૩. મંડળીની સંગત બહાર મુકેલાં માણસોથી અલગ રહેવા વિષે.

કોઇ માણસ કલીસીઆથી જાહેર રીતે દોષિત ઠરીને કલીસીઆના એકપણા તથા સંગતથી રીતસર જુદો કરવામાં આવે, તો તે

માણસ જ્યાં સુધી પશ્ચાત્તાપવિધિ કરીને જાહેર રીતે મળી ન જાય, તથા અધિકારવાળો ન્યાયાધીશ તેને કલીસીઆમાં ફરીથી દાખલ ન કરે, ત્યાં સુધી વિશ્વાસીઓના સર્વ સમુદાયે તેને વિધર્મી તથા દાણીના જેવો ગણવો.

૩૪. કલીસીઆના સપ્રદાયો વિષે.

સપ્રદાયો તથા કર્મક્રિયાઓ સર્વત્ર એક ન એક અથવા એક સરખાજ હોવાં જોઇએ એમ નથી; કેમકે બધે વખતે તેઓ નિરનિરાળા થતાં આવેલા છે, અને દેશ, કાળ તથા માણસોની રીતભાતની ભિન્નતા પ્રમાણે, દેવના વચનની વિરૂદ્ધ કાંઇ ઠરાવેલુ ન હોય, તો તેઓમા ફેર પાડવાની છુટી છે. કલીસીઆના જે સપ્રદાયો તથા કર્મક્રિયાઓ દેવના વચનની વિરૂદ્ધ નથી, તથા લૌકિક અધિકારથી સ્થપાઇને માન્ય કરાએલા છે, તે જો કોઇ સ્વેચ્છાથી તથા જાણી જોઇને ઉઘાડી રીતે તોડે, તો તેને કલીસીઆની સામાન્ય વ્યવસ્થાનો તોડનાર, તથા અધિકારીના અધિકારને ધક્કો પહોચાડનાર, તથા અબળ ભાઇઓના અતરવિવેકને ઘાયલ કરનાર, એવો માનીને, પ્રસિદ્ધપણે તેને ઠપકો દેવો, એ સારૂ કે બીજા લોક એવા અનુચિત કામ કરવાથી ચેતેલા રહે.

કલીસીઆમાં જે કર્મક્રિયાઓ તથા વિધિઓ કેવળ માનવી અધિકારથી સ્થપાએલા છે, તેમને ઠરાવવાનો, બદલવાનો, કે રદ કરવાનો અધિકાર દરેક અમુક એટલે રાષ્ટ્રની કલીસીઆને છે, પણ સસ્થાપનને સારૂ સર્વ થવું જોઇએ.

૩૫. હોમીલીઓ વિષે.

છઠ્ઠા એડવર્ડના વખતમા પ્રગટ થએલા હોમીલીના પહેલા પુસ્તક માંહેની હોમીલીઓ પ્રમાણે બીજા પુસ્તક માંહેની હોમીલીઓ જેમનાં જુદાં જુદાં નામો અમે આ સિદ્ધાંતની નીચે લખ્યાં છે, તેઓમાં ભક્તિવર્ધક, લાભદાયક તથા ચાલુ વખતને માટે જરૂરનું શિક્ષણ છે. તેથી અમારો એવો ઠરાવ છે, કે ધર્મસેવકોએ લોકોને સમજ પડે એવી રીતે શ્રમ લઇને સ્પષ્ટતાથી વાંચવા.

હોમીલીઓનાં નામ.

૧. દેવળનો યોગ્ય ઉપયોગ કરવા વિષે.
૨. મૂર્તિપૂજાને લગતાં જોખમ વિષે.
૩ દેવળોના જીર્ણોદ્ધાર તથા તેમને સ્વચ્છ રાખવા વિષે.
૪. સુકૃત્યો વિષે, અને તેમા પહેલાં ઉપવાસ કરવા વિષે
૫. ખાવરાપણા તથા મદ્યપાન કરવા વિષે
૬ ભપકાદાર પોષાક પહેરવા વિષે.
૭ પ્રાર્થના કરવા વિષે.
૮ પ્રાર્થના ક્યા અને ક્યારે કરવી, તે વિષે
૯ સાધારણ પ્રાર્થના તથા સાક્રમેન્ટ, જે ભાષા લોકો સમજે છે. તેમાંજ કરવા વિષે.
૧૦. દેવના વચનનુ આદરસન્માન કરવા વિષે.
૧૧. દાનધર્મ કરવા વિષે
૧૨. ખ્રીસ્તના જન્મ વિષે.
૧૩. ખ્રીસ્તના દુ:ખસહન વિષે
૧૪ ખ્રીસ્તના પુનરૂત્થાન વિષે
૧૫. ખ્રીસ્તના શરીર તથા લોહીનો સાક્રમેન્ટ યોગ્ય રીતે લેવા વિષે.
૧૬ પવિત્ર આત્માના દાનો વિષે
૧૭. રોગેશન એટલે વિનતીના દિવસો વિષે
૧૮. લગ્નની સ્થિતિ વિષે.
૧૯. પશ્ચાત્તાપ વિષે.
૨૦ આળસ વિરૂદ્ધ.
૨૧. રાજદ્રોહ વિરૂદ્ધ.

૩૬ બિશપો તથા ધર્મસેવકોની દિક્ષા વિષે.

આર્ચબિશપો તથા બિશપોના સસ્કાર તથા પ્રીસ્ટો અને ડીકનોની દિક્ષાનુ જે પુસ્તક થોડા વખત ઉપર એડવર્ડ છઠ્ઠાના વખતમા પ્રગટ કરવામાં આવ્યુ હતું, અને તેજ વખતે પાર્લમેન્ટના અધિકારથી દૃઢ કરવામા આવ્યુ છે, તેમાં સસ્કાર તથા દિક્ષાક્રમને માટે જે બધી વાતો અગત્યની છે તે સમાએલી છે, વળી તેમાં વહેમ ભરેલી અથવા

ભક્તિ વિરૂદ્ધ કોઇ પણ વાતો નથી. તે માટે આગળ કહેલા એડવર્ડ રાજાના બીજા વર્ષથી અત્યાર સુધીમાં જે કોઇનો સસ્કાર અથવા દિક્ષા થઇ છે, અથવા તે વિધિ પ્રમાણે હવે પછી જે કોઇનો સસ્કાર કે દિક્ષા કરવામાં આવશે, તે બધા યથાવિધી, નિયમિત તથા કાયદેસર રીતે સંસ્કાર તથા દિક્ષા પામેલા છે. એવું અમે ઠરાવીએ છીએ.

૩૭. રાષ્ટ્રાધિકારીઓ વિષે.

ઈંગ્લડ દેશના રાજ્ય પર તથા તેના તાબેના બીજા સર્વ દેશોના રાજ્ય પર મુખ્ય અધિકાર ઈંગ્લડના શ્રીમાન્ય મહારાજાના હાથમાં મુકેલો છે. તે રાજ્યમાના બધા વર્ગો પછી હોય કલીસીઆના કે હોય રાષ્ટ્રના, તેમના પર સર્વ વાદોમા પૂરી સત્તા શ્રીમાન્ય મહારાજાનીજ છે, અને એ હકુમત ચલાવવાની સત્તા કોઇ પણ પરદેશી અધિકારને નથી. તેમજ હોવી પણ ન જોઇએ.

શ્રીમાન્ય મહારાજા મુખ્ય અધિકારી છે, એ અમારી વાતથી કેટલાક નિંદાખોર લોકો અપ્રસન્ન થાય છે, એવું અમે સાંભળ્યું છે; પરંતુ અમે અમારા રાજાઓને દેવના વચનનું અથવા સાક્રમેન્ટોનું અનુષ્ઠાન કરવાનો અધિકાર આપતા નથી. એ વાત થોડા વખત ઉપર અમારાં મહારાણી એલીઝાબેથે જે હુકમનામું બહાર પાડ્યુ હતું તે પરથી સાફ સ્પષ્ટ દેખાય છે; તોપણ જે અધિકાર દેવે પોતે ભક્તિમાન અધિકારીઓને સર્વદા આપેલો છે, એવું અમને પવિત્ર શાસ્ત્રમાંથી દેખાઇ આવે છે, તેજ કેવળ અમે આપીએ છીએ. અને તે એ છે જે કલીસીઆ અથવા દેશ સબંધી જે પદો તથા વર્ગો દેવે તેને સોંપેલાં છે, તે સઘળાં પર તેણે ધણીપણુ કરવું, અને રાજ્ય તલવાર વડે હઠીલા તથા કુકર્મી લોકોને દબાવવા

ઈંગ્લડ દેશના રાજ્ય પર રૂમના પાપાનો કોઇ અધિકાર નથી.

કોઇ ખ્રીસ્તી માણસ ઘોર તથા મોટો અપરાધ કરે, તો તેનો દેહાન્તદંડ કરવો એવો કાયદો બાધવાનો રાષ્ટ્રાધિકારીને અધિકાર છે.

રાષ્ટ્રનો અધિકારી હુકમ કરે તો ખ્રીસ્તી માણસે શસ્ત્ર સજીને યુદ્ધમા જવું ઉચિત છે.

૩૮ ખ્રીસ્તી માણસની માલમિલકત સામાન્ય નથી. તે વિષે.

ખ્રીસ્તી માણસના ધન તથા માલમતા પર અધિકાર, હક તથા સ્વામિત્વ વિષે, કેટલાક આનાબાપ્ટિસ્ટ પથીઓ વટાઇ કરીને કહે છે કે તે સામાન્ય છે, પણ એમ તો નથી. તો પણ પ્રત્યેક માણસે પોતા પાસે જે હોય તેમાંથી દરિદ્રીઓને બનતા સુધી ઉદારતાથી દાન આપવા જોઇએ

૩૯. ખ્રીસ્તી માણસના સમ ખાવા વિષે

અમે કબૂલ કરીએ છીએ કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે તથા તેના પ્રેરિત યાકૂબે ખ્રીસ્તી માણસોને વ્યર્થ રીતે તથા અવિચારપણાથી સમ ખાવાની મના કીધેલી છે; તથાપિ એ પણ માન્ય રાખવુ જોઇએ કે રાષ્ટ્રનો અધિકારી એવી ફરજ પાડે તો આપણે, વિશ્વાસ તથા પ્રીતિનો પક્ષ ધરીને, સમ ખાઇએ, આમ કરવાની ખ્રીસ્તી ધર્મ તરફથી કંઇ મનાઇ નથી; પરંતુ તે પ્રવક્તાના શિખવ્યા પ્રમાણે ન્યાય. નીતિ અને સત્ય પ્રમાણે થવું જોઇએ.

મંજૂરી.

ઉપર લખેલા સિદ્ધાંતોનું પુસ્તક અમારી શ્રેષ્ટ સ્વામી એલીઝાબેથ, જે વિશ્વાસરક્ષક ઇત્યાદિ નામ ધારણ કરનારી, ઇશ્વર કૃપાથી ઈંગ્લડ, ફ્રાન્સ તથા આયરલડની રાણી, તેની સમ્મતીથી માન્ય કરવામાં આવ્યું છે, અને તેના આખા રાજ્યમાં તે માનવાને તથા તે પ્રમાણે સઘળાંએ વર્તવાને તેણીએ અનુમતિ આપી છે. અને કનવોકેશન નામની ઉપલી સભાનાં આર્ચબિશપો તથા બિશપોએ, અને નીચલી સભાના સર્વ પાદરીઓએ આપણા પ્રભુના ૧૫૭૧ મે વર્ષે, આ સિદ્ધાંતોને વિચારપૂર્વક વાંચીને પોતાના હસ્તાક્ષરોથી દૃઢ કીધા છે.

સગપણની ટીપ,

જેમાં બતાવેલા સગપણ જે કોઇ ધરાવનારા હોય. તેઓને એક બીજાની સાથે લગ્ન કરવાની શાસ્ત્ર તથા આપણા કાયદામાં મના કરેલી છે, તેની નોધ.

નીચેમાની કોઇની સાથે પુરૂષે લગ્ન કરવું નહિ.	નીચેમાંના કોઇની સાથે સ્ત્રીએ લગ્ન કરવું નહિ.
૧ દાદી,	૧ દાદો,
૨ દાદાની વહુ,	૨ દાદીનો વર.
૩ વહુની દાદી	૩ વરના દાદો
૪ બાપની બેન,	૪ બાપનો ભાઇ,
૫ માની બેન,	૫ માનો ભાઇ.
૬ બાપના ભાઇની વહુ	૬ બાપની બેનનો વર
૭ માના ભાઇની વહુ.	૭ માની બેનનો વર,
૮ વહુના બાપની બેન	૮ વરના બાપનો ભાઇ,
૯ વહુની માની બેન.	૯ વરની માનો ભાઇ
૧૦ મા.	૧૦ બાપ.
૧૧ સાવકી મા,	૧૧ સાવકો બાપ,
૧૨ વહુની મા.	૧૨ વરનો બાપ
૧૩ દીકરી.	૧૩ દીકરો,
૧૪ વહુની દીકરી,	૧૪ વરનો દીકરો,
૧૫ દીકરાની વહુ.	૧૫ દીકરીનો વર.
૧૬ બેન,	૧૬ ભાઇ,
૧૭ વહુની બેન,	૧૭ વરનો ભાઇ,
૧૮ ભાઇની વહુ	૧૮ બેનનો વર
૧૯ દીકરાની દીકરી.	૧૯ દીકરાનો દીકરો,
૨૦ દીકરીની દીકરી.	૨૦ દીકરીનો દીકરો.
૨૧ દીકરાના દીકરાની વહુ.	૨૧ દીકરાની દીકરીનો વર
૨૨ દીકરીના દીકરાની વહુ,	૨૨ દીકરીની દીકરીનો વર,
૨૩ વહુના દીકરાની દીકરી,	૨૩ વરના દીકરાનો દીકરો,
૨૪ વહુની દીકરીની દીકરી.	૨૪ વરની દીકરીના દીકરો.
૨૫ ભાઇની દીકરી,	૨૫ ભાઇનો દીકરો,
૨૬ બેનની દીકરી.	૨૬ બેનનો દીકરો.
૨૭ ભાઇના દીકરાની વહુ.	૨૭ ભાઇની દીકરીનો વર.
૨૮ બેનના દીકરાની વહુ,	૨૮ બેનની દીકરીનો વર.
૨૯ વહુના ભાઇની દીકરી,	૨૯ વરના ભાઇનો દીકરો,
૩૦ વહુની બેનની દીકરી.	૩૦ વરની બેનનો દીકરો.